# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFEREN[illegible]RAL

[illegible]स्तक ७] वीर संवत २४३७ जान्युआरी, फेब्रुआरी, मा[illegible] [ अंक १[illegible]

## વિષયાનુક્રમણિકા.


[illegible]ીન વર્ષ ... ... ... ... ... ૧

[illegible]કૃત ભંડાર ફંડ માટે થવો જોઇતો પ્રયાસ ૩

આવતી કોન્ફરન્સ અને તેને અંગે આપણી [illegible] ફરજો ... ... ... ... ... ૫

[illegible]સુરત પાછા સુરત ના બનો, કોમને આગળ વધારવાનો પ્રવાહ શરૂ રાખો. ... ... ૮

[illegible]નોમાં વધી પડેલું મરણ પ્રમાણ,

An appeal for general education. 11

આવતી કોન્ફરન્સના ઠરાવો. ... ... ૧૪

[illegible]ન ધાર્મિક ઇનામી પરીક્ષાના પ્રશ્નો ... ૨૭

एक आश्चर्य जनक स्वप्न ... .... ३१

સુકૃત ભંડાર ફંડ ... ... ... ૩૩-૯૦

Jainism ... ... ... ... ... 35

એજ્યુકેશન બોર્ડનો રીપોર્ટ ... ... ૪૩

हमारा प्रेम... .... .... ... ६२

Holi Kelash Mount and Simla District. ... ... ... ... ... 65

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત જ્ઞાનસાર સૂત્રની ચોળ ... ... ... ... ૭૧

જૈન મુનિરાજો અને રેલવેના પુલ... ... ૭૯

શ્રી જૈન ધાર્મિક પરીક્ષાનું પરિણામ ... ૮૦

ઉપદેશકના ભાષણથી થયેલા ઠરાવો ... ૮૨

ધાર્મિક હિસાબ તપાસણી ખાતું... ... ૮૭

जीवहिंसाकी कमीका १ उपाय. ... ९१

ભોયણીજીના તીર્થ સ્થળે ઉપદેશકના ભાષણો ૯૫

આઠમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ રીસેપ્શન કમીટીનો ઠરાવ ... ... ... ... ૯૬



પ્રકટ કર્તા;—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १–४–०

**मुंबई.**

कालबादेवी प्रिन्टिंग प्रेस.

# ગ્રાહકોને વિનંતિ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ તરફથી "હેરલ્ડ" માસિક દર મહિને ગયા ડીસેમ્બર માસ સુધી રેગ્યુલર બહાર પાડવામાં આવેલ છે ત્યાર બાદ જાન્યુઆરી ફેબ્રુઆરી તથા માર્ચના અંકો આજે ભેગા બહાર પાડવાની જરૂર પડીછે જેનું કારણ માર્ચ માસમાં શ્રી સંઘે મુંબઇ મધ્યે કોન્ફરન્સની બેઠક ભરવાનું જાહેર કરેલ હોવાથી તે કાર્યમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર જણાઇ હતી તથા ડેકલેરેશન ફેરવવાને માટે પણ ઢીલ થઇ હતી. હવે દર માસે રેગ્યુલર બહાર પાડવામાં આવશે.

આસિસ્ટંટ સેક્રેટરી
**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**

---

## તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

**સુંદર બ્લૉટીંગ પૅડ.** ટાઇટલ ઉપર મર્હુમ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઈ. પી. નો ફોટો, અંદર સને ૧૯૧૧ નું કેલેન્ડર તથા સં. ૧૯૬૭ નું જૈન પંચાંગ આપવામ આવેલ છે. પાકુ પુંઠુ કી. ૦-૪-૦ કાચુ પુંઠું ૦-૨-૦.

ઠે. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઑફીસ.
પાયધુની, મુંબઇ.

**લાલચંદ લક્ષ્મીચંદ શાહ.**
પ્રોપ્રાયટર. ટ્યુટોરીયલ-કલાસીઝ.

તા. ક. તા. ૧-૧-૧૯૧૧ થી ગુલાલવાડી મધ્યે શેઠ ભગવાનજી કામદારના માળામાં પહેલે દાદરે ટયુટોરીયલ કલાસીઝ ફરીથી ખોલ્યો છે. ટયુટોરીયલ-કલાસીઝ મધ્યે ધંધાદારીઓને વેપારી ઢબ મુજબ શિખવવામાં આવે છે. હાઇસ્કુલના વિદ્યાર્થીઓને કલાસના ધોરણ મુજબ શિખવવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૭ થી ૧૦ સુધીમાં કોઇપણ એક કલાક શિખવવામ આવે છે. ફી વિગેરે માટે લખો યા મળો.

---

## જૈન સમાચાર.

જામનગર મધ્યે મહા વદ ૮ ને વાર મંગળવારે મેતા હેમચંદ નાગજીની પુત્રી ઉજમનાં લગ્ન જૈન વિધિ પ્રમાણે કરવામાં આવ્યાં છે અને તે પ્રસંગે ફટાણાં નહિ ચોપડીઓનાં સારાં ગીતો ગવાયાં હતાં.

---

આ સાથે મેસર્સ મેઘજી હીરજીની કું. ના જૈન પંચાંગ વહેંચવામાં આવેલ છે તે વાંચક વર્ગનું ધ્યાન ખેંચવા વિનંતિ છે.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्रीजैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरत्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतयदोषशुद्धिमुदितां दोक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ જાન્યુઆરી સને ૧૯૧૧. [અંક ૧.

## નવીન વર્ષ.

પરમ કૃપાળુ પરમાત્માની અમીદ્રષ્ટિથી મારૂં છઠું વર્ષ પૂર્ણ થયું છે અને આજથી સાતમા વર્ષમાં પ્રવેશ કરૂં છું.

નૂતન વર્ષમાં મારાથી બનતી યત્કિંચિત્ ફરજ બજાવવાની શરૂઆત કરૂં તે પહેલાં ગત વર્ષમાં મને કેવી કેવી જાતના લેખોથી પોષણ મળ્યું હતું તેનું કાંઇક દિગ્દર્શન કરવાની આવશ્યકતા હોવાથી તેનો ટુંક હેવાલ આપવો એ આ પ્રસંગે (જન્મતીથિએ) ઉચિત જણાશે.

કોઈપણ જૈન મારો કાંઇપણ લાભ લઈ શકે એવા હેતુથી ગત વર્ષમાં ઇંગ્રેજી ગુજરાતી અને હિંદી એ ત્રણ જાતના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રથમ ગત વર્ષના ઇંગ્રેજી વિષયોના સંબંધે જણાવીશ કે માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો જાન્યુઆરીથી એપ્રીલ સુધીના અંકમાં આવેલ 'Vegetarian Prize Essay written by a Mahomedan' એ નામનો લેખ વાંચવા લાયક હોવાથી તેને ફરીથી વાંચીને મનન કરવા મારા સુજ્ઞ વાંચકોને ખાસ ભલામણ કરૂં છું. તે ઉપરાંત 'Institution of Early Marriage,' 'A Central conception for Moral Instruction,' 'Beef Eating and Islam,' 'The First Jain Students' Social Gathering,' 'An appeal to Jains for Ethical Co-operation of Home and School,' [illegible] The

Sayings of Goethe વગેરે વિષયો પૈકી દરેક વિષયની ઉપયોગીતા કેટલી છે તે વાંચવાથી સહજ સમજી શકાય તેવું છે. તેથી તે સંબંધમાં વધારે ન લખતાં વિદ્વાન વાંચક વર્ગને પુનઃ વાંચી જવા ભલામણ કરૂં છું. મને આ પ્રસંગે દિલગીરી સાથે જણાવવું પડે છે કે મારા ઇંગ્રેજી લેખકો બહુજ થોડા હોવાથી તેમજ તેઓ કોઇ કોઇ વખતે લખતા હોવાથી વાંચક વર્ગને પૂરતો સંતોષ ન મળે એ સ્વાભાવિક છે. તોપણ હવેથી તેઓ પોતાની વિદ્વતાની પ્રસાદી વધારે પ્રમાણમાં વાંચક વર્ગને આપીને મને આભારી કરશે. એટલી તેઓ પ્રત્યે મારી વિનંતિ છે.

ગુજરાતી વિષયો પરત્વે જણાવવાનું કે ગુજરાતી ભાષામાં લખાએલા સારા લેખોનો આસ્વાદ વાંચક વર્ગને આપવા ભાગ્યશાળી થયેલ છું. મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજીએ લખેલ નવપદ પ્રકરણની સંક્ષિપ્ત વ્યાખ્યા તેમજ તેમના તરફથી પરમાર્થ અને વિવેચન સહિત લખાઇ આવેલ અધ્યાત્મિક પદ્યો ખાસ મનન કરવા જેવાં છે. ગત વર્ષમાં રાજકોટમાં ભરાયેલ ત્રીજી સાહિત્ય પરિષદ્‌માં એક વિદ્વાન જૈન બંધુએ વાંચેલ જૈન ગુજરાતી સાહિત્યનો વિષય, તેમણે અન્ય પ્રસંગે પંડિત હેમચંદ્રાચાર્ય ઉપર આપેલ ભાષણ તથા ગુણાનુરાગ કુલકનું ગદ્યપદ્યમાં કરેલ ભાષાંતર ઘણી ઉપયોગિતા સૂચક છે. એક ગ્રેજ્યુએટ બંધુ તરફથી જીવદયા-અહિંસા Humanitarianism નામનો લાંબો પણ દલીલપૂર્વક લખાઇ આવેલ લેખ દરેક વાંચકને ફરીથી વાંચવા ભલામણ કરૂં છું. બીજા એક ગ્રેજ્યુએટ બંધુએ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી અને વર્તમાન જૈન સાહિત્ય, જૈન વિવિધ જ્ઞાન, શ્વેતાંબરીય જૈન પ્રજાનું વર્તમાન સાહિત્ય, હાલના જૈન ગ્રેજ્યુએટો અને વર્તમાન જૈન સાહિત્ય વગેરે વિષયોમાં કેટલીએક ધ્યાનમાં લેવા જેવા સૂચના કરી છે. 'મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી' એ વિષયમાં તેમના જીવનની જે રૂપરેખા દોરી છે તે ખાસ અનુકરણ કરવા લાયક છે. 'નિર્વેદ' નામનો કથાનક વિષય ઉપદેશપ્રાસાદ ભાષાંતરમાંથી લેવામાં આવેલ છે અને તે ખાસ વાંચવા લાયક છે. તેમજ શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષાના સવાલો, તેનું પરિણામ, સને ૧૯૧૦ તથા ત્યાર પછીનાં ત્રણ વરસોનો અભ્યાસક્રમ, જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા, જૈન એજ્યુકેશન બોર્ડનો ૭ માસિક રીપોર્ટ, પાંજરાપોળ અને તપાસણી કામ, પાંજરાપોળના પશુઓમાં જણાતો સાધારણ રોગ, પ્રજાની આબાદી તેજ રાજ્યની આબાદી, પ્રવાસ વર્ણન, સિદ્ધર્ષિ ગણિ, મહારાજા જામ સાહેબનું અગત્યનું સ્તુતિપાત્ર પગલું, સુકૃત ભંડાર ફંડ, ધાર્મિક હિસાબ તપાસણી ખાતાના રીપોર્ટ, દશેરાના તહેવાર ઉપર બંધ થએલો પશુવધ, શ્રી જૈન શ્વેતાંબર સંઘની મળેલી મીટીંગ, તેમજ ઉપદેશક મારફતે થએલા ઠરાવો વગેરે કેટલીએક ઉપયોગી હકીકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત એક ગ્રેજ્યુએટ બંધુએ ધર્મનીતિની કેળવણી માટે મહાન્ પ્રયાસ કરી કેટલીક પૂર્વ લખી મોકલેલ ઉપયોગી હકીકત દાખલ કરવામાં આવી છે.

હિંદી વિષયોના સંબંધમાં મને દિલગીરી સાથે લખવું પડે છે કે હિંદી લે

ભાગેજ લેખ લખી મોકલે છે અને તેથી હિંદી ગ્રાહકને સંતોષ ન મળે એ બનવા જોગ છે. તોપણ **सखा सो मेरा, एक आश्चर्यकारक स्वप्न, हम कौन हैं** વિગેરે લેખો જે-ઓએ લખી મોકલ્યા છે તેઓનો આભાર માનું છું અને અન્ય લેખકોને લેખો લખી મોકલીને પોતાની વિદ્વતાનો બીજાને લાભ આપે એવી અભ્યર્થના કરૂં છું.

પ્રાસંગિક ઉદ્‌ગાર તરીકે આટલું લખી ગ્રાહક-વર્ગને ગ્રાહક તરીકે કાયમ રહેવા તથા અન્યની વૃદ્ધિ કરાવવા તેમજ લેખકોને પોતાના લેખો નિયમિત મોકલવા અને અન્ય લેખકને લખવાની પ્રેરણા કરવા પ્રાર્થના કરી મારી ફરજ બજાવવાને હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું.

છેવટમાં દરેક જૈન બંધુ પોતાની ફરજ શું છે તે સમજતા શીખે તથા બજાવવા તત્પર બને, અશાંતિ તથા કુસંપ નિર્મુળ થાય અને જૈન કોમ સર્વ પ્રકારે ઉન્નતિને પામે એવી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે. શાંતિ ! શાંતિ !! શાંતિ!!!

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ કાયમ નીભાવવા સારૂ સુકૃત ભંડાર ફંડની યોજના અમલમાં મુકવા સારૂ કરવો જોઇતો પ્રયાસ.

આપણી જૈન કોન્ફરન્સની આઠમી બેઠક આવતા માસમાં મુંબઇ જેવા કેળવણી અને વીચારોથી સૌથી આગળ વધેલા શહેરમાં ભરવાનું ચોકશ ઠર્યું છે, અને તેને જેમ બને તેમ કરકસરથી ભરવાનો ઠરાવ સ્તુતિપાત્ર લેખાઇ શકાશે. કોન્ફરન્સના હિતચીંતકો હવે સમજવા લાગ્યા છે કે દરેક કોન્ફરન્સની બેઠક વખતે હજારો રૂપીઆનો ખર્ચ ત્રણ દિવસ માટે કરવામાં આવે છે અને આવા આવા નકામા ખર્ચો જો કાયમ ચાલુ રાખવામાં આવે તો ખરેખર જૈન કોનફરન્સ જે બીજા અગત્યનાં કાર્યો કરવા ધારે છે તેમાં ખામી આવી પડવા સંભવ છે અને તેવા હેતુથી સાધારણ બેઠકોથી હવે પછીની કોન્ફરન્સ ભરવાના ઇરાદાથી જે કરકસરથી કોન્ફરન્સના હિતેચ્છુઓ કામ કરવા માંગે છે તે જો કે એક રીતે આવકારદાયકજ ગણાશે તોપણ તેની સાથે એટલું યાદ રાખવું જોઇએ કે જ્યાં સુધી કોનફરન્સ જેવું મોટું ખાતું કાયમની આવક કરવાને શક્તિવાન થાય નહિ ત્યાં સુધી તે પગભર ઉભું રહેવુંજ મુશ્કેલ છે અને તેવા સંજોગો વચ્ચે તેની ભવિષ્યની હસ્તી કોઇ વખત બહુજ ચિંતા ઉપજાવનારી થઇ પડે તે બનવા જોગ છે. ઉપર સૂચવ્યા મુજબ એવા કોઇપણ પ્રકારની યોજના કોનફરન્સના સુકાનીઓ તરફથી ઉપાડી લેવામાં આવે અને તેને ફતેહમંદીથી પાર ઉતારવા સારૂ કોન્ફરન્સના હીતેચ્છુઓ પુરતી ખંતથી મહેનત લે તો ખરેખર કોઇપણ જાતના ફંડની જરૂર કોન્ફરન્સની બેઠક વખતે રહેશે નહિ અને એવી કાયમની આવકથી કોન્ફરન્સ ઘણાજ અગત્યના કામો કરી શકે. મી. ઢઢ્ઢા કરકસરથી કોન્ફરન્સ ભરવા જેટલો ઉત્સાહ ધરાવે છે તેટલોજ ઉત્સાહ જો [કો] કાયમ નીભાવવા સારૂ ચાર આનાની સુકૃત ફંડની યોજના અમલમાં મુકવા પુરતી

મહેનત લે તો ખરેખર કોનફરન્સ એક સેક્રેટરીએટ જેવું મોટું ખાતું બની શકશે. તે સિવાયતો ફકત સુકૃત ફંડ એકઠું કરવા સારૂ જે ઠરાવ કરવામાં આવ્યો છે તે કાગળ ઉપર ઠરાવ રુપેજ કાયમ રહેશે. કેટલાકો તરફથી એવી સૂચના કરવામાં આવે છે કે દરેક ગામના સંઘ ઉપર પત્રો લખી સુકૃત ફંડના ચાર આના મોકલાવી આપવા વિનંતિ કરવી. પણ અત્યાર સુધીમાં ફકત રૂા. ૮૭૦૦ની આસપાસ રકમ, સુકૃત ફંડની રકમ આજ આઠમા વર્ષની કોનફરન્સની હૈયાતીમાં તદન નજીવી છે, એમ જણાય છે. વળી મોટા શહેરોની દીલશોજી આ ફંડ તરફ કેટલી છે તેપણ અત્યાર આગમચ જણાઇ ચુકયું છે. તો હવે જ્યાં સુધી કોનફરન્સના ખુદ પગારદાર માણસો ફરીને તે ફંડ ઉઘરાવવા જાતે મહેનત ન કરે ત્યાં સુધી દરેક સંઘ એટલી તકલીફ લે તે બને તેમ નથી. કારણકે જો એવી લાગણી હોત તો આ ઠરાવ ઘણા વર્ષોથી કરવામાં આવ્યો છે તે પ્રમાણે અત્યાર સુધીમાં ઘણે ઠેકાણે અમલમાં આવી શકયો હોત. પણ તેમ હજુ સુધી નહિ બન્યું હોવાથી સૌથી સરસ અને સહેલો ઉપાય આવી યોજનાને અમલમાં મુકવા સારૂ એ છે કે જૈન કોમની વસ્તીવાળા કેટલાંક સ્થલોની ડીરેકટરી જે તૈયાર થઇ ગએલ છે એવા સ્થલોના સંઘના આગેવાનો ઉપર સુકૃત ફંડની યોજનાની જરૂરીઆત દર્શાવનારી જૈન કોનફરન્સના જનરલ સેક્રેટરીઓની સહીઓ સાથની અપીલ કરવી જોઇએ અને તેઓનો જણાવવું જોઇએ કે ચોક્કસ વખત પછી જૈન કોન્ફરન્સના માણસો તે ફંડ ઉઘરાવવા સારૂ મોકલવામાં આવશે. ઉપર પ્રમાણે કામ કરવા સારૂ રૂ. ૩૦) થી ૪૦) સુધીનો પગાર ખરચી લગભગ દશથી પંદર માણસો ખાસ સુકૃત ફંડ ઉઘરાવવા સારૂ રોકવા જોઇએ કે જેઓને અમુક પરગણા સોંપવામાં આવવાથી, તે પરગણાને તમામ ગામોમાંથી, તે ગામના સંઘના આગેવાનોની મારફતે કોનફરસ ઓફીસની રસીદ આપીને એકઠું કરી શકે. આવી જાતની યોજના કરવા સારૂ જે પરગણામાં કોન્ફરન્સના માણસોને મોકલવામાં આવે તે અગાઉ ત્યાના સંઘ ઉપર કોન્ફરેન્સ ઓફીસ તરફથી એક માસ અગાઉથી એવી ભલામણ કરનારો પત્ર મોકલવો જોઇએ કે કોન્ફરન્સ ઓફીસ તરફથી જે માણસો સુકૃત ફંડ ઉઘરાવવા સારૂ મોકલવામાં આવેલ છે તેમને જોઇતી મદદ કરવી અને જેજે માણસો દર વરસે સાધારણના રૂપીઆ ભરતા હોય તેવા માણસોનું લીસ્ટ કોન્ફરન્સના માણસને આપીને ગામના જૈન કોમના દરેક આગેવાન ગૃહસ્થે પુરતો ટેકો આપવો. આવી રીતે શરૂઆતથી કોન્ફરસના સેક્રેટરીઓ માણસો રાખી, ખર્ચ કરવાનું સાહસ કરશે નહી ત્યાં સુધી સુકૃત ફંડ એકઠું થવું મુશ્કેલ છે, ઉપર પ્રમાણે મહેનત કરવાથી જૈન કોમની ચઉદ લાખની વસ્તી ગણવામાં આવે તે પ્રમાણે ઘર દીઠ ચાર આના પ્રમાણે લેવામાં આવે તો ખુશીથી લગભગ લાખ રૂપીઆ જેટલી આવક દરવર્ષે કાયમને માટે થશે કે જે રૂપીઆમાંથી કોન્ફરન્સ જેવી સંસ્થા ઘણાજ અગત્યનાં અને મહત્વનાં કામો કરી શકશે ઉપર પ્રમાણે પ્રેકટીકલ કામ કરવા સારૂ જો કોન્ફરન્સ એક વખત ફતેહમંદ થશે તો કેટલાક જેઓ આ કોન્ફરન્સ તરફ શ્રદ્ધા ઓછી થઈ હોય તેમ શંકા બતાવવા લાગ્યા છે તેઓ પણ કોન્ફરન્સમાં ભાગ લેશે. ઉપર પ્રમાણેની સૂચના એવાજ હેતુથી લખવામ

આવેલ છે કે દરેક રીતે સુકૃત ભંડાર ફંડની યોજના અમલમાં લાવવામાં આવે કે જેથી કરીને કોનફરન્સ શું છે અને કેવી રીતે કામ કરે છે તેનો ખ્યાલ દરેક ગામડામાં રહેનારને પણ આવી શકે. ગમે તેટલો ખર્ચ થાય તોપણ શરૂઆતમાં જો સુકૃત ભંડાર ફંડની યોજના ફતેહમંદ થાય તેમ લાગતું હોય તો તેવું ખર્ચ કરવા સારૂં કોન્ફરન્સના જનરલ સેક્રેટરીઓએ ઉત્સાહ બતાવી મહેનત કરવી જોઇએ અને જેમ બને તેમ કોન્ફરન્સનું આયુષ્ય લંબાયા કરે તેમ કરવું જોઇએ. વળી આ વખતે બીજી એક સૂચના કરવામાં આવે છે. તે એ છે કે આવતા માસમાં આખા હીંદુસ્તાનની વસ્તીની ગણતરી થવાની છે અને તે ગણતરી પુરી થયા બાદ જે વસ્તીની ગણતરીનો રીપોર્ટ બહાર સરકાર તરફથી પડે તેની ખાસ એક નકલ કોન્ફરન્સની ઓફીસે દરેક રીતે મેળવવી યા તો ખરીદ કરવી અને જૈનોની વસ્તીની પુરતી માહેતી લઇ તે પ્રમાણે સુકૃત ભંડાર ફંડ ઉઘરાવાનું શરૂ કરવું. પણ જ્યારે કોન્ફરન્સ ઓફીસ ઉપરની યોજનાને કેમ વધારવી એવા નિર્ણય ઉપર આવશે ત્યારેજ જૈનોને ભવિષ્યને માટે એક ઉપયોગી અને આવકારદાયક ખાતું થઇ પડશે.

લી૦ શાહ

## "આવતી કોન્ફરન્સ અને તેને અંગે આપણી ફરજો."

વિઘ્ન સંતોષીઓના નહિ સહન થઇ શકે તેવા સખત પ્રહારોને પણ ધીરજથી સહન કરી એક વખત ફરીથી પોતાના પુત્રને વરમાળા આરોપવાને કોન્ફરન્સ દેવી પગભર થઇ છે. તેથી આપણે તેના કાર્યવાહકોને મુબારકબાદી આપીશું અને ભવિષ્યમાં કોન્ફરન્સ ભરવાને માટે જે અથડામણો ઉભી થવા પામે છે તેનું આ બેઠક વખતે નીકાકરણ કરી તેનો રસ્તો સુગમ કરી આપવાને આપણા આગેવાનો ગંભીર વિચાર ચલાવશે એમ આપણે ઇચ્છીશું. સાતમી કોન્ફરન્સ પછી જે સવાલો ઉભા થવા પામ્યા છે અને જે બારીક સંજોગો વચ્ચેથી કોન્ફરન્સના કાર્યવાહકોને કામ લેવું પડયું છે તે એટલા બધા મહત્વના અને ચિંતા ઉપજાવે તેવા છે કે તેનો નિવેડો લાવવાને સહેજ પણ બેદરકારી બતાવવી તે આપણી પોતાની પાયમાલીને આમંત્રણ કરવા બરોબર છે. મને ઉમેદ છે કે આપણા અગ્રેસરો આવા સવાલોનો દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરી યોગ્ય નીકાલ આણવાને વધુ વિલંબ નહિ કરશે.

જમાનો આગળ વધતો જાય છે, જુદી જુદી કોમો પોતાની ઉન્નતિને માટે જુદા જુદા ઉપાયો યોજી પુર ઝડપે આગળ વધે છે. નેવું હજારની નાની કોમ સુધારાના શીખર ઉપર પહોંચી છે, અને હમણાંજ ભરાયેલ લુહાણા કોન્ફરન્સે પણ આપણને બતાવ આપ્યું છે કે તેઓ પણ નવા યુગમાં દાખલ થાય છે. આવી રીતે અન્ય કોમો આગળ

વધતી જાય છે. અને આ સખત હરીફાઇના જમાનામાં આપણે જો સાવચેત નહિ રહીશું તો યાદ રાખજો કે આપણે છીન્નભીન્ન થવાને વધુ વખત થોભવું નહિ પડશે.

કોન્ફરન્સ ભરવાની આવશ્યકતાને માટે કેટલાકો તરફથી શંકા બતાવવામાં આવે છે અને તેના શત્રમિત્રો તરફથી જે મોટો ઘોંઘાટ કરી મુકવામાં આવ્યો છે તેઓને મારે યાદ આપવું જોઇએ કે સુધારાની ટોચે પહોંચેલી પારસી કોમે પણ કોન્ફરન્સની આવશ્યકતા સ્વીકારી છે. કોન્ફરન્સ જેવી સંસ્થાએ જે મહાન કાર્યો કરી બતાવ્યાં છે, અને કરી બતાવે છે તે કદીપણ નાની મંડળીઓ યા સમાજો મારફતે થઈ શકતાં નથી. દેશના જુદા જુદા ભાગોમાં ઉપદેશકો મારફતે ઠરાવોનો અમલ કરાવવો, મોટા શહેરોના સંઘોને સૂચનાઓ કરવી, રાજદ્વારી હકો મેળવવાને ચળવળ ચલાવવી, શ્રીમંતોને હાથે લાખોની સખાવતો કરાવી મોટા ખાતાં હસ્તીમાં આણવાં અને એવાંજ બીજાં મહત્વનાં કાર્યો કોન્ફરન્સ જેવી સંસ્થાની ગેરહાજરીમાં બજાવવાને કેટલું બધું ગુંચવણ ભરેલું થઇ પડે તે સાદી અક્કલનો માણસ પણ સમજી શકે તેમ છે. અને તેથીજ આ વખત પણ તેના કાર્યદક્ષ પિતા મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ અનેક મુશ્કેલીઓની સામે થઇ તેને મોતના જડબામાંથી બચાવી આપણી કોમ ઉપર મ્હાન ઉપકાર કર્યો છે કે જેનો બદલો આપણે કદીપણ વાળી આપી શકીશું નહિ. અલબતે આવા મહાન પુરૂષો બદલાની આશાથી કાંઇપણ કાર્ય હાથ ધરતા નથી, પરંતુ મારે ખેદ સાથે જણાવવું પડે છે કે આપણી કોમ જાહેર સેવાઓની પીછાન કરવામાં ઘણીજ પછાત છે. કોમના સ્થંભ ગણાતા મરહુમ શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ ફકીરભાઇ પ્રેમચંદ જેવા આગેવાનોની યાદગીરી જાળવી રાખવાને આપણે કાંઇપણ કરી શકયા નથી, અને અફસોસની વાત છે કે લાખોની બાદશાહી સખાવત કરી કોમ તથા દેશને ઉપકાર તળે મુકનાર મરહુમ શેઠ પ્રેમચંદ રાયચંદનું નામ જળવાઇ રહે તેવું એકપણ ખાતું ઉભું કરવાને આપણે નિષ્ફળ નિવડયા છીએ, વાંચકો ! પારસી કોમ તરફ નજર કરો તો જણાશે કે જાહેર પુરૂષોની યાદગીરી જાળવવાને કેવા નમુનેદાર ખાતાઓ સંગીન પાયા ઉપર ચલાવવામાં આવે છે. ખેર! આપણને અત્રે તેની સાથે સંબંધ નહિ હોવાથી વધુ વીગતમાં ઉતરવું અસ્થાને ગણાશે.

કોન્ફરન્સ અત્રે ભેલાવવાનું હવે નકી થઈ ચુકયું છે અને તેના કાર્ય વાહકો તેને જેમ બને તેમ ઓછી ખરચાળ બનાવવાને કેવા ઉપાયો યોજવા તે પાછળ કાળજી ભર્યું ધ્યાન આપતા જોઇ આપણને અહુજ આનંદ થાય છે. લાંબો વખત થયાં બાપોકાર જાહેર કરવામાં આવ્યું છે કે કોન્ફરન્સ પાછળ લખલુટ ખરચ કરવાથી તેનો અંત જલદીથી લાવવા સીવાય બીજો કાંઇ પણ લાભ આપણે હાંસલ કરી શકવાના નથી, કારણ કે બાદશાહી ખરચ કરી આમંત્રણ કરવાનું માત્ર મુંબાઇ જેવા શહેરનેજ પાલવી શકે, પરંતુ કોન્ફરન્સની બેઠકો સાદાઇથી ભરવામાં આવે તો નાના શહેરોના સંઘો પણ તેને આમંત્રણ કરવાને લલચાય એ તદન બનવા જોગ છે. કમનસીબે આવો દાખલો કોઈ પણ શહેરે બેસાડવાની હીંમત નહિ બતાવેલી

હોવાથી તે ફરજ આપણે માથે આવી પડી છે અને એ ફરજ એવી રીતે અદા કરવાની જરૂર છે કે જેથી દુનીઆની બીજી કોમો પણ આપણા દાખલાનું અનુકરણ કરે. આને માટે મારા એક વિદ્વાન મિત્ર તરફથી સુચવવામાં આવ્યું હતું કે સરકસના આકારનો તંબુ કોન્ફરન્સ તરફથી ખરીદી તેનો દરેક બેઠક વખતે ઉપયોગ કરવામાં આવશે તો હજારો રૂપીઆનો ધુમાડો જે ભવ્ય મંડપો બાંધવા પાછળ કરવામાં આવે છે તેનાથી આપણે મુકત થઇશું. અને કોઇ પણ નાના શહેરનો સંઘ પણ આવી સગવડ કોન્ફરન્સ તરફથી મળતી જોઇ સ્વભાવીક રીતે આમંત્રણ કરવાને લલચાશે. કોન્ફરન્સની દરેક બેઠક વખતે આ સવાલ આપણને બહુજ ચિંતા ઉપજાવે છે, અને ભવિષ્યની બેઠકને માટે કોઇ પણ શહેર તરફથી આમંત્રણ નહિ થવાથી નિરાશ થવું પડે છે. હવે જો આપણે આવી સગવડ ધરાવતા હોઇએ તો આમંત્રણની ગેરહાજરીમાં આપણા એકાદ પવિત્ર તીર્થસ્થળે કોન્ફરન્સની બેઠકો ભરવાને સહેલાઇથી બની શકે. અલબતે આવો તંબુ ખરીદવા પાછળ એક સારી રકમ આપણે જતી કરવી પડશે પરંતુ ભવિષ્યનો સામટો ખર્ચ ધ્યાનમાં લેતાં આ રકમ તદન નજીવી ગણાશે. આપણા શ્રીમાનો સખાવતો કરવામાં પ્રથમ દરજ્જો ધરાવે છે. જમણવારો અને બેવાજ ઉડાઉ ખરચો પાછળ લાખો રૂપીઆનો ધુમાડો કરવામાં આપણા ધનાઢયો કોઇ પણ રીતે પાછી પાની કરે તેવા નથી તો આશા છે કે એકાદ શ્રીમંત આવી નજીવી રકમ કાઢી આપી મહાન લાભ ઉપાર્જન કરી પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરશે.

વાંચકો ! વધુ લંબાણ કરી કંટાળો આપવાનો મારો મુદ્દલ ઇરાદો નથી પરંતુ મને કહ્યા વિના ચાલતું નથી કે આપણે બીજી પ્રજાની સરખામણીમાં દિવસે દિવસે તદન પાછળ હઠતાં જઇએ છીએ. જમાનો બદલાયો છતાં આપણે હજુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કર્યા વિના ગાડરીઆ પ્રવાહમાં તણાયાજ કરીએ છીએ. આપણામાં એટલી બધી વહેમી અને કદંગી રૂઢીઓ દાખલ થવા પામી છે કે જે રુઢીને બદલે રાક્ષસીનું કામ સારે છે. સાત સાત વરસ થયાં કોનફરન્સમાં ઠરાવો પસાર થયા છતાં હજુ જંગલી રીવાજને વળગી રહેવામાંજ આપણે બહાદુરી બતાવી છે. મરણ પાછળ મીષ્ટાન ઉડાવવામાં હજુ આપણે શરમ માનતા નથી. પૈસાના પુજારીઓ પોતાનાજ વીર્યથી ઉત્પન્ન થયેલી પુત્રીઓને કસાઇની માફક વેચતાં હજુ બંધ પડયા નથી. લગ્નમાં લ્હાવો માણનારા આપણા વડીલો બાર વર્ષના કોમળ બાળકોને લગ્નની ધુસરીમાં જોડી તેઓનું ભવિષ્ય બગાડવામાં સહેજ પણ આંચકો ખાતા નથી. શું હજુ પણ આપણી આંખો નહિ ઉઘડશે ? મારા જૈન ભાઇઓ જાગૃત થાઓ. ધર્મની ખાતર આજુ બાજુના સંજોગોનો વિચાર કરો, અને પછીજ ગાડરીઆ પ્રવાહમાં તણાઓ.

છેવટમાં મને જણાવવા દેશો કે કોનફરન્સો ભરી પુલપીટ ઉપરથી લાંબા લાંબા ભાષણો કરી કુંડીબંધ ઠરાવો પસાર કર્યાથી કાંઇ આપણું દાળદર ફીટવાનું નથી. પરંતુ

આ અને એવાજ બીજા જંગલી રીવાજોનો જડમુળથી નાશ કરાવવા પાછળ આપણા કીમતિ વખતનો ભોગ આપી કોનફરન્સના ઠરાવોનો ઘટતા પ્રમાણમાં અમલ કરાવીશું. તોજ આ-પણી ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત કરીશું. સુજ્ઞેષુ કીં બહુના.

શાધનપુરકર.

# બંધુઓ પાછા સુસ્ત ના બનો

## કોમને અગળ વધારવાનો પ્રવાહ શરૂ રાખો.

( લેખક-મનહર )

આપણને જાણીને અત્યંત આનંદ થાય છે કે આપણી મહાન્ કોન્ફરન્સ આવતા માર્ચ માસની આખરીએ મુંબઈમાં મેળવવાનું નક્કી થયું છે. તેના સ્થાપક કહો યા તેના પીતા **મી૦ ઢઢ્ઢાએ** જણાવ્યું તેમ તે બાળકનું આઠમું વરસ હોવાથી તેને ખાંસી કફ, જવર વગેરે લાગુ પડેલ; પરંતુ મુંબઇના બાહોશ તબીબોની કાળજી ભરી સારવારથી આપણે તેને થોડા સમયમાં પુરતા બળ સાથે મુંબઇના પુરાલય (Town Hall) માં રમતું જોઇશું.

ભાઇઓ પુના કોનફરન્સ પછી આપણને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું છે; અને મુખ્ય કરીને ભપકાને ખાતર થતો લખલુટ ખરચ અને દરેક સ્થળે આમંત્રણ કરનારાઓને સૌથી સારૂં કરી બતાવવાની ઉમંગી હરીફાઇને અંગે બીજા આગેવાન શહેરો આમંત્રણ કરવા માટે વિચારમાં પડયા હતા.

આપણી કોમના માનવંતા **સરદાર** શેઠ લાલભાઇ પણ શરૂઆતથીજ આપણને સલાહ આપતા આવ્યા છે કે જેમ બને તેમ સાદાઇથી બેઠકો ભરો; શંભુ મેળો ભેગો થાય છે, તે મુદ્દલ પસંદ કરવા જેવું નથી. આપણે પણ હવે ખુલું જોઇ શકયા છીએ કે તે સુચનાઓ વ્યાજબી છે; અને તેથી જેમ બને તેમ ઓછા ખરચે બેઠકો મેળવવી, અને ડેલીગેટોની સંખ્યા પણ ચોકસ હદમાં રાખવાને ખાતર ફીમાં વધારો કરવો. અલબત આવી રીતે ડેલીગેટોનું પ્રમાણ ઓછું થાશે, પરંતુ સાથે સાથે ડેલીગેટોની ચુંટણી કરવામ પણ કેટલાક નિયમોની ખાસ જરૂર છે; કે જેથી અગ્રેસર, વિદ્વાન, અને જ્ઞાતિમાં સારી પ્રતિષ્ઠા તથા મોભો ધરાવનાર શ્રહસ્થો હાજરી આપી શકે, અને પોતાનો લાગવગ ચલાવી પોતાની જ્ઞાતિમાં તે પ્રમાણે સુધારો કરાવવાને પ્રયાસ કરી શકે. ખાસ મોજને ખાતર કે જોવાને ખાતર જે ડેલીગેટો આવે છે, તેઓ દેશમાં જઇને બધું ભુલી જાય છે, અને કાંઇ કરી શકતા નથી.

તીર્થ સ્થળો ઉપર કોન્ફરન્સ ભરવાથી યાત્રાનો પણ લાભ થાય છે, અને થોડા ખરચમાં બેઠકો મેળવવાનું બની શકે છે; તે માટે આપણા દીગંબરી બંધુઓનો નિયમ આપણે ગ્રહણ કરવાની ખાસ અગત્ય છે. વળી બેઠકો સંબંધી અગવડો, અને હંમેશનો મોટો ખરચ માથે નહિં વેરી લેના સરકસના તંબુઓના માફક એક તંબુ તૈયાર કરાવવાથી ભવિષ્યે ઘણા ખરચનો બચાવ થઇ શકશે. વચમાં પ્લેટફોર્મ પ્રતિષ્ટીત ગૃહસ્થો અને વક્તાઓ માટે ઉભું કરવું, અને ચારે બાજુએ સરકસના માફક પાટીઆની બેઠકો ગોઠવવી; જેથી કામ ખલાસ થવા બાદ પાટીઆના બંડલો બાંધી, તંબુને ઘડી વાળી જોઇએ ત્યાં થોડા ખરચે સાચવી શકાશે. જમીન ઉપર બેઠક કરવાથી લગભગ પાંચ કલાક સુધી બેસી રહેવાનું હાલના જમાના પ્રમાણે પસંદ કરવા જોગ નથી; કેમકે તેથી અનેક મુશ્કેલીઓ ભોગવવી પડશે; અને તે ખાતર આવી ગોઠવણ કરવાથી સુખે અડેલીને બેસવાને માટે મુદલ વાંધો નહિં આવે.

જૈન બંધુઓ ઉદાર છે, પૈસા આપવામાં આનાકાની કરે તેવા નથી. કોન્ફરન્સ ઑફીસે બહાર પાડેલ **સિંહાવલોકન** ઉપરથી આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે તેની હયાતીથી આપણે કેટલું બધું કરી શકયા છીએ, અને આપણા શ્રીમંત ઉદાર બંધુઓએ આપેલા પૈસાનો કેવો સદ્ઉપયોગ થયો છે. મુંબઇ, અમદાવાદ, ભાવનગર વીગેરે સ્થળે બોર્ડીંગો સ્થાપી આપણા ભવિષ્યના જૈન રત્નોને માટે આપણે ઉત્તમ કાર્ય કર્યું છે. યુનીવર્સીટીમાં જૈન સાહિત્ય દાખલ કરાવનાર સરકારમાં જૈન જાહેર તહેવારો શરૂ કરાવનાર આપણી મહાન કોન્ફરન્સજ છે અને વાલકેશ્વર ઉપર આવેલ પનાલાલ બાબુના દેરાસરનું રક્ષણ કરાવનાર પણ તેજ ખાતું છે. માટે ભાઈઓ, જે પવિત્ર કામ હાથ ધર્યું છે તેને છેવટ સુધી પાર પાડો. આપણે બધા એકજ વહાણમાં છીએ, આપણે જાગ્રત થયા પછી પાછા ઘોર નિદ્રામાં પડીએ તેવો હાલનો જમાનો નથી. આપણું અનુકરણ કરી બીજી કોમો જાગ્રત થઇ છે, અને તેઓ આપણી કોનફરન્સને કેટલી બધી અગત્યતા આપે છે તેનો ખ્યાલ કરવાનો છે. ફાનસમાં ખોપરેલના દીવાથી વધારે પ્રકાશ આપનાર કેરોસીન તેલ દાખલ થયું, તેની જગ્યાઓ ગેસલાઇટ, કીટસન લાઇટ, અને હવે વીજળિક લાઇટ ઘોડાની ટ્રામને બદલે વીજળીક ટ્રામના વહેવારથી પણ સંતોષ માનતા નથી, અને થોડા વખતમાં હવાઇ વિમાનોમાં ઉડવાને ભાગ્યશાળી પણ થઇશું. કે જે અલ્હાબાદના પ્રદર્શનમાં રજુ પણ થયા છે, તો આવા પ્રવૃતિમય વખતમાં આપણે પણ જેમ સાધનો વધે છે તેમ પૂર વેગથી આગળ વધવાની જરૂર છે. એક વખત અટકી પડયાતો ઠોકર ખાઇને નીચે પડવાનો વખત આવશે, અને પછી ઉભા થવું ભારી પડશે; માટે આળસ મરડી, તમારી સુસ્તી ઉડાડી અડામી કોન્ફરન્સને ફતેહમંદ બનાવવા તન, મન અને ધનથી તૈયાર થાઓ; અને તેજ પ્રમાણે દર વરસે તે ફતેહમંદ અને વિશેષ વીજયી નીવડે એવો પ્રયાસ કરતા રહી, કોમનો ઉદય કેમ જલદી થાય તેવા વિચારો કરવા મશગુલ બનો; કે જે ઉમદા વિચારો પરમાત્મા ફળીભુત કરે એવી મારી નમ્ર પ્રાર્થના છે.

પારસી જેવી વિદ્વાન અને કેળવણીની ટોચે પહોંચેલી કોમમાં પંચાયતના ટ્રસ્ટીઓની ચુંટણી વખતે કેવા રંગ થયા છે; તે સર્વે ભાઈઓને વર્તમાન પત્રોથી વીદીત હશે. **સર ફીરોઝશાહ મેહતા** જેવા તાજ વગરના રાજા તરીકે લેખાતા મહાન નરને માટે પણ કેવી ટીકા થાય છે; તે ઉપરથી આપણા આગેવાન ગ્રહસ્થોએ પણ સમજવું જોઇએ કે કાર્ય કરનારનેજ સાંભળવાનું છે; જેઓ કાર્ય નથી કરતા તેના ઉપર કોણ ટીકા કરશે? માટે પોતાનો જે ઉદ્દેશ કોમનું ભલું કરવાનો છે, તેજ દ્રષ્ટી બિંદુમાં રાખી લોકોની ટીકાઓ સહન કરવા મજબુત પીઠ રાખી પોતાની પવિત્ર ફરજ બજાવવામાં પાછા પડવું નહિં જોઇએ.

"Try, try, and try again" પ્રયત્ન કરો, અને ફરીથી પ્રયત્ન કરો, એ ઉમદા નિયમ ધ્યાનમાં રાખી નાસીપાસ ના બનો. તેમજ **હિન્દના દાદા શેઠ દાદાભાઈ નવરોજજીએ** કલકત્તા કોન્ગ્રેસ વખતે (Ojitatation) **ચલવલ કાયમ રાખવા** જે ઉત્તમ બોધ કર્યો છે, તેમજ છેલી અલ્હાબાદ **કૉન્ગ્રેસ** વખતે **હિંદ હિતેચ્છુ સર વીલીયમ વેડરબને** ફક્ત ત્રણ શબ્દોમાં જે કીમતી સલાહ આપી છે. **આશા, સહાનુભુતિ, અને એકયતા**-તે તમારા હૃદયમાં કોતરી રાખી, તે માર્ગે ચાલવા પ્રયાસ કરવો; અને અવશ્ય આપણને ફતેહ મળશે. મહાન **હિન્દી કોન્ગ્રેસને** છવીસ વરસે જોઇએ તેટલું નથી મલ્યું, તો આપણે ફક્ત આઠ એકકમાં બધું મેળવવાની આશા કયાંથી રખાય, માટે ખંતથી આગળ વધો, શાસનદેવી સહાય થાશે.

મુસલમાન કોમ જે આપણાથી ઘણી પછાત હતી તે હાલ કેટલી બધી આગળ વધેલ છે, તેઓની અલીગઢ કોલેજે કોમના ઉદયમાં કેટલો મોટો ફાળો આપ્યો છે, તેનો વિચાર કરો. તેઓ ફતેહમંદ રીતે કેળવણી કોન્ફરન્સ ભરે છે, અને દર વરસે આગળ વધતાજ જાય છે. કાયસ્થો પણ આગળ વધ્યા છે, અને બંને કોમ રાજ દરબારમાં મોટા હોદ્દાઓ ધરાવે છે.

બનારસમાં સેંટ્રલ હિંદુ કોલેજના ઉમદા કાર્ય તરફ પણ દષ્ટી ફેરવો. આપણામાં પણ તેવું એક ખાતું છે; અને જે સરસ્વતી દેવીના મુખ્ય ધામ કાશી શહેરમાં ફતેહમંદ રીતે આગળ વધતું જાય છે. આપણા માટે તે વિદ્વાન પંડીતો અને ધર્મના ઉપદેશકો તૈયાર કરે છે: તેમજ આપણા ધર્મનો વિજય વાવટો ફરકાવવા હરેક દેશમાં પ્રયાસ કરે છે. સીલોન અને બર્મામાં ઉપદેશકો મોકલવા ઉપરાંત પાશ્ચીમાત્ય પંડીતો સાથે આપણા ધર્મ સંબંધી જે ઉપયોગી પત્ર વ્યવહાર ચલાવવામાં આવેલ છે, તે થોડા વખતમાં છપાઇ બહાર પડવાથી આપણને આનંદ સાથે અત્યંત સંતોષ મળશે. આ ઉમદા કાર્યને માટે **શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી વિજય ધર્મ સુરીજીએ** આત્મ ભોગ આપ્યો છે, અને આપણને પણ તે ખાતાને વિશેષ ફતેહમંદ બનાવવા બનતી મદદ કરવાની ખાસ જરૂર છે.

આપણે વેપારી છીએ, અને વ્યાપારની વૃદ્ધી અર્થે પણ ચારે દીશામાં દ્રષ્ટી કરવાની જરૂર છે. આપણો વેપાર બીજાઓને હાથ જાય છે, અને નફટ નોકરીનો આપણા બંધુઓને આશ્રય લેવો પડે છે. આપણી પ્રાચીન તવારીખ વાંચીએ છીએ ત્યારે જૈનો રાજયના દીવાનો અને સેનાધીપતીઓ હતા. તેમજ બીજા મોટા ઓધાઓ ધરાવતા હતા કોટયાધી પતિ અને લક્ષાધિપતિઓની સંખ્યા તરફ નજર ફેરવીએ છીએ ત્યારે આશ્ચર્ય થાય છે. ભાઇઓ એવો વખત કયારે આવશે? કેળવણી પાછળ છુટા હાથે તમારા દ્રવ્યનો વ્યય કરો, પુત્રો અને પુત્રીઓને યોગ્ય તાલીમ આપી આગળ વધારવાના સાધનો ઉભાં કરો, અને તેઓ તૈયાર થવાથી હાનીકારક રીવાજો એની મેળે નાબુત થાશે, ગરીબાઇમાંથી મુકત થઇ પૈસા પ્રાપ્ત કરી શકશે; ધર્મના, કોમના, અને દેશના ઉદ્ધાર માટે ખડા પગે ઉભા રહેવાને તૈયાર થાશે; માટે સુસ્તીમાં નહિં પડતાં, જાગૃત રહો; અને તન, મન, ધનથી કોમના ઉદયને માટે તમારૂં ચીત્ત પરોવી કોન્ફરન્સને ફત્તેહમંદ બનાવવા તમારો પ્રવાહ વીજળીક વેગે શરૂ રાખો.

---

## જૈનોમાં વધી પડેલું મરણ પ્રમાણ.

### An appeal for general education.

( લેખકઃ-કાપડીઆ ચુનીલાલ મુલચંદ બી. એ. બી. એસ. સી. ).

એ તો એક જાણીતી બીના છે કે જે જૈન કોમ એક રજપુત વંશમાંથી પોતાને ઉતરી આવેલી કોમ તરીકે ગણવાનો દાવો કરતી આવી છે તેના વંશજો હાલ પોતાનો અસલી ખવાસ જાળવી શકયા નથી એટલુંજ નહી પરંતુ પ્રજાની જાહેર જીંદગીમાં ઇચ્છવા લાયક દેખાવ કરી શકે એવી શકતી પ્રાપ્ત કરવાને જે પ્રયાસ કરવા જોઇએ તેમાં તે કોમ પછાત છે એમ પુરવાર થયું છે એક ઉપલક દ્રષ્ટીથી નીહાળીશું તો સહજ જણાશે કે જૈનો જીંદગીના જુદા જુદા પ્રદેશોમાં (Walks of life) પોતે આગળ વધવાને બદલે હજુ પણ કુંભકરણની સુષુપ્તિ અવસ્થામાંથી દ્રષ્ટીનાં પોપચાં સહજ ઉંચા કર્યાં હોય એમ ભાસે છે, તે કોમ છેલા પચીસ વર્ષમાં પોતાની જોખમદારીની સમજ ધરાવનારા વીર પુરૂષો જુજ ઉત્પન્ન કરી શકે છે. વધારે તાજુબીની વાત એ છે કે જૈન કોમના નાયકો યા શેઠીઆઓએ છેલ્લા પા સૈકામાં એવા ફારસો ભજવ્યા છે કે જેને લઇને હાલની અધોગતી ઉત્પન્ન થઇ છે એમ કહેવામાં સહેજ સરાહગત પણ નથી એમ તે કોમના છેલા પા સૈકાના ઇતીહાસ ઉપરથી કબુલ્યા વગર ચાલશે નહી. હમારા સંઘપતિઓ-સંઘ નાયકો પોતાની ફરજોમાં એટલા બધા બેદરકાર રહ્યા હતા કે જેને લઇને આપણો પવીત્ર સંઘ છિન્ન ભિન્ન સ્થીતિમાં એટલી છેલ્લી હદ સુધી જઇ પહોચ્યો છે કે તે કોમને પોતાની જીંદગીના આયુષ્યનું પણ ભાન રહ્યું નથી. હીંદુસ્તાનમાં એક સામાન્ય ફરીઆદ ચારે ખુણામાંથી આવે છે કે ઇતર દેશો કરતાં હીંદુસ્તાન વાસીઓનું

મરણ પ્રમાણ વિષેષ છે અર્થાત અન્ય સુધરેલા દેશો કરતાં હિંદુસ્તાન સામાન્ય રીતે સુધારા વધારામાં તે દેશોની પ્રજા જે તળ ઉપર ઉભી રહી છે તેના ઉપર ઉભા રહેવાને બદલે તેની નીચેના તળ ઉપરની જગ્યા રોકે છે. આવી ઉતરતી પંકિતમાં મુકાયેલ હિંદુસ્તાનમાં પણ બીજી કોમોની સરખામણીમાં જૈન કોમ ઉતરતો દરજ્જો ભોગવતી હોય એવું તેના મરણ પ્રમાણના આંકડા ઉપરથી સાબીત થાય છે. દાખલા તરીકે મુંબાઇના જન્મ મરણના આંકડાઓ તપાસીશું તો દ્રષ્ટિગોચર થશે કે જૈનોમાં ચૈતન્ય (Vitality) એટલું ઓછું છે કે જીંદગીની વ્યતીત કરવાની જે સામાન્ય મુદત છે તેમાં ભંગાણ પડે છે ને તેને લઇને જૈન કોમને કેટલું મોટું જોખમ આર્થીક દ્રષ્ટિએ ખેડવું પડે છે તેનો વિચાર આપણા હૃદયને મુંઝવણમાં નાંખી દે છે. બીજી કોમોની સરખામણીમાં મરણ પ્રમાણ આપણામાં જે વિશેષ છે તેણે ઘણીજ ભયંકર અસર કરી છે ને તેને માટે અગાઉથી સવેળા ચેતી ચાંપતા ઉપાયો નહિ યોજીએ તો ભવિષ્યમાં આપણી કોમ અધોગતિના કીનારા ઉપર અથડાઇ ગરીબાઇની સ્થિતિમાં મુકાયેલી પોતાને જોશે. આપણી હાલની વસ્તી જે તેરલાખના આંકડાથી લેખાય છે તેનું એક મોટું કારણ તો મને એમ લાગે છે કે જૈનોનું મોટું મરણ પ્રમાણ દુનીયાના સુધરેલા દેશો તપાસશો તો માલમ પડશે કે તેઓની વસ્તી કુદકેને ભુસકે એટલી વધે છે કે દર પંદર વરસે તેઓ પોતાને બમણા થએલ જોય છે. આપણી કોમના જન્મેલા બાળકો જો જન્મીને યુવાવસ્થા પ્રાપ્ત કરી કુદરતના નિયમને અનુસરી વદ્ધાવસ્થા સુધી જઇ શકતા હોય તો આપણને ખાત્રી રહે છે કે આપણામાં કોમહિતમાં ભાગ લેવાને તેર લાખની ગણત્રી કરી શકીએ તેને બદલે તેર કરોડ હોઇ શકે. જે બાળકો જન્મી થોડી યા વધુ મુદત સુધી દુનીયાનો પવન ખાઇને પોતાની જીંદગીને કપાઇ ગયેલી જોય છે તે તેઓની માબાપોની બેદરકારીની ગેર હાજરીમાં વધુ વખત જીવવા પામતાં હોત તો કોમમાં એટલા કામ કરનારા તથા શાશનને શોભાવનારા વધુ હોવાનું માન જૈન ધર્મ અત્યારે ભોગવી શકતો હોત. જે કોમ વધુ વસ્તી ધરાવાનો દાવો કરતી હોય તે કોમ પોતાને કેળવાયલી સ્થિતિમાં મુકીને ઓછી વસ્તી ધરાવતી હોય તેના પ્રમાણમાં વધુ પૈસા પેદા કરી–વધુ આત્મભોગ–વધુ સખાવતી સ્વભાવ દાખવી કોમને સારા મોભા ઉપર મુકી શકે. આ સારો વિચાર વાંચનારના મનમાં એક પેઢીનો દાખલો લેવાથી સુતર થઇ પડશે. એક ઝવેરીની દુકાનમાં બે કેળવાયેલા હોય ને તે જે કમાય તેના કરતાં જો પાંચ કેળવાયેલા હોય તો પૃથ્વીના જુદા જુદા ભાગમાં પેઢીઓ ખોલી વધુ દોલત પ્રાપ્ત કરી શકે. જે સચ્ચાઇ એક પેઢીના સંબંધમાં ખરી છે તે સચ્ચાઇ આખી કોમને લાગુ પાડી શકાય. આના સંબંધમાં બીજી બાબત આપણા મન આગળ ખડી થાય છે તે એ છે કે જ્યારે ઘરમાં એક મરણ થાય છે ત્યારે તે ઘરના માલેકને પોતાની દુકાન બંધ કરવી પડે છે. તે દીવસની કમાણી ખોવી પડે છે. મરણના સંબંધમાં વધુ ખર્ચ કરવો પડે છે ને છેવટે તેને પોતાની તંદુરસ્તીના સંબંધમાં પણ ખમવું પડે છે. કે જેને અંગે પાછળથી અસલ સ્થિતિ પ્રાપ્ત કરવા વિશેષ ખર્ચમાં

ઉતરવું પડે છે. જો ઘરમાં અવારનવાર આવાં મરણો થાય તો કેટલું મોટું નુકશાન! જે કોમમાં આવાં મરણો સંખ્યાબંધ થાય છે તે કોમને કેટલો મોટો ગેરલાભ? એક મરણથી ભાગીદારી કેટલીક વખતે વછોડવી પડે છે, પેઢીઓના નામો તથા ગોઠવણો જુદા પ્રકારની કરવી પડે છે કે જેને લઇને અમુક કુટુંબને જથુકનું મોટું નુકશાન થાય છે. જો મરણ પ્રમાણ ઓછું હોય ને મોટી ઉમર સુધી કોમના માણસો જીવતા હોય તો આટલું મોટું નુકશાન કોમને ખમવું પડે નહિ. મરહુમ શેઠ વીરચંદ રાઘવજી, ફકીરચંદ પ્રેમચંદ જેવા જૈન કોમના ખેરખાંહો કે જેઓની જીંદગી ટુંકી હોવાને લઇને આપણે તેઓની વૃદ્ધાવસ્થાના અનુભવનો લાભ લેવા ભાગ્યશાળી નીવડયા નથી, તે આપણી કોમનું કમનસીબ છે. આના ઉપરથી હું એમ કહેવા નથી માગતો કે જૈન કોમની સર્વ બાળ બાળિકાઓ યુવાવસ્થા તરી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરી શકે. પણ મારો કહેવાનો ભાવાર્થ એ છે કે જો જૈન કોમના સંબંધમાં ચાંપતા ઉપાયો લેવાય તો ઘણા ખરા પુષ્પો કે જે પુરતો ઉન્નતિ ક્રમ કર્યા વગર કરમાઇ જાય છે તે બચાવી શકાય. કોનફરન્સના કાર્યમાં હાલ જે જુવાનીઆ ટેણું ખલલ પોંહોચાડે છે તે જો શેઠ વીરચંદ દીપચંદ જેવા પુખ્ત મગજ ધરાવતા વૃદ્ધ નાયકો સેંકડોની સંખ્યામાં હોત તો તે જુવાનીયાઓને કોનફરન્સને નમન કરી વૃદ્ધોના કારભાર (Guidance) તળે ચાલવું પડત. જે કોમમાં વૃદ્ધ પુરૂષો જુજ હોય છે તે કોમ માનસિક ભંડોળમાં તથા નૈતિક બળમાં ઘણીજ ગરીબ હોય છે. જેના તાજા દાખલા હિંદુસ્તાનની ઘણી કોમોને મુખ્યત્વે કરીને જૈન કોમ પુરા પાડે છે.

બીજો વિચાર અત્ર એ ઉભો થાય છે કે જો જૈનોમાં બાળકોનું મરણ પ્રમાણ ઓછું હોય તો જૈન કોમને આડકતરી રીતે જે શારીરિક નુકશાન થાય છે તેનો બદલો મળી શકે. દાખલા તરીકે શ્રાવીકાઓ કે જેઓ બાળકોને જન્મ આપે છે તેઓનો અમુક મુદત સુધી શારીરિક મુશીબતો વેઠી ગૃહકાર્યમાંથી વેગળા રહી પોતાનો સમય વ્યતીત કરવો પડે છે. આના માટે ગૃહના અન્ય મનુષ્યો તથા ઇતર જનોને મદદ આપવી ઘટે છે. વધુ ખર્ચ પણ તેના સબંધમાં કરવો પડે છે. ચિંતાઓ તથા મુશ્કેલીઓ વિશેષમાં ખડી રહે છે. વાંચક વિચાર કરોકે જો બાળકો જીવતા હોય તો ઉપર દર્શાવેલી સર્વ તકલીફો સાર્થક થાય નહિંતર કોમને પૈસાના સંબંધમાં તથા શારિરિક સુખમાં મોટો ફટકો પડે છે. કે જેને માટે કાંઇ બદલો મળતો નથી.

## ઉપાયો.

જે કાર્ય આના સંબંધમાં ઉઠાવવાનું છે તે મહાભારત કાર્ય તરફ એટલુંજ ગંભીર ધ્યાન આપણે દોરવું જોઇએ છીએ. અત્રે ઉપાયો હું ટુંકમાં દર્શાવવા માંગુછું પ્રથમ તો જ્યાં જ્યાં આપણો જૈન સંઘ સારી સંખ્યામાં હોય ત્યાં અખાડા તથા કસરતશાળાઓ ખોલવી ઘટે છે. અફસોસની વાત છે કે જૈન કોમે આના તરફ આંખ આડા કાન કીધા

છે. જો આ સંસ્થા દાખલ કરવામાં આવશે તો આપણી કોમમાં યુરોપની સ્થિતિ નિહાળી શકીશું. યુરોપમાં સુધરેલા દેશોમાં દરેક કુટુંબમાં સારી સલાહ આપનારા વૃદ્ધ પુરૂષો હોય છે. તેવો લાભ આપણી કોમ પણ પ્રાપ્ત કરી શકશે.

બીજા મુદ્દો જે વધુ મહત્વનો છે તે એ છે કે દરેક સંઘે પ્રાથમિક અને વચગાળેની કેળવણી મુફત તથા ફરજીયાત કરવી આવશ્યક છે. પ્રથમ અખતરો કેળવણીને મુફત કરવાનો છે. જ્યાં જ્યાં સારી વસ્તી ધરાવતો જૈન સંઘ હોય ત્યાં પોતાની સ્થાનીક જરૂરીયાત પ્રમાણે નાનાં મોટાં ફંડો ઉભા કરી ગરીબ યા પૈસાદારના તફાવત વગર સર્વ બાળ બાળિકાઓને મુફત પુસ્તકો તથા ફી પૂરાં પાડવાં જોઇએ છીએ. આમ કરવાથી કેળવણીને જબરૂ ઉત્તેજન મળી શકશે. આ અખતરો જો ફતેહમંદ થાય કે જેને વિષે કંઇ શંકા નથી તો પછી તેને ફરજીયાત કરવા જૈન સંઘોએ ઠરાવો પસાર કરવા જોઇએ. જો આપણે દુનિયાનો ઇતિહાસ અવલોકીશું તો માલમ પડશે કે જે દેશોમાં પ્રાથમીક તથા અન્ય કેળવણીનો વધારો થયો છે તે દેશોમાં મરણ સંખ્યા ઘણીજ ઘટી છે. કેળવણીમાં લોકોને વધારવાથી આપણને બીજી મુશ્કેલીઓ સંસાર સુધારામાં નડે છે તે જતી રહેશે એટલું જ નહિ પણ ઉન્નતિક્રમ ઉતાવળથી કરી બીજી કોમોની સાથે હરીફાઇ કરવા આપણે શકિતમાન થઇશું. દરેક ગામડામાં કે જ્યાં સરકારી સ્કુલ હસ્તિ ધરાવતી ન હોય તથા સારા પાયા ઉપર ચાલતી ન હોય ત્યાં પાઠશાળા સ્થાપવી ઘટે છે. આ હિલચાલો ચાલે તેની સાથે બાળ લગ્નના સંબંધમાં જબરો ધુજારો આપણે ચલાવવો જરૂરનો છે. હું અત્રે એક સૂચના કરીશ કે જેના ઉપર જૈન કોમે અવશ્ય લક્ષ્ય ખેંચવું ઘટે છે. જૈન વિદ્યાર્થીઓ યુનીવર્સિટીમાં કુંવારી જીંદગી પાળી ગ્રેજ્યુએટો થાય તો તેને માટે ઇનામો આપવાની પદ્ધતિ દાખલ કરવાથી મોટો લાભ ઉઠાવી શકાશે. કેળવણીની મદદના સંબંધમાં કુંવારાઓને પસંદગી એકવાર બીજી રીતે આપવાથી બાળ લગ્નને જબરો ફટકો મારવા શકિતમાન થઇશું. અન્ય પગલું કે જે કોન્ફરન્સ લઇ શકે તે એ છે કે તંદુરસ્તીના નિયમોનું જ્ઞાન ફેલાવવા વિધ વિધ સ્થળે ઉપદેશકો મોકલવા જોઇએ.

જો ઉપલા ઉપાયો સામટી રીતે યોજવામાં આવે તો ખાત્રી થાય કે આપણે અસલી ખરો ખવાસ પ્રાપ્ત કરી, બહાદુર બની, ઉત્સાહિત અને ચંચળ જીંદગી પસાર કરી શકીયે. લોકોની તંદુરસ્તી વધારી શકીયે ને વૃદ્ધાવસ્થા સુધી જીંદગી વ્યતીત કરે તેવાં પુરૂષો ઉત્પન્ન કરી શકીયે કે જેને લઇને જૈન કોમ અનુભવમાં મગજબળમાં શારીરિક સુખમાં ને અંતરમાં દોલત વૈભવનો સંબંધમાં સારૂં સુખ પ્રાપ્ત કરી જૈન નામને શોભાવી શકે.

## આવતી કોન્ફરન્સના ઠરાવો.

જૈન ધર્મની ઉન્નતિનો આધાર સંઘના બળ ઉપર છે, સંઘના બળનો આધાર સંઘની વ્યકિતની ઉન્નતિ ઉપર છે. સંઘ સમૃદ્ધિમાં અને સંખ્યામાં ખીલતો હોય તો, જૈન ધર્મ

પણ જાહોજલાલીમાં વધે તે કુદરતી છે. સંઘ સ્તંભની જેટલી મજબુતાઇ તેટલીજ મજબુતાઇ ધર્મની સમજવી. જૈન ધર્મની પહેલાં જાહોજલાલી હતી કારણ જૈનોની સંખ્યા ઘણી હતી અને વેપાર, રાજ્ય પ્રકરણી બાબત વગેરે સમૃદ્ધિમાં આગેવાન હતા. જૈન મંદિરો, ઉપાશ્રય, પાંજરાપોળો વગેરે નવી બંધાવો અથવા તેનો જીર્ણોધાર કરાવો તેની સાથેજ (અરે! હું કહું છું તે પહેલાં) સંઘનો ઉદ્ધાર કરવો એ ઘણું જરૂરનું છે કારણ તેના ઉપર સર્વ આધાર છે. અમુક સ્થળે હજારો રૂપીઆ ખરચી જીર્ણોદ્ધાર કર્યો, પચાસ સો વર્ષ પછી તે પાછું જીર્ણ થયું ત્યારે સંઘની સારી સ્થિતિ તે વખત ન હોય તો પાછો જીર્ણોદ્ધાર કોણ કરશે ? ખરી રીતે સંસ્થાનો જીર્ણોદ્ધાર કરવામાં આવે, તેની સાથે તે જીર્ણોદ્ધાર કરનારનો ઉદ્ધાર કરવામાં તો વધારે સંગીન કામ કર્યું કહેવાય. ચામડાં નહીં વાપરવાં જોઇએ, પીછાં નહીં વાપરવાં જોઇએ, કારણ તેનાથી હજારો જીવોનો નાશ થાય છે. તેવા ઠરાવો કરવામાં આવ્યા છે. અને તે ઠરાવો અમલમાં મુકવા કોશીશ કરવામાં આવી છે-પરંતુ હજારો જૈન યુવાનો અને અબલાઓ ખીલતીજુવાનીમાં ક્ષય અને ક્ષીણતાના ભોગ થાય છે તેનો વિચાર કરવામાં આવતો નથી.

કોનફરન્સનો હેતુ સુલેહ સંપની વૃદ્ધિ કરી સંઘની સાંસારિક અને ધાર્મિક સ્થિતિ સુધારવાનો છે. પરંતુ કોનફરન્સ હોવા છતાં અંતરીક્ષજીમાં, મક્ષીજીમાં, સમેતશિખર, બોટાદ વગેરે ઠેકાણે તકરારો ઉત્પન્ન થઇ, અને લાખો રૂપીઆનું પાણી થઇ ગયું, તે પૈસા લડવામાં નહીં ખરચતાં, જૈનોને કેળવણી આપવામાં અને તેમની આર્થીક સ્થિતિ સુધારવામાં ખર્ચ્યા હોત તો તે કેવો સદુપયોગ થાત ? મારો મત એવો છે કે દિગંબરી, શ્વેતાંબરી, સ્થાનકવાશી અથવા બીજી કોમ વચ્ચે ધર્મ સંબંધી અથવા ધાર્મિક સંસ્થા સંબંધી કંઇ તકરાર ઉભી થઇ હોય તો, એકદમ કોર્ટમાં નહીં આવતાં તેનો નીકાલ પંચ મારફતે કરાવવો. જૈનનાં દરેક મહત્વની કોન્ફરન્સ છે. જે પક્ષકારો વચ્ચે તકરાર પડી હોય તેમણે તેમની કોન્ફરન્સ ઓફીસમાં હકીકત લખવી, બન્ને કોન્ફરન્સના સેક્રેટરીઓ સાથે મળી પક્ષકારોની સંમતિથી પક્ષકારો કહે તે માણસોને પંચ નીમવા અને તકરારનો ફેંસલો દેવો. આવો અથવા આવા મતલબનો ઠરાવ કરવામાં આવે તો હજારો રૂપીઆનો ખોટો વ્યય થતો બચે. આવા કામમાં મુનિરાજોએ મદદ કરવી જોઇએ. આવો ઠરાવ આવતી કોન્ફરન્સે અવશ્ય કરવો જોઇએ.

જૈનોની વસતી ઘટી ગઇ છે અને મોટા પ્રમાણમાં ઘટે છે. મરણનું પ્રમાણ વધારે છે, અને જન્મનું પ્રમાણ ઓછું છે. (જુવો મુંબઇની દરરોજની મરણ જન્મ નોંધો ) જૈનો શારિરીક બળમાં ઘણા નબળા છે. અને સંતતિ નિર્માલ્ય થતી જાય છે. આ અટકાવવા બાળલગ્ન બંધ કરવાની ઘણી જ જરૂર છે. છોકરીની ઉમર ઓછામાં ઓછી પુરી પંદર વરસની અને છોકરાની વીસ વરસની હોવી જોઇએ. બાળલગ્ન જૈન તત્વ વિરૂદ્ધ છે. જૈન દત્તસુરી મહારાજે લગ્ન માટે છોકરીની ઉમર સોળ અને છોકરાની પચીસ બતાવી છે. કોન્ફરન્સનો એક ઠરાવ બાળલગ્ન અટકાવવાનો થવો જોઇએ. તે જેવી

રીને છેવટે મુકવામાં આવે છે અને દશ મીનીટમાં તેને ઉકેલી નાખવામાં આવે છે તેમ નહીં કરતાં તે સવાલ ને મુખ્ય જગ્યા આપવી જોઇએ.

કોનફરન્સ પહેલા ભપકાથી ભરવામાં આવતી હતી, અને સરદાર લાલભાઇ શેઠ સાદાઇથી ભરવા વારંવાર સલાહ આપતા હતા, છતાં ભપકો જારી રહ્યો તેનું પરિણામ એવું આવ્યું કે કોન્ફરન્સ ભરાવીજ બંધ થવાનો વખત આવ્યો. તે તેવીજ રીતે દેરાસરના ઓચ્છવોમાં, વરઘોડામાં વિગેરેમાં ઠાઠ કરવામાં આવે છે, તેનું પણ છેવટે તેવુંજ પરિણામ આવવાનું છે, માટે તેમાં ઘણીજ સાદાઇ રાખી ખર્ચ જેમ બને તેમ ઓછો કરવો જોઇએ. તેવો ઠરાવ કોન્ફરન્સે કરવો જોઇએ.

મુસલમાનો કેળવણી માટે રાક્ષસી પ્રયત્ન કરે છે, તેમની અલીગઢ કોલેજ છે તે ઉપરાંત યુનીવર્સીટી કાઢવા તૈયાર થયા છે, ત્યારે તેજ દેશમાં રહેનાર એક વખત આગળ પડતી જૈન કોમ અંદર અંદર લઢવામાં અને ઓત્સવો તથા વરઘોડાના ઠાઠમાં પોતાના પૈસાનો વ્યય કરે છે.

દરેક જગ્યાએ પાંજરાપોળો હજારો રૂપીઆ ખર્ચી રાખો છો ત્યારે તમારી કોમને અધમ દશામાં પડતાં બચાવવા જગ્યાએ જગ્યાએ બોર્ડીંગો કેમ કરતા નથી ? કોન્ફરન્સે કેળવણી માટે ખાસ એક દિવસ રોકી એક કાયમનું ફંડ ઉભું કરવું જોઇએ તેનું ફકત વ્યાજ વાપરવું અને તે ઉંચી કેળવણી લેનારને સ્કોલરશીપો આપવામાં અને બોર્ડીંગોમાં મદદ કરવા વાપરવું જોઇએ, આપણે જુદી કોલેજ જોઇતી નથી. કારણ હીંદુથી અલગ પડવા માગતા નથી તેમજ મોટી કોલેજોનો લાભ ન લેવો તે પણ અર્થ શાસ્ત્ર વિરૂદ્ધ છે, પરંતુ તેનો લાભ લેનારને માટે સ્કોલરશીપો ઘણી કાઢવી, તેમજ ઠેકાણે ઠેકાણે બોર્ડીંગો મોટા પાયા ઉપર કરવી.

આવતી કોન્ફરન્સમાં ઠરાવ બીલકુલ થોડાજ રાખવા જોઇએ, થોડા સવાલો હાથ ધરી તેને કાર્ય રૂપમાં કેવી રીતે લાવવા તેનું બરોબર વિવેચન કરવું જોઇએ. સંખ્યા બંધ સવાલો હાથધરી તેને વાંચી જવા, તેમાં ફકત નાહક વખતનો તથા પૈસાનો વ્યય થાય છે. આ વખતે પ્રેસીડેન્ટ તરીકે સરદાર લાલભાઇ શેઠ જેવા બાહોસ અને કેળવાયેલા છે એટલે કંઇ વસ્તુતઃ થશે એવી આશા રાખવામાં આવે છે. તથાસ્તુ.

**વેલચંદ ઉમેદચંદ મહેતા.**
હાઇકોર્ટ પ્લીડર.
અમદાવાદ.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

## શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક ઇનામી પરીક્ષા.

તા૦ ૨૫-૧૨-૧૯૧૦ રવિવાર, બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી.

### ધો. ૧ લું. [ પંચ પ્રતિક્રમણ ]

પરીક્ષકઃ—શેઠ હીરાચંદ કકલભાઇ ( અમદાવાદ )

**સવાલ ૧ લો.** ૧૮

૬ (अ) સામાયક લેવા પારવાની તથા ચૈત્યવંદન કરવાની વિધિ લખો.

૬ (ब) શાસ્ત્રમાં નિયાણાનું બાંધવું નિષેધ્યા છતાં, વીતરાગ પરમાત્માને પ્રણામ કરવાથી અમુક અમુક ફળની માગણી કરી છે તે ગાથાઓ લખો.

૬ (क) સિદ્ધાણં બુદ્ધાણંની પહેલી ત્રણ ગાથા અર્થ સાથે લખો.

**સવાલ ૨ જો,** ૨૪

૮ (अ) નીચેના શબ્દોના અર્થ લખો.

मंगलं, पुप्फदंतं, गमणागमणे, आइच्चेसु, सग्गे, तिगुत्तो, पज्जोअगराणं, भयवं, तव्वयणसेवणा, कारवेमि, अठ्ठावय, जवणिज्जं, अहे, पत्ता, संथवो, अत्तठ्ठा, अणुसठ्ठिं, नुत, यथायोगं, देष्टारं, जइ, बावत्तरि, लोअग्ग, दीव्वठ्ठे, मंगुल, श्रमणसंघस्य, गोष्टिकानां, विअक्खण, सीरं, जाणकप्पं, घनसांनिभं.

૧૨ (ब) વંદિત્તામાં આવેલાં ચાર શિક્ષાવ્રતના અતિચારની ગાથાઓ અર્થ સાથે લખો.

૪ (क) ભરહેસરની સજ્ઝાયમાં 'એમાઇ મહાસત્તા' થી બે ગાથા અર્થ સાથે લખો.

**સવાલ ૩ જો.**—દેવસીનાં ગુરુવાંદણાંમાં "દિવસો વઇક્કંતો" એ પાઠને બદલે ૪ રાઇ, પખ્ખિ, ચઉમાસી અને સંવત્સરી પડિક્કમણાંમાં શો પાઠ બોલાય તે લખો.

**સવાલ ૪ થો.** ૨૨

૬ (अ) કાઉસ્સગ્ગ કરતાં શી શી વાતે કાઉસ્સગ્ગ ન ભાગે?

૮ (ब) શ્રાવકોનાં નિત્ય કરવા યોગ્ય કામોની ટુંકી નોંધ પડિક્કમણા સૂત્રમાં આવેલા કોઈ સૂત્ર અનુસારે લખો.

૮ (क) સકલાર્હતમાં સુવિધિનાથ, વાસુપૂજ્યસ્વામી, મલ્લિનાથ અને નમિનાથજીની સ્તુતિની ગાથાઓ અર્થ સાથે લખો.

**સવાલ ૫ મો.**—સંવત્સરી પડિક્રમણામાં કઇ કઇ જગ્યાએ કેટલો કેટલો કાઉસ્સગ્ગ આવે છે તે. તથા કયાં કયાં મુહપત્તિ પડિલેહણ આવે છે તે લખો. ૮

**સવાલ ૬ ઠો.**—નીચેની બીનાઓ અતિચારમાં કયા વ્રતમાં કે કયા આચારમાં આવે છે તેનાં નામ લખો. ૮

એકાં પડિક્કમણું કીધું, શરીર અણપડિલેહ્યું હલાવ્યું, ચૌદ નિયમ લીધા નહિ, લેઇ સંક્ષેપ્યા નહિ, દ્રષ્ટિવિપર્યાસ કીધો, ખાળે પાણી ઢોળ્યાં, જીવાણી સુકવ્યું, ઇહલોક પરલોક ભોગાર્થે પૂજા કીધી, દેહરામાં મળ શ્લેષ્મ લોહ્યાં.

**સવાલ ૭ મો.** ૧૬

૮ (अ) અજિતશાંતિની "વંદિઊણ થોઊણ તો જિણં" થી બે ગાથા અર્થ સાથે લખો.

૮ (ब) મોટી શાંતિમાં "શ્રીમતે શાંતિનાથાય" થી ત્રણ ગાથા અર્થ સાથે લખો.

## ધો. ૨ જું. પેટા વિભાગ ૧ લો.

### પરીક્ષક—શેઠ ઝવેરચંદ ભાઇચંદ (ભાવનગર.)

### જીવ વિચાર. (માર્ક ૩૧)

**સવાલ**—૧ **अ.** જીવવિચારના કર્તા કોણ?

**ब.** '**भुवण पईवं**' એ વાકય વડે વીર પ્રભુને સૂર્યની ઉપમા નહીં આપતાં દીપકની ઉપમા આપવાનું પ્રયોજન શું તે દર્શાવો. ૩

,, ૨ નીચેની ગાથાઓનો અર્થ ભાવાર્થ સાથે લખો.

**कंदा अंकुर किसलय पणगा सेवाल भूमिफोडा अ ॥**
**अल्लय तिय गज्जर मोथ, वथुला थेग पल्लंका ॥**
**कोमल फलं च सव्वं, गूढसिराई सिणाइ पत्ताइं ॥**
**थोहरि कुंआरि गुग्गुलि, गलोय पमुहाइ छिन्नरुहा ॥** ४

,, ૩ **अ.** દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રના તિર્યંચ અને મનુષ્યો કેવી સ્થિતિમાં ઉત્પન્ન થાયછે તે લખો.

**ब.** તેમનું આયુષ્યમાન તથા શરીરમાન લખો.

**क.** નીચેની ગાથાનો અર્થ લખો.

खयरा धणुअ पुहुत्तं, भुयगा उरगाय जोयण पुहुत्तं ॥
गाउय पुहुत मिता, समुच्छिमा चउप्पया भणिया ॥ ५

સવાલ ૪ अ. નીચેની ગાથાનો અર્થ લખો.

एवं अणोरपारे, संसारे सायरंमि भीमंमी ॥
पत्तो अणंत खुत्तो, जीवेहिं अपत्त धम्मेहिं ॥

**ब** लहगई નામના જીવો શી વસ્તુમાં ઉત્પન્ન થાય છે તે લખો.

**क.** रयाणिओ શબ્દનો અર્થ લખો. ૪

,, ૫ अ. સ્પર્શેન્દ્રિય અને કાયબલમાં તફાવત શું છે તે દર્શાવો.

ब. દેવતાના કેટલા ભેદ છે તે પેટા વિભાગ સાથે લખી જણાવો, સાથે વ્યંતર અને વાણવ્યંતરનાં નામો દર્શાવો. —૫

,, ૬ अ. યોની શબ્દનો અર્થ શું?

ब. મનુષ્યો સાત આઠ વખત સ્વકાયમાં ઉપજે છે તેમાં સાત અને આઠ એ બે વાત કહેવાનો આશય શું છે તે દર્શાવો.

**क.** કલ્પોપપન્ન તથા કલ્પાતીત દેવોમાં શું તફાવત છે તે જણાવો. —૬

,, ૭ તેઇંદ્રિ, ચઉરિંદ્રિ જીવોનું શરીર કેટલું હોય છે અને તેટલા મોટા શરીરવાળાની ઉત્પત્તિ કયાં હોય તે યાદ હોય તો લખો. —૪

૩૧

## નવતત્ત્વ. ( માર્ક ૩૫ )

**સવાલ** ૧ अ નિશ્ચય નયથી આત્મા નિજગુણનો કર્તા કેવી રીતે છે તે અનુભવ સાથે લખો.

ब જીવનાં લક્ષણ શું છે તે સમજાવો.

क પ્રાણ અને પર્યાપ્તિમાં રહેલો તફાવત વિસ્તારથી જણાવો. ૬

,, ૨ अ નવતત્ત્વના ઉત્તર ભેદ કેટલા છે તેમાં હેય, જ્ઞેય અને ઉપાદેયની વહેંચણી કરી આપો.

ब નવે તત્ત્વનું જીવ અને અજીવ એ બે તત્ત્વોમાં અંતર્ભાવ કરો.

क નીચેની ગાથાનો અર્થ લખો.

एगविह दुविह तिविहा, चउविहा पंच छविहा जीवा ॥
चेयण तस इयरेहिं, वेयगइ करण काएहिं ॥

સવાલ ૩ अ **પ્રદેશ** અને **પરમાણુ** નો ભેદ સમજાવો તથા ષટ્ દ્રવ્યમાંથી કયા દ્રવ્યને પરમાણું હોતા નથી તે લખો.

ब તિર્યંચનું આયુષ્ય કયા તત્ત્વમાં ગણાએલું છે તે તથા અનુપૂર્વી શબ્દનો અર્થ લખો.

क નીચેની ગાથાનો અર્થ લખો.

**साउच्च गोअ मणु दुग, सुरदुग पंचेंदि जाई पण देहा ॥**
**आइ ति तणुणु वंगा, आइम संघयण संठाणा ॥**

તથા પુદ્ગલનાં લક્ષણો કયાં કયાં છે તે સમજાવો. ૪

,, ૪ अ પુણ્ય કેટલા પ્રકારે બંધાય છે તે નામ સાથે લખો.

ब મિથ્યાત્વ મોહનીય નામનો ભેદ કયા તત્ત્વમાં ગણાવેલો છે તે જણાવો.

क નીચેની ગાથાનો અર્થ લખો.

**थावर सुहुम अपज्जं, साहारण मथिर मसुभ दुभगाणि ॥**
**दुस्सर णाइज्ज जसं, थावर दसगं विवज्जरथं ॥**

તથા થાવર શબ્દનો અર્થ સમજુતિ પૂર્વક લખો. —૩

,, ૫ अ દ્રવ્ય આશ્રવ અને ભાવ આશ્રવનો ભાવાર્થ સમજાવો.

ब **सामंतोपनिपातिकी** અને **इर्यापथिकी** ક્રિયા કોને કહેવાય તે લખો.

क પચીશ ક્રિયાઓનાં નામો લખી જણાવો. —૪

,, ૬ अ છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કયા કયા તીર્થંકરને સમયે હોય તે લખો.

ब બાર ભાવનાનાં નામ લખો સાથે ભાષા સમિતિ અને વચન ગુપ્તિનો તફાવત દર્શાવો. —૪

,, ૭ अ ધ્યાનના મૂળ ભેદ અને ઉત્તર ભેદ નામ સાથે દર્શાવો.

ब નીચેની ગાથાનો અર્થ લખો.

**इह नाण दंसणा वर, ण वेय मोहाउ नाम गोआणि ॥**
**विग्धं च पण नवदु अठवीस, चउ तिसय दु पण विहं ॥** —૬

,, ૮ अ નિર્જરા અને મોક્ષમાં શું તફાવત છે તે લખો.

ब નીચેની ગાથાનો અર્થ લખો .

संतपय परुवयणा, दव्व पमाणं च खित्त फुसणाय ॥
कालो अ अंतर भाग, भावे अप्पा बहू चेव ॥

क સાદિ અનંત શબ્દનો અર્થ દ્રષ્ટાંત પૂર્વક સમજાવો.

ड સિદ્ધના પંદર ભેદ કઇ અપેક્ષાએ દર્શાવેલ છે તે અનુભવ સાથે લખો-૫

૩૫

## શ્રાવક ધર્મ સંહિતા. (માર્ક ૩૪)

સવાલ ૧ अ અંતરંગ શત્રુનાં નામ લખો અને તેમના જય પરત્વે સવિસ્તર હકીકત લખો-૪

ब માતા પિતાની ભક્તિ સંબંધે વિસ્તારથી લખી જણાવો, તદ્વિષયક શ્લોક જાણતા હો તો લખો. -૪

क સ્યાદ્વાદ શૈલિ કોને કહેવાય? તે વિસ્તારથી લખો, સાથે તેનું અપર નામ લખી જણાવો. -૫

ड ધર્મ તો પોતાના ચિત્તની પરિશુદ્ધિથી થાય છે તો વિધિએ કરીને ધર્મ કર્યાથી શું થવાનું છે? તેનો ઉત્તર લખો. -૬

इ વ્યવહાર નય અને નિશ્ચય નય સંબંધે ગૌણ અને મુખ્યની હકીકત વિસ્તારથી લખો -૭

फ સંસારની અસારતા વિષે શું સમજો છો તે લખો, અને મોક્ષની ભાવના કેવી હોવી જોઇએ તેનું સ્વરૂપ વિસ્તારથી લખો. -૮

૩૪

## ધોરણ ૨ જું. (પેટા વિભાગ ૨ જો.)

### પરીક્ષક શેઠ ઝવેરભાઇ ભાઇચંદ, ભાવનગર.

### नव तत्त्व [માર્ક ૩૪]

સવાલ ૧ अ. નિશ્ચય નયથી આત્મા નિજગુણનો કર્તા કેવી રીતે છે તે અનુભવ સાથે લખો.

ब. જીવનાં લક્ષણ શું છે તે સમજાવો.

क. પ્રાણ અને પર્યાપ્તિમાં રહેલો તફાવત વિસ્તારથી જણાવો. -૬

,, ૨ अ. નવતત્વના ઉત્તર ભેદ કેટલા છે તેમાં હેય, જ્ઞેય અને ઉપાદેયની વહેંચણી કરી આપો.

ब. નવે તત્વનું જીવ અને અજીવ એ બે તત્વોમાં અંતર્ભાવ કરો.

क. નીચેની ગાથાનો અર્થ લખો.

एग विह दुविह तिविहा, चउविहा पंच छव्विहा जीवा ॥
चेयण तस इयरेहिं, वेय गइ करण काएहिं ॥　—૬

સવાલ ૩ अ. प्रदेश અને परमाणु નો ભેદ સમજાવો તથા ષટ્ દ્રવ્યમાંથી કયા દ્રવ્યને પરમાણુ હોતા નથી તે લખો.

ब. તિર્યંચનું આયુષ્ય કયા તત્ત્વમાં ગણાએલું છે તે તથા અનુપૂર્વી શબ્દનો અર્થ લખો.

क. નીચેની ગાથાનો અર્થ લખો.

साउच्च गोअ मणु दुग, सुरदुग पंचेंदि जाई पण देहा ॥
आइ ति तणुणु वंगा, आइम संघयण संठाणा ॥

તથા પુદગલનાં લક્ષણો કયાં કયાં છે તે સમજાવો.　—૪

,, ૪ નીચેની ગાથાનો અર્થ લખો.

परिणामि जीव मुत्तं, सप एसा एग खित्त किरिआय ॥　—૬
णिच्चं कारण कत्ता, सव्वगय इयर अप्प वेसे ॥

,, ૫ अ. દ્રવ્ય આશ્રવ અને ભાવ આશ્રવનો ભાવાર્થ સમજાવો.

ब. सामंतोपनिपातिकी અને इर्या पथिकी ક્રિયા કોને કહેવાય તે લખો.

क. પચીશ ક્રિયાઓનાં નામો લખી જણાવો.　—૬

,, ૬ ધ્યાનના મૂળ ભેદ અને ઉત્તર ભેદનાં નામ સાથે દર્શાવો.　—૩

,, ૭ अ. નિર્જરા અને મોક્ષમાં શું તફાવત છે તે લખો.

ब. નીચેની ગાથાનો અર્થ લખો.

संतपय परुवयणा, दव्व पमाणंच खित्त फुसणाय ॥
कालोअ अंतर भाग, भावे अप्पा बहु चेव ॥

क. સાદિ અનંત શબ્દનો અર્થ દૃષ્ટાંત પૂર્વક સમજાવો.

ड. સિદ્ધના પંદર ભેદ કઇ અપેક્ષાએ દર્શાવેલ છે તે અનુભવ સાથે લખો—૫

૩૪

## नवस्मरण [માર્ક ૩૩]

સવાલ-૧ [૬] ' तुइ समत्ते लध्धे ' મૂળગાથા અર્થ સાથે લખો.

(ખ) 'उवसग्ग हर' સ્તોત્રના કર્તાનું નામ લખો. −૨

સવાલ ૨ संतिकरं ની 'ॐ सनमो विप्पो सहि' મૂળગાથા અર્થ સાથે લખો. સાથે શબ્દાર્થ અને ભાવાર્થ લખી જણાવો −૨

,, ૩ तिजय पहुत्त ની 'ॐ भवण वई वाण वंतर મૂળ ગાથા અર્થ સાથે લખો. −૨

,, ૪ नमिउण ની 'विलसंत भोग भीसण' તથા 'मन्नंति कीड सरिसं' એ બન્ને ગાથા મૂળ અને ભાવાર્થ સાથે લખો. −૪

,, ૫ अजितशान्ति स्तव ની 'वंससद्दतंति ताल' એ ગાથા મૂળ અર્થ સાથે લખો −૩

,, ૬ भक्तामर ની 'त्वामव्ययं' એ ગાથા, પદચ્છેદ, અર્થ અને મૂળ લખો −૪

,, ૭ भक्तामर ની 'निर्धुमवर्जित' એ ગાથા મૂળ, પદચ્છેદ અને ભાવાર્થ સાથે લખો −૪

,, ૮ कल्याणमंदिर ની 'ध्याना जिनेश भवतो' એ ગાથા મૂળ અને ભાવાર્થ સહિત લખો −૪

,, ૯ 'विश्वेश्वरोऽपि' એ ગાથા મૂળ પદચ્છેદ અને ભાવાર્થ સાથે લખો −૫

,, ૧૦ बृहत्शांति ની 'शांतिप्रतिष्ठा થી 'दातव्यामिति' પર્યંત મૂળ અર્થ સાથે લખો

नृत्यंतिनृत्यं એ ગાથાના વૃત્તનું નામ લખો 3

33

## भाष्य त्रण (માર્ક 33)

સવાલ ૧ કાઉસગ્ગના દોષ કેટલા છે? તે સંબંધી ગાથા અર્થ સાથે લખો −૨

,, ૨ પૂજાના તમામ ત્રણ પ્રકારો કયા છે તે લખો તેની ગાથા સ્પષ્ટાક્ષરે લખી જણાવો −૨

,, ૩ દેવવંદનના બાર અધિકારમાં કયા અધિકારે કોને વાંદવા તે ગાથાઓ અર્થ સાથે લખો −૬

,, ૪ વાંદણાના બત્રીસ દોષવાળી ગાથાઓ અર્થ સાથે લખો −૮

,, ૫ ગુરૂના વચનવાળી ગાથા અર્થ સાથે લખો અને કયા કયા સ્થાને તે વચનો

આવે છે તે લખો —૫

સવાલ ૬ નવકારસીના પચ્ચખ્ખાણના આગાર મૂળ ઓછા હોવા છતાં પચ્ચખ્ખાણ આપતી વખતે વધારે અપાય છે તેનું કારણ દર્શાવો અને તે આગારો અર્થ સાથે લખો. —૪

,, ૭ એકાસણું અને એકલઠાણું તેમાં તફાવત હોય તે અને તેમાં કેટલા આગારો છે તે અને **कुतिय मच्छिअ भाभर,** એ ગાથા અર્થ સાથે લખો ચારે મહા વિગયમાં ક્યારે અને ક્યા જીવ ઉપજે છે તે જણાવો. —૬

**कुतिय मच्छिअ भाभर, महु तिहा कठ पिठ मध दुहा ॥**
**जल थल हवग मंस तिहा, घयव्व मखण चउ अभखा ॥**

—
૩૩

---

# ધોરણ ૩ જું

## પરીક્ષક—શેઠ ચુનીલાલ છગનચંદ—સુરત

### યોગ શાસ્ત્ર.

પ્રશ્ન–૧ [અ] આચાર્ય શ્રી હેમચંદ્રજી તથા શ્રી આનંદઘનજી મહારાજના જીવનચરિત્ર વિષે જે કંઇ તમારા જાણવામાં હોય તે લખો.

[બ] યોગશાસ્ત્ર કોણે, કોને માટે, ક્યારે, ક્યાં અને કેવા પ્રસંગોમાં રચ્યુ તે જણાવો.

,, ૨ [અ] યોગનું ઉત્કૃષ્ટ મહાત્મ્ય દર્શક દ્રષ્ટાંત તમે જે ધારતા હો તે સંક્ષિપ્ત વર્ણન સાથે લખો. અને તેમાંથી શું સાર લઇ શકાય તે સ્પષ્ટ સમજાવો.

(બ) 'યોગ' શબ્દનો અર્થ અને તેનું લક્ષણ કંઇક વિસ્તારથી તમારા પોતાના વિવેચન પૂર્વક દર્શાવો.

,, ૩ **चतुर्वर्गेऽ ग्रणीर्मोक्षो योगस्तस्यच कारणम् ॥**
**ज्ञानश्रद्धानचारित्ररुपं रत्नत्रयं च सः ॥ १॥**

આ શ્લોક પર તમારા પોતાના વિચાર દર્શક ૩૦ થી ૪૦ લીટીનો નિબંધ લખો જેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનું યથાર્થ સ્વરૂપ સમજી શકાય.

અથવા.

સમ્યકત્વ અને મિથ્યાત્વનું સામાન્ય સ્વરૂપ અને વિશેષ લક્ષણ વિવેચન

પૂર્વક જણાવો. તે સાથે સુદેવ, સુગુરૂ અને સુધર્મનુ લક્ષણ સમજાવો. અને જૈન સિવાય બીજે દર્શને સુદેવ, સુગુરૂ અને સુધર્મપણું ઘટીશકે કે નહિ તે સકારણ જણાવો.

અથવા.

યતિધર્મ અને ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ સમજાવો. જૈન શૈલીએ બંધાયલું 'ગૃહસ્થધર્મનું' લક્ષણ બીજા દર્શનોમાં વર્ણવેલાં 'ગૃહસ્થધર્મનાં' લક્ષણ કરતાં કેટલું વિલક્ષણ છે તે તમારા જાણવામાં હોય તે પ્રમાણે લખો, અને જૈન 'ગૃહસ્થ ધર્મ' સામાજીક વર્તન (social life) માં કેટલે અંશે લાભકારક છે તેપર તમારા વિચાર દર્શાવો.

પ્રશ્ન. ૪ [અ] નીચેના પર્યાયવાચી શબ્દોનો સ્પષ્ટ ભેદ સમજાવો.

(૧) સત્ય ને સૂનૃત; [૨] ભાષા સમિતિ ને વચન ગુપ્તિ; [૩] સંયમી અને ચારિત્રી; [૪] યમ અને નિયમ; [૫] નિંદાને ગર્હા, અને [૬] ધ્યાન ને ધારણા.

[બ] નીચેનાં વાક્યોનો પૂર્વાપર સંબંધ દર્શાવો (give the context of)

૧ मातरोऽष्टौ प्रकीर्तिताः ।

२ निस्तपोपार्ति भजेत् ।

૩ દૃઢ હૃદયવાળા મનુષ્યના હૃદયમાં ઇચ્છા સિવાય વિકૃતિ થતી નથી

૪ તે પરસ્ત્રી તરફ નપુંસક છે પણ સ્વસ્ત્રી તરફ નપુંસક નથી.

૫ પોતાની મર્યાદા અને ધર્મને ઓળંગી રાણીએ અનર્થકારી પ્રતિજ્ઞા કરી.

६ चमत्कार करीं प्राप मुनिदानप्रभावतः ।

,, ૫ નીચેના શ્લોકોનો વિવેચન પૂર્વક અર્થ લખો. (Explain and comment on the following):—

१ ततथ्य मपिनो तथ्यम प्रियं चाहितं चयत् ॥

२ दमो देव गुरुपा स्ति दीन मध्ययनं तपः ।
सर्वमप्ये तदफलं हिंसां चेन्न पग्त्विजेत् ॥ १ ॥

३ आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ॥
तदेव तस्य चारित्रं तज् ज्ञानं तत्त्व दर्शनम् ॥ १ ॥

,, ૬ [અ] પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપાતિત ધ્યાનનું સંક્ષેપથી સ્વરૂપ સમજાવો.

[બ] ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાનનું સ્વરૂપ અને તેનું ફલ દર્શાવો: કેવળીને કયું ધ્યાન ઘટી શકે ?

[ક] સમાધિનું લક્ષણ લખો, અને સમાધિ સુખ અવ્યાબાધ છે એમ સિદ્ધ કરો.

,, ૭ [અ] રાત્રિ ભોજન વિરમણવ્રત મુનિરાજોના પંચ મહાવ્રતની સાથે છઠા વ્રત તરીકે ગણવામાં આવ્યું છે, અને શ્રાવકના બાર વ્રતમાં તેનું નામ દેખાતું નથી તો તેનો સમાવેશ શ્રાવકના કયા વ્રતમાં થાય છે તે જણાવો.

(બ) લૌકિક અપેક્ષાએ શ્રાવકનાં બારવ્રતો, પ્રતિક્રમણાદિ ક્રિયાને તપશ્ચર્યામાંથી કઇ કઇ વસ્તુઓ શરીર રક્ષા અને આરોગ્યતાના નિયમોને ઉત્તેજક છે કે અનુગ્રાહક છે ને તે કેટલે દરજ્જે છે.

## આનંદઘનજીની ચોવીશી.

**પ્રશ્ન.**

૧ નીચેના શબ્દોના અર્થ લખો.

કાળલબ્ધિ, ચર્માવર્ત, તંદ્રા, દુરંદશા, **અભિમત**, વિરંચી, અભિધા, નિર્ગ્રંથતા, તિગ, ત્રિભંગી, ચતુષ્ક, સેત, જોણી, અહિગમ, નરખેટ, દુજાગરતા, કરસાણી, ભજના, મામનેનિસપતિ.

૨ (અ) નીચેની ગાથાઓ પર વિવેચન કરો ( Comment on. ):—

૧ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો:

૨ પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણજીસો, ધર્મ નહીં કોઇ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો;

૩ ષટ્દર્શન જિન અંગ ભણી જે, ન્યાસ ષડંગ જો સાધેરે;
નમિ જીનવરના ચરણ ઉપાસક, ષડદરસન આરાધેરે;

૪ પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફળ ભાવીરે;
જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવીરે,

(બ) નીચેની ગાથાઓનું વિવરણ લખો ( Paraprase )

| | | | |
|---|---|---|---|
| પદ્મ પ્રભુના | સ્તવનની | ગાથા | ૨ જી |
| સુપાર્શ્વનાથના | ,, | ,, | ૭ મી |
| શ્રેયાંસનાથના | ,, | ,, | ૩ જી |
| કુંથુનાથના | ,, | ,, | ૪ થી |

| | | | |
|---|---|---|---|
| પાર્શ્વનાથના | ,, | ,, | ૫ મી |
| મહાવીર સ્વામીના | ,, | ,, | ૩ જી |
| શીતલનાથના | ,, | ,, | ૨-૩-૪ |

૩. શાંતિનાથના સ્તવનમાં જે શાંતિ સ્વરૂપ કર્ત્તાએ વર્ણવ્યું છે તે તમારા શબ્દમાં વર્ણન રૂપે લખો અથવા નિબંધ રૂપે લખો.

અથવા.

કુદેવપણાના અઢાર દૂષણ જેમાં વર્ણવ્યાં છે તે ગાથા અર્થ સહિત તમારા પોતાના વિવેચન સાથે લખો.

અથવા.

જીનરાજ ભગવંતની પૂજાના ભેદ આનંદઘનજી મહારાજે કયા સ્તવનમાં દર્શાવ્યા છે ? તે ભેદો કેટલે પ્રકારે જણાવ્યાં છે ?

તુરિયભેદ પડિવત્તી પૂજા, ઉપશમખીણ સયોગીરે,
ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે, ભાખી કેવળ ભોગીરે;

આ ગાથાનો અર્થ તમારા પોતાના વિવેચન સાથે જણાવો, અને જીનપૂજાનુ અનંતર અને પરંપર ફળ જણાવો.

૪ નીચેનામાંથી ગમે તે પાંચ પદોનો આગળ પાછળનો સંબંધ જોડી આપો. (Give the context of):-

૧. ચરણ ધરણ નહિઠાય, ૨. અભય અદ્વેપ અખેદ;
૩. એ નિજમત ઉન્માદ, ૪. હેય ઉપાદેય સુણાય.
૫. ફળ અવંચક જોય. ૬. મુક્તિ સંસાર બેઉ સમગણે,
૭. જાણી ન નાથ મનાવી, ૮. અંધ શકટ જો નજર ન દેખે.
૯. ભૃંગ ઇલિકાને ચટકાવે, ૧૦. માણસની કરૂણા નહિરે.
૧૧. ચતુરાઇ રોકુણ મીલ્યોરે.

## મહાવીર ચરિત્ર.

પ્રશ્ન.

૧ [અ] મહાવીર ચરિત્ર કયા ગ્રંથનો ભાગ છે ?
ત્રિષષ્ટિ શલાકા પુરૂષનાં નામ ગણાવો.
તેમને 'શલાકા. પદ અંકિત કરવાનું કારણ શું ? અને 'શલાકા' શબ્દનો અર્થ શો ?

[ * ઉપલી ત્રણમાંથી ગમે તે એક બાબતનો જવાબ લખવાનો છે. ]

[બ] મહાવીર સ્વામીને શ્રેણિક રાજાની સાથે ગૃહસ્થપણામાં સગપણનો શો સંબંધ હતો?

૨ મરીચીએ ત્રિદંડી સન્યાસ શા આશયથી અને કેવા કારણથી ગ્રહણ કર્યો, અને તેનું લક્ષણ પોતે કેવે પ્રકારે બાંધ્યું હતું? આજે તે સન્યાસથી કયું દર્શન પ્રવર્ત્યું છે! તેની છાયા કોઇ પણ દર્શનમાં જોવામાં આવે છે? અને આ મિથ્યા ધર્મોપદેશનું ફળ મરીચિને શું મળ્યું? ને તેથી મિથ્યા ધર્મોપદેશકોથી આપણે કેટલે દરજ્જે દૂર રહેવાની જરૂર છે તે લખો.

૩ મહાવીર સ્વામીના પૂર્વના સત્તાવીસ ભવના વર્ણનથી તાત્વિકસાર શું નીકળે છે, તે નિબંધ રૂપે લખો.

૪ નીચેમાંના ગમે તે ત્રણના સંક્ષિપ્તરીતે તેઓમાં રહેલા શ્લાઘનીય ગુણોનું વર્ણન લખો.

શ્રેણિક, અભયકુમાર, આર્દ્રકુમાર, ચેલણા અને છેલ્લા રાજર્ષિ ઉદાયન.

૫ [અ] નીચેની બાબતોમાંથી ગમે તે બે બાબતો ઉપર તમારા પોતાના વિચાર દર્શાવો.

મહાવીર પ્રભુની છદ્મસ્થ અવસ્થા, પાંચમા આરાના ભાવને પિંડદાનનો પ્રચાર.

[બ] નીચેના શબ્દ અથવા પદોની સમજુતી આપો. પૂર્વ, ભંભાસાર, ગોલક, કુંડ અપંડિત મૃત્યુ, સિંહાવલોકન ન્યાય, મત્સ્ય ન્યાય, કુણિક, વૈશાલિય અને છદ્મસ્થ

---

# ધોરણ ચોથું.

## (આગમસાર. તત્વાર્થાધિગમ)

## પરીક્ષક—રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદી (અમદાવાદ)

### आगमसार. (માર્ક ૫૦) માર્ક.

સવાલ ૧—(अ) નિશ્ચય સમ્યકત્વ સદ્દહણા તથા વ્યવહાર સમ્યકત્વ સદ્દહણા ૭

(आ) નિશ્ચય જ્ઞાન તથા વ્યવહાર જ્ઞાન

(इ) નિશ્ચય ચારિત્ર તથા વ્યવહાર ચારિત્ર

આ છનું સ્વરૂપ ટુંકમાં વિવરણ સાથે લખો.

,, ૨ અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત, અને સાદિ અનંત, આ ચોભંગી છ દ્રવ્યમાં જ્યાં જ્યાં ઉતરે ત્યાં તથા દરેક દ્રવ્યમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવને આશ્રીને ઉતારી બતાવો. ૧૫ ૭

„ ૩ સ્યાદસ્તિ આદિ સપ્તભંગીનું ટુંક સ્વરૂપ આપો. ૮

„ ૪ દ્રવ્યના ૭ સામાન્ય ગુણનાં નામો આપી તે દરેક દ્રવ્યમાં ઉતારી બતાવો. ૧૫

„ ૫ સમકિતની દશ રૂચિનાં નામો આપો અને તે દરેકનું ટુંક સ્વરૂપ સમજાવો. ૫

૫૦

## तत्वार्थाधिगम (માર્ક ૫૦)

સવાલ ૧ જીવ તત્વ ઉપર સાત નય, બે પ્રમાણ, ચાર નિક્ષેપા, નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ, વિધાન યાને ભેદ, સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ. અન્તર, ભાવ અને અલ્પબહુત્વ ઉતારો. ૨૦

„ ૨ પાંચ અજીવ પદાર્થોનું વર્ણન આપો. ૬

„ ૩ આશ્રવ તથા બંધ તત્વોનું વર્ણન આપો. ૧૦

„ ૪ સંવર તથા નિર્જરા તત્વોનું વર્ણન આપો. ૧૦

„ ૫ મોક્ષ તત્વનું વર્ણન આપો. ૪

૫૦

# ધોરણ ૫ મું (अ).

## [ વિષય-સ્યાદ્વાદ મંજરી, યોગની આઠ દૃષ્ટિની સજ્ઝાય ]

## પરીક્ષકઃ—રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદી. ( અમદાવાદ )

### યોગની આઠ દૃષ્ટિની સઝાય. (માર્ક ૫૦)

સવાલ ૧—આઠ દૃષ્ટિનાં નામ, તે દરેકનું ટુંક સ્વરુપ તથા તે દરેક કયે કયે ગુણસ્થાને પામિયે તે લખો. ૮

„ ૨—દરેક દૃષ્ટિમાં બોધ કોના સરખો હોય તે લખો અને તે દરેક પ્રકારના બોધ ઉપર ટુંક વિવરણ લખો. ૭

„ ૩—પહેલી ચાર દૃષ્ટિવાળો જીવ કેવા ગુણવાળો હોય અને તેના પરિણામ કેવા વરતતા હોય અને તેનું વર્તન કેવું હોય તે લખો. ૧૫

„ ૪ છેલ્લી ચાર દૃષ્ટિવાળો જીવ કેવા ગુણવાળો હોય અને તેના કેવા પરિણામ વરતતા હોય અને તેનું વર્તન કેવું હોય તે લખો. ૧૫

„ ૫ અન્ય દર્શનના યોગના અંગ સાથે યોગની આઠ દૃષ્ટિ સરખાવો. ૫

૫૦

### સ્યાદ્વાદ મંજરી (માર્ક ૫૦)

સવાલ ૧ સામાન્ય, વિશેષ, અને સત્તા એ અન્યમતાવલંબીઓએ માનેલી શી ચીજો છે અને તેનું ખંડન જૈન મતાવલંબીઓ શી રીતે કરે છે. ૧૦

„ ૨ વેદોક્ત હીંસા પણ ધર્મના હેતુ રૂપ નથી એ સિદ્ધાન્ત સમજાવો તથા તેનું પ્રતિપાદન કરો. ૧૦

„ ૩ મંજરીમાં કયા કયા જૈન લેખકોના પુરાવા આવ્યા છે તેનાં નામ લખો. ૮

„ ૪ નીચેના શબ્દો સમજાવો. ૮

૧ કાલાત્યયાપદિષ્ટહેતુઃ ૨. સમવાય ૩. ચૈતન્ય. ૪. સ્યાદ્વાદ ૫. વાસના

૬. પ્રમાણ.

,, ૫ નીચેના વાક્યો સ્પષ્ટ રીતે સમજાવો અને તે ગ્રંથમાં કયા સ્થળે આવે છે તે લખો. ૧૪

(अ) स्वभाव एव हि अयं सर्वभावानां यदनुवृत्ति—व्यावृत्ति—प्रत्ययौ स्वत एव जनयन्ति.

(आ) प्रदीपपर्यायापन्नास्तैजसाः परमाणवः स्वभावतस्तैलक्षयाद्वातात्रिघाताद्वा ज्योतिःपर्यायं परित्यज्य तयोरुपपर्यायान्तरमासादयन्तोऽपि नैकान्तेनानित्याः पुद्गलद्रव्यरुपतयाऽवस्थितत्त्वात्तेषाम्

(इ) परलोको हि पूर्वजन्मकृत कर्मानुसारेण भवति.

(ई) ये एव दोषा किल नित्यवादे विनाशवादे पि समास्त एव — ૫૦

## ધોરણ ૫ મું (ब)

### (દ્રવ્યાનુયોગ, છ કર્મગ્રન્થ)

### પરીક્ષક;—મી. કાલીદાસ ગોકલદાસ શાહ-અમદાવાદ.

દરેકના દશ માર્ક.

સવાલ ૧—પાંચ જ્ઞાનના ઉત્તર ભેદો ગણાવો. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ.

,, ૨—દર્શન મોહનીય કોને કહીએ, તેના ભેદનું સ્વરૂપ કહો તે બાબત મતાંતર હોય તે પણ દર્શાવો.

,, ૩ મિથ્યાત્વ ને ગુણસ્થાનક શા માટે કહ્યું છે ? ૧૪ ગુણસ્થાનકનાં નામ તથા સ્વરૂપ બાબત વિવેચન કરો.

,, ૪ ચોથે ગુણઠાણે બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તામાં દરેક કર્મની કેટલી પ્રકૃતિઓ છે તે કોઠાના સ્વરૂપમાં બતાવો.

,, ૫ કર્મ બંધના હેતુ, તેના ઉત્તર ભેદ સાથે બતાવો. દરેક ગુણ ઠાણે તે ઉત્તર ભેદ કેટલા કેટલા હોય તે બત્તાવો. સર્વગુણઠાણે મળીને એકંદર બંધ હેતુના ભાંગાની સંખ્યાનો આંક કેટલો છે.

,, ૬ પાંચ ભાવનું સ્વરૂપ તથા તેના ઉત્તર ભેદો કેટલા છે તે ગણાવો.

,, ૭ અબાધાકાલ અને નિષધ કાલનું સ્વરૂપ સમજાવો, નિચેની પ્રકૃતિયોનાં અબાધાકાલ તથા નિષેધકાલ જણાવો,

સાધારણ, મનુષ્યગતિ, મિથ્યાત્વ, શ્યામવર્ણ, પુરૂષવેદ, મોહનીય

,, ૮ પુદ્‌ગલ પરાવર્તના કેટલા ભેદો છે. તે દરેકનું સ્વરૂપ સમજાવો.

,, ૯ ૧૪ જીવસ્થાનકને વિષે નામ કર્મના બંધ, ઉદય તથા સત્તાના સ્થાનકની સંખ્યા બતાવો.

,, ૧૦ ક્ષપકશ્રેણીએ ચઢનાર જે અનુક્રમે પ્રકૃતિયોનો ક્ષય કરે તે અનુક્રમ બતાવો.

# एक आश्चर्य जनक स्वप्न.

( लेखक शेरसिंह कोठारी सैलाना )

अनुसंधान पु. ६ पृष्ठ ३२९ थी.

हे मातेश्वरी मै तीन माताओके हाल तो अच्छी तरहसे सुन चुका अब कृपाकर थोडासा तेरा बयानभी बतादे.

मध्यस्थः—हे तनय! मै मेरि स्थितिका क्या बयान करुं यदिसचमे पूछे तो योगीश्वरोंतककी माताभी मैही हुं. और जो जादे कहुं तो मोक्षभी मुझही. मे रक्खा हुवा है.

जो पुरुष मध्यस्थ दृष्टिसे सर्वको देखता है अर्थात् शत्रु मित्रको समकर जानता है वह अवश्यमेव अचिरात् मोक्षको प्राप्त होता है.

हे तात! हमारे जैन शास्त्रोमें जगे २ बयान आता है कि शत्रु मित्रको बराबर करके देखना चाहिये; तथा जिस वख्त अपन प्रतिक्रमण क्रिया करते हैं तब मध्यस्थ दृष्टिसे सर्वको क्षमाते है. देख श्रावक "वंदीतासूत्र" मे तथा साधु पगाम सज्झायमे क्या कहते हैं:—

गाथा

खामेमिसव्वजीवे । सव्वेजीवा खमंतुमे ॥
मित्तिमेसव्वभूएसु । वेरं मज्झं न केणई ॥

अर्थः—मै सर्व जीवोको क्षमाता हुं, सबब सर्व प्राणी मुझे क्षमना. मुझे सर्वके साथ मित्रता है; वैरभाव किसीके साथभी नही ॥ १ ॥

अपरंच,

गाथा

सव्वस्सजीवरासिस्स । भावओधम्मनिहियनियचितो ॥
सव्वंखमावइत्ता । खमामिसव्वस्स अहयंपि ॥ १ ॥

भावार्थ:—मैने जो कुछ जीवोका अपराध किया हो उनको अपने भावसहित क्षमा कर मैभी उनको माफी देता हुं. अर्थात् मुझे किसीके साथ रोशभाव नही है.

हे प्रियपुत्र, अब तूं खुद विचार करना कि जैनी लोग ये गाथाओ केवल अपने मूखसे उच्चार करनाही सीखे है या इसपर कुछ उपयोग भी है ? जहां तक मे दृष्टि फैलाकर ( बिचारकर ) देखती हुं इसका सार ग्रहण करनेवाले कोई विरले पुरुषही नजर आते हैं.

हे अंगज! पक्षपात करना यह तो आजकल कितनेक लोगोका स्वभाव पडगया है. देखा चाहे कितनाभी न्यायी राजा क्यों न हो, वह यही चाहेगा कि चाहे दूसरे गांव बरबाद क्यो न हो जाय, मगर मेरे नगरकी हमेशा तरक्की होती रहे.

हे वत्स, न मआलुम निसपक्षपाती पुरुष आजकल कहां चले गये.

हे भाई अब तो जमाना बहुत नाजुक आ गया परंतु दोसो वर्षके पहिले जो योगीराज श्री आनंदघनजी हुवे वेभी अपने बनाये हुवे श्री अभिनंद स्वामिके स्तवनमें फरमाते है:—

मतमतभेदेरेजो जईपूछीये ।
सहुथापे अहमेव—अभि ॥ १ ॥

तो इससे निश्चय हुवा कि योगिराजश्रीनेभी मतभेदमें कुछभी सार नही देखा.

हे भाई जादे कहनेमें कुछभी फायदा नहीं है सबब कि ( A word is enough to wise) अकलमंदको इशारा काफी होता है, वास्ते तू कमतीमें जादे समझ लेना.

मै—हे मातेश्वरी, मै खूब समझगया अब आपभी अपनें आसनपर बिराज जावें.

यह बात सुनकर वह चौथी माताभी अपने स्थानपर बैठ गई, तत्पश्चात् चारो माताओंका यथायोग्य सत्कार करके मैने उन्हे बिदाकी.

## उपसंहार.

प्रिय पाठक गणो, अब मै यह बात आपहीके बिचारपर छोडता हुं कि जो कुछ मैने (Novel) नाव्हेलकी तौर पर बनाकर आपके सामने प्रविष्ट किया वह वाकेमे सच है या नहीं ?

मेरे सज्जन भ्राताओ, कहिये तो जो पुत्र अपने माताओको दु:खी देखकरभी उनकी रक्षा न करें वे दुर्गतिके अधिकारे होगे या नहीं? अवश्य होगेही. बस तो निश्चय हुवा कि उपरोक्त बातोकी उपेक्षा करेगा वह अवश्य नुकसान उठावेगा.

हे वीर पुत्रों, सुपुत्र वही है जो अपने माताओके दु:खको दूर करें.

अब आपको इस काल्पित कथासे पूर्ण तौर पर मआलुम हो गया होगा कि नि:संदेह आजकल जैनी लोग गिरती दशामे हैं.

हे मेरे भ्राताओ! जगो २ अब सो रहनेका वख्त नहीं है क्यो प्रमाद वश हुवे २ अपना पक्षपात तानकर दुर्गतिके अधिकारी होते हो.

प्रिय वीर पुत्रो, जादे क्या कहूं जो आप सच्चे जैन होनेका दावा रखते हो तो फोरन जइन माताओके दु:खको दूर करो ऐसी एक सजनके मित्र और दुर्जनके दासकी अर्ज है.

सपूर्ण.

## સુકૃત ભંડાર ફંડ.

સંવત ૧૯૬૬ ના કારતક વદી ૩૦ થી માગશર વદી ૩૦ એટલે તા. ૧-૧૨-૧૦ થી તા ૩૧-૧૨-૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.

૨૫૦-૧૦-૦ ગયા માસના પૃષ્ઠ ૩૩૪ માં જણાવ્યા મુજબ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫- ૦-૦ | જુન્નેર | ૩- ૨-૦ | મંચર | ૦-૧૨-૦ | ચાકણ |
| ૮-૧૨-૦ | તળેગામ | ૭- ૪-૦ | વડગાંવ | ૧- ૦-૦ | કેડેગ |
| ૧- ૦-૦ | મસો | ૧- ૦-૦ | પુના | ૧- ૦-૦ | લીંબી |
| ૦- ૪-૦ | સુજવાગેણુ | ૦- ૬-૦ | બનગાવ | ૦- ૪-૦ | અલેરાવ |
| ૧- ૦-૦ | લુનાવલે | ૦- ૮-૦ | પીંપોળી | ૧- ૪-૦ | ખડકાળા |
| ૧- ૮-૦ | ફુલગાંવ | ૦- ૪-૦ | મરકળ | ૧- ૦-૦ | લુણી |
| ૦- ૮-૦ | બાકડ | ૧- ૦-૦ | ધામરી | ૨- ૦-૦ | કુંટવા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-- ૦--૦ | જેતપુર (કલકત્તા) | ૨--૧૦--૦ | રઢાંજણા. | ૦-- ૪--૦ | બડગાંવ |
| ૫૬-- ૦--૦ | લીંબડી | ૪--૧૨--૦ | ગોદેલા | | |
| ૬-- ૦--૦ | બોરી જીલ્લે પ્રતાપગઢ. | ૦--૪--૦ | ધમોત્તર | | |
| ૦-- ૪--૦ | કલમીપુરા ,, | ૨--૦--૦ | અમરાવાદ | | |
| | | | | ૧૨૬--૧૦--૦ | |

## માળવામાંથી ઉપદેશક મી૦ કેશરીમલ મોતીલાલ તરફથી આવ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨--૧૨--૦ | બાંગરોડ | ૨-- ૪--૦ | શેમલીઆ | ૦-- ૪--૦ | ધુસવાસ |
| ૧-- ૮--૦ | બીલપાખ | ૦-- ૪--૦ | મુલથાન | ૦-- ૪--૦ | ધમોત્તર |
| ૦--૧૨--૦ | ગુડવાસા | ૦-- ૮--૦ | સીખેડી | ૦-- ૮--૦ | કૈરવાસા |
| ૨-- ૦--૦ | પંચેડ | ૦-- ૪--૦ | ઉસરથર | ૧--૧૨--૦ | પરદુણા |
| ૦-- ૪--૦ | બરોડા પંચેડ " | ૨-- ૦--૦ | નામલી | ૧-- ૮--૦ | પલસોડા |
| ૧-- ૦--૦ | સેઝાવતા. | ૨૯-- ૨--૦ | બાચરોડ | ૪૫--૧૪--૦ | |

તેમાંથી રૂ. ૫--૦--૦ ગયા માસમાં આવેલા તે જતાં બાકી રૂ. ૪૦--૧૪--૦

## ગુજરાતના ગામોમાંથી આવ્યા તે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦--૧૨--૦ | પેરોલ (પરડોલ) | ૮--૧૨--૦ | રાયપુર | ૨૫-- ૦--૦ | વગાદ |
| ૨-- ૦--૦ | વજાપરા | ૦--૧૨--૦ | ગોરંટા | ૨-- ૮--૦ | સોનારડા |
| ૩-- ૦--૦ | મેદરા | ૧--૧૨--૦ | અણાસણ | ૩-- ૮--૦ | રાસણ |
| ૧૨--૧૨--૦ | કોબા | | | ૭૦-૧૨-૦ | |

## કાઠીઆવાડના ગામોમાંથી આવ્યા તે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-- ૦--૦ | લોંઠીઆ | ૯-- ૪--૦ | આરબલુંસ | ૪-- ૪--૦ | પડાણા ( બાકી રહેલા ) |
| ૫-- ૪--૦ | બારાબેરાજા | ૪-- ૦--૦ | રાશંગપર ( બાકી રહેલા ) | | |
| ૨-- ૮--૦ | રંગપર ( બાકી રહેલા ). | ૩-- ૦--૦ | મુંગણી. | | |
| ૬--૧૨--૦ | ચાંપા બેરાજા | ૧-- ૦--૦ | રાવાસર | ૨-- ૮--૦ | વાવબેરાજા |
| ૬-- ૪--૦ | કનસુમરા. | | | ૪૮--૧૨--૦ | |

કુલ. ૨૮૨--૦--૦
એકંદર કુલ રૂ. ૫૩૨--૧૦--૦

નોટ--ગયા માસના લીસ્ટમાં શરૂઆતમાં સં. ૧૯૬૬ ની આખરે બાકી રહેલા રૂ. ૨૮ ] દર્શાવવા રહી ગયા છે. તો ગયા માસના એકંદર કુલ સરવાળો ના રૂ. ૨૫૦--૧૦--૦ સમજવા.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्रीजैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतयदोषशुद्धिमुदितां दीक्षार्थिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ ફેબ્રુઆરી સને ૧૯૧૧. [અંક . ૨

## The three fundamental principles of Jainism relating to

## GOD, RELIGION AND PRECEPTOR.

[Note—A piece sent, on their requisition, to Mr. F. W. Thomas, Secretary, India Office Library, London and Mr. Herbert Warren, who seems to be recently taking keen interest in Jainism.]

One ought to know the three fundamental principles ; so long as they are not imbibed, there is no real good to 'Self' (आत्महित). They consist (1) सद् देवतत्व sad-devatattva, i. e- the principle embodying the true form nature of God; (2) सद्धर्म तत्व, sad-dharmatattava, i. e. the principle embodying the true form and nature of

Religion; and [3] सद्गुरु तत्व, Sad-gurutattva, i. e, the principle embodying the true form and nature of Guru, (spiritual Guide.) First we shall dwell upon **sad-deva.**

(1.) SAD-DEVA: GOD.

Who can be called ' True God'? What should be His typical features? Nirgrantha Agamas [Jaina Shashtras,-scriptures dictated by Nirgranthas, i. e. persons who have got mastery over Karmas (कर्म), annihilated them, are thus 'Omniscient' and free for ever from the trammels of mundane existence,] give the concise features of **sad-deva** as follows :—

Those who develop and accomplish (कैवल्य ज्ञान) Kaivalya Gnâna and (कैवल्य दर्शन) Kaivalya Darshana i. e. infinite Right Knowledge and infinite Right Perception; those who *melt* and burn down by severe austerities and meditation the vast accumulations of Karmas reaped during innumerable births; those who have reached (शुक्ल ध्यान) Shukla Dhyâna i. e the highest sort of meditation pure, white and shining like the moon and conch ; those who, though they be chakravartees i. e. paramount ruling powers or chiefs over nations or princes born with silver spoon in their mouths, renounce the world believing it to be nothing but the source of incessant griefs those who cool down the three-fold heat, viz. Adhi, Vyâdhi, and Upâdhi )mental, physical and social sorrows of the; animate creation.]; by mercy, compassion, charity, peace, forbearance, equanimity, freedom from love and hatred, and self-power; these who have burnt down he four principal Karmas domineering over (संसार) sansâra-[the world] the unfailing cause of births, deaths, griefs and sorrows i. e. [1] (ज्ञानावरणीय कर्म) Dnânâvarneeya Karmas which pose as curtain to 'knowledge' [2] (दर्शनावर्णीय कर्म) Darshanâvarneeya Karmas which pose as curtain to Perception, [3] (मोहिनीय कर्म) Mohineeya Karmas, i' e 'Infatuation or Barriers to Discrimina

tion or the faculty of Perception of seeing right from wrong, aud [4] (अंतराय कर्म) Antâr ya Karma which pose as mped iment to the working of self, power',—and are wholly intent upon their evolved 'Supreme-self;' those who annihilate the seed, the source—of all Karmas; those who refrain from acting indiscriminately, do away even with sleep and lead a life of the highest form of purity and chastity, till the emaciated Karmas are entirely annihilated; those who preach, to ascuage the poor creatures, burning under the heat of the tropical summer of Karmas, the right path to the right knowledge, with speech like soothing showers of rain, with disinterestedness and alienation of the affections from the pleasures of the world; those who never cherish even in dream worldly pleasures: those who refrain from preaching, so long as all the four principal Karmas are not destroyed, thinking 'Doing so' to be premature owing to their छद्मस्थता Chhadmasthtâ, i. e. imperfect stage of Knowledge, Perception, Self-power etc. those who are free from the eighteen Dooshanas दुषण i. e. vices viz. [1-5] the, five sorts of Antaráyas,—impediments to the evolution and growth of the Soul's power etc., [6] हास्य, Hasya,—amour, jest jocoseness,(7) रति Rati,-pleasure, [8] अरति Arati,--displeasure, [9] भय Bhaya—fear [10] जुगुप्सा, Jugupsa,—dislike, prejudice [11] शोक shloka-sorrow, [12] मिथ्यात्व Mithyatva,—Illusion, [13] अज्ञान, Agnan—wrong knowledge, ignorance, (14) अप्रत्याख्यान, Apratyakhayana, want of self-denial. (15) राग, Raga,—Love (16) द्वेष Dvesh. a, hatred, (17) निद्रा Nidra,—sleep, torpor, [18] काम, Kama,—carnal propensity; those who are immersed in सच्चिदानंद Sachchidanand, i. e. Brahma or their Supreme all-sustaining Essence; those who acquire the twelve most brilliant qualities; those who are entirely free for ever from the mundane existence, —are according to the Jaina tenets worthy of being called 'Saddeva', True God'. Such supreme souls embody the true and real form of God. They are free from the afore-said vices,

have evolved their real nature, the state of Supreme Being, and are hence held with highest reverance. A single vice out of the eighteen mentioned above bars the right to 'Saddevatva', the state of being true God. Now we shall come to '**Saddharmatattva.**'

## SADDHARMATATTVA

**2** **Right Religion.**

From the eternal times interwoven into the webs of Karma, the embodied soul has been moving and roving in innumerable births, suffering griefs and sorrows and pain. Not a moment he finds real happiness; even in so called happiness from the materialistic point of view he is not at rest, always growing under discontent, despair and world-weariness. It shows that he does not find real happiness. He is going down and down far away from 'Reality':—not knowing his real nature. It is Saddharma, Pure Religion which sustains and keeps him from falling and going down and raises him up to a higher life [Sarvadna Bhagvan], Omniscient Lord has defined religion according to the various stand-points of view, into various forms, the principal among them being (1) **व्यवहार धर्म,** Vyavahara Dharma, or Prescribed Religion, i. e. religion prescribing rules and modes of how to live a life so as to realize the Nishchaya Dharma, the real nature of things, the very essence of Soul free from the body; and (2) **निश्चय धर्म,** Nishchaya Dharma, i. e. the very nature of things, the very nature of Soul discarding its embodiments.

First to Vyavahara Dhrama, Daya or Universal charity (in its original sense of love, kindness, brotherliness) to all sentient beings forms its basis. The four great Vratas, vows or rules of abstinence from (1) falsehood, (2) theft, (3) inchastity and (4) greed and avarice are meant for the protection of this universal charity, or brotherliness to the animate kingdom. Daya too is subdivided eight fold:—(1) Dravya Daya, or objective and concrete charity, (2) Bhava Daya, or subjective and abstract

charity, (3) Sva Daya or charity to 'Self,' (4) Para Daya or charity to all other beings, (5) Svaroopa Daya or self-analysing charity, [6] Anubandha Daya or motive charity, [7] Vyavahara Daya or prescribed charity and (8) Nishchaya Daya or the real essential charity, freeing the Soul from Karmas, from its embodiments. To illustrate the eight forms:—

1. Dravya Daya—One may do a work, but he must do it carefully with a keen eye to the safety and protection of even small creatures, insects, animalcules &c.

2. Bhava Daya—To preach the right path out of compassion to a person going or being led astray and thus sinking to a lower life.

3. Sva Daya—To meditate that from the eternal times, this embodied soul is possessed of Mithyatva, i. e. illusion or falsity, that he has forgotten himself and does not know what he really is, and that he does not realise the truth and abide by the law inculcated by Jeeneshvar Bhagvan,– the liberated omniscient Lord; and thus get access to the precincts of the dominion of religion.

4. Para Daya,—To save and protect the six—fold animate creation, viz (1-5) Sthavaras or beings which can not move of their own accord from one place to another and -possess only one organ of sense viz. that of 'Touch' Under the category of these immoveable beings fall the following five. (i) Prithvi Kaya or Earth–-Kingdom (ii) Ap Kaya or water-Kingdom, [iii] Tejas Kaya or Fire Kingdom [iv] Vayu Kaya or Wind Kingdom and [v] Vanaspati Kaya or Vegetable Kingdom; and [6] Tras or beings which can move, when they will, from one place to another and possess some two organs of sense, viz. those of 'Touch' and 'Taste'; some three those of 'Touch,' 'Taste' and 'Smell'; some four–those of 'Touch' 'Taste' 'Smell' and Sight and the rest all the five of those– 'Touch,' 'Taste', 'Smell', 'Sight' and 'Sound'

5. Svaroopa Daya—To analyse the 'Self', to distinguish it from the body and thus disclose its real essence.
6. Anubandha Daya—It would look rather odd and irreligious. if a teacher or spiritual guide exhorts in astute but bitter terms or even thrashes his disobedient pupil or disciple; but the motive of the teacher in punishing his pupil is to do him good, to set him right; so this act is a kind of Daya or motive charity. The end justifies the means.
7. Vyavahara Daya—To perform charity with carefulness and strict adherence to the rules prescribed in the shastras or scriptures.
8. Nishchaya Daya—Intentness on and undivided attention to evolving the real essense of 'Self'. Thus Lord Mahaveera inculcates the Vyahvahara Dharma. If we ponder over the afore-said forms of charity, we can not fail to realize that this Vyavahara Dharma or Prescribed Religion comprises happiness, delight and security to the whole animate creation.

Now to Nishchaya Dharma. To dispel illusion and know 'oneself'; to think that I am not Sansara, the Sansara is not 'I': to discard 'Ego'; to believe that I am not body; I am soul; to realize the body and the soul are two distinct things, the body is matter, I am spirit:—all this comes under Nishchaya Dharma. Any action tending to afflictions, wrongs or displeasure to any sentiest being is void of Daya or charity; and where there is no Daya, there is no Dharma. Daya is the foundation of Dharma. Under the Dharma laid down by Lord Mahaveera, every embodied Soul, every living being is secure, free from fear. Now we pass to **Sadgurutattva.**

## (3) Sadguru,—Spiritual Guide.

To be well-versed in worldly matters, the study of arts and crafts is essential , similarly for a higher and nobler life in this and the next birth the study of religion is essential. Just as the world-wise crafty teacher gives worldly wisdom ably, so a true and competent spiritual guide only can speach religion to

the highest spiritual benefit here and hereafter. There is a vast difference between the lay teacher and the spiritual guide; the former may be compared to a brittle pane of glass, the latter to as priceless brilliant diamond.

There are so many religious schools and so many religious teachers, all differing more or less from one another, in their mode of life, spirit of thinking, belief, knowledge, perception &c. Therefore these religious preceptors may be divided into three sorts. ( 1 ) wood-like or those compared to wood ( 2 ) paper-like or those compared to paper and stone-like or those compared to stone. Let us now illustrate and justify the comparisons.

Wood is light. It can not be affected by water and can float in oceans, and help persons crossing them. Similarly wood-like spiritual guides are those, who are not affected by passions and pleasures of the world, who can cross the ocean ot Sansar, and who liberate themselves and others who resort to them from the trammels of birth and deaths and griefs and sorrows by the light of knowledge and saintly virtues. These from the best sort of Gurus.

Next come the paper-like Gurus. Paper may or may not float. Water can affect and wet it and make it too heavy to float or keep others resorting to it above water. Similarly paper-like Gurus can not cross the ocean of Sansar. They may preach piecemeal at random, do some good deeds and reap some Punya ( merit ), but they are affected by worldly-desires and passions and so they can not liberate themselves from births and deaths. It is far beyond their power to liberate others resorting to them.

The third sort is stone-like. Stone is too heavy to float. Throw a piece of stone on the surface of water and it reaches the bottom. It itself can not float, how can it help others resorting to it to float ? Similarly stone-like preceptors are too-much affected by passions and love and hatred to cross Sansara and free themselves from incessant births.

The first and best sort of Gurus follow the tenets of Jeeneshvara,) one who has conquered passions, love and hatred, who is a liberated soul with all his innate powers, knowledge, perception &c. developed in full bloom never to vanish or to be dim ]. They preach and lead a righteous life, are above passions and worldly desires, ever on their alert with a keen eye to their final emancipation and that of others who resort to them. Paper-like and stone-like Gurus instead of destroying Karmas add to or renew them. We all claim to seek the best and one can expect the best from the best only. If our spiritual guide is the best, he can in the vessel of pure religion like a competent captain and helms-man carry us across the ocean of Sansara to the coast of liberation. One can not realize without the aid of the best preceptor the truths of philosophy, the secrets of 'Self' the laws of nature, governing the universe, and the good or bad of Sansara. One would feel curious to know the characteristic features of such Gurus.

They know the order of Jeeneshvara, follow and preach it to others disinterestedly and actuated by compassion. They keep aloof from gold ( money, property ) and woman. They take pure food and drink. ( animal food and even vegetable food tending to raise carnel desires, such as onions &c, spirituous liquors, intoxicating drugs, poisons &c are food and drink forbidden as impure ). They endure privations mental or physical with patience and forbearance. They curb passions, master the mind and do not allow it to master them. Self-restraint and Self-denial is their watchword. They keep themselves aloof from 'Beginnings'—doing any action tending to injure 'Life'. They absorb themselves in reading and ex pounding scriptures. They nourish and cover the body, so that they can turn the short life to the best account, to the benefit of the Soul by leading a pious, noble and exemplary life, by preaching the right path and thus evolving and developing the innate powers of 'Self'. They are never wearied

of the austere path of Veetaraga ( the conqueror of passions, love and hatred ). They do not touch unasked even a straw not belonging to them. They abstain from all sorts of food, drink, drugs and dessert during the night after sun-set. They look upon all beings with equanimity, and preach 'Truth' with compassion and disinterestedness. These are, in short, the characteristic features of wood-like Gurus. ॐ शांति ॥

Vankaner [Kathiawad] 9-12-10 Friday. } **Mansukhlal Kiratchand Mehta**

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનો.

### સં. ૧૯૬૫ ના જેઠ માસથી સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) લગીનો રીપોર્ટ:—

સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું અધિવેશન પુની શહેરમાં સં. ૧૯૬૫ ના જેઠ માસમાં કરવામાં આવ્યું તે પ્રસંગે જૈન કોમની કેળવણીના સવાલ પ્રત્યે બહુ લંબાણથી ચર્ચા કરવામાં આવી અને સર્વનો એકત્ર વિચાર થયો કે ચાલુ જમાનામાં કોમનો અભ્યુદય કેળવણીની અગત્ય પીછાની તેનો સર્વ દિશામાં એકસરખો પ્રયાસ કરવામાં રહેલો છે.

કેળવણીના સવાલને કોન્ફરન્સે પ્રથમથીજ હાથ ધર્યો હતો. પરંતુ તેના આગળના અધિવેશનોમાં આ સવાલને અંગે ચર્ચા ચલાવવામાં જેટલો વખત કાઢવામાં આવ્યો હતો તેના કરતાં છેલ્લાં અધિવેશન વખતે બહુ વધારે વખત કાઢી તેને માટે પુરતી જાગૃતિ દેખાડવાની જરૂરીઆત સ્વીકારવામાં આવી. અને તે સંબંધમાં અહોળા પાયાપર એક લંબાણ ઠરાવ ઘડી રજુ કરવામાં આવ્યો. એ ઠરાવમાં બતાવેલી કેળવણીને લગતી અનેક બાબતોને વ્યવહારૂ આકારમાં મુકવા અને તેને માટે યોજનાઓ તૈયાર કરવા એક કેળવણી બોર્ડ સ્થાપન કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. જે ઠરાવ નીચે પ્રમાણે છે:—

કેળવણી સંબંધી દરેક કામ શીઘ્ર બનાવી શકાય તે માટે નીચે જણાવેલા સદ્ ગૃહસ્થોનું એક જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ પોતાની સંખ્યામાં વધારો ઘટાડો કરવાની સત્તા સાથે નીમી છે. અને તેની ઓફીસ મુંબઇમાં છે.

સદરહુ ઠરાવ અનુસાર તે વખતે મેમ્બરો વધારવાની સત્તા સાથે ૨૬ મેમ્બરોનું

બોર્ડ રાખવામાં આવ્યું. એ વખતે નીયત કરેલા અને વધારેલા મેમ્બરોના નામોનું લીસ્ટ નીચે આપવામાં આવ્યું છે.

શેઠ અમરચંદ ઘેલાભાઇ
,, મનસુખલાલ કીરતચંદ મહેતા.
,, માણેકલાલ ઘેલાભાઇ.
,, સાકળચંદ માણેકચંદ ધડીઆળી.
,, મોહનલાલ ચુનીલાલ દલાલ.
,, કેશવલાલ પ્રેમચંદ.
,, વેણીચંદ સુરચંદ.
,, મોહનલાલ દલીચંદ દેશાઇ.
,, શિવજી દેવશી.
ડા. ત્રિભોવનદાસ લહેરચંદ.
શેઠ દામોદર બાપુશા.
,, મગનલાલ ચુનીલાલ વૈદ્ય.
,, ગુલાબચંદ દેવચંદ.
શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.
,, ગોવિંદજી મૂલજી મ્હેપાણી.
,, હેમચંદ અમરચંદ.
પંડિત ફતેહચંદ કપુરચંદ લાલન.
શેઠ મણીલાલ નથુભાઇ દોશી.
,, કેશવલાલ અમથા શાહ.
,, કુંવરજી આણંદજી.
,, અનુપચંદ મલુકચંદ.
,, પદમશી ઠાકરશી.
,, મોહનલાલ પુંજાભાઇ.
,, ટોકરશી નેણશી.
,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.

આ પ્રમાણે આપણા બોર્ડની હસ્તી મુકરર કરવામાં આવી, તે આપ સર્વને વિદિત છે.

કોન્ફરન્સનો મેળાવડો ખલાસ થયા પછી તા૦ ૧૩-૬-૦૯ ના રોજે બોર્ડના મુંબઇના તેમજ બહાર ગામના મેમ્બરોનો એક મેળાવડો મુંબઇ કોન્ફરન્સ હેડ ઓફીસમાં કરવામાં આવ્યો અને તે વખતે ધારા ધોરણ ઘડવા માટે એક પેટા કમીટી નીમવામાં આવી. એ કમીટીએ સુચવેલા ધારા ધોરણો ત્યાર પછી બોર્ડની બીજી મીટીંગમાં છેવટને માટે પસાર કરવા પહેલાં તેની એક એક નકલ મુંબઇના તેમજ બહાર ગામના મેમ્બરોને મોકલવાનું ઠરાવવામાં આવ્યું. ત્યાર પછીની ત્રીજી મીટીંગમાં લંબાણ ચર્ચા ચલાવ્યા પછી સર્વાનુમતે જે નિયમો ઘડવામાં આવ્યા તે નીચે પ્રમાણે છે.

## નામ અને સ્થળ.

૧. આ બોર્ડનું નામ "શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ" રાખવામાં આવ્યું છે; તેની ઓફીસ મુંબઇમાં રહેશે.

## ઉદ્દેશ.

(૨) કેળવણી સંબંધી યોજનાઓ તથા તમામ પ્રકારના કાર્યો કરવાં એ આ બોર્ડનો ઉદ્દેશ છે. (જુઓ સાતમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઠરાવ ૫ મો પેટા વિભાગ સાતમો.

## સંખ્યા.

૩. હાલ જે બોર્ડ કોન્ફરન્સે નીમેલ છે તે વખતો વખત પોતામાં વધારો ઘટાડો કરી શકશે, પણ બોર્ડના સ્થાનિક સભાસદોની એકંદર સંખ્યા ત્રીસ તથા બહાર ગામ વસ્તા સભાસદોની સંખ્યા ત્રીસ મળી સાઠથી વધારે થઇ શકશે નહિ.

૪. બોર્ડના મુંબઇમાં વસતા સભાસદોમાંથી કોઇ સભાસદ લાગલાગટ ચાર સ્થાનિક સભાઓમાં વગર કારણે ગેરહાજર રહેશે, તો તેનું નામ સ્થાનિક બોર્ડ રદ કરી શકશે.

## બોર્ડની મીટીંગો.

૫. આ બોર્ડની સભા ઓછામાં ઓછી વર્ષમાં ત્રણવાર અને જરૂર પડે તો વધારે વાર મુંબઇમાં મળશે.

अ. આગલા વરસના ઓ. સેક્રેટરી કોન્ફરન્સની ફરી બેઠક થયા પછી એક માસની અંદર નવીન વર્ષને માટેની બોર્ડની પ્રથમ સભા બોલાવશે. તે સભામાં સભાસદોમાંથી નવા વર્ષ માટે એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, બે ઓ. સેક્રેટરી અથવા એક ઓ. સેક્રેટરી અને એક પગારદાર સેક્રેટરી તથા બે ઓડીટરની નીમણુંક થશે. આ સભામાં નીમાયલા પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરીઓનો અધિકાર આ સભાથી ગણાશે.

ब. છમાસિક સભામાં આગલા છ માસનો રીપોર્ટ ઓ. સેક્રેટરી રજુ કરશે.

क. વાર્ષિક સભામાં વાર્ષિક રીપોર્ટ તથા ઓડિટ થયેલો હિસાબ ઓડિટરોના રીપોર્ટ સાથે ઓ. સેક્રેટરી રજુ કરશે અને બહાલ રહે કોન્ફરન્સની ફરી બેઠક જ્યાં થવાની હોય ત્યાંની રીસેપ્સન કમીટીના ચીફ સેક્રેટરી ઉપર તે કોન્ફરન્સમાં રજુ કરવા માટે તથા કોન્ફરન્સ હેડ ઓફીસ ઉપર મોકલવામાં આવશે. આ સભા કોન્ફરન્સની ફરી બેઠક જે સમયે મળવાની હોય તેની અગાઉ લગભગ દોઢ મહિને મળશે.

૬. બોર્ડની એક જનરલ સભા કોન્ફરન્સની ફરી બેઠક જે સ્થળે થવાની હોય તે સ્થળે, અને જે દિવસે થવાની હોય તેના આગલા દીવસે સાંજના મળશે. અને તે પ્રસંગે કોન્ફરન્સમાં કેળવણીના ઠરાવ સંબંધ વિચાર કરવામાં આવશે.

૭. નવા સભાસદની નીમણુંક માટે જે સભાસદ દરખાસ્ત લાવવા ધારતા હોય તેમણે સભા મળવા અગાઉ ઓછામાં ઓછું એક પખવાડીયા સુધીમાં તે દરખાસ્ત ઓ. સેક્રેટરીને લખી મોકલવી હોવી જોઇએ. તે સિવાય તે દરખાસ્ત તે સભામાં રજુ થઈ શકશે નહિ.

૮. સભા મળવાની ખબર, તેમાં રજુ કરવાના મુકરર થએલાં કામકાજની તપસીલ સાથે તે મળવાના ઓછામાં ઓછા અડતાલીશ કલાક અગાઉ સ્થાનિક સભાસદોને ઓ. સેક્રેટરી સરક્યુલર દ્વારા અથવા અન્ય રીતે અપાવશે, બહાર ગામના સભાસદોને ઓછામાં ઓછા સભાની મળવાની તારીખ પહેલાં ૪ દિવસ અગાઉ ખબર મળે તેવી રીતે પોસ્ટ

દ્વારા સભા મળવાની ખબર આપવામાં આવશે. મુકરર થએલા કામ સિવાય કોઇ પણ નવી બાબત અગાઉથી જણાવેલી નહિ હોય તો તે સભામાં રજુ થઇ શકશે નહિ; પણ કોઇ ખાસ અગત્યની બાબત હશે તો તે પ્રમુખની સંમતિથી રજુ થઇ શકશે. ૭ સભાસદો હાજર હોય તો કોરમ થયેલું ગણાશે, પણ કોરમ ન થશે તો હાજર થએલા સભાસદો તે સભાને કોઇ ચોકસ દિવસ ઉપર મુલતવી રાખશે. જે દિવસે ઓ. સેક્રેટરી સભા બોલાવશે, આવી રીતે બોલાવેલી સભાને કોરમનો નિયમ લાગુ પડશે નહિ.

૧૦ બોર્ડની સભામાં રજુ થયેલા બાબતપર તટસ્થ ન રહેતાં વિરૂદ્ધ કે તરફેણમાં મત આપવાનું હાજર રહેલા સભાસદોને ફરજ્યાત છે.

૧૧ બહારગામના સભાસદો તરફથી જે કંઇ સૂચનાઓ વખતો વખત આવશે તે ઓ. સેક્રેટરી તે પછીની સ્થાનિક સભામાં રજુ કરશે તથા તે પર સ્થાનિક સભા પુરતું ધ્યાન આપશે. પત્રવ્યવહારથી તથા હેરલ્ડ વિગેરેમાં પ્રગટ કરી બોર્ડનાં કાર્યોની જોઇતી હકીકતથી બહારગામના મેમ્બરોને વાકેફ રાખવામાં આવશે.

૧૨. બોર્ડ પોતામાંથી વખતો વખત ચોક્કસ કાર્યો કરવા સારૂ સબ કમીટીઓ નીમી શકશે.

૧૩. દરેક સભામાં પ્રમુખ, અને તેની ગેરહાજરીમાં ઉપપ્રમુખ કામ ચલાવશે, ને બંને ગેરહાજર હશે તો હાજર થયેલા સભાસદો પોતામાંથી પ્રમુખ નીમી કામ ચલાવી શકશે.

૧૪. બોર્ડની સભા પ્રમુખ કે. ઓ. સેક્રેટરીને જરૂર જણાતાં અથવા સભાસદોમાંના પાંચની લેખીત માગણીથી કોઇ પણ મુકરર કાર્ય માટે ઓ. સેક્રેટરી અનુકુળ સમયે કલમ આઠમી અનુસાર બોલાવશે.

૧૫. બોર્ડને લગતાં બધા ફંડોનાં નાણાં કોન્ફરન્સને હસ્તક રહેશે. ચાલુ ખર્ચને માટે જોઇતી રકમો ઓ૦ સેક્રેટરીના નીમેલા અધિકારીને કોન્ફરન્સ આપશે. તેનો હિસાબ પદ્ધતિસર ઓ૦ સેક્રેટરી રખાવશે. અને તે ઓડીટ કરાવી ઓડીટરોના રીપોર્ટ સાથે વાર્ષિક સભામાં રજુ કરશે.

૧૬. બોર્ડની તથા સબ કમીટીની સભાઓમાં સઘળું કામકાજ ગુજરાતીમાં ચાલશે, અને તેની રફ નોંધ તે વેળાએ ઓ૦ સેક્રેટરી લેવડાવશે; જે અઠવાડીયાની અંદર ફેર મીનીટ બુકમાં ઉતરાવી તેપર તે સભાના પ્રમુખની સહી લેવડાવશે તથા તે પછીની મીટીંગમાં તે કન્ફર્મ કરાવશે.

૧૭. પ્રમુખની મુંબઇમાંથી ગેરહાજરીને પ્રસંગે તેના સર્વ હકો ઉપપ્રમુખ ભોગવશે.

## ઓનરરી સેક્રેટરી.

૧૮. अ આ નિયમો કે બોર્ડની સભાઓમાં વખતો વખત જે ઠરાવો થાય તે ઓ૦ સેક્રેટરી અમલમાં મુકશે.

ख બોર્ડના તમામ નોકરો ઓ૦ સેક્રેટરીના તાબામાં ગણાશે, જોઇતા ચાકરો નોકરો રાખવા કે બરતરફ કરવા ઓ૦ સેક્રેટરીને સત્તા છે.

क કોઇ વેળા બોર્ડની સભા બોલાવવા જેટલો વખત ન હોય તો સરક્યુલર દ્વારા સભાસદોના અભિપ્રાય જાણી, અને કોઇ ખાસ પ્રસંગે માત્ર પ્રમુખની અનુમતિ લઇ જરૂરી કામ કરાવશે.

૧૯ આ નિયમોમાં વખતો વખત ઘટતો ફેરફાર કે સુધારો વધારો બોર્ડ કરી શકશે.

એ પ્રમાણે પસાર થયેલા નિયમો પૈકી પાંચમા નિયમથી બોર્ડની સાધારણ મીટીંગો મુંબઇમાં બોલાવવાનું અને છઠ્ઠા નિયમથી કોન્ફરન્સ મળવાની જગ્યાએ તેના આગલા દિવસે બોલાવવાનું ઠરાવવામાં આવ્યું, તેમજ પ્રમુખ, ઉપપ્રમુખ અને ઓ૦ સેક્રેટરીઓની નીમણુંક કરવામાં આવી. જુદે જુદે પ્રસંગે ત્યાર પછી સાતમા ઠરાવ અનુસાર મેંબરોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો અને હાલ બોર્ડના મેંબરો કુલ ૫૭ છે. જેમાં ૨૮ મુંબઇ શહેરના અને ૨૯ બહાર ગામના છે. બોર્ડની મીટીંગ મલવા પહેલાં બહારગામના મેંબરોને કાર્ય ક્રમની યાદી મોકલી તેપર તેઓની સૂચના માગવામાં આવે છે. અને છેલ્લી મીટીંગના ઠરાવ અનુસાર હવે દરેક મીટીંગનું પ્રોસીડીંગ પણ તેઓને મોકલવામાં આવે છે. સં. ૧૯૬૬ ના આસો માસની આખરે બોર્ડમાં જે મેંબરો હતા તેઓનું લીસ્ટ નીચે પ્રમાણે છે.

(૧) પ્રમુખ—શેઠ કલ્યાણચંદ શોભાગચંદ.

ઉપપ્રમુખ—મી૦ લખમશી હીરજી મૈશરી.

## સેક્રેટરીઓ.

૧. મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. ૨. મી. મનસુખલાલ કીરતચંદ મહેતા.

## મુંબઇના મેંબરો.

| | |
|---|---|
| ૧. શેઠ અમરચંદ ઘેલાભાઇ | ૨. મી. ગોવિંદજી મૂલજી મ્હેપાણી. |
| ૩. ,, હેમચંદ અમરચંદ. | ૪. શેઠ માણેકલાલ ઘેલાભાઇ. |
| ૫. મી. સાકરચંદ માણેકચંદ ધડીયાળી. | ૬. મી. મોહનલાલ દલીચંદ દેશાઇ. |
| ૭. ડા. ત્રીભોવનદાસ લહેરચંદ. | ૮. શેઠ મોહનલાલ પુંજાભાઇ. |
| ૯. શેઠ પદમશી ઠાકરશી. | ૧૦. પંડિત ફતેહચંદ કપુરચંદ લાલન. |
| ૧૧. ,, ટોકરશી નેણશી. | ૧૨. મી. ઉમેદચંદ દોલતચંદ બરોડીયા. |
| ૧૩ ,, ગુલાબચંદ દેવચંદ. | ૧૪. ,, મનસુખલાલ રવજીભાઇ મહેતા. |
| ૧૫. ,, નાનચંદ માણેકચંદ. | ૧૬. ,, મકનજી જુઠાભાઇ મહેતા. |
| ૧૭. ,, વેલજી આણંદજી મૈશરી. | ૧૮. શેઠ પુનશી હીરજી મૈશરી. |

૧૯. ,, હીરાચંદ લીલાધર ઝવેરી. ૨૦ શેઠ મોહનલાલ હેમચંદ
૨૧. ,, મોતીલાલ કુશળચંદ શાહ. ૨૨. મી. લલ્લુભાઈ કરમચંદ દલાલ.
૨૩. ,, નરોત્તમદાસ ભાણજી. ૨૪. ,, ત્રીભોવનદાસ ઓધવજી વકીલ.

## બહાર ગામના મેંબરો.

૧. મી. કેશવલાલ પ્રેમચંદ મોદી અમદાવાદ. ૨. શેઠ વેણીચંદ સુરચંદ મહેશાણા.
૩. શેઠ શીવજી દેવશી—પાલીતાણા. ૪. શેઠ દામોદર બાપુશા યેવલા.
૫. ,, મગનલાલ ચુનીલાલ વડોદરા. ૬. મણીલાલ નથુભાઇ દોસી અમદાવાદ.
૭. મી કેશવલાલ અમથાશા અમદાવાદ. ૮. શેઠ કુંવરજી આણંદજી ભાવનગર.
૯. શેઠ અનોપચંદ મલુકચંદ ભરૂચ ૧૦. ,, રાયકુમાર સીંગજી કલકત્તા
૧૧ મી. ગુલાબચંદજી ઢઢ્ઢા જયપુર ૧૨. ,, કુમારસિંહજી નાહર આજીમગંજ
૧૩. મી. સાકળચંદ મહોકમચંદ દલાલ અમદાવાદ. ૧૪. ,, ડાયાભાઇ હકમચંદ ધંધુકા.
૧૫. મી. ગુલાબચંદ વાઘજી વઢવાણ સીટી
૧૬. મી. જગજીવન મુલજી જામનગર ૧૭. ,, સાકરચંદ નારણજી જામનગર
૧૮. પારેખ દેવચંદ ઉત્તમચંદ રાજકોટ ૧૯. શેઠ વલભદાસ ઉત્તમચંદ જુનાગઢ
૨૦. શેઠ પુરનચંદજી નાહર આજીમગંજ ૨૧. ,, સોમાભાઇ ભાઇલાલ ખેડા
૨૨. ,, છોટાલાલ ત્રીકમલાલ. વીરમગામ ૨૩. ,, છોટાલાલ લલુભાઇ સાદ્રા.
૨૪. ,, ચુનીલાલ છગનલાલ સુરત ૨૫. મી. ન્યાલચંદ લક્ષ્મીચંદ વરસોડા
૨૬. ,, ધરમચંદ ચેલજીભાઇ પાલણપુર. ૨૭. શેઠ સુરચંદ પી. બદામી ગોધરા
૨૮. મી. નારણજી અમરશી વઢવાણ સીટી ૨૯. મી. મોહનલાલ ચુનીલાલ અમદાવાદ

પુના કોન્ફરન્સે કરેલા ઠરાવથી કેળવણીને લગતું સર્વ કાર્ય એજ્યુકેશન બોર્ડે કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અત્યાર સુધી કેળવણીના કામના સંબંધમાં બે રીતે કામ ચાલતું હતું. કેટલાંક કાર્યો મુંબઇની એડવાઇઝરી બોર્ડે નીમેલ કેળવણી કમીટી કરતી હતી અને કેટલાંક કાર્યો અમદાવાદના રેસીડન્ટ જનરલ સેક્રેટરી કરતા હતા. આ બંને જગા પર કામ કરવાની ઉલટ સારી હતી. કોન્ફરન્સે પુનાના અધિવેશનમાં કેળવણીના સર્વ કાર્યો કરવા સ્વતંત્ર બોર્ડની નીમણુંક કરેલી હોવાથી કોન્ફરન્સ તરફથી મુંબઇની એડવાઇઝરી બોર્ડ કેળવણી કમીટી દરેક અધિવેશન પછી ચાલુ કરતી હતી, તે ન કરતાં બંધ કરી અને કેળવણી ખાતું અમદાવાદથી મુંબઇ ઓફીસમાં આવ્યું અને બોર્ડે તે સંભાળી લીધું.

સર્વથી મોટી મુશ્કેલી આ ખાતું હાથમાં લેતી વખતેજ આવી, અને જે મુશ્કેલીનો ફડચો હજુ સુધી સંતોષકારક રીતે થઇ શકતો નથી, તે કેળવણી ખાતાના અંગે નાણા સંબંધીની છે. કોન્ફરન્સની શરૂઆતમાં કેળવણી ખાતે જે ગંજાવર રકમ ઓફીસને મળી હતી તેનો બહુ ઉતમ પ્રકારે વ્યય થયો. ઘણા જૈન બંધુ તેથી વ્યાપારી ધંધાઓ ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, નામું વગેરે શીખ્યા; ઘણાને સ્કોલરશીપો મળી અને ઘણા

સારે ધંધે લાગી ગયા. તેમજ ધાર્મિક અભ્યાસ કરાવનારી પાઠશાળાઓને મદદ મોકલવા માં આવી. પણ એજ કારણથી જ્યારે બીજા ખાતાઓમાં પૈસા બહુ વપરાયા નહિ ત્યારે કેળવણી ખાતે મોટી રકમનો ખર્ચ થઇ ગયો, અને છઠી તથા સાતમી કોન્ફરન્સના વચ્ચેના વખતમાં પણ ચાલુ ખર્ચ કેમ નભાવવો એ એક મોટી મુશ્કેલીનો સવાલ થઇ પડયો હતો. કોન્ફરન્સનો સાતમો મેળાવડો થયા પછી લગભગ એજ સ્થિતિમાં બોર્ડ આવી પડ્યું. કારણ કે છેલ્લી કોન્ફરન્સ વખતે કેળવણી ખાતે મુંબઇની ઓફીસના ચોપડામાં રૂ. ૧૨૩૭-૮-૮ જમે હતા, પણ અમદાવાદ ઓફીસમાં કેળવણી ખાતે તે વખતે રૂ. ૨૦૦૦ ખર્ચાયા હતા તેથી કોન્ફરન્સના સામા રૂ. ૮૦૦ લેણા હતા. કેટલીક જુની ઉઘરાણી અને પુના કોન્ફરન્સ વખતે ભરાયેલા રૂપીઆ વસુલ કરવાના હતા, પણ અત્રે જે બતાવવાનું છે તે એ કે આવી મુશ્કેલીથી બહુ કફોડા સંજોગો વખતે આ બોર્ડનું કામ શરુ કરવામાં આવ્યું.

પૈસા સંબંધી ઉપર જણાવી તેવી અગવડવાળી સ્થિતિ વચ્ચે શરૂ કરવામાં આવેલ કામમાં કોન્ફરન્સે સુકૃત ભંડારના સંબંધમાં કરેલ ઠરાવે મદદ કરી. તે ઠરાવથી સુકૃત ભંડાર ખાતે આવેલી રકમમાંથી અડધી રકમ કેળવણી ખાતાને મળવા લાગી, સં. ૧૯૬૬ ના આસો વદી ૦)) સુધીમાં સુકૃત ભંડાર ખાતે રૂ. ૮૬૩૯-૧૪-૩ આવ્યા, તેમાંથી રૂ. ૨૨૮૮-૧૧-૯ ખર્ચના તથા રૂ. ૨૮ શીલીક રાખ્યા, તે બાદ કરતાં બાકી રૂ. ૬૩૨૩-૨-૬ રહ્યા તેમાંથી કેળવણી ખાતે અડધા હિસ્સાના રૂ. ૩૧૬૧-૯-૩ મળ્યા. તેથી અત્યાર સુધી બોર્ડનો વહીવટ ચાલ્યો છે. આ ઉપરાંત કેળવણી ખાતેથી રૂ. ૭૬૫-૪-૯ મળ્યા. કેળવણી ખાતાનો આવક જાવકનો વિગતે હેવાલ સં ૧૯૬૫ તથા ૬૬ નો નીચે મુજબ છે.

## કેળવણી ખાતું સં. ૧૯૬૫.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૬૮૮-૪-૦ | ચાલુ સાલમાં નવા વસુલ આવ્યા. | ૧૨૭૮-૧૧-૭ | ગઇ સાલના બાકી લેણા. |
| ૧૧૪૮-૧૪-૧૦ | પાંચ વર્ષના કેળવણી ખાતાના વ્યાજના કોન્ફરન્સ હેડ ઓફીસ તરફથી મળ્યા. | ૪૫-૦-૦ | જામનગરના એક વિદ્યાર્થીને અભ્યાસ કરવા ૮ માસની સ્કોલરશીપના |
| | | ૨૦-૦-૦ | ભાવનગરની એક બાઇને ગુજરાતી ભણતાં સ્કોલરશીપનાં |
| ૫૮૩૭-૨-૧૦ | | ૩૦૦-૧૩-૦ | સુરતની શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાને ૧૦ માસની મદદના આપ્યા. |

| જ | ૯ |
|---|---|
| | ૭૭-- ૦--૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ ફ્રી રીડીંગ રૂમ લાઇબ્રેરીને ૧૪ માસની મદદના આપ્યા. |
| | ૯૦-- ૦--૦ માંગરોળ જૈન સભાને તેમની તરફથી ચાલતી સ્ત્રી શિક્ષણ શાળાને ૩ માસની મદદના આપ્યા. |
| | ૧૨૦-- ૪--૦ મેસાણા શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળાને ૭ માસની મદદના આપ્યા. |
| | ૫૦-- ૭--૦ મુંબઇ જૈન વિદ્યાશાળા [શાંતીનાથજીના દેરાસરે] ને પાંચ માસની મદદના આપ્યા. |
| | ૪૨-- ૦-૦ બે વિદ્યાર્થીઓ ટાઇપ રાઇટીંગ શોર્ટહેન્ડનો અભ્યાસ કરતા તેમને મદદના આપ્યા. |
| | ૪-- ૧--૦ લીંમડીના ૧ વિદ્યાર્થીને સ્કોલરશીપ. |
| | ૪૭--૧૫--૬ કેળવણીના પેપર ફારમ છપાવ્યા તેના છપાઇનાં તથા કાગળોના અને તે દરેક પાઠશાળા તથા સ્કુલોમાં મોકલાવ્યાના ટપાલ ખર્ચના મળીને. |
| | ૫-- ૮--૬ શ્રી માંગરોળ જૈન સભાને, નડીઆદથી ઉપાધ્યાય કાશીરામ આવેલા તે વખતે જાહેર સભા ભરવા માટે કાગળો લખ્યા તથા ગાડી ભાડા વગેરે ખર્ચનાં. |
| | ૫૦૦-- ૭--૦ અમદાવાદ જૈન કન્યાશાળાને મદદના આપ્યા. |

| જ | ઉ |
| --- | --- |
| | ૩૬૦--૦--૦ જયપુર ઑફીસથી જયપુરની પાઠશાળાને મદદના આપ્યા. |
| | ૧૫-- ૪--૦ મી. શેરસીંહજીએ પરીક્ષા આપી તેના ફીના જયપુર ઑફીસથી આપ્યા. |
| | ૨૭૭૫-- ૪-૬ અમદાવાદ ઓફીસમાંથી મદદ આપી તેની વિગત નીચે મુજબ. |
| | ૯૨૩--૧૫--૬ વિદ્યાર્થીઓને સ્કોલર શીપ આપી તેનાં. |
| | ૨૯-- ૩--૬ વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવ્યા તેનાં. |
| | ૧૫૨૩-- ૭--૯ પાઠશાળાઓને મદદ આપી તેનાં. |
| | ૨૬-- ૬--૦ જુદી જુદી જગોએ વિદ્યાર્થીઓને મદદ મોકલી તેનાં. |
| | ૨૭૨-- ૩--૯ દેશીનામાની નાઈટ સ્કુલ ખાતે. |
| | ૨૭૭૫-- ૪--૬ |
| | ૫૪૧૦-- ૪--૧ |
| | ૪૨૬-- ૪--૯ બાકી સીલક. |
| | ૫૮૩૭-- ૨--૧૦ |

સં. ૧૯૬૬.

જ ઉ

| | |
|---|---|
| ૪૨૬--૪--૯ ગઇ સાલનાં બાકી. | ૩૦--૦-૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ ફીરી |
| ૩૯૮--૦--૦ ચાલુ સાલમાં નવા વસુલ આવ્યાં. | ડીંગ રૂમ લાઇબ્રેરીને છ માસની મદદના આપ્યા. |
| ૮૨૪--૪--૯ | ૭૪૫--૪--૯ એજ્યુકેશન બોર્ડને આપ્યા. |
| | ૪૯--૦--૦ બાકી શીલક. |
| | ૮૨૪--૪--૯ |

કેળવણી ખાતામાંથી રૂ ૭૪૫-૪-૯ મળ્યા. કેળવણી ખાતે જે બાકી શીલક રૂ. ૪૯-૦-૦ છે તે પણ બોર્ડને મલશે. તથા રૂ. ૫૦૫. નિરાશ્રીત ખાતેથી પાંચ માસના રૂ. ૧૦૧. મુજબ મળ્યા તથા રૂ. ૨-૩-૧ શેઠ ફીલાભાઇ ગમાનચંદ જાવદવાલાની જાન આવવાથી આવેલા તથા રૂ. ૨૩૬-૩-૬ ઉઘરાણીના આવ્યા તથા રૂ. ૫૦૦. શ્રી ધાર્મિક પરીક્ષાના ઇનામ માટે શેઠ હેમચંદ અમરચંદ તરફથી મળ્યા. ઉપર મુજબ કુલ રૂ. ૫૧૫૦-૪-૬ એજ્યુકેશન બોર્ડને મળેલા છે.

એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓ, સ્કુલો, કન્યાશાળા વગેરે સંસ્થાઓને સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં દર માસે મદદ અપવામાં આવી છે. આમાં સુરતની રત્નસાગરજી પાઠશાળાને માસિક રૂા. ૩૦), મુંબઇની માંગરોલ સભા તરફથી ચાલતી કન્યાશાળાને માસિક રૂા. ૩૦), અમદાવાદની શ્રાવિકા ઉદ્યોગશાળાને માસીક રૂા ૨૦ ) એ મોટી મદદોમાં છે. આવી રીતે સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં કુલ રૂા. ૨૪૩૪-૮-૦ અપાયા છે. તેની વિગત પરિશિષ્ટ અ માંથી વીગતવાર મલશે. તે પરિશિષ્ટમાં રૂા. ૨૦૦ ની મદદ કોન્ફરન્સ ઓફીસ તરફથી લખેલા છે, તે બોર્ડની હસ્તક કામ આવ્યા પછી કોન્ફરન્સ ઓફીસે આપેલી મદદ છે, જેને તા. ૧૨-૧૨-૦૯ ના ઠરાવથી બોર્ડે મંજુરી આપી છે. આ સર્વ સંસ્થાઓ તરફથી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના તેમજ આવક, જાવક, અભ્યાસ, હાજરી વગેરેની સંપૂર્ણ માહિતી દર્શાવનાર પત્રક બોર્ડ તરફથી મોકલવામાં આવે છે; જે પરથી તેમની ચાલુ સ્થિતિ અને વધારા સંબંધી વિગત મળ્યા કરે છે.

તેજ અરસામાં જુદા જુદા ધોરણોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માસિક સ્કોલરશીપોના સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં રૂા. ૧૩૭૮-૪-૦ આપવામાં આવ્યા છે. તેઓનાં નામ આપવા યોગ્ય ન લાગવાથી તેઓના ધોરણ અને મદદનો આંકડો સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીનો નીચે આપ્યો છે.

| | | |
|---|---|---|
| ૩ વિદ્યાર્થીઓ | મેટ્રીક્યુલેશન | રૂ. ૧૩૪ |
| ૨ ,, | ધો. ૬ ઈંગ્રેજી | ,, ૧૧૩ |
| ૪ ,, | ૫ | ,, ૧૯૬ |
| ૩ ,, | ૪ | ,, ૧૧૦ |
| ૬ ,, | ૩ | ,, ૧૫૫ |
| ૨ ,, | ૨ | ,, ૪૩ |
| ૧ ,, | ૧ | ,, ૬ |
| ૧ ,, | મેટ્રીકની ફી તથા ચોપડીઓ | ,, ૧૪ |
| ૧ ,, | ધો. ૫ ની ચોપડીઓ | ,, ૬-૪-૦ |
| ૧ સ્ત્રી ટ્રેનીંગ કોલેજ અમદાવાદ | | ,, ૮૪ |
| ૧ વિદ્યાર્થી | કોમર્શીયલ કલાસ | ,, ૩૬ |
| ૨ ,, | બી. એ. | ,, ૧૬૫ |
| ૧ ,, | ભાયખાળા ટેકનીકલ કોલેજ | ,, ૨૫ |
| ૨ ,, | વડોદરા કળાભુવન મધ્યમપદ | ,, ૧૨૫ |
| ૧ ,, | ગ્રાંડ મેડીકલ કોલેજ | ,, ૮૦ |
| ૧ ,, | ડ્રોઈંગ | ,, ૬૦ |
| ૪ ,, | કોન્ફરન્સ ઓફીસ તરફથી. (અભ્યાસ જણાતો નથી) | ,, ૨૬ |
| | | ૧૩૭૮-૪-૦ |

ઉપર પ્રમાણે કુલ ૨૬ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવી છે, અને તેની માસિક રકમ ઓછામાં ઓછી રૂપીઆ એકથી દસ સુધી હતી, આ સાથે સાથે આવક જાવકનું સરવૈયું આપવામા આવ્યું છે. તે પરથી જણાશે કે અત્યાર સુધીમાં સુકૃત ભંડાર વિગેરેમાંથી રૂા. ૫૧૫૦-૪-૬ મળ્યા તેમાંથી રૂા. ૧૩૭૮-૪-૦ સ્કોલરશીપનાં, રૂા. ૨૪૩૪-૮-૦ પાઠશાળાઓને મદદનાં, રૂા. ૩૩-૧૨-૩ શ્રી કારસપોન્ડસના, રૂા. ૦-૧૩-૬ ઘટના, રૂા. ૩૫-૮-૦ પરચુરણ ખર્ચનાં, રૂા. ૪૨-૧૦-૬ મનીઓડર કમીશન ખર્ચનાં, રૂા. ૧૬-૦-૦ પગારના, રૂા. ૩-૧૫-૦ સ્ટેશનરી ખર્ચનાં તથા રૂા. ૭૮-૩-૦ છપામણી ખર્ચનાં મળી કુલ રૂા. ૪૦૨૩-૧ ૩ જતાં બાકી રૂા. ૧૧૨૬-૧૦-૩ રહ્યા. તેમાંથી રૂા. ૪૫૨-૦-૦ સને ૧૯૦૯ ના ડીસેંબરની તા. ૨૬ મીએ ધાર્મિક પરીક્ષા લીધી હતી તેમાં ફતેહમંદ નીવડેલા વિદ્યાર્થીઓને ઇનામના આપ્યા [ ઇનામ કોને કોને કેટલા કેટલા રૂપીઆ આપ્યા તેની વીગત આગળ આપવામાં આવેલ છે ] તથા પરીક્ષાને અંગે રૂા. ૧૦૧-૦-૩ ખર્ચ થયેલ છે તે બાદ કરતાં બાકી રૂા. ૫૭૩-૧૦-૩ રહ્યા છે. તેમાંથી માસ અગસ્ટ, સપટેંબર તથા અકટોબરની મદદ આપવાની છે. તથા કેટલીક આગલી સ્કોલશીપો પણ આપવાની છે.

પાઠશાળાઓ બહુ નાની મદદથી ચાલી શકે છે અને નાના ગામડાઓની મદદ બંધ રવામાં આવશે તો એક સાથે મોટી સંખ્યામાં પાઠશાળાઓ બંધ કરવાનો વખત આ-

વશે. વિદ્યાર્થીઓની પણ બહુ અરજીઓ આવેલ છે, પરંતુ કેળવણી ફંડની સ્થિતિ ધ્યાનમાં લઇ માત્ર અપાતી મદદજ ચાલુ રાખી અને ખાસ એકાદ બે વિદ્યાર્થીઓને નવી ટુંક મદદ આપી છે. ઘણા વિદ્યાર્થીઓ એવી ગરીબ સ્થિતિના છે કે તેઓની સ્કોલરશીપો બંધ થશે તો તેઓ અભ્યાસ કરતા અટકી જશે. સુકૃત ભંડારની યોજનાનો બરાબર અમલ થાય તો આ સર્વ નીવેડો આવી શકે તેમ છે. પણ હજુ તે સંબંધમાં બહુ ઓછું થયું છે તે ખેદની બાબત છે. કેળવણી એ કોમનું જીવન છે અને ભવિષ્યનો મોટો આધાર કેળવણીપર છે. કમનસીબે બોર્ડના હસ્તકમાં ખાતું આવ્યું ત્યારથીજ નાણાં સંબંધી અગવડનો સવાલ ઉભો થયો છે, જેથી કંઇપણ નવીન યોજના થઇ શકતી નથી, દરેક યોજના માટે પણ મોટો ખર્ચ કરવો પડે તેમ છે. દાખલા તરીકે શિક્ષકો માટે ટ્રેનીંગ કોલેજ, અભ્યાસક્રમ, કોલેજના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવામાં મદદ કરે તેવી યોજના, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય જેવા મહાન પુરૂષોના જીવનચરિત્ર અને સોસાઇટીપર તેની અસર વીગેરે સંબંધમાં શોધખોળ કરી તૈયાર કરેલાં લેખો અને ભાષણો વીગેરે વીગેરે અનેક કામો કેળવણીના વિસ્તૃત અર્થમાં કરવાના છે. જેને માટે પૈસાની જરૂર છે. ઉપર જણાવેલ છે તે ઉપરાંત બીજી અનેક યોજનાઓ બોર્ડના મેમ્બરોનાં મનમાં છે, પણ તેને વ્યવહારૂ રૂપ આપવામાં નડતી અગવડોનો ઉપાય વિચારવાનું આખી જૈન કોમ ઉપર છોડવા સિવાય ચાલે તેમ નથી.

ફંડ નહીં હોવાને લીધે વિદ્યાર્થીઓને તથા પાઠશાળાઓને મદદ ચડી ગયેલ હોવાથી મેસાણા પાઠશાળાના સેક્રેટરી રા. રા. વેણીચંદ સુરચંદ ઉપર કેટલીક પાઠશાળાઓને તેમના તરફથી થોડી થોડી મદદ બોર્ડ તરફથી અપાતી પાઠશાળાઓને આપવા પત્રવ્યવહાર ચલાવ્યો હતો જે ઉપરથી રૂ. ૫૧) ની મદદ જુદી જુદી પાઠશાળાઓને આપવા નક્કી થતાં તેટલી માસિક મદદ માસ મે ૧૯૧૦ થી બોર્ડને ઓછી મોકલવી પડે છે. રૂ. ૫૧] ની મદદ રા. રા. વેણીચંદ સુરચંદે-મેસાણા પાઠશાળા તરફથી આપવા મંજુર કરી જેથી અત્રે તેમનો અંતઃકરણ પૂર્વક બોર્ડ આભાર માને છે.

મોતીના કાંટાના ટ્રસ્ટી શેઠ હીરાચંદ નેમચંદ ઉપર બોર્ડ તરફથી અપાતી પાઠશાળાઓને મદદ તથા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો ચાલુ રાખવાને માસિક મદદ આપવાં તા. ૯-૯-૧૧ ના રોજે પત્ર લખવામાં આવ્યો હતો તેનો જવાબ તેમના તરફથી, 'તે પત્ર ટ્રસ્ટીઓની મીટીંગ મળશે ત્યારે રજુ કરીને નિર્ણય થશે તે લખી જણાવવામાં આવશે' એમ આવ્યો હતો. તો તેમના તરફથી બોર્ડને થોડી ઘણી રકમ પણ મળવા સંભવ રહે છે.

સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં એજ્યુકેશન બોર્ડની ૯ મીટીંગો કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી. પ્રથમ મીટીંગમાં ઉપર જણાવ્યું તેમ બોર્ડના ધારા ધોરણો ઘડવા માટે એક પેટા કમીટી નીમવામાં આવી, અને કેટલીક નીમણુંકો કરી. બીજી મીટીંગમાં તૈયાર કરેલો ધારા ધોરણનો ખરડો મુંબઇ તેમજ બહાર ગામના સર્વ મેમ્બરોને મોક-

લવામાં આવ્યો. અને ત્રીજી મીટીંગમાં તે છેવટનો પસાર કરવામાં આવ્યો. તા૦ ૭ મી ઓગષ્ટે મળેલી ચોથી મીટીંગમાં પુરૂષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની જરૂરીઆતપર વિચાર કરી તે સંબંધમાં યોજના કરવા માટે એક પેટા કમીટી નીમવામાં આવી. તેમજ ધાર્મિક શિક્ષણક્રમ દરેક પાઠશાળામાં એક ધોરણસર ચાલતું ન હોવાથી તે સંબંધમાં એક સરખો અભ્યાસ ક્રમ ગોઠવવાની જરૂરીઆતપર વિચાર કરી તે સંબંધમાં યોગ્ય સૂચનાઓ મેળવી તે પર બોર્ડના વિચાર માટે રીપોર્ટ કરવા સારૂ એક પેટા કમીટી નીમવામાં આવી. તા૦ ૧૯ મી અકટોબરના રોજે મળેલી પાંચમી મીટીંગમાં શેઠ અમરચંદ તલકચંદ ધાર્મિક ઇનામી પરીક્ષાનુ કામ બોર્ડની દેખરેખ નીચે લેવા સંબંધમાં પત્ર વ્યવહાર રજુ કરી તે કામ બોર્ડે કરવાનું ઠરાવવામાં આવ્યું. તા૦ ૧૨ મી ડીસેંબર ૧૯૦૯ ના રોજે છઠી મીટીંગમાં આર્થિક સ્થિતિ પર વિચાર કરવામાં આવ્યો, તા૦ ૨૮ ૩ ૧૦ ની સાતમી મીટીંગમાં આર્થિક સ્થિતિપર પુર્ણ વિચાર કરી રુ. ૫૧] ની મદદ મહેસાણેથી રા. રા. વેણીચંદ સુરચંદ તરફથી જુદી જુદી પાઠશાળાઓને મદદ આપવા નક્કી કરવામાં આવ્યું હતું જેથી એટલી મદદ બોર્ડને ઓછી મોકલવાની થઇ પંચાયત ફંડમાંથી કાંઇ રકમ મેળવવા પત્ર વ્યવહાર કરવાનું તથા કોનફરન્સ નિરાશ્રીત ખાતેથી બોર્ડને માસિક અમુક મદદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મોકલવા, અમુક માસિક મદદ આપવા પત્રવ્યવહાર કરવાનું નક્કી થયું હતું. તથા શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરિક્ષાનો અભ્યાસક્રમ તથા પ્રમાણ પત્રો તથા ઇનામો આપવાનું કામ બોર્ડે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કમીટીનું કામ પરીક્ષા લઇ તેનો રીપોર્ટ કરવાનું નક્કી થયું હતું.

આઠમી મીટીંગ તા. ૨૯-૪-૧૦ ના રોજે થઇ હતી. તેમાં શેઠ અમરચંદ તલકચંદ જૈન હરીફાઇની પરીક્ષાના નિયમો તથા સને ૧૯૧૦ તથા ત્યાર પછીના ત્રણ વરસો માટેનો અભ્યાસક્રમ તથા ઇનામો નકી કરવામાં આવ્યા હતા.

નવમી મીટીંગ તા. ૨૩-૭-૧૦ ના રોજે થઇ હતી. તેમાં શેઠ ઉત્તમચંદ કેશરીચંદ તરફથી દરવરસે રૂ. ૫૦૦) ચાર વર્ષ સુધી સ્ત્રીઓ તથા કન્યાઓની પરીક્ષા આપવાનો પત્ર રજુ કરી તે કાર્ય બોર્ડ હસ્તક લેવા નકકી કરી એક પેટા કમીટીની નીમણુંક કરવામાં આવી હતી. નયકર્ણિકા બહાર નહિ પડવાથી તેની જગ્યાએ "આઠ દૃષ્ટિની સઝાય" રાખવા નકી થયું હતું.

તા. ૬--૮--૧૦ ના રોજે બોર્ડે નીમેલ સ્ત્રી શિક્ષણની પેટા કમીટીની એક મીટીંગ મળી હતી તે વખતે અભ્યાસક્રમનો કાચો ખરડો તૈયાર કરવામાં આવ્યો હતો, અને તે મુનિ મહારાજને તથા વિદ્વાનોને મોકલી અભિપ્રાય મંગાવવા નકી થયું હતું. બાદ તા. ૨૬-૯-૧૦ ની મીટીંગમાં તે ખરડો તથા આવેલ અભિપ્રાયો દરેક મેમ્બરોને વાંચવા મોકલવાનું નકી થયું હતું.

ઉપર જણાવેલી ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી દરેક મીટીંગ વખતે નાણાં સબંધી મુશ્કેલીનો ફડચો કેવી રીતે કરવો એ સવાલપર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું

અને તે સંબંધમાં દરેક વખતે ઠરાવો રજુ કરવામાં અને પસાર કરવામાં આવ્યા હતા.

અને ૧૯૦૯ માં શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાનું કામ બોર્ડ તરફથી કરવામાં આવ્યું હતું અને તે માટે જુદી જુદી જગાપર તે પરીક્ષા તા. ૨૬-૧૨-૦૯ ના રોજે લેવામાં આવી હતી. તે પરીક્ષાના પાંચ ધોરણ કરવામાં આવ્યા હતા, પહેલાં ધોરણમાં અર્થ મૂળ સહિત પંચ પ્રતિક્રમણ, બીજા ધોરણમાં નવસ્મરણ, જીવવિચાર અને નવતત્ત્વ અર્થ સહિત, ત્રીજા ધોરણમાં ત્રણ ભાષ્ય અને બે કર્મગ્રંથ, ચોથા ધોરણમાં બાકીના ચાર કર્મગ્રંથ અને મહાવીર ચરિત્ર, પાંચમાં ધોરણમાં તત્ત્વાર્થાધિગમસૂત્ર અને ધર્મબીંદુઃ એવી રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા હતા. પરીક્ષામાં કુલ ૧૧૬ વિદ્યાર્થીઓ બેઠા હતા જેનુ પરિણામ ફેબ્રુઆરી ૧૯૧૦ ના હેરલ્ડમાં બહાર પાડવામાં આવ્યું છે અને તેમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને રૂ. ૪૫૨) ના જુદાં જુદાં ઇનામો આપ્યાં છે જેની વીગત નીચે આપવામાં આવેલ છે,

### ધોરણ ૧ લું

| નંબર. | નામ | ગામ | માર્કસ | | ઇનામ |
|---|---|---|---|---|---|
| ૧ | મી. રતીલાલ મગનલાલ શાહ | અમદાવાદ | ૭૬ા | રૂ. | ૨૧ |
| ૨ | ,, ઉદયચંદ લાલચંદ શાહ | મુંબઇ | ૭૫ાા | | ૧૭ |
| ૩ | ,, મોહનલાલ હરીભાઇ કોઠારી | અમદાવાદ | ૬૫ | | ૧૫ |
| ૪ | ,, પોપટલાલ કેશવજી દોશી | પાલીતાણા | ૬૩ાા | | ૧૧ |
| ૫ | ,, મોહનલાલ મનસુખરામ શાહ | અમદાવાદ | ૬૩ | | ૯ |
| ૬ | ,, મણીલાલ ચકુભાઇ શાહ | ,, | ૬૨ાા | | ૭ |
| ૭ | ,, હરખચંદ જગજીવન | મેસાણા | ૫૯ાા | | ૫ |
| ૮ | ,, ચંદુલાલ સાકરચંદ | અમદાવાદ | ૫૯ા | | ૩ |
| ૯ | ,, નેમચંદ ભગુભાઇ | ,, | ૫૯ા | | ૨ |
| ૧૦ | ,, નરોતમદાસ ગાંડાભાઇ | ,, | ૫૯ | | ૨ |

### ધોરણ ૨ જું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મી. રાયચંદ કુશલચંદ | બનારસ | ૯૧ | રૂ. | ૩૧ |
| ૨ | ,, ફતેચંદ ઝવેરચંદ | ભાવનગર | ૮૫ | | ૨૫ |
| ૩ | ,, વેલજી લાલજી | મુંબઇ | ૮૩ | | ૧૭ |
| ૪ | ,, મણીલાલ ન્યાલચંદ | અમદાવાદ | ૮૦ | | ૧૦ |
| ૫ | ,, જીવરાજ રતનજી | ભાવનગર | ૭૫ | | ૭ |
| ૬ | ,, પુંજાભાઇ નારૂભાઇ | મહેસાણા | ૭૩ | | ૫ |
| ૭ | ,, ચીમનલાલ હાલાભાઇ | અમદાવાદ | ૭૨ | | ૩ |

### ધોરણ ૩ જું

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મી. દુલ્લભદાસ કાલીદાસ | માંગરોળ | ૮૦ | રૂ. | ૩૫ |
| ૨ | ,, જસરાજ ખોડીદાસ કોઠારી | પાલીતાણા | ૭૬ | | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | મી૦ હીરાચંદ સુંદરજી શાહ | મેસાણા | ૬૧॥ | રૂ. ૧૫ |
| ૪ | ,, ગુલાબચંદ જુઠાભાઇ શાહ | ,, | ૬૧ | ૬ |
| ૫ | ,, મોતીચંદ હીમચંદ શાહ | પાલીતાણા | ૬૦ | ૪ |

## ધોરણ ૪ થું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મી. શામજી હીરાચંદ દેશાઇ | ભાવનગર | ૭૨ | રૂ. ૪૧ |
| ૨ | ,, કાશીભાઇ વહાલાભાઇ પટેલ. | મહેસાણા | ૫૦ | ૨૫ |
| ૩ | ,, ભીમજી ગુલાબચંદ શાહ. | ,, | ૪૭ | ૧૪ |

## ધોરણ ૫ મું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મી. બેચર જીવરાજ | બનારસ | ૬૦ | રૂ. ૬૫ |
| ૨ | ,, મોહનલાલ અમરશી | રાજકોટ | ૫૭ | ૩૦ |

અને આ પરીક્ષાને અંગે થયેલ પરચુરણ ખર્ચ એજ્યુકેશન બોર્ડ તરફથી આપવામાં આવ્યો છે. આ પરીક્ષાની બાબતમાં યોગ્ય ગોઠવણ કરવા માટે બાર મેમ્બરોની પેટા કમીટીની થયેલી નીમણુંક બોર્ડે બહાલ રાખી હતી. તે કમીટીના સર્વ મેમ્બરોએ અને ખાસ કરીને તેના ઉત્સાહી સેક્રેટરીઓ મેસર્સ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા તથા મી. નાનચંદ માણેકચંદ મ્હેતાનો તેમજ પરીક્ષકોનો બોર્ડ આભાર માને છે. સદરહુ પરીક્ષા મુંબઇ તેમજ બહારગામમાં બહુ લોકપ્રીય થઇ છે. તા. ૭--૧૦--૧૦ ના રોજે રા. રા. ઉમેદચંદ બરોડીઆએ રાજીનામું આપવાથી તા. ૮--૧૦--૧૦ ના રોજની મીટીંગમાં તે પાસ કરી તેમની જગ્યાએ રા. રા. સાકરચંદ માણેકચંદ ધડીઆળીને નીમવામાં આવ્યા હતા. અને તેમને બીજા વર્ષની પરીક્ષાનું કાર્ય શરૂ કરવા પત્ર લખી જણાવ્યુ હતું.

ધાર્મિક શિક્ષણ ક્રમની તથા સ્ત્રી પુરૂષ શિક્ષકો તૈયાર કરવાની યોજના માટે નીમાએલી કમીટીનો રીપોર્ટ હજુ આવ્યો નથી.

સં. ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીનું એજ્યુકેશન બોર્ડ ખાતાના હીસાબનું સરવૈયું પરિશિષ્ટ ચ માં આપવામાં આવ્યું છે.

તા. ૨૩-૭-૧૦ ના રોજે મળેલી મીટીંગમાં સ્ત્રી શિક્ષણ અભ્યાસ ક્રમ તૈયાર કરવા એક કમીટી નીમવામાં આવી હતી. તે કમીટી તરફથી અભ્યાસક્રમનો કાચો ખરડો તૈયાર કરી છપાવીને તેની અકેક નકલ મુનિમહારાજો તથા વિદ્વાનોના અભિપ્રાય માટે મોકલવામાં આવી હતી. બધા તરફથી અભિપ્રાય આવ્યા બાદ ફરીને પેટા કમીટીની એક મીટીંગ બોલાવી હતી. બધા અભિપ્રાયો ઉપર પુરતું ધ્યાન આપી અભ્યાસ ક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. બાદ કમીટીનો રીપોર્ટ અભ્યાસક્રમ સાથે એજ્યુકેશન બોર્ડ ઉપર મોકલવામાં આવ્યો છે.

આ વર્ષે બીજી કેટલીક યોજનાઓ હાથ ધરવા ઇચ્છા હતી. પણ જોડીઆ સેક્રેટરી મી. મનસુખલાલ કીરતચંદ મહેતા પોતાની સાંસારિક અગવડોને લીધે તેમજ માંદગીને લીધે મુંબઇ આવી શકયા નથી. તેથી નવીન યોજનાઓ હાથમાં લઇ શકાણી નથી. ચાલુ પત્ર વ્યવહાર વગેરે કામ નિયમીત ચાલ્યા કરે છે. બોર્ડની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લઇ કોનફરન્સ ઓફીસના કારકુનને બોર્ડનું કામ સોંપવાની હા પાડવાથી બોર્ડને માથેથી એક બોજો ઓછો થયો છે, તે સંબંધમાં કોનફરન્સ ઓફીસનો આભાર માનવામાં આવે છે.

આ પ્રસંગે બોર્ડના સર્વ મેમ્બરોને અને આ રીપોર્ટ જેમને ઉદ્દેશી લખ્યો છે તે સર્વ બંધુઓને ખાસ વિનંતી કરવાની જરૂર લાગે છે. કેળવણી જેવા મહત્વના વિષયમાં આપણે હવે બહુ જાગૃત થવાની જરૂર છે. કેળવણી એ કોમનું જીવન છે. આપને વારંવાર જણાવવાની કે કહેવાની જરૂર નથી કે કેળવણીનો એક સવાલ હાથ ધરવાથી આપણે કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ પાર પાડી શકીશું. અનેક સવાલો હાથ ધરવા માટે આપણે તૈયાર થઇએ તેમાં આપણી શકિતનો વ્યય બહુ થાય છે અને અનેક હેતુને પુરતો ન્યાય આપી શકાતો નથી, તેને બદલે કેળવણીનેજ હાલ જો આપણું કેંદ્ર બનાવીએ તો બહુ કાર્યો તેના અનુસંધાનમાં થઇ જશે, પરિણામે બંધુઓ પોતાની ફરજ સમજતા શીખશે, અને તેવી રીતે તયાર થયેલા બંધુઓ અનેક ખાતાને પુરતો ન્યાય આપી શકશે. હાલ આપણે થોડા સાધનોથી કામ લેવાનું છે તેથી આ મહત્વની બાબતને ઉપાડી લેવા ખાસ વિનંતી છે. આપણી કોનફરન્સનું દ્રષ્ટાંત લઇ લુહાણા બંધુઓ પોતાની પ્રથમ બેઠકમાં કેળવણી માટે ચાર લાખ રૂપિયા એકઠા કરી શકયા છે, આપણે તેનું અનુકરણ કરી હાલ કેળવણીનો સવાલ ઉપાડી લેવાની જરૂર છે, આપણી કોમ દેશના વધારા સાથે આગળ વધે, આપણે સર્વ બાબતોમાં આગળ વધી શકીએ અને આપણા ખાતા બરાબર જળવાઇ રહે તેટલા માટે આ સવાલ ઉપર હવે પુરતું ધ્યાન આપવાની આવશ્યકતા છે. એમ સ્વીકારી એ ખાતાને નવપલ્લીત કરવા અને બોર્ડના મેમ્બરોને અનેક કાર્યો કરવાના છે તેને ઉત્સાહ આપવા આપ તેને ધનથી સીંચન કરવા જરૂર ચુકશો નહિ એ અતિ આગ્રહપૂર્વક વિનંતી છે, અને કોન્ફરન્સ આઠમાં અધિવેશન વખતે તે પાર પાડવા સંપૂર્ણ આશા છે એટલુજ સૂચવી બહારગામના મેમ્બરોએ સલાહથી અને મુંબઇના મેમ્બરોએ વારંવાર હાજરી આપી બોર્ડના કાર્યને જાગૃત રાખ્યું છે તેમાટે તેમનો આભાર માની અત્ર વિરમવાની રજા લેવામાં આવે છે.

**મોતીચંદ ગીરધરલાલ કાપડિયા.**
**મનસુખલાલ કીરતચંદ મ્હેતા.**
સેક્રેટરીઓ.

**કલ્યાણચંદ શોભાગચંદ.**
પ્રમુખ.

## પરિશિષ્ટ અ

### એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે લખેલી પાઠશાળાઓને સંવત ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં મદદ અપાણી છે.

| ગામ. | નામ. | બોર્ડ તરફથી. | કોન્ફરન્સ ઓફીસ તરફથી. | કુલ. |
|---|---|---|---|---|
| ૧ અમદાવાદ | શ્રાવિકા ઉદ્યોગશાળા રૂ. | ૨૮૦ | ૦ | ૨૮૦ |
| ૨ સુરત | રત્નસાગરજી જૈન પાઠશાળા | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૩ મુંબઈ | માંગરોળ જૈન કન્યાશાળા | ૨૭૦ | ૦ | ૨૭૦ |
| ૪ ,, | શાંતિનાથજી પાઠશાળા | ૧૪૦ | ૫૦ | ૧૯૦ |
| ૫ અમરેલી | પાઠશાળા | ૩૬ | ૦ | ૩૬ |
| ૬ કુંડર | ,, | ૫૩ | ૫ | ૫૮ |
| ૭ ચોટીલા | ,, | ૪૬ | ૪ | ૫૦ |
| ૮ ઝીંઝુવાડા | ,, | ૩૩ | ૩ | ૩૬ |
| ૯ તણુસા | ,, | ૪૨ | ૦ | ૪૨ |
| ૧૦ દહેગામ | ,, | ૪૬ | ૪ | ૫૦ |
| ૧૧ બોરસદ | ,, | ૧૨૨ | ૮ | ૧૩૦ |
| ૧૨ બોટાદ | ,, | ૮૨ | ૭ | ૮૯ |
| ૧૩ મહુધા | ,, | ૪૪ | ૪ | ૪૮ |
| ૧૪ રાધનપુર | ,, | ૧૫ | ૫ | ૨૦ |
| ૧૫ લીંબડી | ,, | ૫૦ | ૫ | ૫૫ |
| ૧૬ લાઠીદડ | ,, | ૯ | ૩ | ૧૨ |
| ૧૭ વીંછીઆ | ,, | ૨૬ | ૨ | ૨૮ |
| ૧૮ સાદરી | ,, | ૪૮ | ૮ | ૫૬ |
| ૧૯ સાણંદ | ,, | ૪૩ | ૪ | ૪૭ |
| ૨૦ સરધાર | ,, | ૧૪ | ૨ | ૧૬ |
| ૨૧ વળા | ,, | ૪૨ | ૪ | ૪૬ |
| ૨૨ જસપરા | ,, | ૧૨ | ૨ | ૧૪ |
| ૨૩ રાણપુર | ,, | ૧૨ | ૪ | ૧૬ |
| ૨૪ ધોરાજી | ,, | ૩૫ | ૫ | ૪૦ |
| ૨૫ ખુંટવડા | ,, | ૨૮ | ૪ | ૩૨ |
| ૨૬ વત્રા | ,, | ૬ | ૩ | ૯ |
| ૨૭ સુડા | ,, | ૪૬ | ૪ | ૫૦ |
| ૨૮ સરદારગઢ | ,, | ૨ | ૦ | ૨ |

| ગામ. | નામ. | બોર્ડ તરફથી. | કોન્ફરન્સ ઓફીસ તરફથી | કુલ. |
|---|---|---|---|---|
| ૨૯ મહુડી | પાઠશાળા. | ૬ | ૩ | ૯ |
| ૩૦ ભાણવડ | ,, | ૯ | ૩ | ૧૨ |
| ૩૧ સમી | ,, | ૪૬ | ૪ | ૫૦ |
| ૩૨ લીંચ | ,, | ૫ | ૦ | ૫ |
| ૩૩ જેસર | ,, | ૧૫ | ૦ | ૧૫ |
| ૩૪ ચોકડી | ,, | ૨૨॥ | ૦ | ૨૨॥ |
| ૩૫ મંદસોર | ,, | ૨૮ | ૦ | ૨૮ |
| ૩૬ તળાજા | ,, | ૫ | ૦ | ૫ |
| ૩૭ રામપુરા | ,, | ૦ | ૨ | ૨ |
| ૩૮ ત્રાપજ | ,, | ૫૨ | ૦ | ૫૨ |
| ૩૯ ઊંઝા | ,, | ૫૫ | ૮ | ૬૩ |
| ૪૦ છત્રાસા | ,, | ૪ | ૦ | ૪ |
| ૪૧ મ્હેસાણા | ,, | ૦ | ૪૦ | ૪૦ |
| | | ૨૨૪૯॥ | ૨૦૦ | ૨૪૪૯॥ |

પુના કોન્ફરન્સ પછીથી તે સંવત ૧૯૬૬ ના આસો વદ ૦)) સુધીમાં રૂા. ૨૪૪૯॥ પાઠશાળા ૪૧ ને મદદ આપવામાં આવી, પણ તેમાંથી મહુડી પાઠશાળા નહીં ચાલતી હોવાથી રૂા. ૯ પાછા મંગાવી લીધા તે તથા ચોટીલાની પાઠશાળાને તા ૨૬-૮-૧૦ ના રોજે રૂા. ૬ માસ એપ્રીલ, મે, જુનની મદદના મોકલ્યા હતા તે પાઠશાળા બંધ થવાથી પાછા આવ્યા છે.

## પરિશિષ્ટ વ

### એજ્યુકેશન બોર્ડનું સા. ૧૯૬૬ ના આસો વદ ૦)) લગીનું સરવૈયું.

| જ | ઉ |
|---|---|
| ૩૧૬૧-૯-૩ એજ્યુકેશન બોર્ડને કોન્ફરન્સ ઓફીસ તરફથી સુકૃત ભંડાર ફંડમાંથી અડધા હીસ્સાના મળ્યા. | ૪૧૦-૭-૩ શ્રી કોન્ફરન્સ ઓફીસ ખાતે. |
| ૫૦૦-૦-૦ શ્રી ધાર્મિક પરીક્ષા ખાતે જમા શેઠ હેમચંદ અમરચંદ તરફથી મળ્યા તે. | ૫૫૩-૦-૩ શ્રી ધાર્મિક પરીક્ષા ખાતે |
| ૭૪૫-૪-૯ શ્રી કેળવણી ખાતાના વધેલા મળ્યા તે | ૪૫૨-૦-૦ સને ૧૯૦૯ ના ડીસેમ્બરની તા. ૨૬ મીએ પરીક્ષા લીધી હતી તેમાં ફતેહમંદ નીવડેલા વિદ્યાર્થીઓને ઇનામના આપ્યા |
| ૫૦૫-૦-૦ શ્રી નીરાશ્રીત ખાતેથી માસ ૫ સુધી રૂા. ૧૦૧ મુજબ મળ્યા. | |

૨-૩-૦ શેઠ ફીલાભાઇ ગમાનચંદ જાવદવાળાની જાન આવવાથી એ.વેલા.
૨૩૬-૩-૬ ઉઘરાણીના આવ્યા ( પૂના કોન્ફરન્સ વખતે કહેલા. )

૫૧૫૦-૪-૬

૧૦૧- ૦-૩ પરિક્ષાને અંગે હેન્ડબીલો. પ્રમાણ પત્રો, પોષ્ટેજ વિગેરે ખર્ચના થયા.

૫૫૩-૦-૩

૪૦૨૩-૧૦-૩ એજ્યુકેશન બોર્ડ તરફથી મદદ અપાણી તથા ખર્ચ થયો તેની વિગત નીચે મુજબ.

૧૩૭૮- ૪-૦ શ્રી સ્કોલરશીપ ખાતે.
૨૪૩૪ -૮-૦ શ્રી પાઠશાળાઓને મદદ.
૩૩-૧૨-૩ શ્રી કોરસપોન્ડન્સ ખાતે.
૦-૧૩-૬ શ્રી ઘટ ખાતે.
૩૫ -૮-૦ શ્રી પરચુરણ ખર્ચ.
૪૨-૧૦-૬ શ્રી મનીઓર્ડરના કમીશન ખર્ચ
૧૬ -૦-૦ શ્રી પગાર ખર્ચ
૩-૧૫-૦ શ્રી સ્ટેશનરી ખર્ચ.
૭૮ -૩-૦ શ્રી છપામણી ખર્ચ.

૬૦-૦-૦ ધાર્મિક તથા નૈતિક શિક્ષણના અભિપ્રાયની ૧૮૦૦) બુક છપાવી તેના.
૧૮-૩-૦ કવર, લેટરપેપર, કયાર્ડ, ફૉર્મો, હેન્ડબીલો વિગેરે છપાવ્યા તેના

૭૮-૩-૦

૪૦૨૩-૧૦-૩
૬૬૩-૨-૯ શ્રી પુરાંત જણસે.
સં. ૧૯૬૬ ના આસો વદ ૦]]

૫૧૫૦-૪-૬

॥ श्री ॥

# हमारा प्रेम.

( लेखक झमकलाल रातडिया, प्रतापगढ–मालवा.)

'प्रेम' शब्द छोटासा होनेपरभी ऐसा मनोहर और गंभीर है कि उसकि व्याख्या पूर्ण तौरसे नहिं हो सक्ती, परन्तु इस शब्दका महत्व कैसा है यही सिर्फ बतलानेके लिए पाठकोंको यह एक छोटासा लेख भेट करता हूँ.

यह संसार समुद्र ऐसा है कि इस विषयका विचार करने और शुद्ध हृदयसे अपने पूज्य शास्त्रोका पठन करनेसे जो परस्पर के विचार उत्पन्न होते हैं उन सबका सार मात्र एक 'प्रेम' शब्दमें समावेश होता है. अब विचारना यह है कि इस 'शब्द' के बिगेर दुनियाका कार्य चल सक्ता है या नहिं ?

पहले जब इन्सान यानि मनुष्यका जन्म होता है उसही वक्तसे सांसारिक जिम्मेदारियां उसके उपर लागु हो जाती है, जब वह शनैः शनैः उपदेशानुसार एवम् शिक्षानुसार ज्ञानाज्ञानका विचार करता है अथवा अपने नफे नुकसानका जब उसको ज्ञान होजाताहै और रीति अनुसार गृहस्थाश्रमका भार अपने उपर लेता है तब उसको इस 'प्रेम' शब्दका ज्ञान होता है. यानि तब वह 'प्रेम'का महत्व समझता है, यहांपर ध्यान रखना चाहिए कि 'प्रेम' का अर्थ कोई लाम्पट्यताका नहिं है, बल्कि यह एक गहन विषय है.

'प्रेम'के बिगेर यह दुनिया एक क्षण मात्र नहिं ठहर सक्ती, आप अपने दिमागके दूसरे विचारों को थोडी देरके लिए अलग रख दिजिए. और मात्र एक 'प्रेम' शब्दकों अपने मगजमें स्थान दिजिए–अव्वल 'प्रेम' बिगेर संसारकि उत्पतिही नहिं है. दूसरा 'प्रेम' बिगेर क्षण भरभी यह संसार नहिं चल सक्ता (प्रेम मात्र मनुष्यमेंही है ऐसा नहिं परन्तु जितने जीव है उन सबमें समझना चाहिए) क्योंकि जब पुरुष और स्त्री एवम् नर व नारीमें जहांतक 'प्रेम' न हो गर्भ नहिं ठहर सक्ता, और जब गर्भोत्पति हूइ तो 'प्रेम' बिगेर उसका रक्षण नहिं हो सक्ता, और जब रक्षण हूवा तो 'प्रेम' बिना उसका पोषण नहिं हो सक्ता, इसही तरह जन्मसे लगाकर मरण पर्यन्त 'प्रस्पर प्रेम' बिगेर क्षणभरभी कोइ कार्य नहिं हो सक्ता.

'प्रेम' में जितना महत्व है वह आजकलके नइ रोशनी वाले नहिं समझ सक्ते. 'प्रेम' में जितना गुण है वह आजकलके ऐनकबाज उसका उपयोग नहिं कर सक्ते, और पुरानी लकिरके फकिर तो ढोलकि पोलमे ही अपनि तान लगा रहे हैं. मगर आधुनिक 'प्रेम' तो ऐसा हो गया हें कि जैसे इखमेसे रस निकाल लिया जाता है और फिर जैसा रसहिन (फिका) छिलका रहजाता है उसहिके मानिंद है। यदि अर्वाचिन सुधारक गण 'प्रेम' का सच्चा महत्व समझने लगें तो आज असंख्य रुपिया सभा सोसायटी एवं उपदेशकों मे खर्च हो रहा है वह नहिं होकर 'ज्ञानदान' 'जीव दान' आदि अनेक सद्‌कार्योंमें उसका उपयोग होने लगे. यदि 'प्रेम' का सच्चा गुण समझने लगे तो वकिल बैरिस्टर, कोर्ट आदिमें जो तिर्थस्थानका सहस्रों रुपिया व्यय होकर दुरुपयोग होता है. वह न हो, और ऐसा न होनेसे, भ्रातृभावकि जगह शत्रभाव, 'अहिंसाके बदले हिंसा,' सम्पकि जगह कुसम्प, और न्यायके बजाए अन्याय होकर हजारों खराबियां पेदा होती है।

यदि प्रेमका महत्व व गुण समझकर प्रत्येक शिक्षित पुरुष स्त्री अपने २ कार्यमें प्रवृत हों तो आजही "कुसम्प" महात्माको अपना बिस्तर उठाकर चलदेना पड़ेगा, और घोर निद्रामें पडी हुइ जैन जातिको 'फुटका' कलंक लग रहा है, सहजमेंही मिट जायगा.

यदि कोइ महाशय प्रश्न करें कि क्या जैन जाति अभी निद्रावश है, और है तो फिर कान्फरंस, एसोसियेशन एवम् जैन समितिका जो झन्डा भारतवर्ष में उड़ रहाहै, तो क्या निरा तमाशाही है? ऐसे महाशयकों ज्ञात रहेकि कान्फरंस, एसोसियेशन एवम् जैन समिति अभी बाल्यावस्थामे है और अपनी कोमल निद्रासे आंखे मलमलाकर उठे जरुर हैं. पर समयपर जो इन बालकोंको इनके माता पिता सुशिक्षा और सद्‌मार्ग एवम् 'प्रेम' का महत्व नहिं बताएंगें तो इन होनहार बालकोंको ऐसा धक्का लगेगा कि इनके जन्म पर्यन्त सुधरनेकी आशा नहिं रहेगी, और कर्त्तव्य विमुख माता पिताओंको घोर अपराधका भागी होना पडेगा, इतनाहि नहिं बरन् महा अनर्थ हो जायगा, और जो 'अहिंसाका झन्डा' जैन जातिके प्रभावसे खडा है अपने स्थानसे डिगमगाने लगेगा, और जो २

नइ प्रथाऐ आजकल प्रवृत्त हो रही है. जैसे 'विधवा विवाह' आदि शीघ्रही इन 'प्रेमहिन' के दिलमें अपना स्थान जमा देगी, और 'कुसम्प' महात्मा अपना पक्का निवास भवन बनालेगें, फिरतो इनकों तोपोसे भी हठाना मुश्किल हो जायगा.

"यदि आप संक्षेपसेही अपने शास्त्रानुसार प्रेम का गुण व महत्व समझ कर अपने कर्त्तव्य में प्रवृत हो जाय तो अभी बहोत कुछ सुधारा होसक्ता है, और जब सच्चा प्रेम एक दूसरे के दिलमें जमा देगा तो सहजही में आप वह तरक्की करसकेंगें के आपकि ज्ञाति व धर्मका डंका दूनिया भरमें विजय प्राप्त कर लेगा. क्योंकि अपने महर्षि पितामह श्री वीर प्रभुने व शुभेच्छक आचार्योंनि अपने धर्मके ऐसे कायदे—Rules—संगठित किये हैं कि ऐरे गेरे उनके आगे मुंह नहिं बता सक्ते."

अब कोई महाशय 'प्रेम' को एक दूसरेके दिमागमें जमानेका रास्ता पुछें तो में अपनी अल्प बुद्धि अनुसार एक सुगम मार्ग बतलाता हूँ. यानि कान्फरंस अथवा सभा सोसायटी के जल्सेमें जो सालाना लक्षों रुपये व्यय होते हैं वो एक साल तक जल्से बंध करके वह रुपये एक जगह एकत्रित करके दस हजार रुपयें में एक प्रेस खरिद लिया जावे. और बाकि रुपेऐसे व्यापार में लगा दिया जावे कि जिसकी आमदनी फि सेंकडा दो रुपये महिनासे कम न हो, उस आमदनीसे एक बडा भारी जैन—गजत चलाया जावे, और वह पेपर बिनामूल्य (केवल डाकव्यय लेकर) प्रत्येक जैनोंके घरमे पहोंचाया जावे, और सालाना किसी तिर्थस्थल पर सिर्फ विद्वान महर्षि एकत्रित होकर प्रस्ताव पास करदें. वेही प्रस्ताव व उत्तेजना पूर्ण अच्छे २ विद्वानोंके असरकारक लेख उक्त पत्रमे प्रकाशित कराये जावें, इससे निःसन्देहं अतुल्य लाभ प्राप्त होगा. क्योंकि जल्सेमें तो सिर्फ ३ दिनकि लेकचर बाजी मेही लक्षों रुपये व्यय होजाते हैं. और फिर उस जल्से में पास हुवे ठहराव प्रत्येक जैनीके पास नहिं पहोंच सक्ते, और इस कार्यके चलानेसे आपके समय समय के विचार हमेशा प्रत्येक जैनको मालुम होनेसे 'प्रेम' का सच्चा महत्व व गुण समझमें आजायगा—फिर तो बुद्धिमान एवम् विद्वानोंका विचार हो सो सही, मेरी अल्प बुद्धि पर ख्याल न करें; किमधिकम् विज्ञेषु. ।

J. L. **Ratadiya.**

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्रीजैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतयक्षदोषशुद्धिमुदितां दीक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ માર્ચ સને ૧૯૧૧. [અંક ૩.

## HOLY KELASH MOUNT AND SIMLA DISTRICT.

( *Parbhu Dayal Jaini, Tahsildar, Kalkhai Dt. Simla—Punjab.* )

One can easily reach Kalka by E. I. Railway. Kalka is a small town containing a population of about 5,000. There is a newly built Jain temple at Kalka.

Panjore is 4 miles from Kalka by mettled road. This is an old town in ruins but now contains only 10 shops and about 40 huts. There is an old large well and tank called Dharu Chatter. Where 10 thousand men gather from Besakh Badi 15 to Besakh Sudi 3 to purify themselves in the sacred waters annually. There are many old broken Jain images of large and small sizes scattered here and there found in old ruins, which clearly proves that Jainism was once in full force here.

Panjore garden has been laid out on the natural slope of the ground in six separate and successive terraces one below another. A canal about ten feet wide of the clearest water runs through the centre. In this there is a line of fountains extending from the entrance to the end, abundantly supplied with water from the hills above, which flows through the canal and falls in chuddurs or broad cascades from terrace to terrace. Behind these crystal curtains there are recesses for lamps which are lit during nights of festivity, similar lines of fountains branch off on the right and left to other parts of the gardens. In the centre is an artificial tank and in the middle of it a small mahal or palace surrounded with fountains which during the hot months must be a delicious recreate. A profusion of roses with other flowers, shrubs and handsome trees ornament this beautiful spot. The gardens of shalamar Lahore, Taj Mahal of Agra, Secundra, Sir hind have perhaps equalled this in profusness of bloom or gracefuliness of arrangement but this surpasses them in the charms which nature herself has bestowed upon it, the garden deserves a visit.

Following is the rough measurement of the Panjore Garden:—

| | | | |
|---|---|---|---|
| From the entrance to the first | fall | ... 112 | paces. |
| ,, | second ,, | ... 100 | ,, |
| ,, | third ,, | ... 117 | ,, |
| ,, | fourth ,, | ... 136 | ,, |
| ,, | fifth,, ,, | ... 76 | ,, |
| ,, | sixth ,, and end | 100 | ,, |

Width of the garden beyond the Mahal 386 paces. The gardens were made by some Mohamaden kings bnt now are in the possession of Maharaja Bhupindra Singh of Patiala.

From Kalka to Simla railway journey is very interesting and one can see the Engineering skill displayed in bringing the heavy railway to the mountains where men on foot were unable to walk

Katgarh is a big town and has a splendid Bazar, Mission Compound, Church, few beautiful gardens and hotels. Few European Missionaries live there.

The view at Bangalow and Tahsil building Katgarh is magnificient. On one side looks the green lofty mountains and Khumarsain and on other side Sutlaj 4,000 feet below at a distance of 5 miles And on the third side you will see snow covered mighty Hemalyas peaks. It is upon the slope of Wartoo mountain.

The natives of this hill country are fair in complexion. Though generally short in stature the women are very beantiful, handsome and valuptuous.

They have cheeks like apples, large dark blue eyes like antilopes and nose like parrot. Their colour is reddish white. Their faces are bright and trausparent and their charms are beyond any parallel. In short all of their features are so fault less in their style of beauty that nothing could be compared therewith.

The women of higher castes wear golden nath or nose ring while the lower castes are allowed only to wear silver nath.

The least harsh word to a woman often induces her to commit suicide at once and many resort to it from family quarrels, oldage, poverty and disease.

An extraordinary custom is prevelent amongst these mountaineers specially in low castes the origin of which it would be very difficult to trace. It is usual for a woman to have three, four and even five husbands at a time.

The dress of both saxes is nearly the same. It always consists of a drab coloured shirt and frock of woolen cloth called swklat and trousers of the same material some of them dress in large woolen wrappers which they put on in such fashion as makes the lower part to form a petticoat. The women instead of

cap wear a piece of cloth about the head and twist their hair into one immense long plait the end of which is ornamented with slips of coloured c'oth. All agricultural labour with the exception of ploughing is done by the females. Both sexes of every age are passionately fond of flowers &. wear garlands of flowers suspended from their caps round their necks.

Datnagar is 12 miles from Katgarh and is a large village on the Sutlaj elevation 3,200 feet.

Rampoor is 8 miles from Datnagar elevation 3,398 feet.

Rampoor is the capital of the Busher State and rests upon the left bank of the Sutlaj at the distance of a stone cast.

Rampoor is a big commercial town and has a large bazar and splendid Rajas, palaces. An iron bridge is newly made on the Sutlaj. There are three Hindu Temples of Seeta Ram, Nursing and Salig Ram and one Budhist temple.

Gaura is 8 miles from Rampoor, Sarahan is 10 miles from Gaura elevation 7,248 feet, The path is upon an enormous slope of decomposing Mica Slate, Sarahan is the summer residence of the Raja of Busher and is pleasently situated on a wooded ridge from the Himalaya which sweeps down into Sutlaj three miles distant. There is a temple of Kalee where human sacrifices were offered in former times, but have been discontinued since the British came to the mountains.

At the distance of three miles there are Agan Kunds or hot springs near the bed of the Sutlaj. They are nearly 4,000 feet below. They issue from the side of a dell through which an impetuous steam rolls, about half a mile from the Sutlaj. This torrent forms a fine cascade bounding over a narrow rent in a mass of Gneiss and falling about 40 feet. The springs are five in number and are all within the length of fifteen paces. The principal one gushes from beneth a projecting rock close to the water fall and runs into a small artificial well of Mica slate which has been made for pilgrims to bath in. The water is clear,

hot, smoking, and has a saline taste but no smell. The spot from whence it issues is thickly incrusted with a white salt.

The pebbles it passes over are Mica Slate which it coats with a ferruginous matter.

Taranda is 13 miles from Sarahan; Nachar is 10 miles from Taranda. Wangto Bridge over the Sutluj is 4 miles from Nachar.

Orni village is 11 miles from Wangto Bridge.

Rogi is 10 miles from Orni and is 9100 feet above the sea level.

*Kelash mount* is nearly three miles from Rogi and can be seen from Rogi.

It is always covered with snow. Kelash is 21,000 feet above sea level.

Owing to snow and height no one can mount the Holy mount Kailash. If we see at dawn and clear whether by Telescope a thing like stone wall and dome at a distance can be seen. People and shepherds say that sometimes music and drums are heard. It is possible that cracking of snow seems like drums-many stories of this holy place are told. *It is the Holy place where Our Lord of Lords first Tirthankar Shree Rishab Deva, Son of Maharaja Nabhe Rai attained Salvation.*

The Brahmins and Vaishnus worship this place as the abode of Mahadeva or Shib Shanker. We can go round the Holy Kailash from some distance and can make a Parikrama. There is a forest attached to it called Kailash range.

A traveller can go up to Shipki a large village, beyond that Tibet Territory under Emperor of China begins and no one is allowed to penetrate into it without permission.

The Jains should visit this holy Kelash during May, June and July. The climate is healthy and good. The holy mount Kelash is always covered with white snow.

# મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત જ્ઞાનસાર સૂત્રનીચોળ.

લેખ —સન્મિત્ર કર્પૂરવિજયજી.

## પુર્ણાનંદ—અષ્ટક. ૧.

૧ જેમ ઇંદ્ર જેવી સાહેબીનાં સુખમાં મગ્ન થયેલા માનવ સર્વને સુખી લેખે છે તેમ શુદ્ધ જ્ઞાનાનંદથી પૂર્ણ પુરૂષ સમસ્ત જગતને સંપૂર્ણ (આનંદમય) દેખે છે.

૨ પર ઉપાધિથી માની લીધેલી પૂર્ણતા પારકાં—માગી આણેલાં ઘરેણાં જેવી કારમી છે, ત્યારે સત્ય સ્વાભાવિક પૂર્ણતા તો જાતિવંત રત્નની કાંતિ જેવી જાચી–અવિહડ છે

૩ વિકલ્પો વડે કલ્પી લીધેલી પૂર્ણતા સમુદ્રનાં મોજાંની જેવી ખાલી–ખોટી છે, ત્યારે સાચી સ્વાભાવિક પૂર્ણતા–સહજાનંદ મગ્નતાતો શાંત મહાસાગરની જેવી નિશ્ચળ છે.

૪ તૃષ્ણાનો ઉચ્છેદ કરવા સમર્થ સમ્યગજ્ઞાન દૃષ્ટિ જેને જાગૃત થઇ છે. એવા સહજાનંદીને દીનતાતો રહેજ શાની? આત્માનંદીને પર સ્પૃહા હોયજ નહિ.

૫ લોભાંધને જે રૂચે તેનીજ ઉપેક્ષા કરવી તેનું નામજ પૂર્ણતા છે, તેવા પૂર્ણાનંદ રૂપ અમૃતથી તત્ત્વજ્ઞોની દૃષ્ટિ સ્નિગ્ધ [સ્નેહાળ] હોય છે.

૬ ઉપાધિથી મુક્ત હોય તે પૂર્ણતા પામી શકે છે, અને ઉપાધિગ્રસ્ત હોય તેતે પૂર્ણતાથી રહિતજ રહે છે, એવો આ પૂર્ણાનંદનો સ્વભાવ લોકોને તાજૂબ કરે તેવો છે

૭ પરને પોતાનું માની મત્ત થયેલા રાજાઓ અસંતોષથી ન્યૂનતાનેજ નિહાળનારા હોય છે. તેઓ ગમે તેટલી ઋદ્ધિથીજ ધરાતાજ નથી. આથીજ તેઓનાં પરસ્પર યુદ્ધ કલહાદિ અને કશઃ પ્રભવે છે. પરંતુ સહજ આત્મ સુખ સંતોષી સંતને તો ઇંદ્રથી પણ કોઇ રીતે ન્યુનતા રહેતી નથી.

૮ શુભ ધર્મ ક્રિયામાં અરૂચિપણું આવવા રૂપ અંધારા પક્ષનો અંત થયે સતે અને પવિત્ર ધર્મ ક્રિયામાં રૂચિ પ્રગટવા રૂપ શુકલ પક્ષ શરૂ થયે સતે પૂર્ણાનંદ ચંદ્રની સકળ કળા પ્રકટપણે દેખાય છે. પૂર્ણાનંદ કામીને પવિત્ર ક્રિયાકાંડમાં પૂર્ણ રૂચિ ધારવી જરૂરની છે. પૂર્ણ રુચિપૂર્વક કરવામાં આવતી પવિત્ર ક્રિયા પૂર્ણ આનંદ [લહેજત] અર્પે છે.

## મગ્નતા–અષ્ટક ૨.

૧ સર્વ ઇંદ્રિયોને દમીને અને મનને સ્થિર કરીને જ્ઞાન માત્રમાં વિશ્રાંતિ લેનાર મહાત્મા સ્વરૂપ મગ્ન થયેલો કહેવાય છે.

૨ અનંત જ્ઞાન અમૃતથી પૂર્ણ પરમાત્મામાં જેને લગન (લહે) લાગી છે તેને બીજી વાત કરવી હલાહલ ઝેર જેવી લાગે છે.

૩ સ્વાભાવિક સુખમાં મગ્ન થયેલા અને જગતના યથાર્થ સ્વરૂપને સમજનારા પુર્ણ જ્ઞાનીને પરભાવનું કરવાપણું હોયજ નહિ. તેમને તો કેવળ શાક્ષીપણું [તટસ્થપણું] જ હોઇ શકે. પરભાવમાં અહંતા અને મમતા કરવાથી સ્વભાવની ક્ષતિ થાય છે.

૪ પરમાત્મામાં જેને લગન [લ્હે] લાગી છે તેને પૌદ્ગલિક કથા પ્રિય લાગતી નથી તો પછી તેને લક્ષ્મીમદ કે સુંદર રૂપવંતી સ્ત્રીઓમાં આદર કરવાનો તો હોયજ શાનો?

૫ જેમ જેમ દિક્ષા-વયવધે તેમ તેમ ચિત્તની શુભ લેશ્યા વધારે સુધરી નિર્મળ થાય એમ જે ભગવતી સૂત્ર પ્રમુખમાં કહ્યું છે તે આવા સદ્ગુણી સાધુનેજ લાગુ પડે છે.

૬ જ્ઞાનમાં મગ્ન થયેલને જે સુખ પ્રકટે છે તે વાણીથી વર્ણવી શકાતું નથી. એવું સુખ નથી તો ચંદનના ઘોળ લેપથી સંભવતું, કે નથી સ્ત્રીના સંસ્પર્શથી સંભવતું.

૭ સહજ શાંતિને પુષ્ટિ આપનાર જ્ઞાનના એક બિંદુ માત્રનું પણ મોટું માહાત્મ્ય છે તો તેવા જ્ઞાનામૃતમાં જે સર્વાંગ--સંપૂર્ણ મગ્ન રહે છે તેનું તો કહેવુંજ શું? તેનું સુખ તો નિરવધિજ છે.

૮ જેની અમૃત દૃષ્ટિ કૃપાને વર્ષે છે. અને જેની અમૃતવાણી શાંતિને સિંચે છે તેવા સુજ્ઞાની અને ધ્યાની મહાત્માને અમારો નમસ્કાર થાઓ!

## સ્થિરતા—અષ્ટક ૩.

૧ હે ભદ્ર તું ચંચળ ચિત્તવંત સતો ભ્રમિતની પેરે શામાટે ખેદ વહે છે? ફક્ત ચિત્તને સ્થિર કરવાથી પોતાના આત્મામાંજ રહેલો ગુણનિધિ આપોઆપ પ્રગટ થઇ દેખાઇ જશે. એટલે જો તું સ્થિરતા આદરીશ તો તેના વડે તને સહજ અનેક ગુણ રત્નોની પ્રાપ્તિ થશે.

૨ જેમ ખટાસથી દુધ વિણસે છે તેમ અસ્થિરતાથી ગુણ સત્વનો વિનાશ થાય છે. લોભ વિક્ષોભ વડે જ્ઞાન ગુણ ડોળાઇ જાય છે. સંકલ્પ વિકલ્પોથી જ્ઞાન ગુણનો ક્ષોભ થાય છે, માટે તત્વ જ્ઞાનના અર્થીએ તો અવશ્ય સ્થિરતા ગુણનું સેવન કરવું જરૂરનું છે.

૩ જેમ વ્યભિચારણી સ્ત્રીની વિચિત્ર હાવભાવાદિકની ચેષ્ટા, તેણીને કલ્યાણકારી થઇ શકતી નથી, તેમજ અધર ચિત્તવાળાની પણ વિવિધ ક્રિયા લેખે પડી શકતી નથી.

૪ જયાં સુધી અસ્થિરતારૂપ અંતર શલ્ય દૂર કર્યું નથી ત્યાં સુધી ક્રિયા ઔષધી ગુણકારી થઇ શકતી નથી. અસ્થિરતા રૂપ અંતર શલ્યજ પ્રથમ દૂર કરવા શાણા માણસે સદુદ્યમ સેવવો જોઇએ.

૫ જેમના સર્વ યોગોમાં સ્થિરતા શાંતિ પ્રસરી છે તેવા યોગીશ્વરોને ગામ યા

અરણ્ય, દિવસ યા રાત્રિ, સર્વ સમાનજ છે; તેથી તેમના શીતલ સ્વભાવમાં કંઇ ખલેલ પહોંચતી નથી.

૬ સ્થિરતા રૂપી રત્ન દીપક જો મન મંદિરમાં પ્રકટયો તો પછી વિકલ્પ ધૂમ્રને પેદા કરનારા સંકલ્પ દીપકનું તેમજ મહામલિન આશ્રવોનું પ્રયોજન શું ? કંઇજ નહિ.

૭ જો તું અંતઃકરણથી અસ્થિરતારૂપી પવનની ઉદીરણા કરીશ, એટલે ચિત્તને જોતું ચંચળ કરીશ તો તારી સમાધિ રૂપી ધર્મ મેઘની છટા જોતા જોતામાં વિખરાઇ જશે. અર્થાત્ તેથી સંયમ સમાધિથી ચુકી જઇશ. પાછી તેવી સંયમ સમાધિ સાધવી તને મુશ્કેલ પડશે.

૮ સ્થિરતા રૂપી ચારિત્રને તો શ્રી સિદ્ધભગવાનો પણ ભજે છે. એમ સમજી સંયમ–સમાધિના અર્થે સર્વે યતિ જનોએ સ્થિરતા ગુણને વિશેષે ભજવો જોઇએ.

## મોહત્યાષ્ટક [૪]

૧ 'હું અને મારૂં' એ મોહ રાજાના ગુપ્તમંત્રે જગત માત્રને આંધળું કરી નાખ્યું છે. તે મંત્રની પહેલાં જો એક 'નકાર' ભળેતો 'નહિ હું અને નહિ મારૂં' એવો પ્રતિ-મંત્ર થઇને ઉલટો મોહનો જય કરે છે.

૨ અસંખ્યપ્રદેશી શુદ્ધ આત્મદ્રવ્ય તે 'હું' અને શુદ્ધજ્ઞાન એ 'મારો ગુણ' છે. તે વિના બીજુ કંઇ 'હું કે મારૂં' નથી એવી બુદ્ધિ મોહનો છેદ કરવા તીક્ષ્ણ અસ્ત્ર [ શસ્ત્ર ] જેવી છે.

૩ શુભાશુભના ઉદયાદિક વખતે જેની મતિ મુંઝાતી નથી--અવસ્થિત રહે છે, તે મહાશય આકાશની પેરે પાપપંકથી લેવાતોજ નથી--નિર્લેપ રહે છે.

૪ તત્ત્વ દષ્ટિ પુરૂષ આ સંસાર ચક્રમાં રહયો છતો સ્થળે સ્થળે પરદ્રવ્ય સંબંધી નાટક [પ્રપંચ]ને પેખતો છતો લગાર માત્ર પણ મુંઝાતો નથી. તટસ્થ પણે સર્વત્ર સર્વ વસ્તુને સમ્યગ્ રીતે અવલોકે છે. તેથી તે તેમા લેપાઇ જતો નથી. તેમાં માત્ર સાક્ષીપણાથીજ પ્રવર્તે છે.

૫ વિકલ્પ--પ્યાલાવડે મોહ મદીરા પીઇને મદોન્મત્ત થયેલો પ્રાણી સંસાર ચક્રમાં વિવિધ વિડંબનાનો ભાગી થાય છે. છતાં મૌન્યપણાથી તે દુઃખોથી કંટાળતો નથી.

૬ આત્માનું મૂળરૂપતો સ્ફટિકવત્ નિર્મળ છે, છતાં સાથે લાગેલા ઉપાધિ સંબંધી-થી મૂઢ તેમાં મુંઝાઇ જાયછે. તત્વથી જોતાં પુણ્યપાપ, સુખદુઃખ, લક્ષ્મી, દેહ, કલત્રાદિક સર્વ ઉપાધિરૂપજ હોવાથી તે વર્જ્ય છે. શુદ્ધજ્ઞાન, શ્રદ્ધા અને વિવેકયુક્ત આત્માજ આદરવા યોગ્ય છે.

૭ મોહના ક્ષયથી સ્વભાવિક-શાંતસુખનો અનુભવ થયા છતાં, ખોટા સુખમાં મગ્ન

થએલા મુગ્ધ જીવોને તે વાત કહેતાં આશ્ચર્ય ઉપજે છે. સાચી પણ વાત કહેલી તેમના ગળે ઉતરતી નથી.

૮ નિર્મળ જ્ઞાન દર્પણ વડે સમસ્ત આચાર નિહાળી સ્થાપિત કર્યાથી જેની બુદ્ધિ સુસંસ્કાર પામેલી છે તે નિરૂપયોગી પદાર્થોમાં કેમ મુંઝાઇ જાય? મતલબ કે શુદ્ધ સમજ પૂર્વક સદાચાર સેવી સત્ પુરૂષ નકામાં કાર્યમાં પોતાનો દુર્વ્યય કરતોજ નથી.

## જ્ઞાન-અષ્ટક ૫.

૧ જેમ ભૂંડને વિષ્ટા વહાલી લાગે છે તેમ અજ્ઞાનીને અજ્ઞાનજ વ્હાલું લાગે છે. અને જેમ રાજહંસને માનસ સરોવર વહાલું લાગે છે તેમ જ્ઞાની પુરૂષોને જ્ઞાનજ વહાલું લાગે છે. તેમને અજ્ઞાન કદાપ રૂચતુંજ નથી.

૨ રાગ દ્વેશ અને મોહનો ક્ષય કરનાર અને મોક્ષપદ પમાડનાર એક પદ માત્રનું થોડું પણ સાચું જ્ઞાનજ શ્રેષ્ટ છે. શ્રી વીતરાગ શાસનમાં ઘણા જ્ઞાન માટે આગ્રહ નથી.

૩ જે જ્ઞાનથી આત્માનું સ્વરુપ સારી રીતે સમજાય તેજ જ્ઞાન પસંદ કરવા યોગ્ય છે. બાકીનું જ્ઞાનતો આડંબર માત્ર છે એમ મહાત્માઓનું કહેવું છે.

૪ મિથ્યા-નકામા વાદવિવાદ કરવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. એતો ઘાંચીના બળદની પેરે ઘેરના ઘેર. તત્ત્વ વિચારથીજ તત્ત્વની પ્રાપ્તિ થઇ શકે છે.

૫ આપણે કોણ? આપણા સહજ ગુણ કયા? અત્યારે આપણી શી દશા વર્તે છે? તે કેમ સુધારાય? ઇત્યાદિનો વિવેક પૂર્વક વિચાર કરી સ્થિર ચિત્તથી પુરૂષાર્થ કરવો તે " મુષ્ટિજ્ઞાન " ની મર્યાદા ગણાય છે.

૬ મોહની ગાંઠને ભેદનારૂં સાચું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો વિચિત્ર શાસ્ત્ર બંધનનું પ્રયોજન શું? જો સ્વદષ્ટિથી અંધકારને ભેદી ચોખ્ખુ દેખાતું હોય તો પછી દીપક પ્રગટવાનું પ્રયોજન શું.

૭ નિર્મળ જ્ઞાન રૂપ વજ્રથી શોભિત મુનિ નિર્ભય છતાં શક્ર પેરે સમાધિ (નંદન) વનમાં સુખે વિચરે છે. આવા યોગીશ્વરોજ અદ્યાપિ જીવન મુકત હોઇ શકે છે.

૮ ખરૂં અમૃત, ખરૂં રસાયન અને ખરૂં ઐશ્વર્ય એ જ્ઞાનજ છે એમ બુદ્ધિજનો કહે છે તે સાચું છે.

## ઉપશમ-અષ્ટક ૬.

૧ વિવિધ વિકલ્પોને વમીને, સ્વરૂપ થશે, જ્ઞાનના પરિપાકને પામેલો પુરૂપ ઉપશાંત થયેલો કહેવાય છે. સમતા ભાવિત શાંતરસમાં મગ્ન થયેલા મહાપુરૂષનું આ લક્ષણ છે.

૨ કર્મની વિચિત્રતાને નહિ ઇચ્છનાર. અને આત્મત્વ વડે સર્વ જગત્ જંતુઓને પોતાના આત્મા તુલ્ય લેખનાર સમભાવી કોઇ મહામતિ મોક્ષપદનો ખરેખરો અધિકારી છે.

૩ યોગારૂઢ થવા ઇચ્છનારને બાહ્ય ક્રિયાનો આશ્રય લેવો યુક્ત છે. પણ યોગારૂઢ. થયેલની તો અંતર ક્રિયા કરતાંજ ઉપશમ માત્રથી શુધ્ધિ થાય છે.ધ

૪ સદ્ ધ્યાન યોગે સહજ સ્થિરતા દ્વારા શાંત રસની પુષ્ટિ થતાંજ વિવિધ વિકારો સમૂળગા નાશ પામે છે. પાછા તેવા વિકારો આવા ઉપશાંત મહાપુરૂષને પ્રભાવતા નથી

૫ જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમકિત સહિત સાધુને પણ ઉપશમ વિના વિશેષ ગુણ થઇ શકતો નથી, ઉક્ત ગુણો સાથે ઉપશમ ભળતાં તે સાધુને અપૂર્વ લાભ પ્રગટે છે.

૬ નિરંતર વૃદ્ધિ પામતાં સમતા રસવાળા મુનિની હોડે આવે એવું કંઇપણ જગતમાં નથી. આવા ઉપશાંત મુનિવર જગતમાં અનુંપમ છે.

૭ **સમ્યગ્ જ્ઞાન અને ધ્યાન પરિણિત** શાંત--ઉપશાંત મુનિરાજને **નિરંતર** સમ્યગ્ જ્ઞાન અને ધ્યાનની પરિણતિ બની રહે છે--વિઘટતી નથી. તેવા ઉપશાંત અણગારો જૈન શાસનનાં ખરાં આ ભૂષણ છે. તેમને અમારો ત્રિકાળ ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર હો.

## ઇંદ્રિય જયાષ્ટક (૭)

૧ જો તું સંસાર ભ્રમણથી બીતો હોય અને મોક્ષ પ્રાપ્તિને ઇચ્છતો હોય તો તું ઇંદ્રિયોનો જય કરવા જબરજસ્ત (દૃઢ) પ્રયત્ન સેવ.

૨ તૃષ્ણા જળથી પૂર્ણ ઇંદ્રિય--ક્યારાથી વૃદ્ધિ પામેલા વિકાર વિષ વૃક્ષો ભારે મૂર્છા પેદા કરે છે. વિષય વિકાર સેવનાર કષ્ટ પરંપરાને પામે છે.

૩ સહસ્રી ગમે નદીઓના પ્રવાહથી જેમ જલધિ પૂરાય નહીં તેમ ગમે તેટલા વિષય પરિભોગથી પણ ઇંદ્રિયગણ તૃપ્ત થાય નહિ એમ સમજી સંતોષ ધારણ કર.

૪ સંસારથી વિરક્ત થયેલાને પણ મોહની ચાકરડીઓ એવી ઇંદ્રિયો વિવિધ વિષયના ફાંસામાં ફસાવી દેછે, પછી તેમાંથી છુટવું તેને પણ કઠીન થઈ પડે છે.

૫ વિષય મૂઢાત્મા ધનના માટે દૂર પ્રદેશ સેવી વિવિધ દુઃખ સહે છે. પણ પોતાનીજ પાસે રહેલું શાશ્વત જ્ઞાન ધન જોઈ શકતો નથી. જ્ઞાનજ અક્ષય સુખનું સાધન છે.

૬ જડ લોકો પવિત્ર જ્ઞાનામૃતને તજીને, અત્યંત તૃષ્ણાને પેદા કરનારા ઝાંઝવાનાં જળની જેવી ઇંદ્રિયોના વિષયોમાંજ પરિભ્રમણ કર્યા કરે છે. જેથી પરિણામે મહા ખેદનાજ ભાગી થાય છે.

૭ એક એક ઇંદ્રિયના દોષથી પતંગીયા, ભમરા, માછલાં, હાથી અને હરણીયાં

બાપડાં દુર્દશાને પામે છે. તો દુષ્ટ એવી તે પાંચ ઇંદ્રિયોને પરાધિન થયેલાનું તો કહેવુંજ શું ?

૮ વિવેકને હણનાર અને સમાધિ ધનને પોષનાર એવી દુષ્ટ ઇંદ્રિયોથી જે નથી જીતાયા તેજ ખરેખર ધીર પુરૂષોની પંક્તિમાં ગણવા યોગ્ય છે. બીજા નહીં.

## ત્યાગાષ્ટક. ( ૮. )

૧. સંયમાર્થી સાધુ પુરૂષે શુદ્ધ ઉપયોગ--પિતાનો અને ધૃતિ તૃષ્ટિ, તૃપ્તિ યા ક્ષમા માતાનોજ આશ્રય લેવો જોઇએ. બીજા લૌકિક માતા પિતાનો મોહ તજવોજ જોઇએ.

૨. સંયમાર્થીએ સમ સ્વભાવી શીલાદિક ગુણ--બંધુઓનોજ આશ્રય કરવો જોઇયે, અને બીજા લૌકિક સ્વાર્થી બંધુઓનો રાગ અવશ્ય તજવોજ જોઇયે.

૩. સંયમાર્થીએ એકજ સમતા--સ્ત્રીનો સ્વીકાર કરવો જોઇયે તથા પોતાના સાધર્મીઓનેજ જ્ઞાતિ બંધુ તરીકે લેખવા જોઇયે. બાકીના લૌકિક સંબંધીનો બહુધા પરિચય તજીને અંતર ઉદાર કુટુંબનો આદર કરી શુદ્ધ સંયમ માર્ગ સેવવો જોઇયે.

૪. શુદ્ધ ક્ષાયિક નિર્વિકલ્પ ધર્મ પ્રાપ્ત થયે છતે સરાગ--પ્રશસ્ત પણ ધર્મ છુટી જાય છે.

૫. યથાર્થ આત્મ બોધ વડે આત્મ શિક્ષા શાસન કરવા યોગ્ય ગુરૂતા જ્યાં સુધી પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી આત્માર્થી જીવે ઉત્તમ ગુરૂ મહારાજની સેવા અવશ્ય કરવી યોગ્ય છે. ત્યાં સુધી સુશિક્ષા દાતા સદ્‌ગુરૂથી એક ક્ષણ પણ છુટા થવું યોગ્ય નથી.

૬. શુદ્ધ ક્ષાયક ભાવ થતાં સુધી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર યત્નથી સેવવા યોગ્ય છે. યથાખ્યાત સંપૂર્ણ શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થયે છતે કોઈ પણ પ્રકારના વિકલ્પ કે ક્રિયાની જરૂરજ નથી. વિકલ્પ અને ક્રિયા સહજે છુટી જાય છે.

૭. ઉત્તમ ત્યાગ--વૈરાગ્ય, ઉદાસીનતાથી, મન વચન અને કાયાના વિવિધ યોગનો સર્વથા વિરોધ કરવાથી, આ આત્મા, સત્વ રજો અને તમો ગુણ રહિત નિર્ગુણ બ્રહ્મને પામે છે.

૮. નિર્મળ ચંદ્રની પેરે શુદ્ધ ઉપયોગવાન--ત્યાગી સાધુને સ્વસ્વરૂપ અનંત ગુણથી પરિપૂર્ણ સ્વતઃ ભાસમાન--પ્રતિતિ ગોચર થાય છે.

## ક્રિયા-- અષ્ટક (૯)

૧ જ્ઞાની, ક્રિયારૂચિ, શાંત, ભાવિતમતિ, અને જિતેંદ્રિય એવો આત્મા, પોતે આ ભયંકર ભવોદધિને તરીને પરને પણ તારવાને સમર્થ થાય છે--તારી શકે છે.

૨ ક્રિયા વિનાનું (પાંગળું) જ્ઞાન (માત્ર) કંઇપણ કાર્ય સાધક--ઉપયોગી થઇ શકતું નથી. કેમકે માર્ગનો જાણ છતાં કોઇપણ મન ક્રિયાવિના ઇષ્ટ સ્થાને પહોંચી શકતો નથી.

૩ પૂર્ણ જ્ઞાની પણ પોતે અનુકૂળ ક્રિયા ઉચિત કાળે કર્યા કરે છે કેમકે સ્વયંપ્રકાશી એવા દીપકને પણ દીવેટ અને તેલ પૂરવાદિકની **અપેક્ષા રહે છે.**

૪ ક્રિયાને બાહ્ય ભાવ ઠરાવીને જે નિષેધે છે તે મુખમાં કવળક્ષેપ કર્યા વિનાજ તૃપ્તિ વાંછે છે. જેમ ક્ષુધાતુરને કવળક્ષેપ વિનાતૃપ્તિ વળતી નથી. તેમ ક્રીયારૂચિજ્ઞાનીને ક્રિયા સેવ્યા વિના સરતુંજ નથી. આક્રિયા વાદિતો કેવળ કાયર, સ્વચ્છંદી કે કદાગ્રહીજ છે

૫ ગુણવંતનું બહુમાન કરવાનું અમૂક યાદ કરવાથી. તથા નિષ્કપટ પણે સતક્રિયા સેવાથી ઉત્પન્ન થયેલો ભાવ પડતો નથી. અને નવો ભાવ પણ ઉત્પન્ન થાય છે.

૬ અભ્યાસ રૂપે સેવામાં આવતી શુભ ક્રિયાથી થતિ તને પણ પુનઃભાવ વૃદ્ધિ થાય છે.

૭ માટે ગુણની વૃધ્ધિ માટે અથવા ગુણમાં સ્ખલના નહિં પામવા માટે શુભ ક્રિયા કરવીજ યોગ્ય છે. એક સરખી ગુણની ધારા તો કેવળ વીતરાગનેજ હોય છે, છદ્મસ્થને હોતી નથી. માટે તેણે તેવી શુધ્ધ દશા પામતાં સુધી સતક્રિયાનો અનાદર કરવો યોગ્ય નથી.

૮ શ્રી વીતરાગ પ્રભુનાં વચન અનુસારે સતક્રિયા સેવતાં અંતે અસંગ-ક્રિયાની પ્રાપ્તિ થાય છે. આ અસંગ ક્રિયા, આનંદમય એવી જ્ઞાન અને ક્રિયાની અભેદ ભૂમિ છે.

## તૃપ્તિ—અષ્ટક (૧૦)

૧ જ્ઞાના મૃતનું પાન કરીને, ક્રિયા કલ્પવેલી ફળનું ભોજન કરીને અને સમતા તાંબૂલનો સ્વાદ લહીને મુનિ પરમ તૃપ્તિને પામે છે.

૨ સ્વગુણો વડેજ જો અખંડ અને અક્ષય તૃપ્તિ થતી હોય તો જેનાથી ક્ષણિક અને કેવળ કલ્પિત તૃપ્તિ થાય એવા વિષય—સુખનું જ્ઞાન લોકોને શું પ્રયોજન છે?

૩ કેવળ શાંત રસના આ સ્વાદથી જે અતીંદ્રય સુખની પ્રાપ્તિ થાય છે તે રસનેંદ્રિયદ્વારા ષડ રસના આ સ્વાદનથી પણ થતી નથી. કેમકે એતો કૃત્રીમ હોવાથી કલ્પિત છે--સહજ નથી.

૪ સંસારમાં સ્વપ્નની પેરે માની લીધેલી—કલ્પિત તૃપ્તિ મિથ્યા છે. અને તત્વ જ્ઞાનીના (આત્મ) વીર્યે ઉલ્લાસને કરનારી તે તૃપ્તિ સાચી છે.

૫ પુદ્ગલો વડે તૃપ્ત થાય છે અને આત્મા જ્ઞાનાદિક વડે તૃપ્ત થાય છે. માટે માટે જ્ઞાનીને પર પુદ્ગલથી તૃપ્ત થવાનું કોઇ રીતે યુક્તિ યુક્ત ગણાતું નથી.

૬ નિસ્પૃહીનેજ મળી શકે અને વચનથી વર્ણવી શકાય નહિ એવી સહજ અખંડ તૃપ્તિમાં જે રહસ્ય—સુખ રહ્યું છે તેનો મુગ્ધ લોકોને ખ્યાલ પણ કયાંથી હોય

૭ અ તૃપ્ત જીવને પુદ્ગલો વડે પંચ વિષય સેવન દ્વારા વિષમય ઝેરી—ખોટ ઉદ્ગાર આવે છે, અને જ્ઞાન—તૃપ્તને તો સદ્ધ્યાન રૂપ અમૃતનાં ઉદ્ગારની પરંપરા ઉદ્ભવે છે.

૮ પંચ (ઇંદ્રિય) વિષય સુખ વડે અતૃપ્ત એવા ઇંદ્રિ કે ઉપેંદ્રાદિક પણ સુખી નથી. કિંતુ એક ભિક્ષુ મુનિજી—ભિક્ષા (માધુ કરી વૃતિ) ચારી છતાં જ્ઞાનામૃતથી તૃપ્ત હોવાથી આકાશની પેરે નિરંજન નિર્લેપ થકા જગતમાં સુખી છે. એ ભારે આશ્ચર્ય કારક છે. કેમકે ઇદ્ર જેવા ઐશ્વર્યવાળા પણ દુખી અને એક ભિક્ષુ છતાં પણ સુખી છે.

## નિર્લેપ—અષ્ટક ૧૧.

૧ કાજળની કુંપલી જેવા સંસારમાં વસતા સ્વાર્થ સાધવામાં તત્પર સર્વે લોકો કર્મ લેપથી લેપાયાજ કરે છે. કેવળજ્ઞાન—સિદ્ધજ્ઞાનીજ કર્મ લેપથી લેપાતાજ નથી.

૨ પર પુદ્ગલિક ભાવોને હું કરતો નથી, કરાવતો નથી, તેમજ અનુમોદતો નથી એમ નિજ કતૃત્વ રૂપ અહંકાર તજી સાક્ષિત્વ રૂપે રહેતાં જ્ઞાની પુરૂષ શી રીતે કર્મથી લેપાય.

૩ પુદ્ગલ સ્કંધ રૂપી હોવાથી પુદ્ગલ વડે લેપાય છે. પણ હું આત્મા અરૂપી હોવાથી કર્મ પુદ્ગલ વડે લેપાતો નથી એમ વિવેકપૂર્વક વિચારી વર્તતો આત્મા આકાશની પેરે લેપાતોજ નથી. આવી નિર્લેપ દૃષ્ટિ મહાત્માની સમજ હોય છે.

૪ નિર્લેપ જ્ઞાન મગ્નની સર્વ શુભક્રિયા, વિભાગ ઉપયોગ પરભાવમાં જતા ઉપયોગ ને વારવા—અટકાવવા ઉપયોગી થાય છે.

૫ તપ અને શ્રુત, મદ વડે મત્ત થયેલો ક્રિયા કરતો છતો એક લેપાય છે. અને સમ્યગ જ્ઞાન સંપન્ન, ક્રિયા નહિં કરતો છતો સાચી ક્રિયાની ભાવના રાખતો અને કરનારની અનુમોદના કરતો એવો અન્ય નિર્મદ—મદ રહિત— નમ્ર હોવાથી કર્મ લેપથી લેપાતો નથી.

૬ નિશ્ચય નયથી જોતાં આત્મા અલિપ્ત છે.—લેપાયેલો નથી અને વ્યવહાર નયથી જોતાં તે લિપ્ત છે-લેપાયેલો છે જ્ઞાની પુરૂષ અલિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે. અને ક્રિયાવાન લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે. ઉભયનુ સાધ્ય એક છતાં દ્રષ્ટિ ભેદે સાધન ભિન્ન છે.

૭ બંને દ્રષ્ટિનું સાથેજ ઉન્મીલન ઉદ્ઘાટન થયે છતે જ્ઞાન અને ક્રિયાનો સહજ સમાવેશ થઇ જાય છે, તો પણ જ્યાં જે દ્રષ્ટિની વિવક્ષા કરી હોય ત્યાં તે દ્રષ્ટિની અનુકુળ જ્ઞાન કે ક્રિયાની મુખ્યતા પ્રધાનતા અને ઇતરની ગૌણતા કહેવા યોગ્ય છે.

૮ જેનું અનુષ્ટાન જ્ઞાન યુક્ત હોવાથી દોષ પંકથી લેપાયું નથી કેવળ નિર્દોષ છે એવા શુદ્ધ અને તત્વ દર્શી મહાશયને વારંવાર નમસ્કાર છે. આવા મહાશયો સ્વપર તારક છતાં શરણ્ય છે.

## નિસ્પૃહતા અષ્ટક ૧૨.

૧ શુદ્ધ જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપી સહજ આત્મ સ્થિતિ પામવા ઉપરાંત કંઈ બીજું પામવાનું બાકી રહેતું નથી તેથી આત્માની ખરી રૂદ્ધિ સ્વરૂપ સ્થિતિ પામવા મુનિ નિસ્પૃહ થાય છે.

૨ સ્પૃહાવંત લોકો હાથ જોડી જોડીને કોની કોની પ્રાર્થના કરતા નથી. કેવળ વિશાળ જ્ઞાન પામી મુનિજન નિસ્પૃહા હોવાથી કોઇની દિનતા કરતા નથી કેમકે નિસ્પૃહને જગતની કંઇ પણ પરવા નથી. સસ્પૃહ જીવોને તો જગતના ઓશીઆળા થઇ રહેવું પડે છે.

૩ મુખશોષ, મૂર્છા અને દીનતાને પ્રસવનારી સ્પૃહારૂપી વિષવેલીને જ્ઞાની પુરૂષો જ્ઞાન રૂપી દાતરડાથી છેદી નાંખે છે. તેથી તેમને તેનાં કટુક ફળ ભોગવવાં પડતાંજ નથી.

૪ અરતિ ચંડાલણીની સંગીણી સ્પૃહાને શાણા માણસોએ ઘરમાં સંઘરવીજ જોઇએ નહિ.

૫ સ્પૃહાવાળા લોકો તૃણથી પણ હલકા દેખાય છે છતાં આશ્ચર્યકારક છે કે તેઓ ભવ સમુદ્રમાં ડુબે છે.

૬ નિસ્પૃહજનો પોતાનું ગૌરવ નહિં કરતાં લાઘવ--લઘુતા ધારે છે. પ્રતિષ્ટાથી ફુલાઇ નહિં જતાં મોટાઇ--ગંભીરતા રાખે છે અને આત્મશ્લાઘા નહિં કરતાં સમતાનુંજ સેવન કર્યા કરે છે.

૭ નિસ્પૃહ પુરૂષને પૃથ્વીની શય્યા, ભિક્ષાનું અન્ન, જીર્ણ પ્રાય વસ્ત્ર અને વસવાને વન છતાં સહજ સંતોષથી ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે. એવું સુખ ઇંદ્ર, ચંદ્રને પણ નથી.

૮ ટુંકાણમાં કહિયે તો પર સ્પૃહાજ મહા દુઃખ છે અને નિસ્પૃહતાજ પરમ સુખ છે. આ સિધ્ધાંતને સમ્યગ્ વિચારી વિવેકી જનોની પર સ્પૃહાનો પરીહાર કરવા અને નિસ્પૃહતાનો આદર કરવા અવસ્ય ખપ કરવો યોગ્ય છે. તથાસ્તુ !

---

# જૈન મુનિમહારાજો અને રેલવેના પુલ.

જૈન મુનિમહારાજોને રેલવેના પુલો ઓળંગવા સારૂ બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે કંપની તરફથી અગાઉની માફક પરવાના આપવાનું પાછું ચાલુ રાખવા સારૂં જે સગવડ કરી આપવામાં આવી છે તે ખાતર ચાલુ માસની તા. ૧૦ મીએ મી. નરોત્તમ

બી. શાહ તરફથી આભાર માનનારો એક પત્ર તે કંપનીના એજંટ ઉપર મોકલવામાં આવ્યો હતો. તેનો નીચે પ્રમાણે જવાબ એજંટ તરફથી આપવામાં આવ્યો છે.

Bombay, Baroda & Central India Railway.
Agents Office, Churchgate Street.
Bombay, 15th February 1911.

To,
Narotam B. Shah, Esq.

Dear Sir,

I beg to acknowledge receipt of your letter of 10th February 1911 and the enclosures. I am glad to have been of service to the Community, you represent.

Yours faithfully,
(Sd.) A. D. G. Shelly.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ તરફથી

### તા. ૨૫-૧૨-૧૦ ના રોજ લેવામાં આવેલી

## શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક ઇનામી પરીક્ષાનું પરિણામ.

આ પરિક્ષામાં બધા ધોરણોમાં વિદ્યાર્થીઓ કુલ ૫૭ ઉમેદવાર જુદે જુદે સ્થળે બેઠા હતા, જેમાંથી ૪૫ ઉમેદવાર નીચે પ્રમાણે પાસ થયા છે.

### ધોરણ ૧ લું

| નંબર. | વિદ્યાર્થીઓનાં નામ. | માર્કસ. | સેન્ટર. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | પારેખ ગીરધર પ્રેમજી | ૭૭ા | પાલીતાણા | રૂ. ૨૧ |
| ૨ | મી. ભીમજી ગુલાબચંદ | ૬૬ | ,, | ૧૭ |
| ૩ | ,, ભગુભાઇ કેશવજી | ૬૩ાા | ,, | ૧૫ |
| ૪ | ,, ગુલાબચંદ લલ્લુભાઇ | ૬૨ા | ,, | ૧૧ |
| ૫ | ,, મોહનલાલ પાનાચંદ | ૫૭ાા | ,, | ૯ |
| ૬ | ,, નારણ ખીમજી | ૫૬ | ,, | ૭ |
| ૭ | ,, ભવાન પરશોત્તમ | ૫૩ા | ,, | ૫ |
| ૮ | ,, મથુરાદાસ છગનલાલ | ૪૮ાા | ,, | ૩ |
| ૯ | ,, જગજીવન ધરમશી | ૪૮ા | ,, | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | મી. નગજી દામજી | ૪૭ | ,, | રૂ. ૨ |
| ૧૧ | ,, અમીચંદ ત્રીભોવન | ૪૫ા | ,, | |
| ૧૨ | ,, ગોવીંદજી ભાઇચંદ | ૪૪ા | ,, | |
| ૧૩ | ,, જીવરાજ રામજી | ૪૪ | ,, | |
| ૧૪ | ,, રામજી પાનાચંદ | ૪૪ | ,, | |
| ૧૫ | ,, અમૃતલાલ પીતાંબર | ૪૨ા | ,, | |
| ૧૬ | ,, દીપચંદ દામજી | ૪૨ | ,, | |
| ૧૭ | ,, મણીલાલ જસમત | ૩૯ | ,, | |
| ૧૮ | ,, પ્રેમચંદ નાનજી | ૩૪ા | ,, | |

## ધોરણ ૨ જું વિભાગ अ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મી. ઉદયચંદ લાલચંદ | ૬૯ા | ગુજરાનવાલા | રૂા ૨૧ |
| ૨ | ,, જેઠાલાલ ઝવેરચંદ | ૫૯ | મ્હેસાણા | ,, ૧૫ |
| ૩ | ,, લક્ષ્મિચંદ હરજીવન | ૫૫ | ,, | ,, ૯ |
| ૪ | ,, ભોગીલાલ લલ્લુભાઇ | ૫૪ા | ,, | ,, ૫ |
| ૫ | ,, કસ્તુરચંદ હેમચંદ | ૫૪ | ,, | ,, ૫ |
| ૬ | ,, અભયચંદ ભગવાન | ૫૨ા | બનારસ | ,, ૫ |
| ૭ | ,, ખેતસી પ્રેમચંદ | ૫૦ા | મ્હેસાણા | ,, ૫ |
| ૮ | ,, ચત્રભજ જસરાજ | ૫૦ા | બોટાદ | ,, ૫ |
| ૯ | ,, ચતુર લલ્લુભાઇ | ૪૯ા | મ્હેસાણા | |
| ૧૦ | ,, હીરાચંદ સુંદરજી | ૪૯ા | ,, | |
| ૧૧ | ,, નાનચંદ દીપચંદ | ૪૭ | મુંબઇ | |
| ૧૨ | ,, કાળીદાસ ત્રીભોવન | ૪૫ા | ભાવનગર | |
| ૧૩ | ,, કસ્તુરચંદ ભગવાનદાસ | ૪૪ | મ્હેસાણા | |
| ૧૪ | ,, હરગોવીંદ ઉજમશી બગડીયા | ૪૨ા | બોટાદ | |
| ૧૫ | ,, પોપટલાલ કેશવજી શાહ | ૪૨ | પાલીતાણા | |
| ૧૬ | ,, મોહનલાલ હરીભાઇ | ૩૯ | અમદાવાદ | |
| ૧૭ | ,, પરભુદાસ હેમચંદ | ૩૯ | બોટાદ | |
| ૧૮ | ,, સુખલાલ રાયચંદ | ૩૪ા | બોટાદ | |
| ૧૯ | ,, નરોત્તમદાસ ગાંડાભાઈ | ૩૩ | પાલીતાણા | |
| ૨૦ | ,, લક્ષ્મિચંદ સવજી | ૩૩ | મુંબઇ. | |

## ધોરણ ૨ જું વિભાગ ब.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મી. મણીલાલ અમીચંદ શાહ | ૬૫ | સુરત | રૂા. ૨૧ |

ધોરણ ૪ થું.

| | | | |
|---|---|---|---|
| ૧ મી જસરાજ એ.ડીદાસ | ૫૬ | બોટાદ | રૂ. ૩૦ |
| ૨ ,, કાશીભાઇ વહાલાભાઇ | ૪૦ | મ્હેસાણા | |

ધોરણ ૫ મું अ

| | | | |
|---|---|---|---|
| ૧ મી. વેલજી લાલજી વોરા | ૫૦ | મુંબઇ | રૂ. ૫૦ |
| ૨ ,, બેચર જીવરાજ | ૫૦ | બનારસ | ,, ૩૦ |

ધોરણ ૫ મું ब.

| | | | |
|---|---|---|---|
| ૧ મી. રાઇચંદ કુશળચંદ શાહ | ૬૮ | બનારસ | રૂ. ૫૦ |
| ૨ ,, હીરાચંદ દેવચંદ શાહ | ૫૪ | મ્હેસાણા | ,, ૩૦ |

## ઉપદેશકના ભાષણથી થયેલા ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાકરચંદ ડીસેમ્બર તથા જાનેવારી માસમાં જે જે ગામોમાં ફર્યા તે ગામોના આગેવાનો તરફથી સહીવાળા આપેલા પત્રોનો સાર નીચે પ્રમાણે છે.

**રાયપુરના શ્રી જૈન સંઘનો પત્ર.**—ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે આવી ગામની તમામ કોમને એકઠી કરી કોન્ફરન્સના હેતુપર ભાષણ આપી અમારાં મન રંજન કર્યાં છે જેની અસર સારી થઇ છે. બત્રીશીના પંચમાં ઠરાવ થયેલા છે અને આ ગામ તેમાંજ છે તેથી ઠરાવો લખવાની જરૂર નથી શ્રોતાના મન ઉપર સારી અસર થવાથી કેટલાકોએ છુટક છુટક બાધા લીધી છે આ ગામમાંથી સુકૃત ભંડારની રકમ કરી આપી છે. કોન્ફરન્સ આમ પોતાનો યત્ન ચાલુ રાખે છે તો સમય જતાં આગળ ઉપર ઉપદેશથી સારો સુધારો થવા સંભવ છે. વાડીલાલ સાકરચંદ કામ સારી રીતે બજાવે છે ને તે અસરથી સુકૃત ભંડારની રકમ ઉત્પન્ન થાય છે તા. ૧૩-૧૨-૧૦

**વળાદના શ્રી જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે આવી જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપ્યાં જેની અસર અન્ય દર્શનીઓએ પણ ફટાણા નહિ ગાવાં, બંગડીઓ નહિ પહેરવી વગેરે વગેરે પ્રતિજ્ઞાઓ લીધી હતી. બત્રીશીના પંચનું આગમ હોવાથી બત્રીશીના પંચમાં થએલ ઠરાવ પ્રમાણે અહીં પણ વર્તવાનું છે. સુકૃત ભંડારના કામમાંજ આવાજ ઉપદેશકોની જરૂર છે આપણી મહાન કોન્ફરન્સ જે જે ઉપયોગી કામ કરે છે અને કરશે તેની સમજ મી. વાડીલાલે અમને સારી રીતે

પાડી છે તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ- આ માટે અમો કોન્ફરન્સનો ઉપકાર માનીએ છીએ. દિન પ્રતિદિન કોન્ફરન્સ વૃદ્ધિ પામે એવી અમારી આશીષ છે. તા. ૧૯-૧૨-૧૦

**કોલાબાના જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે આ ગામે આવી તમામ કોમ સમક્ષ ભાષણો આપ્યાં હતાં. તેની અસર જૈનોમાં તથા બીજા લોકોમાં ઘણી થઇ હતી. અન્ય લોકોએ ફટાણા નહીં ગાવાં, બંગડીઓ નહીં પહેરવી તેવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. બત્રીશીના પંચના ઠરાવ મુજબ આ ગામને પણ વર્તવાનું હોવાથી ઠરાવ જણાવ્યા નથી કોન્ફરન્સ આમ વધારે ઉપદેશકો ફરતા રાખશે તો કોન્ફરન્સથી થતા લાભની જાણ પાડતાં કોન્ફરન્સના ધારા ઘણી સહેલાઇથી માન્ય થશે. ભાષણમાં આનંદ આવતો હોવાથી મી. વાડીલાલને અહીં રોકવામાં આવ્યા હતા. અમો આશા રાખીએ છીએ કે કોન્ફરન્સ બાર મહીનામાં એક બે વાર ઉપદેશક દ્વારા બોધ ચાલુ રાખશે તો ખરી અગત્યતા સમજવામાં આવશે. અમો કોન્ફરન્સનો ઉપકાર માનીએ છીએ ને એવાં સારાં કામ કરે એવું ઇચ્છીએ છીએ. તા. ૨૮-૧૧-૧૦

**અડાલજના શ્રી જન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે આવી ભાષણો આપ્યાં તેથી સંતોષ સાથે ખુશાલી પેદા થઇ છે. ને અહીંના સંઘમાંથી સુકૃત ભંડારના પૈસા કરી આપ્યા છે. અત્રેનાં ઘણા ઘર અમદાવાદ રહેતાં હોવાથી રકમ કમી થઇ છે. અમો કોન્ફરન્સનો આભાર માનીએ છીએ ને કોન્ફરન્સનો ઉદય થાઓ એમ ઇચ્છીએ છીએ તા. ૨૬-૧૨-૧૦

**જયમીયતપુરા જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલે આવી જાહેર સભા ભરી " અહિંસા પરમો ધર્મ " તથા બીજા કેટલાક વિષયો ઉપર ભાષણો આપ્યા હતાં. કન્યાવિક્રય ઉપર પણ બોલવામાં આવ્યું હતું. આ વખતે ગામના આગેવાનો ઠાકરડા વગેરે હાજર હતા. તેઓએ પાપ ન કરવું, દારૂ ન પીવો વગેરે પ્રતિજ્ઞા લીધી હતી. બત્રીશીના પંચમાં આ ગામ આવેલું હોવાથી તે ઠરાવ પ્રમાણે અમારે વર્તવાનું છે. કોન્ફરન્સ જૈનના હીત માટે તેમજ સાર્વજનીક ને ધર્મના કાર્યમાં જે પ્રયાસ ચાલુ છે તેને માટે અમો આભાર માનીએ છીએ. કોન્ફરન્સનો ઉદય જલદી થાય તેમ ઇચ્છીએ છીએ. સુકૃતભંડારના પૈસા વસુલ કરી આપ્યા છે અને તેનો સદુપયોગ થાય છે તે જાણી અમો ખુશી થયા છીએ. જીવદયાના સંબંધમાં ઠાકોરોને પાપથી અટકાવવાનું કર્યું તેથી અમો ઘણા ખુશી થયા છીએ. તા૦ ૨૭-૧૨-૧૦

**સાંતેજના શ્રી જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે આ ગામે આવી એક મેળાવડો ચોરાની અંદર તજવીજદાર શા. મોહનલાલભાઇ તથા નિશાળના માસ્તર ગીરજાશંકર તથા આજુ બાજુના ગામોના માસ્તરોની હાજરી વચ્ચે કર્યો હતો. પ્રમુખ પદ તજવીજદાર સાહેબને આપતા તેમણે કન્યાવિક્રય ઉપર ભાષણ આપવા ફરમાવ્યાથી

તેમણે ભાષણ આપ્યું હતું. આ વખતે ગામની વસ્તીની પણ હાજરી હતી. ઉપદેશકના અસરકારક ભાષણથી તેમને અનુમોદન આપવા પ્રમુખ સાહેબે તથા માસ્તરે સારૂં ધ્યાન ખેંચ્યું હતું. તજવીજદાસ સાહેબે પણ કન્યાવિક્રય ન કરવા પ્રતિજ્ઞા લીધી હતી, તે ઉપરથી માસ્તર ગીરજાશંકર તથા બીજા માસ્તરોએ તેમજ ગામના વાણિયાઓએ કન્યાવિક્રય ન કરવા પ્રતિજ્ઞા લીધી હતી. ફટાણાં ન ગાવાં, બંગડીઓ ન પહેરવી, ભ્રષ્ટ ખાંડ ન વાપરવી વગેરે કેટલીક બાબતોની પ્રતિજ્ઞાઓ લેવાણી હતી. બીજો મેળાવડો તજવીજદાર સાહેબની હાજરી વિના પણ કરવામા આવ્યો હતો. કોન્ફરન્સ આમ પ્રયાસ ચાલુ રાખે અને કોન્ફરન્સનો ઉદય થાય તેમ અમો ઇચ્છીએ છીએ. તા૦ ૧--૧--૧૧

**સાંતેજના ગામ લોકોનો પત્ર**—મી૦ વાડીલાલ સાકળચંદ ઉપદેશકે આ ગામે પધારી જાહેર મેળાવડો કરી અસરકારક ભાષણો આપી ગ્રામ્યજનોને અતિ આનંદ આપ્યો છે. તે બદલ અમો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

આ ભાષણોથી જૈન સંઘની કોન્ફરન્સ તરફ અંતઃકરણથી લાગણી થઇ છે ને તે મહા સંસ્થા તરફ અમો પુર્ણ પ્રેમથી પૂજ્ય બુદ્ધિથી જોઇએ છીએ.

મી૦ વાડીલાલ જોકે ઇંગ્રેજી જાણતા નથી પણ તેમની વક્તૃત્વ શક્તિ અતિ ઉત્તમ છે. તેમનાં ભાષણો એટલાં બધાં અસરકારક હતાં કે તેમના ભાષણોથી કન્યાવિક્રય નહીં કરવા જૈન બંધુઓએ તથા ઇતર ગૃહસ્થોએ પ્રતિજ્ઞા કરી હતી. તે આ સભાના દફતરે નોંધ રાખવામાં આવી છે.

આ ગામે સરકારી ચોરામાં રા. રા. તજવીજદાર સાહેબ મોહનલાલ લલુભાઇના પ્રમુખપણા નીચે જાહેર મેળાવડો ભરવામાં આવ્યો હતો. તેમાં જૈન સમાજના સુધારાના વિષયો સારી રીતે મી. વાડીલાલે ચર્ચાવ્યા હતા. તે ઉપર શાળા માસ્તર ગીરજાશંકરે અનુમોદન આપ્યું હતું. અને પ્રમુખ તરફથી તે વાત છટાદાર વિવેચન સાથે મળેલા ગૃહસ્થોને સાબીત કરી આપી હતી. તે ઉપરાંત પ્રમુખ પોતે સદ્વર્તનવાળા હોવા છતાં કન્યાવિક્રયનો દાખલો બેસાડવા ખાતર પોતે કન્યાવિક્રય નહીં કરવા પ્રતિજ્ઞા લીધી હતી. તેથી પણ જૈન બંધુઓએ પ્રતિજ્ઞા લીધી હતી. તેમ ઇતર માણસોએ પણ પ્રતિજ્ઞાઓ કરી જાહેર રીતે સંઘ તરફથી તથા જાહેર સભા તરફથી સંસ્થાને ધન્યવાદ આપવામાં આવ્યો હતો.

સાંજના વખતે ફરી જાહેર મેળાવડો કરી ઘણા માણસો વચ્ચે ભાષણ આપ્યું હતું તે ઉપરથી ભ્રષ્ટ ખાંડ ન વાપરવા, બંગડીઓ નહીં પહેરવા કેટલીએક સ્ત્રીઓએ પ્રતિજ્ઞાઓ કરી હતી.

મી૦ વાડીલાલ મેહેનતુ ઉત્સાહી ને સારા અસરકારક વકતા છે ને આવા નરોની માર્ફત જૈન સંઘ તથા જાહેર પ્રજા ઉપર આ કોનફરન્સનો પ્રયાસ આશીરવાદ રૂપે થાય છે. તે આવો પ્રયત્ન ચાલુ રહેશે તો જન સમાજમાં ઘણો સુધારો થશે એમ અમો નીચે સહી કરનારા માનીએ છીએ તા. ૧--૧--૧૧.

**વાસણ શેઠોડના શ્રી જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે આવી કોન્ફરન્સના હેતુઓ ઉપર ગામની સર્વે કોમને એકઠી કરી ઘણાં અસરકારક ભાષણો આપ્યાં હતાં. જેની અસર તમામ વસ્તી ઉપર ઘણી સારી થયેલ છે. નજદીકદાર સાહેબ તથા તળાટી અને નિશાળના માસ્તરો હાજર હતા. તેમણે અનુમોદન આપતાં ધન્યવાદ સાથે ઘણી ખુશાલી બતાવી હતી.

**જહુદરા મોટાના શ્રી જૈન સંઘ સમસ્તનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે અહીં આવતાં તે પ્રસંગે મજકુર ગામમાં આજુ બાજુના આસરે ૧૫ ગામનાં રાયકા તેમની નાતના કામ માટે ભેગા થયા હતા તે વખતે અમોએ સદરહુ લોકો આગળ જીવહિંસાના સંબંધમાં ભાષણો આપવા મી. વાડીલાલને કહેતાં તા. ૯–૧–૧૧ ના રોજ રાયકાના પંચમાં ભાષણો આપવામાં આવ્યાં. બોકડા વગેરેને રઝળતાં મુકવાં નહિ, પણ તેને સારી રીતે સંભાળથી ઉછેરવા. તેમ ન બને તો મહાજનમાં સોંપવામાં પણ તેમના જીવનું નુકશાન ન થાય તેને માટે કાળજી રાખવી. તે ઉપરથી રાયકા લોકોએ તેમ કરવા કબુલ કર્યું હતું. વળી શક પડતા લોકોને વાછડા વગેરે ઢોરો જાણી બુજીને ન આપવા કબુલ્યું હતું. ને તે વખતે ગામના મુખીને હાજર રાખી ખાત્રી કરીને ઢોર વેચવું. મતલબ પૈસાની લાલચથી અજાણ્યા લોકોને ઢોર વેચાતાં ન આપવા કબુલ્યું હતું. અને પ્રતિજ્ઞા કરી હતી વળી અત્રેના જૈન સંઘ તેમજ તમામ કોમ સમક્ષ ભાષણ આપતાં હલકી કોમોએ દારૂ નહિ પીવા તથા કેટલીક સ્ત્રીઓએ ફટાણા નહિ ગાવા અને બંગડીઓ નહિ પહેરવા પ્રતિજ્ઞાઓ કરી હતી. આ ગામ બત્રિશીમાં હોવાથી બત્રીશીના પંચમાં થયેલા ઠરાવો અમારે પાળવા કબુલ છે. આમ ઉપદેશકો માર્ફત કોન્ફરન્સ ઉપદેશ આપવાનું ચાલુ રાખે એવી અમારી વિનંતિ છે. જીવદયા સંબંધી ભાષણથી પાપ નહિ કરવા લોકોએ સારૂં ધ્યાન ખેંચ્યું છે. તા. ૧૩–૧–૧૧.

**પસુંજના શ્રી જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલે આવી કોનફરન્સના હેતુઓ ઉપર અસરકારક અને મનરંજન ભાષણો આપ્યાં હતાં. જેની અસર લોકો ઉપર ઘણીજ સારી થઇ હતી. ભાષણો વખતે મુખી તથા મેહેતાજીએ પણ હાજરી આપી હતી. ભાષણથી નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા હતા.

(૧) ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં (૨) કન્યાવિક્રય ન કરવા ઘણા જણાઓએ પ્રતિજ્ઞા કરી હતી (૩) સ્ત્રીઓએ બંગડીઓ પહેરવી નહીં (૪) ફટાણા ગાવા નહીં તે સિવાય શિયળવ્રત ઉપર સારી રીતે વિવેચન થતાં ગામને અપૂર્વ લાભ થયો છે. જીવ હિંસાના સંબંધમાં ઠાકરડા લોકોએ પાન કરવું, દારૂ ન પીવો વીગેરે બાબત પ્રતિજ્ઞા કરી હતી વળી ઘણા જણોએ હોકો બીડી તમાકુ ન પીવાના સોગન લીધા હતા. આવી રીતે લાભ થવાથી અહીંનો જૈન સંઘ કોનફરન્સનો આભાર માને છે અને આવો બોધ કાયમ મળે તેમ ચાહે છે.

**પસુંજના ગામ લોકોનો પત્ર**—મી૦ વાડીલાલ સાંકળચંદે આ ગામે આવી ભાષણ આપ્યું તેથી જૈન લોકો તો શું પણ બીજા લોકોના મનમાં ઘણીજ સારી અસર થવાથી તથા મી૦ વાડીલાલની બોલવાની છુટથી અમોને ઘણો આનંદ થયો હતો. તેમના ભાષણો સાંભળવા માટેજ એક દિવસ વધારે રોકીને ઘણા જણે પ્રતિજ્ઞાઓ કરી હતી. કોનફરન્સને ધન્ય છે કે અમો ખુણે રહેનારને પણ આવી રીતે લાભ આપે છે તેથી અમો આભારી છઈએ અને એવીજ રીતે બીજા અનેક લાભો આપશે એમ પ્રેમ પૂર્વક આશા રાખીયે છીએ.

**વેહેલાલના શ્રી જૈન સંઘનો પત્ર**—મી. વાડીલાલ સાકળચંદ ઉપદેશકે આવી ચોરામાં જૈન સંઘ તથા ગામની તમામ વસ્તી વચ્ચે કોન્ફરન્સના હેતુઓ ઉપર જાહેર ભાષણો આપ્યાં હતાં. તે વખતે બપોરના ભાષણોમાં સો સવાસો અને રાતના ૭૦૦ ને આશરે માણસો એકઠાં થયાં હતાં. તેમના બાહોશપણાથી હૃદય ભેદક ભાષણોથી દરેકના મનપર સારી અસર કરી હતી. બત્રીશીના પંચમાં ઠરાવ થયેલા હોવાથી જૈનમાં વિશેષ ઠરાવ કરવા સરખું નથી. પણ ભાષણની અસરથી તેવા પાટીદારોમાં તથા બીજામાં કન્યાવિક્રય ન કરવા મન દોરાયું હતું ને ખાત્રી આપી હતી. પરદેશી ભ્રષ્ટ ખાંડ ન વાપરવા તથા હોકો બીડી ન પીવા ઘણાઓએ પ્રતિજ્ઞાઓ કરી હતી. તેમજ ઘણી બેનોએ બંગડીઓ ન પહેરવા અને ફટાણા ન ગાવા બાધા લીધી હતી. તા. ૧૫-૧-૧૧ની રાતે લેવા પાટીદારો તરફથી એક જાહેર સભા ભરી ભાષણો આપવામાં આવ્યાં હતાં. તે વખતે મુખી તથા માસ્તરોએ હાજરી આપી હતી. ઉપદેશકના ભાષણથી તુરત સારી છાપ પડી જાય છે ને સજડ અસર થાયછે. આમ વરસ દિવસમાં ૩-૪ વાર ઉપદેશકો આવી ભાષણો આપે તો ઘણો લાભ થાય ને કોન્ફરન્સથી સૌ જાણીતા થાય. આ બાબત કોન્ફરન્સનો આભાર માનવામાં આવે છે અને દિનપ્રતિદિન કોન્ફરન્સની ચડતી થાય તેમ ઇચ્છીએ છીએ.

**વહેલાલના મહેતાજીનો પત્ર**—ભાષણ કર્ત્તાનું સારૂં જ્ઞાન, હાવભાવ સાથે સ્પષ્ટ ભાષણ, લાંબા વખત સુધી અટકયા વગર મુદ્દાસરની વીગતો સાંભળી અમો બધા છક થઇ ગયા હતા. અમારા ઉપર ભાષણ કર્ત્તાનો ઉપકાર થયો છે, કેમકે અમારામ. જે ખોટા ચાલ અને દુર્ગણો જડ ઘાલી બેઠા છે તેમને જડમૂળથી કઢાવવા સારૂ આવા સારા ભાષણ કર્ત્તાઓના ભાષણ સાંભળવાની ખાસ જરૂર છે. પણ ગામડામાં તેવો લાભ મળતો નથી. ઇશ્વર કૃપાથી આ અમુલ્ય લાભ અચાનક મળી ગયાથી અમો ઘણા ખુશી થયા છીએ અને પરમેશ્વરનો તથા ભાષણકર્ત્તાનો ઉપકાર માનીએ છીએ. તા. ૧૭-૧-૧૧

**કડાદરાના શ્રી જૈન સંઘનો પત્ર**—ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે આવી જાહેર સભા ભરી હતી તે વખતે આશરે ૩૦૦ માણસોએ હાજરી આપી હતી. પ્રથમ

ઉપદેશકે કન્યા વિક્રયથી ધનનો થતો નાશ તથા કન્યાઓને સાસરામાં પડતા દુખો વિષે અસરકારક ભાષણ આપ્યું હતું. ત્યારબાદ વૃદ્ધવિવાહ અને બાળલગ્ન માટે બોલ્યા હતા દાખલા દલીલોથી વક્તાએ શ્રોતાઓનાં હૃદય ભીંજવી નાંખ્યા હતા. તેથી કેટલાક કન્યાવિક્રય ન કરવા જણાવ્યું હતું. બીજી બેઠક સાંજરે ભરવામાં આવી હતી તે વખતે આશરે ૫૦૦ માણસો ભરાયાં હતાં. તે વખતે ભ્રષ્ટ ખાંડ ન વાપરવા, બંગડીઓ નહિ પહેરવા વગેરે ઘણી ધર્મ વિરૂદ્ધ બાબતો વિશે બોલ્યા હતા. ત્યારબાદ તમાકુ વગેરે કેફી ચીજો અને જીવદયા ઉપર અસરકારક ભાષણો કરવાથી ઘણા જણાઓએ પ્રતિજ્ઞા લીધી હતી. તા. ૧૯-૧-૧૧. આ બાબત કડાદરાનાં લોકોનો પત્ર પણ તેવીજ મતલબનો આવેલો છે.

## ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

શ્રી ચંપાપુરી મધ્યે આવેલા શ્રી વાસુપૂજ્ય સ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા મહારાજ બાહાદુર સંઘજી દુગડના હસ્તકનો સંવત ૧૯૬૪ ની સાલનો વહીવટ અમોએ તપાસ્યો તે જોતાં સદરહુ સંસ્થાની રોકડ મીલ્કત સીખરજી (મધુવન જૈન સોસાઇટી) માં રાખી બાકીનો વહીવટ સદરહુ સંસ્થામાં ચલાવામાં આવે છે, તેમાં જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

જીલ્લો ગુજરાત મહાલ મેશાણા તાબે ગામ છઠીઆરડા મધ્યે આવેલાં શ્રી મહાવીર સ્વામિજી મહારાજનાં દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના વહીવટ કર્તા શ્રી સંઘના હસ્તકનો સંવત ૧૯૫૪ થી તે સંવત ૧૯૬૬ ના ભાદરવા શુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. જોકે દેરાસરજીના ચોપડા રાખવામાં આવ્યા છે પણ તેમાં નામું પુરેપુરૂં નહિં લખતાં અધુરૂં અધુરૂં લખવામાં આવ્યું છે, તેથી મજકુર ચોપડા મધ્યેની એક મેળની ચોપડીમાં મેળ અધુરો છે. તેની તપાસ કરવાની જરૂર દેખાયાથી સદરહુ સંઘવાળાઓએ તેની તપાસ કરવા માટે અમોને સોંપી તે અમારા કબજે રાખી બાકીના ચોપડાઓથી તથા કેટલાએક હિસાબ પરચુરણનામાંથી તથા કેટલાએક હિસાબ સહુ સહુના ચોપડામાંથી તથા કેટલાએક બાબુલીલાગાંઓ વરસો વરસના હોવાથી સર્વેના ખાતાના હીસાબો તૈયાર કરી દેરાસરજી ના ચોપડામાં લેણાવાળાઓની બાકીઓ મુકાવી છે.

સદરહુ સંસ્થાના વહીવટની તપાસણી કરતાં આ ખાતાના ઇન્સપેકટરને લગભગ ત્રણ ચાર માસ રાખવો પડ્યો છે કારણ કે દેરાસરજીના ચોપડા તથા પોતાના ઘરના

ચોપડામાં દેરાસરજી ખાતે કેટલુંએક નામું ખોટું લખાએલું છે તે બહુજ દીલગીરી ભરેલું છે. માટે ભવિષ્યમાં તેવા બનાવો બનવા પામે નહિ તેવો બંદોબસ્ત કરવાથી વહીવટ ચોખ્ખી રીતે ચાલશે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણું તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

જીલ્લો ગુજરાત મહાલ મેસાણા તાબે ગામ પાંચોટા મધ્યે આવેલા શ્રી ઋષભદેવજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જેઠીદાસ રંગજીના હસ્તકનો સંવત ૧૯૬૬ ના ભાદરવા સુદ ૧૫ થી તે સંવત ૧૯૬૭ ના શ્રાવણ સુદ ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં દેરાસરજીના ચોપડામાં નામુ રીતસર રાખી હિસાબ રાખવામાં આવ્યો નહોતો તે ઉપરથી સૌ સૌના ચોપડા મંગાવી તેમના ચોપડેથી દેરાસરજીનો હિસાબ કરી દેરાસરજીના ચોપડામાં બાકીઓ મુકાવી લીધી છે.

સદરહુ ગામમાં વેપાર ઉપર કોઇ જાતનો ધરમાદાનો લાગો નહીં હોવાથી સંઘ ભેગો કરી ગામમાંથી કોઇપી માલ તોલાઇ પરગામ જાય તેના ઉપર અમુક અમુક લાગાઓ નાંખવામાં આવ્યા છે, અને તે લાગાઓના રૂપિયા જે ઉપજે તેમાંથી અડધ ભાગ દેરાસરજીનો ને અડધ ભાગ ખોડાઢોરનો ઠરાવી દેરાસરજીના ચોપડમાં દસ્તાવેજ કરી તે ઉપર ગામના વેપારીઓની સહીઓ લેવામાં આવી છે.

મજકુર ગામમાં હાલ જે જગ્યાએ જીનમંદીર બાંધેલું છે, તે જગ્યામાં પ્રથમ પટેલ મંચ્છા ભાવા નામના કણબીનું ઘર હતું અને તેમાં પોતે પોતાના કુટુંબ સહીત રહેતો હતો. તે સંવત ૧૯૪૦ ની સાલમાં રાત્રે પોતના ઘરમાં સુતેલો હતો તેને સ્વપ્નુ દીધુંકે તારા ઘરમાં ઘોડી બંધાય છે તે જગ્યામાં ( ઋષભદેવજી મહારાજ ) મુને ડાટેલ છે ત્યાંથી બહાર કાઢ. તે વાત તેણે લક્ષમાં લીધી નહીં. ત્યાર બાદ થોડાક દિવસે તેજ ઘરમાં પોતે સુતેલો હતો ત્યારે તેને ફરીથી પ્રથમ મુજબ સ્વપ્નું દીધું અને પરોઢીએ ઉઠયો ત્યારે પોતે પોતાના ખાટલા સહીત ઘરની બહાર સુતેલો દીઠો, તેમજ તેજ રાત્રે તે ગામમાં શેઠ ભુલા ગોવીંદજીને પણ સ્વપ્નું દીધું જે હું ( ઋષભદેવજી મહારાજ ) પટેલ મંચ્છા ભાવાના ઘરમાં જે ઠેકાણે તેની ઘોડી બંધાય છે તે ઠેકાણે જમીનમાં છું. ત્યાંથી મુને બહાર કાઢ. સદરહુ પટેલે ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના ઘરમાં બનેલું તે ગામ મધ્યેના જૈનીઓને ભેગા કરી કહ્યું જે મારા ઘરમાં તમારા ભગવાન છે. માટે ચાલો આપણે ખોદીને બહાર કાઢીએ. એટલે શેઠ ભુલા ગોવીંદજીને પણ સ્વપ્નું આવ્યું હતું, તેણે પણ હકીકત કહી દેખાડી એટલે પટેલ મંચ્છા ભાવાનું તથા લલુ ગોવીંદજીનું સ્વપ્નું મળતું આવવાથી સર્વે જણા જઈ તે ઠેકાણે ખોદાવ્યું. તેમાં ( ઋષભદેવજી મહારાજ, શાંતિનાથજી ભગવાન તથા પાર્શ્વનાથજી મહારાજ તથા મલ્લીનાથજી મહારાજ તથા

ચોમુખજી ભગવાન વિગેરે) તેર પાષાણની પ્રતિમાજી નીકળ્યાં. તેમાં બે ખંડીત હતા તે પાછા અંદર ભંડાર્યાં ત્યાર પછી સદરહુ પટેલે મજકુર ઘર દેરાસરજી બાંધવા માટે મફત આપ્યું, તેથી ઘણા વરસ સુધી તેજ ઘરમાં ભગવાનને પરોણા દાખલ રાખ્યા. ત્યાર બાદ તેજ જગ્યાએ ત્યાંના સંઘે જીનમંદિર બંધાવી સંવત ૧૮૬૦ ની સાલમાં પ્રતિષ્ઠા કરી મૂળનાયકજી ઋષભદેવજી મહારાજ તથા બાજુની પંકિતમાં બીજા મહારાજોને ગાદીએ બિરાજમાન કર્યા. આ સર્વે બીંબો સંપતિ રાજાના ભરાવેલા હોય તેમ જણાય છે. મજકુર પ્રતિમાજી ચમત્કારી છે. કારણ કે ભગવાનને જ્યારે ગાદીએ બિરાજમાન કર્યાં. ત્યાર બાદ ત્યાંના રહીશ શેઠ ડુંગર લખમીચંદના કુટુંબીઓના જણાવ્યા પ્રમાણે શ્રી ઋષભદેવજી મહારાજને બિરાજમાન કર્યા ત્યારથી દરરોજ મહારાજની પસમાં રૂા. ૧ એક નીકળતો હતો. અને તે રુપૈયો શેઠ ડુંગર લખમીચંદ ઉપાડી લઇ ભંડારમાં નાંખતા હતા. તેવો બનાવ મહારાજ સાહેબને બિરાજમાન કર્યાં બાદ કેટલાએક દિવસ સુધી બની બંધ પડી ગયો. તથા ત્યાંના રહીશ તરગાલા લલુ ગોવીંદજી દરરોજ દેરાસરજીમાં દર્શન કરવા માટે જતા હતા. તેમાં એક દિવસ દર્શન કરવા માટે જીનમંદીરમાં પ્રવેશ કર્યો તે વખતે ઋષભદેવજી મહારાજ એ હાથમાં રાતો સોનેરી હરફનો લખેલો કાગળ રાખી વાંચતા હતા. આવો બનાવ જોઇ સદરહુ તરગાલો લલુ ગોવીંદજી વીસ વરસની ઉમરનો હોવાથી ભય પામી ગભારાની બહાર બાજુ ઉપર છુપાઇ ગયો. અને બીજા માણસો ત્યાં દર્શન કરવા આવ્યા, તે વખત હિંમત આવી એટલે તે ગુપચુપ મંદીરની બહાર નીકળી બજારમાં જઇ ઉપર જણાવ્યા મુજબ વાત કરી ને સિવાય જીનમંદીરમાં વખતો વખત પર્યુષણના દિવસમાં નાટારામ થઇ વાજીંત્ર વાગે છે, તેવું ત્યાંના રહીશો જણાવે છે. મજકુર પાંચોટ ગામે બી. બી. રેલવેની સાખા લાઇન આવી છે. અને મેસાણા સ્ટેશનથી પાટણ જતાં બે ગાઉના છેટે પહેલું સ્ટેશન સદરહુ પાંચોટનું આવે છે.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતી સુચનાપત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને આપવામાં આવેલ છે.

જીલ્લો ગુજરાત મહાલ મેસાણા તાબે ગામ પાલોદર મધ્યે આવેલા ધાતુના શ્રી શાંતિનાથજીના મહારાજના ઘરદેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ નાહાલચંદ દ્વારકાદાસ તથા શેઠ મલુકચંદ પરશોત્તમ તથા શેઠ ભાઇચંદ ડોશાચંદના હસ્તકનો સંવત ૧૯૬૫ના શ્રાવણ શુદ ૧૪ થી તે સંવત ૧૯૬૭ના માગશર શુદ ૧૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં બાકીઓ સિવાય ચડાવા વગેરેની ઉપજના પોતાને ચોપડે જમે હોવાથી દેરાસરજીના ચોપડામાં ઉતારી લઇ સર્વે હિસાબો કરી દેરાસરજીના ચોપડામાં બાકીઓ મુકાવી છે.

આ ખાતુ તપાસી જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

લી. શ્રી સંઘનો સેવક
**ચુનીલાલ નહાનચંદ.**
ઓનરરી ઓડીટર.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ.

**સંવત ૧૯૬૭ ના પોષશુદી ૧ થી મહાશુદી ૧ એટલે તા. ૧-૧-૧૧ થી તા. ૩૧-૧-૧૧ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.**

૫૩૨-૧૦- ૦ ગયા માસ આખર સુધીના.

૯૦- ૦- ૦ ઉપદેશકો વિના વસુલ કરી મોકલાવેલ તેની વીગત.

| | | |
|---|---|---|
| ૩૩-૦-૦ કલકત્તા | ૪૨-૮-૦ રંગુન | ૩-૮-૦ મોલમીન |
| ૬-૦-૦ તણસા | ૫-૦-૦ ગીરેરાદ | |
| | ૯૦-૦-૦ | |

૭૭- ૮- ૦ ગુજરાતમાંથી ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદ મારફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૧૧- ૪-૦ અડાલજ | ૨- ૦-૦ ખોરજ | ૪-૪-૦ જમીઅતપુરા |
| ૮- ૪-૦ સાંતેજ | ૧૮- ૪-૦ નરોડા | ૩-૪-૦ વાસણા રાઠોડ |
| ૪-૧૨-૦ જંબુદરા મોટા | ૭- ૮-૦ પહુંજ | ૬-૦-૦ કુબડથલ |
| ૬-૧૨-૦ વેહેલાલ | ૪-૧૨-૦ કડાદરા | ૨૦-૮-૦ વડોદરા(ડભોડા |
| | ૭૭-૮-૦ | |

૯૮- ૮- ૦ માળવામાંથી ઉપદેશક મી. કેશરીમલ મોતીલાલ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૫- ૦-૦ બાચરોડના બાકી રહેલ તે | ૧-૮-૦ ભરમાવર | ૨- ૪-૦ સારંગી |
| ૦-૧૨-૦ કરવડ | ૦-૪-૦ પીંટલાવદ | ૫- ૦-૦ ઉમરકોટ |
| ૩- ૮-૦ રીંગડોદ | ૧૪-૪-૦ બાગ | ૮- ૦-૦ નીસરપુર |
| ૬-૧૨-૦ અલીરાજપુર | ૦-૪-૦ ચોડાઝોપટ | ૩-૧૨-૦ રાણાપુર |
| ૧- ૪-૦ દોત્રીઆ | ૦-૪-૦ વડવેટ | ૫- ૦-૦ ખવાસ |
| ૦-૧૨-૦ ઝકડાવદ | ૧૬-૮-૦ રાજગડ | ૪- ૮-૦ ટાંડા |
| ૧૫-૧૨-૦ કુકશી | ૧-૮-૦ નાનપુર | ૧- ૪-૦ ખટાલી |
| ૧- ૦-૦ બોરી | | |
| | ૯૮-૮-૦ | |

૧૮- ૮- ૦ ઉપદેશક મી૦ હરખચંદ ભાભાભાઇ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૦-૮-૦ મોટું ઝીંઝાવદર | ૧-૪-૦ લીંગાવદર | ૪-૧૨-૦ લાખેણી |
| ૨-૮-૦ કારીયાણી | ૪-૮-૦ લાઠીદડ | ૨- ૮-૦ તાજપર |
| ૧-૮-૦ ભાંભણ | ૨-૦-૦ ભાગલપર | |
| | ૧૮-૮-૦ | |

૧૭- ૮- ૦ ઉપદેશક મી. દેવશી પાનાચંદ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૦- ૪-૦ વાવ બેરાજા | ૦- ૮-૦ કનસુમરા | ૨-૪-૦ બેટ શંખોદ્વાર |
| ૩- ૦-૦ આરંભડા | ૧-૧૨-૦ ગઢેચડ | ૨-૦-૦ ખંભાલીઆ |
| ૫-૧૨-૦ દાંતા | ૨- ૦-૦ સીકા | |
| | ૧૭-૮-૦ | |

કુલ રૂ. ૩૨૨-૦-૦ એકંદર કુલ ૮૫૪-૧૦-૦

# जीवहिंसाकी कमीका १ उपाय.

समराट सिरोमणा श्रीमान अकबर बादशाहने मुसलमान होकरभी अपनी हिंदु और जैन प्रजाकी दया और धर्म नीति के ध्यान और लोकहितार्थके जानसे जीवहिंसा बहुत कुछ बंद करदीथी और उसके लिये कई उपयोगी नियम भी नियत कर दियेथे कि जिनसे सालभरमें कई २ दिन जीवहिंसा और शिकार बंद रहतीथी उनके सपूतपूत सुसमराट जहांगीरनेभी उन्हीं नियमों का अपना आदर्श बनाकर राज सिंहासन पर बिराजमान होते ही जीवहिंसाकी बंदीका हुक्म जारी किया जिसकी नकल तुजुक[1] जहांगीरिसे नीचे लिखी जाती है।

"१ रबिउल अव्वल के महीनेमें जो मेरे जन्मका महीना है, १८ तारीखसे उतने दिनोंतक जो मेरी उमरके वर्षों के बराबर हों १ दिनको १ वर्ष मान कर पशुबध बंद[2] करें।

१. तुजुक जहांगीरी जहांगीर बादशाह की दिनचर्याकी पुस्तक है जोस्वयं जहांगीरने लिखी है और उसका हिंदी उल्थाभी मैंने करके छपवा दिया है।

२. इस नियमसे १ वर्षमें १० महीनेसे अधिक जीवहिंसा नहीं होतीथी जहांगीर ३० वर्ष की अवस्थामें राजसिंहासनपर बैठेथे ३८ दिन तो राजाभिषेक

"२. एक हफ्ते (सप्ताह) में २ दिन किसी पशुके प्राण न लिये जावें॥

१ तो वृह स्पतिवार को जो मेरे राज्याभिषेकका दिन है।

२ इतवारको जो मेरे पिताक जन्म और सूर्यभगवानसे संबंध रखता है मेरे पिता इसदिन कभीभी मांसका नाम नहीं लेतेथे १५ वर्षसे अधिक हुए होंगे कि वे बिलकुल मांस खातेही नहींथे और इन दोनों दिनों ( इतवार और गुरुवार) में तो उन्होंने सब लोगोंको मांस खानेका निषेध कर दियाथा."

हमने अकबर और जहांगीर बादशाहोंके इसी शिष्टाचारके आधार पर श्रीमान भारत सम्राट सप्तम एडवर्डके राज मुकुट धारण करनेका उत्सव दिल्लीमें होनेसे कुछ पहिले उर्दू अखबारोंमें १ लेख इस विषयका छपवायाथा कि इस सुअवसर पर बेजुबान पशुओंकी जीवरक्षाका कुछ प्रबंध होना चाहिये क्योंकि यह समय अकबर और जहांगीर बादशाहोंके समयसे अच्छी सभ्यता और न्याय नीतिका समजा जाता है अधिक न हो तो अभी कमसे कम उन बादशाहोंके समयके बराबर ही जीवहिंसा कमकी जावे और उसके वास्ते वर्ष भरमें केवल दिन ही इस पुण्य कार्यके लिये मांगेथे जो श्रीमानों के पुण्य और प्रतापकी वृद्धि के हैं और जिनमें अवश्य इन बेबश गूंगे और लोकोपयोगी पशुओं को जीवदान मिलनेका सुअवसर है।

( १ ) श्रीमती भारतेश्वरी विक्टोरिया राजरानी के राज्याभिषेकका दिन
( २ ) भारत सम्राट श्रीमान सप्तम एडवर्ड का जन्म दिन.
( ३ ) श्रीमती राजरानी अलकजेंड्राका जन्म दिन.
( ४ ) श्रीमान राजकुमार प्रिन्स आफ वेल्सका जन्म दिन.
( ५ ) श्रीमान प्रिन्स कांस्टर्ट (सम्राटके पिता.) के निरवाणका दिन.
( ६ ) श्रीमान प्रिन्स विक्टर (भूत पूर्व प्रिन्स आफ वेल्स) के देहांतका दिन.

---

के पहिले वर्ष जीवहिंसा नहीं हुई फिर उनके राजत्व कालके प्रति वर्ष एक एक दिन बढता गया जिसकी संख्या अंतिम वर्ष में ६० तक पहुंच गईथी.

१ सालभर में ५२ हफ्तों के १०४ दिन यहभी पशुओंके अभयदान केथे।

(७) श्रीमती भारतेश्वरी विकटोरिया राजरानी के स्वर्गारोहनका दिन

(८) श्रीमान सप्तम एडवर्ड भारतसम्राटके राज मुकुट धारणका दिन.।

इनके सिवाय प्रजाके धर्म संबंधी दिनोंमें के कमसे कम २२ दिनोंकी औरभी प्रार्थना कीथी जिनका ठहराव हिंदु, मुसलमान, ईसाई, जैनी, बौध, सिक्ख और पारसी वगेरा हिंदुस्तानी मतावलंबियोंकी सम्मतीपर छोडाथा और इन दिनोंमें शिकार कीभी माफी चाहीथी और यह अपने या और किसी अपने सजाति मनुष्य मात्रके स्वार्थका काम नहींथा जो स्वीकार होजाता या अब हो जाय तो सालभर में यों यह १ महीनाभी इन गरीब बेजुबान चाकरी करने वाले और जगत्को लाभ पहुंचाने वाले पशुओंके जीवदानका हेतु होकर इस लोक और परलोकमें श्रीमानोंके पुण्य, कीर्ति, जय, यश, राज्य, और ऐश्वर्यकी विशेष वृद्धिका कारण हो।

जबतो उस नकार खानमें किसीन यह तूतीकी आवाज नहीं सुनी केवल कई उर्दू पत्रोंने कुछ अनुमोदन कियाथा परन्तु जो यह विशेष पुण्य और जीवों के कल्याणका काम है और जैन धर्म इसी पुनीत कोमके वास्ते ठटमें खडा हुअ है इस लिये मैं यह उचित समझता हूं कि जो जैन सभायें इस प्रश्नको उठावें और अपने समाचार प्रत्रोंम इसका आन दोलन करें और शिष्ट अंग्रेजी पत्रोंमें भी इस विषयके अच्छे २ लेख छपाकर इंगलिश पबलिक तक बात पहुंचावें ओर फिर इस धर्मके नेता और मुखियाभी गवर्नमेंट के अफसरोंसे कहा सुनी करें तो आशा है कि थोडा बहुत कुछ हो रहे साहस और परिश्रम करना चाहिये हमको अपने दिलमें यह भी दृढ विश्वास है कि जैनी सज्जनों को इस पुण्य कार्यमें लगा हुआ देखकर बहुतसे हिंदु और कुछ सज्जन मुसलमान और पारसी भाईभी उनके सहमत और सहायक हो जावेंगे।

दयालु सम्राट सप्तम एडवर्डका समय इस पुण्य कार्यके वास्ते बहुत अच्छा था जब श्रीमान अमीर काबुलने भारतकी यात्रा में हिंदुओंकी खातिरसे ईदके दिन दिल्लीमें गौहत्या बंद रखादीथी तो क्या दयालु सम्राटकी सेवामें नियम पूर्वक प्रार्थना पत्र पहुंचने पर कुछ फल नहीं होता जरूर होता क्योंकि यह किसी

के स्वार्थकी बात नहींथी केवल ब जुबान पशुओंपर दया करके उनके दिलकी दुआ लेना और अपनी करोडों भारत प्रजाको प्रसन्न करनाथा अब श्रीमान सम्राट् पंचम जार्जभी वैसेही दयालु दीन बंधु दीनानाथ और क्षमाशील हैं और भारतवासियोंके सौभाग्यसे जानेवारी सन १९१२ की किसी तारीखको दिल्लीमें पधारकर भारत साम्राज्यका राजमुकुट धारण करने वाले हैं जब तक आपकी सवारी नियम पूर्वक इस प्रार्थनाके पहूंचनेपर आशा है कि जीवहिंसामें कुछ कमी हो हम चाहतहा क्या हैं ३६५ में से केवल ३० ही दिन जीवहिंसा नहीं होनेके वास्ते मांगते हैं जिनमें ८ दिनतो बहुतही जरूरी हैं और ये ८ दिन ऐसे पुनीत हैं कि इंगलिश स्थानकी प्रजाभी अपने सम्राट और राजपरिवारके कल्याण के वास्ते उसमें कभी कुचा आगा पीछा नहीं करेगी और ईसाई धर्मके पादरीभी उसको पसंद करेंगे क्यों कि उनके धर्म और महात्माई सामसीह के उपदेशोंमें दयाका अंश अति अधिक हैं।

वे ८ दिन ये हैं।

(१) श्रीमती विक्टोरियाके भारतेश्वरी होनेका शुभ दिन. १

(२) श्रीमान् सप्तम एडवर्डके जन्म और निर्वाणके दिन २

(३) श्रीमती राजमाता अलकजेंद्राका जन्म दिन १

(४) श्रीमान् समाट पंचम ज्योर्जके जन्म और राजमुकुट धारणके दिन २

(५) श्रीमती महारानी मेरीका जन्म दिन १

(६) श्रीयुत प्रिन्स ऑफ वेल्सका जन्म दिन १

इनके सिवाय २२ दिनकी औरभी प्रार्थना ऊपर लिखे अनुसार है।

देवीप्रसाद जोधपुर.

# શ્રી ભોયણીજી તીર્થમાં ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે કરેલા ભાષણો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશકે શ્રી ભોયણીજી તીર્થ સ્થળમાં કોન્ફરન્સના હેતુઓ ઉપર મહા સુદ ૧૦ ના ઉત્તમ પ્રસંગે શ્રી મલ્લીજીનેશ્વરના ભવ્ય દેરાસરના ચોકમાં જાજમ પાથરી આજુ બાજુ બાંકડા મુકી બેઠક કરી ભાષણો આપ્યાં હતાં. આ પ્રસંગે આવેલા જાત્રાળુઓની મેદનીમાં કોન્ફરન્સે કરેલાં કામ અને કોન્ફરન્સથી જૈનોનો ઉદય તે વીશે પ્રથમ ભાષણ આપવામાં આવ્યું તે પછી દરેક જગ્યાથી સુકૃત ભંડારનાં નાણા વસુલ આવે છે પણ ફકત અમદાવાદ નથી આપતું, તે બાબત ભાષણથી લોકના મનને ખાત્રી કરી આપી. શ્રી વાલકેશ્વર દેરાસર તથા જૈન તહેવારો વીગેરે વીગેરે ભાષણ દ્વારા જાહેર કરી કોન્ફરન્સની અસર ચાર આના જેવી નજીવી રકમ સુકૃત ભંડારમાં આપવી તથા કોન્ફરન્સે ટુંક વખતમાં સારૂ કામ કર્યું છે. તેમ તેઓએ જાહેર કર્યું. વલી સાદી બેઠકથી મુંબઇમાં આવતા માર્ચ મહીનાની આખર તારીખે આઠમી કોન્ફરન્સ ભરાવાની છે તે જાણી અત્યાનંદ સાથે તાલીઓ ઉપરાઉપર પડી હતી. ત્યાર બાદ દરેકે શીયલવ્રતપાળી પતીવ્રત સોભાવવું. પણ પરપુરૂષને હાથ આપી સ્ત્રીએ લગ્ન પ્રસંગમાં ફટાણાં ગાણાં ગાવાં એ પતી તરફ અભાવ થવાની નિશાનીનું આબેહુબ ભાષણ આપ્યું. તેથી કેટલીક બહેનોએ બંગડીઓ નહી પહેરવાનાં, તેવા નીર્લજ ગાણાં નહીં ગાવા સોગન લીધા હતા, તથા રડવા કુટવા સબંધમાં તેમ કન્યાવિક્રય નહીં કરવા વગેરે ઉપર બોલવાથી લોકપર એટલી અસર થઇ હતી કે તે વખતે છાપ પડી ગઇ હતી જ્ઞાન મેળવવા તથા જીનેશ્વરની ભકતી કરવામાં રહેલા લાભનું ફળ બતાવવાથી લોકોને ખુશી પેદા થઇ હતી.

આ વખતે લીંબડીના રહીશ ઉમેદચંદ માસ્તરે અનુમોદન આપ્યું હતું ભાષણ પ્રસંગે શ્રી સાધવીજી સાહેબ વીવેકશ્રીજી તેમ મુકતાશ્રીજી વીગેરે દરેક વખતે સાંભળવા ધ્યાન ખેંચતાં હતાં. બાળલગ્ન તેમ જૈન ધર્મ વિરૂદ્ધની ચીજો વાપરવાથી ધર્મપર અભાવ પ્રગટે તે વિષે અને તેવી વસ્તુ વાપરવાથી તેમ તેવી વસ્તુ અહારમાં આવવાથી સદ્ગુણ નષ્ટ થાય છે તે વિશે લોકોને ઠસાવી દીધું હતું. ગેર વ્યાજબી ભપકામાં ખરચ ન કરતા તેટલી રકમનો સુકૃત ભંડાર જેવા સારા કાર્યમાં ઉપયોગ કરવાથી ભાતુ બંધાય છે. તેવી અસર થવાથી સૌએ આનંદી તાલીઓ પાડી હતી. દરેક વખતમાં હર્ષના ઉભરામાં જીનેશ્વર ભગવાનની જય બોલવામાં આવતી હતી. તાલી સાથે આ શબ્દો ભારે શોભા આપતા હતા અને કોન્ફરન્સ કાયમને માટે વૃદ્ધી પામે તેવી ખુશી મળેલી સભાએ બતાવી હતી.

ભાષણો ત્રણ ચાર કલાક સુધી થતાં પણ સાંભળનાર કંટાળતા નહોતા પણ છેવટે બાદ ન ચાલવાથી બોલે તો સાંભળીએ એવી આશામાં નીરઉપાયે સભા વીસરજન

થતી. આમ દરેક વખત બેઠકમાં થતું. સંપ રાખવો એ વિષય ઉપર પણ સારી રીતે બોલતાં સૌએ ખુશાલી બતાવી હતી.

---

# આઠમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## રીસેપ્શન કમીટીની મળેલી મીટીંગ.

### થયેલ ઠરાવ.

આઠમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રીસેપ્શન કમીટીની એક મીટીંગ તા. ૯-૩-૧૧ ગુરૂવારે રાત્રીના શ્રી ગોડીજીના મંદીરમાંના ઉપાશ્રયમાં મળી હતી તે વખતે લગભગ ૧૦૦ મેમ્બરો હાજર હતા. પ્રમુખસ્થાને રાયકુમારસિંહજી બાબુ બીરાજ્યા હતા. બાદ સેક્રેટરી તરફથી સરક્યુલર વાંચી સંભળાવવામાં આવ્યો હતો. આગલી મીનીટ વાંચી પસાર કરવામાં આવી. બાદ શેઠ કલ્યાણચંદ સોભાગ્યચંદે મીટીંગ બોલાવવાના કારણમાં મરકીનું જોર વધવાથી હાલમાં કોન્ફરન્સ ક્યારે ભરવી તે ઉપર વિચાર કરવા પધારેલા ગૃહસ્થોને વિનંતી કરી. આ ઉપરથી શેઠ મોહનલાલ પુંજાભાઈ, શેઠ લલુભાઈ કરમચંદ દલાલ, રા. રા. અમરચંદ પી. પરમાર, રા. રા. ઝવેરીલાલ માણેકલાલ ઘડીયાળી, રા. રા. ઝવેરી કલ્યાણચંદ શોભાગ્યચંદ, શેઠ મોહનલાલ હેમચંદ, રા. રા. મકનજી જુઠાભાઇ વીગેરે ગૃહસ્થોએ વિચાર જણાવ્યા બાદ સર્વાનુમતે નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

### ઠરાવ.

શ્રી સંઘે તા. ૨૮-૧૦-૧૧ ના રોજે કોન્ફરન્સ મેળવવાનો જે ઠરાવ કર્યો છે, તેને આજની કમીટી વળગી રહે છે. પણ મુંબઈમાં મરકીનું જોર વધતું જતું હોવાથી ૨-૩ માસમાં કોન્ફરન્સ મેળવવાનું મુશ્કેલ જણાય છે, તો આવતા ભાદરવા સુદ ૧૫ થી આસો સુદ ૧૫ ની અંદર અનુકુળ પડતે દીવસે કોન્ફરન્સની મીટીંગ ભરવી અને તે દરમ્યાનમાં દરેક કમીટીઓએ પોતાનું કામકાજ ચાલુ રાખવું.

બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માની શ્રી ગોડીજી મહારાજની જય ! બોલાવી સભા વિસર્જન થઇ હતી.

# जैनसम्प्रदायशिक्षा।

## श्वेताम्बर धर्मोपदेष्टा यति श्रीश्रीपालचन्द्ररचित.

इस महत्वके ग्रन्थमें स्त्रीपुरुषोंका धर्म, पतिपत्नीसम्बंध, पाणिग्रहण, रजोदर्शन, गर्भाधान, गर्भावस्थासे लेकर जन्म, कुमार, युवा और वृद्धावस्थातककी कर्तव्य शिक्षायें, आरोग्यरक्षा, ऋतुचर्या, रोगनिदान, पूर्वरूप, उपशम; डाक्टरी और देशी रीतिसें रोगोंकी परीक्षा, चिकित्सा, पथ्यापथ्य, दुग्ध, घृत, तैल, दधि, तक्र, फल, तरकारी, कन्द' मूल, क्षार, नमक, शक्कर, गुड आदि सैकडों पदार्थोंके गुणदोष, व्यायाम, वायुसेवन, आदि वैद्यकसम्बन्धी सम्पूर्ण बातोंका वर्णन बडे विस्तारके साथ सरल भाषामें कोई पांचसौ पृष्ठोंमें लिखा है, इसके सिवाय, व्याकरण, सामान्यनीति, राजनीति, सुभाषित, ओसवाल पोरवाल महेसुरी, जातियोंकी उत्पत्ति, बाहर वा चौरासी जातियोंका वर्णन, ज्योतिष, स्वरोदय, शकुनविद्या, स्वप्नविचार आदि अनेकानेक विषयोंकाभी इसमें संग्रह है। एक बडेही अनुभवी विद्वानने अपने जीवनभरके अनुभवोंको इसमें संग्रह करके सर्व साधारणके उपकारके लिये प्रकाशित किया है। यद्यपि इसका नाम जैनसम्प्रदायसे सम्बंध रखता है, परन्तु यथार्थ तो इसमें जिन विषयोंका वर्णन किया गया है, वे सबहीके लिये उपयोगी हैं। वैद्यक विषयकातो इसको एक अपूर्वही पुस्तक समझना चाहिये। हम प्रत्येक गृहस्थसे आग्रह करते हैं कि, वह इस ग्रन्थकी एक एक प्रति मंगाकर अपने यहां अवश्य ही रक्खें और गृहस्थाश्रमकी शोभाको बढावें। क्योंकि इसका "गृहस्थाश्रमशीलसौभाग्यभूषणमाला" जो दूसरा नाम है, वह बिलकुल ठीक है। सब लोकोंके सुभीतेके लिये रायल आठपेजी साइजके ८०० पृष्ठके इस बडेभारी कपडेकी जिल्द बंधे हुए ग्रन्थकी कीमत केवल ३॥) रुपये रक्खी है। डाकमहसूल ॥) आना

पुस्तक मिलनेका पता:—तुकाराम जावजी,

निर्णयसागर प्रेसके मालिक—बम्बई.

## તા. ૩૧-૧૨-૧૮ સુધીના લવાજમની પહોંચ,

રૂ. ૧-૪-૦ નીચે મુજબ મળેલ છે.

| નામ. | ગામ. |
|---|---|
| શેઠ વાલજી મેરાજ | ગારીઆધાર |
| ,, પ્રેમચંદ ત્રીભોવનદાસ | ગાધકડા |
| લાલા નાનકચંદજી દોલતચંદજી | ગુજરાનવાળ |
| શેઠ કલુશા કનૈયાલાલ | ગુજરાતવાળા |
| ,, સાલીઆરામ માણેકચંદજી | ગુજરાતવાળ |
| ,, ચતુરભાઈ ગોકળભાઈ | ગુંદી |
| ,, વજંગજી ઉમાજી | ગોકાડ |
| ,, માણેકલાલ કેશવજી | ગંભીરા |
| ,, રામલાલ રતનલાલ | ગોટામ્પુરા |
| ,, હરજીવન વર્ધમાન | ઘેટા |
| ,, ભગવાનદાસજી ફોજમલજી | ચીંચગાવ |
| ,, ગુલાબચંદ મગનીરામજી | ચીખલથાન |
| શ્રી જૈન પાઠશાળાના સેક્રેટરી | ચીતાખેડા |
| શેઠ તારાચંદ માલાભાઈ | ચોક |
| ,, ઝીણાભાઈ મેઘજીભાઈ | ચોક |
| ,, પોકરચંદ મુનીમ | મકરબજાર |
| ,, મનજીભાઈ ધરમશીભાઈ | છતર |
| ,, ચંદનમલ નાગોરી | છોટીસાદડી |
| ,, સુંદરલાલ લક્ષ્મીચંદ | જામનગર |
| ,, નારાયણદાસ ચુનીલાલ | જાલના |
| ,, નરસીહભાઈ દેવરાજ | જાલના |
| ,, વીરચંદભાઈ ત્રીભોવનદાસ | જૂનાગઢ |
| ,, બાપુલાલ લાલચંદ | જુન્નેર |
| ,, ગોકળચંદજી પુંગલીઆ | જેપુર |
| ,, શીવશંકરજી મુકીમ | જેપુર |
| ,, પ્રેમચંદ મોતીચંદ | જેતારન |
| ,, મગનલાલ રાયચંદ | જેતલપુર |
| ,, અરજણ સીધજી મહેતા | જોધપુર |
| ,, હનમંતચંદજી ભંડારી | જોધપુર |
| ડૉ. નગીનદાસ દોલતરામ | જોધપુર |
| ,, ચાંદમલજી મહેતા | જોધપુર |
| ,, બખ્તાવરજી મહેતા | જોધપુર |
| ,, ગોરીલાલજી હજારીમલજી | જોબનેર |
| ,, જવિંદામલ બનારશીદાસ જૈની | જંડીઆલા |
| ,, ચત્રભજ વિ. મોતીચંદ | ઝરીઆ |
| ,, દલીચંદ લવજીભાઈ | ઝીંઝુવાડા |
| ,, ચીમનલાલજી જેઠાજી | ટાલીકોટ |

| | નામ. | ગામ. |
|---|---|---|
| | ,, શ્રી જૈન સંઘ સમસ્ત | ટીટોઈ ટીંટોઈ |
| | ,, મેઘાજી સામનીરામ | ટેનાલી |
| | ,, કેશરીમલ મેઘાજી | ટેનાલી |
| | ,, શેઠ રાજાજી રંગનાથજી | ,, |
| | ,, ગંભીરમલજી | ટોંક. |
| | ,, જસરાજ દેવચંદભાઈ | ટંકારા |
| | ,, નાથુમલ ચુનીલાલ | બરોડ |
| | ,, જેશંગભાઈ ભગુભાઈ | ડાગાવાડીઆ |
| | ,, શંભારામજી ડેરા ગાજીખાન. | |
| | ,, વીરપાળ જીવાભાઈ | દવાણા. |
| | ,, શેઠ કેશવલાલ ઉમેદરામ | તાસગામ |
| | ,, મનસુખભાઈ ડાહ્યાભાઈ, | તારાપુર |
| | ,, પુરમલ કપુરચંદ | ત્રીચનોપલી |
| | ,, હરખચંદ ગુલાબચંદ | તેલદરા |
| | ,, શ્રી તારંગાજી જૈન શ્વેતાંબર લાયબ્રેરી | તારંગાજી. |
| | ,, શેઠ દેવચંદ સવાઈચંદ | થરાદ |
| | ,, અનોપચંદ હઠીશંગ | થરાદ |
| | ,, પુરશોત્તમ નથુભાઈ | થરાદ |
| | બાબુ પ્યારેલાલ દલાલસીંગ | દીલ્હી |
| | સુરજમલજી કેશરીમલજી | દીમથાન |
| | ,, પાસુભાઈ વાલજીભાઈ | દુર્ગાપુર |
| | ,, વેણીચંદ બેચર | દેપુર |
| | ,, ડુંગરશીભાઈ મેઘજીભાઈ | દેવગામ |
| | ,, કેશરીમલજી ચંપાલાલજી | દેવાસ |
| | ,, દેવશીભાઈ કુરપાળ | દેસલપર |
| | ,, આશારામ ન્યાલચંદજી | દેહેગામ |
| ૨-૪-૦ | શેઠ ભગવાનજી હાકરશી | ડુબડી |
| ૨-૪-૦ | શેઠ રખબાજી નેમીચંદ | ઝાબુઆ |
| ૨-૪-૦ | ,, બજંગાજી કસ્તુરચંદ | ટાડપત્રી |
| ૧-૨-૦ | શેઠ રાજાજી રૂગનાથજી | ગાન્ટુર |
| ૧-૦-૦ | સેક્રેટરી જૈન એસોસીએશન | ઝરીઆ |
| ૧-૦-૦ | કાકાવારા ચંપાલાલજી ચાંપમલજી | દેવગઢ. |
| ૧-૦-૦ | શ્રી સંઘ સમસ્ત હ. શેઠ હીરાચંદ હરજી | ત્રાપજ |
| ૧-૦-૦ | જેરૂજી ગોટાલાલજી | છોટીસાદડી |
| ૦-૪-૦ | પ્રેમચંદ શીવજીભાઈ | ડુંગરપુર |

બાકી હવેપછીનાં અંકમાં આપવામાં આવશે

Registered N. B. 525.

ॐ

# श्री जैन श्वेतांबर कोन्फरन्स हेरल्ड

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૭ ] વીર સંવત્ ૨૪૩૭ એપ્રીલ, મે ૧૯૧૧ [ અંક ૪-૫

પ્રગટ કર્તા

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १-४-०

मुंबई.

कालबादेवी प्रिन्टिंग प्रेस.

## અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| The Second Jain Students Social Gathering ... ... | 67–153 |
| સુખી સંસાર તેમે શું ? દુઃખી સંસાર તેમે તેમે શું ? ... .. | ૧૦૪ |
| निवेदन पत्रिका | १०५ |
| ગ્રહસ્થ ધર્મ અને નીતિ પૂર્વક જીવન ... ... ... | ...૧૧૦-૧૫૦ |
| પૈસો મારો પરમેશ્વર અને તેનો ગર્વ ... ... ... ... | ૧૫૨ |
| એજ્યુકેશન બોર્ડ-શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાના ધારા ધોરણ ... | ૧૧૫ |
| જીવદયા ... ... ... ... ... ... ... | ૧૧૯ |
| મુંબઇ-શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ. | ૧૨૦-૧૨૯ |
| એડવાઇઝરી બોર્ડ ... ... ... ... ... ... | ૧૨૦ |
| નિરાશ્રીત-જીવદયા ખાતુ... ... ... ... ... ... | ૧૨૧ |
| પુસ્તકોદ્ધાર ખાતુ ... ... ... ... ... ... | ૧૨૨ |
| સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... ... | ૧૨૩ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતુ ... ... ... ... ... | ૧૨૭ |
| હિસાબી રીપોર્ટ-ઉઘરાણી-હેરલ્ડ,-મંદિરોદ્ધાર-નિભાવ ફંડ ... ... | ૧૨૯ |
| એક યુરોપીયન ઓફીસરનો અભિપ્રાય ... ... ... ... | ૧૩૦ |
| कुरिवाज कैसे दूर हो ? | १३० |
| Shrimad Anandghana and his Anand Philosophy ... | 131 |
| કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્ દર્શન... ... ... ... | ૧૩૩ |
| મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત જ્ઞાનસાર સૂત્રનીચોળ ... ... | ૧૪૨ |
| શ્રી જૈન ગ્રેજ્યુએટસ એશોસીએસનના લવાજમની પહોંચ ... ... | ૧૫૯ |
| હેરલ્ડના ગ્રાહકોને સુચના. કોન્ફરન્સ ઓફીસનો સંવત ૧૯૬૫-૬૬ ની શાલનો રીપોર્ટ—પુસ્તક પહોંચ. ... ... ... ... ... | ૧૬૦ |

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ એપ્રિલ સને ૧૯૧૧. [અંક ૪.

The Second

## JAIN STUDENTS' SOCIAL GATHERING.

[Under the auspices of Jain Students' Brotherhood, the second Jain Students' Social Gathering was held under the presidentship of Motichand Girdhar Kapadia Esq. B. A, LL. B. Solicitor on the 19th March 1911, in the H. G. Jain Boarding School compound]

——:o:——

### The Presidential Address.

BROTHERS,

I need not make a long introduction to a short address which is my pleasant privilege of the day to lay before you.

But I can not avoid the temptation of telling you very shortly by way of introduction that, had it not been for the specific denial of my learned brother Mr. Gulabchand Damania to preside over this gathering for other urgent engagements and indifferent health, I should not have made an exception to the rule of leading a life of being a votary on the alter of Minerva rather than that of a preacher by being a president, for which, I, with all your efforts to the contrary, never consider myself worthy. As my denial seemed to disconcert my young enthusiastic workers in their arrangement, I had to submit to their wishes for which I am very much thankful to you for the partiality shown to me especially in face of so many luminaries of our community whose disciple I would be proud to be counted.

In the outset I should frankly admit I am not an orator or a lecturer and I am not meant to be one in the strict sense of the term. I consider only that man, an orator who by juxtaposition of verbiage and artistic form of logical reasoning can immediately appeal to the head and heart simultaneously without submitting himself to the catching pitfalls of the idols of the cave—I mean fallacious and sophistical arguments. Oratory itself is an art, a gift, and requires development and chestening with respect to which owing to various circumstances I have made no progress for which I hope to be excused.

Coming directly to the occasion of our gathering, I should at once state that it is a very good beginning towards the assimilation of the general Jain world under a common standard towards which the progressive educated class is moving or rather ought to move. Looking to the numerical value of our community, the different individual questions to which our energies have to be directed over and above to the general qnestions common to all the Hindus and the struggle for existence owing to the aforesaid two

great causes it is absolutely necessary that all Jains should assimilate under a common banner. I should like to be more clear on these causes which compel us and demand of us assimilation without any delay whatsoever. Look to our numerical weakness. Far and wide dispersed throughout the length and bredth of India we are only one million and a half compared with 225 millions of the remaining Hindus. The proportion is nearly; 150: tremendous odds A community having a large population can afford to be divided even though it may be unwise, but we cannot. Then look at the problems demanding immediate solution at our hands. We must educate our children by giving them liberal, scientific, physical, moral and religious education, we have to look to more than 36000 Swetamber temples, [I do not know the number of Digamber temples, ] we have to preserve our rights on our holy places against the inroads of outsiders, we have to revive almost dying literature of the past extending over crores of verses, we have to properly employ the unemployed amongst our brethren, we have to fulfil our grand mission of Universal Mercy, we have to explore antiquity, we have to bring to light the lives of our great saints of the past, we have to organise special modes of imparting religious training, we have to add to the numbers of our community by adding to it converts, we have to prepare schemes for that mission and what not; I cannot exhaust the list which is very great; only the principal avenues of the possible directions of our efforts have been depicted to show their manifoldedness. Thus owing to our numerical weakness and the manifoldedness of the actions awaiting their solution at our hands the mere struggle for our existence has become very strenuous. Census reports clearly show that every decade we are going down numerically, and if the decay may go on for some time at the rate it is going on as reported, in course of two three centuries, we may be wiped off the history of India as an

extinct entity. Under the circumstances for our very existence it is necessary that we must assimilate, combine, co-operate, forgetting all our difference. And brothers! I assure you the differences are not great, they can be bridged over if liberal mind attends to it. It is a singular coincidence that there is no difference in the fundamental principles of any of the subsection or the subsection of the Jain Community. It is very difficult, almost impossible to persuade a so called orthodox Jain layman or Sadhu to have a clear perception of the difference, between fundamental points and points for perfection. The one goes to the very core of the matter, the others are chaffs, as compared with the substance inherent in the former. To an orthodox mind holding of stick in a particular fashion is as sacred a principle as the existence of Soul in the body. But a man who has received liberal education can at once see the difference between the two and its relative value. It is useless, almost hopeless, to argue on such points with our elders: but we must not lose sight of the basic principles impelling them to that mode of thinking. It is their innate love of dogmas which they are taught to respect at any cost under any given set of circumstances. The emotion is worth preserving and worth understanding, and worth appreciating, but the sting of it should be taken off in the interests of all of us. None should give up his principles for the sake of others but at the same time development of a society should be worked up step by step and not by flights as in the latter case there is likelihood of a sudden downfall and a great retrograde motion. In our case also the elders should be respected for their sacrifice faith and age, they must be woked out to the goal step by step. Ours is a movement a step forward in that direction and as such it is welcome.

The advantages of this movement towards co-operation, restraint, unnecessary waste of energy and its

possible or rather probable effect on the world need not be depicted as our worthy president of the last year so vividly depicted in his last year's presidential address. I do not like to harp on the same tune but I should like to go to two important points in reference thereto. One is about the causes of the rupture which need not be concealed if we are honest to our mental plane and the other is about the modes of effecting assimilation. About the causes of rupture bewteen three main subsects and subsections amongst these subsects of the little Jain world, the chief is the non-application of the recognition between the distinction of the fundamental points in the Jain Philosophy and the points of perfection. We cannot suffer any Jain transgressing the fundamental points of philosophy, but we should never forget means for the end. Our end is the attainment of Nirvana and for that we may conveniently add to or take away from the means under proper guidance. Differences of opinions do exist about these means and with the growth of education they are bound to increase; but so far as I have been able to see no section or subsection has dared to transgress the fundamental point. For some time differences are likely to exist even about the definition of fundamental points and the points of perfection but with the growth of liberal education eventually settlement shall be arrived at to the satisfaction of the whole Jain world, thereby leading to a healthy and material welfare, progress and onward movement of this same. At the juncture of the great transitional period in which we are living even some people are likely to think that idolatry or Nirvana to a female is a cardinal point, but these things shall eventually adjust themselves very properly with the spread of enlightenment amongst our brethren. Other causes of rupture are rather the results of the non-recognition of the aforesaid distinction. Use of violent language, absence of spirit of toleration, competition in vying with each other in the show of one's

enthusiasm without going to the root of the question, and want of propet religious education worked up all and one in the same direction and the gulf instead of being bridged grew wide and wide. It lies upon the present generation to try to bridge this gulf without disturbing the equilibrium. The task is stupendous but if adopted in a spirit of harmony, sympathy and co-operation, one is quite sure to achive something and contribute his quota towards the same.

And this leads me to the modes of effecting the same assimilation,. Here also differences are likely to exist. First thing to be borne in mind is the fact that we should not forget or give go-bye to stern fact by which we are surrounded. The differences though heart-rending do exist and manifest themselves on their turn from time to time. Some of my friends would try to rush headlong into the matter and go on preaching the doctrine of assimilation without caring to know the spirit in which his vituperation is received and welcomed. He would even go to the length of branding and bragging the persons who are holding contrary opinions. Some of my friends would give up the task thinking it as hope less under the present circumstances. I may be wrong but I would do neither. I should like to prefer a milder course, to work out the brethren step by step keeping the goal always in sight but for the time being going on with the present generation and contributing one step-two steps-more steps towards the attainment of the goal. If once a man is out of the circle in which it is his destiny to move and work, he is lost to his cherished desires and goals for ever and his life-work terminates leaving a sad effect on his heart to the great detriment of the cause he is advocating. I am quite aware this last method will not be palatable to most of my friends as the onward progress in that method is always very slow, tardy and sometimes tideous. But after some study of the good many characteristics of our

community at large I have become of the opinion that this method is the best one though not the only one. I lay it before you for whatever it is worth.

There is one more thing which appears to go against the adoption of this tardy method and it is this: In the conflcting elements working from time to time we have to adopt one or the other of them to the utter confusion of our moral perception of the same. But this obstruction is more apparent than real. A sagacious mind imbued with long foresight can work out the method very properly, rightly and keenly to the concious satisfaction of his partial contribution towards the goal of assimilation without disturbing equilibrium. Now there are several modes of marking out a particular thing and a prudent man can work out the same on the lines of wisdom. It rests with every endowed brain to find out his own ways of working but every educated Jain should work out something towards the attainment of this goal. None should give up the task as hopeless or a chimera, because the present tendency of the Indians is rather towards assimilation than towards separation. Mahomedans may be divided for the time being to the temporary advantage of the ruling class but the wisest amongst Mohamedans assure us that the present movement will rather expedite the assimilation in a very near future. It is out of place to devolve on this phase of our national life but one must learn the grand principle underlying the whole political movement of the last 10 years. It tells us to assimilate, to combine, to co-operate to work shoulder to shoulder, and that is our duty to learn if we are gifted with any foresight. As I have placed the question of assimilation on the sorbid ground of our existence it is worth considering, worth discussion at the hands of some of my friends who differ from me on that question. I do not and cannot question their motives for the same as they should be presumed to be innocent and pure until contrary is shown and in this particular case we can safely take for granted

their honesty of purpose but this question is worth consideration under the present surrounding circumstances which we cannot ignore. With this brief observations on a momentous question I should like to touch only one or two questions affecting our young brethren who have taken this trouble of organising this gathering at great sacrifice of time, money and energy.

The Pressident then dilated upon the necessity of religious education, physical exercise &c.

---

## સુખી સંસાર તોયે શું? દુઃખી સંસાર તોયે શું?

દુઃખી સંસાર કહેતા સઉ, સુખી સંસાર દેખત હું!;
હતો આધાર સુધા સમ સાર, જતાં આધાર નિરાધાર! ૧
ગયો વિક્રમ, ગયો ભોજ, ગયા દાની અને યોધ;
ગયા વિલાસ ગયા તાન, ગયું વ્હાલ અહો માત. ૨
જવાનું એ કદિ વિસર્યું, જવું જો હાલ તોયે શું?
કર્યાં ઉપકાર મનમાની, કૃતઘ્ની ચિત્તથી ત્યાગી. ૩
જતાં સૌએ-જડું હુંએ, રહ્યું કોઈ કહેતું એ?
રહ્યો સંસારે એકજ સ્વાર્થ, રમે સૃષ્ટિએ એકજ સાથ. ૪
કળી અંબુજ કરમાતાં, વિલાસી ભૃંગ વેરાતાં;
રડે સૌ કોઈ પોતાનું, આપ સુચિત્ રહે શાનું? ૫
જવું એ સ્વાર્થને કાજે, ઉભયના હિતને માટે;
દશા તંત્ર કદિ દહાશે, મૂર્તિ રૂપે થઈશ ત્યારે. ૬
લલાટે જે લખ્યા છે લેખ, કરે નવિ કોઈ મીન ન મેખ;
અરે અહો ભાગ્ય! હિત ભાગ્ય, અરે! નિષ્ઠુર હૃદય ફાટય. ૭
નથી છુટાતું જાવાતું, તથાપિ હાય જાવાનું;
સુખી સંસાર તોયે શું? દુઃખી સંસાર તોયે શું? ૮

ગીરગામ-બેક રોડ
મુંબઈ-તા. ૨૦-૪-૧૧

**ઉદયચંદ લાલચંદ શાહ.**

ॐ

॥ श्री जिनायनमः ॥

# ॥ निवेदन पत्रिका ॥

## ॥ मङ्गलाचरण ॥

"ओंकार उदार अगम्य अपार संसारमें सार पदारथ नामी
"सिद्धि समृद्धि सरूप अनूप भयो सबही सिर भूपसु धामी।
"मन्त्रमें यन्त्रमें ग्रन्थके पन्थमें जांकुं कियो धुर अन्तर जामी
"पञ्चहि ईष्ट बसै परमिष्ट सदा धमसी करै ताहि सलामी॥

## दोहा.

दीन दीन आपण देशने, लावो बढ पण मांय।
कुला चार कुल रीतसुं, करो प्रभु मन लाय॥

प्रिय सज्जन महाशयों, अपनी स्थिति, भूत वर्तमन समयकों मीलान कर देखो कैसा अन्तर है॥ तन मन धन ये तीनो बल पुर्व समय कैसा। वर्तमान में कैसा। प्रिय बन्धुओं ब्रह्मचर्यका पालन व वैद्यक के नियम न पालने सें तन बल नष्ट हूआ। ईल्म न होनेसें मन। और ईर्षा द्वेशसें धन बल क्षयकों प्राप्त हूआ ईन बातोंका अनुभव सर्वको हूआ। परोपकारणी मातेश्वरी संसारीक पक्षाकें वृद्धिके लीये निर्मीत लीखीका एतकात चाति है वो निवेदन हैं॥

## ॥ प्रथम विद्या ॥

॥ श्लोक ॥

॥ न चौर हार्य न च राज हार्य न भ्रातृ भाजं न च भार कारी॥
॥ व्यये कृते वरधत एव नित्यं विद्या धनं सर्व धन प्रधानम्॥

विद्या धन कैसा रत्न है। न चोर ले सक्ता न राजा न भाई हिसा करा सक्ता न वजन है खर्च करनेसें द्वितीया के चन्द्रके माफीक् बढता है तो देखो ईसीके अभावसें ईसीके प्रेमीयोने सर्वत्र याने राजकार्य व हुनर उद्योगमे हमला कर काबु पाए। ईसी कारन कला कौशल्यसें असमर्थ हूए। ईल्म न होनेसें कै अनर्थ है।। य वात सर्वकों अछी तरह मालुम है सो ज्यादे अर्ज करना व्यर्थ है।। प्रियवरों परोपकारी पुर्षोने अपना बहू मूल्य टाइम खर्चकर उपदेश द्वारा ग्राम २ पाठशाला विद्याशाला स्थापीत की और जीन २ महाशयोने ईस कार्यमें उदार चित्त हो कर साहेता की उनकों धन्य है।। प्यारे मीत्रो ये उन्नतीका सखिर सज्जन पुर्षोने ही चढाया और ईस कार्यकों सर्व देश वासी अपना हीत समझकर करें तांके भविष्यका उद्धार हो यही विन्ती है.

## ॥ द्वितीय सम्प ॥

मान्यवरों कुसम्पसें नुकशान पोंच रहे है। वो सर्वकों भली भाँती ज्ञात है द्रष्टांत--काचकी चुडि आठ आनेमें खरीदकी ओर टुट गई। तो लाल मिरचको फोतराभी नही आता ॥ तातपर्य य है ॥ फुट याने कुसम्पका नतीजा एसा है ॥ सम्प एक एसी न्यामत चीज है के जीसके प्रभावसे नाना प्रकारकें सु:ख और कै तरहकी लक्ष्मी प्राप्त होती है. द्रष्टांत—सूत के सो डेडसों डोरे सामील बटनेसें देखो जहाज कितना भारी और ताकत भरहै। तो बान्धनेसें नही हट सक्ता॥ तातपर्य य है ॥ ना जान एकेसें होनेके कारण कैसा कार्य करते है तो जान दार एकेसें हो तो कैसा कार्य हो ॥ प्रत्यक्ष देखो ॥ अंग्रेज, पारसी पंडत काएस्थ वोरो में सम्प होनेसें कैसी इनकी उन्नती है देखो कविका वाका ॥

### दोहा

सम्प करे किमत बढे। घटे करे मन रीश ।
थाय अंक मुख फेरके। त्रेशटना छत्रीश ॥　　१
तन रोगी सिर शत्रुता। ज्वर आवे ने जाय।
पण ज्यो सम्प कुटुम्बमां। सितल रहे सदाय ॥　　२

सुज्ञनोंकों ईसाराही काफी.

## ॥ त्रतीय कन्याविक्रय ॥

ये रीवाज बडा भयानक है, प्ररन्तु ईसमें दो विषय विचारणीय जरूरी है, एक देह दुसरा दागीना ईनकी हद कायमकि जाय य न किया जाय तो धार्मिक व संसारीक दोनो पक्षकों बडा भारी नुकशान है प्रत्यक्ष देखो,व्यभीचारकी वृद्धि होने लगी और पुनर्विवाहकी भी जोकु करने लगे कौन करे ईसका कारन तो अर्ज उपेकी है, तो कायदा बान्धे उस वक्त ईनकाभी पास करें, एक व्रद्ध दुसरा बालक तीसरा अपढ चोथा रोगी पांचमा अधर्मि छठा एक स्त्रीकी मोजुदगीमें दुसरी इनकों कन्या न देनी समुद्रके कार है तो समुद्रही तोडे तो पार बान्धने कौन समर्थ.

## ॥ चतुर्थ वैश्याका नृत्य ॥

श्लोक.

दर्शनात् हरते चितं । स्पर्शनात् हरते बलम् ॥
मैथुनात् रते वीर्य। वैश्य। प्रत्यक्ष राक्षसी॥ १ ॥

प्रियवरों मेफीलमें पिता पुत्र कुटम्बी मेल मुलाकाति सबही। नाच देखती वक्त सबही सब स्वस्त्रीकी नीघासें देखते है तो आपसमें क्यारीस्तेदारी हुई हाय २ धर्म निन्दक दुर्गतीका मार्ग जाते हुवे करें ॥ अफसोस है की निराश्रितो कों आश्रय देनेमें तो कै तरह के विचार होते हैं। मगर एसे कार्यमे सैंकडौ रूपैये व्यय करनेसें सोच नही होता देखो कविने कहा सो पेस है ॥

### ॥ कवित ॥

सुकाज को छोड कुकाज रचैं धन जात है
व्यर्थ सदा तीनकों एक रांड बुलय नचावत है,
नही आवत लाज जरा तीनको मरदंग भनै धृक है
धृक है सुरताल पुछै किनको तब उतर रांड बतावत हैं
धृक है ईनको ईनको ईनको.

## ॥ पंचम आतशबाजी ॥

यह भी एक अजब तमासा है पुंजी कों देखती आंखे खाक करना और हर्ष आनन्द मानना ॥ हाय २ दया कर पुकारते है तो दया कों है हिंसक कार्य तो करते जावें और अहिंसाका बदनाम करे प्यारे मित्रो ये बादुरी सात खेत्रोमें करें तो कैसी खुशी हो ॥

## ॥ छठी अशब्द वाणी ॥

ये रीवाज भी शील धर्म को धब्बा देने वाला है--मेरे जेसें प्रतीज्ञा भंग के दुष्ट फालगुनमें भंग पी छीग ले २ कर हर्ष मानते है। बैनो तो लग्न प्रसंगे व इस रत्रुमें उचारण करें। ये रूडी उतम वर्गकों शोभा न दे मगर शरम दीलाती है देखो कविने कहा है॥ शरमकों भी यापे शरम आया है जो बे शरम है वो न शरमाया है.

## । सातवा त्रश जीव हिंसाकि चिजें।

मसलन चरबी के साबुन मोमबती परोंके कामकी कोई वस्तु विदेशी सक्कर चर्मके पुटे लो चेनीके बरतन सिगरेट ईत्यादी डाकटरी दवा वगेरां इनका राजा हाथी दांत वगेरां द्रव्य शरीर दोनोका क्षय करता है॥ पवित्राई व सिद्धाई कों है—हे प्रिय मित्रो एसे २ नुक्षानकारक कों रोकनेकि युक्ति करें परोपकारी पुर्षो के फरमानका तारीफ कर पास करें तो गुप्त रत्न प्रकट होना संभव है.

## ॥ आठवा अन्य पर्व मिथ्यानामवरी ॥

अन्य दर्शनीय पर्व व असंभव गप्पमानना मानो ईस द्रष्टांत के है कल्प वृक्षकों छोड धतुरा सीखना जैसें चिन्तामनी रत्न दे काच लेना ॥ नामवरी में कै जगह है मगर यां तो उलट बात प्रचलीत है वो अर्ज है नुक्ता पतरमीनी में सैकडो व्यय करना दुखीयोंका दुख न समझना प्रेत भोजन करना इस रूढीकों सोचो तो सही हुई नामवरी या नही इसपे कविने कहा है.

## ॥ दोहा. ॥

नामवरीके कारणे ज्यो धन खर्चे मुढ
मरके छाती होयगें धराति लटके सूंढ.

## प्रार्थना.

परोपकारणी मातेश्वरी श्री जैन श्वेताम्बर कोन्फरन्सके हैरल्डमें ज्यो बिज मिन्त्र सचा सो मेरा प्रोविनन्सयल सेक्रेटरी साहाबने दीया वो मन्त्र कों सिद्ध करें तो फलकि प्राप्तिका क्या बर्नन॥ में दुष्ट भंग अब दुवार प्रतिज्ञापलेके मांफीककी—में अल्प मति बालक हुं गलती हो वो क्षमा करें.

संवत १९६७ चैत्र कृष्ण ७ बुद्ध ता. २२ मार्च सन १९११.

श्री संघका सेवक.

सालगीयां काकावारा रूपालालजी तश्यात्मज चोखचन्द.

देवगढ राजपूताना (मालवा) कांठल.

नोट—एक कविका वाक्य.

धरी देह देश स्वजातनी, जेणे दाझ जेणे नव धरी.
धिक जन्म ते धनवाननो, जननी त्रथा भारे मरी.

# ગૃહસ્થ ધર્મ અને નીતિપુર્વક જીવન.

## યોગ શાસ્ત્ર

૧ પૈસો ન્યાયથી પેદા કરવો—ધન ન્યાયથી પેદા કરવું જોઇએ એટલે સ્વામી દ્રોહ, મિત્ર દ્રોહ, વિસ્વાસિતને ઠગવું અને ચૌર્યાદી નિંદનીય વ્યાપારનો ત્યાગ કરી. પોત પોતના વર્ણને અનુસારે સદાચારથી ધન પેદા કરવું તે ન્યાય સંપન્ન દ્રવ્ય કહેવાય છે.

૨ ઉત્તમ આચારની પ્રશંસા કરવી—જ્ઞાનથી વૃદ્ધ અથવા વયથી વૃદ્ધ પુરૂષોની સેવા કરી ઉત્તમ શિક્ષા મેળવી હોય, તેવા પુરૂષોના આચારની યા ચારિત્રની પ્રશંસા કરવી.

૩ જુદા ગોત્રવાળા તથા કુળ અને આચાર જેનાં સરખા હોય તેની સાથે વિવાહ કરવો—કુળાચાર અને મદ્ય, માંસ, રાત્રિભોજન આદિ પરિહાર રૂપ આચાર જેના સરખા હોય તેમની સાથે ગૃહસ્થોએ વિવાહ કરવો. ધનાઢ્ય સાથે ગરીબનો અને ગરીબ સાથે ધનાઢ્યનો તથા પરધર્મ સાથે વિવાહ થતાં તેઓની આખી જીંદગી કલેશીત અને દુઃખદાઇ નીવડે છે.

૪ પાપથી ભય રાખવો—દ્રષ્ટ અદ્રષ્ટ દુઃખના કારણ રૂપ કર્મોથી ભય પામનાર, ચોરી, પરદારા અને જુગારથી આ લોકમાં વિડંબના થાય છે. તે પ્રસિદ્ધજ છે અને મદ્ય માંસ સેવનાદિથી શાસ્ત્ર વર્ણિત નરકાદિ વેદના મળે છે તે પાપનો ભય રાખવો.

૫ પ્રસિદ્ધ દેશના આચાર પ્રમાણે આદર કરવો—શિષ્ટ પુરૂષોને સંમત અને ઘણા વખતથી ચાલતો આવેલો ભોજન વસ્ત્રાદિ આચાર ઉલંઘન કરવાથી તદ્દેશવાસી લોકો સાથે વિરોધ થવા સંભવ છે અને તેમ થતાં પરીણામ સારૂં આવતું નથી.

૬ કોઇના અવર્ણવાદ ન બોલવા, તેમાં રાજાના અવર્ણવાદનો વિશેષ પ્રકારે ત્યાગ કરવો—જઘન્ય, મધ્યમ યા ઉત્કૃષ્ટ પ્રાણીઓના સંબંધમાં અવર્ણવાદ ન બોલવા. અવર્ણવાદ બોલવાથી, બીજાનો પરાભવ કરવાથી અને આત્મ પ્રશંસા કરવાથી નીચ ગોત્ર બંધાય છે. [મરીચીનો દાખલો કે જે કરોડો વર્ષે મુકાવું મુશ્કેલ થાય છે ત્યારે બીજા સામાન્ય મનુષ્યનો અવર્ણવાદ ન બોલવો તો રાજા, મિત્ર આદિનો અવશ્ય નજ બોલવો કેમકે તેથી તત્કાળ વિપરીત પરિણામ આવે છે.]

૭ સદાચારવાળા મનુષ્યોની સોબત કરવી—આ લોક તથા પરલોકના હિતકારી આચરણો વાળા પુરૂષોની સોબત કરવી કારણ કે દુર્વ્યસની માણસ સાથે કલાલની દુકાને કોઇપણ માણસે જઇ દુધ પીધું હોય તો પણ તેણે દારૂ પીધો એમ લોકો તેના વિષે વિચાર બાંધે છે.

૮ ઘણા ખુલ્લા નહિ તેમ ઘણા ગુપ્ત નહિ તેવાજ ઘરમાં સારા પાડોશીની સાથે નિવાસ કરવો, મકાનમાં પેસવા નિસરવાના અનેક દ્વારો ન હોવા જોઇએ—ઘરમાં જવા આવવાના અનેક દ્વારો ન રાખવા તેથી ચોર–જારી આદિથી ધન–સ્ત્રી વગેરેનો નાશ થવા સંભવ છે. વળી તે ઘર શલ્યાદિ રહિત સ્થાને, શકુન, સ્વપ્ન, ઉપશ્રુતિ આદિ નિમિત્ત બળે કરી ઉત્તમ સ્થાનકે બનાવવું જોઇએ. જો તદન ખુલ્લું હોય, આજુ બાજુ ઘરો ન હોય તો ચોરાદિનો ભય સંભવે છે અને તદ્દન ગુપ્ત હોય તો શોભા હોય તો શોભા ન આપે તેમજ અગ્નિઆદિ ઉપદ્રવ વખતે મોટી મુશ્કેલીમાં ઉતરવું પડે છે.

૯ માત પિતાની ભક્તિ કરવી—માત પિતાને ત્રણ વખત નમસ્કાર કરવાથી, પરલોક હિતકારી અનુષ્ઠાનમાં જોડવાથી, દરેક કાર્યમાં તેમની આજ્ઞા મેળવવાથી, ઉત્તમ વસ્તુ આપવાથી અને તેમના જમવા પછી જમ્વાથી તેમનું પૂજન કર્યું કહી શકાય છે. આપણને તારનાર શ્રી મહાવીર સ્વામિ ભગવાનની તેમની માતાના ગર્ભમાં રહેવાં છતાં પણ કેટલી બધી અપૂર્વ ભક્તિ હતી તે જો આપે તેમનુ ચરિત્ર વાંચ્યું હશે તો બરાબર ખ્યાલ આવશે.]

૧૦ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો અર્થાત્ તે સ્થાન મુકી બીજે સ્થલે જઈ વસવું— સ્વરાજ્ય તરફથી યા પરરાજ્ય તરફથી ભયવાળા દુર્ભિક્ષ, મરકી અને તેવા બીજા ઉપદ્રવોથી અસ્વસ્થ થયેલા ગામ, શહેર, સ્થાન આદિનો ત્યાગ કરવો. જો ત્યાગ કરવામાં ન આવે તો પૂર્વે ઉપાર્જન કરેલાં ધર્મ, અર્થ કામાદિનો વિનાશ થાય અને નવિન ઉપાર્જન ન થતાં હોવાથી ઉભયલોક ભ્રષ્ટ થવાય.

૧૧ નિંદનીય કાર્યમાં પ્રવૃતિ ન કરવી—દેશ જાતિ અને કુળની અપેક્ષાથી ગણિત કાર્યો જેવા કે કૃષિ કર્મ, મદિરાદિકનો વ્યાપાર, મદિરાનું પાન વિગેરે ત્યાગ કરવા.

૧૨ આવકને અનુસારે ખર્ચ કરવો—કુંટુંબનું પોષણ કરવામાં, પોતાના ઉપભોગમાં અને દેવતા, અતિથિ પુજન્ આદિ પ્રયોજનમાં દ્રવ્યનો વ્યય આવકને અનુસારે રાખવો. આવકના પ્રમાણથી અધિક ખર્ચ રાખતાં લોકમાં અવિશ્વાસ, ધર્મની હાની, લઘુતા અને ભિક્ષુકતાં વિગેરે પ્રાપ્ત થાય છે.

૧૩ પૈસાને અનુસારે વસ્ત્રાભૂષણાદિ વેશ પહેરવો—વસ્ત્રાલંકારાદિ વેશ, વૈભવ, જાતિ. દેશ અને કાલાનુસાર રાખવા તે સિવાય લોકમાં હાંસી પાત્ર થવાય છે.

૧૪ બુદ્ધિના આઠ ગુણ પેદા કરવા—૧ ધર્મ સાંભળવાની ઇચ્છા, ૨ ધર્મ સાંભળવો, ૩ શાસ્ત્રાર્થ ગૃહણ કરવો, ૪ ભૂલી ન જવાય તેમ ધારી રાખવો, ૫ વિજ્ઞાત અર્થને અવલંબીને બીજા વિતર્કો કરવા, ૬ વિરૂદ્ધ અર્થથી વ્યાવર્તન કરવું, ૭ પદાર્થોનું જ્ઞાન, ૮ તત્વજ્ઞાન. આ આઠ બુદ્ધિના ગુણો છે.

# પૈસો મારો પરમેશ્વર અને તેનો ગર્વ.

મનુષ્યોએ પૈસાનો અંહકાર કરવો જોઇએ નહીં. પૈસો આજ છે ને કાલે નથી. કર્મના સંજોગને અનુસરિને પૈસો પ્રાપ્ત થાય છે. તે પાછો જતો રહે છે. રંકને રાજા કરે છે. અને રાજાને રંક કરે છે. જેમ દેહ ક્ષણભંગુર છે આજ પડશે કે કાલે પડશે તેનું કાંઇ બંધારણ થઈ શકતું નથી તેવીજ રીતે પૈસાનો કાંઇ ભરોસો નથી. જો પાસે પૈસો હોય તો તેનો સદ્‌માર્ગે વ્યય કરવામાં કાળજી રાખવા પ્રયત્ન કરવો કે જેથી પુણ્ય ઉપાર્જન થાય સારા કર્મ બંધાય. **નિરાશ્રિતોને આશ્રય આપવામાં, વિદ્યાર્થીઓને કેળવણી આપવામાં, ગુરૂઓને પુસ્તકો પુરાં પાડવામાં--તેમનું જ્ઞાન વધે તેવા તમામ પ્રકારના સાધનો પુરા પાડવામાં, મંદિરોધ્ધાર કરવામાં, પુસ્તકોદ્ધાર માટે તથા કોનફરન્સને નિભાવવાને જો** પોતાના પૈસાનો વ્યય કરશો તો આ દુનિયામાં તમારૂં નામ અમર રહેશે. અને સારા કર્મો ઉપાર્જન કરશો. લોભ કરી ફકત પૈસો ભેગો કરી છોકરાઓને માટે સંઘરી રાખશો તો તેમાં તમોને કાંઇપણ લાભ થવાનો નથી. સંતતી કેવી થશે તેનો ભરૂંસો રહેતો નથી. માટે હાથે તે સાથે એ કહેવત અનુસાર પોતાના હાથથીજ પૈસાનો સદ્‌વ્યય કરવો વધારે સારૂં છે.

## પૈસાના ગર્વ ઉપર દર્શાણભદ્ર રાજાનું વૃતાંત.

દશાર્ણ નામે નગર છે. અને ત્યાં દશાર્ણભદ્ર નામે રાજા રાજ્ય કરે છે. એક વખતે તે રાજા સાયંકાળે પોતાની સભામાં બેઠો હતો તેવામાં ચાર પુરૂષોએ આવીને કહ્યું કે, પ્રાતઃકાળે આ તમારા નગરનીબહાર શ્રી વીર પ્રભુ સમવસરશે. સેવકોની આવી વાણી સાંભળીને મેઘની ગર્જનાથી જેમ વિદુરગિરિમાં રત્નના અંકુર પ્રગટે તેમ રાજાના શરીરમાંથી અતિ હર્ષ વડે રોમાંચકંચુક ઉત્પન થયો, તત્કાળ તેણે સભા સમક્ષ કહ્યું કે પ્રાતઃકાળે હું એવી સમૃદ્ધિથી પ્રભુને વંદણા કરીશ કે જેવી સમૃદ્ધિથી પૂર્વે કોઇએ પણ તેમને વાંધ્યા નહીં હોય.

આ પ્રમાણે કહી મંત્રી વિગેરેને વિદાય કરીને પોતાના અંતઃપુરમાં ગયો. અને હું પ્રાતઃકાળે પ્રભુને આમ વાંદીશ અને આ પ્રમાણે સ્તુતિ કરીશ એવી ચિંતા કરતાં તેણે તે રાત્રી માંડ માંડ નિર્ગમન કરી. હજુ સૂર્યોદય થયો નથી ત્યાં તો એ રાજસુર્ય દશાર્ણ રાજાએ નગરના અધ્યક્ષ વિગેરેને બોલાવી આજ્ઞા કરીકે મારા મેહેલથી પ્રભુના સમોસરણ સુધી મોટી સમૃદ્ધિથી મારે જવા લાયક માર્ગને શણગારો. અહિં વીરપ્રભુ નગરની બહાર પધાર્યા અને દેવતાઓએ સમોવસરણ રચ્યું. અહીં નગરાધ્યક્ષ વિગેરેએ ક્ષણવારમાં રાજાની આજ્ઞા પ્રમાણે કરી દીધું. "દેવતાઓને જેમ મનવડે કાર્યસિદ્ધિ થાય છે તેમ રાજાઓને વચનવડે થાય છે." રાજમર્ગની રજને કુંકમ જળના છંટકાવવડે શાંત કરી, માર્ગની ભુમી ઉપર સર્વત્ર પુષ્પો પાથરી દીધા, સ્થાને સ્થાને સુવર્ણના સ્તંભ સહિત તોરણો બાંધી

દીધા. સુવર્ણના પાત્રોની શ્રેણીથી શોભિત એવા માંચાઓ ગોઠવી દીધા, ભાત ભાતના ચિત્રવાળા ચીનાઇ વસ્ત્રોથી સુશોભિત, રત્નમય દર્પણોથી આશ્ચર્ય કરે તેવી અને સુગંધે ભરપુર, એવી માળાઓ માર્ગની ચોતરફ સુંદર સ્તંભો સાથે લટકાવી દીધી. ઉંચા દંડવાળા અને મોતીના ઉલેચવાળા મંડપો કે જેઓ મેઘાડંબરની શોભાને ધારતા હતા, તેનાથી બધે એક છાયા કરી દીધી, સ્થાને સ્થાને મુકેલી અગ્નિ સહિત ધૂપ ઘડીઓ અંદર નખાતા અગર કર્પૂરના ધૂમ્રથી મંડપને અંકુરિત કરે તેવું કરી દીધું. આવી રીતે જાણે સ્વર્ગનો એક ખંડ હોય તેવા માર્ગને કરીને મંત્રીઓએ પ્રભુના દર્શનનો ઉત્સાહ ધરી રહેલ રાજાને સર્વે હકીકત નિવેદન કરી. પછી રાજા સ્નાન કરી દિવ્ય રંગરાગ અને સર્વ અંગે આભૂષણો તથા શુદ્ધ વસ્ત્રો ધરી, પુષ્પની માળા પહેરી ઉત્તમ ગજેંદ્ર ઉપર આરૂઢ થયો. મસ્તકપર શ્વેત છત્ર અને બંને બાજુએ બે ચમરથી વિરાજમાન મહારાજા ઇંદ્રના જેવો થઇને ચાલ્યો, મહા મૂલ્યવાળા આભૂષણોને ધારણ કરનારા હજારો સામંતો જાણે પોતાના વૈક્રિય સ્વરૂપ હોય તેવા તેની પછવાડે ચાલ્યા. ત્યાર પછી ચળિત ચામરોથી વિરાજિત અને ઇંદ્રાણીના રૂપને પણ પરાભવ કરતી અંતઃપુરની મૃગાક્ષીઓ તેની પછવાડે ચાલી. માર્ગમાં બંદિજનો રાજાની સ્તુતિ કરતા હતા. ગાયકો ગીત ગાતા હતા, અને માર્ગને શણગારનારાઓ પોતાનું કૌશલ્ય બતાવતા હતા.

એવી રીતે બીજા રાજાના ધાટા છત્રોથી જેના માર્ગમાં નવિન મંડપ થઇ રહેલો છે, એવો દર્શાણ રાજા અનુક્રમે પ્રભુના સમવસરણમાં આવ્યો. તેણે ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રભુને વંદના કરી. પછી સમૃદ્ધિથી ગર્વિત થઈ પોતાને યોગ્ય એવા સ્થાન ઉપર બેઠો.

એ વખતે દશાર્ણ રાજાને સમૃદ્ધિનો ગર્વ થયેલો જાણી તેને પ્રતિબોધ કરવાને માટે ઈંદ્રે એક જળમય વિમાન વિકુર્વ્યું. તેમાં સ્ફટીક મણી જેવા નિર્મળ જળના પ્રાંત ભાગે સુંદર કમળો વિકસ્વર થયેલા હતા, હંસ તથા સારસ પક્ષીઓના મધુર શબ્દના પ્રતિનાદ થઈ રહ્યા હતા, દેવ વૃક્ષો અને દેવતાઓની શ્રેણીમાંથી ખરી પડતા પુષ્પોથી તે શોભિત હતું, નીલ કમળોની શોભાથી તે ઈન્દ્રનીલમણિમય હોય તેવું લાગતું હતું, મરકતમણિમય નલીનીમાં સુવર્ણમય વિકસ્વર કમળોનો પ્રકાશ પ્રવેશ થતાં તે અધિક ચળકતું હતું. અને જળના ચપળ તરંગોની માળાઓથી તે પતાકાની શોભાને ધારણ કરતું હતું. આવા જળકાંત વિમાનમાં ઇંદ્ર દેવતાઓની સાથે બેઠો. તે વખતે હજારો દેવાંગનાઓ તેને ચામર વિંજવા લાગી, અને ગંધર્વોએ આરંભેલા સંગીતમાં તે જરા જરા કાન આપવા લાગ્યો. આ પ્રમાણે પ્રભુના ચરણથી પવીત્ર એવી નીચેની પૃથ્વી તરફ દૃષ્ટિ કરતો ઇંદ્ર મનુષ્ય લોકમાં આવ્યો, નીચે ઉતરતાં ઉતરતાં મરકત મણિના નાળથી વિરાજિત સુવર્ણના કમળ ઉપર જાણે ચરણ સહિત પર્વત હોય તેમ ચરણ મૂકતો મૂકતો, મણિમય આઠ દંતુશળથી શોભિત અને દેવદુષ્ય વસ્ત્રોથી જેની પીઠ આચ્છાદિત કરેલી છે, એવા ઐરાવત હાથીપર ઇંદ્ર ચડયો, તે વખતે તે હસ્તિપર પ્રથમથીજ આરૂઢ થયેલી દેવાંગનાઓએ તેને હાથનો ટેકો આપ્યો. એવી રીતે ઇંદ્ર સમવસરણ સમીપે આવ્યો. પછી જિનેંદ્રના ચરણમાં વંદન કરવાને ઇચ્છનાર ભક્ત જનોમાં શિરોમણી ઈંદ્રે ભક્તિ ભાવિત ચિત્તે

સમોસરણમાં પ્રવેશ કર્યો. તે વખતે તેના જળકાંત વિમાનમાં આવેલી ક્રિડા વાપીઓમાં રહેલા દરેક કમળની અંદર સંગીત થવા લાગ્યું. પ્રત્યેક સંગીતે ઇંદ્રના જેવા વૈભવ વાળો એકેક સામાનિક દેવ દિવ્યરૂપ તથા સુંદર વેષ યુક્ત દેખાવા લાગ્યો. તે દરેક દેવનો પરિવાર ઇંદ્રના પરિવારની અને વિશ્વને વિસ્મય કારક હતો. આવી વિમાનની સમૃદ્ધિથી ઇદ્ર પોતે વિસ્મય પામી ગયો, તો પછી તેથી ઉણુ સમૃદ્ધિવાળા બીજાની તો શી વાત કરવી ? પછી સમવસરણમાં રહેલા સુરનરોએ વિસ્મયથી જોયેલા ઇંદ્રે કંઠમાં પહેરેલા હારને પૃથ્વીપર લોટાવતા સતા પ્રભુને વારંવાર પ્રણામ કર્યો. ઇદ્રની આવી પારાવાર સમૃદ્ધિ જોઇને ગ્રામ્યજન ચકિત થઇ જાય તેમ ક્ષણવાર તો સ્તંભિત થઇ ગયો. પછી વિસ્મયથી વિકસિત નેત્ર કરીને તેણે વિચાર્યું કે, અહો ! આ ઇંદ્રના વિમાનની કેવી લોકોત્તર શોભા છે ? અહો ! આ ઐરાવત હાથીના કાન કેવા સુંદર છે ? અહો ! આ ઇદ્રના વૈભવનાં વિસ્તારનો કોઇ અલૌકિક જણાય છે, મને ધિક્કાર છે કે, મેં મારી સંપત્તિનું અભિમાન કર્યું, મારી અને આ ઇંદ્રની સમૃદ્ધિ વચ્ચે તો એક ખાબોચીયા ને સમુદ્રના જેટલો અંતર છે. મેં આ મારી સમૃદ્ધિના ગર્વથી મારા આત્માને તુચ્છ કર્યો. પૂર્વે આવી સમૃદ્ધિ નહીં જોયેલી હોવાથી હું એક કુવાના દેડકાની જેવો હતો. આવી ભાવના ભાવતાં ભાવતાં હળવે હળવે વૈરાગ્ય આવવાથી અલ્પ કર્મ ને લીધે તેના અત્યંત શુભ પરિણામ થયા. તેણે વિચાર્યું કે જોકે આવી સમૃદ્ધિથી મને જીતી લીધો છે તથાપિ હવે દીક્ષા લઇને હું તેનો પરાજ્ય કરીશ, વળી દીક્ષા લઇને કેવળ તેનોજ વિજય કરીશ એમ નહીં પણ ભવ ભ્રમણ કરનારા જે કર્મ રૂપ શત્રુઓ છે, તેમને પણ જિતી લઇશ. આવી રીતે વિચારીને વિવેકી દર્શાણ પતિએ તત્કાળ ત્યાંજ મુગટ અને કડાં વિગેરે આભુષણો કાઢી નાખ્યાં, અને જાણે કર્મ રૂપ વૃક્ષોના મૂળીઆં ખેંચી કાઢતો હોય તેમ પંચમુષ્ટીવડે મસ્તક ઉપરના કેશને ખેંચી કાઢયાં. વિસ્મયથી વિકસિત નેત્રે ઇંદ્રના જોત જોતાંમાં તેણે ગણધરની પાસે આવીને યતિલિંગ ગ્રહણ કર્યું, પછી અપૂર્વ ઉત્સાહ અને સાહસ વાળા તે દર્શાણભદ્રમુનિએ પ્રભુને પ્રદક્ષિણા પુર્વક વંદણા કરી. તે વખતે ઇંદ્રે તેની પાસે આવીને કહ્યું કે અહો ! મહાત્મતા, તમારૂં આ કોઇ મહાન પરાક્રમ છે કે જેથી તમે મને પણ જિતી લીધો તો પછી બીજાની શીવાત કરવી. આ પ્રમાણે કરી ઇંદ્ર તેમને નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો. દશાર્ણભદ્ર મુનિ સારી રીતે વ્રતનું પ્રતિપાલન કરવા લાગ્યો. અને શ્રી વીરપ્રભુએ ભવ્ય જનના ઉપકારને માટે ત્યાંથી બીજા નગર વિગેરે સ્થાનમાં વિહાર કર્યો.

આ પ્રમાણે પૈસાનો ગર્વ નહિ કરતાં તેને સારે માર્ગે વાપરવા પ્રેરણા કરશો.

( દશાર્ણ ભદ્ર રાજાનું દ્રષ્ટાંત મહાવીર ચરીત્રમાંથી )　　લા. લ. શાહ.

# શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ.

## બાઈ રતન-શા. ઉત્તમચંદ કેશરીચંદના પત્ની

## શ્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા.

તેના નિયમો તથા સને ૧૯૧૧ તથા ત્યાર પછીના ત્રણ વરસ માટેનો

## અભ્યાસ ક્રમ.

### નિયમો.

૧ મજકુર પરીક્ષાઓ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે જણાવેલ એજંટોની દેખરેખ નીચે, નીચેનાં સ્થળોએ દર વર્ષે દીવાળી લગભગમાં હવે પછી મુકરર કરવામાં આવનાર દિવસે એકજ વખતે લેખીત લેવામાં આવશે—સ્થળ તથા એજંટોના નામોમાં હવે પછી પત્ર વ્યવહાર કરી સારી રીતે વધારો કરવામાં આવશે

| | સ્થળ. | એજંટ. |
|---|---|---|
| ૧ | મુંબઇ. | શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ |
| ૨ | સુરત. | મી. ચુનીલાલ છગનલાલ શરાફ |
| | | ,, મગનલાલ પી. બદામી. |
| ૩ | અમદાવાદ. | મી. હીરાચંદ કકલભાઇ. |
| | | ,, વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી. |
| ૪ | માંગરોળ. | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૫ | મહેશાણા. | શ્રી મહેશાણા જૈન પાઠશાળા. |
| ૬ | પાલીતાણા | મી. વીઠલદાશ પુરશોતમ. |
| | | ,, કુંવરજી દેવશી |
| ૭ | ભાવનગર | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. |
| ૮ | એવલા. | શેઠ દામોદર બાપુશા<br>શેઠ બાલચંદ હીરાચંદ |
| ૯ | બનારસ. | શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા. |
| ૧૦ | જયપુર. | શેઠ ધાંસીલાલ ગુલેચ્છાભાઇ. |
| ૧૧ | ગુજરાનવાલા. | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૧૨ | રાજકોટ | મી. ચત્રભુજ જેચંદ |
| | | ,, કાળીદાશ દેવજી |
| ૧૩ | રતલામ, | શેઠ વર્ધમાનજી વાલચંદજી. |
| | | ,, રતનલાલજી સુરાના. |

(૨) નીચે મુજબ અવિવાહિત કન્યાઓ માટે બે ધોરણની અને કન્યાઓ તથા સ્ત્રીઓ માટે પાંચ ધોરણની પરીક્ષા લેવામાં આવશે. આ પ્રસિદ્ધ કરેલા અભ્યાસ ક્રમમાં સને ૧૯૧૧ અને તે પછીના ત્રણ વર્ષમાં અગત્યના કારણ વગર ફેરફાર કરવામાં આવશે નહિં.

## અભ્યાસ ક્રમ.

### માત્ર અવિવાહિત કન્યાઓ માટે.

### ધોરણ ૧ લું.

સામાયિક તથા દેવવંદન વિધિના સૂત્રો તથા નવ અંગપૂજાના દેહા સમજણ સહિત મુખપાઠે; જીવવિચારની પચીસ ગાથાનાં છુટાબોલ સામાન્ય સમજણ સાથે; પુત્રી શિક્ષા (ગુજરાતી પ્રેસ.)

### ધોરણ બીજું

* જીવવિચાર તથા નવતત્ત્વનો સાર–[ભીમસી માણેક વાળી બુક.]
ઉપદેશ પ્રાસાદ ભા. ૧ લો (પ્રગટ કર્તા શ્રી જૈન ધ. પ્ર. સભા–ભાવનગર.)
હિત શિક્ષા છત્રીશી (વિરવિજયજી) સમજણ સાથે.

---

### કન્યાઓ તથા સ્ત્રીઓ માટે.

### ધોરણ ૧ લું.

બે પ્રતિક્રમણ અર્થ, સમજ પૂર્વક મુખપાઠે (તપગચ્છ માટે શેઠ હીરાચંદ કકલભાઇ વાળી બુક તથા વિધિપક્ષવાળા માટે શેઠ ભીમશી માણેકવાળી બુક)
* જીવવિચાર પ્રકરણનો સાર (ભીમશી માણેકવાળી બુક)
સઝાયો:—ઉદય રત્નની ચાર:–ક્રોધ, માન, માયા, લોભની સઝાયો.
ગહુંળી:—૧ શીયલ સલુણી સુંદડી. પાનું ૧૦૦
૨ બ્હેની સંચરતારે સંસારમાંરે પાનું ૨૬ (બાળબોધ ગહુંળી સંગ્રહ ભાગ ૧) ભીમશી માણેક.

### ધોરણ ૨ જું.

પાંચ પ્રતિક્રમણ તથા નવસમરણ–સમજણ પુર્વક મુખપાઠે (તપગચ્છ માટે) શેઠ

નોટ:—જીવવિચાર નવતત્ત્વનો વિદ્યાર્થિએ ગાથાઓ કંઠે કરીને ભાવાર્થ કરવો પડશે. પરિક્ષક ગાથા પુછશે નહિ પરંતુ તેમાંના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા તથા અર્થ પૂછશે.

હીરાચંદ કકલભાઇ વાળી બુક તથા વીધિપક્ષવાળા માટે શેઠ ભીમશી માણેક વાળી બુક એ પ્રતિક્રમણ સૂત્રો સિવાય.)

વીધિપક્ષ માટે પાંચ પ્રતિક્રમણ, ભકતામર તથા કલ્યાણમંદિર.

## ધોરણ ૩ જું.

નવતત્વ તથા ત્રણ ભાષ્યનો સાર (ભીમશી માણેક વાળી બુક) ઉપદેશ પ્રાસાદ ભા. ૧ લો (શ્રી જૈન. ધ. પ્ર. સભા—ભાવનગર.)

સ્તવનો:—જબ લગે સમકિત રત્નકુ પાયા નહિ.
સમકિત નવિ લહ્યુંરે
સમ્યગ દ્વાર ગભારે પેસતાજી
દોડતા દોડતા પંથ કપાયતો.
તારહો તાર પ્રભુ મુજ સેવક ભણી.
જાત્રા નવાણુ કરીએ વિમલ ગિરી.
પ્રભુ પાસજી પ્રગટ પ્રભાવી.

અથવા
સમકિતના ૬૭ બોલની સઝાય સમજણ સાથે.

## ધોરણ ૪ થું.

આગમ સાર (દેવચંદજીનું—પ્રકરણ રત્નાકરમાંથી)

ગુણસ્થાન ક્રમ. (જૈન તત્વાદર્શ પરિચ્છેદ છઠ્ઠો).

અથવા અનોપચંદ મલુકચંદના પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી પ્રશ્ન પરથી ૫૪ જેમાં આ હકિકત આવી જાય છે.

શિલ ઉપદેશમાળા—(જૈન વિદ્યાશાળા વાળી).

માને શીખામણ. કર્તા ડા. ત્રીભોવનદાસ મોતીચંદ

## ધોરણ ૫ મું.

નીચેના પાંચ વિભાગમાંથી ગમે તે એક.

अ. તત્વાર્થ સૂત્ર (રાજચંદ્ર ગ્રંથમાળામાંથી). આનંદઘનજીની ચોવીશી (પ્રથમના ૧૯ સ્તવનો—શ્રાવક ભીમસી માણેકવાળું બાળાવબોધ સમજણ સાથે.)

અથવા

ब. ચાર કર્મ ગ્રંથ (પ્રકરણ રત્નાકર ભાગ ૪ થો). ઉપમિતિ ભવપ્રપંચ સંક્ષિપ્ત. [ ભીમસી માણેક. ]

અથવા

क. જ્ઞાનાર્ણવ.

આઠ દ્રષ્ટિની સઝાય

અથવા

ङ. યોગ બિંદુ

આઠ દ્રષ્ટિની સઝાય

દેવચંદ્રજી ચોવીશી

અથવા

ड़. ઉપદેશ પ્રાસાદ ભાગ ૨થી ૫.

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહીને ઇનામ મેળવનાર તથા પાસ થનાર ઉમેદવારોનું લીષ્ટ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહેર પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચે મુજબ **બાઈ રતન–શેઠ ઉત્તમચંદ કેશરીચંદના પત્નિ.** સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષાના ઇનામો મજકુર પરીક્ષા પછી આશરે બે મહીને આપવામાં આવશે.

**વર્ગ ૧ લો—દશ ઇનામો રૂ. ૯૨ નાં**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ લું | ઇનામ | રૂ. | ૨૧ | ૬ ઠું | ઇનામ. | રૂ. | ૭ |
| ૨ જું | ,, | રૂ. | ૧૭ | ૭ મું | ,, | રૂ | ૫ |
| ૩ ,, | ,, | ,, | ૧૫ | ૮ મું | ,, | ,, | ૩ |
| ૪ થું | ,, | ,, | ૧૧ | ૯ ,, | ,, | ,, | ૨ |
| ૫ મું | ,, | ,, | ૯ | ૧૦ ,, | ,, | ,, | ૨ |

**વર્ગ ૨ જો સાત ઇનામ રૂ. ૯૮**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ લું | ઇનામ. | રૂ. | ૩૧ | ૫ મું | ઇનામ. | રૂ. | ૭ |
| ૨ જું | ઇનામ | રૂ. | ૨૫ | ૬ ઠું | ,, | ,, | ૫ |
| ૩ ,, | ,, | ,, | ૧૭ | ૭ મું | ,, | ,, | ૩ |
| ૪ થું | ,, | ,, | ૧૦ | | | | |

**વર્ગ ૩ જો પાંચ ઈનામ રૂ. ૬૩ ના.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ લું | ઈનામ | રૂ. | ૨૫ | ૪ થું | ઇનામ. | રૂ. | ૮ |
| ૨ જું | ,, | ,, | ૧૫ | ૫ મું | ,, | ,, | ૫ |
| ૩ ,, | ,, | ,, | ૧૦ | | | | |

**વર્ગ ૪ થોઃ—ત્રણ ઈનામ રૂ. ૬૦ ના.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ લું | ઇનામ. | રૂ. | ૩૦ | ૩ જું | ઇનામ. | રૂ. | ૧૦ |
| ૨ જું | ,, | ,, | ૨૦ | | | | |

**વર્ગ પાંચમો:**—પાંચ ઇનામો રૂા. ૧૫૦) ના પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂા. ૩૦)

**૫ પ્રકીર્ણ સૂચના.**

૧ પ્રથમના બે ધોરણમાં સવાલો બહુ સાદા પુછવામાં આવશે અને પરીક્ષકો નરમ રહે તેવી સૂચના કરવામાં આવશે.

૨ સર્વ સવાલ પત્રકોના સંબંધમાં અઘરા સવાલો ન પૂછાય તે માટે મોડરેટરોની નીમણુંક બોર્ડ કરશે.

૩ કોઇપણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે. પાંચમાં ધોરણમાં એકથી વધારે વિષય છે તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે. અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ તથા પ્રમાણ પત્ર મલશે.

૪ એક તૃતીયાંસ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવવા જોઇએ.

૫ પાંચમાં ધોરણમાં હાલ તુરત ઇનામ નાના દેખાય છે પણ જે વિભાગમાં બેસનાર નહીં હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

૬ આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારે તા ૩૧–૧૧–૧૯૧૧ સુધીમાં અથવા પરીક્ષાનો દિવસ નક્કી થાવ તે પહેલાં એક માસ અગાઉ પોતાનું નામ ઠેકાણું, ગામ, ઉમર, જન્મ, તારીખ, જન્મભુમિ, કયા ધોરણમાં, કયા પેટા વિભાગમાં, કયે સ્થળે પરીક્ષા આપવી છે તેમજ તેની વ્યવહારીક કેળવણી કેટલી છે તેની વિગત નીચેના શરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પાયધુની–પોષ્ટ નં. ૩
મુંબઇ.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.**
**મનસુખલાલ કીરતચંદ મ્હેતા.**
ઓનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

---

## જીવ દયા

યતિશ્રી પ્રમાણવિજયજીએ કુંભોજ મધ્યે જીવ દયા ઉપર ચૈત્રસુદ ૧૫ ના દિવસે ભાષણ આપી પશુવધ અટકાવવા સંઘ મળી, ટીપ કરી જીવદયા ખાતું એ તીર્થ ઉપર નવું સ્થાપન કર્યું છે. તે ટીપની અંદર તેજ વખતે રૂા. ૧૮૬)ની રકમ જુદા જુદા ગૃહસ્થો તરફથી ભરાય હતી. સંઘ ત્યાં જાત્રા કરવા જશે તેમના તરફથી પણ મદદ મળતી રહેશે. અમો જીવ દયાના પ્રયાસ માટે યતિ પ્રમાણવિજયજી તથા ફંડમાં પૈસા ભરનારા ગૃહસ્થોનો આ સ્થળે ઉપકાર માનીએ છીએ અને બીજા ગૃહસ્થો આ ખાતાને મદદ કરશે એવી આશા રાખીએ છીએ.

# મુંબઈ—શ્રીજૈન શ્વેતામ્બર કોન્ફરન્સમાં

## થયેલ કામકાજની ટુંક નોંધ.

### એડવાઈઝરી બોર્ડ

( તા૦ ૧-૪-૧૯૧૧. )

આજે રાતના આપના એડવાઇઝરી બોર્ડ સમક્ષ રજુ થઇ વેટરીનરી હથીયારો જે ઑફીસમાં પડયા છે તે મને બક્ષીસ આપવા મેં અરજ કરી અને સાથે કબુલ કર્યું કે હાલ ધોળકામાં વેટરીનરી ડોકટર છું તેમાં અને આસપાસના ગામોમાં અને ત્યાર પછી બીજે જાઉં તો આજુ બાજુના ગામોની પાંજરાપોળની તપાસ તથા ઢોરોની સારવાર મફત કાંઇપણ ચાર્જ લીધા વગર કરૂં આ હકીકત સાંભળી આપે મને નીચે જણાવેલ હથીયારો તથા પેટી બક્ષીસ આપ્યા તે માટે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને જણાવવાની રજા લઉં છું કે મેં કોઇ પણ જગોએ પાંજરાપોળ પાસેથી સીધો કે આડકતરી રીતે ચાર્જ લીધો એમ આપને ચોકસ ખબર પડેતો આપ સર્વ હથીયારોની કીંમત રૂાં. ૫૦) મારી પાસે માગો તેવારે વગર વાંધાએ આપને મોકલી આપવાછે મને સોંપેલ હથીયારોની વિગતઃ

ખ્પકાર અને કેન્યુલા, એસોટીકસો, પ્રોબ–બીસચ્યુરી, પેર ઓફ સીઝર્સ, સ્કાલપેલ ડાયરેકટર ફોરસેપ, સીરીંજી, સીટનીંગનીડલ, હુક્સરચર વીગેરે—

મુંબઇ　　　　　　　　　　　　લી. સેવક
તા. ૧-૪-૦ ૧૯૧૧.　　　　　　મોતીચંદ કુરજી ઝવેરી.

(૨) જીવદયા કમીટી તરફથી ચાલુ વર્ષની આખર સુધીમાં રૂ. ૫૦૦ ખર્ચવા રા. રા. લલ્લુભાઇ કરમચંદ દલાલના પત્રથી મંજુર કર્યા તથા સ્થાનકવાસી કોન્ફરન્સ ઓફીસ તરફથી આવેલ પત્રો સ્થાનકવાસી કોન્ફરન્સને જવાબ આપવા રા. રા. લલ્લુભાઇને સુપ્રત કરવામાં આવ્યા અને મહેરબાન સ્થાનકવાસી કોન્ફરન્સના સેક્રેટરીને આ હકીકત લખી જણાવવાનું ઠરાવવામાં આવ્યું.

( ૩ ) લયાલપરથી આવેલ પત્રો ઉપર વિચાર કરવામાં આવ્યો હતો તેને માટે આગળ પત્ર વ્યવહાર ચાલુ રાખવો

( ૪ ) કેલવણી ખાતાના ફંડ માટે મેમ્બરો કરવા અને તેના ત્રણ વર્ગ પાડવા ૧લા વર્ગના મેમ્બરોની ફી રૂા.૨૫) બીજાની રૂા.૧૫) અને ત્રીજા વર્ગની રૂા.૫ ફી રાખવી તે ઉપરાંત આપવા ગૃહસ્થોને લખવાનું નકકી કરવામાં આવ્યું.

(૫) કોન્ફરન્સ ભરવાથી ઓછો ખર્ચ કરવાનો ઠરાવ થયેલ છે તે કેવી રીતે ખર્ચ ઓછો થશે તે બહારના ગામોને ખબર પાડવા જરૂરની છે તે ઉપર વિચાર કરવામાં આવ્યો

૬ ઉઘરાણી વસુલ કરવા રીતસર પત્રો લખવા. અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણ. જીની પેઢીને સરવૈયા માટે લખવાનુ નક્કી કર્યું.

## નિરાશ્રિત ખાતુ.

રૂ. ૭પની મદદ કુલ ૨૦ વિદ્યાર્થીઓ તથા ૫ વિધવા બાઈઓને એપ્રીલ માસની તા૦ ૮-૪-૧૧ના રોજે મોકલવામાં આવેલ છે.

## જીવદયા ખાતુ.

કૉન્ફરન્સ જીવદયા કમીટી તરફથી સં. ૧૯૬૭ના આસો વદ ૦) સુધીમાં રૂ ૫૦૦) ખર્ચ કરવા મંજુર થએલ છે.

કૉન્ફરન્સ ઓફીસ તરફથી તા. ૭-૮-૦૭ના રોજે રોહીશાળા ગામની પાંજરાપોળ ને આપવા મંજુર કરેલા રૂ. ૫૦૦) તા. ૧૪-૪-૧૧ના રોજે ત્યાંથી હુંડી આવેલ સીકારી આપી છે.

જીવદયા માટે ત્રણે ફીરકા સાથે મળી કામકાજ કરવા બંદોબસ્ત કરવામાં આવ્યો છે તેને માટે પત્રવ્યવહાર જીવદયા કમીટી તરફથી ચાલે છે.

આકલકોટમાં થતો પશુવધ અટકાવવા તા. ૧૬-૪-૧૧ના રોજે સતારાના કલેકટર ને એક અરજી કરેલ છે તેની નકલ નીચે મુજબ.

*No. 470* *Pydhoœni Bombay, dated 26th April 1911,*

To

The COLLECTOR,

Satara.

Sir,

We the Resident General Secretary of the above Conference and Secretary of the Jiva Daya Committee beg to send humble request made by several members of our Jain Community with their signatures in Gujarati and Marathi and to draw your attention to the same.

From the said application it appears that in Akolkot on certain days and every year many animals are being slaughtered on public roads whereby the religious feeling of the Jain and

Hindoo are greatly wounded in a most out-ragious manner. If this be perpritrated and continued every year we have no idea as to what extent religious feeling of the people at large would brook this sort of outraged.

In future in order that a general Universal Comotion and tumult amongst Hindoo and Jain whose houses surrounded afforsaid public road where animal being slaughtered wonld not happen and our religious feeling be protected we appeal to your honour who is the Head of Zila to prohibit the afforsaid of animals on public roads for which act of kindness we shall ever pray.

We have the honour.

Sir.

Your most obedient servant,

(Sd.) Kalianchand Sobhagchand,

Resident General Secretary Jain Conference

(Sd.) Laloo Karamchand Dalal,

Honorary Secretary,

Jiva Daya Committee.

---

## પુસ્તકોદ્ધાર ખાતુ.

ઇટાલીયન કૉન્સલ મી. G- Jorid તરફથી એક પત્ર મુંબઇમાં જૈનોની જે લા ઇબ્રેરી હોય તેની મુલાકાત લેવા આવેલ હતો તે પત્રની કૉપી નીચે મુજબ:-

*No. 142* *Bombay, 28th March 1911.*

Kaliachand Sobhagchand Esq.

Resident General Secretary,

Jain Swetamber Conference,

Pydowni Post 3, Bombay.

SIR,

I have the honour to inform you that my Government is unable to allow Doctor Professor Luigi Suali of the University of Pavia to come down to India this year—but has expressed a hope to make it possible to send him in the near future.

In the meantime, my Government expresses its gratitude to all the Jain Community for the favourable appreciation shown by them in respect of the Jain Literature of the Young Italian Scientist.

I have further to request You to kindly convey the above expression of my Government's deep sevor of gratitude to the various Jain conferences and particularly to the Bhavnagar and Ahmedabad Circles who also desired me to request my Government to allow Doctor Professor Suali to pay a visit to India.

As I am proceeding to Italy on the 15th of May 1911 it would afford me a great pleasure to visit the valuable and sacred libraries of the Jain Institutions of this city, and I should therefore be pleased to know when it would be convenient for you to allow me to do so.

I have the honour to be,

Sir,

Your most obedient servant,

(Sd.) G. JORID.

Consul for Italy.

---

## સુકૃત ભંડાર ફંડ.

સંવત ૧૯૬૭ના મહા સુદી ૨ થી ચૈત્ર સુદી ૧ એટલે તા૦ ૧-૨-૧૧થી તા૦ ૩૧-૩-૧૧ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.

રૂ. આ. પા.

૯૫૪-૧૦-૦ ગયા માસ આખર સુધીના.

---

લાયબ્રેરીમાં આગળની જુની પ્રતો તથા તમામ જાતનાં પુસ્તકો મુંબઇ મધ્યેની તે મજ બહારગામની એકે લાઇબ્રેરી અગર પાઠશાળામાં મળી શકે તેમ નથી આને માટે એક **જૈન પુસ્તક ભંડાર** સ્થાપવો જોઇએ કે જ્યાંથી કોઇ પણ વખતે જે પ્રત યા પુસ્તકો જોઇએ તે મળી શકે એમ તા. ૨૪-૪-૧૧ના વ્યાખ્યાનમાં મહારાજ બુદ્ધિ સાગરજીએ લાલબાગ મધ્યે ઘણુંજ અસરકારક વ્યાખ્યાન કર્યું હતું. આ બાબત ઉપર આગે વાન ગ્રહસ્થોએ પુર્ણ વિચાર કરવાની જરૂર છે.

૩૧- ૪-૦ ઉપદેશકો વિના વસુલ કરી મોકલાવેલ તેની વીગત.
૨૦-૦-૦ મંચર શેઠ આણંદમલ માનમલ (આસપાસના ગામના)
૧-૦-૦ મુંબઇ શેઠ મુળચંદ હીરજી.
૧૦-૪-૦ અંબાસણ હા. શેઠ અમથાભાઈ મુલચંદ.

૧૩૩-૧૨-૦ કાઠીયાવાડ તથા ગુજરાતમાંથી ઉપદેશક મી. **હુરખચંદ ભાભાભાઇ** મારફતે આવ્યા.

| | | |
|---|---|---|
| ૧-૧૨-૦ હળવદ | ૧-૦-૦ વાગધરા | ૬- ૪-૦ હેત્રોજ. |
| ૧- ૦-૦ તુરખા | ૧-૮-૦ સરવા | ૨૧- ૦-૦ જોટાણા. |
| ૦-૧૨-૦ આહલપર | ૮-૮-૦ પાલીયાદ | ૧- ૮-૦ નાના ઉમરાળા |
| ૦- ૪-૦ પાલીયાલી | ૧૫-૪-૦ ચુડા | ૧૨- ૪-૦ ધોળાસણ |
| ૦-૧૨-૦ મોઢુકા | ૦-૮-૦ ગોખવરડા | ૧૪- ૪-૦ જોરણા |
| ૨- ૪-૦ સાલવડ | ૧૨-૦-૦ કુંકવાવ | ૨૫- ૪-૦ આદરેજ |
| ૯- ૮-૦ વીંછીઆ | ૬-૮-૦ ડાંગરવા | ૧-૧૨=૦ વેરાવડ |
| | | ૧૩૩-૧૨-૦ |

૭૬- ૮-૦ ગુજરાત તથા કાઠીયાવાડમાંથી ઉપદેશક મી. **દેવશી પાનાચંદ** મારફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૩-૮-૦ લાખાબાવળ | ૪-૪-૦ ભલસાણા | ૦- ૮-૦ પીલુડા |
| ૧૩-૦-૦ ચેલા | ૧-૪-૦ લાવડીયું | ૨- ૦-૦ વાઘરવું |
| ૬-૮-૦ ચંગા | ૦-૪-૦ બેકોટાબેરાજા | ૭- ૦-૦ ટીકર |
| ૧-૪-૦ પીપરટોડા | ૨-૦-૦ ધરોલ | ૨- ૪-૦ વાંટાવદર |
| ૧-૪-૦ ગલા | ૫-૪-૦ લતીપર | ૧૧- ૮-૦ હલવદ |
| ૦-૪-૦ કરાણુ | ૨-૪-૦ બેલા | ૧-૧૨-૦ ખાખરેચી |
| ૨-૦-૦ ગલા | ૬-૦-૦ માલીઆ | ૨- ૮-૦ ધાટીલા |
| | | ૭૬- ૮-૦ |

૨૦૩- ૮-૦ ગુજરાતમાંથી ઉપદેશક મી૦ **વાડીલાલ સાકળચંદ** મારફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૪-૦-૦ મગોડી | ૩- ૪-૦ ધીમચ | ૦-૮-૦ લવાડ |
| ૧૯-૪-૦ ડભોડા | ૪૨-૧૨-૦ દહેગામ | ૫-૪-૦ રંગજીભાઇનું મુવાડું |
| ૧૬-૦-૦ પરાંતીઆ | ૧૭- ૪-૦ ખાનપુર | ૧૩-૪-૦ અમરાભાઇનું મુવાડું |
| ૨-૬૦ પાલજ | ૪- ૮-૦નલીઆગોમડ | ૧૫-૦-૦ અહીયલ |

| | | |
|---|---|---|
| ૯-૪-૦ એંદરોડા | ૧- ૪-૦ રખીયાલ | ૮-૦-૦ કોઠારી |
| ૭-૮-૦ ઝુંનડાલ | ૪- ૮-૦ સામેત્રી | ૫-૦-૦ હુરલોલી |
| ૧-૦-૦ ઉંદાસદ | ૫- ૦-૦ લવાડ | ૮-૮-૦ પાહુંદરા |
| ૨-૦-૦ હાથીજણ | ૨- ૮-૦ કરોલી | ૪-૮-૦ કનીપર |
| | | ૨૦૩-૮-૦ |

કુલ રૂ. ૪૪૫-૦-૦ એકંદર કુલ રૂ. ૧૨૯૯-૧૦-૦

## ઉપદેશકના ભાષણોથી થયેલા ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફના ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદ માસ ફેબ્રુઆરી, માર્ચ તથા એપ્રીલમાં ઘણા ગામોમાં ફરયા છે તેમાંથી નીચેના ૨ પત્રો બહાર પાડવા યોગ્ય ધારી આપવામાં આવ્યા છે. આગેવાનોની સહીવાળા બીજા ઘણા પત્રો આવેલા છે પણ જગાના સંકોચને લઇને છાપવામાં આવેલ નથી.

મી૦ દેવસી પાનાચંદ પણ ઘણા ગામોમાં ફરયા છે એક પત્ર ખાસ બહાર પાડવા જેવો હોઇ નીચે આપેલ છે.

મી૦. હરખચંદ ભાભાભાઇ પણ ઘણા ગામોમાં ફરયા છે.

જયજીનેંદ્ર સાથે લખનાર શ્રી બાવીસીના તાબાના ગામ ખાનપુરના સંઘ સમસ્ત સવિનય લખવાનું જે આપની તરફથી ફરતા ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે અતરે આવી કોન્ફરન્સના હેતુઓ જેવા કે કન્યાવિક્રય બંગડી વિષે શીયલવ્રત વિષે દારૂ તથા જીવહિંસા વિષે તથા જીનેંદ્રની ભકિત કરવા વિષે ભાષણો આપ્યા હતા તે ભાષણની અસરથી નીચે લખેલા ઠાકોર ભાઇઓના આગેવાનોએ માંસ, દારૂ તથા જીવહિંસા કરવા વિષે પ્રતિજ્ઞા લીધી હતી.

| | |
|---|---|
| ૧ ઠા. ભાઇજીભાઇ માનાજીભાઇ | ૨ ઠા. માધાજીભાઇ જેઠાજીભાઇ |
| ૩ ઠા. રાણાજીભાઇ ભાલુજીભાઇ | ૪ ઠા. જીવાજીભાઇ નાથાજીભાઇ |
| ૫ ઠા. કસાજીભાઇ નાથાજીભાઇ | ૬ ઠા. કાણજીભાઇ દેતારજીભાઇ |
| ૭ ઠા. સુરજીભાઇ માનાજીભાઇ | ૮ ફરતાજીભાઇ ઠરતાનજી |
| ૯ કોહયાજીભાઇ હીરાજીભાઇ | |

ઉપરના આગેવાન ગૃહસ્થોએ ઉપર લખેલી બાધાઓ લીધી હતી તથા કેટલીક બેનોએ બંગડી નહી પહેરવા તેમ ફટાણા ગામમા નહી ગાવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. ઉપદેશકના ભાષણ કરવાના બાહોશપણાથી તથા દાખલા દલીલો આપી લોકોના મન રંજન કરવામાં આવતાં હનાં કન્યા વિક્રય જેવા દુષ્ટ રીવાજને દેશવટો દેવા લોકોએ ધ્યાન ખેંચ્યું છે. એકંદર રીતે આવી રીતે ઉપદેશકો ફરતા રહેશે તો આપણી કોમની ઉન્નતિ અને ધમની

જાગૃતિ થશે એમ હમારૂં માનવુ છે અને આપની તરફથી નીકળેલી સુકૃત ભંડારની યોજના ને તેમના ભાષણથી ટીપ કરી આપી છે આપની વીજ્યવંતી મહાન કોન્ફરન્સને દિન પર દિન ચડતી થાઓ એવો અમે સકળસંઘ ઇચ્છીએ છીએ એજ તા ૭-૩-૧૯૧૧.

સંઘ સમસત સહી દઃ પુંજાલાલ પ્રેમચંદ શાહ પરભુદાશ માનચંદ સ.હ, હેમચંદ પરભુ શાહ, વનમાલીભાઇ માનચંદ સહી દ. હેમચંદભાઇ પરભુદાસભાઇ

——:o:——

લી૦ અમરાભાઇ નાસુવાડાના સંઘ સમસ્ત.

જયજીનેંદ્ર સાથે લખવાનું જે ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે અતરે આવી અમારા ગામના ઠાકોર સાહેબ. ગલભાઇ દાલભાઇ ચોહાણ તથા ચોહાણ રતનશીંગ જસુભાઇ બંને ઠાકોર સાહેબે જીવ હીંસા નહીં કરવી તેમજ દારૂ નહી પીવો તેમજ મેંાસ ભક્ષણ કરવું નહી તેવી પ્રતીજ્ઞાઓ લીધી છે એ પ્રતીજ્ઞાઓ અમારા બાપના બોલ સહીત પાળીએ આખું ગાંમ તેમના તાબામાં હોવાથી પોતે પ્રતીજ્ઞાઓ લેવાથી પોતાના ગામમાં તેમજ આજુબાજુના ગામમાં બનતો પ્રયાસ કરી બંધ કરાવશે તેવું તેમણે પોતાની અંતઃકરણની લાગણીથી કહયું છે. સુકૃત ભંડાર ફંડના રૂા. ૬૩ા સંઘમાંથી કરી આપવા ઠાકોર સાહેબે પ્રયાસ કર્યો છે.

શેઠ ડાહ્યાભાઇ ધરમચંદની સહી દઃ પોતે ઠકર ગલાભાઇ દાલભાઇ સહી દઃ પોતે શા. માણેકચંદ ગલાબચંદની સઇ દઃ શાહ જમનાદાસ માણેકચંદ. ઠકર રતનશંગ જસુભાઇ સઇ દઃ પોતે.

——:o:——

હળવદ તા. ૨૧-૩-૧૯૧૧.

હળવદમાં કોન્ફરન્સ તરફથી નીમાયેલ ઉપદેશક મી. દેવશી પાનાચંદ રાજકોટવાળા આવતાં, અહીંના શ્રી સંઘે સુકૃત ભંડાર ફંડની યોજનામાં ચુલા દીઠ રૂ. ૦-૪-૦ પ્રમાણે ઉઘરાવી એકંદર રૂ. ૧૧-૮-૦ ની રકમ તેઓને આપી તેની પહોંચ અમને તેઓ તરફથી આપવામાં આવી છે.

ગઇ રાત્રે એક જૈન સભા બોલાવવામાં આવી હતી તે પ્રસંગે મી૦ દેવશી પાનાચંદ રાજકોટવાળાએ કન્યા વિક્રય, કુરિવાજ, કેળવણી, સંપ અને સત્સંગ વગેરે વિષય ઉપર એક સામાન્ય ભાષણ આપેલ હતું અને તે વિષય ઉપર વિશેશ વિવેચન અત્રેના શા. વિરપાળ હંશરાજ વકીલે કરેલું હતું કન્યા વીક્રયના ભાષણથી શ્રોતાઓ ઉપર સારી અસર થતાં સભાની અંદરજ અત્રેના પંદર શ્રાવકોએ કન્યા વિક્રય નહિ કરવા સંબંધે પચખાણ લીધાં હતાં અને ત્યાર પછી સુકૃત ભંડાર ફંડમાં દર સાલ ચુલા દીઠ ચાર આના આપવાનો ઠરાવ પસાર કરાવ્યો હતો સાહેબ? કોન્ફરન્સ તરફથી આવા ઉપદેશકો દેશના પ્રથક પ્રથક ભાગમાં મોકલવાની અમો અમારી અગત્યતા સ્વીકારીએ છીએ કેમકે તેથી

કોન્ફરન્સનો ઉત્તમ ઉદ્દેશ દરેક જૈન પ્રજાના સમજવામાં આવતાં તેનું પરિણામ ઘણુંજ ઉત્તમ આવવા સંભવ છે. તા. સદર

**મેતા કશલચંદ વીરજી** સહી દ. પોતે.
**મેતા માણેકચંદ કેશવજી** સહી દ. પોતે.
**શાહ લવજીભાઈ પુંજાભાઇ** સહી દ. પોતે.
**શાહ વીરપાળ હંશરાજ** સહી. દ. પોતે.
**મેતા ઘેલાભાઇ નાગજી** સહી દ. કસ્તુર.

## ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

આ ખાતાને શેઠ ગોકલભાઇ દોલતરામ તરફથી દર માસે રૂ. ૭૫) ની મદદ પાંચ વર્ષ સુધી આપવી કબુલ કરી હતી તે તા૦ ૨૬-૩-૦૬ થી તા૦ ૨૫-૩-૧૧ સુધી નિયમીત મળેલ છે તેને માટે આ સ્થળે તેમનો આભાર માનવામાં આવે છે. તેટલીજ મદદ બીજા પાંચ વર્ષ આપવી મંજુર કરવા તા૦ ૧૧-૪-૧૧ ના રોજે પત્ર લખ્યો હતો તેનો જવાબ નહી આવવાથી રીમાઇન્ડર તા૦ ૨૦-૪-૧૧ ના રોજે લખેલ છે. આશા છે કે શેઠ. ગોકલભાઇનું કામકાજ ચલાવનાર રા. રા. મોતીલાલભાઇ આ ખાતું ટકાવી રાખવા મદદ આપવી મંજુર કરાવી જવાબ લખાવશે.

રૂા. ૨૮૫-૮-૬ તા૦ ૧ ડીસેમ્બરથી તા૦ ૨૫ મી માર્ચ સને ૧૯૧૧ સુધીના તા૦ ૧૧-૪-૧૧ ના રોજે શેઠ ગોકળભાઇ દોલતરામ તરફથી મળ્યા છે.

આ ખાતાને મોતીનાં કાંટા તરફથી રૂા ૫૦) ની માસિક મદદ તા૦ ૧-૬-૮ થી રેગ્યુલર મળેલ છે તે ખાતે તેમના ટ્રસ્ટીઓનો આભાર માનવામાં આવે છે. માર્સફેબ્રુઆરી તથા માર્ચ ૧૯૧૧ ના રૂા. ૧૦૦) તા૦ ૧૯-૪-૧૧ ના રોજે મળ્યા છે.

આ મળતી મદદથી આ ખાતું ઑનરરી ઑડીટર શેઠ ચુનીલાલ નહાનચંદના હસ્તકમાં ચાલે છે. તેમના તરફથી ઘણીજ સારી રીતે કામ ચાલે છે. તેના હોદ્દાની મુદત પૂરી થઇ હતી જેથી તેમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું જેથી આઠમી કૉન્ફરન્સ મુંબઇ મધ્યે ભરાય ત્યાં સુધી તે હોદ્દો જારી રાખવા તેમને વિનંતિ પત્ર તા૦ ૧-૪-૧૧ ના રોજે લખ્યો હતો. તેને માન આપી તેમના તા૦ ૨૨-૪-૧૧ નાં ૨૪૪) ના પત્રથી તે હોદ્દો બીજી કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી કાયમ રાખવા મંજુર કરેલ છે. તેને માટે તેમનો આ સ્થળે આભાર માનવામાં આવે છે. શેઠ ચુનીલાલ નહાનચંદ લખી જણાવે છે કે આઠમી કોન્ફરન્સ ભરાય તે અગાઉ તેમની જગ્યાએ બીજા લાયક ગૃહસ્થને ખોળી કાઢવા સૂચના કરી છે. જેથી આશા રાખીએ છીએ કે આઠમી કૉન્ફરન્સ વખતે જો શેઠ ચુનીલાલભાઇને વિનંતિ કરી બીજી કૉન્ફરન્સ ભરાય ત્યાં સુધી પોતાનો હોદ્દો કબુલ

રાખે તો તેથી બીજાના કર્તા તેમના હસ્તકથી આ ખાતું વધારે સારા પાયા ઉપર ચાલશે, એમ અમારૂં માનવું છે.

ધાર્મિક હિસાબ તપાસણી ખાતાના રીપોર્ટ નીચે મૂજબ.

### ફાઇલ નાં ૧૨૭.

### જીલ્લે ખેડા તાબે ગામ સારસા મધ્યે આવેલાં શ્રી પાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના વહીવટ કર્તા શ્રી સંઘના હસ્તકનો સવંત ૧૯૬૨ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તેમાં સદરહુ સંસ્થાના લાગતા વળગત ગૃહસ્થો પાસે સદરહુ સંસ્થાનું કેટલુંક લેણું તેમજ કેટલીએક જણસો માટે વખતે વખત પત્ર વહેવાર કરી તેમજ તે લોકોને રૂબરૂ બોલાવી સમજુતી આપવા છતાં હજુ સુધી સંતોષકારક બંદોબસ્ત થયાનો જવાબ અમોને મલ્યો નથી. માટે જ્યાં સુધી સંતોષકારક બંદોબસ્ત થાય નહી ત્યાં સુધી આ કામ અધુરા કામોમાં રાખી તે લોકો સાથે પત્ર વહેવાર ચલાવ્યા કરવું.

### ફાઇલ નં. ૧૨૮.

### જીલ્લે ખેડા તાબે ગામ મોગર મધ્યે આવેલું શ્રી કુતરા તથા પરબડી ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જીવાભાઈ હરીભાઈના હસ્તકનો સંવત ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તેમાં સદરહુ સંસ્થાના લાગતાવળગતા ગ્રહસ્થો પાસે સદરહુ સંસ્થાનું કેટલુંક લેણું તથા કેટલીએક સ્થાવર મીલકત માટે વખતો વખત પત્ર વહેવાર કરી તેમજ તે લોકોને રૂબરૂ બોલાવી સમજુતી આપવા છતાં હજુ સુધી સંતોસકારક બંદોબસ્ત થયાનો જવાબ અમોને મલ્યો નથી માટે જ્યાં સુધી સંતોષકારક બંદોબસ્ત થયાનો જવાબ અમોને મળ્યો નથી માટે જ્યાં સુધી સંતોષકારક બંદોબસ્ત થાય નહી ત્યાં સુધી આ કામ અધુરા કામોમા રાખી તે લોકો સાથે પત્ર વહેવાર ચલાવ્યા કરવું.

### ફાઇલ. નાં ૧૨૯.

### જીલ્લે ખેડા તાબે ગામ મોગર મધ્યે આવેલાં શ્રી અભીનંદન પ્રભુજીના દેહરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ભાઈચંદભાઈ કસ્તુરચંદના હસ્તકનો સવંત ૧૯૬૨ ના આશોવદ.)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તેમાં સદરહુ સંસ્થાના લાગતા વળગતા ગ્રહસ્થો પાસે સદરહુ સંસ્થાનું કેટલુંક લેણું તેમજ કેટલીએક જણાસો માટે વખતો વખત પત્રવહેવાર કરી તેમજ તે લોકોને રૂબરૂ બોલાવી સમજુતી આપવા છતાં હજુ સુધિ સંતોસ કારક બંદોબસ્ત થયાનો જવાબ અમોને મલ્યો નથી માટે જ્યાં સુધી સંતોસ કારક બંદોબસ્ત થાય નહીં ત્યાં સુધી આ કામ અધુરાં કામોમાં રાખી તે લોકો સાથે પ્રત્રવહેવાર ચલાવ્યા કરવું.

## હિસાબી રીપોર્ટ.

સંવત ૧૯૬૫-૬૬ ની સાલનો રીપોર્ટ શેઠ અમરચંદ ઘેલાભાઇ પાસે ઓડીટ કરાવ્યો છે. અને તે ઇંદુ વિજય કાં. માં છાપવા આપેલ છે. લગભગ ૨૦ ફારમનો આવતા માસમાં બહાર પડશે એટલે માસ મે ના હેરલ્ડ સાથે વહેંચાવવામાં આવશે.

## ઉઘરાણી.

મુંબઇ, વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર તથા પૂના કોન્ફરન્સમાં ભરાવેલ નાણાં જેમના તરફથી નથી આવ્યા તેમાંના ઘણા ખરાને ઉઘરાણીના કર્યાર્ડ-કવર લખાયા છે. હજુ લગભગ રૂા. ૧૩૦૦૦ ની ઉઘરાણી વસુલ કરવી બાકી છે. તો જે જે ગૃહસ્થો પાસે લેહણા હોય તેમણે મહેરબાની કરી મુંબઇ કોન્ફરન્સ ઑફીસ ઉપર મોકલી આપવી.

## હેરલ્ડ.

હેરલ્ડ જાનેવારી, ફેબ્રુઆરી તથા માર્ચનું ભેગુ ડેકલેરેશન ફેરવવાથી તથા આઠમી કોન્ફરન્સ અત્રે ભરાવાની પ્રથમ વકકી હોવાથી તેનું કામકાજ ચાલતું હોવાથી, ભેગો અંક બહાર પડતાં કેટલાક ગ્રાહકો ઓછા થયા હતા તેમને હવેથી દર માસે રેગ્યુલર બહાર પડશે એમ પત્ર લખી જણાવી કેટલાક કાયમને માટે ચાલુ રહ્યા છે.

નવા ગ્રાહકો વધારવા કવર-પોષ્ટ કર્યાર્ડ લખવામાં આવ્યા છે. ચાલુ માસમાં નવા દશ ગ્રાહકો વધ્યા છે.

## મંદિરોદ્ધાર ખાતું.

રૂ. ૨૫-૦-૦ ગામ વાગરોળ તાબે પાટણ મધ્યે શ્રી ચીંતામણીજી મહારાજના દેરાસરજીની ટીપના હા. ખુબચંદ સ્વરૂપચંદને તા. ૪-૪-૧૧ ના રોજે આપ્યા છે.

## નિભાવ ફંડ ખાતું.

નિભાવ ફંડમાં રકમ ઘણીજ ઓછી રહેવાથી ઑફીસ સ્ટાફમાં ચાલુ માસમાં ઘટાડો કર્યો છે જેથી પગાર ખર્ચમાં રૂા ૬૦ નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ખાતુ કાયમ નભાવવા ઘણા ગૃહસ્થોને સુકૃત ભંડાર ફંડ વસુલ આપવા તથા વસુલ કરાવવા પત્રો લખવામાં આવ્યા છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ }
ઑફીસ. પાયધુની, મુંબઇ. }

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**
કલાર્ક.

---

**શ્રી જૈન શ્વેતાંબર ઓફીસને એક જૈન પેઇડ આસિસ્ટંટ સેક્રેટરી (વિદ્વાન અને પૈસાદાર) ની જરૂર છે.**

A High European officer in the course of a letter to the S. S. Jain Conference writes:—

" As one much interested in Jainism I trust the Conference will be able to do good work. The field is a large one. There is one direction in particular in which I do sincerely hope the Conference will work and that is in making public the texts of manuscripts in your Bhandars. It is one of the facts of which all sections of the Jain Community may be proud, that they have always kept their libraries carefully. But (and it is an important "but") at the same time they have kept them concealed not only from non-Jains but even from members of the community. The fact is no doubt that comparatively speaking few Jains take or have so far taken to a literary life, and consequently few are in a position to deal critically or successfully with old manuscripts in sanskrit or Ardhe Magadhi etc: At my suggestion Prof. Bhandarker was some years ago deputed to inquire into manuscripts in your libraries in Central India, but I regret to say that he met with little success owing to the jealous way in which libraries were kept although those in charge admitted that they were themselves unable to read the treasures in their own keeping.

I at one time hoped that the "Jain Itihas" society was going to do much, but it has not.

It is the *text* of your manuscripts that really require careful and critical publishing but to this you must employ scholars who have the knowledge and training necessary for this work. The issue of pamphlets or histories such as you propose will be absolutely worthless and receive no attention unless they are the work of trained scholars and are carried out in the true historical spirit. I wish you all success in your work and if it is carried out in the right spirit it will certainly be of great value."

——:0:——

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्थिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ. ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ મે સને ૧૯૧૧. [અંક ૫.

## SHRIMAD ANANDAGHANA AND HIS ANANDA PHILOSOPHY.

Among the Jain vernacular philosophical writers of the 18th century, Anandaghana occupies a conspicuous and distinct place. Although his writings are not extensive they have got a firm footing in the philosophical literature of the Jains by their vigour and sincerity of expression and thought, their profound meaning and deep music and last but not the least. the catholicaty of ideas expressed therein.

Nothing is known about his person. His original name is said to have been Labhananda but nothing is known of his assumption of the name Anandaghana. It can be safely stated that he must have assumed this name when he proceeded further and further in his most difficult task of realizing pure soul.

The name Anandaghana we never meet with on the whole range of Jain Literature except here. The name is rather a rare one. The name one may think savours of Vedantism. In बृहदारण्यक उपनिषद् one finds the following passage.

विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः अमुत्थाय तान्येवविलीयते न प्रत्य संज्ञास्ति. २-८

The passage is discussed at great length in comentaries on the Kalpasutra In तैतिरीयोपनिषद् the various forms of ब्रह्म are given for worship. आनन्दो ब्रह्मेत्युवासीत॥ But wared still our scriptures describe Nirvana or final beatitude as full of joy etc. Anandaghana, as his name implies, has given a great importance to this essential point of Nirvana in his Padas as is plain from his pada 52; the meaning being as follows:—

"My life is instinct with joy, my harmony is a compact of Joy.

Briefly speaking to him the whole world is full of Joy. We can at once without any hesitation say that this element of his philosophy is consonent with Jain philosophy. The true nature of beatitude is aptly given in the following verse of हेमाचार्य.

सादिकमनिन्त मनुपममव्याबाधं स्वभावजं सौख्यम्।
प्राप्तः स केवल ज्ञान दर्शनो मोदते मुक्तः॥

योग शास्त्र.

"An emancipated Soul endowed with perfect knowledge and sight, regoice, having got unparalleled unobstructed and inherentbliss which has got a beginning but not an end (comp- मांगे सादि अनंत of आनन्दघन) This is the goal of every being tired of the miseries of this life. The more and more he breaks of these physical letters which find down his soul, the more and more he can soar high above and realize the pure Soul.

In an age in which materialistic views are gaining much evidence among the masses, these views can achieve much for them if they are properly understood. They would check the almost satanic desire of material prosperity and would ennoble the hearts of people at large.

As a corollary to this the spirit of toleration pervades his whole work, This is amply borne out by his Composition in praise of 19th Jina. The spirit of non-*militation* is the main key note of his works and he has taught us a lesson of philosophical indifference in his definition of a true preceptor. This is in short the philosophy of Anandaghanas, nor one should entertain even an idea of his deviating from the religious books for he in many places appeals to them as the chief authorities in matters religious and distinctly says that one should not go against the dicta of Agamas. By the bye should not shut his eyes to the vast difference between the perfect tranquility of mind propounded by Andandaghana and the recent outcome of those teachings which has taken an attitude of attack. The noble and worthy principle of toleration and philosophical indifference are worthy of our best attention and should be adhered to if we are honour the blessed memory of the great saint.

C

## જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્‌દર્શન અને તે સુધારવાના ઉપાયો.

(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી.)

ઉપરોક્ત વિષયની ચર્ચા હાથ ધર્યા પહેલાં, દરેક વિષયની પ્રગતિના આ વર્તમાન જમાનામાં, સામાન્ય સ્થિતિને અંગે વિચાર કરતાં આ આર્યાવર્તમાં વસતી માન-મરતબો ધરાવતી અગ્રગણ્ય કોમ-સમાજથી માંડીને તે હલકામાં હલકી સ્થિતિ ભોગવતી મ્હાર જેવી કોમમાં પણ જાગૃતિ ફેલાવતા સમયમાં, કામધેનુ તુલ્ય ગણાતી આપણી મહાન્ કોન્ફરન્સના વાજીંત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલ જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સ હેરલ્ડની સ્થિતિ જોઈએ તેવી ઉન્નત દશાને નહિ પ્હોંચેલ હોવાથી કંઇક દીલગીરી થતાં તત્સંબંધી

બે શબ્દો લખવાની જરૂર જણાય છે. આપણને અનેક રીતે ઉપયોગી કોન્ફરન્સ જેવી સંસ્થાને જન્મ આપનાર રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા તથા રા. રા. મોતીચંદ ગીરધર કાપડીયાના પ્રયાસથી સ્થાપન થયેલ 'ધી જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશન'ની પ્હેલીજ મીટીંગ વખતે કોન્ફરન્સે ચર્ચા માટે હાથ ધરેલા વિષયો તથા કોન્ફરન્સનાં હેતુઓ અને ધારણાઓ જૈન વર્ગમાં વધારે વિસ્તારથી ફેલાવવાના હેતુથી કોનફરન્સ તરફથી ઉપરોકત એસોશીએન નીચેઆની નીચે એક માસીક પ્રગટ કરવા યોજના નકી કરવામા આવી હતી અને તે માસીકમાં પ્રત્યેક જૈન ગ્રેજ્યુએટે (આવશ્યક) લખી મોકલેલા વિષયો પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આજથી છ વર્ષ કરતાં પણ વધારે મુદતથી શરૂ થયેલા આ માસીકમાં જૈન ગ્રેજ્યુએટો ઉપરાંત અન્ય સાક્ષર બંધુઓનાં વિષયોને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે છતાં પણ વખતના વ્હેવા સાથે ઉકત માસીક જૈન સમુદાયમાં જોઇએ તેટલું પ્રિય થઇ પડયું નથી તેનાં કારણોની ઉંડા ઉતરી તપાસ કરવાની જરૂર છે અને તે દિન પ્રતિદિન વધારે લોકપ્રિય થતાં ઉન્નત દશાને પ્હોંચે તેવી રીતે પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

અન્ય કોમ અગર મંડળ અથવા તો એકાદ વ્યક્તિ તરફથી પ્રગટ થતા માસીકોની સાથે સરખામણી કરવાની વાત એક બાજુ ઉપર રાખીયે તોપણ જૈન સમુદાયમાં લાંબી મુદતથી જે માસીકો આવકારને પાત્ર થઈ પડયાં છે તેની સાથેની સરખામણીમાં ઉકત માસીકને કોઇપણ નિષ્પક્ષપાત બુદ્ધિથી વિચાર કરનાર માણસ પ્રથમ દરજ્જો આપી શકશે નહિ. કોન્ફરન્સ જેવી મહાન્ સર્વોત્કૃષ્ટ અને દરેક જૈન વ્યકિતની પ્રતિનિધિરૂપ સંસ્થાના વાજીંત્ર (organ) તરીકે પ્રગટ થતા અને જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશનના ઉદાર આશ્રયથી પુષ્ટ બની પ્રસિદ્ધ થતા માસીકની આવી સ્થિતિ રહેવાનું શું કારણ?

જુદા જુદા કેટલાએક કારણો સ્વતંત્ર રીતે અગર એકી વખતે સાથે અમુક કાર્યની ઉન્નતિ અગર અવનતિમાં ભાગ ભજવે છે, કેટલાએક માસીકો દ્રવ્યોપાર્જનના લોભથી તેના ઉત્પાદકો તરફથી શરૂ કરવામાં આવતાં તે હેતુ ન જળવાતાં વખત જતાં આપો આપ છિન્ન ભિન્ન સ્થિતિને પામે છે તો કેટલાએક માસીકો તેના યોજક તરફથી વિદ્યા વિનોદાર્થે, માત્ર પ્રિતિશ્રમ Labour of love) તરીકેજ જન્મ મેળવી, પૈસા મેળવવાનું જોઈએ તેવું પ્રબળ સાધન ન હોય છતાં પણ થોડા વખત સુધી ઉત્સાહથી ચલાવવામાં આવે છે પરંતુ ધીમે ધીમે ઉત્સાહ ભંગ થતાં તે માસીકો અપ્રસીદ્ધ દશાને શરણે જાય છે. જુદા જુદા વિદ્વાન્ લેખકો તરફથી લેખો યાચના કરતાં આવી મળશે એવી મ્હોટી મ્હોટી આશાઓ બાંધી, પોતાના પગ ઉપરજ સ્વતંત્ર રીતે ઉભા રહેવાની શકિત નહિ ધરાવનારા માલકોના પ્રયોજકો તરફથી એકદમ સાહસ ઉઠાવવામાં આવે છે અને પાછળથી તેઓના તે ચાલુ રાખવાને અશકત થતાં તથા અન્ય વિદ્વાન્ લેખકોની મદદ નહિ મળતાં માસીકો બંધ કરવા પ્રસંગ આવી પડે છે. વળી મધ્યમ સ્થિતિના માસીકોના ગ્રાહકો લવાજમ ભરવામાં એટલા બધા સુસ્ત અને બે દરકાર હોય છે કે મહીનાના મહીના સુધી

માસીકના અંકો કબુલ રાખ્યે જઇ વેલ્યુપેબલથી આવેલ અંક સ્વિકારવાનો પ્રસંગ આવી પડતાં એકદમ વી. પી. નો અંક પાછો મોકલે છે. માસીકોના પ્રયોજકો તરફથી લવાજમ વસુલ કરવાના હેતુથી જ્ઞાન ખાતાના જ્ઞાન દ્રવ્યના દેવામાંથી મુક્ત થવાનું સુચવનારી લાંબી લાંબી જાહેર ખબરો પ્રગટ કરવામાં આવે છે તેના તરફ પણ મુદલ ધ્યાન આપવામાં આવતું નથી.

ઉપર વર્ણવી તેવી કફોડી સ્થિતિમાંથી કોન્ફરન્સ હેરલ્ડ શરૂઆતથીજ મુક્ત રહેવા પામ્યું છે છતાં પણ તેની સ્થિતિ જોઇએ તેવી સુધરી નથી તે વિચારવા જેવું છે, 'હેરલ્ડ' ના પ્રયોજકોનો દ્રવ્યોપાર્જનનો હેતુ નથી એટલુંજ નહીં પણ કદાચ તેને નીભાવવા અર્થે તેમજ તેને પ્રથમ દરજ્જાના માસીકની ગણનામાં મુકવા માટે કંઇ ખર્ચમાં ઉતરવું પડે તોપણ વાંધા જેવું નથી; આ ઉપરાંત વિશ્વ વિદ્યાલયની પદ્વી ધારક સવાસો કરતાં પણ વધારે મેમ્બરોની સંખ્યા ધરાવનાર જૈન ગ્રેજ્યુએટસ એસોશીએસને તેના ધારા અને ધોરણમાં (Rules and regulations) કોન્ફરન્સ માસીકને માટે ધાર્મિક સામાજીક અને કેળવણીના સવાલો ઉપર લેખો લખી મોકલવાનો ખાસ નિયમ કરેલો છે અને એશોશીએસનના સેક્રેટરી તરફથી આ બાબત વખતો વખત યાદ આવવામાં આવે છે. આ જોતાં દરેક વિદ્વાન બંધુ વર્ષમાં એક વખત માત્ર ચાર ચાર પાના લખીને મોકલે તો પણ બધા લેખોને માસીકમાં સ્થાન આપવું મુશ્કેલ થઇ પડે.

દરેક પ્રકારે આવી રીતની તેની ઇર્ષા કરવા યોગ્ય (enuiabli) સ્થિતિ છતાં પણ માસીક અવ્યવ સ્થિતદશા ભોગવે છે તેનું શું કારણ? સૌ કોઇ કહેશે કે ઉક્ત એશોશીએસનના મેમ્બરો પોતાની જ્ઞાતિ બંધુ તરફની, સ્વધર્મબંધુ તરફની, દેશ બંધુ તરફની ફરજો યથાર્થ રીતે બજાવતા નથી તેથીજ 'હેરલ્ડ' ઉત્તમ દરજ્જો મેળવી શક્યું નથી. આ વિષયમાં ધૃષ્ટતાથી લખવા જતાં રખેને કોઇ જૈન ગ્રેજ્યુએટ મિત્રને ખોટું લાગે તેવા ભયથી આટલેથીજ અટકવું પડે છે. વિસ્તારથી લખી અન્યને આક્ષેપ કરવાનું કારણ આપવું તે યોગ્ય લાગતું નથી આ પ્રસંગે જણાવવું જોઇએ કે થોડા વખત પહેલાં જ્યારે માસીકની વ્યવસ્થા ચોકસ ગ્રહસ્થોના હાથમાં હતી ત્યારે કેટલાએક સ્વતંત્ર લેખકો પોતાના લેખોમાં કાપકુપ અગર અયોગ્ય સુધારો વધારો થવાના ભયથી જૈન પ્રજાને ઉપકારક પોતાના સ્વતંત્ર વિચારો પ્રગટ કરતા આંચકો ખાય છે તેવો અવાજ કાને આવતો હતો પરંતુ કહેવાની જરૂર નથી કે હવે તેવો સમય નથી.

માસીકો તથા અઠવાડીક પત્રોમાં આવતા લેખોના યોગ્યાયોગ્યપણાની વિસ્તારથી ચર્ચા કરવાનો અત્રે પ્રસંગ નથી છતાં પણ કહેવું જોઇએ કે જૈન તત્વજ્ઞાનમાં તેમજ અન્ય ધાર્મિક વિષયમાં બીનઅનુભવી અગર અલ્પાનુભવવાળા લેખકો કોઇ કોઇ વખત કેટલો બધો છબરડો વાળી મુકે છે તથા લોકોને આડે માર્ગે દોરી જાય છે તે સુજ્ઞ વાંચકોને અજાણ્યું નથી.

બીન જોખમદાર લેખકો લેખક તરીકેની પોતાની ફરજો યથાર્થ સમજ્યા સિવાય વિશાળ સાહિત્ય કોમમાં આમ તેમ ઘુમે અને મુફલેશ લખાણોના કચરાના ઢગલામાં વધારો કરે તે બીલકુલ પસંદ કરવા યોગ્ય નથી. હજારનો ગાંઠીઓ રાખ્યાથી કાંઇ ગાંધી કહેવાઇ શકાતું નથી તેવીજ રીતે જેમાં તેમાંથી ઉતારા ઘસડી કાઢીને અગર તો છુટા છપાયા એકાદ—બે સારા વિચારોની સાથે અસંબદ્ધ રીતે અન્ય અયોગ્ય હકીકતોનું મિશ્રણ કરી માત્ર લેખક તરીકેની પ્રસીદ્ધિ–ખ્યાતિ મેળવવાની અભિલાષાથી લેખ લખી મોકલનાર સારા લેખકની ગણનામાં આવી શકતો નથી. જે જે વિષયોની ચર્ચા કરવામાં આવતી હોય તે વિષયોના મુખ્ય સિદ્ધાંતોને બાદ આવે તેવી રીતે હદમાં રહીને આ સ્વતંત્રતાના જમાનામાં સ્વતંત્ર રીતે અમુક વિષયની ચર્ચાને જન્મ આપવાના હેતુથી વિચારો પ્રકટ કરવામાં આવે તે સામે વાંધો લેવાનું કારણ નથી. પરંતુ ધાર્મિક વિષયોની ચર્ચા કરનારાઓએ ઉત્સૂત્ર પ્રરૂપણા થવા પામે નહિ તેને માટે ઘણી ઘણી સાવચેતી આપવાની જરૂર છે. વિષયની આમન સામન ચર્ચાના અંકો કદાગ્રહથી પોતનો કકો ખરો મનાવવાની ઇચ્છા રાખનારા લેખકો, સાચું તે મારૂંના ઉત્તમ નિયમને બાજુ ઉપર ધકકેલી પાડી, મારૂં તે સાચું કહેવા મનાવવા ઉતરી પડનારાઓ પોતાનો મત પ્રતિપાદન કરવાના હેતુથી, વિશુદ્ધ હૃદયથી ચર્ચા કરવાનું માંડીવાળી, વિદ્વાન્ લેખકોને શરમાવે તેવી રીતે પોતાના પતિસ્પર્ધિઓ સામે અયોગ્ય આક્ષેપો મુકતાંજ નહિ અટકતા તેમની જાત ઉપર હુમલો લઇ જાય અને ગાલીપ્રદાન પર્યંતની સ્થિતિને પ્હોંચે તે કોઇ પણ સુજ્ઞ વાંચક પસંદ કરશે નહિ.

લેખકો અગર માસીકના અધિપતિઓ પોતાના પ્રતિપક્ષીઓને ઉતારી પાડવાના ઇરાદાથી જે માસીકને પોતાનું અમોઘ શસ્ત્ર હથિયાર બનાવે છે, તે માસીક કોઇપણ દીવસ ઉન્નત સ્થિતિને પ્હોચી શકતું નથી. કવચિત લેખકો ઉત્સાહી બુદ્ધિમાન અગર શ્રીમાન આગેવાનોના જાહેર કૃત્યોને અયોગ્ય રીતે ઉતારી પાડી, તેમના સ્વપ્નમાં પણ ખ્યાલ ન હોય તેવા વિચારો ધારણ કરવાપણાનું તેમનામાં અધ્યારોપણ કરી તેમને વગર કારણે પ્રજા વર્ગ વચ્ચે વગોવે છે અને ઉત્સાહ ભગ્ન કરે છે તેથી તેઓ ઘણી વખત કોમનુ શ્રેય કરવા જતાં અકલ્યાણ કરી બેસે છે અને કોમને નલાયકું ટોળું બનાવી અવનત દશાએ પ્હોંચાડે છે તે આપણે ભુલી જવું જોઇતું નથી

આવાં અનેક કારણોને લીધે લેખકો પેપર કંઇક અંકુસ મુકાવાની જરૂર છે. હાલમાં સમય એવો વર્તે છે કે પ્રાચીન અને અર્વાચીન વિચારના પુરૂષો વચ્ચે ઘણી વખત સખ્ત યુદ્ધ જામે છે અને પરિણામે કવચિત્ તીક્ષ્ણ વિરોધની લાગણી ઉદ્ભવે છે.

સંકુચિત (Conservative) અને ઉદાર (Liberal) વિચારના માણસો સાથે સમજાવટથી સાવચેતી પૂર્વક કામ લેઇ એક બીજાને અર્ધે રસ્તે મેળવવાની યુકિત ઘણા થોડાઓનેજ આવડે છે અને તેથી કોઇ વખત કોમની ઉન્નતિના કાર્ય તરફ મતિ છતાં પણ ઉપરોકત યુકિતના જ્ઞાનના અભાવે આપણે નજરો નજર જોઇએ છીએ કે સારાં આશય વાળો માણુસ અનિચ્છાએ પણ ચોકસ રીતે ઉન્નતિના કાર્યને બે ડગલાં પાછળ

હઠાડે છે. માત્ર ઉમદા આશયથી-ઉત્તમ ભાવનાથીજ કામ કરનાર માણસ દરેક પ્રસંગે તથા પ્રકારની આવડત સિવાય દરેક કાર્યમાં ફતેહ મેળવી શકતો નથી. કાર્ય સિદ્ધિ માટે તે ઉપરાંત અન્ય સાધનોની પણ જરૂર રહે છે. વિનિત (Moderates) અને ઉદ્દામ (Exstrimist) પક્ષના આગેવાનોની વચ્ચેનુ યુદ્ધ આપણે છેલ્લાં ચાર પાંચ વર્ષથી નજરે જોઇએ છીએ અને તેથી ઘણું શીખવાનું મળે છે. ઉદ્દામ પત્રના આગેવાનોને ઘણી વખતે ઉત્કટ ભાવનાઓથી સંકટમાં ફસી પડતા જોઇએ છીએ. અંતઃકરણની કેવળ ઉદાર વૃત્તિઓ, જીગરની લાગણીઓ, ઉત્તમ આશયો યોગ્ય સાધનો સિવાય કાર્ય સિદ્ધિમાં ઘણી વખત જોઇએ તેટલાં મદદગાર થઇ પડતાં નથી. 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' એ જુસ્સાદાર સાહસ-પ્રિય કવિનું સુત્ર દરેક પ્રસંગે હાથ ધરેલ કાર્યને અનુકુળતાથી બંધ બેસતું થઇ પડતું નથી. ઘણી સાવચેતીથી કામ કરનાર માણસજ ફાવી શકે છે. સામાજીક સુધારણા નિમિત્તે પ્રયાસ કરનાર લેખકો-વકતાઓ-ધર્મોપદેશકો પુરતી સંભાળથી અને યુકિતથી નિસ્વાર્થ બુદ્ધિએ કામ કરે છે. પોતાને, પોતાની કોમને અને પરંપરાએ પોતાના દેશને ઘણોજ લાભ કરી શકે છે.

આ ચળવળના-જાગૃતિના સમયમાં આગેવાનોએ પુરતા ઉત્સાહ સાથે પરમાર્થ પરાયણ વૃત્તિથી બહાર આવી કાર્યક્ષેત્રમાં ઝુકાવવાની અનિવાર્ય જરૂર છે. ભૂતકાળના અગર ભવિષ્ય કાળના કોઇ પણ સમય કરતાં વર્તમાન સમય સાવચેતીથી કાર્ય કરનાર કાર્યદક્ષ આગેવાન લેખકોને માટે વધારે અનુકુળ જણાય છે. મેશર્સ લાલન શીવજી એન્ડ કું. નિમિતે ઉદ્ભવેલ તકરાર જેવી અનેક તકરારોનું સમાધાનીથી છેવટ લાવી તદ્ વિષયક અસભ્ય, શાસનની હીલના કારક, ગુરૂ દ્રોહ સૂચક નિંદાખોર લખાણો બંધ કરી શાસનની ઉન્નતિના કાર્યમાં એક બીજાએ સંયુકત પ્રયાસથી આગળ વધવાની જરૂર છે. સુશીલ લેખકોએ ઉપરના લખાણથી કોઇ પણ રીતનું અપમાન માન્યા સિવાય અગર ભવાં ચડાવ્યા સિવાય શાન્તિથી લેખ લખી શ્વેતામ્બર જૈન સમુદાયની મહાન સંસ્થા તરફથી તથા અન્ય સભા મંડળ તરફથી પ્રગટ થતા માસીકોને પુષ્ટ બનાવવાની જરૂર છે

સમાજ સુધારણાના વિષયમાં ધીમે ધીમે આગળ વધતી પ્રજાને સારૂં, રૂચિકર, બોધક, નિતિના માર્ગ તરફ પ્રેરનારૂં અને તે સાથે સસ્તું વાંચન પુરૂં પાડવાની જરૂર છે તે હકીકત સ્વિકારવામાં આવે તો આપણા માસિકોને પ્રસ્તુત કાર્ય માટે પ્રબળ સાધન તરીકે લેખી શકાય પરંતુ તે સાધન ઉપયોગમાં લેવાયેલાં માસીકોની સ્થિતિ સુધારવાની અત્યંત આવશ્યકતા છે.

નાના નાના મંડપો અગર સભાઓ સાથે સરખાવતાં મહાસાગર રૂપ આપણી કોન્ફરન્સના માસીકની આધુનિક સ્થિતિ સહૃદય જૈન બંધુનું હૃદય ખિન્ન કર્યા વગર રહેશે નહિ. ગ્રેજ્યુએટ બંધુઓએ તેમજ અન્ય સાક્ષર લેખકોએ હેરલ્ડની સ્થિતિ સુધારવા તરફ લક્ષ્ય આપવાની જરૂર છે. દરેક જૈન બંધુએ હેરલ્ડને ઉત્તમ દરજ્જાના માસીકની પંક્ષમાં મુકવા માટે પોતાથી બનતો પ્રયાસ કરવાનું મન ઉપર લેવાની ખાસ જરૂર છે.

આપણી સામાજીક, નૈતિક, ઐાદ્યોગિક તેમજ ધાર્મિક સ્થિતિ સુધરે, કોન્ફરન્સના કાર્યક્રમને પુષ્ટ આલંબન મળે, પ્રત્યેક જૈન બંધુ કોન્ફરન્સ તરફ પુરતા માનની નજરથી જોતો થાય તેવા એક નહિ પણ અનેક થોકડા બંધ લેખો હેરલ્ડ દ્વારાએ પ્રગટ થવાની જરૂર છે. આપણા પુજ્ય મુનિવરો પણ અહમહમિકા ભાવ (igotism) તજી, ક્ષુલ્લક બાબતોને અંગે ઉદ્દભવતા કલેશોથી દુર રહી, કોન્ફરન્સે હાથ ધરેલા વિષયોને ટેકો આપવ માટે પ્રત્યેક જૈન બંધુ બ્હાર આવે તેવા ઉપદેશો–વ્યાખ્યાનો આપવા તરફ વીય ફેરવે તેવા લેખો લખવાની જરૂર છે. અંદરના અંદર કલેશથી મુકત થઇ પ્રત્યેક વ્યકિત (United we stand and deuidid we fall we fole) એકંત્ર રહેતાં ટકી શકાય છે અને જુદા જુદા વ્હેચાઇ જવાથી પતિત થવાય છે એ નિયમ ઉપર મદાર બાંધી પોતાન જ્ઞાતિ બંધુઓનું, સ્વધર્મિ ભાઇઓનું, દેશ બંધુઓનું ભલું કરવા તરફ યોગ્ય પ્રયાસ કરેતો ઘણો લાભ થવા સંભવ છે.

આપણી મહાન કોન્ફરન્સને સ્થાપન થયાને આઠ–નવ વર્ષ કરતાં વધારે મુદત થય છતાં પણ જુદી જુદી અનેક દીશાઓમાંથી તેની વિરૂદ્ધના ઉદ્દગારો દરક વખતે નિકળ્યા કરે છે. આજે તેની વિરૂદ્ધ બોલનારાઓ પોતાનો કંઇક સ્વાર્થ સધાતાં આવતી કાલે તેના લાભમાં બોલવા માટે બ્હાર આવે છે ત્યારે વળી કેટલાએકો આજે તેના લાભમાં બોલતા હોય છે તો આવતી કાલે તેની વિરૂદ્ધ અયોગ્ય ટીકાઓ કરવા મંડી જાય છે આ પ્રકારના શિથિલ મનવાળા અપકવ વિચારના, ડગુમગુ થતા હૃદયના, સ્વાર્થ સાધક માનભૂખ્યા લોકોને બાજુ ઉપર રાખીએ તોપણ પ્રથમથીજ અદ્યાપિ પર્યંત તેની વિરૂદ્ધ લાગણી ધરાવનારા અનેક નર રત્નો (?) આજે પણ મળી આવે છે. આટલી લાંબી મુદત વીત્યા છતાં પણ જૈન કોન્ફરન્સ જૈન સમુદાયમાં જોઇએ તેટલી પ્રિય શામાટે થઇ પડી નથી તેનાં કારણોનો ઉંડો અભ્યાસ કરી તે કારણો નિર્મુળ કરવાની જરૂર છે. આ સંબંધમાં અનેક દૃષ્ટિ બિન્દુથી વિદ્વાન લેખકોની કસાએલી કલમથી જુદા જુદા સ્વતંત્ર લેખો લખાવાની જરૂર છે તેમજ આવા લેખો આપણા ધનાઢય આગેવાનો કે જેમના વગર આપણાથી કોઇ કાળે પણ એક ડગલું આગળ ભરાઇ શકાવાનું નથી–જેમની આર્થિક મદદ વગર આપણાથી કંઇ સંગીન કાર્ય થઇ શકવાનું નથી, તેઓ વાંચવાની દરકાર નહિ કરતા હોવાથી તથા અનેક પ્રસંગે મળતી જાહેર સભાઓમાં હાજરી આપી તે તે વિષયો ઉપર ભાગ્યેજ તેઓ પોતાના વિચારો પ્રકટ કરતા હોવાથી તથા વળી આવા ખાસ કારણને માટે બોલાવવામાં આવેલી ખાસ મીટીંગમાં દુરના પોતાના વતનમાંથી હાજર નહીં થઇ શકવાથી ખરી સ્થિતિ તેમની સન્મુખ રજુ કરી તે ઉપર તેમના વિચારો જાણવાની ઘણીજ અગવડતા રહે છે અને તેથી તે દુર કરવા માટે કંઇ યોજના ઘડવાની જરૂર છે.

આ પ્રસંગે જણાવવાની જરૂર જણાય છે કે આઠ દશ આગેવાનો નિસ્વાર્થ બુદ્ધિથી પોતાના અમુલ્ય વખતનો કોમના પ્રધાન હીત ખાતર ભોગ આપી ડેપ્યુટેશન અગર કમીશન રૂપે મ્હોટા મ્હોટા શહેરોમાં ફરી, એક લાંબી પ્રશ્ન શ્રણી તૈયાર કરી તે ઉપર

આપન સાપન વિચારો પ્રકટ કરી આગેવાનોના અભિપ્રાય મેળવી અમુક નિશ્ચય ઉપર આવે અને તદનુસાર કોન્ફરન્સના કાર્યને ગતિ આપે તો ફરીયાદ કરવાનું કારણ રહે નહિ પરંતુ આ યોજના ખર્ચાળ અને તેવા આઠ દસ આગેવાનો બ્હાર આવવા તૈયાર ન થાય તો કંઇક અમલમાં મુકી શકાય નહિં તેવી જણાય છે. અપૂર્ણ.

# कूरिवाज कैसे दूर हो ?

(लेखक जमकलाल रातांडिया, प्रतापगढ—मालवा.)

(१) आधुनिक परिवर्त्तन जो दुनियामें हो रहा है, और असंभव बातें जो संभव हो रही है, उसमें आर्य, आर्यमें भारत वर्ष, भारत वर्षमें क्षत्री, वैश्य और क्षत्री, वैश्यमें सबसे अपनेको उच्च और श्रेष्ठ समझने वाली 'जैन' ज्ञाति क्यों इतनि पिछे पडी हुई जहरी निद्रामें मग्न हो रही है ? मेरेसे ही उपरोक्त प्रश्न कोइ महाशय करें तो, सब तरफ इसका उत्तर ढुंढनेसे एक मात्र जवाब यही मिलेगा कि "जैनियों में कूरिवाज घुसा पडा है," अब प्रश्न यह है कि "कूरिवाज दूर कैसे हो ?"

(२) जैनियोंमें पृथक् २ ज्ञातीयां जैसे श्री श्रीमाल, ओश्वाल, पोरवाड, हुम्बड, भटेवरा आदि हैं. उसही तरह यूरप, अमेरीका एवम् एशिया आदि देशोंमेंभी उनके ढंगाकि ज्ञातियां है, परन्तू उनाकि चाल ढाल, रहन सहन, चतुराई आदि जोजो कार्य अपने आचार्योंने 'पवित्र शास्त्रों' में अपने करने योग्य अंकित किए हैं, उनने उनको स्विकृत करके न करने योग्य कार्योंका त्याज्य कर दिया और अपन खुदने उसके विपरित मार्ग ग्रहण किया, उसहीका फल यह हुआ कि, अनेक न करने योग्य कार्य अपनेमें होने लगे, अब इनके निवारणका उपाय में अपनी अल्प बुद्धि अनुसार आपके सम्मुख उपस्थित करता हुं. आप उनपर गोर करके अपने जो कुछ विचार हो पेपर में प्रकट करिए जिससे जो विचार सबकों मान्य हों उसही मुवाफिक नए 'ज्ञाति नियम' बांध दिए जावें.

(३) जैनियोमें ऐसी कोई ज्ञाति नहिं है जिसके साथ प्रत्येक जैन खान पान न करता हो, अब जरा अपने जैन इतिहासपर नजर डालिएकि दूसरे

कॉलममें कही हुइ ज्ञातियां किसने स्थापित की है, और उनकि उत्पति कहांसे हैं, मेरे देखनेमें जहांतक आया है प्राय. क्षत्रीयों सेंही यह जैनी बनाए गए है और शुद्ध मार्ग बतानेके हेतू अपने महान् आचार्योंने इतना कष्ट सहा है, अब जैन इतिहासको देखें तो यह शंका निवारण नहिं होती कि जब क्षत्रीयोंसे जैन बने हैं उनका खान पान एक प्रकारका हि नहिं बरन् एक साथ एक थालमें बेठकर करनेका है, जो एक धर्मके होनेके कारण एक दूसरेकों स्वामि भाई कहता है, फिर इतनिसी अल्हदगी क्योंकि एक ज्ञातिवाले दूसरी ज्ञातिवालेसे शादी (विवाह) नहिं करते एक मात्र यही कूप्रथा सारी जैन ज्ञातिमें खराबीकी जड है.

(४) यदि आज सर्व जैनी एक दूसरी ज्ञातिवालेसे संबंध करने लगें तो आज ८ वर्षसे महान् परिश्रम करनेवालि श्रीमति कॉन्फरंस देवीके वह उद्देश्य पूर्ण हो सक्ते हैं, जिनके निसबत सालाना जलसोंमें ठहराव पास कर उनका उपयोग करनेकि तार्किबें सौंची जांती हैं.

(५) 'एक ज्ञाती दूसरी ज्ञाति वालेसें संबंध यानि विवाह आदि करने लगें तो क्या २ फायदे हो सक्ते हैं?

(अ) कन्या विक्रय सरलता पूर्वक बंध हो सकता हैं, क्योंकि जब सारी ज्ञाति मेंही नहिं बल्कि जैन समुहमें कन्या मिलने लग जाय तो अवश्यही में बडे जोरके साथ कह सकता हुं कि कन्या विक्रेता कि कम्पनिया शीघ्र ही दिवाला निकाल देगी.

(ब) वृद्ध विवाह नहिं हो सकेगा, क्यों कि जैन समुह में सूर्यकि किरणके माफिक कमल पुष्प जैसे बालकोंकों छोडकर कौन इन खंजरोंको जिनके मूंहमें दांत और पेटमें आंत नहि है, अपनी प्रिय पुत्री देगा, और उसका गला घोटेगा, अगर कोई स्वार्थान्ध ऐसा करेगा तो उसका जैन ज्ञाति शीघ्र प्रबंध कर सकेगी.

(क) बाल विवाह नहिं होगा, क्योंकि ऐकसा होनेसे जोडा शीघ्रही मनमाना और अच्छा मिल जायगा, जिससे नियत समयपर विवाह हो सकेगा.

(ड) उपर्युक्त कहे हुवे कारणोंसे विधवा विवाहका रिवाज जो अपना पाव दिन २ फेलाता जाता है बंध हो जायगा.

(फ) फजूल खर्चि याने नुक्ते वगेरहमें जो अगणित रुपे व्यय होते हैं और जिनके करनेके लिए शास्त्रोमेभी मनादि है, बन्द हो जायगे क्योंकि हर एक कि वह ताकत नहिं रहेगी कि सारे जैन समुदायको नोत सके.

(ग) अनेक प्रकारके कुकार्य जो जैन युवा म्लेच्छ विद्या के कारण करने लगे हैं, जब सारी जैन ज्ञाति इनकि और धिकारकि द्रष्टीसे देखीगी तो इनको अवश्य सुकार्यमें प्रवृत होना पडेगा.

(ह) हरेक बालक बालिकाओंको फरजियात शिक्षा हासिल करना पडेगा क्योंकि फिर पढे हुवे जोडे अधिक पसंद किए जायंगे.

(६) इत्यादि अनेक फायदे सिर्फ यह एकही कार्यके होनेसे हो सक्ते हैं और बडा फायदा यह होगा कि हरेक ज्ञातिमें जो घडे (तड)–फूट पडी हुई है वह सब एक प्रकारसे निर्मूल हो जायगी. तब आप जो २ कार्य जैनीयोंके हितार्थ करना चाहेंगें, बिना श्रमके शिघ्रता पूर्वक हो सकेगा और पूर्वोक्त कहे हुवे वाक्य यदि स्विकृत हो गए तो फौरन ' कुप्रथा कहो या कुरिवाज, दूर हो जायंगें. '

(७) इस लेखमें किए हुवे पहले कॉलमके प्रश्नका उत्तर मेंने अपना तरफसें ५ वें कॉलममें दिया है। परन्तु प्रश्न सर्व साधारणसे किया गया है और हरेक जैनको उसपर टिका टिप्पण करनेका अधिकार है। इसलिए में प्रत्येक जैन महाशयसे प्रार्थना करता हूं कि इस लेखको चुपचाप न पढकर 'मेरा उत्तर उचित है या नहिं?' और आपकी क्या राय है वर्त्तमान पत्रों द्वारा शीघ्र प्रकट करें, या सिधि मुझे इतिला देनेसे में समाचार पत्रोंमें प्रकट कराऊंगा. ॥इत्यलम्॥

J. L. Ratadiya.

# મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત જ્ઞાનસાર સૂત્રની ચોળ.

લેખક-સન્મિત્ર કપૂરવિજયજી.

## મૌનાષ્ટક અષ્ટક ૧૩.

૧ જે જગતના યથાર્થ સ્વરૂપને જાણે છે તે મુનિ કહેવાય છે. એવું મુનિપણું જે નિશ્ચય સમકિત છે. અથવા નિશ્ચય સમકિતજ સાચું મુનિપણું છે.

૨ જે આત્મા પોતેજ પોતાનામાં રહેલી સકળ સમૃદ્ધિને શુદ્ધ રીતે જાણે-જુવે છે, તેજ આ રત્નત્રયી વિષે મુનિ સંબંધી જ્ઞાન, રૂચી અને આચારની ઐકયતા છે, સ્વરૂપ સ્થિત થવાથીજ મુનિનાં જ્ઞાન, દર્શન, અને ચારિત્ર ચારિતાર્થ-સફળ છે.

૪ જેમ મણી—રત્ન સંબંધી સમ્યગ જ્ઞાન (પરીક્ષા) અને શ્રદ્ધા વિના તે મણીરત્ન લેવા પ્રવૃત્તિ થતી નથી તેમજ તત્સંબંધી ફળ પણ મળતુ નથી.

૫ તેમ જેથી શુદ્ધ આત્મ-સ્વભાવાચરણ (સ્વરૂપરમણ અથવા દોષ નિવૃતિ (ક્ષય) રૂપ ફળ થાય નહિં તે જ્ઞાન કે દર્શનજ શાંનાં? નિષ્ફળ દેખાય છે માટે.

૬ જેમ શોફ [સોજા] સંબંધી પુષ્ટતા અથવા વધ કરવા યોગ્ય તો શણગાર પરિણામે મહા દુઃખદાયી છે તેમ સંસાર સંબંધી ઉન્માદને સમજી મુનિ સહજ સંતોષી થાય છે.

૭ વચન નહિ ઉચ્ચારવા રૂપ મૈન તો એકેંદ્રિયમાં પણ હોય છે (તેથી તો કંઇ વળતું નથી.) ફક્ત પરપુદ્ગલમાં નહિં પ્રવર્તવા રૂપ (નિવૃત્તિ લક્ષણ) મૈન જ સર્વથી શ્રેષ્ટ ગણાય છે.

૮ દીપકની જ્યોતિની જેવી જેની સર્વક્રિયા જ્ઞાન-પ્રકાશમયીજ છે, એવા સ્વરૂપ સ્થિત મહાશયનુ મૈન ઉત્તમ પ્રકારનું છે, છેવં મુમુક્ષુઓને એવુંજ મૈન અપેક્ષિત છે.

## અવિદ્યા અષ્ટક (૧૪)

૧ અનિત્ય, અશુચિ અને આપણી નહિં એવી વસ્તુઓમાં નિત્ય, શુચિ અને આપણુ પણુ માનવું એ અવિદ્યાનું લક્ષણ છે અને વસ્તુને વસ્તુગતે-યથાર્થ સમજવી એનું નામ વિદ્યા છે.

૨ જે પોતાના આત્માને નિત્ય-અવિનાશી સમજે છે અને પર સંગત-સંયોગને અનિત્ય લેખે છે તેને મોહ-ચરટો (ચોર) પણ છળી શકતો નથી. પોતે વિવેક યુકત જાગૃત છે તેથી મોહનું જોર તેના ઉપર ચાલી શકતું નથી. પ્રમાદ રહિતને થઇ શકતોજ નથી.

૩ વિવેકી-વિદ્વાન લક્ષ્મીને જળ તરંગના જેવી ચંચળ, આયુષને વાયુની જેવું અસ્થિર અને દેહને શરદના વાદળાં જેવું ક્ષણભંગુર સમજી તેમાંના કોઇમાં મુંઝાઇ જતો નથી.

૪ અશુચિ (શુક્ર-શોણિત) થી ઉત્પન્ન થયેલા અને પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાખવાવાળા આ દેહને જળ વિગરેથી પવિત્ર કરવાનો ભ્રમ મૂઢ માણસોનેજ વધારે હોય છે.

૫ જે સમતા-કુંડમાં સ્નાન કરીને, પોતાનાં પાપ મળને પખાળીને પાછો મલીન થતો જ નથી તે અંતર આત્માજ પરમ પવિત્ર છે. (જ્ઞાની પુરૂષોને સંમત આ ઉત્તમ સ્નાન છે.)

૬ દેહ, ગેહ, અને લક્ષ્મ્યાદિકમાં જેમ જેમ મૂઢ મમતા બાંધે છે-બાંધતો જાય છે તેમ તેમ તે જ્ઞાની પોતેજ વિશેષે વિશેષે બંધાય છે-બંધાતો જાય છે. તેનાથી છુટી શકતોજ નથી.

૭ વિવેકી-વિદ્વાન તો સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી, પરસ્પર સંયુકત થતા પદાર્થોની એક બીજામાં સર્વથા નહિ સંક્રમી જવાની (સ્વ સ્વ સત્તા જાળવી રાખવાની) ચમત્કારિક ક્રિયાનો અનુભવ કર્યા કરે છે. દરેક વસ્તુને યથાર્થ જોતો વિવેકાત્મા તેમાં મુંઝાઈ જતો નથી-નિર્લેપ રહે છે.

૮ સદ્ વિદ્યાંજન (વિદ્યારૂપ આંજણ) ના સ્પર્શથી અવિદ્યારૂપ તિમિર-રોગનષ્ટ થયે છતે યોગી પુરૂષો પોતાનામાંજ પરમાત્માને (પરમાત્મ સ્વરૂપને) સાક્ષાત્ દેખે છે.

## વિવેકાષ્ટક (૧૫)

૧ ક્ષીર નીરની પેરે એકમેક થઇ ગયલાં કર્મ અને જીવને જે જુદા કરે છે-કરી શકે છે, તે મુનિહંસ વિવેકવાન ગણાય છે. (હંસની ચાંચમાં ખટાશનો ગુણ હોવાથી તે જળમાંથી દુધને જુદું કરી શકે છે તેમ વિવેકાત્મા કર્મ થકી જીવને વિવેક વડે જુદો કરી શકે છે.)

૨ દેહ એજ હું એવો અવિવેક તો અનાદિ-ચિર પરિચિત હોવાથી સવદા સુલભજ છે. ફકત દેહ એ હું નહિ એવો વિવેકજ કોટિ ગમે ભમે પણ પામવો દુર્લભ છે.

૩ શુદ્ધ-નિર્મળ આકાશમાં પણ તિમિર-રોગથી રાતા પીળાં દેખાય છે તેમ અવિવેકથી વિકારોવડે આત્મામાં (દેહ) મિશ્રતા ભાસે છે. પણ વિવેક પ્રગટતાંજ તે યથાર્થ સમજાઇ જાઇ છે, જેથી દેહ એ હું એવો મિથ્યા ભ્રમ ભાંગી જાય છે.

૪ જેમ સુભટોએ કરેલું યુદ્ધ ઉપચારથી સ્વામીએ કર્યું ગણાય છે તેમ અવિવેકથી કર્મ સમૂહના બળનો શુદ્ધ આત્મામાં ઉપચાર કરવામાં આવે છે.

૫ જેમ મદ્યપાનથી બેશુદ્ધ થયેલો ઇંટ વગેરેને પણ સુવર્ણ દેખે છે, તેમ અવિવેકીને દેહ વગેરેમાં પોતાના પણને મોટો ભ્રમ થાય છે શુદ્ધિમાં સર્વ યથાર્થજ ભાસે છે

૬ તુચ્છ ભાવોની સ્પૃહા કરતો જીવ વિવેક શિખર ઉપરથી ગબડી જાય છે. અને શ્રેષ્ટ ભાવને અભિલાષતો આત્મા કદાપિ અવિવેકને પામતો નથી.

૭ જે વિવેકાત્મા પોતાનામાંજ આત્માના ષટ્કારકની સંગીત (ઘટના-યથાથતા) કરે છે-કરવા પ્રયત્ન કરે છે તેને મોહ (જડ) મગ્નતાથી અવિવેક જવરનું વિષમપણું સંભવેજ કેમ? આવા વિવેકાત્માને મોહ પ્રભવેજ કેમ?

૮. વિવેક રૂપ સરાણવડે સજ્જ કરેલું, અને * ધૃતિ) ધૈર્ય ધારા વડે તીક્ષ્ણ થયેલું મુનિનું સંયમ રૂપ અસ્ત્ર, કર્મ શત્રુનો છેદ કરવા સમર્થ થાય છે. વિવેક અને ધૈર્ય યુક્ત સંયમી સકળ કર્મ શત્રુનો છેદ કરી શકે છે. વિવેક વિનાનું સંયમ એકડા વિનાન મિંડા જેવું હોવાથી નિષ્ફળજ છે. એમ સમજી સંયમાર્થીએ ઉપર કહ્યા મુજબ વિવેક અવશ્ય સેવવા યોગ્ય છે.

## મધ્યસ્થતા અષ્ટક (૧૬)

૧ જેમ બને તેમ નિર્દોષ મધ્યસ્થતા ધારો અને કુતર્ક કરવા રૂપ બાળચેષ્ટાનો ત્યાગ કરો.

૨ મધ્યસ્થનો મનરૂપ વાછડો યુક્તિરૂપી ગૌ (ગાય) ને અનુસરે છે. મધ્યસ્થ, યુક્તિને માન આપે છે ત્યારે કદાગ્રહી તેને ખડે છે.

૩ સ્વાભિમત સાધવામાં કુશળ અને પરપક્ષમાં ઉદાસીન એવા નયોમાં જેનું મન સમભાવી રહે છે તે મહામુનિ મધ્યસ્થ છે. સમદર્શીતપણું એ મુનિ પણાનું મુખ્ય લક્ષણ છે.

૪ સર્વ કોઇ સ્વ સ્વ કર્મવશવર્તી વિવિધ ચેષ્ટાઓ કરે છે અને તદનુસાર તેનું વિવિધ ફળ ભોગવે છે એમ સમજીને મધ્યસ્થ રહેનાર તેમની ઉપર રાગ દ્વેષ કરતો નથી.

૫ જ્યાં સુધી મન, પરના ગુણદોષ ગોતવા તત્પર રહે ત્યાં સુધી મધ્યસ્થપણે તેને જ્ઞાન ધ્યાન રૂપ આત્મસાધનમાંજ જોડી દેવું યોગ્ય છે. જ્ઞાન ધ્યાનમાં લીન થયેલું મન અન્યત્ર ભટકવાનું નહિં અને તેથી સહજે સ્થિર થઇ શાંત થઇ અનહદ સુખ આપશે.

૬ ભિન્ન ભિન્ન માર્ગે વહેતાં છતાં જેમ સર્વે નદીઓ સમુદ્રને મળે છે. તેમ મધ્યસ્થ દ્રષ્ટિ જીવો પણ ભિન્ન ભિન્ન સાધન સાધતાં છતાં એકજ અક્ષય મોક્ષ પણે (પરમાત્મા સ્વરૂપને) પામે છે. ગમે તે, ગમે ત્યાં ગમે ત્યારે પણ સમતા વડેજ શાશ્વત સુખ સાધી શકે છે.

૭ અમે રાગ માત્રથી જિન આગમનો આશ્રય કરતાં નથી. તેમ દ્વેષ માત્રથી પર-આગમનો ત્યાગ કરતા નથી, કિંતુ મધ્યસ્થ દ્રષ્ટિથી સત્યાસત્યની પરીક્ષા કરીનેજ તેમ કરિયે છિયે;

૮ મધ્યસ્થ દ્રષ્ટિ વડેજ અમે સર્વ ભવ્ય સત્વો ઉપર અનુકંપા લાવીને ચારિ સંજીવ' ની ન્યાયથી હિત બુદ્ધિથીજ તેમને આ આગમ અમૃતનું પાન કરાવિયે છિયે.

* સંજીવની એક જાતની સચેત કરનારી—નવું જીવન આપનારી ઔષધી વિશેષ છે.

૫ શરીર, રૂપ, લાવણ્ય, ગામ, આરામ કે લક્ષ્મી વગેરે પરભાવથી જ્ઞાનનંદીને શો કરવો? અનિત્ય અને અસાર એવી પૌદ્‌ગલિક વસ્તુ ક્ષણમાં છેહ દે છેતરનારી છે.

૬ સ્વ ઉત્કર્ષ કરી ક્ષોભ પામતો હે મુનિ! તું શા માટે તારા ગુણને ડોળી નાખે

૭ જ્ઞાનાદિક શુદ્ધ ગુણોનો પણ મદ કરવો યુકત નથી તો શરીરનાં રૂપ લાવણ્યાદિ અશુદ્ધ ગુણોનો તો મદ જ્ઞાની પુરૂષોને કેમજ કર્તવ્ય હોય?

૮ સ્વશ્લાઘા અને પર નિંદા કરવા સંબંધી સર્વ વિકલ્પથી મુકત એવા સંપૂર્ણ જ્ઞાન યોગીશ્વરો પરસ્પૃહાવર્જિત પૃથ્વી ઉપર વિચરે છે. તેમને અમારો ત્રિકાળ નમસ્કાર

## તત્વ દ્રષ્ટિ અષ્ટક (૧૯)

૧ બાહ્યદ્રષ્ટિ જીવ ઉપર ઉપરના રૂપરંગ જોઇ મોહ પામે છે અને તત્વદ્રષ્ટિ પુરૂષ તે આત્મામાં એજ ઉંડું નાહળે છે. તેથી બાહ્યભાવમાં મુંઝઈ જતો નથી.

૨ બાહ્યદ્રષ્ટિ ભ્રમિત હોવાથી કંઇ પણ યથાર્થ જોઈ શકતોજ નથી અને તત્વ દ્રષ્ટિ તો ભ્રાંત રહીત હોવાથી સર્વ કંઇ યથાર્થજ દેખી શકે છે.

૩ બાહ્ય દ્રષ્ટિ (જીવ) ને ગામ નગર આરામ (બગીચા) વગેરે જોઇ મોહ ઉપજે છે ત્યારે તત્વદ્રષ્ટિને તો તેજ વસ્તુઓને વિવેકથી જોતાં વૈરાગ્ય પ્રભવે છે (જાગે છે).

૪ મૂઢ દૃષ્ટિને સ્ત્રીનું શરીર અમૃતના નિચોળથી નિર્માણ કરેલું લાગે છે અને તત્વ દ્રષ્ટિને તો તે કેવળ વિષ્ટા મૂત્રાદિક અશુચિમયજ દીસે છે.

૫ બાહ્ય દ્રષ્ટિ જીવ લાવણ્ય યુકત શરીરને દેખી મનમાં રાજી છે-ખુશી થાય છે અને તત્વદ્રષ્ટિ તો અનેક કૃમિ વગેરેથી જીવાકુળ શરીરને કેવળ કાગડા કુતરાનાંજ ભક્ષણ યોગ્ય સમજે છે.

૬ હાથી અને ઘોડાથી યુકત રાજભુવન જોઇ મુઢ દ્રષ્ટિ મનમાં વિસ્મય પામે છે. ત્યારે તત્વ દૃષ્ટિ પુરૂષ તેવા રાજભુવનમાં અને હાથી ઘોડાવાળા વનમાં કશો ભેદ લેખતો નથી.

૭ બાહ્ય દ્રષ્ટિ જીવ શરીરે ભસ્મને ચોળવાથી, કેશનો લોચ કરવાથી અને મલીન રહેવાથી સાધુને મ્હોટો-મહંત લેખે છે ત્યારે તત્વદ્રષ્ટિ તો ફકત ચિત્તની શુદ્ધિથીજ તેને તેવો લેખે છે.

૮ ટુંકાણમાં કહિયે તો તાત્વિક કરૂણા-અમૃતને વર્ષનારા તત્વ દ્રષ્ટિપુરૂષો વિશ્વના અલ્પ પણ અહિતના માટે નહિં પણ સંપૂર્ણ ઉપકારના માટેજ જન્મેલા છે.

## સર્વ સમૃદ્ધિ અષ્ટક (૨૦)

૧ મૂઢ દ્રષ્ટિપણાનો અંત આવ્યે છતે અંતરમાં સર્વ સમૃદ્ધિ સ્ફુટપણે યોગી પુરુષો જોઇ શકે છે.

૨ સમાધિરૂપી નંદનવન, ધૈર્યરૂપી વન, સમતારૂપી શચી (ઇંદ્રાણી) અને જ્ઞાનરૂપી વિશાળ વિમાનથી મુનિને ઇંદ્રની સમૃદ્ધિ સ્ફુટતર દેખાય છે.

૩ સુવિસ્તૃત જ્ઞાન અને ક્રિયારૂપી ચર્મ અને છત્ર રત્નથી મોહ-મ્લેચ્છ ભૂપતિની વૃષ્ટિને નિવારતા મુનિ ચક્રવર્તી કાં ન કહેવાય ?

૪ અભિનવ જ્ઞાનામૃતમાં મગ્ન રહેતો મુનિ (નાગેન્દ્રની પેરે) ક્ષમા (પૃથ્વી) ને ધારણ કરતા નાગેંદ્રની જેવા શોભે છે.

૫ અધ્યાતમરૂપી કૈલાશગિરિના શૃંગે, વિવેકરૂપી વૃષભ ઉપર સ્થિત થયેલા, વિરતિ (નિવૃત્તિ) અને જ્ઞાતિ (જ્ઞાન-શકિત) યુકત મુનિ ગંગા અને ગૌરી યુકત શિવ શંકરની જેવા શોભે છે.

૬ જ્ઞાન અને દર્શન વડે નરકને છેદ કરનારા અને સુખ-સાગરમાં મગ્ન રહેનારા યોગી પુરૂષને સૂર્ય અને ચંદ્રરૂપી નેત્રવાળા હરિથી શું ન્યુનતા છે ?

૭ પુદ્‌ગલિક વસ્તુવાળી બાહ્ય સૃષ્ટિને કરનારા બ્રહ્મા કરતાં, અપૌદ્‌ગલિક-સહજ આત્મિક ગુણમય અંતર સૃષ્ટિ કરનારા મુનિ કેટલા ચડીયાતા છે ?

૮ સિદ્ધયોગી સમર્થ પુરૂષને રત્ન ત્રયીવડે (ગંગા) વહેતી ગંગાની જેવી નિર્મળ એવી શ્રી અર્હત્-પદવી પામવી પણ દુર્લભ નથી, કિંતુ સુલભ છે.

## કર્મ વિપાક-ધ્યાનાષ્ટક (૨૧)

૧ શુભાશુભ કર્મના વિપાક(ફળ) ને ભોગવનાર સર્વ પ્રાણી વર્ગને પરાધીન સમજ-નારા મુનિ દુઃખથી દીન કે સુખથી વિસ્મિત બનતા નથી. સુખ દુઃખ સમયે સમભાવે વર્તે છે. લગારે આકુળવ્યાકુળ થતા નથી

૨ જેની આંખ ફરતાજ પર્વતોના પણ ચૂરા થઇ જતા તેવા ભૂપોને ભાગ્ય ફરે છતે ભિક્ષા સરખી પણ મળતી નથી, એવી કર્મની ગતિ વિચિત્ર છે.

૩ શુભ કર્મનો ઉદય થયે છતે, જાતી અને બુદ્ધિ વિનાનો એક રંક-દળિદ્રિ પણ અખંડ સામ્રાજ્યવાળો રાજા બની બેસે છે, એવો કર્મનો પ્રભાવ ગહન છે.

૪ કર્મની રચના ઉંટના ભરડાની જેવી વાંકી છે એવું સમજનાર યોગી પુરૂષને જાતિ બુદ્ધિ વગેરે વૈભવની વિચિત્રતા જોઇને શો વિસ્મય થાય ?

૫ ઉપશમ શ્રેણી ઉપર ચડેલા એવા શ્રુત કેવળી પણ દુષ્ટ કર્મના યોગે પ્રમાદથી પતિત થઇ અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણ કરે છે. એ સર્વ કર્મનો પ્રભાવ સમજવો.

૬ કર્મક્ષય કરવાની સર્વ સામગ્રી કર્મનો ક્ષય થતાં પહેલાંજ થાકી ગયેલી હોય તેવી થઇ જાય છે અને કર્મનો વિપાકતો તે પોતાનું કંઇ પુરૂં થતાં સુધી પ્રાણીઓને અનુસરે છે. તાત્પર્ય કે કર્મનો ક્ષય કરવા ઇચ્છનાર સાધક થાકી જાય છે પણ કર્મ થાકી જતું નથી.

૭ કર્મ વિપાક બહુ ભવિજીવને જોતાં જોતાંમાં ધર્મ રહિત કરે છે અને અલ્પ-ભવી સાધુના પણ છીદ્ર જોઇ તેને છળી ખુશ ખુશ થાય છે, તે કોઇની પણ શરમ રાખતો નથી.

૮ કર્મના વિપાકને વિવેકથી વિચારનાર જે મુનિ સમતા ધારે છે તેજ મુનિ ભ્રમરની પેરે જ્ઞાનામૃતનો સ્વાદ લઇ શકે છે.

## ભવ-ઉદ્વેગાષ્ટક (૨૨)

૧ આ અથાગ સંસાર સમુદ્ર ગાઢ અજ્ઞાનથી વ્યાપ્ત અને મહા દુખ સમુહથી વિષમછે.

૨ ચિત્તમાં સંકલ્પ-વિકલ્પની પરંપરા વધારનારા અને તૃષ્ણારૂપી તોફાની પવનથી ભરેલા (ક્રોધાદીક) કષાય રૂપી ચાર પાતાલ કલશા જેમાં રહેલા છે.

૩ સ્નેહરૂપી ઇંધનથી પુષ્ટિ પામતો કામ રૂપી વડવાનળ જેમાં સળગી રહ્યો છે (અને) તથા રોગ શોકાદી રૂપ મચ્છ કચ્છ્યાદીથી જે સંકીર્ણ થયેલો છે.

૪ જેમાં દુર્બુદ્ધિ, મત્સર અને દ્રોહ રૂપી વીજળી દુર્વાત અને ગર્જારવ વડે જળ પ્રવાસીયોને મોટો ઉત્પાત થાય છે.

૫ તેવા ભયંકર ભવ સમુદ્રથી નિત્ય ઉદ્વેગ પામેલા જ્ઞાની પુરૂષો તેનો પાર પામવાને અનુકુળ સાધનને સર્વથા આદરે છે-આદરવા ઢીલ કરતા નથી.

૬ જેમ તેલથી સંપૂર્ણ ભરેલા પાત્રને ધારણ કરનાર તથા રાધાવેધને સાધનાર એક ચીતથી ઉપયોગ રાખી સ્વ સ્વ કાર્ય સાધે છે તેમ ભવભીરૂ મુનિ પણ સંયમને એક ચિત્તથી આરાધવા ઉજમાળ રહે છે. જરાપણ ગફલત કરતા નથી.

૭ ઝેરનું ઔષધ ઝેરજ છે અને અગ્નિનું ઔષધ અગ્નિજ છે એ વાત સત્ય છે કેમ કે ભવ ભીરૂ મુનિઓ પરિષહ કે ઉપસર્ગના ભયથી જરા પણ ડરતા નથી.

૮ ભવ ભયથીજ મુનિજનો વ્યવહારમાં સ્થિરતા ભજે છે પરંતું સહજ સમાધી પ્રાપ્ત થયે છતે તે ભવભય પણ અંદર સમાય જાય છે. (પછી તેમને ભવભય રાખવાની) શાંત થઇ જાય છે.

## લોક સંજ્ઞા ત્યાગાષ્ટક (૨૩)

૧ ભયંકર પર્વત જેવા ભવને ઉલ્લંઘન કરાવનારા પ્રમત્તનામા છઠ્ઠા ગુણસ્થાને પામીને અલૌકિક સ્થિતિને ભજનારા મુનિ, લોક પ્રવાહમાં તણાય નહિં-કેવળ લોક રંજનાર્થે ધર્મ કરણી કરે નહિં.

૨ જેમ મુર્ખ માણસ બોર જેવી નજીવી વસ્તુ માટે ચિંતામણી રત્ન આપી દે છે તેમ મૂઢ આત્મા લોકરંજનાર્થે ઉત્તમ ધર્મ-રત્નને હારિ જાય છે.

૩ લોક સંજ્ઞારુપી મહાનદીના પ્રવાહમાં કોણ કોણ તણાતા નથી? તેના સામા પૂરે તો કેવળ રાજહંસ સમાન મહા મુનિજ ચાલે છે.

૪ જો બહુ લોકો કરે તેમજ કરવું યોગ્ય હોય તો તો મિથ્યાત્વનો કદાપિ અંત આવેજ નહિં. કેમકે બહુ લોકોને તો તેજ પ્રિય છે.

૫ કલ્યાણના અર્થી જીવો તો સર્વત્ર થોડાજ હોય છે. જેમ ઝવેરી લોકો થોડા હોય છે તેમ આત્મ સાધન કરનારા પણ થોડાજ હોય છે.

૬ લોક સંજ્ઞાથી હણાયેલા લોકો વાંકા વળીને ચાલતા છતાં પોતાના સત્ય ધર્મ રૂપી અંગમાં થયેલા મર્મધાતની મહા વેદનાને સૂચવે છે.

૭ આત્મા સાક્ષિક સદ્ધર્મ કરણીથી કલ્યાણ સિદ્ધિ થાય છે તો તેનો લોકમાં દેખાડો કરવાથી શું ફાયદો? આ બાબતમાં પ્રસન્નચંદ્ર ઋષિ અને ભરત મહારાજનાં દૃષ્ટાંત લેવા યોગ્ય છે.

૮ લોક સંજ્ઞા રહિત સાધુ, દ્રોહ, મમતા અને મત્સર સંબંધી તાપને ટાળી શુદ્ધ સમાધિ સુખમાં મગ્ન રહે છે. પણ દુષ્ટ લોક સંજ્ઞાથી તો સાધુ પણ સમાધિ ભ્રષ્ટ થાય છે.

## શાસ્ત્ર અષ્ટક (૨૪)

૧ ચર્મ ચક્ષુવાળા સર્વે છે, દેવતાને અવધિ (જ્ઞાન) ચક્ષુ છે સિદ્ધ ભગવાનને સર્વત. સંપુર્ણ ચક્ષુ છે અને સાધુઓને શાસ્ત્રરૂપી ચક્ષુ હોય છે.

૨ જ્ઞાની પુરૂષો શાસ્ત્રચક્ષુવડે ત્રિલોક વર્તી સર્વ પદાર્થને પ્રત્યક્ષની જેવા દેખે છે.

૩ મોક્ષ માર્ગને બતાવનાર અને દુર્ગતિથી બચાવનાર હોય તેને જ્ઞાની પુરૂષો શાસ્ત્ર કહે છે. તે તો વીતરાગનાં વચનરૂપજ હોઇ શકે બીજાનાં કપોલ કલ્પિત વચનને શાસ્ત્ર કહી શકાય નહિ. કેમકે તેમાં ઉકત લક્ષણ હોઇ શકતું નથી.

૪ એ માટે સત્ય શાસ્ત્રને આગળ કર્યે છતે વિતરાગનેજ આગળ કર્યા સમજવા. અને એમ વિતરાગને આગળ કર્યે છતે નિશ્ચે સર્વે સિદ્ધિ થવાની.

૫ શાસ્ત્ર-દીપક વિના અજાણ્યા વિષયમાં દોડી જતા જડ લોકો પગલે પગલે સ્ખલના પામતાં છતાં પરમ ખેદને પામે છે.

૬ શાસ્ત્ર અજ્ઞાન રહિત ઉત્કૃષ્ટ ભિક્ષા પણ હિતકારી નથી. એ તો અલ્પ દોષ ટાળવા માટે મહાદોષને સેવનારની જેવુંજ થયું.

૭ મહાજ્ઞાની કહે છે કે શાસ્ત્ર એ અજ્ઞાનને નિર્મુળ કરનાર, અપુર્વ સાધન છે. સ્વછંદતાને શમાવવા સમર્થ ઉપાય છે અને ધર્મ આરામને નવ પલ્લવ કરવા અમૃતની નિક સમાન છે.

૮ શાસ્ત્ર મુજબ આચારને પાળવાવાળા, શાસ્ત્ર રહસ્યને જાણવાવાળા, શાસ્ત્ર રહસ્ય યોગ્ય જીવોને બતાવવાવાળા, અને કેવળ શાસ્ત્ર ઉપરજ દૃષ્ટિ રાખનારા એવા મહા યોગી પુરૂષોજ પરમ પદને પામી શકે છે, પરમ પદના અધિકારી હોય શકે છે.

## ગ્રહસ્થ ધર્મ અને નીતિ પૂર્વક જીવન.

### યોગ શાસ્ત્ર—અનુસંધાન પૃષ્ટ ૧૧૧

૧૫ **નિરંતર ધર્મ સાંભળવા જવું:**—નિરંતર ધર્મ સ્મરણ કરવો તેથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય છે.

૧૬ **અજીર્ણ થયું હોય તો ભોજન ન કરવું:**—અજીર્ણ થતાં ભોજનોનો ત્યાગ કરવો કેમકે તેથી રોગ વિશેષ વૃદ્ધિ પામે છે. મળ તથા વાયુનો ખરાબ ગંધ, વિષ્ટા થોડી થોડી આવે, શરીર ભારે જણાય, અરૂચી થાય, અને ખરાબ ઓડકાર આવે આ છ અજીર્ણના લક્ષણ છે.

૧૭ **વખતસર શાંત ભાવે ભોજન કરવું:**—ભોજનના અવસરે પ્રમાણોપિત જમવું. તેમ થતા અગ્નિ મંદતા વિરેચન વમન અને મરણાંત રોગો ઉત્પન્ન થાય છે.

૧૮ **અન્યો અન્ય ધર્મ, અર્થ અને કામને બાધ ન આવે તેવી રીતે તે ત્રણે વર્ગનું સાધન કરવું:**—અન્યોન્ય બાધ ન આવે તેમ ધર્મ અર્થ અને કામનું સેવન કરવું. એટલા કામના સેવનમાં ધન તથા ધર્મની હાની છે, પહેલું ધન મેલવનારને તે ધનનો ભોકતા કોઇ થાય છે અને પાપ પોતે બાંધે છે એટલા ધર્મને સેવનારનો ગૃહસ્થાશ્રમ ચાલી શકતો **નથી** માટે અન્યોન્ય બાધ ન પહોંચે તેમ ત્રણે વર્ગનું સેવન કરવું.

૧૯ **અતિથિ સાધુ અને દીન માણસની યથાયોગ (યોગ્યતાનું સાર) ભકિત કરવી:**—નિરંતર જેની ધર્મ પ્રવૃતિમાં મરજી છે તે અતિથી; ઉત્તમ આચારમાં અસકતા તે સાધુ, અને દીન શકિત વિનાના; તેમની યથાયોગ્ય લાયકાત પ્રમાણે ભકિત કરવી જેવી રીતે સાધુઓની ભકિત કરવાથી નયસારનો જીવ દેવના ગતિને પામ્યો હતો (જુઓ મહાવીર ચરિત્ર;—)

૨૦ **નિરંતર ખોટો કદાગ્રહ ન રાખવો;**—ખોટો જાણી બીજાને કદાગ્રહ ન કરવો.

૨૧ **ગુણવાન પુરૂષોના ગુણને વિષેપક્ષપાત કરવો;**—સૌજન્ય, ઔદાર્ય દાક્ષિણ્યતા આદિ ગુણવાન જીવોનો પક્ષપાત કરવો એટલે તેમનું બહુમાન, સહાયકરણ, અનુકુલાચરણ વિગેરે કરવું. ગુણવાનના ગુણ પક્ષપાતથી પોતે ગુણવાન બને છે.

૨૨ **નિષેધ કરેલા દેશમાં કે નિષેધ કરેલા કાળમાં ગમન ન કરવું;**—અનાર્ય પ્રમુખ પ્રતિષેધવાળા દેશકાળમાં ચાલનાર અનેક પ્રકારની આફતમાં તથા ધર્મ હાનિમાં આવી પડે છે.

૨૩ **પોતાની શકિત કે નિબળતાનો જાણનાર થવું;**—દ્રવ્ય, ક્ષેત્ર, બળ અને ભાવથી પોતાની શકિત જાણીને કોઇ પણ કાર્યનો પ્રારંભ યા ત્યાગ કરવો તેમ કરતાં તેનો પ્રારંભ સફળ થાય છે નહિતર તેનું પરીણામ દુઃખદ આવે છે.

૨૪ **વ્રતમાં રહેલાં જ્ઞાનથી કે ઉમરથી વૃદ્ધ માણસોનું યોગ્યતાનુસાર પૂજન કરનાર થવું:**—જ્ઞાનાચારના પરિહાર અને સમ્યગ્ આચારમાં રહેલા વ્રતધારી મનુષ્યો તથા હેય, ઉપાદેય વસ્તુના નિશ્ચયમાં જ્ઞાનવૃદ્ધ તેમનું પૂજન કરવું, બોલાવવા, આસન આપવું તથા અભ્યુત્થાન કરવું. આવા જ્ઞાની પુરૂષો કલ્પવૃક્ષની માફક સદુપદેશ આપવા રૂપ તત્કાળ ફળ આપનાર થાય છે.

૨૫ **પોષણ કરવા કરવાપોતાના પરિવારનું પાષણ કરવું:**—અવસ્ય પોષવા લાયક માતા, પિતા, સ્ત્રી, પુત્રાદિનું પોષણ કરવું.

૨૬ **દીર્ઘ દ્રષ્ટિવાન થવું:**—કોઇ પણ કાર્યનો પ્રારંભ કરતાં પૂર્વાપર અર્થ અનર્થ સંબંધી વિચાર કરવો. દીર્ઘદર્શી વિચાર કર્યા સિવાય કાર્ય કરનાર કોઇ વખત મોટી આફતમાં આવી પડે છે.

૨૭ **ગુણ અવગુણનો ભેદ જાણવો:**—વસ્તુ-અવસ્તુ, કૃત્ય-અકૃત્ય, સ્વ-પર, ઇત્યાદિના અંતરને જાણનાર વિશેષજ્ઞ કહેવાય છે, અવિશેષજ્ઞ પુરૂષમાં પશુથી કાંઇ અધિકતા નથી.

૨૮ **કરેલા ગુણના જાણકાર થવું;**—અન્યના કરેલા ઉપકારને જાણવો જોઇએ. ગરજ સરી ને વૈદ્ય વેરી એમ કરનાર માણસ ઉત્તમ લાભ મેળવી શકતો નથી

૨૯ **લોકમાં વલ્લભ થવું**—વિનયાદિ ગુણોએ કરી લોકોને વલ્લભ થવાય છે. જે લોક-વલ્લભ નથી તે પોતાના ધર્માનુષ્ઠાનને પણ દુષિત કરે છે એટલુંજ નહિ પણ બીજાના બોધી બીજનો પણ નાશ કરે છે.

૩૦ **લજ્જાવાન થવું**—લજ્જાવાન માણસ પ્રાણનો ત્યાગ કરે પણ પોતાની પ્રતિજ્ઞા ખંડન ન કરે.

૩૧ **દયાવાન થવું:**—દુઃખી જંતુઓનું દુઃખથી રક્ષણ કરનાર માણસ દયાવાન કહેવાય છે, દયા ધર્મનું મુળ છે.

૩૨ **સૌમ્ય (શાંત) પ્રકૃતિવાળા થવું**—સૌમ્ય-અક્રુર આકાર રાખવો ક્રુર સ્વભાવવાળા જીવો લોકોને ઉદ્વેગનું કારણ થાય છે.

૩૩ **પરોપકાર કરવામાં તત્પર થવું;**—પારકાને ઉપકાર થાય તેવી કાળજી રાખવી પારકાનું ભલું કરવું તેજ જીંદગીનું ખરું સાર્થક છે.

૩૪ **અંતરંગ છ શત્રુઓને પરિહાર કરવામાં પ્રયત્નવાન થવું;**—કામ. ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ અંતરંગ શત્રુઓને દુર કરવામાં તત્પર થવું.

૩૫ ઇંદ્રિયોના સમૂહને વશ કરનાર થવું:--ઇંદ્રિયોના સમુદાયને વશ કરનાર થવું આ ઇંદ્રિય વિજય ગૃહસ્થ ધર્મને લાયક સમજવો સર્વથા વિજય તો સાધુ ધર્મને યોગ્ય છે.

ઉપર પ્રમાણે વર્તન કરનાર, ગુણ ધારણ કરનાર મનુષ્યો ગૃહસ્થ ધર્મને લાયક થાય છે.


## જાહેર ખબર આપનારાઓને ઉત્તમ તક.

### બ્લોટીંગ પેડ ન. ૨૫૦૦.

**બ્લોટીંગ પેડ**—માં સને ૧૯૧૨ નું કેલેન્ડર, સં. ૧૯૬૮ નું જૈન પંચાંગ, દિવસ રાત્રીના ચોઘડીયા, છાપવામા આવશે. બ્લોટીંગના આઠ પાના અગર વિશેષ જાહેર. ખબર મળશે તો વિશેષ પાના થશે. ટાઇટલ ત્રણ રંગથી કરવામાં આવશે. પુઠું પાકુ કરવામાં આવશે.

**બ્લોટીંગ પેડ**—સને ૧૯૧૧ ના પ્રથમ કાચા બાઈન્ડીંગના થયા હતા પણ પાછળથી પાકા બાઇન્ડીંના થયા હતા તેવાજ તૈયાર કરાવવામાં આવશે.

**જાહેર ખબર**—બ્લોટીંગ ઉપર અગર બ્લોટીંગ આગળ ચીકણા કાગળ ઉપર લેવામાં આવશે.

ભાવ નીચે મુજબ.

રૂા. ૧૫ એક પેઇજના. રૂા. ૮ અડધા પેઈજના. રૂા. ૫ પા પેઇજના. ચાર લાઇનના રૂા. ૩ (પાઇકા ટાઇપ.)

**છેલ્લા ટાઇટલ**—ઉપર એક પેઇજના રૂા. ૨૫ અડધા પેઇજના રૂા. ૧૫ આર્ટ પેપર ઉપર લાલશાહીથી છપાવવામાં આવશે.

**અંદરના બન્ને ટાઇટલ**—ઉપર એક પેઇજના રૂા. ૨૦ અડધા પેઇજના રૂા. ૧૨ બ્લ્યુ અગર બ્લેક શાહીથી છાપવામાં આવશે.

**વહેલો તે પહેલો લખો યા મળો.**

ઠે. શેઠ ભગવાનજી કામદારનો માળો. ગુલાલવાડી નં. ૧૫૮ મુંબઇ.

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**
પ્રોપ્રાયટર. ટયુટોરીયલ.—કલાસીઝ.

## THE SECOND JAIN STUDENTS' SOCIAL GATHERING.

2.

### REPORT READ BY MR. U. D. BARODIA. B. A.

Worthy President, Brothers and worthy guests,

I have been entrusted with the duty of laying before you the report of the Jain Students' brotherhood, the statement of accounts of the 1st Jain Students' Social Gathering and the preliminary affairs that led to this meeting owing to the absence of Mr. Mohanlal D. Desai the General Secretary. After having discharged this function I will of my own accord add my own thoughts and a few practical suggestions in conection with the maintenance and permanence of these both useful and important institutions.

You are fully aware, I hope, that the Jain Students' Brotherhood was founded last year at the 1st Jain Students' Social Gathering and for the same Mr. M. D. Desai was appointed Provisional Secretary. The Secretary commenced his work by asking the students of all the three Sects to elect four members from each for the Managing Committee and this was immediately executed. Then Mr. Desai called two or three meetings of the same M. C. during which the rules and the constitution for it were framed and settled. Afterwards he requested a large number of Jain Graduates and others to prepare papers and essays on various Jain themes but only two came forward with their papers which were read in 2nd term of the last year in the Hall of Mangrol Jain Sabha. One of these was on ' Occult Biology' read by myself and the other on 'The Life of Shri Yashovijayji' read by Mr. Desai M. D. Both of these occasions were presided over by Mr. M. G. Kapadia Solicitor who adorns the presidential chiar to-day. These papers and the rules of the constitution require to be printed but for the want of funds, their printing has been delayed. Having had no funds and a new track to be laid

without experience, slowness of the students in becoming members, the very slight co-operation of brother graduates, the brotherhood had been unable to do more than this, though Mr. Desai was all active and very sanguine about its full establishment. As to how to remedy these defects, I will speak later on and I hope, next year we will be able to show better and brighter results if my suggestions are followed:—

The amount of Rs. 5 was the only expense of the Brotherhood last year in holding the above—mentioned two public meetings and this sum was received from the funds of 1st S. G.

Mr. Kapadia C. M. the treasurer of the 1st Social Gathering has asked me to inform you that Mr. Makanji J. Mehta has duly audited the accounts of that Gathering and that the Balance Sheet is as follows:—

Total income from all sources—subscriptions of Students and donations from our rich people and graduates &c was Rs. 678--15-0 and the total expenditure was 673—13--3 leaving a balance of only Rs. 5--1--9 which has been carried over to the account of this year's gathering. Here it should not be forgotten to mention that about Rs. 75 subscribed by various gentlemen were not collected as the students could not spare sufficient time to do so. There are many other things curtains &c worth about Rs. 40 still in my possession and these are and will be utilised for similar succeding gatherings.

From this account some of you might be thinking that exceedingly large sums of money, were lavishly spent in external show last year but looking to the grand dinner, theatricals in full dress, erection of Mandap, Magic Performances, prizes for outdoor games and want of experience to guide us and taking into consideration the splendid success and a fund of activity and right thinking it had infused in the young

brains, at the same time, that sum, I sincerely believe was not only not misspent but utilised for the most suggestive work of the progress of the Jains and that year by year as experience shall teach us, money will be spent very sparingly and that too, for real incentives to our advancement. The same lessons of economy have been followed, you will be glad to hear, this year.

Now I will summarily describe the events relating to the commencement of the work of this gathering. Mr. Desai on the eve of his leaving Bombay, about a month back, handed over to me his record and entrusted me with the work of holding, if possible, the 2nd Social Gathering which a meeting of the M. C. of the Students' Brotherhood had resolved to hold. I called another meeting of the M. C. for the purpose but there being no quorum it was postponed. The postponed meeting was again called and in it was resolved that the Students' Brotherhood is not in a position to hold the 2nd Jain Students S. G. this year. I then, as Superintendent called a meeting of the Students of the G. M. Jain Hostel and in it I asked and pressed them not to miss this year and let this new and important institution die. My appeal was heard, the students were again inspired and they unanimously decided to hold it at any cost. They selected six representatives from amongst themselves and asked the students of the other Boardings to do the same. This was readily done and the preparations commenced in all healthy spirit. Last year, the Digamber Students took no part whatsoever in the 1st Gathering until the last day. But they, then, weighed and realised the splendid results and advantages accruing from such gatherings and joined us soon after it, sending their four members for the M. C. of the Brotherhood. They, even, consented to hold it this year, in these premises where we have the honour to ongregate to-day, even though much of the burden of work

was to fall upon their shoulders. This is certainly an event mostsatisfactory and delighting that this year we all meet on a common platform for common interests and it reflects a sense and feelings of unity that are being widely spread among the enlightened members of the community. In general management too, as far as I am told the work has proceeded very smoothly and with alacrity and joy. My friend Mr. Aukle has already depicted to you, aims and objects of such gatherings and so it is not necessary for me of dwell upon them at length.

It is indeed a matter of great pleasure to see that though our sub-sects are spending thousands of rupees in litigations against one another and though there are many differences of opinion regarding the union of the three sects into one whole community, yet a train of thoughts is at present being entertained in the young brains that at a time when throughout whole India, a cry for union is passing over at least in matters social and political and in religion (only where we can join hands without any difficulties) all the members of our sub-sects should mix freely with another and interchange their ideas with toleration and it is with the objects of encouraging and spreading these ideas of unity and co-operation that still gatherings are held. We know that we are sometimes misunderstood by a few of our rich brothren, still however, we hope our efforts are and will be fully directed to expound and carry out these noble objects to the utmost of our abilities and from the experince of last two years and in the fact of receiving munificent donations and co-operation on the part of the rich and the brother-graduates to such gatherings, we can fairly and unquestionably believe that there will be no hindrances to holding such popular and useful gatherings every year in future, provided our students do not shake their responsibilities which, I am fully conscious, they have high notions about; but now a question arises about what steps be taken to make the Jain

Student's brotherhood a permanent body. As for my opinion our last year's difficulties distinctly prove that we are still not ripe for the Students' brotherhood. I look upon it, at present, though its constitution has already been drawn up, an unapproachable goal, a star which can be aimed at but never shot. Only two papers were read during the whole year. There are no funds for carrying out the immense programme of the Brotherhood, and no students have enlisted themselves as members and no subscription is collected. I, therefore, suggest that its name be changed to Jain Students' Union in order to bring our goal within our reach and to so modify the present constitution as to suit our limited objects. This Union should hold fortnightly meetings in any one or other of our Jain Boardings to discuss various Jain topics and the students be asked to be its members by only subscribing a small sum of 4 or 8 annas a term.

In such meetings, I hope many students, even graduates will deliver lectures and hold discussions or conversational Meetings. And to help the Students' world, I am inclined to to fill up the gaps whenever asked for as long as I live in Bombay. At least for some years to come, the Students should themselves hold such gatherings and appoint each year a new Managing Committee for the Students' Union. Every existing Managing Committee should be considered as dissolved at the time of such gatherings at which its report of the whole year's work should be read. Each M. C. should, I think, consist of 4 members from each sect, 2 out of which should be graduates and 2 non-graduates and a regular record be kept. If we do only this sort of work for a year or two or more, at present, a time is sure to come when we will be able to expand it at into a Brotherhood to include various departments of the spread of Education in our community. It is no use undertaking high ideals of the Bombay Students, Brotherhood, at a time when our community possesses only a

very small number of really educated men, and when the spread of Education is so slowly progressing.

These are only suggestions which my experience of the Students' world dictates and I request you all to cooly think over them and to pass resolutions embodying them if found practical as well as satisfactory and to announce members for the M. C. of the next year's Jain Students' Union.

Let our Motto be 'Be practical.' After expressing my hearty congratulations to the Jain Students at their union and a fervent desire that these gatherings be held every year with ever-increasing enthusiasm and that the Brotherhood to be continued by them under another name to-day, be supported by the Students themselves not only by money, but attendance, participation of work and personal interest in word, body and mind, I beg to resume my seat.

# ગ્રેજ્યુએટસ એસોસીએશન

## ગતવર્ષોના મેંબરો તરફથી આવેલ લવાજમ.

રૂ. ૮.

| | |
|---|---|
| રા. રા. મણીલાલ ભગુભાઇ. | અમદાવાદ. |
| ,, મણીલાલ લાલભાઇ. | ,, |
| ,, સાંકળચંદ નારણજી | અમદાવાદ. |
| ,, મણીલાલ બાલાભાઇ. | વડોદરા. |
| ,, મગનલાલ પરસોતમ બદામી. | સુરત. |
| ,, બાલાભાઇ મગનલાલ. | વડોદરા. |
| ,, ડાયાભાઇ રતનચંદ. | ખેડા. |
| ,, જગજીવન મુલજી બનાંઆ. | જામનગર. |
| ,, કોચર માણેકલાલજી | હુશંગાબાદ. |
| ,, સુરચંદ પુરૂસોત્તમ બદામી. | ગોધરા. |
| ,, વાડીલાલ તારાચંદ | સુરત. |
| ,, બાલાભાઇ ગુલાબચંદ. | ગોંડલ. |
| ,, મોદી નેમીચંદજી. | ઇંદોર. |
| ,, જગાભાઇ લાલભાઇ. | અમદાવાદ |
| ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની | વરસોડા. |
| ,, ગુલાબચંદજી ઢઢ્ઢા. | જેપુર. |
| ,, મોતીલાલ ઉમાભાઇ | અમદાવાદ. |
| ,, નરોત્તમદાસ દેવચંદ | લીંબડી. |

રૂ. ૫

| | |
|---|---|
| ,, બાબુ અનંત પ્રસાદ. | લખનૌ. |

રૂ. ૨.

| | |
|---|---|
| રા. રા. મણીલાલ પદમશી. | |
| ,, ત્રીભોવનદાસ ઓધડ. | મુંબઇ. |

રૂ. ૩.

| | |
|---|---|
| મી. નાણાવટી. | લંડન. |

રૂ. ૪.

| | |
|---|---|
| રા.રા. ડાયાભાઇ પ્રેમચંદ. | ધંધુકા. |
| ,, બાબુ ભુરાલાલ હરાન | એજમેર. |
| ,, કેશવલાલ બાલાભાઇ. | ભરૂચ. |
| ,, સોમચંદ ભાઇલાલ. | ખેડા. |
| ,, નાથાલાલ છગનલાલ | ,, |
| ,, મોહનલાલ નાગજી ચીનાઇ. | ધોરાજી. |
| ,, કેશવલાલ હાકેમચંદ. | જોધપુર. |
| ,, નગીનદાસ સાંકળચંદ | ખેડા. |
| " નરોત્તમદાસ ભાનામલ. | ડીડવાન |
| ,, નથુભાઇ મોતીલાલ | અમરેલી. |
| ,, ગોકળચંદજી | લખનૌ. |
| ,, ઝવેરચંદ મગનલાલ. | વીરમગામ |
| ,, મહાનસીંગ બાબીઆ. | ઉદેપુર. |
| ,, ગીરધરલાલ રણછોડ. | ભરૂચ. |
| ,, ભાયચંદ તારાચંદ. | વઢવાણકેંપ |
| ,, મોહનલાલ દલીચંદ દેસાઇ | મુંબઇ |
| ,, ગોવીંદજી મુલજી મેપાણી | મુંબઇ |
| ,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. | મુંબઇ. |
| ,, પ્રભાશંકર લીલાધર. | પાટણ. |
| ,, રાજકુમારસીંહ સીતાબચંદજી | કલકત્તા. |
| ,, ગુલાબચંદ વાઘજી | વઢવાણ. |
| ,, મણીલાલ લલ્લુભાઇ. | વડોદરા. |
| ,, છોટાલાલ ત્રીકમલાલ. | વીરમગામ. |
| ,, રતનચંદ મુલચંદ | વિરમગામ. |
| ,, છોટાલાલ ગુલાબચંદ. | સુરત. |

એકંદર કુલ રૂ. ૨૫૬.

## હેરલ્ડ માસિકના ગ્રાહકોને નમ્ર સૂચના.

ચાલુ સાલનું લવાજમ રૂા. ૧-૪-૦ વસુલ કરવા, જુન માસનો અંક રૂા. ૧-૫-૦ના વી. પી. થી બહાર ગામના ગ્રાહકોને મોકલવામાં આવશે, તે સ્વીકારી લઇ આભારી કરશોજી.

મુંબઈનાં ગ્રાહકોએ મહેરબાની કરી કોન્ફરન્સ ઓફીસમાં લવાજમ પોતાના માણસ સાથે રૂા. ૧-૪-૦ મોકલી આપી પહોંચ મંગાવી લેવી, સરાફ બજારના ગૃહસ્થોને ઓફીસના પટાવાળા સાથે બીલ મોકલવામાં આવશે. માંડવી, કોટના ગ્રાહકો તરફથી જો આવતા માસ દરમ્યાન લવાજમ નહીં આવે તો જુલાઇ માસનો અંક વી. પી. થી મોકલવામાં આવશે.

લવાજમ વસુલ આવશે તેની પહોંચ ગૃહસ્થનું નામ, ગામ, રકમ તે પછીના અંકથી છાપવામાં આવશે. આગલી સાલનું લવાજમ જેમની પાસે બાકી હશે તેમને જેટલું બાકી સં. ૧૯૧૧ ની સાલ સુધીનુ નીકળશે તેટલાનું વી. પી. થશે.

લાલચંદ લક્ષ્મીચંદ શાહ.

## શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ ઓફીસનો.

### સંવત ૧૯૬૫-૬૬ની સાલનો રીપોર્ટ

સં. ૧૯૬૫-૬૬ની સાલનો કોન્ફરન્સ ઓફીસનો રીપોર્ટ લગભગ ૨૦ ફારમનો આ સાથે વહેંચવામાં આવેલ છે તે ઉપર ધ્યાન ખેંચવા વાંચકવૃંદને વિનંતિ છે.

## પુસ્તક પહોંચ.

| | |
|---|---|
| સુદર્શન શેઠ<br>સુકુમાળ ચરિત્ર | શ્રી દીગંબર જૈન માસિકના<br>અધિપતિ સાહેબ તરફથી. |

## તા૦ ૩૧-૧૨-૧૦ સુધીના લવાજમની પહોંચ.

### રૂપીઆ ૧-૪-૦.

શેઠ. સખારામ દુલભદાસ ધુલીઆ.
, નથુભાઇ સવજીભાઇ. ,,
, નાગજી મદનજી ધોરાજી.
, ચુનીલાલ ગોવીંદજી ધોલેરા બંદર.
, જીવરાજ પુંજાભાઇ ધ્રુમઠ.
, હજારીમલ ખુબચંદજી નરસીંગપુર.
, પ્રતાપચંદજી હરખચંદજી નવલગુંદ.
, નંદરાય ભગવાનરાય નાલેહા.
, મોતીજી દલાજી નાલાટવાડ.
, હીરાલાલજી મોતીલાળજી નાગપુર.
, જેઠમલજી રામકરણજી. ,,
, હીરાલાલજી મોતીલાલજી નીમચ.
, રામચંદ નાનચંદ નીંબગામ.
, ધોન્ડીરામ તુકારામ નીફાડ.
, મલસાજી બીરધીચંદજી નીસરપુર.
, કરમશી શવગણ પલાંસવા કચ્છ.
, લક્ષ્મીચંદજી ધીયા જાવદ પ્રતાબગઢ.
, ચુનીલાલજી કામદાર પ્રતાપગઢ.
, મુલ્લામલ હકમચંદ પાદ્રી.
, મોતીલાલ વીરચંદ સાડેસરા.
, પુનમચંદ કરમચંદ કાહેવલા
, નવલચંદ સફળચંદ પાલી.
, બાલાભાઇ ગટાભાઇ પાલણપુર.
, શ્રી જૈન વિદ્યોતેજક સભા.
, ધરમચંદજી ચેલજીભાઇ કોઠારી.
, વછરાજ રૂપચંદ પાચોરા.
, લલ્લુભાઇ કચરાભાઇ પાંચોર.
, અમૃતલાલ વનમાળીદાશ પાદરા.
, ચુનીલાલ શીવલાલ. ,
, મોહનલાલ હેમચંદ. ,
, જેચંદ મોરભાઈ પાલીઆદ.
, નેમીચંદ પુનમચંદ વીસર્વા.
, ઉમેદચંદ વાઘજી પાંથાવાડા.

શેઠ. મુલતાનચંદ મોધા બરેલી.
, હીરાચંદ દેવચંદ બુધ.
, માણેકચંદ ઉત્તમચંદ બુરાનપુર.
, ધુડાજી કૃષ્ણાજી બેલાસ.
, હંસાજી અમીચંદ ,
, કપુરજી શામનાજી. ,
, ધનાજી સામાજી. ,
, બી૦ એફ શાલમચંદ. ,
, કાલુશાય શ્રીમલ બાજીમગજ.
, જોઇતારામ સાકળચંદ બોરૂ.
, લલ્લુભાઇ ભાઇચંદ બોટાદ.
, અનુપચંદ મલુકચંદ ભરૂચ.
, ડાહ્યાભાઇ દલપતભાઇ. ,
, જુડાભાઇ સુંદરજી. ,
, પીતાંબરદાશ મુળચંદ મોટાભમોદ્રા.
, મુળચંદ મગનલાલ ભાંડુ.
, પ્રેમરાજજી ચોરડીયા ભાનપુરા.
, દીપચંદ ત્રીભોવનદાશ વકીલ ભાવનગર.
, નંદલાલ પરીખ ભીલસા.
, દીપચંદજી જીતાજી પરમાર ભીનમાળ.
, સંતોકચંદજી સખવલશજી ભોપાળ.
, હેમચંદ ફુલચંદ મહુવા.
, મલુકચંદ કસ્તુરચંદ મદ્રાસ.
, લલ્લુભાઇ ખીમચંદ મહુડી.
, મુળજીભાઇ ખીમચંદ મહુધા.
, લલ્લુભાઇ હરીચંદ મણુંદ.
, ત્રીભોવનદાશ મુળજી મજેવડી,
, વૃદ્ધિચંદજી અનરાજ મલકાપુર.
, છગનલાલ ઝવેરચંદ માંગરોળ.
, રીખવદાસ છગનલાલ કાવનાઇ.
, પુરૂષોત્તમ અમરશી કાલીકટ.
, ભગવાનજી મંછાજી કાડાપાહ.
, રામસુખ મંજીલાલ કાંકેર.

શેઠ મોતીરામજીસદારામજી પાટોદી.
, મગનલાલ લવજી પાણુશીણા.
, છગનલાલ ખીમચંદ પેટલાદ.
, મયાચંદ રવજી પેંદ.
, લલ્લુભાઇ જેચંદ કુરસીંજી.
, હરજીવન હાવા. ફેફાદ.
, અમૃતલાલ છગનલાલ બજાણા.
, જીવનભાઇ હાવાભાઇ બડેલી.
, ન્યાલચંદ કેશવદાશ બનકોડા.
, કોઠારી જેઠાલાલ વલમજી.
, જેચંદ ખુશાલ બાવલીઆળી,
, ઘોંડીરામ સવાઇરામ બારામતી.
, જીવણજી દેવાજી બારડોલી.
, હોંશીલાલજી પાનાચંદ બાલાપુર.
, ચુનીલાલજી સરાફ બીલાડા.
, ચાવબક્ષજી કોચર બીકાનેર.
, ભીખાભાઇ મોતીજી બીલીમોરા.
, ગીરધરલાલજી સુરાણા બીઆવર.
, કેશરીમલજી ગણેશ. ,
, ડોસાભાઇ રામજી બેલા. ,
, માણેકલાલ ઘેલાભાઇ. મુંબઇ
, ભોગીલાલ સાકળચંદ વોરા. '
, રાઇચંદભાઇ ખુશાલચંદ. '
, દલીચંદભાઈ મેંગજીભાઇ. '
, મોહનલાલ ખોડીદાશ. ,
, કસ્તુરચંદ નાનચંદ. '
, રતનજી વીરજીભાઇ ભાવનગર.
, ધરમચંદ મગનલાલ મુંબઇ.
, રતનચંદ ખીમચંદ મોતીચંદ. '
, કાનજીભાઇ કરમશી માસ્તર. '
, વેલશીભાઈ કાનજીભાઇ. '
, કેશવજી માણેકચંદ. '
, મોહનલાલ મગનલાલ. '
, વેરીદાશ કુહાજી. '
, મનસુખભાઇ ભગુભાઇ મુંબઇ.

શેઠ ગુલાબચંદજી ચોધરી કાનન.
, શ્રી જૈન મિત્ર મંડળ માંડવી.
, માણેકચંદ પાનાચંદ. '
, દેવચંદ મોરારજી માણાવદર.
, ભોગીલાલ મયાચંદ માંડવી.
, નાથાભાઇ વનમાલીદાશ. '
, લખમીચંદ અમરચંદભાઇ. '
, ડાહ્યાભાઇ ચતરાજીભાઇ. '
, ચુનીલાલ ગુલાબચંદ. '
, ધરમચંદ કેવળદાશ મીયાગામ કરજણ.
, ઠાકુરદાશ ભાભરા કાસુદ મુલતાન.
, જેસંગભાઇ વેલસીભાઇ મુળી.
, ઝવેરભાઇ શવચંદ મુજપુર.
, અમૃતલાલ ચુનીલાલ મુંબઇ.
, કરશનદાશ ગોવિંદજી મુંબઈ.
, લલુભાઇ કરમચંદ. '
, રેવાશંકર જગજીવન. '
, કુંદમલજી કપુરચંદજી. '
, કલ્યાણચંદ શોભાગ્યચંદ. '
, માણેકચંદ પાનાચંદ. '
, ડાહ્યાભાઇ પીતાંબરદાશ. '
, કેશવલાલ છોટાલાલ. '
, લલુભાઇ અમથાચંદ. '
, શ્રી આદેશ્વર મહારાજના દેરાશર-
ટેમ્પલ સભા. '
, દેવચંદ જેતસી. '
, નાનકચંદ જગરૂપજી '
' શ્રી કચ્છીવીશા ઓશવાળ દેરા વાશી-
, જૈન પાઠશાળા. રા૦ શેઠ નાનચંદ-
માણેકચંદ. '
, પારેખ ત્રીભોવનદાશ મલુકચંદ. '
, તુલશીદાશ મોહનજી કરાણી. '
, પોપટભાઇ અમરચંદ. '
, ડાહ્યાભાઇ શરૂપચંદ. '

**વિશેષ પહોંચ હવે પછીના અંકમાં આપવામાં આવશે**

Registered N. B. 525.

ॐ

# श्री जैन श्वेतांम्बर कोन्फरन्स हेरल्ड

પુસ્તક ૭ ] વીર સંવત્ ૨૪૩૭ જુન ૧૯૧૧ [ અંક ૬

પ્રગટ કર્ત્તા

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १-४-०

मुंबई.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| અમારે શું ? કહે સૌ એ વફાતું છે ! (હિદયચંદ ઝાલચંદ શાહ. મુંબઈ.) | ૧૬૧ |
| જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્દર્શન (રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી.) | ૧૬૩ |
| આપણી ઉંચ દશા પ્રાપ્ત કેમ થાય? (મુનિ મહારાજ દેવવિજયજી | ૧૭૦ |
| શ્રી જૈન ધાર્મિક હરિફાઈની પરીક્ષા. (શ્રી જૈન. શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.) .... .... .... .... .... | ૧૭૨ |
| સુખ કયાં છે. (મી. શિવલાલ લવજી.) .... .... .... | ૧૭૪ |
| ચેતનને ઉપદેશ, શાન્તિજીન સ્તુતિ (રા. રા. મણીલાલ કાળીદાશ.) | ૧૭૫–૧૭૬ |
| શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ..... .... .... .... .... .... | ૧૭૭–૧૮૦ |
| નિરાશ્રીત ખાતું, હેરલ્ડખાતું, હિસાબી રીપોર્ટ. .... .... | ૧૭૭ |
| પુસ્તકોદ્ધાર ખાતું. .... .... .... .... .... | ૧૭૮ |
| પરચુરણ કામકાજ. .... .... .... .... .... | ૧૮૦ |
| જીવદયા .... .... .... .... .... .... | ૧૮૧ |
| ઉઘરાણી, ધાર્મિક હિસાબ તપાસણી ખાતું, સુકૃત ભંડાર ફંડ .... | ૧૮૫ |
| ઉપદેશકના ભાષણોથી થયેલા ઠરાવ. .... .... .... | ૧૮૬ |
| મંદિરોદ્ધાર ખાતું, નિભાવ ફંડ ખાતું. .... .... .... | ૧૯૦ |
| એજ્યુકેશન બોર્ડ, ના. શહેનશાહનો જન્મ દિવસ તથા રાજ્યાભિષેકની ખુશાલી .... .... .... .... .... | ૧૯૧ |


## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ.

આ સાથે તા. ૩૧-૧૨-૧૦ સુધીના લવાજમની પહોંચ ગ્રાહકોની જાણને માટે છાપવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| શેઠ વીરજીભાઇ ત્રીલાભાઇ | મુરટાજાપુર | શ્રી જૈન ભારતભૂષણ સભા મંડળ | |
| ,, રાજમલ માનમલ | મંચર | શેઠ માણેકચંદ કપુરચંદ | મુંબઇ |
| શેઠ મલુકચંદ ખીમચંદ | મસુર | શેઠ મગનીરામજી ભભુતમલજી | રતલામ |
| ,, તલકચંદ ઉજમચંદ મેત્તા. | | ,, કમળશીભાઇ ગુલાબચંદ | રાધનપુર |
| ,, રાણશી દેવજી | મોટીખાખર | ,, જાદવજી વાલજીભાઇ | રાજકોટ |
| ,, અસલાજી બાલચંદ | યાદાગરી | ,, કેશવજી પદમશીભાઇ | ,, |
| ,, રતનલાલજી સુરાના | રતલામ | રાવસાહેબ હીરાલાલ જેઠાભાઇ | ,, |

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयन्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ જુન સને ૧૯૧૧. [અંક ૬.

## અમારે શું? કહે સૌ બેવફા તું છે!

### ગઝલ.

અરે મળશે ક્યારે મળશે, પ્યારી સુખકારી પ્રમદાએ;
કહે હે બંધુ? તું મારા, તે ક્યાં મને મલશે. અરે૰ ૧
ભોગી ભમરીને મલવાને ચિત્ત મારૂં બહુ તલસે;
હૃદય ફાટે જીવ ભટકે, ભાગ્ય શું મારૂં આ ફલશે; અરે૰ ૨
રમ્ય રસવેલી વાવેલી, શું યોવન ઋતે ફલશે;
જ્યારે એ મને મલશે, ત્યારે દુધ ખાંડ ભળશે; અરે૰ ૩
કાન્તવરણી એ મન હરણી, સદાએ સુખ દેનારી;
હવે નથી રહેવાતું વ્હાલી, ઝટપટ આવી મલ પ્યારી. અરે૰ ૪
વિના ત્હારા હૃદય રમણી, સૌ શૂન્ય ભાસે છે;
પળેપળ દુઃખી થાઉં છું, ક્યાં એ નહીં સુખ લાગે છે. અરે૰ ૫

હાય! મંગલ અને જંગલ, અરેરે થઇ રહયું દુશ્મન;
જીવ આ વ્હાલીવશ થાતાં, બધું આવી ગયું બસબસ, અરે૦ ૬
કલેજે પ્રેમ ઘા લાગ્યો, રિબાવે તે રહી રહીને;
બળતાં પ્રેમ પ્યારી નો, સજા પૂરી થઇ રહી છે. અરે૦ ૭
ચતુરા ચિત્ત ત્હારૂં એ, કર્યું શા માટે મુજથી છે;
ઠીક ચિંત્તા નહીં હૃદયે, અમારોએ સદા પ્રભુ છે. અરે૦ ૮
વિના સમજે વગર વાંકે, અરે શાન્તિ! કફા તું છે;
હવે હઠ જો તું નહીં છોડે, અમારે શું? કહે બેવફા તું છે, અરે૦૯*

ગીરગામ બૅકરોડ.
તા. ૨૦-૫-૧૧ } **ઉદયચંદ લાલચંદ શાહ.**

*શિવપુરના મહારાજા સિદ્ધસિંહે પોતાના પુત્ર ચૈતન્યને કલ્યાણપુરના ભૂપતિની કન્યા, નામે શાન્તી સાથે વરાવ્યો હતો. પરંતુ તેના ચાર મિત્રો (ચાર કષાયઃ ક્રોધ, માન, માયા અને લોભ)ના સહવાસને લીધે શાન્તીને ઘણું દુઃખ થયું, અને પોતે કયાંએ ગુમ થઇ ગઇ. તેના ગુમ થવાને લઈને ચૈતન્યને રમણીય મંદિરો પણ દાહક થઇ પડયાં. એટલે ચૈતન્ય એકાંત જંગલમાં કાંઇ સુખ મલશે એવી ધારણાએ ગયો. ત્યાં સરોવર તીરે આવેલા અશોક વૃક્ષની ઘટાટોપ વાલી છાયામાં બેઠો છે. પરંતુ અ શોકે શોક ઘટાડવાને બદલે અધિક શોક કરાવ્યો તે વખતે આ કવિતા ચૈતન્યે ગાઇ છે. એવી કલ્પના આમાં છે. વાંચો! વિચારો!! અને પોતાના આત્મા ઉપર લાગુ કરી જુઓ!!!

લેખક.

---

## જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્દર્શન અને તે સુધારવાના ઉપાયો.

**(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી.)**

(ગતાંક પૃ. ૧૩૯ થી ચાલુ.)

કોન્ફરન્સની યોગ્યાયોગ્યતાના સંબંધમાં સર્વ ચર્ચા ઉઠાવવાની જરૂર છે. દરેક વ્યકિત અગર અનેક વ્યકિતઓનુ બનેલું મંડળ-સભા-સંસ્થા ગમે તેવા બાહોશ સુકાનીના હાથ નીચે મુકવામાં આવ્યું હોય છતાં પણ કંઈ કંઇ ભુલને માત્ર રહે છે અને તેમાં પણ ખાસ કરીને લાંખો મનુષ્યોના પ્રતિ નિધિ પણાનો દાવો રજુ કરનારી સંસ્થાનો કાર્ય ક્રમ દરેક જણને માન્ય થઇ પડે તે માનવુંજ બેહુદુ છે. તેવી સંસ્થાસામે અનેક

મનુષ્યો સાચા અગર ખોટા આક્ષેપો મુકવા બ્હાર આવે છે. નજીવી ભુલોને મોટું રૂપ આપી કામનો વાઘ બનાવી રજનું ગજ કરી મુઠી તેઓ મિથ્યા આરોપો મુકવા તૈયાર થઇ જાય છે. અંધેરી હાર ચલી જેવા તારની માફક અલ્પ બુદ્ધિના મનુષ્યો પણ તેવા નિંદા ખોર મનુષ્યોના પક્ષમાં તાળી વડાવતડવા બકવા મંડી પડે છે. 'જાનમાં કોઇ જાણે નહી ને હું વરની ફુઇ, વાતમાં કોઇ પુછે નહી પણ દોડી દોડી મુઇ'; એ કહેવત અનુસાર કેટલાએક દોઢ ચતુર માણસો ઘમંડ રાખી કોન્ફરન્સ વિરૂદ્ધની અનેક વાતોને જુદુ સ્વરૂપ આપી પ્રકટ કરે છે. કેટલાએકો કોન્ફરન્સના હીમાયતીના લેબાશમાં ફરી, તેના હીતેચ્છુ તરીકેનો આડંબર રાખી મિત્રરૂપે દુસ્મનની ગરજ સારે છે.

રૂઢી પ્રાધાન્ય વિચારોની પ્રબળતા; ઉન્નતિકારક સાધનોનો નો કોમના લાભાર્થે ઉપયોગ કરવાની શકિત હીનતા; પ્રબળ વિચાર સ્વાતંત્ર્યનો અભાવ વગેરે અનેક પ્રતિકુળ સંયોગો વચ્ચે આગળ વધતી કોમમાં કોન્ફરન્સ જેવી સંસ્થાને અનેક વિઘ્નો નડવાનો ભય રહે છે. કોન્ફરન્સના કાર્યમાં આગળ પડતો ભાગ લેનારા કોઇ કોઇ આગેવાનોના મનની નબળાઇ બતાવનારા યતકિંચિત્ અયોગ્ય કૃત્યોને આગળ ધરી સમસ્ત મંડળને જૈન સમાજની નજરમાં ઉતારી પાડવાની પેરવી કરવામાં આવે છે. નજીવા મારામારીના અગર બોલાચાલીના કેસમાં કોઇ તુંડમીજાજી ન્યાયાધીશ સ્હેજ લપડાક મારનાર ર્‌હોમદારને ફાસીને લાકડે લટકાવવાનો હુકમ કરે તેના કરતા પણ કોઇ જોખમદાર અગર બીન જોખમદાર વ્યકિતની સામાન્ય ભુલને માટે આખા મંડળને હલકું પાડવાની તજવીજ કરે તે વધારે ધિક્કારને પાત્ર ગણાવું જોઇએ. કેટલીએક વખત આપણે એવા સંયોગોમાં મુકાઇએ છીએ કે અમુક કાર્ય કરતી વખતે તેથી થતા લાભ અને હાનિની તુલના કરી કાર્યનો સ્વિકાર અગર અસ્વિકાર કરવા તરફ પ્રેરાઇએ છીએ અને તેથીજ જણાવવાની જરૂર જણાય છે કે કોન્ફરન્સ સંબંધી હીલચાલથી ખર્ચના બોજામાં ઉતરવું પડે છે, આગેવાનોને કવચિત્ પોતાના મતનો અસ્વિકાર થતાં કદાગ્રહ બુદ્ધિથી માન ભંગ થવાનો પ્રસંગ આવે છે, પોતાની લાંબા વખતથી જામેલી સત્તા ગુમાવી બેસવાનો ભય રહે છે, તેટલા ઉપરથીજ માત્ર તેથી થતા અનેક લાભો તરફ બેદરકાર રહી કોન્ફરન્સની હીલચાલને ટેકો આપવામાં પાછી પાની કરવામાં આવે તે કોઇ પણ સુજ્ઞવાંચક પસંદ કરશે નહી. કોન્ફરન્સથી થતા લાભોની ગણના કરવા બેસતાં પાનાના પાના ભરી શકાય તેટલું લેખકો લખી શકે તેમ છે તેથી તે વિષયમાં લંબાણ નહી કરતાં અત્ર એટલુંજ કહેવું પુરતું અને પ્રાસંગીક થઇ પડશે કે તેથી થતા લાભો તરફજ દ્રષ્ટિ બિન્દુ રાખી જુદા જુદા ધર્મની, પંથની, વર્ગની, જ્ઞાતિની અનેક કોન્ફરન્સો મળતી આજ કાલ સાંભળીએ છીએ. હજામ, મ્હાર, ઢેડ જેવી-છેલ્લી પંકિતની કોમો પણ કંઇ કંઇ સુધારા દાખલ કરવા કોન્ફરન્સના અગર મંડળોના રૂપમાં એકઠા થાય છે અને જુદી જુદી અનેક દિશામાં પ્રયાસ કરે છે. શું આપણી સામાજીક સ્થિતિ એટલી બધી સર્વોત્કૃષ્ટ દશાને પ્હોંચી છે કે સમાજ સુધારણા કરવાનો આપણી કોમમાં બીલકુલ અવકાશજ નથી? શું કોન્ફરન્સથી ભીન્ન એવું કોઇ સર્વ માન્ય તત્વ, એવી

કોઇ અસાધારણ સંસ્થા આપણામાં અસ્તિત્વ ધરાવે છે કે તેનાથી આપણે અન્ય ભાઇબંધ કોમોથી ખરા સુધારાની શરતમાં આગળ વધવાની વાત એક બાજુ ઉપર રાખીયે તો પણ તેમની સાથે રહેવાની, સાથે સાથે આગળ વધવાની, સહી સલામત રીતે આશા રાખી શકીએ? શું કોન્ફરન્સ હાલમાં પ્રવર્તતી એવી કોઇ સંસ્થાની આડે આવે છે કે તેથી આપણી કોમને પાછળ હઠવા સરખો અયોગ્ય કમનસીબ પ્રસંગ આવી પડે? શું કોન્ફરન્સ મોજમજાના કાર્યમાં; અગરતો એશારામમાં; ડોળદમામમાં અથવા ખોટી મોટાઇ મેળવવાની ખ્યાલી અભિલાષા તૃપ્ત કરનાર, ખાલી વાહ વાહ કહેવરાવનાર એક દીવસના ભોજન માત્રના કાર્યમાં તમારા લાખો રૂપૈયાનો ધુમાડો કરવાનુ કોઇ દીવસે પણ સૂચવે છે? શું કોન્ફરન્સ તમારા ગરીબ, નિરાધાર, અજ્ઞાન જૈન બંધુઓને તેમની લાચાર હૃદયની લાગણી ઉશ્કેરાવનારી સ્થિતિમાં સબડતા પડયા રહેવા દેવાનું તમને સ્વપ્નામાં પણ સૂચન કરે છે? શું કોન્ફરન્સ ધનાઢય આગેવાનોને, બુદ્ધિમાન અગ્રેસરોને, કોમના વિદ્વાન નેતાઓને સંયુકત પ્રયાસથી કોમની ઉન્નતિના કાર્યને હાથ ધરવાનો આગ્રહ કરી તેઓની લક્ષ્મીનો, બુદ્ધિનો, વિદ્યાનો સ્વધર્મી બંધુઓને લાભ આપવા માટે સુચવતી નથી? શું કોન્ફરન્સ સ્વદેશ પ્રેમી જનોને માટે દેશ હિતના ઉદાર પ્રયોગો અજમાવી જોવા માટે વિસ્તીર્ણ પ્રયોગ શાળા તૈયાર કરતી નથી? શું કોન્ફરન્સ લાયક આગેવાનોને આગળ કરી તેમને અસાધારણ બહુ માન અપાવવા તૈયાર રહેતી નથી? (અયોગ્ય રીતની માનની અભિલાષા રાખનારા માનભુખણદાસોને કદાચ સંતોશ આપી શકાય નહિ તો તે માટે કોઇને જવાબદાર ગણવા જોઇએ નહિ.) શું કોન્ફરન્સ જીર્ણ પુસ્તકોદ્ધાર, જીર્ણ ચૈત્યોદ્ધાર જેવા સુકિતદાયક કાર્યોને તથા નિરાશ્રીતોને આશ્રય અને ગરીબ બીચારા મુંગા પ્રાણીઓ માટે પાંજરાપોળો સ્થાપવા જેવા અનેક જીવદયાના કાર્યને આગળ ધરતી નથી? શું કોન્ફરન્સ સંસાર સુધારાનો ઝુંડો પુર બહારથી ફરકાવવા યોગ્ય પ્રયાસ કરતી નથી? આ બધા પ્રશ્નોના ઉત્તર પ્રત્યેક વિચારશીલ વ્યકિતને કોન્ફરન્સની હીલચાલને ઉદાર આશ્રય આપવા માટે પ્રેરતા હોય તો પછી કોન્ફરન્સને શામાટે મૃતપ્રાય થવા દેવી જોઇએ?

આપણી છેલી કોન્ફરન્સ પુનામાં મળ્યા પછી એવા અવનવા બનાવો બનવા પામ્યા છે કે કોમ પ્રત્યેની પોતાની ફરજ—જવાબદારી સમજનાર દરેક આગેવાન હવે કોન્ફરન્સ કયાં, કેવી રીતે મેળવવી તે બાબતના વિચારમાં પડેલ છે. આપણું કોન્ફરન્સ રૂપી નાવ બાહોશ સુકાનીઓના હાથમાં છતાં પણ તેમના કબજામાં રહી શકે નહિ તેવા સંજોગો ઉપસ્થિત થતાં એવા ચોમેર ખરાબાવાળી જમીન ઉપર ચઢી ગયું છે કે તેને સહીસલામત રીતે બ્હાર કાઢવું ઘણુંજ મુશ્કેલ જણાય છે. એકાદ બે માઠા બનાવોએ કેવળ કલેશમય કુસંપના બીજ એટલા બધા ઉંડા રોપ્યા છે કે ટુંક મુદતમાં જુદા જુદા પક્ષો વચ્ચે સંતોષકારક રીતે સમાધાન કરવામાં નહિ આવે તો ભવિષ્યમાં તે બીજ મોટા વૃક્ષરૂપે પરિણામી કોમની છિન્નભિન્ન સ્થિતિ કરી નાંખે તેવું ભવિષ્ય દરેક દીર્ઘદર્શી પુરૂષ પોતાની નજર સન્મુખ જુએ છે. અમુક વ્યકિતની દશા ડામાડોલ જણાતાં વીતે

દશાનો લાગ શોધતાં લાંબા વખતથી તેના સુઇ રહેલા શત્રુઓ પણ જાગૃત થાય છે અને તે વ્યક્તિની નબળી સ્થિતિનો લાભ લેઈ તેઓ તેને વધારે દુર્દશામાં ધકેલી પાડવા માટે પ્રયાસ કરવાનું ચુકતા નથી. આવીજ બારીક સ્થિતિ આપણી પરમ માનનીય કૉન્ફરન્સની અત્યારે થઇ પડી છે. તેની આર્થિક સ્થિતિ સુધારવા માટે બાહોશ અર્થ શાસ્ત્રીઓની જરૂર છે. તેને મરણ પથારીમાંથી ઉઠાડવાને માટે કોમની દાઝ દીલે ધરનારા પ્રવીણ વૈદ્ય ડાક્ટરોની જરૂર છે.

Either now or never એ નિયમ અનુસાર હાલ તુરતજ યુવાન વયે પ્હોંચતી કૉન્ફરન્સને કંઇક અંશે જણુ તી ભુલો સરખી તેની બાળ ચેષ્ટાથી મુક્ત કરી જનમન રંજનાર્થે તેની પ્રૌઢ દશાને શોભે તેવા વસ્ત્રાલંકારો-વિશાળ કાર્યક્રમથી સુશોભિત બનાવી લોક કલ્યાણાર્થે તેના હાથ વધારે મજબુત બનાવવાની જરૂર છે. હમણાજ જો પ્રયાસ કરવામાં નહિ આવે અને સુસ્તાઇમાં વખત નીર્ગમન કરી કૉન્ફરન્સને યમદ્વારે પ્હોંચાડવામાં આવશે તો હાલની પ્રજા ભવિષ્યની પ્રજાને એટલી બધી જવાબદાર રહેશે; તેની ફરજોમાં એટલી બધી પછાત પડેલી ગણાશે કે ભાવિ પ્રજા આપણી નીંદા કરવા પ્રેરાશે તો તેથી આપણે અજાયબ થઈશું નહિ.

કેટકેટલા દ્રવ્યના, શ્રમના, મ્હેનતના, વખતના ભોગે ઉછેરવામાં આવેલ કૉન્ફરન્સ રૂપી છોડને માત્ર પાણી પાવા રૂપ શ્રમથી કંટાળી જઇ આળસથી બળી જવાદેવામાં આવશે તો પછી ભવિષ્યની જૈન પ્રજા અન્ય પ્રજાથી બે ત્રણ દશકા પછાત રહેશે અને તેથી અસાધારણ શક્તિથી વીર્ય સ્ફુરણા કર્યા સિવાય પોતાની ગુમાવી બેઠેલ સરસાઇ પાછી મેળવી શકશે નહી. રાંડયા પછીનું ડહાપણ કંઇ કામ આવતું નથી. માત્ર શ્રેણીબદ્ધ પશ્ચાતાપના વિચારોમાં કાળ વ્યતીત કરવો પડે છે અને મૃત્યુ પર્યંત વૈધવ્યનું દુઃખ ભોગવવું પડે છે તેજ પ્રમાણે આ સમયે જો સાવચેતીના ઉપાયો કામે લગાડી કૉન્ફરન્સને મરણ શરણ થતી અટકાવવામાં નહી આવે તો પછી આખી કોમ અવનતિને રસ્તે ગબડી પડશે અને જૈન સમુદાયને અનેક ઉપાધિમય જીવન ગુજારવું પડશે.

ઉપરોક્ત સંયોગો વચ્ચે એજ પ્રશ્ન ઉપભવે છે કે હાલની સ્થિતિમાં કેવી રીતે કાર ફેર કરવો. એક બાજુ સાધુઓ રાયચંદ્ર-લાલન અને શીવજી સામા કટીબદ્ધ થઈ પોતાનું અપુર્વ વીર્ય જોઇએ તે કરતાં વધારે પ્રમાણમાં એક રસ્તેજ અજમાવે છે તો બીજી બાજુ કેળવાયેલ વર્ગ, વિચાર સ્વાતંત્ર્યની ઉત્કટ છોળોમાં આમતેમ ઉથલાઇ પરમોત્કષ આર્હત ધર્મના સિદ્ધાંતોના ઉપલકીય (superficial) જ્ઞાનાડંબરથી ગર્વિષ્ઠ બની જઇ મુગ્ધતાથી નજીવી વાતને મ્હોટું સ્વરૂપ આપી પરમ પુજ્ય સાધુ વર્યોની સામે કેવળ નિંદાયુક્ત બેપરવાઇ ભરેલા લખાણો પ્રકટ કરી કોમની ઉન્નતિના મુખ્ય મુખ્ય કાર્યોને સીધી યા આડકતરી રીતે વાંધા પ્હોંચાડવા ઉપરાંત શાસનની હીલના કરવા-કરાવવામાં મુખ્ય સાધનભુત થઇ પડે છે. કલેશની શરૂઆતમાં કરવા આવેલી એક સામાન્ય ભૂલને માટે દીલગીરી પ્રદર્શિત નહિ કરતાં તેને નહિ કબુલ કરવામાં રૂપ

કદાગ્રહપણું બતાવી અનેક માફ નહિ થઇ શકે તેવી ભુલ થવાદેઇ કલેશને રાક્ષસી સ્વરૂપનો કરી મુકે છે, અને કવચિત પરમાર્થ બુદ્ધિથી કરેલા ઉત્તમ કાર્યો ઉપર પાણી ફેરવી વાળે છે. તેમજ લાંબા વખતની જમાવેલી આબરૂ ગુમાવી બેસે છે. કેટલાએક ક્ષુલ્લક જનોતો નામ કાઢવા ખાતરજ-પ્રસિદ્ધિ મેળવવા ખાતર આવા પ્રસંગો શોધતા ફરે છે. આવા પ્રસંગે તેઓ પોતાના શુદ્ધ આસયોને આગળ ધરતા જોવામાં આવે છે પરંતુ તે તો જતાં જતાં કયાંય અંધારામાં છુપા રહેલા હોય છે અને અન્ય અનેક આશયો વિચાર ગમ્ય થાય છે.

વળી ત્રીજી બાજુ તરફ જોતાં કોઇ કોઇ ઉપરના બન્ને પક્ષોને ધિકકારવા લાયક ગણી કોમની ઉન્નતિને લાગુ પડેલા રોગને તદ્દન અસાધ્ય સ્થિતિમા લેખી અન્ય જનોનો ઉત્સાહ ભંગ કરી નાંખે છે તેમજ કોઇ કોઇ એવા પણ શુષ્ક હૃદયના મલી આવે છે કે કીસીકા ઘર જલો કીસીકા પુત મરો બંદેકું ખેર સલ્લાની માફક તેઓ સ્વાર્થ દ્રષ્ટીથી 'હું અને મારૂં કુટુંબ' તેટલામાંજ પોતાની દ્રષ્ટી સંકોચાવી નાખી અન્ય દુખી બંધુઓ તરફ તદ્દન ઉપેક્ષા ભાવ ધારણ કરી સમુદાયના હીતના સવાલોમાં મુદલ લક્ષજ આપતા નથી.

આવી રીતની વસ્તુસ્થિતિ હોવાથી એક જણ કહે છે કે કોન્ફરન્સના કાર્યક્રમમાંથી અન્ય બાબતોને રદ કરી માત્ર એકલા કેળવણીના વિષયને વળગી રહો અને તે વિષયમાં પુરતો પ્રયાસ કરો. કોન્ફરન્સને સંબુ મેળાનું રૂપ ધારણ કરતાં અટકાવી માત્ર થોડા પસંદ કરેલા ( seleeted ) આગેવાનોનેજ આમંત્રિત કરો. ધામધુમીઓ ખર્ચ કમતી કરી, ખુરશીઓની બેઠક કાઢી નાખી, મોટો દમામદાર ભપકાબંધ મંડપ ઉભો કરવાના ખર્ચના બોજામાં નહીં ઉતરતાં, વિશાળ હોલમાં માત્ર ગાદી તકીયાની બેઠકથીજ કામ ચલાવો, હજારો માણસોની સરભરા કરવાની મોટી ભાંજગડમાં નહિ પડતાં માત્ર બસો-પાંચસોની સંખ્યામાંજ એકઠાં થાઓ. કેટલાએક ક્ષુલ્લક જનો ( માન ભૂખણદાસો ) કોન્ફરન્સને, કોન્ફરન્સના પ્લેટફોર્મને સ્વાર્થ બુદ્ધિથી માન-મરતબો મેળવવા ઉપરાંત દ્રવ્ય મેળવવાનું સાધન બનાવે છે તે અટકાવો, કોન્ફરન્સના મેળાવડા પ્રસંગે, કોન્ફરન્સ પ્લેટફોર્મને પોતાની જાહેર ખબરો પ્રસીદ્ધ કરવાનું હથિયાર ( self-advertising tool ) બનાવે છે તે બંધ કરો; પોતાના ખાલી વાક ચાતુર્યથી મુગ્ધ જનોને ફસાવવામાં ફળીભૂત થાય છે તેનું ઉચ્છેદન કરો; આગેવાનો સામે અંગિત દ્વેષને લીધે નીરર્થક હુમલાઓ કરવાની તક હાથ ધરે છે તે અટકાવો, પૂજ્ય મુનિવરો સામે બખાળા કાઢવા મંડી પડે છે તે બંધ કરો, સદ્વર્તનને નામે મોઢું મીંડું મુકવા યોગ્ય વર્તણુકવાળાએ કોન્ફરન્સના માંચડાં ઉપર સિંહગર્જનાથી લાંબા લાંબા ભાષણો કરી લોકોના મન ઉપર માઠી અસર કરનારા થઇ પડતા હોય તો તેના ઉપર અંકુશ મુકો.

ખરા સુધારા દાખલ કરવાની ઇચ્છા રાખતી કોમને થોડું બોલી ઝાઝું કરી બતાવનારાઓની જરૂર છે. સાત આઠ વર્ષોના પ્રયાસથી આપણે વિચાર વાતાવરણમાં

જે મહદ ફેરફાર કરી શકયા છીએ તેનો લાભ લઇ હવે કાંઇ કરી બતાવવાની આવશ્યકતા છે માત્ર વચન વૈભવથી કાર્ય સિદ્ધિ થઇ શકતી નથી. કોન્ફરન્સના ઠરાવોને ધવળપત્ર ઉપર આલેખાયેલા રહેવા દીધાથી કોમની ઉન્નતિ કદી પણ થઇ શકશે નહી તે ઠરાવોને અમલમાં મુકવાની તેમજ મુકાવવાની શકિત ધરાવનારા આત્મ ભોગ આપનારા કર્તવ્યનિષ્ટ ઉત્સાહી પુરૂષોની કોમને જરૂર છે. વચન બળ ઉપર કાબુ નહિ રાખી શકનારા મનુષ્યો દરેક વિષયનો સર્વ દર્શીનજરથી અભ્યાસ કર્યા સિવાય પોતાનો અભિપ્રાય આપવા બ્હાર આવે છે તેથી ઘણી વખત લાભને બદલે હાનિ થવા સંભવ છે. સંકુચિત દૃષ્ટિબિન્દુ રાખવાથી અમુક વિષયને પુરતો ઇન્સાફ આપી શકાતો નથી. દરેક બાજુનું યથાર્થ અવલોકન કર્યા સિવાય ચોકસ નિશ્ચય ઉપર આવી શકાતું નથી. અમુક વ્યકિતના જાહેર કૃત્યોનું ન્યાય દૃષ્ટિથી અવલોકન કરનારે તે વ્યકિતની નિન્દા કરવા તરફ દોરાઇ જવું જોઇએ નહિ, ઘણી વખત કાર્યોનું પરિણામ કાર્ય કરનારની ઇચ્છા પ્રમાણે નીપજતુ નથી. બીજા અનેક તત્વોનો સદ્ભાવ જુદુંજ પરિણામ લાવી મુકે છે. કાર્ય કરનાર ભિન્ન ભિન્ન તત્વો ઉપર કાબુ ધરાવી શકતો નથી, સ.રા આશયથી આદરવામાં આવેલ કાર્ય તેના કર્તાની ઇચ્છા વિરૂદ્ધ કવચિત તદન જુદીજ રીતે પરિણામે છે અને તેવે સમયે કાર્ય કરનારના સ્વપ્નામાં પણ ખ્યાલ ન હોય તેવા પરિણામો લાવવાની ઇચ્છાને તેનામાં આરોપ કરી ગરીબ બિચારા સહૃદય કાર્ય કર્તાને નિંદા કારક શબ્દોથી વધાવી લેવામાં આવે તે અત્યંત ખેદજનક છે. વ્યવહાર નિપુણ નિતિકારો શાન્તિથી કાર્યોનું અને તેના પરિણામોનું અવલોકન કરવાનું આગ્રહપુર્વક સુચવે છે. સંપૂર્ણ વિચાર કર્યા સિવાય ઉતાવળથી મત બાંધી લેનારાઓ ઘણી વખત છેતરાય છે અને પાછળથી જ્યારે અભિપ્રાય ફેરવવા પ્રસંગ આવે છે ત્યારે કંઇક કફોડી સ્થિતિ અનુભવવી પડે છે.

એક તરફથી જ્યારે ઉપર પ્રમાણે અવાજ આવે છે ત્યારે બીજી તરફથી ધમ ચુસ્ત (orthodox) સ્વામિ ભાઇઓ કહે છે કે જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર કરો, જ્ઞાન ભંડારોનું રક્ષણ કરો, પાંજરાપોળોની સ્થિતિ સુધારો, અન્ય અનેક જીવદયાના કાર્યો હાથ ધરો. વળી કોઇ એમ પણ કહેવા બ્હાર આવે છે કે જીર્ણ ચૈત્યોદ્ધાર, જીર્ણ પુસ્તકો દ્ધાર જે પ્રજાનું ભવિષ્ય સુધારવા માટે હાથ ધરવામાં આવે છે તે પ્રજાજ દીવસે દીવસે ઉદ્યોગહીન થતી જાય છે, નિરાશ્રીતોની સંખ્યા વધતી જાય છે, સમુદાય બળમાં ઘટતી જાય છે, જીવન વ્યવહાર સુખેથી ચલાવવાની મુશ્કેલી વૃદ્ધિપામતાં ઉપાધિ ગ્રસ્ત થતી જાય છે તેનો પ્રતીકાર કરવામાં ન આવે તો પછી જીર્ણોદ્ધાર શા કામના? જૈનદ્ધાર કર્યા સિવાય જીર્ણોદ્ધાર કઇ રીતે લાભદાઇ થઇ શકે! દેરે જનારાઓની સંખ્યા ઘટતી જતી હોય તો પછી જીન મંદીરોની શું સ્થિતિ! જીન મંદીરોમાં થતી અનેક આશાતના દુરકરવા માટે, તેની સાર સંભાળ રાખવા માટે ઉત્સાહી પુરૂષો મળી આવે નહી તે કેટલું ખેદજનક?

સંસાર સુધારાનો ઝુંડો ઉપાડનારાઓ વળી આપણા સંસારીક રીતી રીવાજોમાં પેસી ગયેલો સડોદુર કરવા માટે, બાલલગ્ન, વૃદ્ધ વિવાહ, કન્યા વિક્રય, અયોગ્ય ખર્ચો

મૃત્યુ પાછળ જમણવાર વેશ્યાના નાચ, વગેરે અનેક અનિષ્ટ હાનિકારક રીવાજો નાબુદ કરવા માટે-મુળમાંથી ઉખેડી નાખવા માટે કૉન્ફરન્સનો આશ્રય શોધે છે.

આ બધી બાબતોનો ફડચો કેવી રીતે કરવો? સઘળા પક્ષોના મનનું સમાધાન સંતોષ કારક રીતે કેમ કરવું? કયા કયા સવાલો હાથ ધરવા અને કયા કયા સવાલો પડતાં મુકવા? આ બધી બાબતોનો મુખ્ય રીતે વિચાર કરવાનો છે. આ પ્રકારના અનેક સવાલો હાથ ધરવાને અત્યારે કોઇ પણ મંડળ શકિત ધરાવતું હોય તો તે સમસ્ત હિંદુસ્તાનમાં વસતી જૈન (શ્વેતામ્બર મૂર્તિ પૂજક) પ્રજાના ચતુર્વિધ (દ્વિવિધ) સંઘની પ્રતિનિધિ રૂપ કૉન્ફરન્સજ છે એમ ચોકસ ખાત્રી થતી હોય તો પછી કૉન્ફરન્સે હાથ ધરેલી વિષયાવલીમાં ખાસ જાણવા જોગ ફેરફાર કરવાનું હાલ રહેતું નથી પરંતુ વખત જતાં કેટલાએક નવા સવાલો ઉપાડી લેવાની જરૂર પડશે. જુદી જુદી સભાઓ મંડળો જ્ઞાતિ સમુદાયો રૂપી નદીઓ કૉન્ફરન્સરૂપી સમુદ્રમાં સમાઇ જાય છે. અમુક અંશે, દરેક વ્યકિત, સભા, મંડળનું નિયામક પણું કૉન્ફરન્સનેજ આધીન છે. કૉન્ફરન્સે પસાર કરેલા ધારાઓ ઠરાવો સૌ કોઇને બંધન કારક ગણાવા જોઇએ. જ્ઞાતિના નિયમો કાયદાઓને જેટલું માન આપવામાં આવે છે તેટલુંજ બલ્કે તેથી વિશેષ કૉન્ફરન્સના ઠરાવોને માન અપાવું જોઇએ અને જ્ઞાતિના આગેવાનોએ અનુકુળ રહી કૉન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકવા માટે દરેક જ્ઞાતિબંધુને યોગ્ય મદદ આપવા તૈયાર રહેવું જોઇએ.

પરદેશી-પરધર્મિ અનેક પ્રજાઓના અનેક દેશીય હુમલાઓ સામે, જે ઉત્તમ સંસ્થાઓના આપણામાં અસ્તિત્વને લીધે આપણે મજબુતીથી ટકી શકયા છીએ, હજારો વર્ષ થયાં છતાં પણ જે વિજાતીય બળ આપણી અવિભકત કુટુંબ સીસ્ટમ, જ્ઞાતિબંધારણ સીસ્ટમને કંઇપણ અસર કરી શકયું નથી તેવા પ્રકારના કંઇક અભિમાનમાં ખેંચાઇ જ્ઞાતિ બંધારણથી એકાંત લાભ માની લેવો એ આજની પ્રજાને ભુલ ભરેલું લાગ્યા સિવાય રહેશે નહિ, જ્ઞાતિ બંધારણનાં વિષય ઉપર અત્ર વિસ્તારથી ચર્ચા કરવાનો પ્રસંગ નથી તેથી ટુંકાણમાં જણાવવું જોઇએ કે તેથી અનેક લાભ સાથે કેટલાએક હાનિકારક તત્વો પણ દાખલ થવા પામ્યા છે. ઘણે ઘણે પ્રસંગે જ્ઞાતિના અગ્રેસરોનું સ્વચ્છંદી પણું, સ્વાર્થિપણું જ્ઞાતિ બંધુઓને વિનાકારણ ન્યાયથી ઉલટી રીતે હેરાન કરવા પણું જણાઇ આવે છે. આ પ્રસંગે રા. રા. શાણુભાઇ કૃત 'ભદ્ર ભદ્ર' નામક પુસ્તકનું વંદાવય પ્રકરણ યાદ આવ્યા વગર રહેતું નથી. આવાજ કારણોથી જ્ઞાતિના આગેવાનો કૉન્ફરન્સના ઠરાવોને અમલમાં મેલવા પ્રયાસ કરનારા દઢાગ્રહી પુરુષોને ઉતારી પાડવાની તજવીજ કરતાં જોવામાં આવે છે. વખત જતાં કૉન્ફરન્સનું સમુદાયિક બળ વૃદ્ધિ પામતાં તેમનો પ્રયાસ તદન નિષ્ફળ જવાનો અને ઉલટા તેઓજ સમાજની નજરમાં ઉતરી પડવાના. જ્ઞાતિ જેવી મોટા સમુદાયની સંસ્થાઓ તેમના આગેવાનો જો મન ઉપર લે તો કૉન્ફરન્સને ઘણીજ સારી રીતે મદદગાર થઇ પડે. અરણ્ય રૂદન રૂપ થઇ પડતા કૉન્ફરન્સના સઘળા ઠરાવો જ્ઞાતિના અગ્રેસરોના એકત્ર પ્રયાસથી સર્વત્ર અમલમાં મુકી શકાય પરંતુ સવાલ માત્ર એટલોજ છે કે 'ઓ દીન કબકે મિયાંકે પાઉંમે જુત્તી' કુટીલ હૃદયના પોતાની

પોતેજ પરમ સત્તાના બળથી આગેવાન થઇ બેઠેલા પુરૂષોને રસ્તા ઉપર લાવવાએ ઓછું મુશ્કેલીનુ કાર્ય નથી. જ્ઞાતિનું જ્ઞાતિનું અગ્રેસર પણું પ્રાપ્ત કરવામાં જ્ઞાતિ બંધુઓનુ હીત કરવાની શકિત-અભિલાષા તે મુખ્ય પણે આવશ્યક લેખવામાં આવતા હોય તેમ સમજાતું નથી અને તેથીજ પ્રતિષ્ઠિત શ્રીમાન્ બુદ્ધિમાન્ મનુષ્યોને અંધારામાં રહેવા દઇ ચાતિજનો નીવિચારી, સાહસિક પક્ષપાતી પુરૂષોને આગેવાન તરીકે કબુલ રાખતા-દખાવતા જણાય છે. આથી કરીને જ્ઞાતિ બંધારણના નિયમથી જે લાભ મળવા જોઈએ તે નહિ મળતાં ઉલટું જ્ઞાતિજનોમાં કુસંપ-કલેશ ને જન્મ મળતાં, પક્ષો બંધાતાં અંદર અંદર લડવામાં દ્રવ્યનો શ્રમ (enrgy) નો ભોગ આપવામાં આવે છે અને પરિણામે જ્ઞાતિ બંધારણ છીન્ન ભીન્ન થતું જાય છે. કેટલાએક આગેવાન સુધારકો ઉપરના કારણથીજ જ્ઞાતિ બંધારણને અનિષ્ટ લેખીતેની વિરૂદ્ધ વિચાર પ્રગટ કરે છે પરંતુ જ્ઞાતિનુ કે સંઘનુ બંધારણ વ્યવસ્થા પુર્વક રાખવામાં આવે અને યોગ્ય પ્રકારની સાવચેતીથી તેથી જન્મ પામતા દોષો દુર કરી તેનો સારી રીતે લાભ લેવામાં આવે તો તે આપણી કૉન્ફરન્સે પસાર કરેલા સઘળા ઠરાવો અમલમાં મેલવાને મુખ્ય આધાર ભુત સાધન થઇ પડે એ બનવા જોગ છે.

હાલની સ્થિતિ જોતાં, જૈન સમુદાયના મોટા ભાગના વિચાર વાતાવરણ તરફ નજર કરતા કૉન્ફરન્સની જરૂરીયાત તથા તેથી થતા અનેક લાભો સંબંધી કંઇ વીવેચન કરવાની જરૂર રહેતી નથી. જૈન કોમને અગર અન્ય કોમને ઉન્નતિની ટોચે પ્હોંચાડવામાં તેની કૉન્ફરન્સજ મુખ્ય ભાગ ભજવી શકે તેમ છે અને તે માટે બે મત હોવા સંભવ નથી. પ્રાચીન સમયની ચતુર્વિધ સંઘરૂપ સંસ્થા તેજ અર્વાચીન સમયની કૉન્ફરન્સ છે. નામ માત્રના ફેરથી આડે માર્ગે દોરાઇ જવાનું કંઇ કારણ નથી પરમપુજ્ય સારાનોન્નતિકારક તીર્થંકર મહારાજા પણ નમો તિથ્થસ કહીને જે સંસ્થાને વંદનાય ગણતા તે સંસ્થાની ગરજ આપણી કૉન્ફરન્સ પુરી પાડી શકે તેમ છે. અંદર અંદરના-પરસ્પરના વિગ્રહના કારણથી સાધુ સાધ્વીઓ કૉન્ફરન્સમાં ભાગ લેઇ શકતા નથી તેટલા કારણ માત્રથીજ કૉન્ફરન્સને હલકે દરજ્જે ઉતારી પડાય નાહં.

સર્વ કોઇ કબુલ કરે છે કે આપણા ભવિષ્યના ઉત્કર્ષ માટેના આશા જનક ચિન્હો અત્યારે દ્રષ્ટિ મર્યાદામાં કંઇક ઝાંખો પ્રકાશ પાડતા નજરે પડતા હોયતો તે આપણી મહાન કૉન્ફરન્સના આટલા વર્ષોના પ્રયાસનેજ ઘણેઅંશે આભારી છે. મોટામાં મોટા શહેરથી માંડીને તે જૈનોની વસ્તીવાળા માત્ર બે ચાર ઘરની વસ્તીવાળા ગામડા પર્યંત કૉન્ફરન્સ પોતાનો અવાજ સંભળાવી શકી છે—પોતાનો હાથ એક યા બીજી રીતે લંબાવી શકી છે. લોકોના વિચાર વાતાવરણમાં એટલો બધો અગત્યનો આવકાર દાયક ફેરફાર થયેલો જણાય છે કે કૉન્ફરન્સની પડી ભાંગતી હીલચાલને પોતાથી બનતો ટેકો આપી નીભાવી રાખવા માટે કદાચ દરેક વ્યકિત કટી બદ્ધ થશે નહિ તોપણ કૉન્ફરન્સને મરણ શરણ થયેલી સાંભળીને ભાગ્યેજ કોઇ અંતઃકરણથી દીલગીર થયા વગર રહેશે.

આ પ્રકારની સ્થિતિ હોવાથીજ ઓછા ખર્ચે, તેના હાલના બંધારણમાં યોગ્ય સુધારો વધારો કરી કોન્ફરન્સ મેળવવાનો વિચાર કરવામાં આવે તો તે બીલકુલ અયોગ્ય ગણાશે નહિ. દરેક વિચાર શીલ પુરૂષ ઉક્ત પ્રશસ્ય કાર્યમાં પોતાથી બનતી મદદ આપવા બ્હાર આવશે.

આ સંબંધમાં આપણે યોગ્ય ચર્ચા કરી નિર્ણય ઉપર આવીએ તે પ્હેલાં નીચેની ખાસ સુચનાઓ ઉપર લક્ષ્ય આપવાની જરૂર છે અને તેથી વિરૂદ્ધ વર્તનારને કોન્ફરન્સનો સમસ્ત જૈન કોમનો દ્રોહ કરનાર ગણી તેના તરફ ધિક્કાર બતાવવાની જરૂર છે.

## આપણી ઉંચ દશા પ્રાપ્ત કેમ થાય ?

### ( લેખક મુની દેવવિજયજી )

પ્રાચીન કાળમાં આખી દુનીઆની પ્રજામાં આર્યાવર્તમાં જૈન ધર્મ ઘણી સારી રીતે જાહોજલાલી ભોગવતો હતો તે આપણે ઇતિહાસીક આદી પુરાવાથી ચોકસ નિર્ણય કરી શકીએ છીએ એક વખત એવો પણ હતો કે અનાર્ય દેશમાં પણ સંપ્રતિ રાજાની પ્રેરણાથી જૈન ધર્મ જાહોજલાલી ભોગવતો હતો. જે જૈન ધર્મના ઉત્તમ પ્રિન્સિપાલો ને લીધે અત્યારે પણ મોટા મોટા વિદ્વાનો એકી અવાજે જૈન ધર્મનાં વખાણ કરવા ચુકતા નથી. તે તેના તત્વોના ઉપદેષ્ટાનું સર્વજ્ઞપણા સાથે વીતરાગ દશા વા માધ્યસ્થ દશા સુચન કરી આપે છે. છએ દર્શનોના સિદ્ધાન્તોના તત્વોનો મુકાબલો જો કરવામાં આવે તો હું ચોકસ કહું છું કે જૈનોના ઉત્તમ તત્વો સર્વમાં મુખ્ય અગ્રગણ્ય પદ ધારણ કરે તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. કારણકે જૈન ધર્મના ઉત્તમ આચારો તથા ઉત્તમ તત્વો તે ભાગ્યેજ બીજામાં મળી શકશે. આવો ઉત્તમ ધર્મ છતાં આજે દીન પ્રતિદીન તપાસ કરતાં જૈન ભાઇઓની સ્થિતિ ઉન્નતિના બદલે અવનતિને પ્રાપ્ત થયા કરે છે. તે ખરેખર દીલગીરી ભર્યા જેવું ગણી શકાય છે. ફકત નમસ્કાર મંત્રનું ધ્યાન કરનારા માણસ કદાપિ દુઃખી થાયજ નહીં આમ સિદ્ધાંતિક વાત છતાં આજે સેંકડો માણસો આજીવીકા રહીત થઈ પડેલા જોવામાં આવે છે. ને આજીવીકા ને માટેજ ખ્રીસ્તી ધર્મ સ્વીકારે છે. કે જ્યાં આજીવીકા સાથે સ્ત્રી તથા ધનની પ્રાપ્તી પણ સ્વાભાવિક મળી શકે છે. તે આપણે પ્રત્યક્ષ છપનના દુકાળ પછીથી જોઇએ છીએ કે ખ્રીસ્તી ઉપદેશકો આજીવીકાના દુખી એવા છોકરા છોકરીઓ વીગેરે હજારો માણસોને આજીવીકા આપવા સાથે પોતાના ધર્મમાં જોડી દઇ આજે હિંદુસ્તાનમાં પણ પોતાના ધમનો ફેલાવો થોડા વખતમાં ઘણો મોટો કરી શકયા છે તો તે ધર્મ ફેલાવો પામ્યો તો શું તેના ઉત્તમ સીદ્ધાંતોથી તે ફેલાવો પામ્યો છે એમ કોઇ કહી શકશે ખરોકે ? બીલકુલ નહીં ફકત આજીવીકાના અભાવેજ તેઓએ તે ધમ સ્વીકાર્યો છે. ભાઇઓ આજે આપણે આપણો ધર્મ અન્ય કોમમાં ફેલાવો થાય તેવી યોજનાઓ કરવી તો દુર રહો પણ આપણાજ સ્વામી ભાઇઓ આજીવીકાના અભાવે અન્ય ધર્મમાં જોડાય

આ કેટલુંબધું આપણને હીણપત લગાડનાર છે. ભાઈઓ હવે જમાનેઃ ઓળખવાની જરૂર છે જે વખતે કુમારપાળ રાજાના વખતમાં કરોડાધિપતી શ્રાવકો હતા ત્યારે દર્શન સુધ્ધી માટે દેરાસરની જરૂર હતી પણ આજે તે જમાનો ચાલ્યો ગયો છે. દર્શન કરનાર જો નહીં હશે તો પછી દેરાસર કરવાથી શું ફાયદો થશે. આજે મારવાડમાં નાગોર પડખેના ભાગમાં મોટાં મોટાં દેરાસરો વીદ્યમાન છે. છતાં દર્શન કરનાર શ્રાવકનાં અભાવે દેરાસરનાં બારણાં આડા કાંટા ભરાવી દીધા છે. નવીન દેરાસરો કરવા કરતાં જીર્ણ દેરાસરો સુધારવામાં શાસ્ત્રકારોએ વધારે ફળ કહેલ છે. તો જેઓની ઇચ્છા તે રસ્તે પોતાના અર્થનો સદવ્યય કરવાનો છે તો તેઓ તેનો લાભ ભલે લે પણ હાલ દેશ કાલાનુસારે જો આપણે આપણા પઇસાનો સદ્વ્યય કરવા ચાહતા હોઇએ તો આજે જે સાત ક્ષેત્રમાંથી સીદાતું ક્ષેત્ર શ્રાવક શ્રાવીકાનું ગણી શકાય છે. તો તેને માટે સહાય કરવા મુખ્ય જરૂર છે તેઓની વૃદ્ધિ આબાદાનીથીજ આપણા ધર્મની વૃદ્ધિ થાય છે તેઓને સહાયતા કાંઈ અનાજ દેવાથી થઇ શકતી નથી. પણ જેમ આગાખાને પોતાવી ઇસ્લામી કોમની ઉન્નતીને અર્થે લાખો રૂપીઆ એકઠા કરી એક જબરજસ્ત કોલેજ સ્થાપવા પ્રયાશ કરી રહેલ છે તેવી રીતે ખાસ એક કોલેજ થવાની જરૂર છે કે જેની અંદર ખાવાપીવા સાથે ધાર્મીક તથા ઉંચ પ્રકારની કેલવણી આપી સેંકડો ગ્રેજ્યુએટો તૈયાર કરવા જોઇએ જયાં સુધી આ ધારણા અમલમાં નહિ આવે ત્યાં સુધી આપણી સ્થિતિ ઉચ સ્થિતિએ પોચવા સંભવ ઓછો રહે છે **"સવી જીવ કરૂં શાશન રસી ઇસી ભાવ દયા મન ઉલ્લસી."**

આ કથન મુજબ સર્વ જીવોને સાશનાન પ્રેમી બનાવી આપણે આખી કોમનું ભલું કરવું તો દુર રહો પણ આપણી કોમનું ભલું કેમ થાય તેવી લાગણી જયાં સુધી આપણા અગ્રેસરોને નહીં થાય ત્યાંસુધી જૈન કોમના ઉદયની ઇચ્છા રાખવી આકાશ પુષ્પની માફક ફોકટ છે. ભાઇઓ જરા દૃષ્ટિ ખોલી તપાસ કરો આર્ય સમાજીષ્ટ લોકે કેટલા આગળ વધ્યા. થોડા વખતમાં પોતાના મતમાં કેટલો સમુદાય એકઠો કર્યો. વલી કેળવણીવાલો તે શહુકોઇ તપાસ કરશે કે આતું કારણ ફકત કેલવણીજ છે તેઓ નાત જાતની ગણત્રી શીવાય ગમે તે માણસ આર્યસમાજી થવા ચાહતો હોય તો તેને તેઓ તે મતમાં દાખલ કરી પ્રથમથીજ ધાર્મીક સાથે વ્યવહારીક કેલવણી આપી ગ્રેજ્યુએટો બનાવી ત્રણ વરસ પોતાની કોમની વૃદ્ધિ નિમિત્તે શંન્યસ્ત માફક વીચરી ઠેકાણે ઠેકાણે ઉપદેશ આપી પોતાની કોમની વૃધ્ધિ કેવી રીતે કરી રહ્યા છે તેનું દષ્ટાંત આપણા અગ્રેસરો કોઇ લેશે કે ? આ લોકોની માન્યતા સારી છે એમ મારૂ કેવું નથી. મારૂં કહેવું તો એજ છે જે આપણી પાસે શુભ ખાતાના લાખો રૂપીઆના ફંડ છતાં આપણી કોમની તથા તે નિમિત્તે આપણા ધર્મની ઉન્નતિના અર્થે શામાટે તે રૂપીઆનો ઉપયોગ થવો ન જોઇએ જયારે કોમની પાયમાલી તથા ધર્મની પાયમાલી દીન પ્રતિદીન પ્રત્યક્ષ અનુભવ કરતાં છતાં જયારે ઉન્નતીનો પ્રયાશ આપણે નહી કરીએ તો પછી લાખો રૂપીઆ શુભ ખાતાના કયારે કામ આવશે. કદાપિ ભાંડાગારના અધિપતીઓની ખ્યાલમાં

પઇસા કાઢવા ફ્રી કર નહીં લાગે તો પણ નવકારશી સ્વામી વાત્સલ્ય ઉજમણા અઠાઇ મહોત્સવ નીમીત્તે હાલ આપણે લાખો રૂપીઆ ખરચીએ છીએ તો તે રૂપીઆ તે રસ્તે ન ખરચતા શ્રાવક ભાઇએની ઉન્નતીના અર્થે ખરચવામાં આવે તો પણ આપણી ઉન્નતી થવા વાર લાગે નહી પણ તે દીવસ કયારે આવે ! જ્યારે આપણે આપણી ઉન્નતીને માટે એ દરકારી પણું ધારણ કરશું તો પછી આપણી અવનતિમાં વધારો થવા સાથે ભવિષ્યમાં જૈન પ્રજા પૃથવીના કયા ખુણામાં પડી છે તે ભાગ્યેજ કોઇ જાણી શકશે, જોકે સુધારાનો વા ચારેકોર વાવાથી એક બીજાની દેખાદેખીથી આપણામાં પણ યતકિંચિત સુધારાનો પવન વાયો છે ને તેને લઇ કેટલેક સ્થલે બોર્ડીંગ તથા શાલાઓ થવા પામી છે પણ તે તેવા મહત્વતા વાલી નહી હોવાથીજ મારૂં લખવું છે. માટે એક અલીગઢ કોલેજ અગર આર્યસમાજીષ્ટો જેવી ખાસ આપણામાં એક જનરલ કોલેજની જરૂર છે જેમા તમામ શગવડ સાથે જૈન કોમના તમામ ગમે તે ગચ્છના બાલકોને કેલવણી આપી ગ્રેજ્યુએટો બનાવી જૈન કોમની ઉન્નતીના અર્થે પ્રયાશ કરે તે મુજબ થવા જરૂર છે. આ વિચારો દરેક ભાઇઓના હૃદયમાં જો ઉતરે તો આપણી ઉન્નતી થવા જરા પણ વાર લાગે નહીં. મુની મહારાજાઓ પોતાથી બનતો પ્રયાસ જોકે જૈનોની ઉન્નતીના અર્થે કરી રહ્યા છે તો પણ આપણી કોમમાં જ્યાં સુધી કેલવણીનું પુરતું જ્ઞાન પ્રગટ થયું નથી ત્યાં સુધી તેઓના હૃદય ઉપર ઉપદેશ બીલકુલ અશર કરી શકતો નથી તે તેને લઇનેજ આજે આપણે જ્યાં જોઇએ છીએ ત્યાં દરેક ગામોમાં સંઘમાં ખટપટ ઓછી વધુ જોઇએ છીએ ને તેને લઇનેજ ધર્માદા ખાતાને દરેક રીતે નુકશાન પોચે છે જો કેલવણીમાં પહેલાથી લેવાયા હોય તો સંઘમાં આજે આપણી કફોડી સ્થિતિ થઇ ગઈ છે તે કદાપિ થવા પામત નહી માટે ભાઇઓ આપણે આપણી ઉન્નતી કરવા ચાહતા હોઇએ તો મારા વીચાર પ્રમાણે ધાર્મીક તથા ઉંચ કેલવણી માટે તમામ સગવડ વાળી એક કોલેજ ખાસ કાઢવા જરૂર છે.

---

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ.

### બાઈ રતન-શા. ઊત્તમચંદ કેશરીચંદના પત્ની
### શ્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા.
### ઈનામમાં ફેરફાર.

અવિવાહિત કન્યાઓ માટે

**પ્રથમ બાળ ધોરણ—આઠ ઇનામો રૂા. ૫૦) ના.**

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂા. ૧૫ | ૫ મું ઇનામ રૂા. ૫ |
| ૨ જું ,, ,, ૮ | ૬ ઠું ,, ,, ૪ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ,, | ,, | ,, ૭ | | ૭ | મું | ,, | ,, ૩ |
| ૪ | થું | ,, | ,, ૬ | | ૮ | ,, | ,, | ,, ૨ |

**બીજું બાળ ધોરણ.—સાત ઇનામો રૂ. ૩૮) ના**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લું | ઇનામ | રૂ. ૧૫ | | ૫ | મું | ઇનામ | રૂ. ૩ |
| ૨ | જું | ,, | ,, ૭ | | ૬ | ઠ્ઠું | ,, | ,, ૨ |
| ૩ | ,, | ,, | ,, ૫ | | ૭ | મું | ,, | ,, ૨ |
| ૪ | થું | ,, | ,, ૪ | | | | | |

## કન્યાઓ તથા સ્ત્રીઓ માટે

**વર્ગ ૧ લો—દશ ઇનામો રૂ. ૯૨) ના**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લું | ઇનામ | રૂ. ૨૧ | | ૬ | ઠ્ઠું | ઇનામ | રૂ. ૭ |
| ૨ | જું | ,, | ,, ૧૭ | | ૭ | મું | ,, | ,, ૫ |
| ૩ | ,, | ,, | ,, ૧૫ | | ૮ | ,, | ,, | ,, ૩ |
| ૪ | થું | ,, | ,, ૧૧ | | ૯ | ,, | ,, | ,, ૨ |
| ૫ | મું | ,, | ,, ૯ | | ૧૦ | ,, | ,, | ,, ૨ |

**વર્ગ ૨ જો—ચાર ઇનામો રૂ. ૮૩) ના**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લું | ઇનામ | રૂ. ૩૧ | | ૩ | જું | ઇનામ | રૂ. ૧૭ |
| ૨ | જું | ,, | ,, ૨૫ | | ૪ | થું | ,, | રૂ. ૧૦ |

**વર્ગ ૩ જો—ત્રણ ઇનામો રૂ. ૫૦) ના**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લું | ઇનામ | રૂ. ૨૫ | | ૩ | જું | ઇનામ | રૂ. ૧૦ |
| ૨ | જું | ,, | ,, ૧૫ | | | | | |

**વર્ગ ૪ થો—ત્રણ ઇનામો રૂ. ૫૦) ના**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લું | ઇનામ | રૂ. ૨૫ | | ૩ | જું | ઇનામ | રૂ. ૧૦ |
| ૨ | જું | ,, | ,, ૧૫ | | | | | |

**વર્ગ ૫ મો—પાંચ ઇનામો રૂ. ૧૦૦) ના**

**પાચ વિભાગમાંના દરેકે વિભાગમાં રૂ. ૨૦**

**સહી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.**

**,, ,, મનસુખલાલ કીરતચંદ મ્હેતા.**

# સુખ કયાં છે?

દુનીઆંની સપાટી ઉપર ચાલતી દરેક વ્યકિતને જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે દરેક પોતપોતાના સુખનાજ અને સુખ મેળવવાના પ્રયત્નમાંજ મશગુલ થયેલા જોવામાં આવે છે. ત્યારે મારા મનમાં એક પ્રશ્ન ઉભો થાય છે કે મેં કેટલાક વિદ્વાન મનુષ્યના મુખથી સાંભળ્યું છે કે આ દુનીઆ દુઃખમય છે. દુનીઆમાં કોઇ પણ જગ્યાએ સુખ જોવામાં આવતું નથી. ત્યારે હવે આ દુનીઆની દરેક વ્યકતિ શામાટે પુરૂષાર્થ કરવામાં મચી રહેતી હશે. આવા વિચારમાં આ લેખ લખવા બેસું તે પહેલાંનાં બે કલાક પહેલાં મારા હૃદયમાં આ પ્રશ્નનો જન્મ થવા પામ્યો.

જો દુનીઆમાં સુખની લાલચ ન હોતતો દુનીઆમાં થતા વ્યવહારીક કાર્યો એક પણ થવા પામત નહીં વિદ્યાર્થીઓ અનેક જાતની મગજમારી કરી વિદ્યા પ્રાપ્ત કરત નહીં. વિદ્યા પ્રાપ્ત કરવાનું કારણ પૈસો કમાઇ સુખ મેળવાની આશા રાખત નહી. વેપારીયો પોતાના સગા સંબંધી, પુત્ર પુત્રી અને પત્ની વિગેરેનો વિયોગ કરી પરદેશ ધન પ્રાપ્તીને અર્થે જાત નહીં. અંગ્રેજ લોકોને પોતાનો દેશ છોડી આ દેશમાં આવવાનું કારણ શું જણાય છે? પૈસો પ્રાપ્ત કરી સુખ મેળવવા, પુર્વે મુસલમાનોએ આ દેશને પૈસાના લોભથી કેટલું નુકશાન પમાડયું છે? આ બધાનો વિચાર કરતાં એમ જણાય છે કે સર્વે વ્યકિતઓ અનેક જાતના પુરૂષાર્થ કરી, સુખ મેળવવાની આશામાંજ રહેલા છે. અને જો દુનીઆમાં સુખ ન હોત તો આ બધી થતી કડાકુટ જોવામાં આવત નહીં તેથી આટલું તો સિદ્ધ થાય છે કે દુનીઆમાં સુખ છે. અને તે સર્વત્ર મેળવી શકે છે. તેથી સર્વે તે સુખ મેળવવાને આકર્ષાય છે.

**સુખ કોને કહેવું.?**

આટલું તો સિદ્ધ થયું કે દુનીયામાં સુખ તો છે. પણ વિચાર વમળમાં પડે છે કે, સુખ કોને કહેવું?

દુનીયામાં દેખાતા ગાડી ઘોડામાં ફરતા વિલાસી પુરૂષોને તથા સુંદર મુખ વાળી યુવાન સ્ત્રીના ભરથાર થનાર પુરૂષને સારા સારા સ્વાદિષ્ટ પકવાન નિત્ય નિત્ય જમનાર પુરૂષને અને એવા બીજા કહેવાતા દુનીયાના સુખને પ્રાપ્ત થયેલ પુરૂષને જો આપણે સુખી માનીએ તો તે ક્ષણિક સુખ છે.

હું એક માણસને નિત્ય ગાડીમાં ફરવા જતા જોઉં છું. જ્યારે ત્યારે જે વખતે જોવામાં આવે ત્યારે ગાડીમાંજ બેઠેલો હોય. તેથી મારા મનમાં એમજ આવ્યું કે આ માણસ બહુજ સુખી જણાય છે. પણ પાછલથી માલમ પડયું કે તે તો પગે લંગડો છે. તેથી વારંવાર તેને ગાડીનો ઉપયોગ કરવો પડે છે. ત્યારે આ ગાડીમાં બેસનારાને સુખી જાણતો હતો તે મારા કરતા વધારે દુખી જણાયો.

એક યુવાન સ્ત્રીના ભરથારને પોતાની સ્ત્રીના મરણ પછી તેના વિયોગનું જે દુઃખ સહન કરવું પડે છે તે તેની સાથે ભોગવેલ સુખ વ્યાજના પ્રમાણથી પણ ઓછું છે, નિત્ય નિત્ય સ્વાદિષ્ટ પકવાન જમનાર મારા એક ગ્રહસ્થ મિત્રને એક વખત તે સ્વાદિષ્ટ ભોજન વધારે જમ્યાથી પેટમાં અજીર્ણ થઇ ગયું અને હજી સુધી ડાકટરની દવા ચાલુ છે. ત્યારે હવે અજ્ઞાનથી આ દુનિયાના માનેલા સુખને આપણે ક્ષણિક સુખ અર્થાત પ્રાયે દુઃખ રૂપ માનવા પડશે.

**સુખ આપણા પોતાનામાંજ છે.**

ઉપરનું ક્ષણિક સુખ અર્થાત પ્રાયે દુઃખ રૂપ જાણ્યા પછી વાસ્તવિક સુખ મેળવવા માગીએતો તે આપણા પોતાનામાંજ છે. શાંતતા, સંતોષતા એ વીગેરે વાસ્તવીક સુખના છાંયારૂપે છે, અને તે પોતાના વિર્યને એવી રીતે સ્ફુરાવે છે કે દુનિયામાં દુઃખજ નથી એવો ભાસ કરાવી આપે છે. શાંતરસી અને સંતોષી જે સ્થિતિમાં જે સુખ અને આનંદ મેળવી શકે છે તેટલો આનંદ કોટાધિપતી ધનની વધારે ને વધારે મેળવવાની લોલુપતામાં વ્યવહારીક કહેવાતા આનંદમાં પણ ભાગ લઇ શકતો નથી.

લંડનમાં તખ્ત ઉપર બીરાજતા શહેનશાહનું સુખ એક ગીરનારની ગુફામાં બીરાજતા વૈરાગ્યવાન મહાન પુરૂષના સુખની આગળ એક નજીવા તુચ્છ સુખની સમાન છે. એવું વાસ્તવીક સુખ મેળવવાના અનેક રસ્તાઓ આપણા પુર્વના મહાન આચાર્યો બતાવી ગયા છે. અને તે પુસ્તક દ્વારા મેળવવા ભાગ્યશાળી થાઓ.

ૐ શાન્તિ

**શિવલાલ લવજી—શાહ-**

**નાo ૯૩ ત્રાંબાકાંટા**

**મુંબઇ.**

---

# ચેતનને ઉપદેશ.

**( યહ ભવમેં મેરો કોઇ ન સાથી: એ રાગ. )**

**અચલ અખંડિત પ્રિત પીંજરસે, ચેતન કયું તુંહી માનત હે.**
**ચેતન હંસા છોડ ચલે જબ, અરજ અપીલ નહીં ચાલત હે.**
**જબ પુદ્‌ગલ બિન હંસ પડેગે, નિર્થક સબ કોઇ માનત હે,-અચલ.**
**ફુલી ફાલી કે લાડ લડાયા, અત્તર તેલ લગાવત હે.**

અંત સમય કો કામ ન આવે, નામસે જેહિ પિછાનત હે.–અચલ.
તન હસ્તિ મહોન્મત માનો, દ્રઢ મન ફિરકા માવત હે.
સંત સમાગમથી સુભ પ્રેમે, વીર નરકો સમજાવત હે.–અચલ.
શ્રી જિનરાજ વચન રસ અમૃત, વીર સાસનકો ઉપાવત હે.
કનકે તરૂ કંચન મય વાણી, મુઢ ગુમાર ગુમાવત હે.–અચલ
" શ્રી શાંતિ મંડળ " નિજ મુખસે, સર્ણાગત ગુન ગાવત હે.
" મણિલાલ" જીન આણા રંગે, કર્મ કલંક દુર જાવત હે.–અચલ

## શાન્તિ જિન સ્તુતિ.

(દીલ લાગ્યું હમારૂં ફકીરી સે'–એ રાગ.)

દીલ મોહ્યું જિનંદ જયકારી હે,
જયકારી હે; મનોહારી હે—દીલ.
રયણ સીંહાસન અનુપમ આંગી.
શાન્તિજીનંદ સુખકારી હે—દીલ.
પ્રભુ દરિસનસે કર્મ કટત હે.
અઘ મિટ જાવે જે ભારી હે—દીલ.
ભકિત સુમેવા શિવ સુખ લેવા.
જિન ભકિત સુખકારી હે—દીલ.
કર્મ ખપાવે શિવ સુખ પાવે.
બિંબ જીનંદ દિલ ધારી હે—દીલ.
" શાન્તિ મંડળ " કર્મ વીખંડલ.
દરિશન આનંદ કારી હે—દીલ.
" મણીલાલ " ભણી જુઓ નજર કરો.
શીવ સુખકા અર્જ દારી હે—દીલ.

**મણીલાલ કાલીદાસ શાહ.**

**મેનેજર**

**શાન્તિજીન મંડળ**

વઢવાણ સીટી.

# મુંબઇ–શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ.

## નિરાશ્રીત ખાતુ.

રૂ. ૭૫) ની મદદ કુલ ૨૯ વિદ્યાર્થીઓ તથા ૫ વિધવાબાઇઓને તા૦ ૩-૫-૧૧ ના રોજે માસ મેની મદદ મનીઓર્ડરથી મોકલવામાં આવેલ છે.

રૂ. ૭૧) ની મદદ કુલ ૨૯ વિદ્યાર્થીઓ તથા ૫ વિધવાબાઇઓને તા૦ ૧-૬-૧૧ ના રોજે માસ જુનની મદદ મનીઓર્ડરથી મોકલવામાં આવેલ છે.

આ ખાતામાં હાલમાં ફકત રૂપીયા ૮૫૦-૦-૦ બાકી રહે છે. આ ખાતામાંથી દર માસે ઉપર જણાવ્યા મુજબ રૂ. ૭૫-૦-૦ ની મદદ માસીક મોકલવામાં આવે છે. બીજા ઘણા નીરાશ્રીતોની અરજીઓ મદદને માટે આવે છે, પણ ફંડ કમતી હોવાથી દીલગીરી સાથે ના લખી જણાવવી પડે છે. સખી ગ્રહસ્થોને નિરાશ્રીત ફંડમાં વધારો કરી આપવા વિનંતી કરવામાં આવે છે, જે ગ્રહસ્થ તરફથી આ ખાતા માટે રૂપીયા મોકલશે તે માન સહિત સ્વીકારી લેવામાં આવશે.

## હિસાબી રીપોર્ટ

સંવત ૧૯૬૫-૬૬ ની સાલનો રીપોર્ટ શેઠ અમરચંદ ઘેલાભાઇ પાસે ઓડીટ કરાવ્યો હતો અને તે ૨૦ ફારમનો ઇન્દુવિજય કું. માં છપાવી ગયા મે માસના હેરલ્ડના અંક સાથે પહોંચાડેલ છે. બીજા જે ગ્રહસ્થોને જરૂર હોય તેઓએ ઓફીસ ઉપર પત્ર લખી મંગાવી લેવા મહેરબાની કરવી.

## હેરલ્ડ

સને ૧૯૧૦ ની સાલના લવાજમની પહોંચ ટાઇટલ ઉપર આપવામાં આવેલ છે.

સને ૧૯૧૧ ના સાલના લવાજમ વસુલ કરવા ચાલુ માસનો અંક ઘણા ખરા ગ્રાહકો ઉપર વી. પી. થી મોકલવામાં આવેલ છે. બાકીનાઓને માસ જુલાઇનો અંક વી. પી. થી મોકલવામાં આવશે. તે સ્વીકારી લેવા વિનંતી છે. જેમના તરફથી લવાજમ આવશે તેમના નામ ગામ રકમ ટાઇટલ ઉપર જુલાઇ માસના અંકથી છાપવામાં આવશે. નવા ગ્રાહકો વધારવા પોસ્ટ કાર્ડ લખાયા છે.

# પુસ્તકોદ્ધાર

ગયા માસના અંકના પાને મે. ઇટાલીયન કોન્સેલનો પત્ર આવેલ તેમને જવાબમાં પત્ર નીચે મુજબ લખવામાં આવ્યો હતો.

No. 418

Pydhuni Post No. 3

Bombay dated 9th April 1911.

To,

G. Jorid Esq.,

Consul for Italy,

Bombay.

Sir,

I have the pleasure to ackowledge the receipt of your letter No. 142 dated 28th March. I am glad to know that the Italian Government is unable to send Doctor Professor Liugi Suali this year, yet we shall be fortunate to wellcome him to India in the near future. It has afforded us the greatest pleasure to see your Government recognise the appreciation shewn by the Jain community of India. I have as desired by you forwarded copies of your letter under reply to the Digamber and Sthanakvasi Conferences as well as to the Ahmedabad and Bhavnagar Circles.

I shall be obliged to know your convenient time when you can afford to see the Cutchi Dasa Oshwal Library in Mandvi and Shree Mohanlalji Library in Lalbag so that I may have those libraries open that time.

I have the honour to be

Sir,

Your most obedient servant,

(Sd.) KALIANCHAND SHOBHAGCHAND

Resident General Secretary,

Jain Swetamber Conference

આ પત્રના જવાબમાં તેમના તરફથી તા. ૯ મે ૧૯૧૧ ના રોજે પત્ર આવ્યો. તેની નકલ નીચે મુજબ

No. 205

Hornby Road,
Taj Building
Bombay 9th May 1911.

Kalianchand Shobhagchand Esq.,
Resident General Secretary,
Shree Jain Swetamber Conference.
Bombay.

Dear Sir,

I am in receipt of your letter of date and in reply I shall be pleased to see you at my office tomorrow or day after anytime between 4 to 6 P. M.

Yours faithfully
(Sd.) G. Jorid.
Consul for Italy.

આ પત્રના જવાબમાં નીચે મુજબ પત્ર લખી જણાવ્યો હતો.

No. 100

Pydhuni, Post No. 3
Bombay dated 10th May 1911.

To,

G. Jorid Esqr.
Consul for Italy,
Bombay.

Dear Sir,

Referring to your letter of 9th inst. I beg to state that the Resident General Secretary Sheth Kalianchand Shobhagchand is at present out of Bombay and so Messrs. Makanji J. Mehta B. A, LL. B., Assistant General Secretary and Mohanlal D. Desai B. A. L L. B., Secretary Jain Graduates' Association will see you tomorrow at 4 P. M. (S. T.) and thereafter if it be convenient to you, they will accompany you to see the Jain Libraries at Lalbag and at Mandvi.

Your, faithfully,
(Sd.) LALCHAND L. SHAH.
*for* Assistant Secretary,
Jain Swetamber Conference.

તા. ૧૧-૫-૧૯૧૧ ના રોજે **રા. રા. મકનજીભાઈ જુઠાભાઈ મ્હેતા બી. એ એલ એલ. બી. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આસિસ્ટંટ જનરલ સેક્રેટરી** તથા જૈન એજ્યુએટસ એસોશીયેશનના સેક્રેટરી **રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ.** એલ. એલ. બી. ઇટાલીયન કોન્સેલને લાઇબ્રેરીઓ જોવા તેડવા ગયા. તેમના મુલાકાત લીધી. પ્રોફેસર સુઆલી ને ઇંડિઆમાં મોકલવા સંબંધી તથા લાઇબ્રેરી તપાસવા વાતચીત કરી પણ તેઓને બીજે દીવસે એટલે તા. ૧૨-૫-૧૧ ના રોજના મેલથી રવાના થવા સબબ કામ ઘણું હોઇ વખત નહીં મળવાથી આવવા ના પાડી હતી. બાદ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્શ ઓફીસથી બહાર પડેલ શ્રી જૈન ગ્રંથાવળીની બુક તથા રા. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડીયાનું બનાવેલ હિસ્ટરી એન્ડ લીટરેચર ઓફ જૈનીઝમની બુક બન્ને ભેટ આપવામાં આવ્યા બાદ રજાલઇ સૌ સૌને મુકામે ગયા.

## પરચુરણ કામકાજ.

પુનાથી ચાંદીની ખુરસી શેઠ ભીખુભાઇ મુલચંદ તથા શેઠ મોતીચંદ ભગવાન લઇ હતી તે અત્રે આવી ગઇ છે,

નામદાર-પાંચમાં જ્યોર્જ. રાજ્યાભિષેકની ક્રિયા ઊપર ડીસેમ્બર માસમાં હિંદુસ્તાનમાં આવતા તેમને માનપત્ર આપવા માટે ઓફિસ તરફથી ગવર્નમેંટના સેક્રેટરીને નીચે મુજબ અરજ કરવામાં આવેલ છે. તે નિચે મુજબ.

Pydhuni, Post No. 3
Bombay 7th. June 1911.

To,

The Secretary to Government.
General Department

Sir,

It will be the brightest day in the history of the Jains if an opportunity is given to them of expressing their deep feelings of loyalty by presenting an address to His Majesty the King Emperor on His Majesty's visit to India.

The Jains of Bombay on behalf of the Jain Community of India are eager to present such an address and they have asked me to enquire of you if any arrangement can be made to accepting the said address.

Soliciting an early reply.

I beg to remain.
Sir,
Your most obedient servant,
(Sd.) KALIYANCHAND SHOBHAGCHAND
Resident General Secretary,
Jain Swetamber Conference.

આનો જવાબ આવશે તે જુલાઇના અંકમાં બહાર પાડવામાં આવશે.

## જીવદયા.

કોન્ફરન્સ જીવદયા કમીટી તરફથી રૂ. ૫૦૦) સ. ૧૯૬૭ ના આસો વદ .)) સુધી ખર્ચ કરવા મંજુર થયા હતા અને સ્થાનકવાસી કૉન્ફરન્સ ઉપર તેમના તરફથી જીવદયા ખાતે રકમનો આંકડો નક્કી કરવા તા. ૨૨-૪-૧૧ ના રોજે જીવદયા કમીટીના સેક્રેટરી રા. રા. લલ્લુભાઈ કરમચંદ દલાલ તરફથી પત્ર લખાયો હતો, તેનો જવાબ તા.-૨૫-૪-૧૧ના રોજે આવ્યો હતો તેમાં લખેલ છે કે "રૂ. ૫૦૦) મંજુર કર્યા છે. દીગમ્બર મહાસભા તરફથી પત્ર આવ્યો નથી માટે હવે મહાસભાના જવાબની રાહ નહીં જોતાં કામ તરત શરૂ કરશો. જો મહાસભા ચાલુ સાલની આખર સુધીમાં રૂ. ૫૦૦ ખર્ચ કરવા મંજુર કરશે તો પાછળથી મહાસભાને સામેલ કરી શકાશે પરંતુ અત્યાર સુધી જવાબ નહીં મળવાથી એમ જણાય છે કે કદાચ જીવદયામાં ખર્ચવા માટે તેમને ફંડ નહીં હોય" આ ઉપરથી જીવદયા કમીટીના સેક્રેટરી રા. રા. લલ્લુભાઈ કરમચંદ દલાલે તા૦ ૨૮-૪-૧૧ ના રોજે સરક્યુલર દ્વારા તા૦ ૩૦-૪-૧૧ રવીવારના રોજે બપોરના ૨ વાગે (મું૦ ટા૦) કોન્ફરન્સ ઓફીસમાં જીવદયા કમીટીની એક મીટીંગ બોલાવી હતી. સ્થાનકવાસી કોન્ફરન્સના ચાર પ્રતિનિધીઓને પણ સરક્યુલરના કવાર્ડ મોકલ્યા હતા. તા૦ ૩૦-૪-૧૧ ના રોજે સં. ૧૯૬૭ની સાલની પહેલી મીટીંગ મળી હતી.

### સંવત ૧૯૬૭—જીવદયા કમીટી

જીવદયાનું કાર્ય તેમાં ખાસ કરી તે જ્ઞાનના ફેલાવા અર્થે પરિક્ષા, નિબંધો અરજીઓ, વગેરે રીતે શરૂ રાખવા-જીવદયા કમીટી મારફતે બન્ને કોન્ફરન્સનું- ભેગુ કામ રાખવાને વિશેશ લાભ કારક જણાયાથી તેમજ તે વિચારને પત્રો મારફતે બન્ને કોન્ફરન્સો એ એકમતી આપવાથી અને જીવદયા કમીટીને, રૂ. ૫૦૦) ૫૦૦) ની મંજુરી આસો વદ ૦)) સુધીના માટે આપવાથી આ કમીટીનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. મુંબઇ ઓફીસની કમીટીના ગૃહસ્થો જોડે સ્થા૦ કોન્ફરન્સે સુચવેલ બંધુઓના નામોનો વધારો કરતાં આ કમીટી નીચલા ગ્રહસ્થોની બની છે. જરૂર જણાતા ગ્રહસ્થોનો તેમાં વધારો મજકુર કમીટી કરી શકશે. તેમજ જૈનેતર ગ્રહસ્થોની એક કમીટી ( એડવાઇઝરી કમીટી) મુકરર કરી શકશે.

| | |
|---|---|
| ૧ શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ | ૨ શેઠ માણેકલાલ ઘેલાભાઇ |
| ૩ ,, ચુનીલાલ નાનચંદ | ૪ ,, લલ્લુભાઇ ગુલાબચંદ |
| ૫ ,, મોતીલાલ કશલચંદ | ૬ ,, ત્રીભોવનદાશ લહેરચંદ |
| ૭ ,, ડો. નાનચંદ કસ્તુરચંદ | ૮ ,, જમનાદાસ મોરારજી |
| ૯ ,, મોહનલાલ મગનભાઇ | ૧૦ ,, ઉમેદચંદ દોલતચંદ બરોડિયા. |

૧૧ ,, લલ્લુભાઇ કરમચંદ દલાલ　　૧૨ ,, સુરજમલ ભોજુભાઇ સોલીસીટર
૧૩ ,, લખમીચંદ માણેકચંદ ખોખાણી　　૧૪ ,, મણીલાલ હાકેમચંદ ઉદાણી
૧૫ ,, સરૈયા.

## પહેલી મીટીંગ

મજકુર ગૃહસ્થોની એક કમીટી તા. ૩૦-૪-૧૧ ને રવીવારના રોજે બપોરે ઓફીસમાં મલી હતી જે વખતે ઘણા ગૃહસ્થો બહાર ગામ હોવાથી ૪ ગૃહસ્થોની હાજરી હતી ડો. ત્રીભોવનદાસ પ્રમુખ પદે બીરાજ્યા હતા.

### હાજર ગ્રહસ્થો

ડો. ત્રીભોવનદાસ લહેરચંદ　　શેઠ લલ્લુભાઈ ગુલાબચંદ
ડો. નાનચંદ કસ્તુરચંદ　　મી. લલ્લુભાઇ કરમચંદ

ઉપરાંત મી. ખરશેદજી જ. બ. વાડીયા પધાર્યા હતા. તેઓ ઉપરાંત ડો. જહાંગીરજી ખ. દાજી મી. કેખશરૂ હોરમસજી તાલીઆરખાનને પણ આમંત્રણ કર્યું હતું.

મીટીંગમાં મુખ્ય ત્રણ બાબતો ઉપર વીચાર ચલાવી નીર્ણય કરવાની ખબર આપવામાં આવી હતી (૧) ચાલું વર્ષ માટે જીવદયાની ઇનામી પરિક્ષા વીષે. (૨) સ્થા૦ કોન્ફરન્સના પત્રો રજુ કરી-સંયુક્ત કમીટી નીમવા માટે અને કામ શરૂ કરવા વિષે (૩) નામદાર વોઇસરાય જોગ અરજી કરવા વિષે.

મજકુર કાર્યો અંગે-લંબાણ વીચાર પછે નીચે મુજબ ઠરાવો કરવામાં આવ્યા હતા

૧ મુંબઇ જૈન કોન્ફરન્સ તથા અજમેર સ્થાન કોન્ફરન્સ તરફથી રૂા. ૫૦૦) ૫૦૦ દરેક તરફના ખર્ચવા મંજુરી મલી તેની નોંધ લેવા સાથે તે રકમ ડબલ કરવા બંને કોન્ફરન્સોના જનરલ સેક્રેટરીઓ જોગ વિનંતી કરવી એમ ઠર્યું.

૨ આ વર્ષના કાર્ય માટે હાલ તરત નીચેનાં કામો હાથ ધરવાને નકી થયું અને તે બંને કોન્ફરન્સોના સેક્રેટરીઓને જણાવવા નકી થયું (બંને કોન્ફરન્સોના સરખે ખરચે)

A પશુઓની સંખ્યાં દીનપરદીન ઘટે છે અને જીવોનો નાશ વિશેષ થાય છે. તે અટકાવવા સંબંધી નામદાર વાઇસરાય જોગ અરજી કરવી (આ માટેની નકલ અજમેરથી આવેલી તે વાંચી યોગ્ય સુધારો વધારો કરવા નકી કર્યું અને તેમાં કયા ઉપાયો લેવા જોઇએ તે બીના બની શકે તો વધારવી અને તે કાર્ય મી૦ વાડીવાજીને સોંપવામાં આવ્યું.)

B **ધર્મના** નામે થતો પશુવધ અટકાવવા—કાયદા મારફતે તેવો જુલમ બંધ કરાવવા નામદાર સરકાર જોગ અરજી કરવી અને તે અરજી સારા રૂપમાં

તૈયાર કરાવવી તથા કાયદેથી અટકાવત થઇ હોય જ્યાં ત્યાંના દાખલા ટાંકવા આ માટે પુલીયા પ્રાણી રક્ષક મંડલીને તથા મી૦ લાભશંકરને લખી વધુ હકીકતો એકઠી કરવી એમ ઠર્યું.

નોટ. આવી કોઇ પણ અરજીઓ ઉપર જીવદયા કમીટીના સેક્રેટરીઓ જોડે પ્રથમ બંને કોન્ફરન્સના સેક્રેટરીઓની સહીઓ લેવી.

C દશેરા પ્રસંગે થતો પશુવધ અટકાવવા હમેશની માફક આ વર્ષે પણ અરજીઓ કરવી અને તે માટે અને તે રીતે અરજી વધુ સારા રૂપમાં કરવી અને તેમાં યોગ્ય લાગે તો પોતાના રાજ્યમાં કાયદામાં મારફતે પશુઓને રક્ષણ મલે તેવા ઉપાયો લેવા વિનવું.

D જીવદયા જ્ઞાનના ફેલાવા અર્થે (માંસા હાર ત્યાગ વધુ પ્રમાણમાં થાય તે માટે) વિદ્યાર્થીઓમાં તેવી બુકોનું શીક્ષણ આપી પરિક્ષા લઇ ઇનામો આપવા અને બનીશકે તેવી નાની બુકો ફ્રીકટ પુરી પાડવી.

૧ આ માટે ચાલુ વર્ષે મુંબઇ ઇલાકાની તમામ હાઇ સ્કુલોના મેટ્રીક કલાસના વિદ્યાર્થીઓમાં નીચલી બે બુકો માત્ર પોસ્ટેજ પુરતું લવાજમ લઇ બુકો પુરી પાડી તે ઉપર ૧૯૧૨ ના જાનેવારીમાં (યા તે લગભગ) એક દીવસ ઠેરવી પરિક્ષા લેવી અને ઇનામો નીચે મુજબ જાહેર કરવાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| એક | ઇનામ | રૂ. | ૫૦ | ઇનામ | ૫૦ |
| બે | ,, | રૂ. | ૩૦ | ,, | ૬૦ |
| ત્રણ | ,, | રૂ. | ૨૦ | ,, | ૬૦ |
| આઠ | ,, | રૂ. | ૧૫ | ,, | ૧૨૦ |
| સોલ | ,, | રૂ. | ૧૦ | ,, | ૧૬૦ |
| ત્રીસ | ,, | રૂ. | ૫ | ,, | ૧૫૦ |

**બુકોના નામ હાઇ સ્કુલ.**

I. The Testimony of Seience in favour of natural

2. Human Diet—Sidney H. Beard.

3. Fruitarian Diet and Physical Degeneration. Dr. R. L. M. ABRUMMHOKES.

૨ મુંબઈ ઇલાકાની તમામ કોલેજોના વિદ્યાથીઓને નીચેની બુકો ઉપરથી નિબંધ લખવા જણાવવું અને તે બુકો કીમત લઇ પુરી પાડવા સગવડ કરી આપવી. ઇનામો નીચે મુજબ રાખવા

| | | | |
|---|---|---|---|
| ઇનામ | ૧ | રૂ. ૧૦૦ | રૂ. ૧૦૦ |
| ,, | ૨ | રૂ. ૫૦ | રૂ. ૧૦૦ |
| ,, | ૪ | રૂ. ૨૫ | રૂ. ૧૦૦ |
| ,, | ૫ | રૂ. ૨૦ | રૂ. ૧૦૦ |
| | | | કુલ રૂ. ૪૦૦ |

કૉલેજ માટે બુકોના નામો For reference

1. Perfect Way in Diet by anna Kingsford
2. Errors in eating & Physical Degenoration
3- Diet & Food by Dr. A. Haig.

નિબંધનું કામ ફેબ્રુઆરી લગભગ રાખવું,

**નોટ**—ઇનામોમાં જીવદયાને લગતી બુકો ઉપરાંત બાકીની રકમનું રોકડ ઇનામ કે ચાંદ વિગેરે આપવું.

મજકુર બુકો જેમ બને તેમ ઓછી કીમતે મંગાવી આપવાને શેઠ લલ્લુભાઈ ગુલાબચંદે ઇચ્છા જાહેર કરી તે માટે અત્યારથી ઑર્ડરો આપવા ઠર્યું. બુકોની સંખ્યા માટે સરકારી રીપોર્ટ ઉપરથી અનુમાન કરી લેવા ઠર્યું. પરીક્ષા પત્રકો દરેક સ્કુલના હેડમાસ્તરો સીલ કરી અત્રે મોકલે અને અત્રે જે પરિક્ષકો મુકરર કરવામાં આવે તેઓ તેનું પરિણામ બહાર પાડે તેમ ઠરાવ્યું

૩ જૈનેતર ગૃહસ્થોની એક એડવાઇઝરી કમીટી નિમવાની જરૂર વિચારવામાં આવી જે કામ બીજી વખતની મીટીંગ ઉપર રાખવું.

૪ **૧૧** અને ૪ (જૈનોના નામો શરૂઆતમાં લખ્યા છે) તે મલી ૧૫ ગૃહસ્થોની કમીટી (સંયુકત કમીટી) મુકરર કરવામાં આવી—યોગ્ય ગ્રહસ્થોનો વધારે કમીટ કરી શકે તેવી સત્તા સાથે

૫ શેઠ નાનચંદ કસ્તુરચંદ મોદી .ડોકટરને આ કમીટીના જોડીયા સેક્રેટરી તરીકે નીમવા મી. લલુભાઇએ માગણી કરી જેને સરવેએ ટેકો આપ્યો તેમ ડોકટર મોદીએ ખુશીથી તે સ્વીકાર્યું.

## ઉઘરાણી

મુંબઇ, વહોડરા, પાટણ, અમદાવાદ, ભાવનગર, તથા પુના કૉન્ફરન્સમાં ભરાવેલ નાણા જેમના તરફથી નથી આવ્યા તેમાંના ઘણાખરાને કાર્ડ તથા કવર લખાયા છે.

કલકત્તા ઍરીસ ખાતે લેણા રૂપીઆ પૈકી રૂ. ૧૦૦૦) એક હજાર તા૦ ૧૯-૫-૧૧ ના રોજે બાબુ રાયબદ્રિદાસજીની પેઢીમાંથી આવ્યા છે.

---

## ધાર્મીક હિસાબ તપાસણી ખાતું

રૂ. ૧૩૩-૧૩-૦ ધાર્મીક હિસાબ તપાસણી ખાતાના ઇન્સપેકટર તથા નોકરને માસ માર્ચ ઍપ્રીલ મે-ના પગારના તથા મુસાફરી ખર્ચના ઑનરરી ઑડીટર-શેઠ ચુનીલાલ નહાનચંદ હસ્તક તા.૧૦-૬-૧૧ નારોજે આપવામાં આવેલછે,

આ ખાતાને. નિભાવવા શેઠ ગોકલભાઇ દોલતરામ તરફથી તા. ૨૬-૩-૬ થી તા. ૨૫-૩-૧૧-સુધી ૫ વર્ષ. સુધી માસીક રૂ. ૭૫.ની મદદ મલી હતી અને બીજા ૫ વર્ષ સુધી મદદ ચાલુ રાખવા પત્ર વહેવાર કરવામાં આવેલછે. આશાછેકે શેઠ ગોકલભાઇનું કામકાજ ચલાવનાર રા.રા. મોતીલાલભાઇ આ ખાતું ટકાવી રાખવા માટે મદદ આપવી મંજુર કરાવી જવાબ લખાવશે.

આ ખાતાને મોતીના કાંટા તરફથી રૂ. ૫૦ મદદ માસીક મળેછે.

ધાર્મીક હિસાબ તપાસણી ખાતાના રીપોર્ટો બીજા અંકમાં છાપવામાં આવશે.

---

## સુકૃતભંડાર ફંડ.

સં. ૧૯૬૭ના ચૈત્ર સુદ ૨ થી જેઠ સુદ ૪ એટલે તા૦ ૧-૪-૧૧ થી તા૦ ૩૧-૫-૧૧ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.

| રૂ. આ. પૈ. | |
|---|---|
| ૧૨૭૭-૧૦-૦ | ગયા માસ આખર સુધીના ૧૨૪ પાને જણાવ્યા મુજબ. |
| ૧૬-૧૪-૯ | ઉપદેશક વિના વસુલ કરી મોકલાવેલ તેની વીગત. |
| | રૂ. ૨- ૭- ૦ શેઠ બાપુલાલ લાલચંદ જુન્નેર |
| | ૦-૧૨- ૦ ,, ઉજમશી તારાચંદ છડીયારડા |
| | ૫-૧૧- ૯ મી. શોભાગચંદ મો. શાહ-કડી |
| | ૮- ૦- ૦ મેસર્સ એસ. ડી. નથમલની કું૦ મ્હૈસુર |
| | ૧૬-૧૪- ૯ |

૧૬૫-૧૨- ૦ ગુજરાતમાંથી ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૯- ૦- ૦ સલકી | ૩- ૦- ૦ સાંણોદા | ૨૦- ૦- ૦ વરસોડા |
| ૪- ૮- ૦ વરવાનુમુવાડું | ૧૧-૧૨- ૦ ધારીસણાં | ૦-૧૨- ૦ અંબોડ |
| ૧- ૮- ૦ સાંપા | ૧૩-૧૨- ૦ વાગપુર | ૫- ૮- ૦ ઓભા |
| ૯- ૮- ૦ વડવાસા | ૧-૧૨- ૦ પાટનો કુવો | ૪૧- ૦- ૦ વડવાસા |
| ૨- ૮- ૦ હાલીસા | ૧-૧૨- ૦ નવુંગામ | ૧૫- ૦- ૦ પુંધરા |
| ૩-૧૨- ૦ ઝાલા | ૧- ૪- ૦ ઉવેણ | ———— |
| ૯- ૪- ૦ ધડકણ | ૦- ૮- ૦ ધડકણ | ૧૬૫-૧૨- ૦ |
| ૨-૧૨- ૦ ચેખલા | ૭- ૦- ૦ બાકરોડ | |

૪૨- ૪- ૦ ઉપદેશક મી૦ હરખચંદ ભાભાભાઇ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૩- ૪- ૦ રંધોળા | ૦- ૮- ૦ ઇશ્વરીઆ | ૦- ૮- ૦ કોટીયું |
| ૧- ૦- ૦ ગાંગાવાડા | ૨- ૪- ૦ સણોસરા | ૧- ૮- ૦ ચોક |
| ૨- ૮- ૦ ભુતીયુ | ૧- ૪- ૦ જરીઆ | ૧-૧૨- ૦ વાલુકડ |
| ૦- ૪- ૦ ગઢુલા | ૦- ૪- ૦ સરવેડી | ૩- ૦- ૦ ડુળીઆ |
| ૦- ૪- ૦ પાંચતલાવડા | ૪-૧૨- ૦ થોળ | ૪- ૮- ૦ ભંડારીયું |
| ૨-૧૨- ૦ પીપરાળી | ૧- ૪- ૦ વારણા | ૧- ૦- ૦ મોરચુપણા |
| ૦-૧૨- ૦ કેરીયું (ઉ) | ૧- ૦- ૦ આદરેજ | ૩- ૮- ૦ નોંઘણવરદ |
| ૧- ૪- ૦ ગોલરામા | ૨- ૦- ૦ હણોલ | ———— |
| ૦- ૮- ૦ રેવા | ૦- ૮- ૦ વડાલ | ૪૨- ૪- ૦ |

૪૪-૧૦- ૦ ઉપદેશક મી૦ કેશરીમલ મોતીલાલ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૧૧- ૬- ૦ ઝાબુઆ | ૨૧- ૦- ૦ મહીદપુર | ૧-૧૨- ૦ લાલગડ |
| ૧- ૦- ૦ મંડાવદા | ૫-૧૨- ૦ ઝારડા | ૦-૧- ૦ સામગડ |
| ૦- ૮- ૦ ધાનાસુતા | ૧- ૮- ૦ મંકલા | ———— |
| ૧- ૦- ૦ ચીરોરા | | ૪૪-૧૦- ૦ |

કુલ રૂ. ૨૬૯-૮-૬ એકંદર કુલ રૂ. ૧૫૬૯-૨-૯ આવ્યા. એપ્રીલ તથા મે માસમાં ઉપદેશકો મી૦ કેશરીમલ મોતીલાલ તથા મી૦ દેવસી પાનાચંદ તથા મી૦ હરખચંદ ભાભાભાઇ રજા ઉપર હોઇ ફંડ થોડું વસુલ થયેલ છે.

---

## ઉપદેશકના ભાષણોથી થયેલા ઠરાવ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફના ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદ માસ એપ્રીલ તથા મે માસમાં ઘણા ગામોમાં ફર્યા છે. તેમાંથી નીચેના પત્રો બહાર પાડવા યોગ્ય ધારી આપવામાં આવ્યા છે.

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

શ્રી મુંબઈ

જયજીનેંદ્ર સાથે શ્રી. લાકરોડાના જૈન શંઘ સમસ્ત. લખવા વિનંતી કે ઉપદેશક વાડીલાલ શાકળચંદે આવી તા. ૨-૫-૧૧ થી તે તા. ૫-૫-૧૧ સુધીમાં કોન્ફરન્સના હેતુ ઉપર ભાષણો આપી સંતોષ પમાડયો છે. આ ગામ સતાવીશના પંચનું છે, એટલે તે વખતે સદરહુ ઉપદેશકની મારફત થયેલા ધારાથી હમો તે ધારા સાથે જોડાએલા છીએ. હમારા પંચમાં સુધારો કરવા માટે ફરી એક વખત આવવા અમારી ઉપદેશકની ભલામણ છે. અધમ રીવાજો તેમના સજડ ઉપદેશ વિના દુર થઈ શકશે નહિ. તા. ૫ને -૫-૧૧ ના. રોજ ગામના ચાવડા ગરાશીઓને એકઠા કરી કુંવર વખતશીંગજી લાલશંગજીની રૂબરૂ તેમજ જપતીદાર અને સ્કુલ માસ્તરની હાજરીમાં જીવહિંસા નહિ કરવા તેમ નહિ કરાવવા તેમ તેનું ભક્ષણ ન કરવા તેમ દારૂ નહિ પીવા તેમ ધર્મ શમજવા બાબત ઘણા સારી રીતે વીવેચન કરતા જે ભાષણની અસરથી ચાવડાઓએ દારૂ નહિ પીવો તેમ હિંસા નહિ કરવી તેમ ન કરાવવી તેમ તે ચીજ ન વાપરવી એવી ઘણા લોકોએ પ્રતીજ્ઞા લીધી હતી. અને દશરાના દીવસે પશુવધ બંધ કરેલો છે. તે જાણી સંતોષ થયા છીએ.

દઃ માણેકચંદ હાથીચંદ

તા. ક.

સદરહું ઉપદેશક મી. વાડીલાલે તા. ૫-૫-૧૧ ની રાત્રે સદરહું ગામમાં એક મોટો મેળાવડો દરબારના ચોરા આગળ ભરયો હતો. તે વખતે ગામની તમામ વસ્તી હાજર હતી. મી. વાડીલાલે બેનોના "શિયલ વ્રત" ઉપર તેમજ ફટાણા ગાણા નહિ ગાવા ઉપર ભાષણ કર્યું હતું જે ભાષણની અસરથી કેટલીક સ્ત્રીઓએ ફટાણા ગાવા નહિ, તેમ બંગડીઓ નહિ પહેરવા વીગેરે પ્રતિજ્ઞાઓ લીધેલી હતી તથા અહિના ચાવડા રજપુત ભાઈઓએ પોતાના ખરા ઉમંગથી મેળાવડામાં ભાગ લીધો હતો તેમજ અહિના આગેવાન ચાવડા રજપુતોએ દારૂ નહિ પીવા તેમજ જીવહિંસા નહિ કરવા તથા માંસ ભક્ષણ નહિ કરવા માટે નીચેના સદગૃહસ્થોએ બાધા લીધી હતી. જેઓના નામ નીચે પ્રમાણે.

| | |
|---|---|
| ચાવડા ભગવાનજી પખજી | ચાવડા ભગવાનજી જાલમભાઈ |
| ,, ઉમજી ગગાભાઈ | ,, રામજી લાલજી |
| ,, પરતાપજી જવાનજી | ,, ખોડાભાઈ જશાભાઈ |
| ,, મુખી રણછોડજી કમજી ભાઈ | ,, ગુલાબભાઈ કાલુભાઈ |

## અભીપ્રાય

મી. વાડીલાલભાઈએ સદરહુ ગામે આવી મેલાવડો ભરી જે-દારૂ અને પશુવધ બંધકરવા વિશે ભાષણ કર્યુંછે તેથી અમો ખાત્રી પુર્વક કહીએછીએકે શદરહુ ઉપદેશક

કોઇપણ ભાષણ આપવામાં પછાત નથી અને અગાધ બુધ્ધિનો માણસછે. માટે આવા ઉપદેશકો જો દર સાલ ગામો ગામ ફરશે તોજ આપણા દેશીભાઇઓમાં ઘણોજ સુધારો થશે એમ આશા રહેછે.

જીવતરામ છગનલાલ શુકલ

લાકરોડા　શ-ગુ-શા. ના મહેતાજી

ઉપદેશક મી. વાડીલાલે અત્રે આવી જે ભાષણો આપ્યા તે ભાષણોની અસર ઘણી સારી ફેલાઇછે. તેથી ઉપર પ્રમાણે બાધાઓ થઇછે. તેમજ મેં પણ પરદેશી ખાંડ નહિ વાપરવી તથા દેશી કાપડ વાપરવા તેમ ટીનના વાસણો નહિ વાપરવા તથા વિલાયતી બંગડીઓ ઘરમાં નહિ લાવવા પ્રતીજ્ઞા લીધીછે. આવીજરીતે કોન્ફરન્સ વાળા લોકો ભાષણ શરૂ રાખશેતો તેથી કરીને દેશનો સુધારો થશે ને દેશી માલ દરેક જણ વાપરશે તો દેશી ભાઇયોને કામ કરવાની ઉત્સુકતા રહેશે અને દેશ સારી સ્થતિમાં આવશે. માટે વરશમાં એક બે વખત આવા બાહોશ ભાષણ કરનાર તથા વિદ્વાન મી. વાડીલાલભાઇ સરખા ભાષણો કરશે તો તેથી લોકોના મન ફરશે એમ મને લાગે છે. જેમણે મધ્યપાન તથા પશુવધ સંબંધી બાધાઓ લીધી છે તેમની શહીઓ નીચે કરાવવામાં આવી છે.

**વાસુદેવ વિશ્ણું ગુરજર પાંધે**

લાકરોડા જપતીદાર

મુખી રણછોડ ત્રીકમજી સહી દઃ પોતે

આવડા રામજી લાલજી સહી દઃ રણછોડજી ત્રીકમજી

,, ગુલાબજી કારૂજી સહી દઃ રણછોડજી ત્રીકમજી

,, ખોડાજી જશાજી શહીદઃ તખતશીંગજી

,, પ્રતાપજી જીવાનજી સહી દાઃ તખતશીંગજી

,, ભગવાનજી પબજી સહી દઃ તખતશીંગજી

,, ભગવાનજી નીલમજી સહી દઃ તખતશીંગજી

,, ઉમજી ગગાજી સહી દઃ તખતશીંગજી

કોટડીઆ સોમચંદ ઉગરચંદ સહી દઃ પોતે

તા.૬-૫-૧૧ નારોજ દરબારના જનાનામાં ભાષણ થયું હતું તેથી બાઇયો ખુશી થઇ હતી અને પાપ ન કરવું તેમ દારૂ ન પીવો એમ પતીજ્ઞા લેવાણી હતી

રાઓલ ગોબરજી કેશવજી

રાઓલ ઉદજી ગોબરજી

વીગેરે કોઇ બાબતનું પાપ ન કરવું તે પ્રતીજ્ઞા થઇ હતી દરબારમાં બેઇયોનુ ડાહપણ દયા તરફ દોરાયું હતું તેમ પાપ ન કરવું તેમ તેમની તરફથી કહેવામાં આવ્યુ હતું દઃ કારભારી ચંદુભાઇ લીલાચંદ વાડીલાલથી જીવદયા સબંધમાં ઘણો સુધારો થયો હતો. તેથી અમોને ખુશી પેદા થાય છે.

કોરડીઆ વેણીચંદ હાથીચંદની સહી દઃ પોતે

મોજે ઓભા તાલુકે પ્રાંતીજના ગામના જૈન સંઘ સમસ્તના જયજીનેંદ્ર સાથે લખવાનું જે-આપના તરફથી ઉપદેશક મી. વાડીલાલ સાકલચંદે ગામના સઘળા લોકોને ભેગા કરી ઘણુંજ રસીક સંતોષકારક છટાદાર અને મનની કુદ્રતીયો દુર કરી નાખે એવા ભાષણો કર્યા હતા તેમના સદુપદેશવડે અત્રે ઠાકરડા કોમપૈકી નીચેના સખ્સોએ દારૂ ન પીવો જીવહિંસા કરવી નહિ કરાવવી નહિ વિગેરે નીયમો જીંદગી પર્યંત કર્યાછે વળી માંસ ભક્ષણ પણ નહિ કરવું,

ઉપર લખ્યા મુજબ જેઓએ ત્યાગ કર્યું છે. તેઓનાનામ નીચે મુજબ

| નામ | નામ |
|---|---|
| ૧ જીવાજી ઉગરત | ૮ ઝગાજી ગોબરજી |
| ૨ ઉગરાજી રણછોડજી | ૯ રાજાજી ચંદાજી |
| ૩ વીરમા વાઘાજી | ૧૦ રાણાજી ચંદાજી |
| ૪ સુરાજી સામતાજી | ૧૧ અમથાજી ભગાજી |
| ૫ હેમતા કશાજી | ૧૨ હેમતા ભુપતાજી |
| ૬ ભીમાજી કશાજી | ૧૩ સબાજી પહાડજી |
| ૭ સુરભાણ જીવાજી | |

દારૂ બંધ કરનાર ધણીનું નામ

નથાજી કુબેરજી વીગેરે

મી. વાડીલાલ ઘણાજ બાહોશ અને વાકચ પટુતાની આતુરી વાળા ઉપદેશકછે બેશક કોન્ફરન્સે આવા ચાલાક માણસને રાખવાથી કોન્ફરન્સનો હેતુ સફલ થાયછે આવાજ ઊપદેશકો મોકલવામાં આવેતો ફકત એકલાજ જૈનનોજ નહિ પણ સામાન્ય રીતે સઘળી કોમોનો ઉદ્ધાર થાય એમછે. તાત્પર્યકે કુચાલોથી (પશુવધ દારૂ આદિ કુદરતના નિયમ વીરૂધ) દુર થાય-

આ જડ ભુમી જે ઘણાજ વરસથી સદુપદેશ વિના અનેક માઠા કર્મો (પશુવધઆદી) કરેછે તે જો આવા હુશિયાર ઉપદેશકના ઉપદેશ ગ્રહણ કરેતો કોમની ભવિષ્યની સ્થીતી સુધરવા સાથે અનેક જીવોને અભયદાન મળે

અમે ઘણોજ સંતોષ માનીયે છીએ કે મી. વાડીલાલ સાક્ષર વર્ગમાં અને અન્ય અભણ વર્ગમાં તેઓ ઘટતો બોધ આપે છે.

કેશવલાલ કુબેરદાસ શાહ

સ્કુલમાસ્તર-ઓભા.

આ ગામ ૨૭ ગામના એકડાનું છું મી. વાડીલાલ જયારે અમારા એકડાનું પંચ એકઠું કર્યું. ત્યારે કેટલાક જડ ઘાલેલા અધમ રિવાજો જેવા કે દંડની વસુલ આવેલી રકમની પીંટીયો કરાવી એકડામાં આવેલા ઘરોમાં વહેંચી દેવાનો પુરાણો રિવાજ હતો. તેમજ એવા બીજા કેટલાક પુરાણા રિવાજો દુર કરાવ્યા છે મી. વાડીલાલભાઇ પોતાના કામમાં રાતદીવસ એક નિષ્ટાથી મચ્યા રહે છે જો ઉપદેશક સરવે બાબતમાં પોતે પ્રથમ બરાબર પાળી શકતો હોય તો તેનો ઉપદેશ સર્વાંસે સફલ થાય એ બાબતમાં મી. વાડીલાલભાઇ સદ્ગુણોમાં સ્તુત્ય છે.

તા. ૯-૫-૧૧ મંગળવાર
કેશવલાલ કુબેરદાસ શાહ
મેતા શીવલાલ મનસુખરામ સહી દઃ પોતે
મેતા લલુ હરીભાઇ સહી દઃ ફુલચંદ હરીભાઇ
મેતા મગનલાલ દામોદર સહી દઃ પોતે

તા. ક.

મી. વાડીલાલના ઉપદેશથી સ્ત્રીઓએ બંગડી ન પહેરવી તથા ફટાણા ગાણા ન ગાવા તથા ઓરાણ પ્રમાણે રડવા કુટવાનો રિવાજ દાખલ કરવો એ પ્રમાણે ઠરાવ કર્યો છે.

K. K. Shah

## મંદિરોદ્ધાર ખાતું.

રૂ. ૧૫-૦-૦ ગામ વાએડ તાલુકા પાટણ મધેની ટીપના હ. શેઠ ન્યાલચંદ નગીનદાસ તથા શેઠ ઉમેદચંદ શાકળચંદને તા૦ ૧૦-૬-૧૧ ના રોજે આપ્યા છે.

## નિભાવ ફંડ ખાતું.

ગયા અંકમાં જણાવ્યા મુજબ ઓફીસ સ્ટાફમાં ઘટાડો કરયો હતો. હાલમાં આ ખાતું કાયમ નભાવવા સુકૃતભંડાર ફંડની યોજનાને માન આપી ફંડ વસુલ આપવા ઘણા ગૃહસ્થોને પત્રો લખેલા છે, તથા ઉપદેશકોને કાઠીયાવાડ, ગુજરાત, મારવાડ, માળવામાં મોકલવામાં આવેલ છે.

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**

## એજ્યુકેશન બોર્ડ.

રૂ. ૩૨૦–૦–૦ જુદી જુદી પાઠશાળાઓને તા૦ ૬–૬–૧૯૧૧ ના રોજે મનીઓર્ડરથી માસ અકટોમ્બર નવેમ્બર તથા ડીસેમ્બર ૧૯૧૦ ની મદદના મોકલવામાં આવેલ છે.

રૂ. ૧૪૫–૧૩–૦ વિદ્યાર્થીઓને માસ અકટોમ્બર નવેમ્બર તથા ડીસેમ્બર ૧૯૧૦. ની સ્કોલરશીપના તા૦ ૧૪–૬–૧૧ ના રોજે મનીઓડરથી મોકલેલ છે.

મુંબઇના રહેતા વિદ્યાર્થીઓ, જેને મદદ મળે છે તેઓએ ઓફીસે આવીને લઇ જવી. શ ૧૯૧૧ ના જાનેવારીથી તે બે માસની ચડેલી મદદ ફંડ થશે તો મોકલવામાં આવશે.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીયા**
**મનસુખલાલ કીરતચંદ મ્હેતા**
ઓનરરી સેક્રેટરીઓ
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## નામદાર શાહેનશાહનો જન્મ દીવસ

નામદાર પાંચમાં જર્યોર્જના જન્મ દીવસ તા૦ ૩ જી જુન ૧૯૧૧ ના રોજે હોવાથી તે શુભ પ્રસંગે શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ બંધ રાખવામાં આવી હતી

## ખુશ ખબર

વોરા ભાઇચંદ અમુલખ કે જેઓ જામનગરના વીસા શ્રીમાલી જૈન છે અને જેઓ ઘણાં વર્ષ થયા અહીં સરાફ અને વેપારીઓમાં વીમાનું કામ કરતા હતા તેઓને હમણા કમરશીઅલ યુનીયન વીમા કંપની કે જે દુનીયામાં મોટી વીમા કંપની તેની સ્કોટીશ એલાયન્સ વીમા કંપનીની ચીફ એજન્સી મલી છે. આજ દીવસ સુધી કોઇ પણ જઇનને કોઇ વીમા કંપનીની ચીફ એજન્સી મલી નથી. અને તેમાં પણ તેઓની આવી મોટી કંપનીની ચીફ એજન્સી મલી છે, તે ખરેખર આપણી આખી જૈન કોમને મગરૂબ થવાનું કારણ છે. આપણા જૈન ભાઇઓ પોતાની કોમનું અભિમાન રાખવા ચુકશે નહ અને તેઓ પોતાના કાર્યમાં ફતેહ પામે એવું અમો ઇચ્છીએ છીએ.

## મર્હુમ મુનિ મહારાજ રવીસાગરજીની તીથી થયેલ પ્રાર્થના.

મર્હુમ મુનિ મહારાજ રવીસાગરજી જેઠ વદ ૧૧ ના રોજે કાળ કર્યો હતો. આ તીથીએ મુનિ મહારાજ બુદ્ધિસાગરજીએ અગાઉના મુનિ મહારાજાઓના ગુણ ગાઇ છેવટે મર્હુમ મુનિ મહારાજ રવિસાગરજી જેઓ બુદ્ધિસાગરજીના ગુરૂના ગુરૂ હતા તેમના ગુણ, તેઓએ કરેલા શુભ કાર્યો ઉપર ઘણુંજ અસર કારક વિવેચન કર્યું હતું એ ઘણુંજ પ્રસંશનીય અને અનુકરણ કરવા યોગ્ય હતું. આ પ્રસંગે મી૦ કાળીદાસે એક સ્તુતિ ગાઇ હતી.

## પાંચમા જયોર્જના ઇંગ્લાંડ મધ્યે રાજયાભિષેકનો જાહેર તેહવાર અને ખુશાલી

ગુરૂવાર તા૦ ૨૨-૬-૧૧ ના રોજે નામદાર શહેનશાહ જયોર્જ પાંચમાંના ઇંગ્લાંડ ખાતે તખ્તશીન થવાનો શુભ દિવસ હોવાથી, આ દીને **શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ** બંધ રાખવામાં આવી હતી.

લાલબાગ મધ્યે જૈન સંઘ એકત્ર થયો હતો અને ના૦ શહેનશાહ જયોર્જ પાંચમાને દીર્ધાયુષ્ય ઇચ્છવા પ્રાર્થના કરવામાં આવી હતી. મુનિ મહારાજ બુદ્ધિસાગરજી તથ રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા તથા શેઠ મોહનભાઇ મગનભાઇએ ઘણું જ અસર કારક વિવેચન કર્યું હતું બાદ સંઘ તરફથી સ્થપાએલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી એક તાર મુબારક બાદીનો ગવર્નમેન્ટ ઉપર મોકલવા સંઘે ઠરાવ કર્યો આ ઠરાવ અનુસાર કોન્ફરન્સ ઓફીસના રેસીડન્ટ જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ શોભાગચંદના નામથી તાર કરવામાં આવ્યો હતો તેની નકલ નીચે મુજબ.

To,

Secretary to Government

POONA.

Pleace convey deep feelings of loyalty of pleace loving and law abiding Jain Community to their most Gracious Majesties king Emperor and queen Empress on their Coronation Ceremo ny Long live their Majesties.

KALYANCHAND SOBHAGCHAND

Resident General secretary

Jain Swetamber Conserence.

**જૈન દેરાસરોમાં આંગી રૂષનાઇ કરવામાં આવી હતી.**

## હેરલ્ડ માસિકના ગ્રાહકોને નમ્ર સૂચના

ચાલુ સાલનું લવાજમ રૂ. ૧-૪-૦ વસુલ કરવા, ઘણા ખરા બહાર ગામના ગ્રાહકોને જુન માસનો અંક રૂ. ૧-૫-૦ ના વી. પી. થી મોકલવામાં આવેલ છે. બીજાઓને જુલાઇનો અંક વી. પી. થી મોકલવામાં આવશે, તે સ્વીકારી લઇ આભારી કરશોજી. અને ચાલુ વર્ષના પાછળના અંકો જેઓને નમળ્યા હો તેમણે મંગાવી લેવા સ્પષ્ટ લેવી.

વસુલ આવેલ લવાજમની પહોંચ જુલાઇ માસના અંકથી છપાવામાં આવશે.

**લાલચંદ લક્ષ્મીચંદ શાહ.**

એક રૂપીએ ચાર આના.

| | | | |
|---|---|---|---|
| શેઠ ન્યાલચંદ ઉમેદચંદ | રાંધેજા | શેઠ ઉગરચંદ મલુકચંદ | રામપુરા |
| નગરશેઠ છોટાલાલ નવલચંદ | રાંદેર | ,, મુલચંદ ચતુરભાઈ | વઢવાણકાંપ |
| શ્રી રત્નસાગર જૈન પાઠશાળા | રામપુરા | ,, મગનલાલ મયાચંદ | વણોદ |
| ,, લીલાધર માણેકચંદ | રાયધાનગર | ,, જેઠાભાઇ નરોતમદાસ | વસો |
| ,, દેવચંદ જેચંદભાઇ | રાતા | ,, કીશનલચંદ હીરાલાલ | વર્ધા |
| ,, સમનલાલ હેમરાજ | રાયપુર | ,, લક્ષ્મિચંદ લાલચંદ | વડુ |
| ,, નાગરદાસ પુરૂશોતમ | રાણપુર | ,, પ્રાગજી વીરચંદ | વલસાડ |
| ,, હીરાલાલ ભેરૂલાલજી | રતીજા | ,, ગીરધરલાલ ગુલાબચંદ | વલાદ |
| ,, મનસુખલાલ સુરજમલ | રંગુન | ,, ઝવેરભાઇ રતનચંદ | વ્યારા |
| ,, પુનમચંદ ફતેહચંદ | ,, | ,, અખેચંદ મલુકચંદ | વાઘ |
| ,, મુલજીભાઇ ધારશીની કું. | ,, | ,, શાકળચંદ જેચંદ | વટાદરા |
| ,, મુળચંદ ખેમચંદ | ,, | ,, કાલીદાશ મગનલાલ | વાસદ |
| ,, શ્રીમલલ ન્યાલચંદ | ,, | ,, હશરાજ શાંતીદાશ ગાંધી | વાંકી |
| ,, મનસુખલાલ પાનાચંદ | ,, | શ્રી સંઘ સમસ્ત મનીરામ રામશુખજી. | વાપી |
| ,, બુધાજી સદજી | લાસગામ | ,, પ્રેમચંદ ઝવેરચંદ | વાંસદા |
| ,, પુરશોતમ ભુદરદાસ | લાકીદડ | ,, નવલાજી ભગવાનજી | વાંદરા |
| ,, સોજપાલ કાયા | મુંબાઇ | ,, ધનજી ગુલાબચંદ | વાંકાનેર |
| ,, ખોડીદાસ છગનલાલ | લાંઘણજ | ,, નથુભાઇ મંચ્છાચંદ | વીજાપુર |
| ,, ઓઘડભાઇ કાળીદાસ | લીંબડી | ,, મહાસુખલાલ ચુનીલાલ | વીશનગર |
| ,, સુંદરજીભાઇ હીરાચંદ | ,, | ,, કલ્યાણજી ખુશાલભાઇ | વેરાવળ |
| ,, જેચંદભાઇ ખેમચંદભાઇ | લોદરા | ,, કપુરચંદ લક્ષ્મિચંદ | ,, |
| ,, ગણેશીલાલ લુણીયા | વડાંક | ,, પાનાચંદ પંચાણ ખંધાર | વોંઢ |
| ,, ફતેચંદ અમીચંદ | વડોદરા | શ્રી સંઘ સમસ્તહ. કચાધનજી | વંડા |
| ,, ઝવેરભાઇ ગડબડભાઈ | વડોદરા | | |
| ,, મગનલાલ ચુનીલાલ | ,, | ,, લાલા ખુબચંદજી | સહરાનપુર |
| ,, જમનાદાસ રામચંદ કોઠારી | ,, | ,, રણછોડદાશ છગનલાલ | સાદરા |
| ,, ફકીરભાઇ ઘેલાભાઈ ઝવેરી | ,, | ,, ચતુરભાઇ કરશનદાશ | સાણંદ |
| ,, નેમચંદ બેહેચરદાશ | ,, | ,, દેવકરણભાઈ અદેકરણ | ,, |
| ,, નંદલાલ લલ્લુભાઇ વકીલ | ,, | ,, ગોવિદજી ઉમેદભાઇ | ,, |
| ,, ગોવિંદરાવ દીપાજી શાળવી | ,, | ,, માનસિંગજી કોઠારી | સારંગી |
| ,, કલ્યાણચંદ અમીચંદ | ,, | ,, જેચંદજી હીમતલાલજી | સીરોહી |
| ,, નારણજી અમરશી | વઢવાણ શહેર | ,, ગુલાબચંદ કેવળચંદ | શ્રાગોંડા |
| ,, ત્રીભોવનદાશ મંગલજી | ,, | ,, વેણીચંદ નથુભાઇ | શીપોર |
| ,, રેવાશંકર શોમચંદ | ,, | ,, હરસિંગજી કોઠારી સાઇલાના | |
| ,, લક્ષ્મિચંદજી ધીરધીચંદજી શીઓની છાપ્રાં | | | |

એક રૂપીઓ ચાર આના.

| | | | |
|---|---|---|---|
| શેઠ ત્રીલોકદાશજી ગણેશદાશજી | સી ઓનીછાપા. | શેઠ સીરેમલજી કોઠારી | શીઓની |
| ,, દોલત રામજી | સીતામાઉ | ,, સુજાનમલજી ભંડારી | હીંગણઘાટ |
| ,, નથુલાલજી હેમચંદ | ,, | ,, મગનલાલ મલુકચંદ | હુબળી |
| ,, પુનમચંદજી ભણશાલી | ,, | ,, દોલતરામ હુશીઆરપુર | ,, |
| ,, જુહારમલજી શાવમાંણીક | ,, | ,, સરદારમલ સુગનમલ | હૈદરાબાદ |
| ,, મોતીચંદ દલાજી | સીશોદરા | ,, મોદી માનાલાલ | મંદસોર |
| ,, શીવદાન શામલાલ | શીરસા | શ્રી જૈન શ્વેતાંબર લાઇબ્રેરી | ,, |
| ,, છગનલાલ ચુનીલાલ | સુરત | શેઠ લક્ષ્મીચંદ માણેકચંદ | મુંબઇ |
| ,, દીપચંદ ભીમાજી | ,, | ,, હીરાચંદ વશનજી | ,, |
| ,, મગનભાઇ ગુલાબચંદ | સુરત | ,, ઉતમચંદ હીરજીભાઇ | ,, |
| ,, મગનલાલ રાયચંદભાઇ | ,, | ,, નાનાભાઇ તલકચંદ માસ્તર | ,, |
| ,, ઉમેદચંદ કસ્તુરચંદ | ,, | ,, ફુલચંદ ખુશાલ | ,, |
| ,, લખમાજી જીવણજી | ,, | ,, કેશવલાલ ધારશીભાઇ | કલકતા |
| ,, ચુનીલાલ સુરચંદ કાપડીયા | ,, | ,, જાદવજી ધનજી | માલેગા |
| ,, મગનલાલ જીવણભાઇ | સુદામડા | ,, ગુલાબચંદ ગીરધરલાલ | ડગ |
| ,, હરશીભાઇ દેવરાજ | શેરડી | ,, ટોકરશી હીરજી જૈની | આકોટ |
| ,, દલસુખભાઇ વાડીલાલ | સોલાપુર | ,, મુનિમજી સતીદાનજી | ડુંગરપુર |
| ,, મુળચંદ ફુલચંદભાઇ | હાથોડા | ,, જેચંદજી પનાલાલજી | નીશરપુર |
| ,, લેખરાજમલજી મનરૂપદાસ | | શાહ રોડમલ મેઘરાજજી | સુસારી |
| | | શેઠ ઉજમશી તારાચંદ | છડીયારડા |
| ,, કસ્તુરચંદજી મનરૂપદાસજી | ,, | ,, લાલચંદ શીવરામ | ખરેચી |
| ,, હેમચંદ રીખવદાસ | ,, | શ્રીપુજ નેમચંદજી | બાગ |
| ,, ત્રીભોવનદાસ ઝવેરચંદ મ્હેતા | હળવદ | શેઠ નગીનદાસ દોલતરામ | જોધપુર |
| ,, જગજીવન રતનજી | હણોલ | ,, ડોસાલાલ જે શાંગ. | બોદલા. |
| ,, ઠાકરશી માણેકચંદ | હાથસણી | શેઠ નાનચંદ કસ્તુરચંદ મોદી | મુંબાઇ |
| ,, અગરચંદજી | હીંગણઘાટ | શેઠ ધુરજીચંદ | બીરછાફ |

૨-૪-૦ શેઠ નથુરામ મુલચંદ દોલખાચ ૨-૪=૦ શેઠ લક્ષ્મીચંદજી એદનુર

૧-૦-૦ શેઠ વેલજી શામજી ધમતરી ૨-૪-૦ શેઠ નથુભાઇ ગુલાબચંદ બેટ

૨-૪-૦ શેઠ લાલજી ઠાકરશી નારાયણપર

૧-૧૧-૦ શેઠ સુરજમલજી મહેતા નાગપુર ૨-૪-૦ શેઠ નવલાજી મેઘાજી બેંગલોર

૨-૪-૦ શેઠ ગુલાબચંદજી રાયચંદજી નીટોડા ૨-૪-૦ શેઠ લક્ષ્મીચંદજી અખેરાજ ,,

૨-૪-૦ શેઠ ભગવાન જેશાજી પીંડવાડા ૨-૪-૦ શેઠ મોતીચંદ પાનાચંદ ભાણવડ

૧-૧૨-૦ શેઠ ગુમાનચંદજી કસરમલ ૧-૧૨-૦ શેઠ છોટાલાલ મોતીચંદ બોયણી

બળટગર ૧-૮-૦ શેઠ હેમચંદ ફુલચંદ મહુવા

૨-૪-૦ શેઠ ઝવેરભાઇ શીવલાલ બામણગામ ૧-૧૨-૦ શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સના મેનેજર મધુવન

વિશેષ પહોંચ હવે પછીના અંકમાં આપવામાં આવશે.

Registered N. B. 525.

ॐ

# श्री जैन श्वेतांम्बर कोन्फरन्स हेरल्ड

પુસ્તક ૭ ] વીર સંવત્ ૨૪૩૭ જુલાઈ ૧૯૧૧ [ અંક ૭

પ્રગટ કર્તા

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १--४--०

मुंबई.

कालबादेवी प्रिन्टिंग प्रेस.

# અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ |
|---|---|
| હૃદયમાં જીન પ્રતિમા ... ... ... ... ... | ૧૯૩ |
| મિથ્યાભ્યાસો કયા હુવા—જીન ભક્તિમાં થતો આનંદ ... ... | ૧૯૪ |
| શીયળ વ્રત ... ... ... ... ... ... | ૧૯૫ |
| મુનિદાન ... ... ... ... ... ... ... | ૧૯૯ |
| सिवनीमे प्रतिष्ठा ... ... ... .... ... | २०३ |
| જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગદર્શન અને તે સુધારવાના ઉપાયો (લેખક રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલ. એલ. બી.)... | ૨૦૬ |
| બરમા લોકોની રીતભાત (લેખક રા. રા. પોપટલાલ ત્રીભોવન) ... | ૨૧૦ |
| ખોરાક આરોગ્ય અને બળ ... ... ... ... ... | ૨૧૨ |
| મુંબઇ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ | ૨૧૩થી૨૩ |
| એડવાઇઝરી બોર્ડ ... ... ... ... ... ... | ૨૧૩ |
| જીવ દયા ... ... ... ... ... ... ... | ૨૧૪ |
| સુકૃતભંડાર ફંડ ... ... ... .... ... ... | ૨૧૫ |
| મંદિરોદ્ધાર ખાતું ... ... ... ... ... ... | ૨૧૯ |
| પરચુરણ કામકાજ ... ... ... ... ... ... | ૨૨૦ |
| વીશનગરમાં સ્થપાયેલ કેળવણી ફંડ ... ... ... ... | ૨૨૪ |
| શેઠ ગોકળભાઇ મુળચંદ જૈન બોર્ડીંગનો પહેલા વર્ષનો રીપોર્ટ ... ... | ૨૨૫ |


---

## પુસ્તક પહોંચ.

વિશ્વ વિલાસ દ્વિતીય ભાગ—ધર્મ કાંડ વિભાગ ૧ લો } અમૃતલાલ જટાશંકર બુચ રાજકોટ.
,, ,, ,, ,, ૨ જો }

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાનો સં. ૧૯૬૬ની સાલનો રીપોર્ટ.

શેઠ ધેલાભાઇ લાલભાઇ ઝવેરી—કેશર—બરાસ ફંડનો રીપોર્ટ.

આગમસારોદ્ધાર ગ્રંથ .. ... ... શેઠ મોહનલાલ હેમચંદ પાદરા.

શેઠ ગોકળભાઇ મુલચંદ જૈન બોર્ડીંગ—હોસ્ટેલનો પહેલા વર્ષનો રીપોર્ટ.

**વધારો**—આ સાથે મેસર્સ મેઘજી હીરજીની કુા. ના હેન્ડબીલો વહેંચવામાં આવ્યાછે તે ઉપર ધ્યાન ખેંચવા વાંચકવૃંદને વિનંતી છે.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

कोऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरत्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम्।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थकरत्वं भवेत्॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાર્યોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઇ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઇ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭ ] વીર સંવત્ ૨૪૩૭ જુલાઇ ૧૯૧૧ [ અંક ૭

## હૃદયમાં જિન પ્રતીમા

(વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયા-એ રાગ)

પ્યારા જીનંદ મોએ લાગીરે લગનીયા—તારી મહારાજ,
મોહક મંદીર ભુલ્યો, તૃષ્ના તુટી અણમેરી
દેખત જીનંદ દેદાર, મુજ ઘટ ઘરમાં વસીયા હસીયા રસીયા
આ. આ. આ. આ. આ. આ. આ. આ. પ્યારા.—૧

પ્યારી પડીમા જીનવરકી, નયને નીહાલીમેંતો
મોહ તિમિર હુવો દુર મુજ ઘટઘરમાં હસીયા વસીયા રસીયા.
આ. આ. આ. આ. આ. આ. આ. આ. પ્યારા—૨

ચિત્તડુ શીતલ તબ થાયે, "લોહમણિ" જયું અટકાવે,
"શાન્તિ" દીખાવે ભરપુર—મુજ ઘટઘરમાં હસીયા વસીયા રસીયા.
આ. આ. આ. આ. આ. આ. આ. આ. પ્યારા—૩

## મિથ્યા ભમ્યા સો કયા હુવા

(જીને જીનકો નામ લીયા નહિ, જગમે હુવા સો કયા હુવા-એ રાગ)

જિન ભકિત રસ પીયા નહિ, મિથ્યા ભમ્યા સો કયા હુવા
મિથ્યા ભમ્યા સો કયા હુવા, જગમાંહી સુકૃત કયા કીયા, જિન. ૧
જીનરાજ શરણુ ગયો નહિ, મદ મસ્ત તુંહી મચ્યો રહી
ભવ ભ્રમણુમાં ભુલી રહી, મિથ્યા ભમ્યા સો કયા હુવા, જિન. ૨
પરનીંદાકો મનમેં દહી, રૂદ્ર ધ્યાનકો મનમેં ગહી
ધર્મ ધ્યાન શુકલ ધ્યાયોનહિ, મિથ્યા ભમ્યા સો કયા હુવા, જિન. ૩
જીન તત્વકો દેખ્યો નહિ, નિજ આત્મરૂપી સુજ્યો નહિ
ગુની સદ્‌ગુરૂ શીર ધર્યો નહિ, મિથ્યા ભમ્યા સો કયા હુવા, જિન. ૪
અવતાર સબ ગુમા દીયા, કંદર્પકું વસ ના કીયા
મુલ તત્વોકો ભુલા દીયા, મિથ્યા ભમ્યા સો કયા હુવા, જિન. ૫
"શાન્તિ મંડળ" ગાવે કહી, વર્ધમાન નગરીમેં રહી
મણિલાલ અરજ મનમેં દહી, જીનરાજ શરણુ નીજમાં લીયે, જિન. ૬

## જીન ભકતીમાં થતો આનંદ.

(ખરેખર તુલશી સમ ગતી તારી-એરાગ.)

નીરખતાં અકલ ગતી પ્રભુ તારી (૨)
તનમન મેરો સફલ ભયો હે-કર્મ કટત સુખકારી
નીરખતાં અકલ ગતી પ્રભુ તારી-

સાખી.

જીન ભકિત કે રંગમેં, ચેતન હે ચકચુર.
શ્રી જીન પતિકો સમરતે, અબ હે આનંદ પુર-નીરખતાં તનમન મેરો ૧

સાખી

ઉત્તમ ભવિજન મન રટે, નીશદીન જો તુજ નામ.
દાસ અરજ મનમેં ગ્રહી, સફલ ભયે સબ કામ-નીરખતાં તનમન મેરો ૨

સાખી.

જીન ભકિત ઉછરંગમેં, અબ હું આનંદ પુર.
બાલ ખ્યાલ કે તાલમેં, કર ચેતન મગરૂર-નીરખતાં તનમન મેરો ૩

સાખી.

પીંગલકો નહીં જાનતે, કાવ્ય નહી કછુ રીત.
કૃપા કરી પ્રભુ તારના, મુજ તુજ એસી પ્રીત-નીરખતાં તનમન મેરો ૪

સાખી

વધમાન સુસ નગરમે, જીનઘર બહોત વિશાળ
"શાન્તિજીન" મંડલ મહીં, ગાવત હૈ મણીલાલ. નીરખતાં તનમન ૫

મણીલાલ કાળીદાશ શાહ
મેનેજર
શાન્તિજીન મંડળ વઢવાણસીટી.

# શીયળ વ્રત

आपद्रूपे महतम्नौ, नयंति शीलकांचनं
नैर्मल्यं याःस्त्रिया, काश्चित्ताः स्यु, केषा न चित्रदाः

જે કોઇ સ્ત્રીઓ આપત્તિરૂપ મોટા અગ્નિમાં શીલરૂપ સુવર્ણને નિર્મલ કરે છે તેવી સ્ત્રીઓ કોને આશ્ચર્ય ન પમાડે?

આ ઉપર અંજનાસતીનું દ્રષ્ટાંત છે તે નીચે મુજબ.

## સતી અંજનાની વાર્તા

જંબુ દ્વીપને વિષે પ્રલ્હાદન નામના નગરમાં પ્રલ્હાદન નામે રાજા રાજ્ય કરતો હતો તેને પ્રહ્લાદનવતી નામે રાણી હતી તેમને **પવનંજય** નામે એક કુંવર હતો. એ સમયે વેતાઢયગીરી ઉપર અંજનકેતુ રાજા રાજ્ય કરતો હતો તેને અંજનવતિ નામે રાણી હતી તેમને **અંજના** નામે પુત્રી થઇ હતી. તે યૌવનવતી થતાં તેનું પાણી ગ્રહણ કરાવવાનો અંજનકેતુ રાજા અનેક કુમારોના ચિત્રો પટઉપર આલેખાવી મંગાવી તેને બતાવતો હતો તથાપી કોઇ કુંવરના રૂપ ઉપર તેને પ્રીતી થતી ન હોતી એક વખતે રાજાએ **ભવિષ્યદત્ત** અને **પવનંજય** કુમારના રૂપ ચિત્ર પટ ઉપર આલેખી મંગાવી તેણીને બતાવ્યા બન્ને કુમારના કુળ, શીલ, બળ અને રૂપ સુંદર જોઇ તે ચીત્રો તેણે પોતાની પાસે રાખ્યા.

એક વખતે રાજા અંજન કેતુ મંત્રીઓની સાથે તે કુમારોના ગુણ વિગેરેનો વિચાર કરવા લાગ્યો. તેણે મુખ્ય મંત્રીને પુછ્યું કે આ બંને કુમારમાં વિશેષ કોણ છે! મંત્રીએ કહ્યું "મહારાજ! **ભવિષ્યદત્ત** કુમારમાં જો કે ઘણા ગુણો છે તથાપી શ્રી ભગવંતે કહ્યું છે કે તે **ભવિષ્યદત્ત** અઢાર વર્ષની વયે મોક્ષ પામશે, તેથી એ આપણી કન્યાને યોગ્ય વર નથી. પણ સર્વ રીતે આ **પવનંજય** કુમાર યોગ્ય છે." આ પ્રમાણે મંત્રીના કહેવાથી રાજાએ તેની સાથે **અંજનાના** લગ્ન નિર્ધાર્યા.

આ ખબર પવનંજય કુમારને થતાં તે રૂપભદત્ત નામના પોતાના મિત્રને સાથે લઇ અંજનાનું લાવણ્ય તથા તેનો પ્રેમ જોવા માટે ત્યાં આવ્યો. બંને નીલ વસ્ત્ર ધારણ કરી રાત્રે ગુપ્ત રીતે શ્વસરગ્રહના અંતઃપુરમાં દાખલ થયા; ત્યાં મધુર આલાપ થતો સાંભળવામાં આવ્યો. કોઇ સખી અંજનાને કહેવાલાગી–સ્વામીની; તમે છેવટે જે બે કુમારોના ચિત્ર જોયાં હતા, તેમાં જે ભવિષ્યદત્ત છે તે ગુણોથી અધિક અને ધર્મજ્ઞ છે, પણ તે અલ્પ આયુષ્ય વાળો છે. એવું જાણી તેને છોડી દીધો છે અને બીજો પવનંજય દીર્ઘાયુ હોવાથી તેની સાથે આપનો સંબંધ થયો છે. તે સાંભળી અંજના બોલી.

" સખી! અમૃતના છાંટા થોડા પણ મીઠા અને દુર્લભ હોય છે. અને વિષ હજાર ભાર-હોય તો પણ તે કશા કામનું હોતું નથી;" તે સાંભળી પવનંજય કુમાર તેના ઉપર ક્રોધાય માન થઇ ખડગ ખેંચીને તેને મારવા તૈયાર થયો. તેને મિત્રે વાર્યો અને કહ્યું, મિત્ર ; આ વખતે રાત્ર છે. આપણે પારકા ઘરે આવ્યા છીએ. વળી આ કુમારી કન્યા છે જ્યાં સુધી તેને તમે પરણી નથી ત્યાં સુધી તે પરકીયા છે. તેથી તેને હણવી યોગ્ય નથી પછી તે બંને ત્યાંથી પોતાના સ્થાનકે ચાલ્યા ગયા, ત્યાંથી પવનંજય તેની ઉપર અત્યંત ખેદ વહન કરવા લાગ્યો.

પછી તેની સાથે પાણી ગ્રહણ કરવાને તે ઇચ્છતો નહિ હતો તથાપી તેના પિતા વિગેરેએ તેને માંડમાંડ સમજાવીને તેને પરણાવ્યો. પરંતુ ચોરી મંડપમાં પવનંજય કુમારે રાગથી તેના મુખ સામુ પણ જોયું નહી, અને પરણ્યા પછી પણ તેણીને તેણે બોલાવી નહી આથી તે નિરંતર દુઃખી સ્થિતી અનુભવવા લાગી. ઘણા ઉપાયે પણ તેને ભર્ત્તાનું સુખ પ્રાપ્ત થયું નહિ એવી રીતે બાર વર્ષ વીતી ગયા.

એ અવસરે પ્રતિ વાસુદેવ રાવણ વરૂણ વિદ્યાધરને સાધવા ગયો હતો, ત્યાંથી તેનો એક દૂત પ્રહલાદન રાજાને બોલાવવા આવ્યો, પ્રહલાદન રાજાને ત્યાં જવા તૈયાર થતા જોઇ પવનંજય તેમનું નિવારણ કરી તેમની આશિષ લઇ, દષ્ટિ માર્ગે રહેલી અંજનાની સામુ પણ જોયા વગર ત્યાંથી ચાલી નીકળ્યો પ્રયાણ કરતાં માર્ગે માનસરોવર આવ્યું ત્યાં પડાવ કર્યો ત્યાં કમળવનને વિકાશ પામેલુ જોઇ તે આનંદ પામ્યો રાત્રીએ. એક ચકવાક પક્ષીની સ્ત્રીને કરૂણસ્વરે વિલાપ કરતી તેણે સાંભળી તે આ પ્રમાણે—

आयातियाति पुनरेमि पुनः प्रयाति
पद्मांकुराणि वितनोति धुनोतिपक्षौ
ऊन्नादति भ्रमति कुंजति मंदमंद
कांता वियोग विधुरा निशिचक्रवाकी ।

તે સુચવતી હતી કે પતિના વિયોગથી આતુર એવી આ ચક્રવાકી રાત્રીને વીષે આવે છે. જાય છે. ફરીવાર આવે છે. કમળના અંકુરને તાણે છે. પાંખો ફફડાવે છે. ઉન્માદ કરે છે. ભમે છે અને મંદ મંદ બોલેછે. આ પ્રમાણે સંભાળી તેણે પોતાના મિત્ર રૂષભદત્તને તેનું કારણ પુછ્યું. એટલે તે બોલ્યો કે મિત્ર દૈવ યોગે આ પક્ષીઓને રાત્રે વિયોગજ થાય છે. આ પક્ષિણી આમ પોકાર કરતી કરતી મૃતપ્રાય થઇ જશે અને પ્રાતઃકાળ પડશે એટલે તેનો પતિ જ્યારે તેને મળશે ત્યારે પછી નવીન દેહ વાળી થશે.

આ વખતે અંજનાનું પુર્વે બાંધેલું ભોગાંતરાય કર્મ ક્ષીણ થઇ ગયું, તેથી પવનંજયના મનમાં તત્કાળ એવો વિચાર આવ્યો કે અરે! મારી પત્ની અંજનાને છોડયાં

મને બાર વર્ષ વીતી ગયાં છે. તો તે બીચારીને તે વર્ષો શીરીતે વ્યતીત થયાં હશે માટે ચાલ અહીંથી એકવાર પાછો ઘેર જઇ તેને મળીઆવું .આમ વિચાર કરી કુમાર રાત્રે ગુપ્ત રીતે પાછો ઘેર આવ્યો અને તે દીવસેજ રૂતુસ્ના થયેલી અંજનાને તેણે પ્રેમપુર્વક ભોગવી. પછી પોતાના નામથી અંકિત મુદ્રીકા તેને નિશાની માટે આપી તે પાછો પોતાના કટકમાં આવ્યોં. તેના ગયા પછી અનુક્રમે અંજનાને ઉદર વૃધ્ધિ થતાં તેના પર કલંક આવ્યું તેણીએ પોતાના પતિના નામની અંકીત મુદ્રીકા બતાવી તથાપી તે કલંક ઉતર્યું નહિ અને તેને એક દાસીની સાથે ગૃહની બહાર કાઢી મુકી ત્યાંથી નીકળીને તે પોતાના પિતાને ઘેર આવી. પરંતુ ત્યાં પણ કલંકની વાર્તા જાણીને તેણે રાખી નહિ એટલે તેણીએ માત્ર એક દાસી સાથે વનમાં ભટકવા માંડયું પુર્ણ માસ થતાં તેણે એક પુત્રનો જન્મ આપ્યો અને મૃગા બાળની જેમ તેનું પાલન કરવા લાગી.

એક વખતે દાસી જળ લેવા ગઇ હતી. ત્યાં તેણે માર્ગમાં એક મુનીને કાયોત્સર્ગે રહેલા જોયા. તેણે અંજનાને તે વાત કરી એટલે અંજના તેની પાસે જઇ નમસ્કાર કરીને બેઠી. મુનીએ કાયોત્સર્ગ પારી ધર્મ દેશના આપી તે સાંભલી અંજનાએ પોતાને પડેલા દુઃખનું કારણ પુછયું મુનીએ અવધિ જ્ઞાનથી તેનો પુર્વ ભવ જણાવ્યો કે-હે અંજના! કોઇ ગામમાં એક ધનવાન શ્રેષ્ઠિની તું મિથ્યાત્વી સ્ત્રી હતી તારે એક બીજી સપત્ની હતી તે પરમ શ્રાવિકા હતી. પ્રતિદીન જિન પ્રતિમાની પુજા કરીને પછી ભોજન લેતી હતી તું તેની ઉપર દ્વેષ ધારણ કરતી હતી હમેશાં તેના અપવાદ દર્શાવતી અને તેના મર્મનું ઉદ્ઘાટન કરતી હતી, એક વખતે તેં તેની જીન પ્રતીમાને કચરામાં સંતાડી દીધી તેથી જીન પુજા કર્યા વગર તેણીએ મુખમાં જળ પણ નાખ્યું નહિ. પણ તે ઘણી આકુળ વ્યાકુળ થઈ ગઇ એટલે તેણે જેને તેને પ્રતિમાં વિષે પુછવા માંડયું તેવામાં કોઇએ કચરામાં રહેલી પ્રતિમાં બતાવવામાંડી પણ તે બતાવવા ન દેતા તેની ઉપર ધુળ નાંખી એવી રીતે બાર મુહુર્ત સુધી રાખતા જ્યારે તે ઘણી દુખી થઇ ત્યારે તે દયાલાવી આપી તે પાપથી તારે તારાં પતી સાથે બાર વર્ષનો વીયોગ થયો હતો હવે તે કર્મ ક્ષીણ થવાથી તારો મામો અહિં આવી તને પોતાને ઘેર લઇ જશે. ત્યાં તારો સ્વામી પણ મળશે આ પ્રમાણે મુની કહેતા હતા તેવામાં એક વિદ્યાધર ઉપર થઇને જતો હતો તેનું વિમાન ત્યાં સ્ખલીત થયું વિદ્યાધરે તેનું કારણ જાણવાને નીચું જોયું ત્યાં પોતાની ભાણેજ અંજનાને તેણે ઓળખી એટલે તત્કાળ નીચે ઉતરી દાસી અને પુત્ર સહિત તેને પોતાના વિમાનમાં બેસાડી આકાશ માર્ગે ચાલ્યો.

અંજનાનો બાળક ઘણો ચપળ અને ઉગ્ર પરાક્રમી હતો તેથી ચાલતાં વીમાનની ઘુઘરીઓનો નાદ સાંભળી તે બાળકને ઘુઘરી લેવાનું કૌતક થયું તેથી તેણે ઘુઘરી લેવા ચપળતાથી આગળ આગળ હાથ લંબાવવા માંડયો એમ કરતાં અકસ્માત વીમાનમાંથી નીચે પડી ગયો આ જેઇ અંજનાને મહા દુઃખ ઉત્પન્ન થયું તે આક્રંદ સ્વરે રૂદન કરવા માંડયું કે અરે પ્રભુ આ શો ગજબ! અરે હૃદય શું તું વજ્રથી ઘડાએલું છે. ?

અથવા વજ્રના જેવું છે ? કે પતીના વીયોગે પણ તું ખંડે ખંડ થઇ ગયું નહિ. આ સાંભળી તેની પછવાડે તેનો મામો ભુમી પર ઉતર્યો તેણે શીલાના સુર્ણ [રેતી) ઉપર પડેલા બાળકને તત્કાળ ઉપાડીને તેની માતાને આપ્યો પછી તે વિદ્યાધરે પોતાને ઘરે પહોચી અંજનાને બાળક સહીત ઘરે મુકી પોતાનું કોઇ કાર્ય કરવાને માટે અન્ય સ્થાનકે ગયો. અહીં પવનંજય વરૂણવિદ્યાધરને સાથે ઘેર આવ્યો માતા પિતાને પ્રણામ કરી પોતાની પત્નીના વાસગ્રહમાં ગયો તો ત્યાં સ્ત્રીને જોઇ નહીં. તત્કાળ માતા પિતાને પુછયું ત્યારે તેમણે કલંક લાગવાથી કાઢી મુકયા સબંધી વારતા કહી તે સાંભળી પવનંજય વિરહ વ્યાકુળ થઇ મરણને માટે ચંદનની ચીતા કરાવી બળવા તૈયાર થયો. તે સમયે તેના મિત્ર રૂપભદત્તે કહ્યું કે જો ત્રણ દીવસમાં અંજનાને ન લાવું તો પછી તારે અવસ્ય ચિતામાં બળવું આ પ્રમાણે કહી તેનું નીવારણ કરી રુપભદત્ત વિમાનમાં બેશી આકાશ માર્ગે પરીભ્રમણ કરતાં બીજે દીવશે સુર્યપુર આવી પહોંચ્યો ત્યાં ઉપવનમાં સ્ત્રીઓની તથા બાળકોની ગોષ્ટી થતી તેણે સાંભળી તે વખતે કોઈ બાળકે કહ્યું મીત્રો અહીં અંજના નામે કોઇ સુંદરી પુત્ર સહીત આવેલી છે તે આપણા રાજા સુર્યકેતુની સભામાં દરરોજ આવે છે. આવા શબ્દો અકસ્માત સાંભળી રૂપભદત હર્ષ પામ્યો અને તત્કાળ તેને આવીને મલ્યો અંજના તેને જોઇ લજ્જાથી નમ્ર મુખ કરીને પોતાના મામાની પાછળ ઉભી રહી રૂપભદત પાસેથી પતીના દિગ્વિજયની તેમજ તેના વીરહ વ્યાકુળ પણાની વાર્તા સાંભળી ત્યાં જવાને ઉત્સુક થઇ પછી તેણે મામાની આજ્ઞા લીધી વિદ્યાધરે પણ પુત્ર સહીત તેને સોંપી એટલે રૂપભદત તેને લઇ વેગથી પવનંજયના નગરમાં આવ્યો તેના આવ્યાના ખબર સાંભળી પવનંજય ઘણો હર્ષ પામ્યો અને મોટા ઉત્સવથી તેણે સ્ત્રી પુત્રને નગર પ્રવેશ કરાવ્યો સર્વ લોકો પણ પરમ આનંદ પામ્યા, પવનંજય અને અંજના બન્ને દંપતીને પ્રતી દીન પ્રીતીમાં વૃદ્ધી થવા લાગી તે પુત્રનું નામ તેમણે હનુમાન પાડયું તે અતુલ બળવાન થયો એક વખતે વીશમાં તીર્થંકર શ્રી મુનીસુવ્રત સ્વામીના તીર્થના કોઇ મુનીઓ ત્યાં પધાર્યા તેમની દેશના સાંભળી પવનંજય અને અંજનાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી પછી મહાવીર શ્રી હનુમાન રાજા થયો તે અતી હઠીલો અને વાચાળ હતો તેથી તે શ્રી રામચંદ્રની સેનાનો અદયક્ષ તક્ષક મહા બળવાન થયો પવનંજય મુની અને સતી અંજના સાધ્વી નિરતીચાર વ્રતને પાળી સ્વર્ગે ગયા.

**"આ પ્રમાણે સતી અંજનાનું સુંદર ચરીત્ર સાંભલી તેને હદયમાં ધારણ કરીને ભવ્ય પ્રાણીઓએ શીલના સુગંધથી હદયને સુગંધી કરવું."**

# મુનિદાન

ઘાટકોપર મધ્યે મુનિ મહારાજ અજીતસાગરજીએ તા૦ ૧૪-૫-૧૧ ના રોજે વ્યાખ્યાનમાં મુનિદાન ઉપર **સંગમકનું** દ્રષ્ટાંત આપ્યું હતું તે નીચે મુજબ.

## સંગમકની કથા.

રાજગૃહી નગરી નજીક આવેલા એક **શાલિ** નામના ગામમાં **ધન્યા** નામે એક ગરીબ સ્ત્રી રહેતી હતી; તેને **સંગમક** નામે એક પુત્ર હતો. આ પુત્ર ગામની ગાયોને અને વાછરડાંઓને ચારતો હતો. એક દિવસ પર્વ દિવસ આવવાથી સર્વત્ર ખીરના ભોજન જમતાં લોકોને જોઇ એ ગરીબ બાળકે પોતાની માતા પાસે આવી ખીરની યાચના કરી, માતાએ કહ્યું—'વત્સ ! આપણા ઘરમાં ખીર નથી.' તોપણ બાળક હઠ કરી વારંવાર માગવા લાગ્યો. પુત્રની ઇચ્છા પાર ન પડવાથી માતાએ પણ રૂદન કરવું માંડયું. તેને રૂદન કરતી જોઇ આસપાસની પાડોશણો ભેગી થઇ અને તેને રોવાનું કારણ પૂછયું, તેણીએ બધી હકીકત પાડોશણોને જણાવી. પાડોશણોને દયા આવી એટલે દૂધ વિગેરે ખીરની બધી સામગ્રી તેઓએ લાવી આપી. ધન્યાએ ખીર બનાવી તેનો થાળ ભરી સંગમને પુત્રક આપ્યો અને પોતે કોઈ કાર્ય પ્રસંગે ઘરની બહાર ગઇ.

ખીરનો થાળ જોઇ તે પુણ્યવાન બાળકને વિચાર થયો કે 'જો આ અવસરે કોઈ મુનિ આવે તો તેમને વહોરાવીને પછી બાકીની ખીર હું જમું તો ઠીક થાય.' દૈવયોગે તેવામાં કોઇ માસના ઉપવાશવાળા મુનિ તેને ઘેર આવી ચડયા. **સંગમે મુનિને** જોતાંજ તેમનું વર્ણન કરતાં ઉલ્લાસથી ખીરનો થાળ ઉપાડી 'હું તરી ગયો, એવી બુદ્ધિ વડે બધી ખીર મુનીને વહોરાવી દીધી. દયાળુ મુનિએ તે ખીરવડે પારણું કર્યું. મુનિ ગયા પછી ધન્યા આવી તેને મુનિ સંબંધી કાંઇ ખબર ન હતી તેથી તેણીએ જાણ્યું કે પુત્ર બધી ખીર જમી ગયો જણાય છે તેથી ફરીવાર તેને ખીર પીરસી. સંગમે કંઠ સુધી તે ખાધી, પણ રાત્રીએ તેને પચી નહિ તેથી વિસુચીકા થવાથી તે મૃત્યુ પામી ગયો. મુનિ દાનના પ્રભાવથી તે રાજગૃહ નગરમાં **ગોભદ્ર** શ્રેષ્ઠીની **ભદ્રા** નામે સ્ત્રીના ઉદરમાં **અવતર્યો**. તે સમયે ભદ્રાએ સ્વપ્નમાં પાકેલું શાળીનું ક્ષેત્ર જોયું. પૂર્ણ **સમય** થતાં પુત્ર રત્નનો **પ્રસવ** થયો.

ગોભદ્ર શેઠે સ્વપ્ન અનુસાર તેનું નામ **શાલિભદ્ર** પાડયું. પાંચ ધાત્રીઓએ લાલન-પાલન કરાતો તે પુત્ર કલ્પવૃક્ષની જેમ વૃદ્ધિ પામ્યો. પિતાએ સર્વ કળાઓનો અભ્યાસ કરાવ્યો. **શાલિભદ્ર** યુવાન થયો, એટલે ગોભદ્ર શેઠે મોટા ઉત્સાહથી તેને મોટા શેઠીયાઓની **બત્રીસ** કન્યાઓ પરણાવી. દેવીઓની સાથે ઇંદ્રની જેમ શાલિભદ્ર તે સ્ત્રીઓ સાથે વિલાસ કરવા લાગ્યો. રમણીઓનાં વિલાસમાં મગ્ન થયેલા શાલિભદ્રને રાત્રિ કે દીવસના અંતરની પણ ખબર પડતી નહોતી.

એક વખત શ્રીવીર પ્રભુની દેશના સાંભળી ગોભદ્ર શેઠને વૈરાગ્ય થયો; તેથી **શ્રીવીર** પ્રભુના ચરણમાં ચારિત્ર અંગીકાર કરી અનશન કરીને સ્વર્ગે ગયો. ત્યાં અવધિ-જ્ઞાનથી ગોભદ્ર દેવે પુત્ર વાત્સલ્યને લીધે તેમજ તેના પુણ્યના આકર્ષણથી કલ્પવૃક્ષની જેમ પ્રતિ દિવસ દિવ્ય વસ્ત્ર અલંકાર અને સુગંધી પદાર્થો સ્ત્રી સહિત પુત્રને અરપણ કરવા માંડયા. ઘર સંબંધી ઉચિત સર્વ કાર્ય તો ભદ્રમાતા કરવા લાગ્યા. શાલિભદ્ર તો કેવળ ભોગ સુખનેજ અનુભવવા લાગ્યો.

એક દિવસે કેટલાએક રત્નકંબલના વ્યાપારીઓ રાજગૃહ નગરમાં આવ્યા. તેઓએ રત્નકંબલ વેચવા માટે શ્રેણિક રાજાને બતાવ્યાં. પણ તે મૂલ્યમાં અતિ મોંઘાં હોવાથી શ્રેણીકે લીધાં નહિ. પછી તે વ્યાપારીઓ શાલિભદ્રને ઘેર આવ્યા, ત્યાં ગોભદ્ર શેઠની સ્ત્રી ભદ્રાએ માગ્યું મૂલ્ય આપી તે ખરીદ કર્યાં. આ વૃતાંત જાણી ચેલણા રાણીએ શ્રેણીક પાસે એક રત્નકંબલની માગણી કરી–પછી શ્રેણીકે તે વ્યપારીઓને બોલાવી એક રત્નકંબલ વેચાણ માંગ્યું. વેપારીઓ બોલ્યા –' ભદ્રા શેઠાણીએ બધાં રત્નકંબલ ખરીદી લીધા છે, હવે અમારી પાસે એક પણ નથી ' તે સાંભળી આશ્ચર્ય પામેલા શ્રેણીક રાજાએ એક રત્નકંબલ મૂલ્યથી લેવા માટે એક સેવકને ભદ્રા પાસે મોકલ્યો, તેણે જઇ ભદ્રા પાસે તેની માગણી કરી, ભદ્રા બોલી–' સેવક? તે ૧૬ રત્નકંબલના બત્રીસ ખંડ કરી મારા પુત્રની સ્ત્રીઓના તે વડે પગ લુંછી નાખી દીધા છે; જો રાજાને તેની જરૂર હોયતો તું તેમને પુછીને આ નાખી દીધેલા ખંડ લઇ જા. સેવકે જઇને રાજા શ્રેણીકને તે પ્રમાણે કહ્યું, તે સાંભળી રાજા અતિ આશ્ચર્ય પામ્યો. અને તે શેઠના પુત્રને જોવાની ઇચ્છા કરી. તેની માતા ભદ્રાને બોલાવીને કહ્યું–' ભદ્રે? તમારા પુત્રને દેખાડો, મારે જોવાની ઇચ્છા છે ' ભદ્રા બોલી–' રાજેંદ્રે ? મારો પુત્ર માખણના જેવો સુકોમલ છે, તે કદી પણ ઘરની બહાર નીકળતો નથી, ઘરમાંજ ક્રીડા કરે છે, માટે આપ કૃપા કરી મારે ઘેર પધારી અનુગ્રહ કરો.'

રાજાએ ભદ્રાને ઘેર આવવાનું કબુલ કર્યું. એક વખતે રાજા શાલિભદ્રને ઘેર ગયા ત્યાં તેના ઘરનો વૈભવ જોતાંજ રાજા વિસ્મય પામી ગયો. ઘરમાં પેસતાં અનુક્રમે પહેલી બીજી અને ત્રીજી ભૂમિકામાં ગયો. ત્યાં નવરંગિત અભિનવ દેખાવો નજરે પડયા. પછી ચોથી ભૂમિકામાં જઇ સિંહાસન ઉપર બેઠા. એટલે ભદ્રા સાતમી ભૂમિકામાં જ્યાં પોતાનો પુત્ર રહેતો હતો ત્યાં જઇને કહેવા લાગી–'પુત્ર ? આપણે ઘેર શ્રેણીક આવેલ છે, માટે તું જાતે આવીને તેમને જો.' શાલિભદ્રે જાણ્યું કે શ્રેણીક નામની કાંઇક વસ્તુ હશે; તેથી તે બોલ્યો–'માતા ! તમે તેનું જે કહે તે મૂલ્ય આપીને તેને ઘરના ખૂણામાં મુકી દયો.' ભદ્રા બોલી–'વત્સ, શ્રેણીક નામે કાંઇ ખરીદવા યોગ્ય વસ્તુ નથી, પણ તે તો આપણા સ્વામી શ્રેણિક રાજા છે. તે સાંભલી શાલિભદ્ર વિચારમાં પડયો, શું મારી ઉપર બીજો કોઇ રાજા છે? અરે! આ સંસાર સુખને ધિક્કાર છે ? એમ સંવેગ ધરતો સાલિભદ્ર માતાના આગ્રહથી પોતાની સ્ત્રીઓ સહિત રાજા શ્રેણિક પાસે આવ્યો, અને વિનયથી રાજાને નમન કર્યું રાજા શ્રેણિકે તેને પોતાના ખોળામાં બેસારી કુશલતા પૂછી. રાજાના ઉત્સંગમ

બેઠેલા સાલિભદ્રને અગ્નિના સંયોગથી મીણના પીંડની જેમ ઓગળી જતો જોઈ ભદ્રાએ રાજાને કહ્યું-'દેવ? મારા પુત્રને છોડી દો; તે મનુષ્ય છે, પણ મનુષ્યના સમૂહનો ગંધ સહન કરી શકતો નથી. કારણ કે દિવ્ય ભૂમીમાં ગયેલા તેના પિતા ત્યાંથી દિવ્ય વસ્ત્ર અલંકાર અને ચંદન પુષ્પાદિ દિવ્ય પદાર્થો મોકલેછે, તેનો તે ભોક્તા છે. પછી રાજાએ તેને છોડી દીધો, એટલે શાલિભદ્ર સાતમી ભૂમિએ ગયો.

ભદ્રાએ આગ્રહ કરી શ્રેણિક રાજાને ભોજનનું આમંત્રણ કર્યું; સ્નાનનો સમય થતા રાજાશાલિભદ્રના ઘરની વાપિકામાં સ્નાન કરવા ગયો. ત્યાં રાજાના હાથની આંગળીમાંથી મુદ્રીકા વાપિકાના જળમાં પડી ગઈ. રાજા આમ તેમ શોધવા લાગ્યો, એટલે ભદ્રાએ દાશીને આજ્ઞા કરીકે વાપિકાનુ જળ દુર કરી રાજાની મુદ્રિકા શોધી આપ. દાસીએ તેમ કર્યું; એટલે પોતાની મુદ્રિકા બીજા દિવ્ય આભારણોની મધ્યમાં જાણે કોલસાની હોય તેવી દેખાવા લાગી. રાજાએ કહ્યું-'આ શું? 'એટલે દાસી બોલી' સ્વામી! એ નિર્માલ્ય છે. હમેશાં અમારા સ્વામી શાલિભદ્ર સ્ત્રીઓ સહિત સ્નાન કરતી વખતે પોતાનાં આભરણો આ વાપિકામાં નાખી દે છે, અને નવા ધારણ કરે છે, તે સાંભળી રાજા શ્રેણિક ચિંતવ્યું કે હું પણ ધન્ય છું કે જેના નગરમાં આવા ધનાઢયો વસે છે' પછી રાજાએ પરિવાર સહિત ત્યાં ભોજન કર્યું. ભદ્રાએ વસ્ત્રાભૂષણથી સત્કાર કરેલો રાજા પોતાના મહેલમાં આવ્યો.

અહિં શાલિભદ્રને સંસારના અનિત્ય સુખ તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તે સમયે તેના ધર્મમિત્રે આવીને જણાવ્યું કે 'હે મિત્ર? આ નગરમાં ચતુર્જ્ઞાનધારી ધર્મઘોષનામે મુનીશ્વર આવેલા છે.' તે સાંભળી શાલિભદ્ર ઉત્સુક થઇ ગુરૂ પાસે ગયો, અને પ્રણામ કરી અવગ્રહધારીને બેઠો. તે સમયે મુનીરાજની દેશના આ પ્રમાણે સાંભળી—

"જ્ઞાન, વિજ્ઞાન, લાવણ્ય, રૂપ, વર્ણ અને શરીરનું બળ, ખળ પુરૂષના સ્નેહની જેમ દિવસે દિવસે ક્ષય પામતું જાય છે." આ દેશના સાંભળી શાલિભદ્રે ગુરૂને પૂછ્યું-'હે ભગવાન? કેવાં કર્મ કરવાથી આપણી ઉપર બીજા સ્વામી ન થાય? ગુરૂ બોલ્યા-'ભદ્ર આ જિન દીક્ષાના પ્રભાવથી બીજા જન્મમાં પ્રાણી સર્વ જગતના સ્વામી થાય છે.' શાલિભદ્રે કહ્યું-'પ્રભુ જો તેમ હોયતો હું પણ ઘરે જઇ મારી માતાની રજા લઇ તમારી પાસે વ્રત ગ્રહણ કરીશ. ગુરૂએ કહ્યુ-'વત્સ? પ્રમાદી થશો નહી' આ પ્રમાણે શીક્ષા આપેલા શાલિભદ્રેઘેર આવી ભદ્રા માતાને વિનંતિ કરી-'માતા? આજે મેં શ્રી ધર્મઘોષ મુનિના મુખથી અનાદિ દુઃખમાંથી છોડાવનાર અને પરમાનંદ યુક્ત સ્વાભાવીક સુખને આપનાર શ્રી જિન ધર્મ સાંભળ્યો. આ સંસારમાં સાર રૂપ તેજ છે. માટે તમારી આજ્ઞાથી હું દિક્ષા લઇશ. માતા બોલી વત્સ, તને વ્રત લેવાની વાસના થઇ તે યુક્ત છે, પણ કેશનો લોચ, ભૂમિ ઉપર શયન, સળતાળીશ દોષ રહીત અહાર, પંચ મહાવ્રતનો ભાર અને પરીસહો સહન કરવા--ઇત્યાદી ક્રિયા કરવાને તું સમર્થ કેમ થઇશ? શાલિભદ્રે કહ્યું-'માતા? ચિંતામણીરત્ન સમાન ચારિત્ર રત્નને પામીને કાગડાને ઉડાડવા માટે મૂર્ખજ નાખી દે. આવું પુત્રનું સામાર્થ્ય જાણી ભદ્રાએ કહ્યું-'વત્સ જો વ્રત લેવાની ઇચ્છા

હોય તો પ્રથમ થોડે થોડે પુષ્પ શય્યા, સ્ત્રી ભોગ, વિગેરે તજતો જા, તેમ કરવાથી વ્રત પાળવાનો અભ્યાસ થશે. આ પ્રમાણે માતાની આજ્ઞા સાંભળી શાલિભદ્રે હમેશાં એક સ્ત્રી સહિત એકેક પુષ્પ શય્યા તજવા માંડી.

તે નગરમાં શોભનિક ધન્ય નામે શાલિભદ્રની નાની બહેનનો સ્વામી રહેતો હતો એક વખતે શાલિભદ્રની બહેન અશ્રુપાત કરતી પોતાના પતીને સ્નાન કરાવતી હતી. ધન્યે પુછ્યું હે સ્ત્રી કેમ રૂદન કરે છે? તે ગદ્ગદ્ સ્વરે બોલી—'નાથ? મારા ભાઇ શાલિભદ્ર વ્રત લેવાની ઇચ્છાથી દિવસે દિવસે એકેક શય્યા સાથે એકેક સ્ત્રી છોડે છે, તેથી મને દુઃખ લાગે છે, માટે હું રૂદન કરૂં છું.' તે સાંભળી ધન્યે કહ્યું 'તારા ભાઇ સત્વહીન અને શીયાળની જેમ ભીરૂ જણાય છે કે જેથી એક સાથે સર્વને છોડી શકતો નથી.

તેણીએ કહ્યું—'સ્વામીનાથ? વૈભવ છોડી વ્રત લેવું જો સહેલું હોય તો તમે કેમ લેતા નથી, આ પ્રમાણે ધન્યને તેની બીજી સ્ત્રીઓએ પણ હાસ્યમાં કહ્યું; એટલે ધન્ય બોલ્યો—મારા પુન્યથીજ તમે અનુમતી આપો છો, તેથી હું હવે સત્વર વ્રત ગ્રહણ કરીશ, તે સાંભળી સ્ત્રીઓ બોલી—'હે નાથ? અમે તો હાસ્યમાં કહેલું છે તેથી રીસ ના કરો.' ધન્ય બોલ્યો—'સ્ત્રીધન વિગેર સર્વ પદાર્થ અનિત્ય છે. તેથી તેને છોડી દઇને દીક્ષાનો આશ્રય કરીશ.' સ્ત્રીઓએ કહ્યું—'સ્વામી? ત્યારે અમે દીક્ષા લઇશું.' ધન્યે તેમનું વચન અંગીકાર કર્યું

તે સમયે શ્રીધર પ્રભુ વૈભારગિરિ ઉપર સમોસર્યા એ ખબર જાણી ધન્ય પોતાની સ્ત્રીઓ સહિત જગતગુરૂની પાસે ગયો અને સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી. આ વૃતાંત સાંભળી શાલિભદ્ર પણ વીર પરમાતમાના ચરણમાં આવ્યો; અને સંસારના ભયથી તેમની પાસે દીક્ષા લીધી.

ધન્ય અને શાલિભદ્ર ગીતાર્થ મુનિ પાસે અભ્યાસ કરી બહુશ્રુત થયા, અને એક બે, ત્રણ અને ચાર ચાર માસના ઉપવાસ સતત્ કરવાથી તે બંનેના શરીર માંસ તથા રૂધિર રહિત થઇ ગયા. એકદા ત્રણ જગતમાં સૂર્ય સમાન શ્રીવીર પ્રભુની સાથે વિહાર કરતો તે બંને મુનિ રાજગ્રહ નગરે આવ્યા. માસક્ષમણને પારણે ભિક્ષા માટે જવા તેમને પ્રભુની આજ્ઞા માગી. એટલે પ્રભુએ કહ્યું—'આજે તમારૂ પારણું શાલિભદ્રની માતાના હાથે થશે.' 'હું ઇચ્છું છું' એમ કહી શલિભદ્ર મુનિ ધન્યને સાથે લઇ ભદ્રાને ઘેર ગયા. તપસ્યાથી કુસ થયેલા તે બંને મુનિ કોઇના ઓળખાવામાં આવ્યા નહિ. ભદ્રાએ પણ શ્રીવીર પ્રભુ, ધન્ય અને શાલિભદ્રને વાંદવા જવાની વ્યાકુલતામાં એ બંને મુનિઓને આવ્યા જાણ્યા નહિ. બંને મુનિ ક્ષણવાર ત્યાં ઉભા રહી પાછા વળ્યા અને નગરના દરવાજા પાસે આવ્યા, ત્યાં શાલિભદ્રની પૂર્વ જન્મની માતા ધન્ય દધિ વેચવાને ગામમાં જતી હતી તે મળી શાલિભદ્રને જોતાજ તેણીના સ્તનમાંથી દુધની ધારા છુટી. તત્કાળ તેઓ બંને મુનિઓએ શ્રીવીર પ્રભુની પાસે જઇ ગોચરી આળોવી પછી શાલિભદ્રે પ્રભુને

પુછ્યું- 'સ્વામી આજે મારી માતાના હાથે પારણું કેમ થયું નહિ? સર્વજ્ઞ પ્રભુએ તેમને પૂર્વભવની માતાનો સંબંધ સર્વ કહ્યો. પછી બંને મુનિ દધિવડે પારણું કરી પ્રભુની રજા લઇ પૂર્ણ વૈરાગ્ય વડે વૈભાર પર્વત ઉપર ગયા, અને એક શિલાતળે પડી લેહી તેની ઉપર પાદપોપગમન અનશન કર્યું'

અહિ ભદ્રા અને શ્રેણિક વીરપ્રભુને વાંદવા આવ્યા. ભદ્રાએ પ્રભુને પ્રણામ કરીને પુછ્યું સ્વામી! તે બે મુનિ કયાં ગયાછે!મારે ઘેર ભિક્ષા માટે કેમ ન આવ્યા? પ્રભુએ કહ્યું ભદ્રા! તારે ઘેર આવ્યા હતા પણ તેં ઓળખ્યા નહિ પછી તે પૂર્વભવનીમાતાએ આપેલી ભિક્ષા લઇ, આહાર કરીને આ વૈભાર ગિરિ ઉપર ગયા છે, અને અનશન કર્યું છે. તત્કાળ ભદ્રા શ્રેણીકની સાથે ત્યાં ગઇ તેમને નિશ્ચળ રહેલા જોઇને બોલી, પુત્ર મને ધિક્કારછે કે મેં તમને ઘેર આવ્યા છતાં ઓળખ્યા નહિ એમ કહીને વિલાપ કરવા લાગી; એટલે શ્રેણિકે તેને સમજાવી. તે બંને મુનિ અનશન પાળીને સ્વાર્થ સિદ્ધ વિમાને ગયા, અને ત્યાંથી મોક્ષ જશે.

" અહો! તે દાનના સૌભાગ્યને હું સ્તવું છું કે જેથી વશ થયેલી સ્વર્ગની ભોગ લક્ષ્મી અભિસારીકા નાયકાની જેમ શાલિભદ્રને મનુષ્યના ભવમાં પણ પ્રાપ્ત થઇને ભજતી હતી. "

---

## ' सिवनी में प्रतिष्ठा और जातिसुधार '

मध्य प्रदेश में सिवनी एक छोटा जिला है, यह जबलपुर से नागपुर की सड़क पर बसा हुआ है, और व्यापारका उत्तम स्थान है यहां पर हाल ही में रेल खुली है. एक पेसेन्जर गाड़ी आती जाती है. मुसाफिरों की बहुत भीड़ होती है पर कम्पनी ( बी. एन. आर. ) ने अभी तक दुसरी गाड़ी निकालनेका कोई प्रबंध नहीं किया है मुसाफिरोंको डब्बों में स्थानाभाव होनेके कारण बहुत तकलीफ होती है कम्पनीको इस पर शीघ्र ध्यान देना चाहिये.

सिवनी में दिगाम्बर जैनी ज्यादा बसते है और वहां उनके बड़े २ मंदिर बने हुए है. दिगम्बरी भाईयों में श्रीमंत सेठ पूरनशाह प्रख्यात हैं. ये बडे धार्मिक और धनी पुरुष हैं. सिवनी में दोनों संप्रदायें बडे मेलके साथ रहती है धार्मिक और संसारिक कार्यों में एक दुसरे को सदैव योग देते रहते हैं. सिवनी में मिती वैसाख सुदी ३ को श्रीचन्दा प्रभुजीके नवीन मंदिरकी जो वहां के श्वेताम्बरी संप्रदायने बनवाया है प्रतिष्ठा श्री नेमीचंदजी महराज श्री बालचन्दजी उपाध्याय

के शिष्यके हाथसे बड़े धूमधाम से हुई. सेठ पूरन शाह, धन्नालालजी इत्यादि दिगम्बर भाईयों ने बड़ी सहायता की यहां तक की सेठ पूरनशाहजी ने आरती की और धन्नालालजीने आपने हाथ से पंचतीर्थी स्थापन की.

प्रतिष्ठा के समय बालघाट, कढंगी, बारासिवनी, जबलपुर, खाया, नर सिंहपूर, बैतूल, छिंदवाडा, राजनादगांव, दमोह इत्यादि स्थानो से भाई और बहने आई थी और प्रतिष्ठा में बडा योग अन्य ग्रामियों के लिये किया वह सह सराहणीय है.

मिति वैशाख वदी १३ से मिती वैसाष सुदी ४ तक नित्य स्वामीवत्सलय होते और प्राय: प्रति दिन महाराज श्री नेमीचंदजी के मनोरंजक और विद्वता पूर्ण व्याख्यान होते थे जिस से कि एकचित लोगों के मनको बडा आनंद होता था. विशेष हर्ष की बात यह है कि इस मोके पर ओसवाल हितकारणी सभा मध्यप्रेदश के लिये स्थापित हुई और उसकी कार्य कारणी कमेटीभी नियत करदी गई. रायबहादुर सेठ लखमीचंदजी बौथरा कढंगी इस सभाके प्रधान नियत किये गये और बाबू मानिकलालजी कोचर वकील नरसिंहपुर सेक्रेटरी.

इस सभाका उद्देशे ओसवालोंमें जो कुरीतियां है उनशे सुधारना, विद्याका प्रचार करना और निराश्रित व अनाथ ओसवालोंको सहायता पहुचाने है.

इस उद्देशको पूर्ण करनेके लिये फन्ड जारी कर दिया गया है और कायदे बनाने के लिये भी एक कमेटी निम्म लिखत महाशयोंकी स्थापन करदी गई है ( १ ) बाबू मानिकलालजी कोचर वकील नरसिंहपुर ( २ ) श्रीयुत सेठ धनराजजी डागा ( ३ ) श्रीयुत सेठ लखमीचंदजी भूरा सिवनी.

और एक विशेष आनंदकी बात यह है कि सिवनीमें एकचित संघने यह ठहराव किया कि 'कन्याबिक्रय' बन्द किया जावे. इस प्रस्तावपर एकचित लोगोंके दस्तखत हो चुके हैं. और मध्यप्रदेशके जिलों में इस काररवाई क कमेटी की औरस पत्र लिखे जारहे हैं. नरसिंहपूर जिले की कमेटी गाडरवारामें असाढ़ सुदीमें होवेगी.

आशा है कि अन्य जिलोंवाले भी अपनी २ सभा करके इस दुष्ट रिवाज को बंद कर देंगे.

## कार्यकारिणी कमेटीके सभासद.

१. राय बहादुर लखमीचंद की बोधरा कढंगी. ( सभापति )

२. उदयचंदजी कोचर बालाघाट

३. मूलचंदजी सूराना बालाघाट

४. मूलचंदजी कोचर कढंगी

५. लखमीचंदजी भूरा सिवनी (ख०)

६. गनेशदासजी मालू सि०(आ. से.)

७. चांदमलजी भूरा जबलपुर.

८. छुनमुनलालजी गोलछा जबलपुर ( उपसभापति )

९. परतापचंदजी गोलछा सदर बाजार जबलपुर. वकील.

१० मानिकलालजी कोचर नरसींगपुरमंत्री

११. छोकमलजी कोचर नरसिंहपुर

१२. धनराजजी डागा गाडरवारा

१३. सूरजमलजी मारोठी दमोह

१४. लखमीचंदजी गोठी बैतूल

१५. सरुपचंदजी पगारिया बैतूल

१६. मानिकचंदजी डागा बैतूल ( उप सभापति )

१७. केसरीदजी छल्लानी छिंदवाडा.

१८. बहादुरमलजी वैद्य छिंदवाडा

कार्य कारणी सभाका सभासदों की संख्या बढानेका इख्तियार है. सिवनी की सभामें प्रायः एक हजार (१०००) रु. इकठा हो गया. और भी इकठे करने का काम जारी है. कायदे बन चुके है और सभापतिकी संमतिसे आगामी अंकमें छाप दिये जावेगें.

मानिकलाल कोचर बी. ए, एल एल, बी. वकील,

मंत्री ओसवाल हितकारिणी सभा, मध्य प्रदेश. ता. २—६—११.

---

## ભેટ.

### આગમસારોદ્ધાર ગ્રંથ.

જેમાં પંડિત શ્રી દેવચંદજી કૃત આગમસાર, સાધુની પાંચ ભાવના, અધ્યાત્મ ગીતા તથા શ્રીમદ્ ચિદાનંદજીકૃત પુદ્ગલગીતા વીગેરેનો સમાવેશ કરેલ છે. આ ગ્રંથ વડુના શા. લક્ષ્મીચંદ લાલચંદ તથા પાદરાના શા. પ્રેમચંદ દલસુખભાઈ તરફથી મુની મહારાજ તા. સાધ્વીજી મહારાજને ભેટ મોકલવાનો છે તેમજ જૈન પુસ્તકાલયોને પોષ્ટ ખર્ચનો એક આનો લેઈને અને અન્ય ગ્રહસ્થોને નામની કીમતનો એક આનો [જ્ઞાન ખાતે] તથા પોષ્ટ ખર્ચ એક આનો મળી બે આના લેઈ આપવાનો છે, તો નીચેના સરનામે લખી મંગાવવા વિનંતી છે.

વકીલ મોહનલાલ હેમચંદ.

પાદરા [ગુજરાત.]

# જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિકસ્થિતિનું દિગ્દર્શન અને તે સુધારવાના ઉપાયો.

( લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોનો **બી. એ. એલ એલ બી.** )

(ગતાંક પૃ. ૧૭૦ થી ચાલુ)

આ પ્રસંગે મારે નમ્ર ભાવે જણાવવું જોઇએ કે નીચેની સુચનાઓ સામન્ય પણે બહાર મુકવામાં કોઇપણ વ્યકિતની ખુશામત કરવાનો મારો ઇરાદો નથી પરંતુ માત્ર કોન્ફરન્સની હીલચાલ સર્વત્ર લોકપ્રિય થઇ પડે, બાધાકારક પ્રતિકુળ સંયોગો ઉદ્‌ભુત થવા પામે નહિ; અગર ઉદ્‌ભુત થતાં તેને દૂર રાખી શકાય અથવા તેની અસર નિર્મળ કરી શકાય; કોન્ફરન્સની અને ખાસ કરીને સબજેકટ્‌સ કમીટીની બેઠકો સુલેહ શાન્તિથી નિર્વિઘ્ને પોતાનું નિયમિત કાર્ય કરી શકે, લાયક પ્રમુખ મેળવવામાં નડતી મુશીબતો દૂર થાય અને ખરાબે ચઢી ગયેલું કોન્ફરન્સનું નાવ સલામતીને રસ્તે ચઢે તેને માટે પ્રયાસ કરવાનો છે.

આપણા પુજ્ય મુનિવરો સામે અંગિત રૂપથી કરવામાં આવતા નિંદાયુકત લખાણો અગર ભાષણો યેનકેન પ્રકારેણ બંધ કરવા જોઇએ. શાશનની હીલના થવા પ્રસંગ આવે નહિ તેવી રીતે સાધુ વર્ગમાં કંઇક અંશે પ્રવેશ પામેલ આચારની શિથિલતાને અંગે સામાન્ય રીતે સુધારાના ઉપાયો સુચવવા સાથે વિવેચન કરવામાં આવે તે સામે વાંધો લેવાનું કંઇ કારણ જણાતું નથી (પરમ સ્વાતંત્ર્યના ચોમેર ઉછળતા મોજાની લ્હેરોનો આસ્વાદ લેતા, યોગ્ય રસ્તે કામકરતા સુધારકો ઉપર વ્યાજબી રીતે અંકુશ મુકી શકાય નહિ અને તેમ કરવા જતાં બમણો પ્રત્યાઘાત થવાનો સંભવછે એ હકીકત લક્ષ્ય બહાર નથી) પરંતુ છતા ગુણોને છુપાવી રાખી અછતા દુર્ગુણો માટે નિંદા કરવામાં આવે અગર કોઇક શિથિલાચારવાળા સાધુના વર્તન ઉપરથી આખા સમુદાયને વિનાકારણ વગોવવામાં આવે, આ પંચમકાળની દુઃખદ સ્થિતિનો, ભોગવવી પડતી હાડમારીનો સંપૂર્ણ વિચાર કર્યા સિવાય દેશકાળ અનુસાર શુદ્ધ વર્તન રાખનાર સાધુજનો--મુનિરાજો તરફ અપૂજ્ય ભાવ પ્રકટ કરવામાં આવે તે કેવલ લેખકને અને અંધ શ્રદ્ધાથી ઉત્કટ સુધારાના આવેશમાં તેના વિચારોને અનુસરનારને દુર્ગતિમાં લઇ જનારછે અને શાસનની અવનતિ આણનારછે તેથી તેના ઉપર અંકુશ મુકવાની જરૂરછે.

અમુક વ્યકિતને સુધારવા માટે ઇંગ્લાંડના પ્રસીદ્ધ તત્ત્વવેત્તા લોર્ડબેકને સુચવેલ માર્ગ અત્ર જણાવવાની જરૂર જણાય છે. તેના અભિપ્રાય મુજબ અમુક વ્યકિતમાં અમુક ગુણ પ્રગટ કરવા—ઉત્પન્ન કરવા માટે તેની તે ગુણના અભાવ માટે નિંદા કરવાને બદલે તેનામાં તે ગુણ છે તેવા પ્રકારની પ્રશંસા કરવાથી તે વ્યકિત, વખત જતાં પોતાની

કરવામાં આવતી પ્રશંસા–બંધાયેલી આબરૂ જાળવી રાખવા માટે તે ગુણ અવશ્ય ગ્રહણ કરવાનીજ.

પોતાના સ્વાર્થનો, કીમતી વખતનો થોડે યા ઘણે અંશે ભોગ આપી ધર્માદા ફંડોના વહિવટ કરનારાઓ સામે કોમના ધનાઢ્ય આગેવાનો સામે કરવામાં આવતાં નીરર્થક અંગિત હુમલાઓ બંધ કરવા જોઇએ. તેઓ કદાચ પોતાની ફરજ કેળવાયેલ વર્ગના વિચારો મુજબ પુરેપુરી યોગ્ય રીતે સંતોષકારક રીતે બજાવતાં ન હોય છતાં પણ વ્યવસ્થા પુર્વક કામ થઇ શકે તેને માટે ઉપાયો સુચવ્યા સિવાય અગર તેમના કરતાં વધારે સારૂં ઉત્સાહથી કામ કરનારાઓ બ્હાર પાડ્યા વગર તેમના સામે આક્ષેપો મુકી તેમને ઉત્સાહ ભંગ કરી દેવામાં આવે તે યોગ્ય નથી. કહેવા કરતાં કરી બતાવવાની જરૂર છે. ધાર્મિક ફંડોની દુર્વ્યવસ્થા થવા દેવી અગર ચલાવી લેવી એમ કહેવાનો અગર પ્રતિપાદન કરવાનો અત્રે બીલકુલ આશય નથી પરંતુ તેની સુધારણા માટે શાન્તિથી ધીમે ધીમે સમજાવટથી કામ લેવાની જરૂર છે. વખતને અનુસરી યુક્તિ પ્રયુક્તિથી કાર્ય કરી લેવાની પદ્ધતિ આવશ્યક છે.

અમુક વિષયની ચર્ચાને અંગે બે મત પડે તે આવકારને પાત્ર છે; તેથી ખરી હકીકત છુપી બ્હાર આવે છે, અજવાળામાં આવે છે; પરંતુ તે ચર્ચા એવું સ્વરૂપ ધારણ કરે કે જેથી સામસામા પક્ષવાળાઓ દરેક વિષયમાં ન્યાય દ્રષ્ટિથી લાભાલાભની તુલના કર્યા સિવાય કદાગ્રહથી પોતાનો કક્કો ખરો મનાવવાનોજ પ્રયત્ન કરતા રહે અને તેને માટે અનેક કપટ જાળની યોજના કરે, વધારે મતોથી કબુલ રાખવામાં આવેલ કાર્યક્રમને પોતાનો મત તેથી વિરૂદ્ધ હોવાના કારણ માત્રથી ધિક્કારની નજરથીજ જુએ: તે બીલકુલ પસંદ કરવા યોગ્ય નથી.

કોન્ફરન્સમાં ભાગ લેનાર દરેક પુરૂષે કોન્ફરન્સની પ્રતિષ્ઠામાં વધારો થાય, તેનો માનમરતબો જળવાય તેને માટે યોગ્ય પ્રયાસ કરવાની જરૂર છે. કોન્ફરન્સની હીલચાલમાં જોડાનાર પુરૂષો પ્રસંગે તેની વિરૂદ્ધ ટીકા કરનારાઓ સાથે મલી જાય: તે પોતાના પગ ઉપરજ કુહાડો મારવા જેવું સમજવું જોઇએ.

આજ સુધીની કોન્ફરન્સની બેઠકો વખતે નીમાયેલા પ્રેસીડેન્ટો, રીસેપ્શન કમીટીના ચેરમેનો, વાઇસચેરમેનો, ચીફ સેક્રેટરીઓ, જનરલ સેક્રેટરીઓ તેમજ મોટા મોટા અન્ય હોદ્દેદારોની ખાસ ફરજ છે કે તેઓએ કોન્ફરન્સની દરેક મીટીંગ વખતે હાજરી આપી આગેવાની ભર્યો ભાગ લેવો જોઇએ; તેઓને સ્વધર્મિ બંધુઓ તરફથી જે અસાધારણ ઉત્તમ પ્રતિનું માન આપવામાં આવે છે તેનો તેઓએ કોન્ફરન્સના કાર્યને આગળ વધારી સંપૂર્ણ રીતે બદલો વાળી આપવો જોઇએ. આખી જીંદગી દરમીયાન એક વખત પણ પ્રેસીડેન્ટને જે માન આપવામાં આવે છે તેવું માન મેળવવાને ગણ્યા ગાંઠ્યા પુરૂષોજ ભાગ્યશાળી થઇ શકે છે. કોન્ફરન્સના પ્રેસીડેન્ટો તરીકે ધનાઢ્યોને પસંદ કરવામાં આવે છે તેની સાથે યોગ્ય વિદ્વાનો તરફ પણ નજર કરવાની જરૂર છે.

પ્રેસીડેન્ટ તરીકેનું અસાધારણ માન મેળવવા યોગ્ય પુરૂષો ચાહના રાખતા થાય તેને માટે કોન્ફરન્સનું બંધારણ એવા મજબુત પાયા ઉપર રચાવું જોઇએ કે કોન્ફરન્સની બેઠક ચાલુ હોય તે પ્રસંગે પ્રમુખના અભિપ્રાયને દરેક ડેલીગેટે સંપુર્ણ માન આપવું જોઇએ. દરખાસ્ત રજુ કરનારાઓ તથા તેને ટેકો આપનારાઓ કોન્ફરન્સની ઉત્તમ વ્યવસ્થા માટે ઘડવામાં આવેલા કાયદા કાનુનોથી પુરતા વાકેફગાર હોવા જોઇએ અને તેઓએ લેશ માત્ર પણ તેનું ઉલ્લંઘન કરવું જોઇએ નહિ. જીલ્લા કમિટીઓના અભિપ્રાય મેળવી વધુ મતે રીસેપ્શન કમીટીએ પ્રેસીડેન્ટને પસંદ કરવાનું ધોરણ રાખવું જોઇએ.

અમુક બાબતમાં વીરૂદ્ધ મત ધરાવનારાઓ સામાપક્ષવાળાઓની દરેક વિષયમાં વગોવણી કરવા મંડી પડે તે બીલકુલ પસંદ કરવા યોગ્ય નથી. મતમતાંતરથી ખેંચાઇ નહિ જતાં નીષ્પક્ષપાતપણાથી પરમાર્થ બુદ્ધિથી કોન્ફરન્સે હાથ ધરેલા દરેક વિષયને ન્યાય આપવાની ટેવ વિચાર શીલ બંધુઓએ ગ્રહણ કરી જાળવી રાખવી જોઇએ. કોન્ફરન્સમાં હાજરી આપનારા ડેલીગેટોના મોટા સમુદાયને તે વિષયની ચર્ચાથી ઉશ્કેરાઇ જઇ વિરૂદ્ધ પડવાનું બનતું હોય તે વિષયની ચર્ચા હાથ ધરવી નહિ; મોટા ભાગની લાગણી ઉશ્કેરનારા ઠરાવો, કદાચ જુજ સંખ્યાના વધારે મતે (Small majority) થી પસાર કરાવી શકાય તેવી સ્થિતિ હોય છતાં પણ કોન્ફરન્સની આધુનિક સ્થિતિ તરફ જોતાં તેવા ઠરાવો રજુ થવા દેવા જોઇએ નહિ; હજુ લોકોની લાગણી ગમે તેટલા ભોગે પણ કોન્ફરન્સના ઠરાવોને અંતઃકરણના ઉમલકાથી માન આપવા જેટલી મજબુત થઇ નથી અને તેથી ઘણીજ સાવચેતીથી કામ લેવાની જરૂરછે; એકદમ એકે તડાકે જુદા જુદા સુધારાઓ દાખલ કરવાની ઉત્કટ ઇચ્છા બર આવે તેવી સ્થિતિ દ્રષ્ટિગત થતી નથી. ધીમે ધીમે એક પછી એક સુધારાને, સમયસૂચક બુદ્ધિનો ઉપયોગ કરી, કામમાં દાખલ કરવા માંનો પ્રયાસજ સફળ થવા સંભવછે. કોન્ફરન્સમાં હાજરી આપનાર પ્રત્યેક પ્રતિનિધિએ સમજવું જોઇએ કે કોન્ફરન્સના કાર્યક્રમમાં માત્ર ત્રણ દીવસના આન્દોલનથી ફતેહ મેળવી શકાશે નહિ. આખા વર્ષ દરમીયાન તેઓએ સ્વાર્થત્યાગ વૃત્તિથી આત્મભોગ આપી જાત મ્હેનત કરી કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકવા માટે બનતો પ્રયાસ કરતા રહેવાની જરૂરછે. જ્ઞાતિના આગેવાનો પોતાની ફરજ યથાર્થ રીતે સમજતાં શીખે, તેમની ગંભીર જવાબદારીનો ખરો ખ્યાલ તેઓને આવે તો અલ્પ પ્રયાસે કોન્ફરન્સવાળાઓ તેમના કાર્યમાં વિજય મેળવી શકે. અમુક દેશ આશ્રયી અગર જ્ઞાતિ આશ્રયી એક બીજા સમુદાય વચ્ચે લાંબા વખતથી ચાલ્યા આવતા વૈર-વિરોધને કોન્ફરન્સ મંડપમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કરતાં અટકાવવા જોઇએ. તેવા વૈર-વિરોધને પૂર્વબદ્ધ વિચારોને ( Prejudices ) આગળ કરી આપણા પ્રશસ્ત કાર્યમાં ભંગાણ પાડવામાં આવે તે મુદલ ઇષ્ટ નથી.

જુદા જુદા આચાર-વિચાર ધરાવનાર પ્રત્યેક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બંધુએ સંપૂર્ણ ઉત્સાહથી, કોન્ફરન્સના કાર્યક્રમની ફલ સિદ્ધિ માટે ઐક્યતાથી પ્રયાસ કરવાની જરૂર છે. દરેક જૈન બંધુએ સાર્વજનિક હિત તરફ લક્ષ્ય રાખી પોતાની તાસુ-

બાઓને, મગજના વિચિત્ર ફાંટાઓને ( whims and whimsicalities ) દાબી દેવા જોઇએ. સમસ્ત જૈન કોમના ઉત્કર્ષકારક કાર્યમાં ભાગ લેતી વખતે દરેક ધર્મ નિષ્ટ શ્રાવકવર્ગે શુધ્ધ હૃદયથી, **શાંતચિતથી**, અન્ય સ્વધર્મી બંધુઓની કોમળ લાગણીને માન આપીને પુર ઉત્સાહથી કામ લેવાની જરૂરછે.

ઉપર જણાવ્યા મુજબ સુલેહ શાંતિથી કામ લેવા ઉપરાંત અન્ય કેટલીએક બાબતો નો પણ વિચાર કરવાનો રહે છે. કોન્ફરન્સે અત્યાર સુધીમાં હાથ ધરેલ કાર્યક્રમમાં અસાધારણ સંયોગો ઉભા થવા પામે તે સિવાય કંઇ સુધારો વધારો કરવા જેવું હાલ જણાતું નથી; પરંતુ અન્ય બાબતો તરફ ધ્યાન આપવાની જરૂરછે. કોન્ફરન્સના મેળાવડા વખતે સ્થાનિક જૈન પ્રજાને ખર્ચનો બોજો ઘણો ભારે પડેછે અને તે ઉપરાંત પરદેશી હજારો ડેલીગેટોની યોગ્ય સરભરા ઉઠાવવાનું કામ તેથી પણ વધારે મુશ્કેલથઇ પડેછે. પ્રેક્ષકોને માટે પણ યોગ્ય ગોઠવણ કરવાની જરૂર રહેછે વલી હજારો ડેલીગેટો અને પેક્ષકોના મહાન્ મેળાવડાનું કામ શાન્તિથી પાર પાડવું, કોન્ફરન્સ પ્રસંગે કરવામાં આવતા અન્ય અનેક મેળાવડાઓની સુવ્યવસ્થા રાખવી, આગેવાન ગ્રહસ્થો માટે અનુકુળ સગવડ કરવી વગેરે અનેક દુર્ઘટ કાર્યો સ્થાનિક જૈન પ્રજાના આગેવાનોની મગજશકિત તેમજ શરીર શકિતને એટલા બધાં નાહિમત ભર્યાં થઇ પડે છે કે કોન્ફરન્સને આમંત્રણ કરવા માટે બ્હાર આવવા પ્હેલાં તેઓને ઘણોજ વિચાર કરવો પડે છે.

ખર્ચનો સવાલ એટલો બધો મહત્વનો નથી કારણ કે માત્ર એકજ ગ્રહસ્થ તેટલા પુરતા ખર્ચનો બોજો ઉપાડી લેવાને બ્હાર આવી શકે છે, પરંતુ અન્ય કાર્યોની વ્યવસ્થાને માટે મુસ્કેલી ઉભી થાય છે. રીસેપ્શન કમીટીને અંગે જુદા જુદા હોદાઓની વ્હેંચણી વખતે ખેંચાખેંચી થતાં માનાપમાનની કોમળ લાગણી ઉશ્કેરાઇ જવા જેવું થાય છે. અને શરૂઆતથીજ સુસંપનું મુળ રોપાવવાને બદલે કુસંપનું બીજ વવાય છે. નહિ જેવી બાબતોમાં મતભેદ પડતાં કટાકટીનો પ્રસંગ આવી પડે છે. આમંત્રણ કરવા માટે બ્હાર આવેલા આગેવાનોને ઘણીજ નમ્રતાથી, શાન્તિથી, અને કોઇ પ્રસંગે અન્ય ગ્રહસ્થોની ખુશામત કરીને પરવશીથી કામ પાર પાડવા માટે પ્રયાસ કરવો પડે છે. શાન્તમાં શાન્ત માણસ પણ મીજાજ ખોઇ બેસે તેવા આક્ષેપો તેમને શહન કરવા પડે છે. અનેક માણસો ઘોડે ચડીને આવે છે તેમને શાન્તિથી ઠમારવા પડે છે, કોઇ પ્રસંગે માન ભંગની દરકાર રાખવાનું પણ બની શકતું નથી. કોન્ફરન્સના મેળાવડા પ્રસંગે મ્હોટા વિરોધનો જન્મ મળે તેવા સવાલોની ચર્ચાથી રખેને તેમને ત્યાંની કોન્ફરન્સ ભાંગી પડે અને તેથી તેમને માથે અપજશનો ટોપલો કાયમને માટે રહે તેમ બ્હીતા રહે છે. અન્ય કોઇ મોટા શહેરના આગેવાનોને ત્યારપછીની કોન્ફરન્સની બેઠક માટે આમંત્રણ કરવા બ્હાર લાવવાની ભાંજગડમાં ઉતરવું પડે છે. આવી અનેક પ્રકારની મુસ્કેલીઓનો અંત લાવવા માટે બંધારણમાં કંઇક આવકારદાયક ફેરફાર કરવાની જરૂર જણાય છે.

ડેલીગેટોની ફી વધારવામાં આવે તો [ કોન્ફરન્સના આગેવાનોની મુંબઇ ખાતે મળેલી ખાસ મીટીંગે ડેલીગેટની ફી વધારી રૂ. ૫) ની કરી છે તેથી ખુશી થવા જેવું છે] તેથી આવકમાં વધારો થવા ઉપરાંત પ્રતિનિધિની સંખ્યા ઉપર પણ સારો અંકુશ મૂકાશે. બધા ડેલીગેટોને બેસાડવા સગવડ થઇ શકે તેવા મોટા હોલના અબાવેજ મંડપ ઉભો કરવાની જરૂર રહેશે; પરંતુ કેટલોક ઠઠારો કરવામાં આવે છે તે બંધ કરી માત્ર તડકાથી રક્ષણ મેળવવા પુરતીજ મંડપની શોભા કરવામાં આવે તો ખર્ચમાં ઘણો કાપકુપ કરી શકાય.

કોન્ફરન્સના ખર્ચે એક મોટો શમીઆનો [ તંબુ ] ખરીદવાનું કેઇ તરફથી કહેવામાં આવે છે પરંતુ તેમાં રોકાયેલી રકમના વ્યાજથી તેમજ તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લાવવાના ખર્ચથી તથા આખા વર્ષ દરમીયાન જાળવી રાખવાના ખર્ચ કરતાં, ભભકાબંધ માંડવો ઉભો કરવામાં ન આવતાં સાદો મંડપ ઉભો કરવામાં આવે તેથી વધારે ખર્ચ થવા સંભવ જણાતો નથી; કાળમાન જોતાં, ખુરશીને બદલે જાજમની બેઠક સર્વને અનુકુળ થાય તેમ જણાતું નથી.

ઘણી વખત તીર્થ સ્થળે કોન્ફરન્સ મેળવવાની ભલામણ કરવામાં આવે છે. પરંતુ તીર્થ સ્થળે ધાર્યા કરતાં વધારે સંખ્યામાં ડેલીગેટો ઉતરી પડે અને કોન્ફરન્સ શંભુ મેળાનું રૂપ ધારણ કરે એ બનવાજોગ છે. આ પ્રસંગે કોન્ફરન્સનું કાર્ય શાન્તિથી ચલાવી શકાય નહિ, પરંતુ કોન્ફરન્સના ઉપદેશકોને ભાષણોદ્વારાએ તે પ્રસંગે મળેલા લોકોને કોન્ફરન્સના હેતુઓ સમજાવવા માટે મોકલવામાં આવે તો તેઓ ઘણો લાભ કરી શકે ખરા.

અપૂર્ણ.

---

## "બરમા લોકોની રીતભાત"

( લેખક શા. પોપટલાલ ત્રીભોવનદાસ કરાંચીવાળા )

બરમા લોકોની રીતભાત વિષે જાણવા પહેલાં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે એ લોકોને સુધરેલા દેશના લોકોની વિદ્યા અને રીતભાતના સહવાસમાં હજુ એક સદી પણ થઇ નથી. જો કે ઇંગ્રેજ લોકોએ સને ૧૮૨૪ માં આરાકાન અને ટીનાસરીમ પ્રાંતો જીતી લીધા પણ ઉપરના બન્ને પ્રાંતોને બરમાના મુખ્ય ભાગની સાથે એટલો બધો સંબંધ નહોતો.

પરંતુ ૧૮૫૨ માં જયારે ઇંગ્રેજ લોકોએ બ્રહ્મદેશનો દક્ષિણ ભાગ સર કર્યો અને તે ભાગ ઉપરના બન્ને પ્રાંતો સાથે જોડી દીધા ત્યારથીજ એ લોકોની રીતભાતમાં ફેરફાર થતો ચાલ્યો.

## જન્મ અને બાળ અવસ્થા.

બરમા સ્ત્રી જ્યારે ગર્ભવંતી હોય છે, ત્યારે આપણા દેશની સ્ત્રીઓની માફક તેમને પણ મહેનતનું કામકાજ કરવા આપવામાં આવતું નથી, અને એ લોકોમાં એવી માન્યતા રહે છે કે ગર્ભવંતી ને અલંકાર પહેરાવવામાં આવે તો કદાચ નજર પડે તેથી બીલકુલ સાદી રીતે રાખવામાં આવે છે. જે ઘરમાં બાળકોનો પ્રસવ થાય કે તરતજ તે ઘરના દરેક બારણે કાંટાવાળા છોડના તોરણો બાંધી દેવામાં આવે છે તે એવી માન્યતાથી કે રખેને કોઇ ભુત પલીત કે ડાકણી શાકણી પ્રવેશ કરી જાય કે કોઇનો પડછાયો પડે. જન્મ થાય કે તરતજ સગાંવ્હાલાં અને લાગતા વળગતાઓને ખુશ ખબર આપવામાં આવે છે, પછી સગાંવ્હાલાંઓ જેમ આપણામાં પાંચ દોરીયા અને છઠ્ઠીના વસ્ત્રાલંકારો આપે છે તેમ બરમા લોકોમાં જન્મની ખબર પડતાંજ યથાશક્તિ ભેટો લઇ ટોળાબંધ હર્ષ કરવા આવે છે. બચ્ચુ જન્મે છે કે તરતજ એક કપડામાં વીંટાળી માના ખાટલા પાસે રકાબીમાં સુવાડવામાં આવે છે અને જો છોકરો હોય તો તમામ પુરૂષના ઉપભોગના વસ્ત્રો અને જો છોકરી હોય તો તમામ સ્ત્રીના વસ્ત્રો રકાબીમાં બચ્ચાંની બાજુ મુકવામાં આવે છે. જેમ આપણામાં બચ્ચાંને ગળથુથી આપે છે તેમ બરમા લોકોમાં મધ અને પાણીની ગળથુથી બનાવી આપવામાં આવે છે, અને સાત દીવસ પછી જોશીને બોલાવી નામ પાડવાને તથા જન્મોતરી કરવાને સુચના કરવામાં આવે છે. બરમા લોકોના ગોર અને જોશી મણીપુર તરફના બ્રાહ્મણ હોય છે તે પવનાના નામથી ઓળખાય છે, જેમ આપણામાં છોકરાઓની અછત હોય કે ખોટનુ હોય તો કચરો ગાંડો ઘેલો એવાં નામ પાડવામાં આવે છે તેમ બરમા લોકોમાં પણ તેવોજ રીવાજ છે. આપણામાં ખોટની છોકરી હોય તો કેટલીક વખતે સગપણ કરી દઇ પારકી કરવામાં આવે છે તેવીજ રીતે બરમા લોકોમાં છોકરી અગર છોકરો જો ખોટના હોય તો કોઇ મામા માસી કે એવા અંગીત સગાને ખોળે બેસાડી દે છે. બરમા લોકોમાં બાળક અવસ્થાના બે મોટા ધામધુમના પ્રસંગ આવે છે. એક છોકરાને ચૌદ પંદર વરસની ઉમરે દીક્ષા આપવાનો અને બીજો છોકરીને તેર ચૌદ વરસની ઉમર થતાં કાન વિંધવાનો. જ્યારે છોકરાને દીક્ષા આપવાની હોય ત્યારે મોટા ઠાઠથી બાદશાહી કપડાં પહેરાવી પોતાના બધા સગાંવ્હાલાં અને લાગતા વળગતાઓને તે મળવા જાય છે અને પછી અમુક ઠરાવેલ દીવસે ધર્મગુરૂ આવી દીક્ષા આપે છે અને માથે મુંડન કરાવી પીળાં સાધુનાં કપડાં પહેરાવી મઠમાં લઇ જાય છે જ્યાં તેને છ, મહિના અગર કમતીમાં કમતી ત્રણ મહિના ધર્માભ્યાસ કરવો પડે છે અને તેટલો વખત સાધુના જેવી ક્રિયા સાચવવી પડે છે અને ત્યારબાદ મુદત પુરી થયા પછી ઘેર આવી ગૃહસ્થાશ્રમમાં જોડાય છે. આ રીવાજ બરમા લોકોમાં ફરજીઆત છે અને જેથી દરેક બાળકના ઉપર નીતિની છાપ પાડવામાં અવકાસ મળે છે, અને છોકરીના કાન વિંધવાની ક્રિયા લગ્નપ્રસંગ જેવી મોટી ધામધુમથી કરવામાં આવે છે, અને માબાપ અને નજીકના સગાંઓ તરફથી છોકરીને હીરાની બુટ્ટી જોડીઓ ભેટ આપવામાં આવે છે. (અપૂર્ણ)

# ખોરાક, આરોગ્ય અને બળ.

## લંડનની કાઉન્ટી કૌંસીલનો પ્રયોગ.

ઇ૦ સ૦ ૧૯૦૮ માં 'લંડન વેજીટેરીયન એસોસીએશન'ના સેક્રેટરી મિસ. એફ. આઇ. નીકલસને ૧૦,૦૦૦ છોકરાંને છ મહિના સુધી વનસ્પતીના ખોરાકપર રાખ્યાં હતાં, અને 'લંડન કાઉન્ટી કૌંસીલે' એટલાજ છોકરાંને છ મહિના સુધી માંસાહારપર રાખ્યાં હતાં. છ મહીના બાદ આ બંને વિભાગના બાલકોની તપાસ ત્યાંના વૈદકશાસ્ત્ર જાણનાર માણસોએ કરી હતી અને તેમાં એમ પુરવાર થયું હતું કે વનસ્પત્યાહારી બાલકો માંસાહારી કરતાં વધારે તંદુરસ્ત, વજનમાં વિશેષ, બળવાન મશલવાળા અને ચામડી સ્વચ્છ હતી.

લંડન કાઉન્ટી કૌંસીલની અરજપરથી તેનીજ દેખરેખ નીચે લંડનની વેજીટેરીઅન એસોસીએશન લંડનના હજારો ગરીબો બાલકોને વનસ્પત્યાહારપર રાખે છે.

## બ્રૂસેલ્સમાં વૈદકીય પ્રયોગ

ત્રણ વર્ષ ઉપર મૅડેમોઇસેલ ટેટેયકો બ્રુસેલ્સના પ્રખ્યાત સ્ત્રી ડાકતર છે, અને તે બ્રુસેલ્સ વિશ્વવિદ્યાલયમાં શારિરીક શાસ્ત્રની શિક્ષક છે. તે દારૂ, કોફિ, આદિ માદક અને ઉત્તેજક પદાર્થોની શરીરપર શી અસર થાય છે તે જાણવાને પ્રયોગો કરતી હતી. જે માણસોએ યુરીક એસીડ વિશેષ પ્રમાણમાં ન ઉપયોગમાં લીધું હોય તેવા માણસોપર તે પોતાના પ્રયોગો અજમાવવા ઇચ્છતી હતી. અત્યાર સુધી વનસ્પત્યાહાર તરફ તેનું ધ્યાન દોરાયું ન હતું. તેના પ્રયોગને માટે તેણે કેટલા વનસ્પત્યાહારી માણસોને પ્રયોગ શાળામાં આવવા કહ્યું, તેઓએ એમ કર્યું. એરગોગ્રાફ માણસોના અજમાઉ મસલો કેટલો શ્રમ ખમી શકે છે આદિ માપવાનું યંત્રોથી તેમના થાકનું માપ લઇ જોયું. આ વનસ્પતિના આહારપર રહેનાર માણસોના બલ અને શ્રમ લેવાની શક્તિ જોઇ તે વિસ્મય પામી. એટલુંજ નહીં પણ આ પ્રયોગથી સાબેત થતું પરિણામ અસામાન્ય જણાવ્યું આ વિષયની વધારે ઉંડી તપાસને માટે વેજીટેરીઅન સોસાયટીના મેમ્બરોને પ્રયોગશાલામાં બોલાવ્યા. આ પ્રમાણે તેણે ચાલીશ વનસ્પત્યારીઓના બલ અને શ્રમ સહનસીલતાની તપાસ કરી. અને યથાર્થ પ્રયોગદ્વારા સિદ્ધ કર્યું છે, કે **માંસાહારી કરતાં વનસ્પત્યાહારીનું બળ અને શ્રમ સહનશિલતા ત્રણ ગણી વધારે હોય છે.** આમ આ ચાળીશ જણાની તપાસ કરી પછી તેના પ્રયોગનું પરિણામ તેણે પ્રસિદ્ધ કર્યું અને કહ્યું કે શાસ્ત્રીય પ્રયોગદ્વારા વનસ્પત્યાહારના ફાયદા માંસાહાર કરતાં સાબીત થાય છે અને ન્યાયની રીતે તેણે વનસ્પતિનો ખોરાકજ લેવો જોઇએ અને તેણે તેજ કર્યું. યેલ યુનીવ્હર્સીટીના ડા. ફીશરના પ્રયોગ માટે પણ એમજ જણાઇ આવ્યું. **તે સ્ત્રી ડાકટરને તેના પ્રયોગોને ફ્રાન્સની એકેડેમી ઓફ મેડીસેન તરફથી**

**ઈનામ મેળવ્યું** જે તે ગ્રંથ તેને માટે ખરેખર એક માન છે. અને તે વનસ્પત્યાહારી ઓને માટે ઉપયોગી જાણવા લાયક બીના છે—ધી વેજીટેરીયન મેસેન્જર [ વેજીટેરીયન સોસાયટીનું પત્ર, માન્ચેસ્ટર) ડીસેંબર ૧૯૦૯.

આપનો સેવક

**લાભશંકર લક્ષ્મીદાસ.**

ઉપરના નમુનાના હેન્ડબીલની ૧૦૦૦૦૦ નકલ **શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડમાં-થી** મફત વહેંચવા માટે શેઠ **લલ્લુભાઈ ગુલાબચંદ** હસ્તક છપાવવામાં આવી છે. જે કોઈ દયાળુ ગૃહસ્થ પોતાના ગામમાં વહેંચવા ઇચ્છા રાખતા હોય તેમણે મજકુર ગૃહસ્થને સરાફ બજારના શીરનામે લખવું જેથી તેમને તેઓ મોકલશે.

# મુંબઈ-શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઑફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ.

## ઍડવાઈઝરી બોર્ડ.

કોન્ફરન્સ એડવાઈઝરી બોર્ડની એક મીટીંગ તા. ૧૩-૬-૧૧ ના સરક્યુલર મુજબ તા. ૧૫-૬-૧૧ ગુરૂવારે રાત્રીના ૭ વાગે (મુ. ટા.) પાયધુની પર આવેલ ગોડીજીની ચાલમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઑફીસમાં મળી હતી તે વખતે નીચેના મેમ્બરો હાજર હતા:—

| | |
|---|---|
| શેઠ કલ્યાણચંદ શે.ભાગચંદ. | રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા. |
| ,, મોહનલાલ હેમચંદ. | ,, મકનજી જુઠાભાઈ મ્હેતા. |
| ,, મોહનલાલ પુંજાભાઈ. | ,, મોહનભાઈ મગનભાઈ. |
| ,, માણેકલાલ ઘહેલાભાઈ. | ,, લલ્લુભાઈ કરમચંદ દલાલ. |

પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા.

બાદ આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. પછી નીચે મુજબ કામકાજ થયું હતું.

૧. નામદાર શહેનશાહ જ્યોર્જ પાંચમા રાજ્યાભિષેક સબબ ડીસેમ્બર માસમાં આવતાં તેમને માનપત્ર—એડ્રેસ આપવા ગવરમેન્ટના સેક્રેટરીને કરેલ અરજી દરેક પેપરમાં છાપવા મોકલવાનું નકકી કરવામાં આવ્યું.

૨. જીવદયા સંબંધીના મેમોરીયલના સંબંધમાં વિચાર કરવામાં આવ્યો.

૩. આબુના મુંડના કેઇસના સંબંધમાં રા. રા. માણેકલાલ ઘેલાભાઈએ એજન્ટ ટુ ધી ગવર્નર સાથે થયેલ પત્ર વ્યવહાર રજુ કરી તે પત્રો વાંચવામાં આવ્યા. ઘણું

ડીસ્કશન થયા બાદ રા. રા. માણેકલાલ ઘેલાભાઇ તરફથી પ્રત્ર સાથે બધા કાગળો કોન્ફરન્સ ઓફીસને સોંપે, એટલે તેનો જવાબ ઓફીસ તરફથી લખવા નક્કી થયું. ડેપ્યુટેશન માટે ટાઇમ પુછાવવા A. G. G. ને લખવું.

આ સિવાય આબુજીના દેરાસરના સંબંધમાં તથા સડક વિગેરેના સંબંધમાં વિચાર કરવામાં આવ્યો, તથા કોન્ફરન્સ ભરવાના સંબંધમાં થતી અડચણો ઉપર વિચાર કરવામાં આવ્યો.

---

## જીવદયા.

### જીવદયા કમીટીની બીજી મીટીંગ

#### થયેલું કામકાજ.

તા. ૧૯–૬–૧૧ ની રાત્રે ૭॥ વાગે કોન્ફરન્સ ઓફીસમાં મીટીંગ મળી હતી પ્રમુખપદે શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ બીરાજ્યા હતા. પ્રમુખ ઉપરાંત ડો. નાનચંદ કસ્તુરચંદ મોદી, ડો. ત્રીભોવનદાસ લહેરચંદ, શેઠ મોહનલાલ મગનભાઇ, શેઠ લખમીચંદ માણેકચંદ ખોખાણી, શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ, હાજર હતા. આગલી મીનીટ વાંચીને મંજુર થયા બાદ નીચે પ્રમાણે કામકાજ થયું હતું.

૧ કતલખાનાને કરવાની અરજી વિષે, એડવાઇઝરી બોર્ડનો અભિપ્રાય રજુ થયો હતો, તે ઉપર વિચાર કરતાં તે અરજી બંધ રાખવાનું દુરસ્ત ધાર્યું, અને ધર્મના નામે અજ્ઞાનતાએ કેટલેક સ્થળે જીવહિંસા થાય છે તે બંધ કરવા અરજી કરવી, અને તે માટે ઘટતી અરજી તૈયાર કરાવવા વિચાર થયો.

૨ પરીક્ષા માટે મેટ્રીક વર્ગના વીદ્યાર્થીઓ માટે પ્રથમ નકી કરેલ બે બુકો કાયમ રાખી, તથા કોલેજ માટે "Diet and Food" બુક સીવાયની બે બુકો કાયમ રાખી અને તે દરેક બુકો તાકીદે ઇંગ્લાડથી મંગાવી લેવી; બન્ને કોન્ફરન્સો તરફથી કપીઓ મંગાવી મોકલવા નકી કર્યું, મેટ્રીક વર્ગ માટે વિદ્યાર્થીઓ પાસેથી પોસ્ટેજનો માત્ર ०)᠆ એક આનો મંગાવવો, બુકોની કીમત ન લેવી, અને કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી બુકોની કીંમત તથા પોસ્ટેજ ચાર્જ લેવા ઠરાવ્યું.

૩ તાસગામમાં અગાઉ થતિ જીવહીંસા અટકાવવા સતારાના કલેકટરને અરજી કરી હતી તે તથા આવેલ જવાબ વાંચવામાં આવ્યો, આ વખતે તાસગામમાં મામલતદારે સારો પ્રયાસ કર્યો હોવાથી તેઓને ઉપકાર માનનારો પત્ર લખવા સેક્રેટરીને જણાવ્યું.

૪ પ્રમુખનો ઉપકાર માની મીટીંગ વિસર્જન થઇ.

સતારાના કલેકટર તરફથી આવેલ પત્રની નકલ નીચે મુજબ.

No. 3911 of 1911.
Satara 19th May 1911.

MEMO:—

The Mamlatdar of Tasgaon should inform the Village Officers of Akalkhop that they must make such arrangements that the slaughter takes place away from the public road and out of sight and hearing of passers by 4 feet screens must be erected if the prickly pear is less than 4 feet high.

(Sd.)
Collector of Satara.

The Mamlatdar of Tasgaon.
The Petitioners.
Resident General Secretary,
Jain Conference Bombay.

જે જગ્યાએ દેવીને ભોગ અપાય છે તે જગા સર્યામ રસ્તા ઉપર છે જેથી જીવહીંસા થતી નજરે પડે એટલે લોકોની લાગણી દુઃખાય છે ઉપરના પત્રમાં જણાવ્યા મુજબ ૪ ફીટ દીવાલ કરી બીજી જગ્યાએ કે જ્યાં લોકોની આવજા ન હોય ત્યાં જીવહીંસ કરવાનું જણાવેલ છે જેથી બીજી જગ્યાએ જીવહીંસા થશે નહિ.

———:o:———

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

સંવત ૧૯૬૭ના જેઠ સુદી ૫ થી અસાડ સુદી ૪ એટલે તા૦ ૧-૬-૧૧ થી તા૦ ૩૦-૬-૧૧ સુધીમાં વસુલ આવેલા નાણાંની ગામવાર રકમ.

| રૂ. | આ. | પા. | |
|---|---|---|---|
| ૧૫૬૯ | ૨ | ૯ | ગયા માસ આખર સુધીના પા૦ ૧૮૬ મે જણાવ્યા મુજબ. |
| ૭૯ | ૦ | ૦ | ગુજરાતમાંથી ઉપદેશક વાડીલાલ શાંકળચંદ માફત આવ્યા. |

| | | |
|---|---|---|
| ૨૧- ૦-૦ નવાસંગપુર | ૧- ૦-૦ પેઢામલી | ૧૦-૧૨-૦ રણાસણ |
| ૪-૧૨-૦ દેરોલ | ૩- ૮-૦ દેધરોલ | ૨- ૦-૦ સાહેબાપુર |
| ૨૪- ૪-૦ છલોલ | ૧- ૮-૦ ફુદેડા | ૪- ૦-૦ પીલવાઇ |
| ૪- ૪-૦ બાલુવા | ૨- ૦-૦ ઉનાવા | |
| | | ૭૯-૦-૦ |

૨૪-૧૨-૦ ગોહીલવાડ (કાઠીઆવાડ) માંથી ઉપદેશક હરખચંદ માફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૦-૧૨-૦ દેદરડા | ૩- ૦-૦ દેપલા | ૦- ૮-૦ પીપરડી |
| ૨- ૦-૦ રાણીગામ | ૧- ૪-૦ શોભા | ૨- ૮-૦ ફીફાદ |
| ૦- ૪-૦ મેંકડા | ૦- ૪-૦ પીઆવા | ૩-૧૨-૦ વંડા |

| | | |
|---|---|---|
| ૧– ૪–૦ શેલણા | ૨–૧૨–૦ કવી | ૦– ૮–૦ જાડકળા |
| ૧– ૮–૦ રાજપરા | ૦– ૮–૦ રાણપરડા | ૩– ૪–૦ હાથસણી |
| ૦–૧૨–૦ હીપાવડલી | | |
| | | ૨૪–૧૨– ૦ |

૩૦–૪–૦ હાલાર (કાઠીઆવાડ) માંથી ઉપદેશક દેવશી પાનાચંદ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૦– ૪–૦ ધ્રુવાવ | ૦– ૧૨–૦ ચંગા | ૧–૪–૦ રસનાળ |
| ૦– ૪–૦ પીડડ | ૩– ૦–૦ ટંકારા | ૧૪–૦–૦ મોરબી |
| ૦– ૪–૦ રંગપર | ૧– ૮–૦ જેતપુર | ૧–૦–૦ આદરીઆણા |
| ૦– ૮–૦ બેલા | ૦– ૮–૯ શાપર | ૦–૪–૦ જીવાપર |
| ૭–૧૨–૦ જેતપુર (કાઠીઆવાડ) | | |
| | | ૩૦–૪–૦ |

૧૫–૦–૦ ઉપદેશકો હથુ પહોંચો અપાએલી તે ભાવનગર શેઠ કુંવરજીભાઇ માર્ફત આવ્યા તેની વીગત—

૧૦– ૮–૦ વાપજ ૨–૦–૦ નાના ઝીંઝાવદર ૨–૮–૦ પીપાવા

૫–૦–૦ ઉપદેશક વિના વસુલ કરી મોકલાવેલ તે—

૫–૦–૦ કુરકુવાડી

૫–૦–૦

કુલ રૂા. ૧૫૪–૦–૦ એકંદર કુલ રૂા. ૧૭૨૩–૨–૯

ઉપદેશક કેશરીમલ મોતીલાલ ગાંધીએ માળવામાં કેટલાક ગામોના રૂપીઆ વસુલ કરી (બધા માણસોના વસુલ ન થવાથી) ત્યાંના શેઠીઆઓને ત્યાં અનામત રાખેલા છે. તે આવ્યાથી આવતા માસમાં જાહેરમાં લાવીશું.

## ઉપદેશકના ભાષણથી થએલા ઠરાવો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી૦ વાડીલાલ સાકળચંદ તા૦ ૧૪–૪–૧૧ ના રોજ **ઓરાણ** ગામે ગયા હતા. તે વખતે કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપતાં નીચે પ્રમાણે ઠરાવ થયા હતાઃ—

કોઇ પણ સ્ત્રીએ છાણ લેવા જવું નહીં ને જાય તો તેના પાંચ આના દંડના લેવા. તેમજ ફટાણાં ગાવાં નહીં, બંગડીઓ પહેરવી નહીં, ટીનનાં વાસણ વાપરવાં નહીં ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં, વગેરે કેટલાક ઠરાવ થયા હતા. આ ગામ સતાવીશના પંચનુ હોવાથી ત્યાંના તમામ ઠરાવ પાળવા કબુલ કરાવ્યા હતા.

**ઓરાણના સ્કુલ માસ્તરનો અભિપ્રાય**—મી. વાડીલાલના ભાષણોથી લોકો ઉપર સારી અસર થાય છે માણસો તુરત હાનિકારક રીવાજો બંધ કરવા તત્પર થાય છે **અવા**

ઉપદેશકો વરસમાં બે વખત દરેક ગામે ફરે તો ઘણા હાનિકારક રીવાજો નાશ પામે. અહીંના તાલુકદાર સાહેબ મીયાં અસ્કરઅલી લાલામીયાંએ સદરહુ ઉપદેશકને એક દિવસ રોકી ભાષણ અપાવેલ તે વખતે નદીના આરામાં કોઇએ પણ માછલાં નહીં મારવા તાલુકદાર સાહેબે ઠરાવ કર્યો છે.

ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ તા. ૨૦-૪-૧૧ ના રોજ દેહગામ તાલુકાના **વડવાસા** ગામે દશા શ્રીમાલીના સતાવીશના પંચમાં ગયા હતા. તે વખતે ભાષણો આપી સૌના મનરંજન કર્યા હતાં. સતાવીશના પંચમાં થએલ ઠરાવો નીચે પ્રમાણે:-

રૂ. ૮૦૦ જીર્ણ મંદીરોદ્ધાર એટલે દેરાસરમાં વાપરવા, રૂ. ૪૨૬) શ્રી કેસરીઆજી મોકલી રૂ. ૭૫) વડવાસાના ઉપાશ્રય ખાતે આપ્યા તે સિવાય (૧) સાટાં બદલ જે કોઇ ઉપરામણી લે તેની અડધી રકમ પંચમાં દાખલ કરવી (૨) કન્યાવિક્રયમાં રૂ. ૭૫૧) થી વધારે લે તે રકમ પંચમાં લેવી. (૩) ૪૫ વર્ષ ઉપરના માણસને કન્યા આપવી નહીં (૪) પીછાંવાળી ચીજો, ટીનનાં વાસણ, ચામડાંના પુઠાં અને કાચની બંગડીઓ વાપરવી નહીં. (૫) લગ્ન પ્રસંગે ગોરવ રમવો નહીં તેમ હોળીનું પૂજન કરવું નહીં. (૬) પંચની બેઠકમાં હોકો કે બીડી પીવી નહીં. (૭) બૈરાંઓએ ફટાણાં ગાવાં નહીં (૮) લગ્ન પ્રસંગે દારૂખાનું ફોડવું નહીં. (૯) રડવાકુટવાના સંબંધમાં ઘરના મોહલા સુધી કુટવું બજારમાં કુટવું નહીં. તેમ પાંચ માસથી વધારે પથરણું રાખવું નહીં. હાથી દાંતના સંબંધમાં પાંચ ને બદલે ૩ અલોયાં રાખવાં (હાથી દાંત બંધ કરવા ઘણાનો વિચાર હતો.) (૧૧) વર તોરણે આવે ત્યારે ગવારનું છાટવું કે કાપડું લુછવું કે કાંઇપણ કરવું નહીં, વિરૂદ્ધ ચાલનાર રૂ. ૧। દંડનો આપે (૧૨) જોડામાં નાલ કે ખીલી નંખાવવી નહીં તેમજ તેવા જોડાનો ઉપયોગ કરવો નહીં,

ઉપરના ઠરાવ પ્રસંગે ઉપદેશકે ઘણોજ સદ્‌ઉપદેશ આપેલ છે આવા ઉપદેશકોની ખાસ જરૂર તેઓ જણાવે છે, ઉપર જણાવેલ રકમનો સદ્‌ઉપયોગ ઉપદેશકના ભાષણથીજ થયો છે અને પંચ તેમને ધન્યવાદ આપે છે, સુકૃત ભંડાર ફંડમાં રૂ. ૪૧) આપવાનો ઠરાવ થતાં મોકલી આપ્યા છે. લી. સંઘના ફરમાનથી કોદરલાલ મોતીચંદ શા. મલુકચંદ સ્વરૂપચંદની સહી દ. પોતે.

**સંગપુર**—ઉપદેશક વાડીલાલના ભાષણથી આહીંના શ્રી સંઘે ઠરાવ કર્યો છે કે કન્યાવિક્રય કરવો નહીં. બાર માસમાં બે ત્રણ વખત આવા ઉપદેશકોને આવવાની જરૂર છે. તેઓ ઉપદેશ સારી રીતે આપી જીવદયા વગેરે વિષયો ઉપર સારૂ બોલ્યા હતા.

**સાહેબાપુર**--ઉપદેશક વાડીલાલે અહીં આવી જીવદયા ઉપર તથા દશરા ઉપર તથા પશુવધના સબંધમાં ઠાકરડા સમક્ષ ભાષણો આપ્યાં હતાં તેથી કરી ઠાકરડાઓએ પ્રતિજ્ઞા કરી કે અમારે કે અમારા વંશ વારસે કોઈ પણ વખત દશરા ઉપર પશુ વધ કરવો નહીં. વળી જીવ હીંસા કરવી નહીં, દારૂ પીવો નહી તેમજ કોઇ પણ જાતનું પાપ ન કરવા સોગન લઇ ઠરાવમાં સહીઓ કરી ઠરાવ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને મોકલી આપ્યો છે.

સદરહુ ઠરાવ ચાણસમા તાલુકાના ગામ ધારપરના ઠાકોર સાહેબ દેહળસીંહજી કલ્યાણસીંહજીના રૂબરૂ કરવામાં આવેલ છે. આ કામમાં ઉપદેશક સાથે ઠાકોર સાહેબે પણ સારો ભાગ લીધો હતો,

જૈન સંઘમાં પણ કન્યાવિક્રય ન કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો. સાહેબાપુરમાં દશરા ઉપર પશુવધ કરવો નહીં. વળી જીવ હિંસા કરવી નહીં; દારૂ પીવો નહી તેમજ કોઇ પણ જાતનું પાપ ન કરવા સોગન લઇ ઠરાવમાં સહીઓ કરી ઠરાવ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને મોકલી આપ્યો છે.

શ્રી સંઘ તરફથી શા. જીવરાજ તારાચંદ ઠરાવમાં જણાવે છે કે જીવદયા બાબતમાં હજારો રુપીઆ ખરચતાં જે ઠરાવ ન થાય તે મી. વાડીલાલના ભાષણથી થયો જાણી ઘણાજ ખુશી થયા છીએ તા. ૨-૬-૧૧

**કલોલ**—અહીંના શ્રી સંઘે ઉપદેશક મી. વાડીલાલના ભાષણથી કન્યાવિક્રય ન કરવા ઠરાવ કર્યો છે તથા શિયળ વ્રત પાળવા, બંગડીઓ ન પહેરવા, ફટાણા ન ગાવાં વગેરે બાબતના કેટલાક ઠરાવ બૈરીઓએ કર્યા છે,

**કુંદેડા**—ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલે અહીં આવી કન્યાવિક્રય વગેરે બાબતો ઉપર જાહેર ભાષણો આપવાથી નીચે પ્રમાણે ઠરાવ થયા હતા.

કન્યાવિક્રય કરવો નહીં, ટીનનાં વાસણ વાપરવા નહીં, ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં વગેરે કેટલાક દુષ્ટ રીવાજ નાબુદ કરાવ્યા છે. ઉપદેશકોને બે વખત એક વરસમાં દરેક ગામે જવાથી સારી રીતે સુધારા થવા સંભવ છે.

**પીલવાઇ**—ઉપદેશક મી. અમ્રતલાલના ભાષણથી સારી રીતે માણસો એકઠાં થયાં હતાં, ભાષણો જુસ્સાથી થતાં હોવાથી સૌને સારી અસર થઇ હતી. હેડમાસ્તર છોટાલાલે પણ કેટલુંક વિવેચન કર્યું હતું, અહીંના રજપુત ભાઇઓએ દારૂ નહી પીવા પ્રતિજ્ઞા કરી છે. વળી ૫૦-૭૫ માણસોએ ભ્રષ્ટ ખાંડ ન ખાવા બાધા કરી છે. આ બાબત માટે માસ્તર છોટાલાલ રણછોડદાસે મી. અમૃતલાલ માટે તથા પુંજાભાઇ ( નવા ઉપદેશક ઉમેદવાર ) માટે સારો મત ધરાવ્યો હતો. વળી જણાવ્યું છે કે તેમની બોલવાની શૈલી વિગેરેથી લોકોને સારી અસર થઇ છે. આવા ઉપદેશકોની જરૂર છે તે ખોટ પુરાતી જોઇ આનંદ થાય છે. તા. ૨૨-૬-૧૧

**માણસા**—ઉપદેશક મી. વાડીલાલે અહીં આવી કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં તેથી અહીંનો શ્રી સંઘ ઘણો ખુશી થયો છે. કેટલાક સુધારા મુનિ વિહારથી થયા છે, તેને મી. વાડીલાલના ભાષણથી ટેકો મળેલ છે. વળી ઠાકરડા લોકોની એક સભા કરવામાં આવી હતી તેમાં જીવદયા વગેરે બાબતોપર ભાષણો થતાં ઠાકરડાઓએ જીંદગી પર્યંત દારૂ ન પીવો તથા માંસ ભક્ષણ ન કરવા જળ લઇ સોગન ખાધાછે. આ અપૂર્વ લાભથી અમે કોન્ફરન્સનો આભાર માનીએ છીએ. જીવ દયાના સંબંધમાં કોન્ફરન્સ આવા

ઉપદેશકોજ રાખવા પ્રયાસ કરશે. મી. અમૃતલાલની ભાષણ કરવાની શૈલી ઘણી ઉત્તમછે દ. શ્રી સંઘ તરફથી મણીલાલ છગનલાલ તા. ૨૪–૬–૧૧

**આલુવા**-ઉપદેશક મી. વાડીલાલે અહીં આવી "અહિંસા પરમોધર્મ" એ વિષય ઉપર ભાષણો આપતાં અહીંના ગરાશીયા ચોધરી વગેરે વગેરે જેઓ હાજર હતા તેમણે માંસ ભક્ષણ ન કરવા તથા દારૂ ન પીવા તેમ પાપ નહીં કરવા પ્રતિજ્ઞાઓ કરી હતી. તેમાં આશરે ૩૦ ગૃહસ્થોનાં નામ સાથેનો ઠરાવ કોન્ફરન્સ ઓફીસ તરફ મોકલેલછે. આ બાબત કોન્ફરન્સને અમો ધન્યવાદ આપીએ છીએ તા. ૨૬–૬–૧૧ દ. માણેકલાલ સાંકલચંદ-

**જામળા**–ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલે અહીં આવી કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં તેથી કરી અહીં નીચે પ્રમાણે ઠરાવ થયાછે.

(૧) કોઇ જૈને કન્યાવિક્રય કરવો નહીં. તેમાં કેટલાંક પાટીદાર અને રજપુત ભાઇઓ એ પ્રતિજ્ઞા લીધી હતી (૨) ટીનનાં વાસણ વાપરવાં નહીં (૩) બૈરાંઓએ ફટાણા ગાવાં નહીં (૪) પરદેશી ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં વલી જીવ દયાના ભાષણથી સારી અસર થઈ હતી ને આશરે ૧૦ જણેતો દારૂ માંસ વગેરે ન વાપરવા તથા કોઇ જાતનું પાપ ન કરવા સભા સમક્ષ સોગન લીધા હતા અને ઠરાવમાં નામ પણ આપવામાં આવ્યાંછે. સ્કુલ માસ્તર અંબાલાલ હરીશંકર જણાવેછે કે ભાષણો વખત ગામની ઘણી કોમ ભેગી થતી હતી. સંપ, શિયલ, ધર્મ, કન્યાવિક્રય, જીવ દયા વગેરે વિષયો ઉપર ભાષણો આપી સારી અસર ઉપજાવી હતી. ઉપદેશકે પોતાની ફરજ બજાવી આભારી કર્યાછે. તા. ૨૯–૬–૧૧

---

## મંદિરોદ્ધાર ખાતું.

આબુજીના સંબંધમાં શ્રીયુત્ માણેકલાલ ઘહેલાભાઇ ને એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ ઓફ રજપુતાના સાથે જે જે વાતચીત તથા પત્ર વ્યવહાર થયો હતો તે સંબંધની હકીકત જૈન પેપર તા૦ ૨–૭–૧૧ ના ૬–૭ પાનામાં આવી ગઇ છે જેથી અત્રે વિશેષ એટલું જણાવવાનું જે આ સંબંધમાં તા૦ ૨૪–૫–૧૧ ના રોજે મળેલ એડવાઇઝરી બોર્ડમાં સઘળા પત્રો રજુ થયા હતા. તે ઉપર વિચાર કરી એવો ઠરાવ થયો કે એક ડેપ્યુટેશન આબુ મોકલવું. આથી A. G. G. ને ડેપ્યુટેશનના આકારમાં મળવા જવા ટાઇમ પુછાવવા આબુના માજીસ્ટ્રેટ ઉપર એક પત્ર લખ્યો છે, જેની નકલ નીચે મુજબ.

No. 63 T. Pydhuin Post No. 3
Bombay, 3rd July 1911

To,

Captain H. R. N. Pritchard Esqr, I. A.,
Magistrate of Abu, Mount Abu.

Respected Sir,

Mr. Maneklal Ghelabhai has placed in our hands the

correspondence that has passed between him and Your Honour ending with your Honour's letter dated 28th June 1911 bearing No. 28661 G of 1911 regarding the wearing of boots and shoes by visitors to the Delwara Temples.

We are arranging for a deputation to wait upon the Hon'ble the Agent to the Governor General in Rajputana to get the above matter settled amicably and we shall thank you to inform us of the appointment which the Hon'ble the Agent to the Governor General in Rajputana may be pleased to make for receiving the said deputation.

Soliciting an early reply,

I beg to remain,

Respected Sir.

Your most obedient servant

Sd/ KALYANCHAND SOBHAGCHAND

Resident General Secretary,

Jain Swetamber Conference.

---

## પરચુરણ કામકાજ

જુન માસના અંકના પાને ૧૮૦ મેં ગવર્નમેન્ટને કરેલ અરજીની નકલ આપી છે તેનો જવાબ નીચે મુજબ આવ્યો હતો.

No; 4086 D.

Political Department.

Bombay Castle 17th June 1911

Memorandum,

In reply to his letter dated the 7th June 1911 Mr. Kalyanchand Sobhagchand is informed that the Jains of Bombay may submit an application through the Collector of Bombay for permission to present an address to His Majesty the King Emperor on His Majesty's visit to India.

Sd. S. K. BARLES

Under Secretary to Government

ઉપરના પત્રના જવાબમાં નીચે મુજબ પત્ર લખ્યો હતો.

Bombay 23rd June 1911.

To,

The Collector of Bombay
Bombay.

Sir,

I shall thank you to forward the accompanying letter to Government dated 23rd June 1911 re-permission to the Jain Community of Bombay for presenting an address to His Majesty the King Emperor on His Majesty's visit to India.

Soliciting an early reply.

I beg to remain,
Sir,
Your most obedient servant,
Sd./ KALYANCHAND SOBHAGCHAND.
Resident General Secretary,
Jain Swetamber Conference.

Bombay 23rd June 1911

To,

The Secretary to Government,
Bombay.

Sir,

The Jains of Bombay on behalf of the Jain Community of India are eager to present an address to His Majesty the King Emperor on His Majesty's visit to India. The three Sections of the Jain Community. the Swetambers, the Digambers and the Sthanakvasis—are arranging among themselves through their respective conferences to present a joint address to His Majesty the King Emperor if permission is granted for the same.

The total Jain population in India is about 13 lacs, but the social and commercial status of the community has been so very important that as pointed out on one occasion by

Lord Curzon almost half the wealth of India passes through the hands of the Jains. The Jains have done not a little for the promotion of Indian enterprises and are well-known for their staunch loyalty and adherence to the British Sovereignty in this land and they fully trust that permission will be granted to them of expresing their deep feelings of loyalty by presenting an address to His Majesty the King Emperor on His Majesty's visit to India.

Soliciting a favourable reply.

I beg to remain,
Sir,
Your most obedient servant,
Sd / KALYANCHAND SOBHAGCHAND.
Resident General Secretary
Jain Swetamber Conference.

Forwarded through the Collector of Bombay.

ઉપર જણાવ્યા મુજબ કલેકટરના પત્ર સાથે ગવર્નમેન્ટનો પત્ર મોકલવામાં આવ્યો છે. તા૦ ૫-૭-૧૧ ના રોજે મહેરબાન કલેકટર સાહેબ તરફથી નીચે મુજબ જવાબ આવ્યો છે.

No. L. R. 4625 of 1911.

Bombay Collector's Office.
5th July 1911.

From,
E. L. Sale, Esquire, I. C. S.,
Collector of Bombay.

To,
Mr. Kalyanchand Sobhagchand,
Resident General Secretary to the
Jain Swetamber Conference,
Bombay.

Sir,

In reference to your letter dated 23rd June, I have the honour to request you to inform me whether the address which you ask permission to present to His Majesty the King Emperor will be an address from the Jain Community of India or from

the Jain Community resident in Bombay. If the former, I shall be obliged if you will inform me whether you or the Swetamber conference have been authorised by the Jains throughout India to apply for permission to present an address. If the address will be one from the Jain community in Bomday, I shall be obliged if you will inform me whether it would represent the whole community or only one or more sections: if the latter, I shall be obliged if you will inform me of the numbers and influence in Bombay of those composing such section or sections and will quote any instance in which a similar permission has been granted to such section or sections on previous occasions.

I have the honour to be,
Sir,
your most obedient servant,
Sd/- E. L, Sale,
Collector.

આ પત્રના જવાબમાં પત્ર લખાશે જેની નકલ બીજા અંકમાં આપવામાં આવશે આ સંબંધમાં અજમેર સ્થાનકવાશી કોન્ફરન્સ સાથે તથા મુંબઇ દીગંબર મહાસભા સાથે આણંદજી કલ્યાણજીની પેઢી તથા શેઠ મનસુખભાઇ ભગુભાઇ તથા શેઠ લાલભાઇ દલપતભાઈ તથા ભાવનગર શેઠ કુંવરજી આણંદજી તથા જેપુર શેઠ ગુલાબચંદજી ઢઢા તથા લલીતપુર બાબુ ચૈતનદાસ બી. એ. તથા મુબઇ રા. રા. મણીલાલ હાકેમચંદ ઉદાણી એમ. એ. વિગેરે ગ્રહસ્થો સાથે અગાઉથીજ પત્ર વ્યવહાર કરવામાં આવ્યો છે અને હજુ ચાલુ છે.

---

બીજા ખાતાંઓ સંબંધી હકીકત સ્થલ સંકોચને લઇને આ પછીના અંકમાં છપાવવામાં આવશે.

પાયધુની મુંબઇ. નં૦ ૩ }

આસિસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# રૂા. ૨૦ હજારની જૈન સખાવત.

## જૈન વિદ્યાર્થીઓને ચઢતી કેળવણી આપવાની યોજના.

તા૦ ૨૪ મી જુન ૧૯૧૧ ના રોજે રાધનપુરના નામદાર નવાબ સાહેબની શાદીનો શુભ દીવસ હોવાથી શેહેરનાં લોકો આનંદમાં ગરકાવ થઇ ગયા હતા. અનેક રાજ્યોના ડેપ્યુટેશનો આવ્યા હતા. તેમજ બહારના પુશ્કળ લોકો આ પ્રસંગે આવવાથી શેહેર હળમળી રહેલું હતું. આવા માંગલીક પ્રસંગની યાદમાં શેઠ મોતીલાલ મુળજીએ પોતાના શાળ મકાનને અનેક રીતે શોભાયમાન કર્યું હતું. અને રાજ્યના અધિકારી તેમજ શેહેરનાં પ્રતીષ્ઠીત ગ્રહસ્થોને પોતાને ત્યાં આમંત્રણ કર્યું હતું. જેને માન આપી લગભગ ૪૦૦ ઉપરાંત ગ્રહસ્થો તે મેળાવડામાં હાજર થયા હતા. શેઠ મોતીલાલે નામદાર નવાબ સાહેબની શાદીના શુભ દીવસની ખુશાલીમાં રૂા. ૨૦૦૦૧ ની નાદર રકમ ટ્રસ્ટીઓને રાધનપુરના જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે સોંપી દેવા આ તક હાથ ધરી પોતાને ત્યાં અધીકારીઓ તથા શેહેરીઓને આમંત્રણ કર્યું હતું. સભાનું પ્રમુખસ્થાન રાજ્યના અધિકારી મી૦ હરીલાલ ફીકાભાઇએ શોભાવ્યું હતું.

ગવૈયાઓએ શરૂઆતમાં સ્તુતી કરી હતી. ત્યાર બાદ શેઠ મોતીલાલે જણાવ્યું કે મેહેરબાન પ્રમુખ સાહેબ અને સદ્ ગ્રહસ્થો, આપ મારા આમંત્રણને માન આપી અત્રે પધાર્યા છો માટે હું આપ સર્વેનો ઉપકાર માનું છું. હાલમાં આપણી કોમ વીદ્યા અને જ્ઞાનમાં બહુજ પછાત છે અને બીજા દેશાવરોમાં ઘણે ઠેકાણે મારે સારો સંબંધ હોવાથી જ્યારે જ્યારે હું ફરવા નીકળુ છું ત્યારે ત્યારે તપાસ કરતાં મને પુશ્કળ દીલગીરી સાથે જોવા ફરજ પડે છે કે જે રાધનપુર અસલથી પોતાની જાહોજલાલી માટે પ્રખ્યાત હતું તે દિનપ્રતીદીન કેળવણીની ગેરહાજરીથી પડતી સ્થિતિમાં આવતુ જાય છે કારણ કે અત્રે હાયસ્કુલ ન હોવાથી અત્રેના વિદ્યાર્થીઓ બહારગામ કેળવણી લેવાને માટે જઇ શકતા નથી. અને જેઓ જવાની ઉમેદ ધરાવતા તેઓને પુરતી મદદ મળતી નહી. પરંતુ આપણા નામદાર નવાબ સાહેબ બહાદુરે કેટલીક મુદતથી અત્રે હાઇસ્કુલ સ્થાપન કરેલી છે તેથી મારા મનને હર્ષ ઉત્પન્ન થાય છે આજે ખુદાવીંદ નવાબ સાહેબ શ્રી જલાલુદ્દીન ખાનજી સાહેબ બહાદુરની શાદીનો દીવસ હોવાથી સર્વત્ર સંપૂર્ણ આનંદ વ્યાપી રહેલો છે. વિદ્યાર્થીઓ આગળ વધી શકે અને તેઓ પોતાનો અભ્યાસ લંબાવી શકે, તે માટે મારા તરફથી રૂપીઆ ૨૦૦૦૧ નીચલા ૭ ટ્રસ્ટીઓને સોંપી આપું છું. ૧ પારેખ જેશંગભાઇ મોહનલાલ, ૨ શેઠ હરગોવનદાસ પુનમચંદ, ૩ વકીલ હરજીવનદાસ દીપચંદ, ૪ પારેખ શીરચંદ નાનચંદ, ૫ શેઠ હીરાલાલ બકોરદાસ અને ૬ શેઠ મોતીલાલ. આશા છે કે તમો ગૃહસ્થો તે રકમ સ્વીકારી મારી ઉમેદ બર લાવશો અને આ રકમનું બ્યાજ ટ્રસ્ટીઓએ ઉત્તપન્ન કરી તેમાથી મેટ્રીક પસાર કરીને આગળ અભ્યાસ વધારે તેવા રાધનપુરના પાંચ જૈન વિદ્યાર્થીઓ તથા એક હીંદુ વિદ્યાર્થી મળી ૭ વિદ્યાર્થીઓને સકોલરશીપ આપવી કે તે એવી રીતે કે આર્ટસ

મેડીકલ અથવા એન્જીનીયરીંગનો અભ્યાસ કરે તેને દરેકને માસીક રૂા. ૧૫ આપવા અને તેથી ઉંચા ધોરણમાં અભ્યાસ કરનારને રૂ. ૨૦ આપવા. આ ફંડ વીદ્યા વૃદ્ધી માટે પુરતું નથી પરંતુ મારી શકતી અનુસાર મેં હાલ તે રકમ તમો સમસ્ત ટ્રસ્ટીઓને અર્પણ કરેલી છે અને આગળ ઉપર મારી શકતી વધારે થશે તો આ ફંડમાં નાણાંની વધુ મદદ આપી તે રકમ મુંબઇની યુનીવરસીટીને સોંપવા હું ટ્રસ્ટીઓને વીનંતી કરીશ. હાલ જે ફંડ ખુલ્લું મુકેલું છે તેનો અડસટો જ્યારે ૭ છોકરા લાભ લે ત્યારે દર સાલ બારસો તેરસો રૂપીઆ ખરચના થાયતો હાલ તુરત ટ્રસ્ટીઓ ખાસ મેહેનત લઇ પુરતું વ્યાજ ઉત્તપન્ન કરી તેમાંથી બરોબર નીભાવ કરશે પરંતુ જ્યારે યુનીવરસીટી હસ્તક આ ફંડ સોંપવાનો ઇરાદો થાય ત્યારે પુરતા રૂપીઆ વીના આટલો બોજો ન ઉપડી શકે માટે યોગ્ય રકમ ફંડમાં થવાથી યુનીવરસીટીને સોંપવા વીચાર કરવો અને ટ્રસ્ટીઓ એ પુરતો વીચાર કરી યોગ્ય ધોરણ બાંધવું કે યાવતચંદરદીવાકરો રાધનપુરના બાળકો વિદ્યા મેળવી ભવીષ્યમાં વીદ્વાન બની પોતાના શેહેરનો મલકે જૈન કોમનો ઉદ્ધાર કરવા, ભાગ્યશાળી બને.

આ પ્રસંગે નીચેની વધુ રકમોની સખાવત જાહેર કરવામાં આવી હતી:--

૩૫૦૦) શેઠ બકોરભાઇ ઉજમશી હ. હીરાલાલ, ૩૧૦૦) શેઠ જીતમલ વલસીની વીધવા બાઇ મીઠી, ૩૫૦) શેઠ દુલભદાસ બાદરની વીધવા બાઈ ચંચળ ૩૧૦૧) શેઠ ધરમચંદ મેલચંદની વીધવા બાઇ ઝરમર.

બાદ પ્રમુખનો આભાર માની પાન ગોલાબ લઇને મેળાવડો વીખરાયો હતો.

---

# ધી ગોકલભાઈ મુળચંદ જૈન હોસ્ટલ આશ્રમનો પ્રથમ વાર્ષિક રીપોર્ટ.

મુંબઈમાં એલફીન્સ્ટન સ્ટેશનની સામે આવેલ **ધી ગોકલભાઇ મુલચંદ જૈન હોસ્ટલ આશ્રમનો** પ્રથમ વાર્ષિક મેળાવડો તા૦ ૨૪-૫-૧૧ રવીવારે બપોરે ૩ વાગે આશ્રમના મકાનમાં મળ્યો હતો તે વખતે લગભગ ૧૫૦ ગ્રહસ્થોએ હાજરી આપી હતી.

પ્રમુખ સ્થાને **રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી બી. એ. એલ. એલ. બી. સ્મોલકૉઝ કોર્ટના બીજા જજ** બીરાજ્યા હતા.

શરૂઆતમાં ઓઇલ પેઇન્ટીંગ શેઠ ગોકલભાઇની છબી ખુલી મુકવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રભુ સ્તુતિ કર્યા બાદ આ સંસ્થાના સેક્રેટરી રા. રા. મોહનલાલ હેમચંદે આ સંસ્થાનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો બાદ શેઠ ગોકલભાઇ તથા તેમના સુપુત્ર શેઠ મણીલાલભાઇની ઉદાર સખાવતને લગતી એક કવિતા એક વિદ્યાર્થીએ ગાઇ હતી એક બીજા વિદ્યાર્થીએ એક ઇંગ્રેજી કવીતા ગાઇ હતી. બાદ રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડિયા બી. એ. એલ. એલ. બી સોલીસીટર, રા, રા, મોહનલાલ દલીચંદ દેસાઈ બી. એ. એલ. એલ. બી જૈન ગ્રેજ્યુએટસ એશોશીયેશનના સેક્રેટરી, રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા બી. એ. એલ. એલ. બી. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસના આસી. જનરલ સેક્રેટરી,

તેમજ મી. ચુનીલાલ મુલચંદ કાપડિયાએ આ સંસ્થાને લગતી જરૂરીઆતો જેવી કે વીશાલ લાઇબ્રેરી, કસરતશાળા, સ્કોલરશીપો વિગેરે સાધનો પુરા પાડવાની જરૂરીઆત જણાવી હતી છેવટે **પ્રમુખ સાહેબે** એક લંબાણ અને ઉપયોગી ભાષણદ્વારા વિદ્યાર્થીઓને સારો બોધ આપ્યો. આ સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણ માટે પોતે પોતાનો સંતોષ જાહેર કર્યો. જૈન કોમમાં એક સંપ થવા પોતાનો વિચાર દર્શાવ્યો. આ સંસ્થાનું ટ્રસ્ટડીડ જેમ બને તેમ તુરતમાં થવા શેઠ **મણીલાલને** આગ્રહથી સૂચના કરી તેમજ તેમના આવા સ્તુત્ય કાર્ય માટે પ્રસંશા જાહેર કરી, બીજા ગૃહસ્થોને આ કાર્યમાં મદદ આપવા જણાવ્યું હતું.

બાદ શેઠ મણીલાલ વતી શેઠ મોહનલાલ હેમચંદે જણાવ્યું કે થયેલ સૂચનાઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે અને આવતો રીપોર્ટ આના કરતાં વધારે સારો બનશે એમ કહ્યું હતું.

રા. રા. **મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ**એ ખુલાસો કર્યો કે ટ્રસ્ટડીડ લગભગ તૈયાર થયેલું મારી આગળ તૈયારછે પણ તે થોડા વખતમાં બહાર પડશે. છેવટે તેમણે પ્રમુખ સાહેબનો ઉપકાર માન્યો હતો. હાર તોરા લઇ સભા વિસર્જન થઇ હતી.

---


## જાહેર ખબર આપનારાઓને ઉત્તમ તક.

### બ્લોટીંગ પૅડ નં૦ ૨૫૦૦

**બ્લોટીંગ પૅડ**—માં સને ૧૯૧૨ નું કેલેન્ડર, સં. ૧૯૬૮ નું જૈન પંચાંગ છાપવામાં આવશે. બ્લોટીંગના આઠ પાના મુકાશે, ટાઇટલ ત્રણ રંગથી કરવામાં આવશે, પુઠું પાકું કરવામાં આવશે.

**જાહેર ખબર**—બ્લોટીંગ ઉપર અગર બ્લોટીંગ આગળ ચીકણા કાગળ ઉપર લેવામાં આવશે ભાવ રૂ. ૧૫ એક પેજના રૂ. ૮ અડધા પેજના. રૂ. ૫) પા પેજના ચાર લાઇનના રૂ. ૩

**છેલ્લા ટાઇટલ**—ઉપર એક પેજના રૂ. ૨૫) અડધા પેજના રૂ. ૧૫) આર્ટ પેપર ઉપર લાલ શાહીથી છાપવામાં આવશે.

**અંદરના બન્ને ટાઇટલ**—ઉપર એક પેજના રૂ. ૨૦) અડધા પેજના રૂ. ૧૨) બ્લ્યુ અગર બ્લેક શાહીથી છાપવામાં આવશે. વહેલો તે પહેલો લખો યા મળો.

ઠે. જૈન કૉન્ફરન્સ ઓફીસ
પાયધુની મુંબઇ નં. ૩

**લાલચંદ લક્ષ્મીચંદ શાહ.**
પ્રોપ્રાયટર ટ્યુટોરીયલ-કલાસીઝ

**તા૦ ક૦** જાહેર ખબર તા૦ ૩૧-૭-૧૧ સુધી લેવામાં આવશે. દીવાળીમાં ભેટ આપવા માટે, વેપારીઓએ અત્યારથી ૧૦૦-૨૦૦ પેડ જેટલા પોતાના નામના કરાવવા ઇચ્છા હોય તેઓએ ભાવ માટે પત્ર વ્યવહારથી યા રૂબરૂ મળી નકી કરવું.

# શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ હેરલ્ડના ગ્રાહકોના લવાજમની પહોંચ.

## તા. ૩૧-૧૨-૧૦ સુધીની.

૧-૮-૦ શેઠ તુલજારામ હરીચંદ માઢા  ૨-૦-૦ બાબુ ભુરાલાલ હરત  અજમેર
૨-૪-૦ ,, દેવશી નેણશી  મેરાઉ  ૨-૦-૦ રાજકુમારસિંગજી આજીમગંજ
૧-૦-૦ ,, મોહનલાલ ટોકરશી રાધનપુર  ૨-૦-૦ શેઠ નેમીચંદજી મોદી  ઇંદોર
૧-૦-૦ શેઠ પુંજાભાઈ આલશી રામાણી  ૨-૦-૦ ,, ઝવેરભાઇ મગનભાઇ અમરેલી
૧-૦-૦ ,, સુગમલજી લક્ષ્મીચંદજી રાહતગઢ૨-૦-૦ ,, મદનસિંહજી બાબીયા ઉદેપુર
૦-૧૫-૦ ,, પનજી બહેચરદાસ  રાણપુર  ૨-૦-૦ શેઠ ડાહ્યાભાઇ રતનચંદ દલાલ  ખેડ
૨-૪-૦ ,, ધનરાજજી  રૂનીજા  ૨-૦-૦ ,, નગીનદાસ સાકળચંદ  ,,
૨-૪-૦ ,, ભોગીલાલ ભીખાચંદ રંગુન  ૨-૦-૦ ,, નાથાલાલ છગનલાલ  ,,
૧-૦-૦ ,, ભીખાજી કસતુરચંદજી લાસગામ૨-૦-૦ શેઠ સોમચંદ ભાઈલાલ  ,,
૦-૧૦-૦ ,, લીલાચંદ જેચંદ  વડગામ  ૨-૦-૦ , ડાહ્યાભાઇ પ્રેમચંદ મોદી ગોધ્રા
૩-૪-૦ ,, ચતુરભાઈ હલુભાઇ  વડોદ  ૨-૦-૦ ,, બાલાભાઇ ગુલાબચંદ  ગોંડળ
૦-૭-૦ ,, રતનચંદ માણેકલાલ સાલુમ્બર ૨-૦-૦ શેઠ. ગુલાબચંદજી ઢઢ્ઢા  જેપુર
૨-૪-૦ ,, છગનલાલ દેવશી  સાયલા  ૨-૦-૦ ,, જગજીવનદાસ મુળજી બનીયા
૩-૬-૦ ,, નરોત્તમદાસ શંકરદાશ શીનોર  જામનગર
૨-૪-૦ ,, નાનચંદ રાયચંદ  સુરત ૨-૦-૦ ,, સાંકળચંદ નારણજી  ,,
૨-૦-૦ ,, ઉંકારલાલ બાફના  મંદશોર  ૨-૦-૦ ,, મોહનલાલ નાગજી  ધોરાજી
૨-૦-૦ ,, મણીલાલ ભગુભાઇ અમદાવાદ ૨-૦-૦ ,, ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ
૨-૦-૦ રા. વાડીલાલ તારાચંદ પારેખ ,,  મુંબઇ
૨-૦-૦ શેઠ મોતીલાલ ઉમાભાઈ  ,,  ૨-૦-૦ ,, ગોવિંદજી મૂળજી મેપાણી  ,,
૧-૦-૦ ,, ત્રીભોવનદાસ ઓઘડ શાહ  ,, ૨-૦-૦ ,, સુરચંદ પરશોતમ બદામી ગોધરા
૧-૦-૦ ,, મણીલાલ પદમશી શાહ  ,, ૨-૦-૦ બાબુ અજીતપ્રસાદ લખનૌ
૪-૦-૦ ,, નરોતમ દેવચંદ શાહ લીંબડી ૧-૪-૦ શેઠ અમૃત મેઘજી  ભીમાસર
૨-૦-૦ ,, ભાઇચંદ તારાચંદ વઢવાણકાંપ ૧-૪-૦ ,, લાલભાઇ દલપતભાઇ અમદાવાદ
૨-૦-૦ ,, ગુલાબચંદ વાઘજી  ,,  ૧-૪-૦ ,, સારાભાઇ મગનલાલ કરમચંદ ,
૨-૦-૦ ,, કેશવલાલ બાલાભાઇ વડોદરા  ૧-૪-૦ ,, મગનલાલ દલપતભાઇ  ,,
૨-૦-૦ ,, બાલાભાઈ મગનલાલ  ,,  ૩-૪-૦ ,, લલુભાઇ ગુલાબચંદ  મુંબઇ
૨-૦-૦ ,, મણીલાલ બાલાભાઇ  ,,  ૫-૪-૦ ,, મોહનલાલ હેમચંદ  ,,
૨-૦-૦ , નથુભાઇ મોતીચંદ વીરમગામ  ૧-૪-૦ ,, ચુનીલાલ વીરચંદ  ,,
૨-૦-૦ ,, રતનચંદ મુલચંદ  ,,  ૫-૪-૦ બાબુ ચુનીલાલજી પન્નાલાલજી ,,
૨-૦-૦ ,, છોટાનલાલ ત્રીકમલાલ  ,,  ૨-૪-૦ શેઠ ત્રીભોવન કરસનજી સાંઢખાખરા
૨-૦-૦ ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ વરસોડા  ૧-૪-૦ ,, નવલસીંહજી  .  બાંસવારા
૨-૦-૦ ,, છોટાલાલ ગુલાબચંદ  સુરત  ૦-૧૨-૦ ,, મોરારજી રઘુભાઇ  ઉના
૨-૦-૦ ,, મગનલાલ પુરશોતમ સુરત  ૧-૪-૦ બાબુ રાયકુમારસીંહજી  કલકત્તા
૨-૦-૦ ,, માણેકચંદજી કોચર હુશંગાબાદ ૧-૪-૦ રાયબહાદુર બદ્રીદાસજી મુકીમ ,,

## કોન્ફરન્સ હેરલ્ડમાં જાહેર ખબરો આપવાના ભાવ.

રૂ. લીટી પ્રથમ પૂરો ચાર્જ બાર માસ લાગલાગટ હશે તો
૧ ... ... ... ... ૪ તે પછીના અગીયાર માસનો અડધો અડધ ચાર્જ
૨ ... ... ... ... ૧૦ થશે.
૩ ... ... ... પેઇજ ના વિશેષ ખુલાસો પત્ર વ્યવહારથી થશે.
૫ ... ... ... ... ૧

જાહેર ખબર હિંદી, ગુજરાતી, ઈંગ્રેજી ભાષામાં લેવામાં આવશે.

## શ્રી જૈન ગ્રેજ્યુએટસ એસોશીયેશનના મેમ્બરોને અગત્યની સૂચના.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ માસિકને સારા પાયા ઉપર લાવવા જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતિને લગતા વિષયો ઉપર અસરકારક લેખ લખી મોકલવા ખાસ વિનંતિ કરવામાં આવે છે.

જૈન ગ્રેજ્યુએટસ એસોશીએશનના સેક્રેટરી રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તરફથી દરેક મેમ્બરોને હેરલ્ડ માસિક માટે લેખ મોકલવા પોષ્ટ કાર્ડ લખવામાં આવેલ છે તે ઉપર ધ્યાન આપવા નમ્ર સૂચના છે.

## उपदेशको जोइए छीए.

मारवाड, मेवाड, राजपुताना, दक्षिण वगेरे भागोमां फरी सुकृत भंडार फंड वसुल करवा तथा कोन्फरन्सना हेतुओ उपर भाषणो आपवा माटे उपदेशकोनी जरुर छे. जेओने रहेवा मरजी होय तेमणे नीचेना शीरनामे ता. ३१--८--१९ सुधीमां अरजी करवी.

लायक तथा मोटी उमरना उमेदवारे सारी ओळखाण साथे पोताना हाथथी अरजी लखी मोकलवी. उपरना भागोमां फरवा माटे तेज प्रांतना रहीशोने पसंद करवामां आवशे. पगार लायकात मुजब मलशे.

## સુજ્ઞ ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

સરાફ બજાર, પાયધુની, ચંપાગલીના સુજ્ઞ ગ્રાહકોએ બીલ લઇ તુરત આ માસિકનું લવાજમ આપવા મહેરબાની કરવી.

બહાર ગામના ૧૬૧ ગ્રાહકોને જુન માસનો અંક વી. પી. થી મોકલાવેલ છે. બીજા ૨૦૦ ગ્રાહકોને જુલાઇ માસનો અંક વી. પી. થી મોકલવામાં આવશે. બાકીનાઓને ઓગષ્ટનો અંક વી. પી. કરવામાં આવશે. વી. પી. સ્વીકારેલ ગ્રાહકોનાં તથા જેઓનાં તરફથી લવાજમ આવશે તેની પહોંચ નામ, ગામ, રકમ સાથે છપાવવામાં આવશે.

જે જે ગૃહસ્થો પાસે હેરલ્ડનું લવાજમ પાછલી સાલોનું બાકી છે તેમણે મહેરબાની કરી મોકલી આપવું. ઓગષ્ટ માસ આખર લગીમાં નહીં આવે તો તેઓનાં નામ બહાર પાડવામાં આવશે.

મુંબઇમાં--કોટ, માંડવી, વાલકેશ્વર વિગેરે દૂરના ગ્રાહકો તરફથી જો ઓગષ્ટ માસની તા. ૧૫ મી સુધીમાં લવાજમ નહિ આવે તો તેઓને ઓગષ્ટ માસનો અંક વી. પી. થી મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા મહેરબાની કરવી.

પાયધુની મુંબઇ નં. ૩. } આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

Registered N. B. 525.

ॐ

# श्री जैन श्वेतांम्बर कोन्फरन्स
# हेरल्ड

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ અગષ્ટ, સપ્ટેમ્બર ૧૯૧૧ [ અંક ૮-૯

પ્રગટ કર્ત્તા

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १-४-०

मुंबई.

कालबादेवी प्रिन्टिग प्रेस.

# અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ |
|---|---|
| વૈરાગ્ય વિષે ગહુંલી (લેખક મુનિ મહારાજ બુદ્ધિસાગરજી–લાલબાગ–મુંબઇ) | ૨૨૭ |
| કોન્સરન્સની આધુનિક સ્થિતિનું દિગદર્શન (લેખક રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી.) .... | ૧૨૯ |
| **वैश्य जातिका दिग्दर्शन** (લેખક કાકાવારા ચંપાલાલજી હેવળીયા માળવા.) | ૨૩૩ |
| કુશન સમયના બ્રાહ્મી લિપીમાં કેટલાક અપ્રસિદ્ધ જૈન લેખો. (C) .... | ૨૩૭ |
| Beef Eaters Poisoned ? (Labbashanker Lxzmidas) .... | 244 |
| Pawapuri (N.) .... .... .... .... .... .... | 245 |
| મુનિ શ્રી જીનેન્દ્રવિજયજીનું ભાષણ. .... .... .... .... | ૨૩૮ |
| કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ. .... .... .... | ૨૫૩ |
| એડવાઈઝરી બોર્ડ .... .... .... .... .... .... | ૨૫૩ |
| શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું. .... .... .... .... | ૨૫૪ |
| શ્રી સુકૃતભંડાર ફંડ .... .... .... .... .... .... | ૨[illegible] |
| ઉપદેશકોના ભાષણથી થયેલા ઠરાવો. .... .... .... .... | ૨૫[illegible] |
| ઉઘરાણી. .... .... .... .... .... .... .... | ૨[illegible] |
| મંદિરોદ્ધાર ખાતું. .... .... .... .... .... .... | ૨૬૪ |
| પરચુરણ કામકાજ .... .... .... .... .... .... | ૨૬૫ |
| મૈત્રિ ભાવના, પ્રમોદ મુકિત ભાવના, કરૂણાભાવના, મધ્યસ્થ ભાવના (લેખક રા. રા. ગીરધરલાલ હેમચંદ–માણસા) | ૨૬૭ થી ૨૬૯ |
| રૂષભજીન સ્તુતિ (લેખક–મણીલાલ કાળીદાસ કાપડીયા વઢવાણ) .... | ૨૭૦ |
| દુકાળમાં ઢોરોનું રક્ષણ (લેખક રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ રાજકોટ) | ૨૭૧ |
| સુબોધ [લેખક–રા. રા. નાથાલાલ અંબાલાલ જૈન–-રંગુન) .... | ૨૭૫ |
| जीवदया जैन सीरीझ (લેખક રા. રા. અમોલખચંદ જૈન પીરોઝપુર) | ૨૭૬ |
| જગત છે માયા સ્વપ્નાની (લેખક–ઉદયચંદ લાલચંદ–શાહ–મુંબઇ) | ૨૮૦ |
| શ્રી અજારા પાર્શ્વનાથજી તિર્થની નોંધ લેખક શેઠ મોરારજી રઘુભાઈ ઊના | ૨૮૧ |
| વિદ્યા વિષે કવિતા લેખક [ મી. અમૃતલાલ વાડીલાલ ઉપદેશક] | ૨૮૭ |
| એજ્યુકેશન બોર્ડ–શ્રી ધાર્મિક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ | ૨૮૭–૨૮૮ |

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.


!! ॐ नमः सिद्धभ्यः !!

काऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कार्योत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयन्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કર્યોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઈ આવી, માટે અરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.


પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ ઑગસ્ટ ૧૯૧૧ [ અંક ૮


## વૈરાગ્ય વિષે ગહુંલી.

લેખકઃ—મહારાજ બુદ્ધિસાગરજી, લાલબાગ, મુંબઈ.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ. )

સદ્‌ગુરૂ રવિસાગરની વાણી સાંભળી,
હર્ષોલ્લાસે મન મારૂં ઉભરાયજો;
શોક વિયોગાદિક ચિંતા દૂરે ટળે,
માન ગળે મળે સમકિત પદ સુખદાયજો. સદ્‌ગુરૂ. ૧

તન ધન યૌવન બાજી જુઠી જાણજો,
રંગનો ચટકો મટકો દહાડા ચારજો;
આખર ખાલી હાથે જાવું એકલું,
ખારો નઠારો એવો આ સંસારજો. સદ્‌ગુરૂ. ૨

આરે જગત્‌માં રાવણ જેવા રાજવી,
કૌરવ પાંડવ બળીઆ માની યોધાજો;
તે પણ આયુષ્ય ખુટી જતાં ચાલીયા,
તો પણ મૂરખ લાગે નહીં તુજ બોધજો. સદ્દગુરૂ. ૩

દિન દિન આયુ ખુટી જાવે જીવડા,
પાણીના પરપોટા જેવી દેહજો;
મગરૂરીમાં મહાલે શું મલકાઇને,
અંતે જાવું એકલું છોડી એહજો. સદ્દગુરૂ. ૪

કેઇ ચાલ્યા કેઇ ચાલે કેઇક ચાલશે,
જન્મ્યા તે મરશે એમ નિશ્ચય જાણજો;
અણધાર્યો તું પણ કોઇક દિન ચાલશે,
ફાંફાં મારે ફોગટ મનમાં આણજો. સદ્દગુરૂ. ૫

કેઇક રાણાને કેઇક રાજીયા,
મેલી ચાલ્યા રાજ્ય રીદ્ધિ ભંડારજો;
રાણીઓ રોતી રહી તેની બાપડી,
રોયા ચાકર કરી કરી પોકારજો. સદ્દગુરૂ. ૬

મંદિર મેડી બાગ અને બહુ માળીયાં,
મરતાં સાથે કોઇ ન આવે જીવજો;
મુંઝાયો શું માયાના દુઃખ પાસમાં,
ત્યાગ કરતાં પામે શાશ્વત શીવજો. સદ્દગુરૂ. ૭

આજ કાલ કરતાં દહાડા વહી ગયા,
આળસ ત્યાગી પામર પ્રાણી ચેતજો;
સદ્દગુરૂ સંગે રંગે રહીએ પ્રેમથી,
બુદ્ધિસાગર શિવરમણી સંકેતજો. સદ્દગુરૂ. ૮

# જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્દર્શન અને તે સુધારવાના ઉપાયો.

(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી.)

(ગતાંક પૃ ૨૧૦ થી ચાલુ)

સામાન્યરીતે દરેક વિષયમાં ગામડાના જૈન ભાઇઓ મોટા મોટા શહેરોના આગેવાનોનું અનુકરણ કરે એ સ્વાભાવિક છે અને તેથી કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકવા માટે મોટા શહેરોએ બતાવેલી નબળાઇ દાખલા રૂપ થઇ પડે છે. પચીસ પચાસ કરતાં પણ વધારે લાખોપતિ ધનાઢ્ય જૈન આગેવાનો હોવાના કારણે જૈન પુરી તરીકે પ્રખ્યાત પામેલ અમદાવાદના જૈન સમુદાય તરફથી એક–બે દાખલા એવા બેસાડવામાં આવ્યા છે કે તેથી કોન્ફરન્સના કાર્યને અપરિમિત હાની થઇ ચુકી છે, એકાંત નિસ્વાર્થપણાના આત્મભોગે અમદાવાદના આગેવાનો સિદ્ધક્ષેત્ર, ગીરનાર જેવા આપણા પરમ પવિત્ર તીર્થ ક્ષેત્રોની રક્ષા કરવામાં તેમજ ધાર્મિક અન્ય બાબતોમાં આગેવાની ભર્યો ભાગ લેઇ ઉત્સાહ પૂર્વક કામ કરે છે તેથી સમસ્ત જૈન પ્રજાગણ તેઓનો આભારી છે; પરંતુ કોન્ફરન્સ સંબંધમાં તેઓએ તેમની ફરજો યથાર્થ રીતે બજાવી છે કે કેમ તેનો વિચાર કરવાનું સુજ્ઞ વિચારકોને જ સોંપવું યોગ્ય ગણાશે. સુકૃતભંડાર ફંડની યોજનાને અમદાવાદના જૈન સંઘ તરફથી જે હરખભર્યો (?) આવકાર આપવામાં આવ્યો છે તે સૌ કોઇને સુવિદિત છે. કોન્ફરન્સને અંગેની દરેક હીલચાલને યોગ્ય રીતે પોષણ આપનાર સુકૃતભંડાર ફંડની યોજના અમલમાં મુકવાથી કોન્ફરન્સની આર્થિક સ્થિતિ મજબુત થવા ઉપરાંત તેના કાર્યમાં દરેક જૈન બંધુ હીત ધરાવતો થાય છે. શ્રીમાન્ આગેવાનો હજારો રૂપૈયાની મદદ આપવા બહાર આવે છે ત્યારે સામાન્ય સ્થિતિના જૈન બંધુઓ પોતાનાજ લાભની યોજનામાં વાર્ષિક માત્ર ચાર આના જેટલી નાની રકમ આપવામાં પાછી પાની કરે તે કોમનો અભ્યુદય શી રીતે થઈ શકે ?

આ યોજનાની રકમ વસુલ કરવામાં બને તેટલો ઓછો ખર્ચ થાય તેવી વ્યવસ્થા રાખ્યાથી તે ઘણી લાભકારક નીવડવા સંભવ છે, અમદાવાદના આગેવાનોએ એકમતે એક વખત વધારે આ યોજના સંઘ સમક્ષ રજુ કરવાની જરૂર છે.

કોન્ફરન્સની આધુનિક નબળી આર્થિક સ્થિતિ પણ અમદાવાદને જ આભારી છે. મુંબઇ ખાતેની બેઠક વખતે લાખો રૂપૈયાનું કોન્ફરન્સ ફંડ સ્થપાયું હતું અને ત્યારબાદ વડોદરા તથા પાટણ ખાતેની બેઠકો વખતે તેને સારી મદદ મળી હતી પરંતુ હવે દરેક જણ કબુલ કરતું થયું છે કે અમદાવાદ કોન્ફરન્સથી કોન્ફરન્સ ફંડને નુકશાનકારક નવીન માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો છે.

# જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્દર્શન અને તે સુધારવાના ઉપાયો.

**(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ. એલ. બી.)**

( ગતાંક પૃ ૨૧૦ થી ચાલુ )

સામાન્યરીતે દરેક વિષયમાં ગામડાના જૈન ભાઈઓ મોટા મોટા શહેરોના આગેવાનોનું અનુકરણ કરે એ સ્વાભાવિક છે અને તેથી કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકવા માટે મોટા શહેરોએ બતાવેલી નબળાઇ દાખલા રૂપ થઇ પડે છે. પચીસ પચાસ કરતાં પણ વધારે લાખોપતિ ધનાઢ્ય જૈન આગેવાનો હોવાના કારણે જૈન પુરી તરીકે પ્રખ્યાત પામેલ અમદાવાદના જૈન સમુદાય તરફથી એક-બે દાખલા એવા બેસાડવામાં આવ્યા છે કે તેથી કોન્ફરન્સના કાર્યને અપરિમિત હાની થઇ ચુકી છે, એકાંત નિસ્વાર્થપણાના આત્મભોગે અમદાવાદના આગેવાનો સિદ્ધક્ષેત્ર, ગીરનાર જેવા આપણા પરમ પવિત્ર તીર્થ ક્ષેત્રોની રક્ષા કરવામાં તેમજ ધાર્મિક અન્ય બાબતોમાં આગેવાની ભર્યો ભાગ લેઇ ઉત્સાહ પૂર્વક કામ કરે છે તેથી સમસ્ત જૈન પ્રજાગણ તેઓનો આભારી છે; પરંતુ કોન્ફરન્સ સંબંધમાં તેઓએ તેમની ફરજો યથાર્થ રીતે બજાવી છે કે કેમ તેનો વિચાર કરવાનું સુજ્ઞ વિચારકોને જ સોંપવું યોગ્ય ગણાશે. સુકૃતભંડાર ફંડની યોજનાને અમદાવાદના જૈન સંઘ તરફથી જે હરખભર્યો (?) આવકાર આપવામાં આવ્યો છે તે સૌ કોઇને સુવિદિત છે. કોન્ફરન્સને અંગેની દરેક હીલચાલને યોગ્ય રીતે પોષણ આપનાર સુકૃતભંડાર ફંડની યોજના અમલમાં મુકવાથી કોન્ફરન્સની આર્થિક સ્થિતિ મજબુત થવા ઉપરાંત તેના કાર્યમાં દરેક જૈન બંધુ હીત ધરાવતો થાય છે. શ્રીમાન્ આગેવાનો હજારો રૂપૈયાની મદદ આપવા બહાર આવે છે ત્યારે સામાન્ય સ્થિતિના જૈન બંધુઓ પોતાનાજ લાભની યોજનામાં વાર્ષિક માત્ર ચાર આના જેટલી નાની રકમ આપવામાં પાછી પાની કરે તે કોમનો અભ્યુદય શી રીતે થઈ શકે ?

આ યોજનાની રકમ વસુલ કરવામાં બને તેટલો ઓછો ખર્ચ થાય તેવી વ્યવસ્થા રાખ્યાથી તે ઘણી લાભકારક નીવડવા સંભવ છે, અમદાવાદના આગેવાનોએ એકમતે એક વખત વધારે આ યોજના સંઘ સમક્ષ રજુ કરવાની જરૂર છે.

કોન્ફરન્સની આધુનિક નબળી આર્થિક સ્થિતિ પણ અમદાવાદને જ આભારી છે. મુંબઇ ખાતેની બેઠક વખતે લાખો રૂપૈયાનું કોન્ફરન્સ ફંડ સ્થપાયું હતું અને ત્યારબાદ વડોદરા તથા પાટણ ખાતેની બેઠકો વખતે તેને સારી મદદ મળી હતી પરંતુ હવે દરેક જણ કબુલ કરતું થયું છે કે અમદાવાદ કોન્ફરન્સથી કોન્ફરન્સ ફંડને નુકશાનકારક નવીન માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો છે.

કોન્ફરન્સના આગેવાનોને હસ્તક અમદાવાદ કોન્ફરન્સ વખતે થયેલ ફંડની વ્યવસ્થા સોંપવાને બદલે મનસ્વી રીતે નવી યોજના ઘડી કહાડવામાં આવી છે અને તેથી કોન્ફરન્સ ઓફીસથી ચલાવવામાં આવતાં જીર્ણ ચૈત્યોદ્ધાર, જીર્ણ પુસ્તકોદ્ધાર, નિરાશ્રિત, કેળવણી, તથા જીવદયાના ફંડોને ઘણુંજ શોષવું પડયું છે. કોન્ફરન્સ તરફથી થતી ઉક્ત ફંડોની વ્યવસ્થામાં કંઇ ખામી જણાતી હતી તો તેને દૂર કરવા માટે યોગ્ય તજવીજ કરવાની જરૂર હતી, પરંતુ તેના આગેવાનો તરફ અવિશ્વાસની લાગણી પ્રદર્શિત કરવા જેવું થવાથી સમસ્ત જૈન સમુદાયમાં કોન્ફરન્સ ઓફીસની કાર્ય વ્યવસ્થા માટે વસવસો ઉત્પન્ન કરવામાં આવ્યો છે તે યોગ્ય થયું નથી. છુટા છુટા જુદાયદા ફંડોથી અલગ અલગ વ્યવસ્થા તદ્દન અનિષ્ટ છે અને તેના હાનિકારક પરિણામો સર્વ સુજ્ઞોને સુવિદિત છે. કાયદેસર રીતે ટ્રસ્ટડીડ તૈયાર કરાવરાવી યોગ્ય આગેવાનોને હસ્તક એક મોટું લાખો રૂપીયાનું ફંડ સોંપવામાં આવે અને તેમાંથી હીંદુસ્તાનના જુદા જુદા ભાગમાં વસતા જૈન ભાઇઓને, પાઠશાળાઓને, પુસ્તકાલયોને, પાંજરાપોળોને, ચૈત્યોને યોગ્ય રીતે ચોકસ ખાત્રી કર્યા બાદ જરૂર પુરતી મદદ આપવામાં આવે તો તેથી ઘણો લાભ થવા સંભવ છે.

દીલગીરીની વાત એટલીજ છે કે આવા ધર્માદા ફંડોની વ્યવસ્થા કરનારાઓને ધર્માદાના નાણાં ઉપર પણ એક પ્રકારની મમત્વબુદ્ધિ-મુર્ચ્છાભાવ રહે છે અને તેથી તેઓ યોગ્ય પુરૂષોને મદદ કરી શકતા નથી; અથવા તો એક બીજાની શરમમાં ખેંચાઇ ચસમપોશીથી ધર્માદા ફંડની વ્યવસ્થા કરવા પ્રેરાય છે. તેઓ ધર્માદા ફંડને સ્વકીય જનો તરફ મહેરબાની બતાવવાનું એક સાધન, તુચ્છ બુદ્ધિથી ગણી કહાડે છે. આવા વિચારોના માણસોને, બીજા કોઇને હસ્તક ધર્માદા ફંડની વ્યવસ્થા સોંપવાનું, પોતે જંજાળમાં ફસાયેલ હોવા છતાં પણ ગળે ઉતરતું નથી. આવી ગણતરી કરનારાઓ નામના ખાતરજ મોટી રકમ ધર્માદામાં આપનારાઓ વિશ્વસનીય માણસોમાં પણ વિશ્વાસ મુકી શકતા નથી. આ સ્થિતિ ખરેખર ખેદજનક છે.

સમગ્ર જૈન સમુદાયના પ્રતિનિધિરૂપ કોન્ફરન્સના આગેવાનોને હસ્તકજ આવા ફંડોની વ્યવસ્થા રહેવી જોઇએ અને તેઓ કોન્ફરન્સની પ્રાંતિક અગર જીલ્લા કમીટીના આગેવાનોની મારફતે ઘણીજ સંતોષકારક રીતે યોગ્ય સ્થળે મદદ મોકલાવી શકે તેવી ગોઠવણ થવી જોઇએ. જે ઉમદા આશયથી મુંબઇની કોન્ફરન્સ વખતે આગેવાન ગ્રહસ્થો તરફથી જુદા જુદા ફંડોની શરૂઆત કરવામાં આવેલી હતી તે તરફ મુદલ લક્ષ્ય નહિ અપાતાં અમદાવાદ કોન્ફરન્સ વખતે કંઇક સંકુચિત દ્રષ્ટિથી કામ લેવામાં આવ્યું હોય તેમ જણાય છે. આપણા ધર્માદા પૈસાની વ્યવસ્થા અન્ય ગ્રહસ્થોને સોંપાય અને તેથી તેઓ યશ મેળવે તે યોગ્ય નહિ; આવા વિચારો ખરા ગૃહસ્થોને શોભારૂપ લેખી શકાય નહિ. પરિગ્રહમમતા ઓછી કરી ઉત્તમ ભાવનાથી ધર્માદા ખાતે કાઢી આપવામાં આવેલી રકમની વ્યવસ્થામાં સ્વાર્થ દ્રષ્ટિથી સ્વપર ભેદ બુદ્ધિ રાખવી એ આત્મિક ઉન્નતિનું ચિન્હ કહી શકાય નહિ. હિંદુસ્તાનના જૈન સમુદાયે જે આગેવાન

પુરૂષોમાં વિશ્વાસ મુકયો હોય તેમના તરફ શંકાની નજરથી જોવાનું કંઇ કારણ જણાતું નથી. વ્યવસ્થામાં સુધારો કરવા માટેના અનેક રસ્તા ખુલ્લા છે, તેનો આશ્રય લેવામાં કંઈ અડચણ જેવું નથી; પરંતુ કોન્ફરન્સ ફંડને ધકો પ્હોંચે તેવું એક પણ કૃત્ય કોન્ફરન્સના હીમાયતી આગેવાનો તરફથી થવું જોઈએ નહિ. અમદાવાદના આગેવાનોનું અનુકરણ ભાવનગરવાળાએ તથા પુણાવાળાએ પણ કરવાથી અત્યારે કોન્ફરન્સ ફંડની સ્થિતિ તદન દયાજનક થઈ પડી છે. દર વર્ષે કેળવણીમાં તેમજ નિરાશ્રીતોને હજારો રૂપૈયાની મદદ કોન્ફરન્સ તરફથી મળતી હતી તે બંધ થવાથી કોન્ફરન્સ તરફ લોકોની લાગણી શિથિલ થઇ ગઇ છે. કોન્ફરન્સ પ્રત્યેનો તેમનો પ્રેમ ભાવ–ભક્તિભાવ તદ્દન મંદ થઇ ગયો છે. કોન્ફરન્સની આધુનિક આર્થિક સ્થિતિ આ રીતે તેને વધારે અને વધારે પાછળ હડસેલે છે. આ સંબંધમાં વધારે વિવેચન કરી કોઇ આગેવાનો સામે આક્ષેપ મુકવાનો અગર ટીકા કરવાનો અત્ર બીલકુલ આશય નથી પરંતુ હવે કહેવાની મતલબ એટલીજ છે કે **येन केन प्रकारेण** હરકોઇ ઉપાયે કરીને કોન્ફરન્સની હીલચાલને યથાશક્તિ આશ્રય આપી તેની આર્થિક સ્થિતિ સારા પાયા ઉપર મુકવાની જરુર છે. મુંબઇ સુરતના આગેવાનોની બાજુમાં ઉભા રહી અમદાવાદ–ભાવનગરવાળાઓએ તેમની આજ સુધીની કંઇક અંશેની શિથિલતાનો બદલો વાળી આપવાની જરૂર છે.

લોકોની દ્રષ્ટિ આગેવાનો ઉપર ઠરે છે, આગેવાનો સિવાય માત્ર વાતો કરનારાઓથી એક ડગલું પણ આગળ વધી શકાય તેમ નથી, વિના કારણુ આગેવાનોની વગોવણી કરી તેમનો ઉત્સાહ ભગ્ન કરવાથી કોમના હિતનો નાશ કરવા સિવાય બીજો કંઇ લાભ મેળવી શકાશે નહિ. નેતાઓને આગલ કરી સહૃદય પુરૂષોએ કોમના કલ્યાણનો માર્ગ ગ્રહણ કરવાનો છે. પરમાર્થ સાધવા માટે ઉત્સુક જનોએ તનથી, મનથી, તેમજ ધનથી યથાશક્તિ મદદ આપવા તૈયાર રહેવું જોઇએ યશનો, કિર્તિનો અગર ક્ષુલ્લક લોકોની લાગણીનો કંઇપણ વિચાર કર્યા સિવાય હીતબુદ્ધિથી કલ્યાણ માર્ગમાં પ્રવર્તનારાઓએ આગળ વધવાની જરૂર છે.

અંદર અંદરના કુસંપના કારણને બાજુ ઉપર રાખી, ઐક્યતાથી કામ લેવું જોઇએ, ધૈર્ય, ઉત્સાહ, સહનશીલતા વગેરે અનેક ગુણોને અવલંબી સામુદાયિક કાર્ય પાર પાડવામાં દરેક શ્રાવક નામ ધારક બંધુએ જોડાવાની જરૂરછે.

કોમની ઉન્નતિના દરેક કામમાં પ્રત્યેક ગામના આગેવાન ગ્રહસ્થે જોડાવું જોઇએ અને તેની ફળ નિષ્પત્તિ માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ દરેક જ્ઞાતિના, સંઘના, પંચના મંડળના આગેવાને પોતાની જ્ઞાતિ, સંઘ, પંચ, મંડળને કોન્ફરન્સ જે માર્ગે પ્રયાસ કરે છે તેની બરાબર સમજણ પાડી તેમજ પોતાનાજ હીતના કાર્યમાં યથાશક્તિ તેઓ મદદ કરે તેવો પ્રબંધ યોજવો જોઇએ. પૂજ્ય સાધુ મુનિરાજોએ કોન્ફરન્સ તરફ ઉપેક્ષા ભાવ નહિ દાખવતાં અનુકુળ પ્રસંગે વ્યાખ્યાન દ્વારાએ જૈન સમુદાયને કોન્ફરન્સના હેતુઓ સમજાવવા તરફ લક્ષ્ય રાખવું જોઇએ.

હવે પછીની કોન્ફરન્સની બેઠક પ્રસંગે કોન્ફરન્સના બંધારણ માટે પણ યોગ્ય ચર્ચા કરવાની આવશ્યકતા છે. વખત જતાં જેમ જેમ કોન્ફરન્સ લોક પ્રિય થતી જશે તેમ તેમ ઉભી થતી અનેક મુશ્કેલીઓ આપોઆપ દૂર થઇ જશે. ખરી હકીકત સમજ્યા સિવાય કોન્ફરન્સ વિરૂદ્ધ વાતો કરનારાઓ તેમની પોતાની ભુલ સમજતા થશે.

કોન્ફરન્સના ઠરાવોને માત્ર કાગળો ઉપરજ નહી રહેવા દેતાં તેમને અમલમાં મુકવા માટે એકી વખત સર્વત્ર યોગ્ય ઉત્સાહથી પ્રયત્ન કરવાની જરૂર છે. શરુઆતમાં જરા મુશ્કેલી જણાશે પરંતુ મજબુત મનબળ રાખ્યાથી સુધારકો રહેજે ફતેહ મેળવી શકશે. વખતનો–દ્રવ્યનો ભોગ આપ્યા સિવાય સમાજ સુધારણાનું કાર્ય સાધી શકાતું નથી. માત્ર વાતો કરનારાઓ અનેક માણસો બહાર આવે છે. પરંતુ કરી બતાવનારાઓજ વિરલા હોય છે અને તેથી તેમને જ કોમની ઉન્નતિ માટે ધન્યવાદ ઘટે છે. સારા આશયથી કામ કરનારાઓ ઘણી વખત યોગ્ય સમય નહિ પારખી શકવાથી તથા યુકિત પૂર્વક કામ કરવાની આવડતના અભાવે ભલું કરવા જતાં અહિત કરી બેસે છે. કુસંપના બીજ રોપે છે- એક બીજા વચ્ચે કલેશ ઉભો કરે છે અને પરિણામે તિરસ્કારને પાત્ર થતાં તેમને પશ્ચાતાપ કરવા પ્રસંગ આવે છે, માટે દરેક વિષયમાં યોગ્ય સાવચેતી પુર્વક કામ લેવાથીજકાર્ય સિદ્ધિ થઈ શકેછે એમ ચોકસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે. કેવળ ઉત્તમ ભાવના ઘણે પ્રસંગે કંઇ કામ આવતી નથી. ચારે બાજુનો વિચાર કરી યોગ્ય સાધનો તૈયાર રાખી કાર્યની સાધના કરવી જોઇએ. નહિ બનવા યોગ્ય સંયોગો દ્રષ્ટિ સન્મુખ ખડા કરી હીંમત હારી જવી તે જેટલું અનિષ્ટ છે તેટલુંજ યોગ્ય વિચાર કર્યા પહેલાં સાહસિકતાથી કોઇ કામ આરંભવું અને પરિણામે નિષ્ફળ ઉતરવું તે અનિષ્ટ છે. જુદા જુદા ભાગમાં વસતા આગેવાનોએ આવી અનેક બાબતોનો વિચાર કરી એકઠા થઇ માન્ય કરેલા ઠરાવો સમુદાયનું એકાંત શ્રેય કરનારા લેખી તેને અમલમાં મુકવા માટે કટીબદ્ધ થવું જોઇએ. કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવો અમલમાં મુકવાનો પ્રયાસ સફળ થતાં તેના વિરોધીઓનું જોર એકદમ નરમ પડી જવા સંભવ છે. વિદ્વાને પોતાની વિદ્વતાનો, શ્રીમાને પોતાની લક્ષ્મીનો, બુદ્ધિમાને પોતાની બુદ્ધિનો કોમના હીતના કાર્યમાં ઉપયોગ કરવાથીજ તેની સાર્થકતા થાયછે, બાકીતો અનેક સુગંધી ફુલો નિર્જન અરણ્યમાં પોતાનો સુવાસ પ્રસરાવી નાશ પામે છે, અનેક પ્રકાશમાન તારાઓ આકાશમાં ઉગતાં ઉગતામાંજ અસ્ત પામી જાય છે, સમુદ્રને તળીએ અગર ખાણોના ઉંડા ભાગમાં અનેક કીંમતી રત્નો બીન ઉપયોગે પડયા રહેછે; તેવીજ રીતે અનેક મનુષ્યો શકિત છતાં પણ ઉપરનાં દ્રષ્ટાંતમાં જણાવેલાં ફુલો, તારાઓ અગર રત્નોની માફક તેમની સ્થિતિ પરાધીન નહિ છતાં જન સમાજ તરફની પોતાની ફરજો અદા કર્યા સિવાય–સમાજને કાંઈ પણ પોતા તરફથી લાભ આપ્યા સિવાય આ પૃથ્વી ઉપર કેવળ ભાર રૂપ થઇ વિનાશ પામે છે.

દરેક વિચાર શીલ પુરૂષે સમજવું જોઇએ કે પરમાર્થ કાર્યમાં જેટલો વખત પસાર થાય છે તેટલોજ સાર્થક છે. મોટા સ્વાર્થના ભોગે લોકોપયોગી–જન સમાજનું એકાંત

હીત કરવાના કાર્યમાં લગભગ પોતાની આખી જીંદગી પસાર કરનારા માન્યવર દાદાભાઇ નવરોજજી તથા લોક માન્ય ઓન. મી. ગોપાલકૃષ્ણ ગોખલે જેવા ગ્રહસ્થોને પોતાન આદર્શ (Ideal) તરીકે સ્વીકારવાથી જોકે દરેકના નસીબમાં તેમના જેવા થવાનું સરજાયેલું નથી છતાં પણ દરેક પુરૂષ પોતાની શક્તિ અનુસાર સમાજને યત્કીંચિત્ લાભ આપી શકે છે. દરેક સુજ્ઞ જૈન બંધુ કોમના હીતને હમેશ પોતાના સાધ્યબીંદુ તરીકે સ્વિકારે તેટલું ઇચ્છી વિરમું છું. કિં બહુના. शुभं भूयात् सर्व जन्तुनाम्.

# एतद्देशीय समस्त वैश्य जातिकी पूर्वकालिन सहानुभूतिका दिग्दर्शन.

विद्वानोंको विदित होगा कि–पूर्वकालमें इस आर्यवर्त देशमें प्रत्येक नगर और प्रत्येक ग्राममें जातीय पञ्चायतें तथा ग्रामवासियोंके शासन और पालन आदि विचार सम्बंधी उनके प्रतिनिधियोंकी व्यवस्थापक सभायेंथी जिनके सप्रबन्ध (अच्छे इन्तिजाम)सें किसीका कोईभी अनुचित वर्ताव नहीं हो सकताथा इसी कारण उस समय यह आर्यावर्त सर्वथा आनन्द मंगलके शिखरपर पहुंचा हुआथा.

प्रसंग वशात् यहांपर एक ऐतिहासिक वृतान्तका कथन करना आवश्यक समझ कर पाठकोंकी सेवामें उपस्थित किया जाता है आशा है कि–उसका अवलोकन कर प्राचीन प्रथासें ज्ञात होकर पाठक गण अपने हृदय स्थलमें पूर्वकालीन सद्विचारों और सद्वर्तावोंको स्थान देंगें देखिये–पद्मावती नगरीमें एक धनाढ्य पोरवालने पुत्र जन्म महोत्सवमें अपने अनेक मित्रोंसें सम्मति लेकर एक वैश्य महा सभाकों स्थापित करनेका विचार कर जगह २ निमन्त्रणकों पाकर यथासमयपर बहुत दुर २ नगरोंके प्रतिनिधि आगयें और सभाकर्ता पोरवालने उनका भोजनादिसें अत्यन्त सम्मान किया तथा सर्वमतानुसार उक्त सभामें यह ठहराव पास किया गया कि जो कोई खानदानी गनाढ्य वैश्य इस सभाका उत्सव करेगा उसको इस सभाके सभासदों (मेम्बरो) में प्रविष्ट (भरती) किया जावेगा.

इस सभा स्थापनके समयमें जिन २ नगरके तथा जिन २ जातिके वैश्य प्रतिनिधि आयेथे उनका नाम जैन सम्प्रदाय शिक्षा नामक ग्रन्थमें चौरासी न्या-

तोंका वर्णन लीखा हुआ है उसे समझ लेना चाहिये अर्थात् चौरासी नगरोंके प्रतिनिधि यहां आयेथे उसी दिनसें उनकी चौरासी न्यातभी कहलाती है पिछे देश प्रथासें उनमें अन्य २ भी नाम शामिल होते गये है.

अब विचार करनेका स्थल यह है कि देखो उस वक्त न तो रेलथी न तारथा और न वर्तमान समयकी भांति मार्ग प्रबन्ध हीथा ऐसे समयमें ऐसी बृहत् (बडि) सभाके होनेमें जितना परिश्रम हुआ होगा तथा जितने द्रव्यका व्यय हुआ होगा उसका अनुमान पाठकगण स्वयं कर सकते हैं.

अब उनके जात्युत्साहकी तरफ ध्यान दिजिये किं--वह (जात्युत्साह) कैसा हार्दिक और सद्भाव गर्भित था कि--वे लोग जातिय सहानुभूतिरूप कल्प वृक्षके प्रभावसें देशहितके कार्योंको किस प्रकार आनन्दसें करते थे और सब लोग उन पुरुषोंको किस प्रकार मान्य द्रष्टिसें देख रहेथे परन्तु अफसोस है कि वर्तमान (अर्वाचीन) में उक्त रीतिका बिलकुल ही अभाव हो गया है वर्तमानमें सब वैश्योंमें परस्पर एकता और सहानुभूतिका होना तो दुर रहा किन्तु एक जातिमें तथा एक मतवालो मेंभी एकता नहीं हैं इसका कारण केवल आत्माभिमान ही है अर्थात लोग अपने २ बडप्पनको चाहते है क्योंकि सज्जन पुरुषोंने विचार कर देखा है की लघुताही मान्यका स्थान तथा सब गुणोका अबलम्बन है इसी उदेश्यको हृदय स्थलकर पूर्वज महज्जनोंने लघुताकी एक स्तवन (स्तोत्र) बनाया है उसका भावार्थ यह है कि--चन्द्र और सूर्य बडे है इस लिये उनको ग्रहण लगता है परन्तु लघु तारागणको ग्रहण नहीं लगता है संसारमें यह कोइभी नहीं कहता हैं कि--तुम्हारे माथे लागुं किन्तु सब कोई यही कहता है कि तुम्हारे पगे लागूं इसका हेतु यही है कि--चरण (पैर) दुसरे सब अंगेसे लघु है इस लिये उनको सब नमन करते हैं पूर्णिमाके चन्द्रको कोई नही देखता और न उसे नमन करता है परम्तु द्वितीयाके चन्द्रको सबही देखते और उसे नमन करतें हैं क्योंकि वह लघु होता है कीडी एक अति छोटा जन्तु है इस लिये चाहे जैसी रसवती (रसोई) तैयार की गई हो सबसें पहिले उस (रसवती)का स्वाद उसी (कीडी)को मिलता है किन्तु किसी बडे जीवको नहि मिलता है जब राजा किसीपर कडी द्रष्टि (तेज निघा)वाला होता है तब उसके कान और नाक

आदि उत्तमांगों (उत्तम अंगों) कोही कटवाता है किन्तु लघु होनेसे पैरोंको नहि कटवाता है यदि बालक किसीके कानोंको खींचे मूंछोको मरोड देवे अथवा शिर मेंभी मार देवे तोभी वह मनुष्य प्रसन्नही होता है देखिये यह चेष्टा कितनी अनुचित है परन्तु लघु युक्त बालककी चेष्टा होनेसें सबही उसका सहन कर लेते हैं किन्तु किसी बडेकी इस चेष्टाको कोइभी नहीं सह सकता है यदि कोई बडा पुरुष किसीके साथ इस चेष्टाको करे तो कैसा अनर्थ हो जावे छोटे बालक को अन्तःपुरमें जानेसें कोईभी नही रोकता है यहां तककि--वहां पहुंचे हुए बालक को अन्तःपुरकी रानियांभी स्नेहसे खिलाती है किन्तु बडे होजानेपर उसे अन्तःपुर में कोई नहीं जाने देता है यदि वह चला जावे तो शिरच्छेद आदि कष्टको उसे सहना पडे जब तक बालक छोटा होता है तब तक सबही उसकी संभाल रखते हैं अर्थात् माता पिता और भाई आदि सबही उसकी संभाल और निरीक्षण रखते हैं उसके बहार निकल जानेपर सबको थोडीही देरमें चिन्ता हो जाती है बच्चा अभीतक क्यों नहीं आया परन्तु जब वह बडा हो जाता है तब उसकी कोई चिन्ता नही करता है इन सब उदाहरणोंसें सारांस यही निकलता है कि जो कुछ सुख है वह लघुतामें ही है जब हृदयमें इस (लघुता) के सत्प्रभावको स्थान मिल जाता है उस समय सब खराबियोंका मूल कारण आत्माभिमान और महत्वा कांक्षित्व (बडप्पनकी अभिलाषा) आपही चला जाता है देखो वर्तमानमें दादाभाई नवरोजजी लाला लजपतराय और बालगङ्गाधर तिलक आदि सद्गुणी पुरुषोंको जो तमाम आर्यावर्त देश मान दे रहा है वह उनकी लघुता (नम्रता) से प्राप्त हुए देश भक्ति आदि गुणोंसे ही प्राप्त हुआ समझना चाहिये.

इस विषयमें विशेष वर्णनकी जरूरत नही क्योंकि प्राज्ञों (बुद्धिमानों) के लिये थोडाही लिखना पर्याप्त (काफी) होता है अन्त में हमारी समस्त वैश्य सज्जनोंसें सविनय प्रार्थना है कि--जिस प्रकार आपके पूर्वज लोग एकत्रित हो कर एक दुसरेके साथ एकता और सहानुभूतिका वर्ताव कर उन्नतिके शिखरपर विद्यमान (विराजमान) थे उसी प्रकार आप लोगभी अपने देश जाति और कुटम्बकी उन्नति किजिये देखिये पूर्व समयमें रेल आदि साधनोंके न होनेसें अनेक कष्टोंका सामना करकेभी आपके पूर्वज अपने कर्तव्यसें नहीं हटतेथे इसी

लिये उनका प्रभाव सर्वत्र फैल रहाथा जिसके उदाहरणरूप नररत्न वस्तुपाल और तेजपालके समयमें देसे और बीसे ये दो फिरके हो चुके हैं

प्रिय वांचक वृन्द क्या यह थोडीसी बात है कि--उस समय नगरसें दुसरे नगरको जानेमें महीनोका समय लगताथा और वही व्यवस्था पत्रके जानेमें भी थी तोभी वे लोग अपने उदेश्यको पूराही करतेथे इसका कारण यहीथा कि--ये लोग अपने वचनपर ऐसे दृढ थे कि--मुखसे कहनेके बाद उनकि बात पत्थर की लकीरके समान हो जातीथी अब उस पूर्व दशाको हृदय स्थल कर वर्तमान दशाको सुनिये देखिये वर्तमानसें--रेल तार और पोष्ट आफिस आदि सब साधन विद्यमान है कि--जिनके सुभितेसे मनुष्य आठ पहरमें कहांसे कहांको पहुंच सकता है कुछ धंटोमें एक दूसरेको समाचार पहुंचा सकता है इत्यादि परन्तु अफसोस है कि इतना सुभिता होनेपरभी लोग सभा आदिमें एकत्रित होकर एक दुसरसें सहानुभूतिको प्रकट कर अपने जात्युत्साहका परिचय नहीं दे सकते है देखिये आज जैन श्वेताम्बर कोन्फरन्सको स्थापित हुए ८ वर्षसेंभी कुछ अधिक हो चुका है इतने समयमेंभी उसके ठहरावका प्रसार तो दूर रहा किन्तु हमारे बहुतसे भाईयोने तो उस सभाका नाम तक नही सुना है तथा अनेक लोगोने उसका नाम और चर्चा सुना है परन्तु उसके उदेश्य और मर्ममें अद्यापि अनाभिज्ञ है देखिये जैन सम्बधी समस्त समाचार पत्र सम्पादक यही पुकार रहे हैं कि कोन्प्रेसने केवल लाखों रुपये इकठे किये हैं इसके सिवाय और कुछभी नही किया है इसी प्रकारसें विभिन्न लोकोंकी इस विषयमें विभिन्न सम्मतियां है जैसीकि प्रोवेन्सीयल सेक्रेटरी धीया लक्ष्मीचन्दजीने सचासो मेरा लेखमें प्रथम पक्ष द्वितीय पक्ष दीखलाता है--हमें उनकी विभिन्न सम्मतियोंमें इस समय हस्तक्षेप कर सत्या सत्यका निर्णय नहीं करना है किन्तु हमारा अभीष्ट (विचार) तो यह है कि-लोग प्राचीन प्रथाको भूले हुए है इस लिये वे सभा आदिमें कम एकत्रित होते हैं तथा उनके उदेश्यो और मर्मोको कम समझते है इस लिये वे उन ओर ध्यान भी बहुत ही कम देते हैं रहा किसी सभा (कोन्फ्रेंस आदि) का विभिन्न सम्मति योंका विषय सो सभा सम्बंधी इस प्रकारकी सब बातोका विचार तो बुद्धिमान् और विद्वान स्वयं ही कर सकते हैं क्योंकि वे जानते हैं कि--प्रायःसबही विषयों

में सत्यासत्यका मिश्रण होता है प्रचलित विचारोंमें बिलकूल सत्य ही विषय हो और नये विचारोंमें बिलकूल असत्य ही विषय हो ऐसा मान लेना सर्वथा भ्रमास्पद है क्योंकि उक्त दोनो विचारोमें न्युनाधिक अंशमें सत्य रहा करता है.

अपूर्ण.

## કુશન સમયના બ્રાહ્મી લિપિમાં કેટલાક અપ્રસિધ્ધ જૈન લેખો.

મથુરાના જૈન સ્તૂપ અને તેમાંથી ઉપલબ્ધ મૂર્તિઓ ઉપરના લેખોએ જૈન ધર્મની પ્રાચીનતાના સંબંધમાં જે પાશ્ચાત્ય વિદ્વાનોના મનમાં સંશય હતો તે દૂર કર્યો છે. મથુરાના સ્તૂપમાંથી જડી આવેલા લેખો જૈન ધર્મને ઇ. સ. પૂર્વેના ષષ્ટ શતક સુધી લઇ જાય છે; જે ઐતિહાસિક પ્રમાણોની સામાન્ય ન્યૂનતા જોતાં ઉપેક્ષા કરવા લાયક નથી. ઇન્ડો-સ્કાઇથીઅન રાજાઓ કનિષ્ક, હવિષ્ક, વશિષ્ક અને વાસુદેવના સમયમાં જૈન ધર્મના બહોળા પ્રચારના સાક્ષિ તરીકે આપણને તે સમયના ઘણા લેખો પ્રાપ્ત થયા છે. અને તે ઘણાખરા મથુરાના અને તેની નજદીકના પ્રદેશના છે. મી સ્મીથના જૈન સ્તૂપ અને મથુરાની એન્ટીકવીટીઝમાં આપેલા લેખો ઉપરાંત બીજા અન્ય અગત્યના લેખો એપીગ્રાફીઆ ઇન્ડીકાના ૧૯૧૦ના જાનેવારીના અંકમાં આર. ડી. બેનરજીએ બહાર પાડયા છે. તે લેખો તે સમયની લિપિ, ભાષા, શિલ્પ, ધર્માનુરાગ અને ગણ તથા શાખાઓના સંબંધમાં આપણને જાણવા જોગ માહીતી આપે છે. આ મૂર્તિઓ તેમને લકનૌના સંગ્રહસ્થાનમાંથી મલી આવી હતી.

### કુશન સંવત્ ૯ ના લેખવાળી જૈન મૂર્તિ.

આ મૂર્તિના ઉપલબ્ધિ સ્થાન સંબંધી કંઇ જણાયું નથી. લકનૌના સંગ્રહસ્થાનના જૈન વિભાગમાં આ મૂર્તિ મુકેલી છે, અને તેની કૃતિ વિગેરે ઉપરથી મથુરાની શિલ્પકળાની કૃતિ લાગે છે. આ મૂર્તિનું શીર્ષ ખંડિત થયેલું છે. કાયોત્સગ મુદ્રામાં ઉભી રહેલી આ મૂર્તિના દક્ષિણ પક્ષમાં બે પુરૂષો હસ્ત જોડીને ઉભેલા છે અને વામપાર્શ્વે એક સ્ત્રી ઉભી રહેલી છે. આ મૂર્તિ ઉપરનો લેખ અપભ્રષ્ટ સંસ્કૃત ભાષામા તથા કુશન સમયની ઉત્તર હિંદુસ્તાનમાં વપરાતી લિપિમાં લખાયેલો છે.

सिद्धं सं ९ हे ३ दि १० ग्रह मित्रस्य धितु शीव शिरिस्य वधु एक्रडलस्य
कोट्टियातो गणातो आर्यतारिकस्य कुटुम्बिनिये
ठानियातो कुलातो वैरातो शाखातो निवर्तना गहपलाये दति

સિદ્ધિ—૯ માં વર્ષના હેમન્તના તૃતીય માસમાં ૧૦ મે દિવસે કોટ્ટિયગણ સ્થાનીય. કુલ અને વજ્ર શાખાના આર્ય તરિકની આજ્ઞાથી એક્રડલની સ્ત્રી, શિવ શિરીની પુત્રવધુ ગ્રહ મિત્રની પુત્રી ગહપલાની આપેલી (કરાવેલી). ઉપર્યુકત લેખની ત્રણ અસમાન

પંક્તિઓ છે. પ્રથમ પંક્તિ ગાદિની ધાર ઉપર અને બીજી પંક્તિઓ પદ્મ ( વિકસિત પદ્મ ઉપર મુકેલી ગાદી ઉપર મૂર્તિ ઉભી રહેલી છે ) ઉપર કોતરેલી છે. પાદની મધ્યમાં બે નાની પંક્તિવાળો લેખ છે.

आर्य अध–

मस्य शिशिनि

**આર્ય અઘમની સ્ત્રીશિષ્યા.**

મી. આર. ડી. બેનરજી આ મૂર્તિને દિગંબર સંપ્રદાયની કહે છે. પણ કોટિગણ અને વજ્ર શાખા આપણા આમ્નાયમાં છે; તેથી આ મૂર્તિ શ્વેતાંબર આમ્નાયની છે એવું સ્પષ્ટ છે.

કોટિગણ, સ્થાનિયકુલ અને વજ્ર શાખાના આર્ય તરિકની આજ્ઞાથી એકડલની સ્ત્રી, શિવશિરિની પુત્રવધૂ અને ગ્રહમિત્રની પુત્રી ગહપલાએ ઉપરના મૂર્તિ કરાવી હતી. આ મૂર્તિ કુશન સમયની છે. કુશન સમય ઉપર આગળ ઉપર બોલીશું.

**કુશન સમયના ૧૨ માં વર્ષની જૈન મૂર્તિ ઉપરનો લેખ.**

આ મૂર્તિ ધ્યાન મુદ્રામાં છે અને એક હસ્ત ખંડિત થયેલો છે. આ મૂર્તિની ગાદીની બન્ને બાજુએ બે સિંહ રહેલા છે અને તેઓની મધ્યમાં બેસ રીલીફ (થોડું ઉપર ઉપસી આવેલું કોતરકામ) છે. મધ્યમાં એક ચતુષ્ય કોણાકૃતિ સ્તંભ ઉપર ચક્ર કોરેલું છે. અને તેની બન્ને બાજુએ એક એક પુરૂષ બેઠેલો છે. સ્તંભની દક્ષિણ બાજુએ સકુસુમ હસ્તવાળી પાંચ પાંચ સ્ત્રીઓની બે હાર ઉભેલી છે, અને તેવીજ રીતે વામપાર્શ્વે પુરૂષોની હાર ઉભેલી છે. આ મૂર્તિના ઉપલબ્ધિ સ્થાન સંબંધી કંઇ નિશ્ચિત નથી પરંતુ ૧૮૯૨ ના એપ્રીલ માસના લક્નૌ મ્યુઝીઅમના રીપોર્ટમાં રોહિલખંડમાં રામનગરમાં પુરાણા જૈન મંદિરની ભૂમિમાંથી ખોદી કાઢેલી કુશન સંવત ૧૦ વાળી મૂર્તિ ડો૦ ફ્યૂહરે નિર્દેશેલી છે તે આ હોય એવું સંભવિત છે.

सं. १०२ व ४ दि १० एतस्य पुर्व्वायां कोट्टियातो गणतो बम्तनदासियातो कुलतो उचेन–

गरितो शाखातो गणिस्य आर्यपुशिलस्य शिशिनि दतिलाते......तिहरि नन्दिस्य भागिनिये निव

र्तना साविकानां वद्धकिनिनं जिनदासि रुद्र देव दातागाला रुद्रदेवसा िनना रुद्र......गहमित्र......

कुमारशिरि वमददासि हस्तिसेना ग्रहशिरि रुद्रदता जयदासि मित्रशिरि

સ. ૧૨ વર્ષના ચતુર્થ માસ ૧૧ મે દિવસે કોટિયગણ બ્રહ્મદાસીયકુલ અને ઉચ્છાનગરી શાખાના આર્ય પુશિલની શિષ્યા.

દતિલા......હરિ નન્દિની ભગિનીની આજ્ઞાથી સુતાર શ્રાવક અને શ્રાવિકાઓ જિનદાસી રૂદ્રદેવા, દાત્તા ગાલા (ગામ)ની

રૂદ્રદેવસામી, રૂદ્ર........ગ્રહમિત્ર........કુમારશિરિ વમદાસી (વામદાસી), હસ્તિસેના, ગ્રહશિરી (ગ્રહશ્રી), રૂદ્રદત્તા, જયદાસી, મિત્રશિરિ......બિમ્બ ભરાવ્યું.

આ લેખમાં કોટિગણુ, બ્રહ્મદાસીય કુલ અને ઉચ્છનગરી શાખાના આર્ય પુશિલની શિષ્યાની આજ્ઞાથી સુતાર શ્રાવિકાઓએ બિમ્બ ભરાવ્યું.

## કુશન સંવત ૪૮ની સાલની સંભવનાથની મૂર્તિ.

લકનૌના સંગ્રહસ્થાનમાં આ મૂર્તિ જોવામાં આવી હતી. ઋષભનાથ, નેમિનાથ પાર્શ્વનાથ, મહાવીરસ્વામિ વિગેરેની મૂર્તિઓ મથુરાના પ્રદેશમાંથી એક કરતાં વધુ સંખ્યામાં જડી આવી છે. પરંતુ સંભવનાથની આ એકજ મુર્નિ જડી આવી છે. સ્કાઇથીઅન સમયની મૂર્તિઓના સંબંધમાં ખાસ નોંધ લેવા જેવું એ છે કે તે મૂર્તિએ ઉપર લાંછન હોતાં નથી તેથી જો લેખમાં આપ્યું હોય તોજ અમુક મૂર્તિ અમુક ભગવાનની છે એ કહી શકાય. અન્યથા તેનો નિર્ણય કરવો અશકય છે. ચિન્હોયુકત મૂર્તિઓ કરવાની પ્રવૃતિ ઘણુંખરું કુશન સમય પછી થઇ હોય એવું ભાસે છે.

અત્યાર સુધી કુશન સમયની જે મૂર્તિઓ મલી આવી છે તે સર્વથા લાંછન વિરહિતજ છે. ચિન્હ સમેત જુનામાં જુની મૂર્તિ મી. સ્મીથને મળી આવી એજ છે. લેખ વિનાની તે મૂર્તિ છે, પરંતુ તેની રચના વિગેરે ઉપરથી તે ચતુર્થ અથવા પંચમ શતકની હોય એવું ધરાય છે. આ મૂર્તિનો હસ્ત અને મસ્તક ખંડિત છે; મૂર્તિ ધ્યાન મુદ્રામાં છે અને બંને બાજુએ સિંહોથી ઉત્તંભિત ગાદી ઉપર બીરાજેલી છે. મધ્યમાં ત્રિરત્નનું ચિન્હ છે. આ ત્રિરત્નના ચિન્હની નીચે બે નાનાં ચક્રો આવેલાં છે અને બંને બાજુએ એક હસ્તમાં પુષ્પ અને એક હસ્તમાં ચક્ર એમ સ્ત્રી અને પુરુષ ઉભેલાં છે.

લેખ નીચે પ્રમાણે છે.

**महाराजस्य हुवष्कस्य संवचरे ४०८ व. २ दि १०७ ए तस्यपुवार्य कोट्टिये (गणे) बमदा**

**सीये कुले पञ्च नगरिये शाखाये धुजवलस्य शिशिनिये धुजशिरिये नि वतना**

**बुधुकस्य वधुये शवत्रन (?) पोत्रिये यशायें दन संभवस्य प्रोतिमाप्र तिस्तापिता**

મહારાજ હુવષ્કના ૪૮ વર્ષે વર્ષા રૂતુના બીજા માસમાં ૧૭ મે દિવસે (ઉપર કહેલે દિવસે) શવત્રનની પોત્રી અને બુધુકની વધુ યશાએ કોટ્ટિયગણુ બ્રહ્મદાસીયકુલ અને વજ્ર નગરી શાખાની ધ્રુજવલની શિષ્યા ધુજ શિરીની આજ્ઞાથી સંભવનાથની મૂર્નિ બેસાડી. કોટ્ટિયગણુ, બ્રહ્મદાસીયકુલ અને વજ્ર નગરી શાખાની ધ્રુજશિરીએ આ પ્રતિમા યશા પાસે સંભવનાથની બેસડાવી.

## કુશન સંવત ૫૮ ની મૂર્તિ ઉપરનો લેખ.

सिद्धं नम सर (स) तम महरजस्य हुवष्कस्य संवसरे अष्टपनम्रस्य मस ३ दिवस रएत

स्याम् पुर्वायां पे (?) गणे आर्ये चेटिये कुले हरित

मालकधियातो शा.......वाचकस्य हगिनादिस्य शिशोगन.........

नगसेनो दनम्।

સિદ્ધિ, નમસ્કાર; સરસતમ મહારાજ હુવિષ્કના ૫૮ મા વર્ષે ઉન્હાળાના ૩ માસમાં બીજે દિવસે (ઉપર કહેલા દિવસે) ... ગણ, આર્ય ચેટિયકુલ અને હરિમાલકધ (હરિતમાલગધિ) શાખાના વાચક હગિનદી (ભગનન્દિ?) ના શિષ્યના... નાગસેન (?) નું દાન.

## સં. ૭૧ ની મથુરાની જૈન મૂર્તિ.

આ મૂર્તિની ઉપલબ્ધિ ડૉ. ફુહરે ૧૮૯૦-૯૧ના પોતાના ૧૮૯૦-૯૧ ના Annual Progress Report માં જણાવી હતી. આ મૂર્તિની જંઘા અને કમરજ વિદ્યમાન છે. મૂર્તિની પાછળના સમચોરસ સ્તંભાકાર ભાગ ઉપર લેખ છે. તે જોકે ઉકેલવાને તથા સમજવાને મુશ્કેલ છે. તો પણ તેનો કેટલોક ભાગ ઉકેલી શકે એવો છે.

सम ७०१ व १ दि १० प

एतये पुवये ह

टिय (?) मुनाशि मिता (?) ये (?)

मिनिरव सुषोति धितु

हेमदेवस्य...............

૭૧ માં વર્ષે વર્ષાના પ્રથમ માસમાં ૧૫ મે દિવસે (ઉપર કહેલા દિવસે) હેમદેવની ...........મિનિરવની બેનની છોડીની છોડી......મુનશિમિતાની......

## ૭૪ ની સાલની ચોમુખ પ્રતિમા.

આ ચોમુખ પ્રતિમાનો નિર્દેશ ૧૮૯૧-૯૨ ના Progress Report માંડો ફુહરે કરેલો છે આ મૂર્તિની ગાદીની ચારે બાજુપર લેખ છે દરેક બાજુએ બાસ રીલીફ છે. મધ્યમાં એક સ્તંભ ઉપર ચક્ર અને ઉભય બાજુ ત્રણ ત્રણ હસ્ત જોડી ઉભેલા ભકતો આવેલા છે. દરેક બાજુએ લેખની બબે લીટીઓ છે જે થોડી ઘણી વિચ્છિન્ન છે.

सं. ७०९ म. १ दि. ५ अय वरणतो गणतो

कुलातो वजनकरितो शाखातो अयशीरकातो

....................नधनस्य वाचकस्य शिशिनिये अर्ये

गहत्रलाये पण तिधारिये शिशिनिये आर्य दासिये
देवस्य कुटूम्बिनिये घरवलाये दति
....................सह्रुये

૭૪ ની સાલમાં ઉન્હાળાના પ્રથમ માસમાં પાંચમે દિવસે......દેવની પત્ની ધરવાલાનું, વારણગણ-કુલ વજ્ર નગરીશાળા અને આશ્રક (સંભોગ)ની નધન......વાચકની ......શિષ્યા......અહવલાની આજ્ઞાથી, દાન

## સંવત ૮૦ ની મથુરાનિ મૂર્તિ

सिद्धं महरजस्य वासुदेवस्य सं ८० हमव १ दिं १०२ एतस्य पुर्ष्यां सावको स धित संघनाधिस (?) वधुये बलस्य

મહારાજ વાસુદેવના રાજ્યમાં ૮૦ વર્ષે હેમન્તના પ્રથમ માસમાં ૧૨ મે દિવસે શ્રાવક ......સ...ની પુત્રી બલની......સંધનન્દિની વધૂ... ... ... ...

## સં. ૯૯ ની સાલના લેખવાળું મથુરાનું બાસ-રીલીફ

(થોડું ઉપર ઉપસી આવેલું કોતરકામ)

પીળા રેતીના પથર ઉપર કોતરેલા બાસ-રીલીફના કકડાના ઉચ્ચ પ્રાન્તે એક લેખ કોતરેલો છે. આ બાસ રીલીફના બે ચોરસ આકારના ભાગો છે. ઉંચેનો ચોરસ ભાગ સારી હાલતમાં છે. અને તેના ઉપર સ્તૂપનો આકાર છે. સ્તૂપની આસપાસ બે જીનની મૂર્તિઓ છે. એક મૂર્તિ પર છત્ર છે અને બીજી ફણાવાળી છે એટલે પાર્શ્વનાથની. નીચેના ભાગમાં એક હસ્ત ઉંચો અને બીજો હાથ જંઘા ઉપર મુકેલો એમ એક સ્ત્રી ઉભેલી છે તેની વામપાર્શ્વે એક અર્ધ નગ્ન પુરૂષની આકૃતિ છે. કમર ઉપરજ માત્ર વસ્ત્ર છે. પુરૂષની વામ પાર્શ્વે બે સ્ત્રીની નાની આકૃતિઓ છે અને તેઓની પાછળ પ્રણામ કરીને એક વૃક્ષતળે ઉભેલા નાગની આકૃતિ છે.

सिद्धं सं ९०९ ग्रि. २ दि १०६ कोटियातो गणतोठनीयातो कुलांतो वैरां तो शाखातो आर्यसुर

शिशिनि धमाशिरिये निवर्तना...मह्दतस्य धिता धनहथि

**A** अनघ श्रेष्ठि विजा **B** कण श्रमण

સિદ્ધિ ૯૦૯ વર્ષે ગ્રીષ્મ ૠતુના દ્વીતીય માસમાં ૧૬ મે દિવસે કોટિયગણની સ્થાનીયકુલની વજ્ર શાખાની આર્યસુરની......શિષ્યા ધર્મ શિરિની આજ્ઞાથી ગ્રહ દતની પુત્રી........ ધનહથિ.

A અનથ શ્રેષ્ટી વિજ્જા (વિદ્યા) B કૃષ્ણ શ્રમણ

આ લેખમાં પણ કોટિગણના, સ્થાનીય કૂલના અને વજ્ર શાખાના આર્ય સુરની શિષ્યા ધમ શિરીના ઉપદેશથી ગ્રહદતની પુત્રીએ બિમ્બ ભરાવ્યું છે.

## અન્ય લેખે.

**गोशलस्याधिता मित्राये दानम्** ગોશાલની પુત્રી મિત્રાનું દાન

**(अमोघ) दत्तस्यभार्याये कोट्रिये.........**

**..........प्रातिष्ठापित मर्हतांपूजाये**

કોટિ.........અમોધ કૃતની ભાર્યાએ અર્હતની પૂજા વાસ્તે પ્રતિષ્ઠા કરવી. ઉપરના લેખો કુશન સમયના છે. કુશન રાજાઓ કનિષ્ક, હુવિષ્ક, વશિષ્ક અને વાસુદેવ પ્રસિદ્ધ છે. કનિષ્ક બુદ્ધ ધર્મનો એક મહાન સ્તંભ હતો. તેણે બુદ્ધ ધર્મ ફેલાવવા વાસ્તે અનેક ઉપાયો યોજ્યા હતા. આ રાજાના સમયના સંબંધમાં પાશ્ચાત્ય વિદ્વાનોમાં ઘણો મતભેદ છે. મુખ્ય ત્રણ કલ્પનાઓ છે અને તેના વિભાગ કરતાં ૧૧ થવા જાય છે. એ સંબંધમાં અત્ર લંબાણમાં ઉતરવું ઉચિત નથી. સમાસન ડો. ફ્લીટના કથન પ્રમાણે કનિષ્ક વિક્રમ સંવતનો ઉત્પાદક છે. આના પ્રમાણે કનિષ્કનો સમય ઇ. સ. પુર્વ ૫૬ થાય. મી૦ સ્મીથના મત પ્રમાણે કનિષ્કનો સમય ઇ. સ. ૧૨૫ પછીથી છે, મી૦ દેવદત્ત ભાંડારકારના મત પ્રમાણે કુશન સમયના લેખોના સાલમાંથી બે શતક મૂકી દેવામાં આવ્યા છે. આ મત પ્રમાણે કનિષ્કનો સમય ઇ. સ. ૨૦૯ ની પછી થાય. મી૦ આર. ડી. બેનરજીએ ઇતર કલ્પનાઓનું પ્રમાણપુરઃસર અયાથાર્થ્ય બતાવીને કનિષ્ક શક સંવતનો ઉત્પાદક હતો એ સાબીત કરી આપ્યું છે. આ ઉપરથી કનિષ્ક ઇ. સ. ૭૮ ના અરસામાં થયો હતો તે માનવું ઉચિત લાગે છે.

મી૦ બેનરજીની માન્યતા પ્રમાણે કનિષ્ક હુવિષ્ક અને વાસુદેવનો સમય નીચે પ્રમાણે છે.

ઇ. સ. ૭૮ કેદ્રફાઇસીસ બીજાનું મૃત્યુ, કનિષ્કનું રાજ્યારોહણ અને કુશન સંવત્ ની સ્થાપના.

ઇ. સ. ૯૧ હુવિષ્કને રાજ્યની લગામ મળે છે અને કનિષ્ક ચીન તરફ બળવો બેસાડવાને જાય છે.

ઇ. સ. ૧૨૩ કનિષ્કનું મૃત્યુ અને વાસુદેવનું રાજ્યારોહણ.

ઇ. સ. ૧૪૦ હુવિષ્કનું મૃત્યુ અને વાસુદેવનું રાજ્યારોહણ.

૯ મા વર્ષની મૂર્તિની સાલ આ પ્રમાણે ઈ. સ. ૮૭ થશે તેવી રીતે બીજી મૂર્તિઓના લેખના સંબંધમાં જાણવું.

મૂતિઓના લેખો જોતાં સ્પષ્ટ માલુમ પડે છે કે તેની ભાષા સંસ્કૃત અથવા તો પાલી નથી. પરંતુ અપભ્રષ્ટ સંસ્કૃત છે. તેના ઉદાહરણ તરીકે પ્રથમ લેખના **शिवशिरिस्थ वधू, कुटुम्बिनिये, दति** વગેરે વર્યાપ્ત છે. મથુરાનું શિલ્પ બાસ–રીલીફોમથી ભરપૂર છે તે જાણીતુ છે. સિંહો, ત્રિરત્નચક્ર બદ્ધાંજલિ પુરૂષો અને સ્ત્રી ભકતોની આકૃતિઓ વિશેષ જણાય છે. લાંછનના સંબંધમાં ઉપર કહ્યું તેમ અત્યાર સુધી ઉપલબ્ધ સ્કાઇથીઅન સમયની મૂર્તિઓને વિશેષ લાંછન હોતુ નથી. મૂર્તિઓ ઘણે ભાગે આર્યાઓના ઉપદેશથી

સ્ત્રીઓએ બેસાડેલી છે. એક લેખમાં સુતારો અને તેમની સ્ત્રીઓએ મૂર્તિ કરાવ્યાનું કહેવામાં આવ્યું છે. સ્ત્રીઓની ઓળખાણ વાસ્તે તેમના પિતા, સ્વામિ અને સાસુ વિગેરેનાં નામો આપેલાં છે.

મી. આર. ડી. બેનરજી પ્રથમ મૂર્તિના સંબંધમાં કહે છે કે તે દિગમ્બર મૂર્તિ છે પરંતુ આ યથાર્થ નથી. કારણ કે ઉપર જણાવેલા લેખોમાં તે મૂર્તિઓ દિગમ્બર સંપ્રદાયની હોય એવું માનવાને કશો પણ આધાર નથી. તે લેખો સ્પષ્ટ બતાવે છે કે મૂર્તિઓ શ્વેતામ્બર સંપ્રદાયની છે. લેખોનું પૃથક્કરણ કરતાં આપણને માલુમ પડે છે કે આ મૂર્તિઓ જેમના ઉપદેશથી કરાવવામાં આવી છે તે આર્યાઓને આચાર્યો મુખ્યત્વે કરીને કોટિગણ, સ્થાનીયકુલ અને વૈર શાખાના છે.

| | | |
|---|---|---|
| કુશન સંવત ૯ | કોટ્ટિયગણ સ્થાનિય કુળ વૈરશાખા | આર્યતરિક |
| ૧૨ | કોટિયગણ બ્રહ્મદાસીય કુલ ઉચ્ચે નગરી શાખા | આર્ય પુશિલસ્ય શિષ્યા દતિભા |
| ૮ | કોટિગણ બ્રહ્મદાસીય કુલ વજ્જ નાગરી શાખા | ધુજવલીની શિષ્યા ધુજ શિરી. |
| ૫૮ | આર્ય ચેટિય કુલ હરિત માલકય શાખા | વાચક ભગનાન્દિ શિષ્ય... નાગસેન |
| ૭૪ | વારણગણ ......કુલ વજ્જ નાગરી શાખા | ગહવલા |
| ૯૯ | કોટિયગણ ઠાણિય કુલ વૈર શાખા | આર્ય સુરની શિષ્યા ધર્મશ્રી |

આ ગણ શાખાઓ અને કુલોને કલ્પસૂત્રની સ્થવિરાવલી સાથે સરખાવતાં તે બરાબર મળતાં આવે છે. કલ્પસૂત્રમાં આપેલા ગણો અને શાખા કુલો નીચે પ્રમાણે છે.

| કોટિયગણ | | ચારણગણ | |
|---|---|---|---|
| કુલ | શાખા | કુલ | શાખા |
| ભલિજ્જ | ઉચ્ચનગરી | આર્યચેડય | વજનાગરી |
| વચ્છલિજ્જ | વિજ્જાહરી | વચ્છલિજ્જ | હારિયમાલાગારિ |
| વાણિય અથવા વાણિજ્જ | વજ્જ | હાલિજ્જ | વિગેરે |
| ઇત્યાદિ | ઇત્યાદિ | માલિજ્જ | |
| | | ઇત્યાદિ | |

એક સ્થાને વાચક શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, સાધુઓના નામ આગળ આર્ય અને આર્યાઓના નામ પાછળ શ્રી લગાડવામાં આવેલા છે જે કલ્પસૂત્રમાં આપેલા સાધુઓના નામોનું બરાબર તાદસ્ય છે; ઉદાહરણ તરિકે, આર્યતરિકઆર્યસુર, અને શિવશ્રીકુશન સમયમાં મથુરા અને તેના સાન્નિધ્ય પ્રદેશ જૈન ધર્મથી અંકિત હતા અને શ્વેતામ્બર સંપ્રદાયના આચાર્યોના ઉપદેશનું એ ઉત્તમ ફળ હતું તે કથનની આવશ્યકતા જણાતી નથી.

C.

# *Beef--Eaters Poisoned?*

Startling reports of meat-poisoning cases are given in Our Slaughter House System, Puplished by Messrs. George Bell and Sons, Lodon, from which I quote the following Para:—

" In Bregenz, in the case of a cow which had been slaughtered on account of injuries to the genital canal, and the retention of the after-birth ( in some cases ouly broth made of the flesh was consumed), 51 PERSONS WERE TAKEN VIOLENTLY ILL, especially those who had eaten the liver, and 6 PERSONS DIED. Through eating the flesh of a cow wnich had been seized with sickness after the birth of its calf, and which had to be destroyed, 84 PERSONS WERE POISONED, 5 OF WHOM DIED. In Nordhausen, the flesh of a cow which had been destroyed after suffering from acute diarrhea and prostration, CAUSED ILLNESS IN THE CASE OF 400 PEOPLE, 7 OF WHOM FAILED TO RECOVER. In Wurzen, 206 PERSONS WERE ATTACKED WITH ILLNESS, SIX—FATALLY, who had eaten the flesh of a cow which had been slaughtered on a account of inflammation of the udder and aralysis of the hind quarters."

WHY BEEF-EATERS ARE POSINED.

The following opinion of Dr. Cooper, late chairman of the L. C. C. Health committee, published in the *Herald of the Golden Age*, July, 1906, shows why beef-eaters are poisoned:—

" Do you know there are 4,000 cows in London kept for milking purposes alone? About a guarter of the number have to be renewed every year. I know that there are many honourable men in the business, but I also know that very few of the 1,000 cows which are displaced every year go to the knacker's yard. They go to the butcher. When a cow is drained of its milk, it is not fit for human food. It often

happens, too, that when this beasts in the London cow-sheds are ill, the veterinary surgeon is not sent for, but the butcher.

" Indeed there are several men in London who make a good living by going round the cow-sheds, and buying for a song the ailing cows or those that no longer yield milk. They have no difficulty in getting them slaughtered. If they don't possess a slaughter-house of their own and many of them do not—they hire one periodically.

" The carcases are often so bad that the men who trade in them dare not send the meat to Smithfield. They dispose of them to butchers privately. Generally they have no difficulty in finding a ready market, because they can afford to take less than the ruling prices, having bought the cows so cheaply."

## WHAT ENGLISHMEN DO.

To avoid risks to their health and lives, hundreds of English men and women become vegetarian, and THE ORDER OF THE GOLDEN AGE, 153-155, Brompton Road London S. W., through its excellent, cheap literature preaches the various advantages of the vegetarian, or, as it is fashionably called, fruitarian diet.

Junagad, LABHSHANKAR LAXMIDAS

## PAWAPURI.

Sometime ago I had an occasion to visit our holy shrines at Pawapuri and was much struck at the arrangement and order I found at this sacred place. The ancient and original temples and the dharmasalas were under the able management of Babu Govind Chand of Bihar and on his death last year, his son Babu Dhannulal has been unanimously elected by the Sree-Sangha in his place. The Digambaris have been in evidence for sometime past in most of our sacred Tirthas and have been trying to push

forward their so called claims, and Pawapuri has been no exception. It is but bare truth to say that it was mainly due to the able initiative and indefatigable vigilance of the late Babu Govind Chand that they have been foiled in their obstinate endevour to gain a foot-hold in these sacred shrines. There has been a great deal of litigation over the matter and some suits are still pending. The present Manager Babu Dhannulal with his two brothers Babus Lakshmi Chand and Keshri Chand, is doing his utmost to keep up the prestige of the (Swetambaris and to defeat the attempt of the) rival sect to set up their alleged right of co-ownership over this sacred Tirtha and I hope he will be successfull in his praiseworthy efforts. A Visitors' book is kept in the Bhandar and it is a matter of congratulation to the whole Swetamber Community to find a high official of our Government, adding his quota of testimony to the efficient management of this, one of the most importent of our sacred places in the following extract taken from the same :—

"I visited Pawapuri with Mrs. Maude this morning and we were very kindly shewn the various temples and dharamsalas which are in the charge of the Swetambaris, by the younger brother of the Manager. We visited first the temple in the lake which marks the spot where the last Tirthankar Mahavir was burnt after his death. From there we went to the temple which was erected on the spot where he died and thence to the further temple erected on the s attained to salvation This last temple is specially beautiful in its internal decoration and like all the Jain temples is kept with great care and in a state of perfect cleanliness and order. The tessellated marble floors of various shrines are beautifully kept and of themselves worth seeing We were also shown the Dharamsala attached to the temple which unlike many dharamsalas is clean and carefully looked after. The needs of the pilgrims are well seen to, even to the point of providing boiled

water. There was a large gathering here in October last on the anniversary of the death of Mahavir. Altogether we were much pleased with all that we saw and with the attention that was shown to us."

(Sd ) W. Maude I.C.S.
November, 23rd, 1910. Commissioner of Patna.

I quote below another extract :— Pawapuri, 5th March, 1911

" I visited the shrine yesterday and have much pleasure in stating that Mr. Dhannulalji who is in sole charge of the temple is paying all care and attention after the management. The staff is all attentive and obedient. The income of Pokharpur which is specially meant for Jalmandir, is, I am sorry to say, not given him by Maharaj Bahadur Singh. I hope he will be good enough to pay attention to the matter so that the income may be utilised for the purpose.

(Sd.) Kalidas G. Shah.
Panjrapole, Ahmedabad.

There are some other matters to bring to light for our brethren with regard to the management of some other Tirthas on this side of India and which I reserve for the next occasion and in the meantime I do sincerely hope that Babu Dhannu lal's example may be followed by everyone of our representatives in other Tirthas.

Calcutta,
3rd Aug. 1911.

# શ્રી જૈન શ્વેતાંબર ધર્મોપદેષ્ટા શાસ્ત્રાંભોનિધિ શ્રીમદ્યશોવિજય મહારાજ સાહેબશ્રીના ચરણોપાશક શિષ્ય શ્રી જિનવિજય (અપર નામ) શ્રી જિનેન્દ્રવિજયનું ભાષણ.

ગોધરા—આષાડ વદ ૧૪ ગુરુવાર તા૦ ૨૪-૭-૧૧ દિવસે વ્યાખ્યાન મધ્યે-મુનિ શ્રી જિનવિજયજી અપર નામ જિનેન્દ્ર વિજયે "દેવ ગુરૂ અને ધર્મ તેની ઉપર લેક્ચર" શ્રીમદ્ ગુરૂ મહારાજ શ્રી જશવિજયજીના પ્રમુખપણા નીચે આપ્યું હતું તેમાં પ્રથમ પંચ પરમેષ્ઠીનું મંગલાચરણ બોલવામાં આવ્યું હતું. તત્પશ્ચાતશ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ તથા ગુરૂ મહારાજની સ્તુતિ બોલાણી હતી. ત્યાર બાદ દેવ ભક્ત નામા મિત્ર અને ગુરૂ ભક્ત નામા મિત્ર આ બે મિત્રોનો દેવ, ગુરૂ, અને ધર્મ સંબંધીના સંવાદ તરીકે કહેવામાં આવ્યું હતું. આ લેક્ચર મધ્યે જે જે શ્લોકો બોલવામાં આવ્યા હતા તે તે શ્લોકોના પ્રગટ અર્થ કરી બોલવામાં આવ્યા હતા, તેથી ભાષણ ઘણુંક દેદીપ્યમાન થયું હતું. પણ અહીં તો જે જે શ્લોકો બોલાણા હતા તે તે શ્લોકો અર્થ રહીત મુળ લખવામાં આવશે. લેક્ચર નિચે મુજબ.

## ॥ प्रथम पंच परमेष्टि मंगलाचरण ॥

अर्हंतो भगवंत इंद्र महिता। सिद्धाश्च सिद्धिस्थिता: ॥
आचार्यो जिनशासनोन्नतिकरा। पुज्या उपाध्यायका: ॥
श्रि सिद्धान्त सुपाठका मुनिवरा। रत्नत्रयाराधका ॥
पंचैतेपरमेष्टि न प्रतिदिनं। कुर्वंतु वो मंगलं ॥ १

## શ્રી જીનેશ્વર ભગવાનની સ્તુતિ.

### ત્રીભંગી છંદ.

જોજન મન રંગં, અકળ અભંગં, તેજ તુરંગં નીલંગં,
સવિ શોભા સંગં, દગ્ધ અનંગં, સીસ ભુજંગં ચતુરંગં　　ટે૦
બહુ પુણ્ય પ્રસંગં, નિત ઉચ્છ રંગં, નવ નવ રંગં નારંગં.
કિર્તીજલ ગંગં. દેશ દુરંગં, સુરપતિ સંગં સારંગં.
સારંગાવકત્રં, પુન્ય પવિત્રં, મિત્રા મિત્રં સાવિત્રં　　૧
વિષ્મય ત્રય ચિત્રં, ચામર છત્રં, શીસ ધરીત્રં પાવિત્રં,
પાવિત્રા સરણું, ત્રિભુન શરણું, મુકુટા ભરણું આભરણું,
ગૌ અમૃત જટણું, જન મન મરણું, ભવ જળ તરણું ઉધરણું.　　૨

શિવ સંપતિ ભરણું, અઘ સંહરણું વરણા વરણું આદરણું.
આણા અતિપાલં, ઝાખ ઝમાલં, નિત ભુપાલં અજુઆલં,
અષ્ટમ શશિભાલં, દેવ દયાલ, ચેતન ચાલં સુકુમાલં. ૩
ત્રિભુવન સુકુમાલં, શોભા શાલં, કાલનું કાલં ભય ટાલં.
શૃંગાલ દસાલં, મહીમાલંકે, હૃદય વિશાલં ભુપાલં,
સવિ શોભા સંગં દગ્ધ અનંગં, સીસ ભુજંગં ચતુરંગં. ૪

## અથ શ્રી ગુરૂ મહારાજની સ્તુતિ.

### તોટક છંદ.

ભવજલધી ઉતરવા તરવા, જય શ્રી વરવા ગુણવાન થવા,
ઘર મંગલ માલ જય કરવા, જશ વિજય ગુરૂ શદા સ્મરવા ૧
તરૂ કલ્પ ફળે મન ધાર્યું મળે, સવિ દુખ દોહગ દુરજ ટળે,
તન રોગ હરે સુખ શાંતી કરે, ગુરૂ નામ જપો જન પાપ હરે. ૨
શ્રી ધર્મ ધુરંધર ધીર મહંત, શાંત દાંત કૃપાલુ શ્રી ગુણવંત,
બીરૂદ શાસ્ત્રાંભોનિધિ ગુરૂ ધારી, ભધીને ઉપદેશ દ્યો સુખકારી. ૩
આ ભવ પરભવના કાપો દુખ, મુજ શીવરમણીના આપો સુખ,
આપ ચરણોપાશક શિષ્ય કહે, ગુરૂ પ્રતાપથી સુખ સદા લહે. ૪

## હવે દેવ, ગુરૂ અને ધમ વિષે બે મિત્ર સંવાદ કરે છે.

ગુરૂભકત દેવભકતને કહે છે કે, અરીહંત દેવની પુજા કરવાથી શું ફળની પ્રાપ્તિ થાય તે મને કહો, દેવભકત કહે છે કે હે ગુરૂભકત સાંભળ.

एकं श्लोकं कथयामिसः श्रुयात्॥
ज्योतिर्जालमि वाब्जिनी प्रियतमं । प्रीति ननं मुंचति ॥
श्रेयः श्रीर्भवतीहतत्सहचरी। ज्योत्सना सुघाशोरिव ॥
सौभाग्यं तमुपैति नाथमवनेः सेनेवतं कांक्षति ॥
स्वर्ब्रह्माध्धि सुतावशेव तरुणं योऽर्चांवि धतेऽर्हतां ॥ १ ॥

હે મિત્ર ગુરૂભકત ફરીને બીજો એક શ્લોક પુજાના મહીમાનો કહું તે સાંભળી.

पवेर्धाराकारा व्यसनशिखरि एयुत्सववने ॥
वसंतः संकेतस्त्रिदि व ।शिव संपति युवंते ॥
भवांभो धौपोतः सुकृतकमलानांच सरसी ॥
।जिनेन्द्राणा मर्चा प्रथित महिमानां च सदनं ॥ २ ॥

વલી હે ગુરૂભકત મિત્ર અરીહંત દેવ કેવા છે તે તમે સાંભળો.

नभ्रूः साटोप कोपा न च करयुगलं चा पचक्रादि चिन्हं ॥
कांताकांतश्चनां कोनच मुख कमलं सप्रकोप प्रसादं ॥
यानासीनान मुर्तिर्नच नयन युगं काम कामाभिरामं ॥
हास्योत्फुल्लौनगल्लौ स भयभव भिदोयस्य देव ससेव्यः ॥ ३ ॥

માટે હે ગુરૂભકત આવા જે અરીહંત દેવ તેને સેવવાથી આભવ પરભવ કલ્યાણ થાય, વાસ્તે નીરંતર દેવ ભકિત કરવી, દેવ ભકિત કરવાથી શીવ સુખ પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્રકાર કહે છે. હવે,

गुरु भक्त देव भक्तां कथय, एकं श्लोकं कथयामिसः श्रुयात् ॥
किंपाथ सांमथनवत् कुरुषे सुखेच्छु ॥
बंधोमुधै व विविधं निकरंक्रियाणं ॥
वस्तु प्रकाशनपटुः प्रकट प्रभावो ॥
दीप्र प्रदीप्र द्रवचेद गुरुराद्दतो न ॥ ४ ॥

વલી હે દેવભકત ગુરૂનુ મહાત્મ્ય કેવું છે તે તમે સાંભળો.

गुरुर्हि परमंपुसां, भुषणं भुषणैर्विना ॥
सर्वं ज्ञानं ये न प्राप्तं, तस्मै श्रीगुरवे नमः ॥ ५ ॥
अज्ञानतिमिरान्धानां, ज्ञानांजन शलाकया ॥
चक्षुरुन्मीलितं येन, तस्मै श्री गुरवेनमः ॥ ६ ॥

માટે ईद्रंजगतांगुरुरे वहिदेवता. આ જગતને વિષે જે ગુરૂ છે તેને એક દેવતા તરીકે માનવામાં આવે છે. વલી, गुरुसेवया बुद्धिर्वर्द्धते, માટે, विद्यां गुरोरवान्पुहि અને गुरु धारय, આવી રીતે ગુરૂભકતે દેવભકત મિત્રને કહ્યું, ત્યારે देवभक्त गुरुभक्तां कथय, भोमित्र गुरुभक्त तवगुरु मस्ति, ત્યારે सः गुरुभक्त कथय, भोमित्र देवभक्त ममगुरुरस्ति, च નામવલી देवभक्त गुरुभक्तां पुनः प्रृछति॥ भोमित्र गुरुभक्त व गुरु मभिधानं किंमरास्ति. सः ममकथ. ત્યારે गुरुभक्त कथयामि.

जैन श्वेतांबरेण, धर्मधुरंधर, धर्मोपदेष्टा ॥ शास्त्रांभोनिधि, श्रीमत्तपगण-गगनांगण ॥ दिन मणि शशि करमुनिन्द्र, श्रीमद्यशोवि जैय महाराज साहेब श्रिजिआरव्यामस्ति ॥

આવી રીતથી ગુરુભક્તે દેવ ભક્ત આગલ પોતાના ગુરુનું નામ કહ્યું ત્યારે सःदेव भक्त कथया॥ भो गुरुभक्त तव गुरुनाम श्रुत्वा ममत्यानंदो भवेत्. વલી હે ગુરૂભક્ત આજ પર્યંત હજુ મે ગુરુ ધાર્યા નથી. પણ આજથી આપને હું એમ કહું છું કે જે આપના ગુરૂ મહારાજા છે, તે મારા ગુરૂ જાણવા, અન્ય ને ગુરૂ તરીકે હું માનનાર નથી. तस्मात् कारणात् ગુરૂમહારાજાનો एकं श्लोकं कथयामि सश्रुयात् सःदेव भक्तगुरु भक्ताग्रे श्लोकं कथय.

वंदे मम गुरु तं च । श्री जशविजयाभिधं ॥
परोपकारिणाधुर्यं, दत्तानंद कदंबकम् ॥ १ ॥

આવી રીતનો ગુરૂ મહારાજનો શ્લોક બોલી અને ગુરૂભક્તને કહે છે કે, હે મિત્ર આપણે અત્યાર સુધી દેવ, ગુરુ વિષે સંવાદ કર્યો પણ મારૂ મન કીંચીત માત્ર ધર્મ વિષે સંવાદ કરવાનુ પ્રફુલીત એટલે (ઉત્કઠીત) થાય છે ત્યારે ગુરૂભક્ત કહે છે કે હે દેવ ભક્ત મિત્ર જેમ આપના મનને આનંદ ઉપજે તેવો સંવાદ કરો ખુસીની સાથ. ત્યારે, देवभक्त गुरुभक्ता कथयः કે, હે ગુર ભક્ત હું કહું તે તમે સાંભલો. एकं श्लोकं कथयामि.

कथमुत्पद्यते धर्मः। कथंधर्मो विवर्धते ॥
कथं चस्थाप्यते धर्मः। कथं धर्मोविनश्यति ॥ १ ॥

सः ममकथ ત્યારે गुरुभक्त देवभक्तां कथया॥ भोदेव भक्तस्युतरं तव श्रुयात एकं श्लोकं कथयामि.

सत्येनोत्पद्यते धर्मो । दयादाने न वर्धते ॥
क्षमयान्वस्थाप्यते धर्मः। क्रोध लोभाद्विनश्यति ॥ १ ॥

માટે હે દેવભક્ત असत्यमा वृथा અને नासत्यात्पात कंपरं માટે જુઠું નહી બોલવું અને याचकेभ्यो दानं देहि કારણ કે, दानेन धर्मः वर्धते તથા अहिंसा परमोधर्मः च हिंसया लक्ष्मी नश्यति. માટે હે મિત્ર, धर्मेण सुखमे धते, વાસ્તે धर्मःचर તથા दया धारयः તથા भोमित्र शास्त्रकार कथयः કે માટે एकं श्लोकं कथयामि सः श्रुयात्.

जीवान रक्षणं श्रेष्टं, जीवा जीविते कांक्षिण,
तस्माक्षीत्समस्तदानानां मभयदानं प्रशस्यते १.

હવે, દેવભક્ત पुनः गुरुभक्तां कथय, કે, હે મિત્ર સાધુ મહારાજ દ્રવ્ય પુષ્પ પુજા દેવને પ્રસન્ન કરવા માટે કરે કે નહીં ત્યારે, गुरुभक्त देवभक्तां कथयः કે હે મિત્ર સાધુ

દ્રવ્ય પુષ્પ પુજા ન કરે કારણ કે તેને તો સર્વ આરંભત્યાગકર્યો છે, ભાવ પુષ્પ પુજા કહે, ત્યારે દેવભકત કથયઃ કે, તે શી રીતે તે કહો **गुरुभक्त कथयः एकं श्लोकं कथयामि सः श्रुयात.**

**अहिंसा प्रथमं पुष्पं, पुष्पमिंद्रिय निग्रहः ॥**
**सर्व भूत दया पुष्पं, क्षमा पुष्पं विशेशतः ॥ १ ॥**
**ध्यान पुष्पं तपः पुष्पं, ज्ञान पुष्पं च सप्तमं ॥**
**सत्यंचै वाष्टमं पुष्प, तेने तुष्यंति देवताः ॥ २ ॥**

હે મિત્ર સાધુ મહારાજ તો પુર્વોકત શ્લોકમાં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે ભાવ પુષ્પ પુજા કરે તેથી તુષ્ટમાન દેવતા થાય, પણ સાધુ દ્રવ્ય પુષ્પ પુજા નઇ કરે, અને પુર્વોકત જે આઠ પુષ્પ કથા તેવો ધારણ કરે, અને બીજાને ધારણ કરવાનો ઉપદેશ દે માટે હે મિત્ર દેવ, ગુરૂની ભકતી નીરંતર હૃદયમાં ધરવી તથા ધર્મ કરણી કરવી કારણ કે તેથી આ ભવ પરભવ કલ્યાણ થાય છે. માટે નીરંતર દેવગુરૂની ભકતી તથા ધર્મ કરણી કરવી, કારણ કે **आयु स्वल्पहरित** આયુશ આજના કાલમાં થોડું છે માટે જે શ્રેષ્ટ કામ કાલે કરવા ધારતા હોઇયે તે આજે કરવુ, પણ પ્રમાદને વશ થઇ બેસી નઇ રહેવું તથા તેને છોડી નઇ દેવું, **भोमित्र सुदिनमद्य भवत्व मागमेन** તથા **अत्यानंदो गतःदिन.** અને હે મિત્ર હવે જ્યારે આપને મલસુ ત્યારે આવીજ જ્ઞાન ગોષ્ટી કરીશું કારણ કે **अत्यानंदो भवति तस्मात् कारणात्,** આમ કહી બન્ને મિત્ર પોત પોતાને સ્થાનકે ચાલ્યા ગયા. **लेकचर समाप्तोयम.**

હવે હું લેકચર બંધ કરવાની રજા લઉ છું,

વીર પ્રભુના યથાર્થ વચનોપર વિશ્વાસ રાખજો, વૈરાગ્ય વાસીત અંતઃ કરણવાલા થઇને, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, અજ્ઞાન, વિષય, કષાય, મદ, નિંદા, અહંકાર, વીગેરેનો બનતી ત્વરાએ ત્યાગ કરજો. પરોપકારને સ્વોપકાર માનજો કૃતઘ્ન નઇ પણ કૃતજ્ઞ થજો અવગુણને ગુણ માની તેનો આભાર માનજો, અને નીરંતર નીતીની પ્રવર્તીને ગ્રહણ કરી અનીતીનો ત્યાગ કરજો, સદા સત્યતાનો સંગ્રહ કરી અસત્યતાનો ત્યાગ કરજો, અવગુણની ઉપર ગુણ કરજો, પણ અવગુણ ઉપર અવગુણ નહી કરતા, સર્વે ઠેકાણે નમ્રતા રાખવી, ગંભીરતા રાખવી, ધીરજને ધારણ કરવી, કોમળતા રાખવી જીવ ઉદાર ચીતવાલો રાખવો. કંજુસાઇ નઇ રાખવી. સર્વે પ્રાણીયોપર દયા રાખવી. નીરંતર સદાચરણ આચરવું. સજન માણુસની સોબત રાખવી. દુર્જનનો ત્યાગ કરવો. પંડીત પુરૂષની મીત્રતા કરવી, હવે આજની સભામાં શ્રી મદ્દશાસ્ત્રાંભોનિધિ શ્રીજશ વિજય મહારાજ સાહેબશ્રીજીના પ્રમુખપણા નીચે જે મે આજે લેકચર આપ્યું છે તેને

છેવટે મારા પ્યારા જૈન બંધુઓની તથા બાનુઓની સન્મુખ ધર્મ લાભ સાથે આ લેક્ચરમાં યત્કીંચીત પ્રમદાચરણ, તથા ભુલચુક થઈ હોય તે માટે મિથ્યા દુષ્કૃતં ભવતુ એવી શાસન નાયક પ્રતી તથા ગુરૂ મહારાજ પ્રતી પ્રાર્થના કરી વિરમુ છું, **शुभं भवतुं, वंदे श्री वीरं वंदे श्री गुरुं.**

## મુંબઈ—શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ.

### એડવાઈઝરી બોર્ડ.

કોન્ફરન્સ એડવાઇઝરી બોર્ડની એક મીટીંગ તા૦ ૫–૭–૧૧ ના સરક્યુલર મુજબ તા૦ ૭–૭–૧૧ શુક્રવારે રાત્રીના ૭ાા વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી તે વખતે નીચેના મેમ્બરો હાજર હતા:—

| | |
|---|---|
| શેઠ કલ્યાણચંદ શોભાગચંદ | રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડિયા |
| ,, માણેકલાલ ઘેલાભાઈ | ,, મકનજી જુઠાભાઇ મ્હેતા |
| ,, મોહનલાલ હેમચંદ | ,, લલ્લુભાઇ કરમચંદ દલાલ |
| ,, નેમચંદ માણેકચંદ | |

પ્રમુખ સ્થાને **શેઠ કલ્યાણચંદ શોભાગચંદ** બીરાજ્યા હતા. આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

૧. આબુજીના સંબંધમાં થયેલ પત્ર વ્યવહાર વાંચવામાં આવ્યો. શેઠ માણેકલાલ ઘેલાભાઇ ઉપર શીરોહીના મહાજન રા. શેઠ કલ્યાણજી પરમાનંદ તરફથી આવેલ પત્ર વાંચવામાં આવ્યો અને તેનો જવાબ શેઠ માણેકલાલભાઇએ લખી રાખ્યો હતો તેમાં સુધારો વધારો કર્યો. તે પત્ર શેઠ માણેકલાલભાઇ પોતાની સહી સાથ શીરોહીના મહાજનને મોકલે તેમ નક્કી થયું હતું.

૨. નામદાર શહેનશાહ જ્યોર્જ ૫ માને એડ્રેસ–માનપત્ર આપવાના સંબંધમાં થયેલ પત્ર વ્યવહાર વાંચવામાં આવ્યો. બાદ મહેરબાન કલેક્ટર સાહેબ તરફથી આવેલ પત્ર વાંચવામાં આવ્યો. ત્રણે ફીરકા તરફથી માનપત્ર આપવાનું નક્કી થયું. હીંદુસ્તાનની જૈન કોમ્યુનીટી તરફથી માનપત્ર આપવું. યોગ્ય પત્રવ્યવહાર કરી માનપત્ર આપવાનું નક્કી થયું.

૩. કોન્ફરન્સ ભરવાના સંબંધમાં નડતા વિઘ્નોના સંબંધમાં લગભગ એક કલાક સુધી વિચાર કરવામાં આવ્યો બાદ આ બાબત ઉપર અવાર નવાર વિચાર કરવા નીચેના ૩ ગ્રહસ્થોએ મળી વિચાર કરવાનું નક્કી થયું.

શેઠ કલ્યાણચંદ શોભાગચંદ
રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડિયા
,, મકનજી જુઠાભાઇ મ્હેતા
બાદ સભા વિસરજત થઇ હતી.

## શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ખેડા તાબે ગામ કપડવંજ મધ્યે આવેલા શ્રી ચિંતામણીજી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાનો શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ કરમચંદ વીરચંદના હસ્તકનો સંવત ૧૯૬૦ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૬૨ના આસો વદી ૩૦ સુધીનો હિસાબ અમોએ તપાસેલો, પરંતુ વહીવટ કર્તા ગૃહસ્થે સમજ ફેરથી અથવા વખત નહીં મલવાથી તેને લગતી જંગમ મીલકત દેખાડાવેલી નહીં. તેથી તે બદલ ઘણા વખત સુધી પત્ર વ્યવહાર ચલાવતા છેવટે વહીવટ કર્તા ગૃહસ્થે અમોને બોલાવી સદરહુ સંસ્થાને લગતો સંવત ૧૯૬૭ ના કારતક શુદ ૧ સુધીનો પુરેપુરે હિસાબ તથા તેને લગતી જંગમ અને સ્થાવર મીલકત દેખડાવી છે. તે માટે આભાર માની તેમને પૂરેપૂરો ધન્યવાદ આપીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત મહાલ મેહેસાણા તાબે ગામ ધીણોજ મધે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજ તથા અજીતનાથ મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાને શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ નથુચંદ લલ્લુચંદ તથા શેઠ કસ્તુરચંદ ભીખાચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ ના ભાદરવા વદી ૭ થી સંવત ૧૯૬૭ ના ફાગણ વદી ૩ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં નામું રીત સર રાખવામાં આવ્યું નથી, પણ વહીવટ જૈનશૈલી મુજબ સારી રીતે ચલાવે છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

સદરહુ ગામમાં વેપાર ઉપર પાવોતરા નામનો લાગો નાખેલ છે. તે લાગાની ઉપજમાંથી જૈનીઓએ સેંકડે રામ બે લેખે દેરાસરજીમાં આપવા ઠરાવ્યું તથા આખા મહાજને રામ ચાર લેખે ખોડા ઢોરમાં આપવું ઠરાવ્યું. તે નાણા થોડાક વખત સુધી વસુલ આપી પાછળથી કોઇ કારણને લાધે વસુલ આપતા નથી તેથી આખું મહાજન જીવ-દયાના દ્રવ્યના લેપમાં પડી માઠાં કર્મ બાંધે છે. જો કે કેટલાએક જૈનીઓ થોડાક વરસથી રામ બે પ્રમાણેના લાગાના નાણાં દેરાસરજીમાં આપે છે.

પણ હજુ સુધી ખોડા ઢોરનાં લાગાનાં નાણાં આપતા નથી. તેથી જૈનીઓ જીવદયાના તેમજ દેવદ્રવ્યના લેપમાં પડી માઠાં કર્મ બાંધે છે. માટે જેમ બને તેમ તાકીદે માહાજને એક મતથી પાકો બંદોબસ્ત કરી સદરહુ લાગાનાં નાણાં વસુલ લઇ ખોડાં ઢોરને લગતી સંસ્થા ઉભી કરી લાગાનાં નાણાં તેમાં પૂરી રીતે ખર્ચવા જોઇએ. સદરહુ લાગા માટે આ ખાતાના ઇન્સ્પેકટરે સંઘ ભેગો કરી નાણાં વસુલ લેવા પ્રયત્ન કર્યો. તેમાં શેઠ નથુચંદ ઓતમચંદે પોતાના ચોપડા દેખડાવી સદરહુ લાગાનાં જે નાણાં નીકળે તે પુરેપુરા ચુકતા આપવા મરજી જણાવી. પરંતુ બીજા ગૃહસ્થોને તે વાત નહીં રૂચવાથી પોત પોતાની મેળે વીખરી ગયા. તેથી તે બદલનો રીપોર્ટ આ ખાતાના ઇન્સ્પેકટરે અમારી ઉપર લખી મોકલ્યો છે અને ત્યાંના સંઘે સદરહુ લાગાના નાણાં ભેગા કરી ખોડાં ઢોરની સંસ્થા ઉભી કરી રીતસર તેની વ્યવસ્થા કરવા જણાવ્યુ

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

## દેશ બંગાળ જીલ્લા હજારીબાગ મધ્યે આવેલા શ્રીસમેતશીખરજી મહા તિર્થનો રીપોર્ટ:—

સદરહુ તિર્થના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શ્રી જૈન શ્વેતાંબર સોસાઇટી કોઠી મધુવનના જનરલ મેનેજર મુર્શીદાબાદ નીવાસી સાહેબ રાયધનપતિસીંગજી બહાદુર તથા તેમના પુત્ર મહારાજ બહાદુરસીગજીના હસ્તકનો સંવત ૧૯૩૭ થી સંવત ૧૯૬૪ ના આસો વદ ૩ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે. કારણ આ વહીવટ રાયધનપતિસીંગજી બહાદુરને તેજ સાલમાં સુપ્રત કરવામાં આવેલો છે. તે પહેલાંના કાગળ જોવામાં આવ્યા નથી. જે વખત આ વહીવટ સદરહુ વહીવટ કર્ત્તાને સુપ્રત કરવામાં આવ્યો તે વખતે ફકત રૂ. ૩૧૧૦–૩–૦ રોકડ તથા રૂ. ૬૦૫૧–૪–૩ ના દાગીના મળી કુલ ૯૧૬૧–૭–૩ ની નજીવી મીલકત સુપ્રત કરવામાં આવી હતી. ત્યાર પછી રાયધનપતિસીંગજી બહાદુરે સંવત ૧૯૫૩ ની સાલ સુધી વહીવટ કર્યો. તેમાં પોતે પોતાના તન, મન ધનથી મદદ કરી પોતાના પદરના કેટલાક પૈસા ખરચી વહીવટ ઘણો ઉત્તમ ચલાવી ઉપજમા વધારો કરી કારખાનું સારા પાયા ઉપર લાવી મુકયું હતું,

સદરહુ વહીવટ કર્તા મોટા ધનાઢય હતા. આજ કાલ કેટલાક ધનવાનો લાડી વાડીને ગાડીના શોખમાં પડી ધર્મ શું ચીજ છે તે સમજતા પણ નથી. ત્યારે સદરહુ વહીવટ કર્ત્તાએ તે શોખ કરતાં ધર્મનો શોખ ઉત્તમ ગણી મનુષ્યજન્મ સફળ કર્યો હતો.

સદરહુ વહીવટ કર્ત્તાએ વહીવટ સુધારી કારખાનું જે સારા પાયા ઉપર લાવ્યા છે તે માટે તેમનો પુરે પુરો ધન્યવાદ દેવાની સાથે તેમના આત્માને જયાં હોય ત્યાં શાંતિ મળો એ ઇચ્છીએ છીએ.

ત્યાર પછી સંવત ૧૯૫૭ સુધીમાં જોઇએ તેવી ઉપજ આવી નથી. બલકે કેટલીક સાલમાં ઉપજ કરતાં ખર્ચ વધી ગયેલ છે.

હાલમાં મર્હુમના પગલે તેમના પુત્ર મહારાજ બહાદુરસીંગજી વહીવટ ચલાવે છે, તેઓના વખતમાં પણ સંવત ૧૯૫૮ થી આજ સુધી સાલ દરસાલ પ્રથમ મુજબ સારી જેવી ઉપજ જમે કરી છે, તેમજ વહીવટ ચલાવવામાં પોતે તન, મનથી ધ્યાન આપે છે તેથી તેમને પણ પુરો ધન્યવાદ ઘટે છે,

વહીવટના નામાના સંબંધમાં જાતા નામું મોટે ભાગે મુર્શીદાબાદી ખોડી લીપીમાં તથા મારવાડી લીપીમાં લખેલ છે. તેમજ કેટલોક ભાગ ગુજરાતી તથા દેવનાગરી લીપીમાં લખાએલ છે. આવી રીતે જુદી જુદી ચાર જાતની લીપીમાં નામું લખાએલ તેમજ આ દેશમાં તપાસણીનું કામ પહેલ વહેલું હોવાને લીધે ધીમાંશથી કામ લેવું પડતું તથા તિર્થનો વહીવટ હોવાને લીધે અમોને તપાસતાં છ મહીના જેટલો મોટો વખત રોકવો પડયો છે, નામું પ્રથમ લખનાર હુશીઆર નામાદાર નહીં હોવાને લીધે વ્યવસ્થાસર લખાએલ નથી પણ પાછળથી કોઇ હુશીઆર નામાદાર પાસે તેને સુધરાવી સરવૈયાં મેળવેલ છે, તેમજ નામાની શૈલી ઘણી ઉત્તમ પ્રકારની છે,

આ તિર્થમાં ખર્ચના પ્રમાણમાં ઉપજ આવેલ છે, પણ તિર્થના પ્રમાણમાં જોઇએ તેવી ઉપજ આવતી નથી. તેનું કારણ જોતાં માલુમ પડે છે કે મધુવનનું પાણી તથા હવા એકદમ ખરાબ હોવાને લીધે શીરફ ૩-૪ મહીના સંઘ જાત્રા કરવા ત્યાં જાય છે પછીથી કોઈ જવલેજ જાય છે. તેથી ટુંક મુદતની જાત્રામાં જોઇએ તેવી ઉપજ આવતી નથી, તથા બીજું કારણ એ પણ છે કે હવા પાણી ખરાબ હોવાને લીધે હુશીઆર જૈન શૈલીનો જાણ પુરૂષ કારખાનામાં રહી શકતો નથી. તેથી સંઘની જોઇએ તેવી સગવડ સાચવી શકાતી નથી, ને તેથી પણ ઉપજમાં જોઇએ તેવો વધારો થતો નથી, જો ત્યાં રહેનાર મનુષ્યની આરોગ્યતાને માટે કંઇ બંદોબસ્ત કરવામાં આવે તો ત્યાં હુશીઆર જૈન શૈલીનો જાણ પુરૂષ ટકી શકેને એવો માણસ રહેવાથી જાત્રા માટે આવનાર સંઘના આરામને માટે પુરતો બંદોબસ્ત કરી ઉપજમાં સારો વધારો કરી શકે.

અમોએ આ વહીવટ તપાસવા હાથમાં લીધો તે પેહેલાં આ વહીવટની અવ્યવસ્થા સંબંધી કેટલીક અફવાઓ અમારા સાંભળવામાં આવી હતી, પણ હિસાબ તપાસવો શરૂ કરતાં તેવું કાંઈ જોવામાં આવ્યું નહીં, પણ ઉપર લખ્યા મુજબ મધુવનનું પાણી ખરાબ હોવાને લીધે કોઇ હોંશીઆર જૈન શૈલીનો જાણ પુરૂષ કારખાનામાં ટકી શકતો નહીં તેથી મંદિર વગેરેમાં કેડલીક આશાતના તથા સંઘની સાવજત રાખવામાં કેટલીક અવ્યવસ્થા અમારા જોવામાં આવી. તે સંબંધી વહીવટ કર્તા ગૃહસ્થનું ધ્યાન ખેંચતાં તેમણે તે બાબતના સુધારા માટે કોન્ફરન્સ ઓફીસ પાસે માગણી કરી ઇન્સપેકટર હરીલાલ જેસંગ ખોખાણીને ત્યા રોકી કેટલાક સુધારા તાકીદે કરવા માંડવાં છે. તેથી તેમને પુરેપુરો ધન્યવાદ ઘટે છે. આશા છે કે ઇન્સ્પેકટર હરીલાલને જોઇતાં સાધનો પુરાં પાડી તથા મેળવી લેવાની તે સંઘ ખુશી થાય તેમ સુધારા તાકીદે કરાવશે.

આ વહીવટ સદરહુ વહીવટ કર્તાના મુનીમ બાબુ લખમીચંદજી સીપાણી વહીવટ કર્તાના તરફથી સઘળો વહીવટ કરે છે. તેઓ શ્રી પણ પોતાના તન, મનથી વહીવટમાં લક્ષ આપે છે તેથી તેમને પણ ધન્યવાદ ઘટે છે.

આ વહીવટમાં સુધારા કરવા સંબંધમાં કેટલીક સુચનાઓ ઇન્સપેક્ટર હરીલાલ જેશંગ ખેતાણીએ પ્રથમ રૂબરૂમાં જણાવેલ છે તેમજ કેટલીક સુચનાઓનું સુચના પત્ર અમારા તરફથી ભરી આપવામાં આવ્યું છે. તો આશા છે કે વહિવટ કર્તા ગૃહસ્થ તે ઉપર લક્ષ આપી યોગ્ય સુધારા વધારા તાકીદે કરશે.

## જીલ્લે ગુજરાત મહાલ ચાણસ્મા તાબે ગામ પેંકારપરા મધ્યે આવેલ શ્રી પદ્મપ્રભુજી માહારાજના દેરાસરના વહીવટનો રીપોર્ટ.

સદરહુ સંસ્થાનો વહીવટ કર્તા શ્રી સંઘ હસ્તકનો સંવત ૧૯૩૦ની સાલથી સંવત ૧૯૬૭ના અષાડ શુદ ૩ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ ગામમાં પહેલાં એક ઘર દેરાસર હતું તેથી ત્યાંના સંઘે બહાર ગામ ટીપો કરી નાણું મેળવી નવીન દેરાસર બનાવી સંવત ૧૯૫૪ની સાલમાં પ્રતિષ્ઠા કરી છે.

સદરહુ સંસ્થાનું નામું દેરાસરના ચોપડા રાખી તેમાં માંડેલું નહીં હોવાથી સંઘ મધ્યેના દરેક ગૃહસ્થોના ઘરના ચોપડામાંથી નામું મેળવી દેરાસરનો ચોપડો બંધાવી તેમાં દાખલ કરવામાં આવ્યું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ તેમા દેખાણી તેને લગતું સુચના પત્ર વહિવટ કરતા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

## જીલ્લે ગુજરાત મહાલ ચાણસ્મા તાબે ગામ લણવા મધ્યે આવેલ શ્રી શામલા પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાનો શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ પાનાચંદ અમરસીના હસ્તકનો સંવત ૧૯૬૪ના કારતક શુદી ૧થી સંવત ૧૯૬૭ના જેઠ શુદ ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખવામાં આવ્યું નથી. પણ વહીવટ જૈન શૈલી મુજબ સારી રીતે ચલાવે છે. તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ તેમાં દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

## જીલ્લે ગુજરાત-મહાલ ચાણસ્મા તાંબે ગામ પેંપલ મધ્યે આવેલ શ્રી સંભવનાથજી મહારાજના દેરાસરને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાનો વહીવટકર્તા શ્રી સંઘના હસ્તકનો સંવત ૧૯૬૫ના કારતક શુદ ૧થી સંવત ૧૯૬૭ના અશાડ સુદ ૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખવામાં આવ્યું નથી, પણ ત્યાંના રહીશ શેઠ ડાયાચંદ હીરાચંદ તથા શેઠ

પ્રેમચંદ દોલાચંદે પોતાના તનમનથી ઘણી કાળજી રાખવાથી વહીવટ સારી રીતે ચાલે છે, તે ખુશી થવા જેવું છે, વધારે ખુશી થવા જેવું એ છે કે દેરાસરમાં પુજા માટે ગોઠી નહીં રાખતાં સર્વે ગૃહસ્થો પોતાના વારા પ્રમાણે પુજન તેમજ ખોડાં ઢોરને લગતું દરેક કામ પોતાના હાથથી કરે છે તે માટે ત્યાંના સંઘને પૂરેપૂરો ધન્ય વાદ ઘટે છે.

આ ખાતુ તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

લા. શ્રી સંઘનો સેવક
**ચુનીલાલ નહાનચંદ**
ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

---

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

**સંવત ૧૯૬૭ ના અશાડ શુદી ૫ થી શ્રાવણ શુદી ૭ એટલે તા. ૧-૭-૧૧ થી ૩૧-૭-૧૧ સુધીમાં વસુલ આવેલ નાણાંની ગામવાર રકમ.**

૧૭૨૩-૨-૯ ગયા માસ આખર સુધીમાં આવેલા તે,

૯૯-૪-૦ ગુજરાતમાંથી ઉપદેશક વાડીલાલ સાંકળચંદ માર્ફત આવ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૮-૦ | હરસોલ | ૫-૦-૦ | આંતરોલી | ૬-૮-૦ | બડોદરા. |
| ૧૯-૦-૦ | મોહનપુર | ૪-૦-૦ | મોદુકા | ૫-૦-૦ | પુસરી. |
| ૭-૦-૦ | રણાસણ | ૫-૦-૦ | હાથરોલ | ૧-૦-૦ | કાબોદરા, |
| ૩૪-૪-૦ | રૂપાલ | | | | |

૯૯-૪-૦

૫૫-૮-૦ ગુજરાતમાંથી ઉપદેશક અમૃતલાલ વાડીલાલ માર્ફત આવ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૮-૦ | જામળા | ૧૦-૮-૦ | ગુંજા | ૩૩-૮-૦ | ઉમતા. |

૫૫-૮-૦

૧૩-૧૨-૦ કાઠીઆવાડમાંથી ઉપદેશક હરખચંદ ભાભાભાઇ માર્ફત આવ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦-૮-૦ | હડમતીયા | ૦-૧૨-૦ | માનગઢ | ૦-૮-૦ | જાંલવદર |
| ૦-૪-૦ | પાલડી | ૫-૦-૦ | ગારીઆધાર | ૦-૮-૦ | મોરબા |
| ૦-૪-૦ | વીરડી | ૦-૪-૦ | વેળાવદર | ૦-૧૨-૦ | ઇંગોરાળા |
| ૨-૪-૦ | ક્રાંકચ | ૦-૮-૦ | ભોરીંગડા | ૦-૮-૦ | પરવડી |
| ૧-૦-૦ | સાંઢ ખાખરા | ૦-૧૨-૦ | ટીંબા | | |

૧૩-૧૨-૦

૧૫-૮-૦ કચ્છમાંથી ઉપદેશક દેવશી પાનાચંદ માર્ફત આવ્યા.

૧-૧૨-૦ મોરબી (કાઠીઆવાડ) ૧૩-૧૨-૦ અંજાર.

૧૫-૮-૦

૨૨-૮-૦ માળવામાંથી ઉપદેશક મી૦ કેશરીમલ મોતીલાલે મંદસોરના રૂા. ૨૧) તથા મલહારગઢના રૂ. ૧-૮-૦ મોકલાવ્યા છે, બીજા ગામોના પુરા વસુલ થવાથી મોકલવા જણાવે છે.

૬-૮-૦ છોટી સાદરીવાળા શેઠ ચંદનમલ નાગોરીએ ધુંધડકાના વસુલ કરી મોકલાવ્યા છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

૧૫-૦-૦ ઉપદેશક વિના નીચેના ગામના આવેલા છે.

૧૫-૦-૦ ખાજવાણા.

૨૨૮-૦-૦

ઉપર પ્રમાણે જુલાઇ સને ૧૯૧૧માં રૂા. ૨૨૮-૦-૦ આવેલા છે. મારવાડ મેવાડ તથા દક્ષિણમાં ઉપદેશક મોકલાવા હીલચાલ ચાલે છે. એકંદર કુલ રૂા. ૧૯૫૧-૨-૯ આ ફંડમાં વસુલ આવેલા છે.

## ઉપદેશકોના ભાષણથી થયેલા ઠરાવો.

**બોરસોલ**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલે અહીં આવી શેઠ સાંકળચંદ ઝવેરદાસની માર્ફત ગામની તમામ કોમ એકઠી કરી સાર્વજનિક તથા કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં તેથી નીચે પ્રમાણે ઠરાવ થયા છે. ટીનનાં વાસણ વાપરવાં નહીં. મરણ પ્રસંગે બજારમાં કે બીજે ઠેકાણે મહોલ્લા, શેરીમાં કુટવું નહીં. તેથી વિરૂદ્ધ વર્તનાર પાસેથી રૂા. ૫) લઇ ધર્માદામાં નાખવા. પરદેશી ભ્રષ્ટ ખાંડ ન વાપરવા ઘણા જણે પ્રતિજ્ઞાઓ લીધી. બંગડી પહેરવી નહીં તેમ ફટાણાં ગાવાં નહીં. **કન્યાવિક્રય નહીં કરવા ઘણા જણે પ્રતિજ્ઞા કરી.**

**બોડાદરા**—ઉપદેશક વાડીલાલ સાંકળચંદના ભાષણથી પાંચ મોટી તીથીએ લીલોતર ન વાપરવા તથા રાત્રી ભોજન ચોમાસાના ચાર માસ લગી ન કરવા ૭ જણાએ પ્રતિજ્ઞા કરી છે. તેમજ ફટાણા નહીં ગાવા બૈરાંઓએ સોગન લીધા છે તથા ઘણા જણે વિલાયતી ભ્રષ્ટ ખાંડ ન વાપરવા પ્રતિજ્ઞા કરી છે. તેમાં શા. લલુભાઇ નાગજી તથા મગનલાલ

બાપુલાલે આ વખતે (વિશ્નુ સંપ્રદાયના હોવા છતાં) ગાય નહીં વેચવા પ્રતિજ્ઞા કરી છે. તેમ એક હજામે માંસ મદિરા વગેરેનો ત્યાગ કરી પ્રતિજ્ઞા કરી છે.

**મોહનપુર**—ઉપદેશક વાડીલાલ સાંકળચંદે અહીં આવી ઠાકોરસાહેબના પ્રમુખપણું નીચે સંપ, કેળવણી, કન્યાવિક્રય વગેરે હાનિકારક રીવાજો ઉપર ભાષણો આપ્યાં હતાં આ વખતે મેનેજર સાહેબ તથા બીજો મુત્સદી વર્ગ હાજર હતો. ભાષણોથી સારા અસર થતાં નીચે પ્રમાણે પ્રતિજ્ઞાઓ લેવામાં આવી છે.

(૧) કન્યાવિક્રય ન કરવા ઘણા ગૃહસ્થોએ પ્રતિજ્ઞા કરી છે.

(૨) જીવદયાના સંબંધમાં રજપુત લોકોએ જીવ હિંસા તથા માંસ ભક્ષણ ન કરવા અને દારૂ ન પીવા પ્રતિજ્ઞાઓ કરી છે તેમાંના આગેવાનોનાં નામ નીચે પ્રમાણે:—

| | |
|---|---|
| ડાભી ગમજી માધુજી | ડ.ભી પુંજાજી હરીજી |
| ચીત્રોડા નાહરજી ઍચરજી | ખવાસ જીવા રામચંદજી |
| બારોટ ચેનજી સવજી | |

(૩) ફટાણાં ગાવાં નહીં. કાચની બંગડીઓ પહેરવી નહીં.

ભાષણ વખતે કેળવણીની બાબતમાં તથા બીજા વિષયોમાં નિશાળના માસ્તર સાહેબે તેમ બીજા ગૃહસ્થોએ સારો ભાગ લીધો હતો. વળી બાળ લગ્ન તથા કન્યાવિક્રયના વિષયમાં બ્રાહ્મણોએ અગત્યનો ભાગ લઇ પોતાની કોમમાં સુધારો કરવા ઉત્કંઠા જણાવી હતી.

મી. વાડીલાલના ભાષણથી નામદાર ઠાકોર સાહેબે સર્ટીફિકેટ આપ્યું છે. તે આ સાથે છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ આવા અગત્યના કામ કરવા જે ઉત્સાહ ધરાવે છે તે ખાતે ઉપકાર માનવામાં આવ્યો હતો. વરસમાં વધારે વખત ઉપદેશક આ ભાગમાં આવે તો વિશેષ ફાયદા થાય એમ અમારૂં માનવું છે. તા૦ ૧૮–૭–૧૧.

**પુંસરી**—ઉમેદવાર ઉપદેશક મી. પુંજાભાઇ પ્રેમચંદે અહીં આવી એક દિવસ રહી કન્યાવિક્રય ઉપર ભાષણ આપ્યું હતું. તે વખત જૈન સિવાય અન્ય કોમોએ સારો ભાગ લીધો હતો. ઉપદેશકના ભાષણની અસરથી ઘણાજણે કન્યાવિક્રય ન કરવા કબુલ કર્યું છે આવીરીતે ઉપદેશકો વરસમાં બે ત્રણ વખત આવેતો આપણા દેશમાં સુધારો થશે. તા ૧૯–૭–૧૧

**મોઢુકા**—ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે આ ગામે આવી ગામની તમામ વસ્તી એકઠી કરી મુખી તેમજ રેવન્યુ ઇન્સ્પેકટર ત્રીકમલાલભાઇ રૂબરૂ કોન્ફરન્સના હેતુઓ

ઉપર ભાષણો આપ્યાં હતાં. આ વખતે રા. રા. ત્રીકમલાલભાઇએ બ્રહ્મચર્ય વ્રતના સંબંધમાં તેમજ બીજા વિષયો ઉપર સારી ચર્ચા કરી હતી. ભાષણોની અસરથી નીચે પ્રમાણે ઠરાવ થયા છે.

૧ સ્ત્રીઓને ત્રણ દિવસ બરાબર પાળવા પ્રતિજ્ઞાઓ લેવરાવી છે.

૨. કન્યાવિક્રય ન કરવા ઘણા જણે સોગન લીધા છે.

૩ ભ્રષ્ટ ખાંડ વાપરવી નહી. તેમ સ્ત્રીઓએ બંગડીઓ પહેરવી નહીં ને ફટાણાં ગાવાં નહીં. રેવન્યુ કમીશનર ત્રીકમલાલભાઇનો તથા વીશા ખડાયતા શા. હીરાચંદ રામચંદનો અભિપ્રાય–મહાશય વાડીલાલભાઇએ જે અસરકારક શબ્દોથી ભાષણ કર્યું છે તેથી તમામ વર્ગના લોકોના મનમાં દઢ શ્રદ્ધા ધર્મ સંબંધી સ્થપાઈ છે તેમના માટે આ સંસ્થાના અધિપતિ સાહેબને ખરા જીગરથી વિનવીએ છીએ કે આવા ધર્મ ઉપદેશકો ગામોગામ ફરી અભણ અને અશ્રધાળુને ઉપદેશરૂપી જ્ઞાનથી દેખતા કરે છે તેના માટે શ્રી પરમાત્મા તેમનો બદલો અષ્ટ પ્રહર આપ્યાજ કરશે એવી અમારી ખરા પ્રેમથી આશિષ છે તે ફળીભુત થાઓ. અને તેમના મંડળમાં આવાં નરરત્નો ઉત્પન્ન થાઓ ને સમગ્ર પ્રજા વર્ગને તેનો લાભ મળો. તા૦ ૧૯–૭–૧૧.

**રણાસણ**–અત્રેના શેઠ પુનમચંદ સાંકળચંદના પ્રમુખપણા નીચે સભા ભરવામાં આવી હતી તે વખતે દિવાન સાહેબ તથા બીજા મુસ્દીવર્ગ અને દરબારશ્રીના ભાયાતો તથા તમામ વસ્તી હાજરી આપતી હતી. ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદે કોન્ફરન્સના હેતુઓ ઉપર પુર જોસથી લોકોનાં મન ભેદી નાખે તેવા સ્વરૂપમાં ભાષણો આપ્યાં હતાં. તે વખતે ઘણા જણે માંસ ભક્ષણ ન કરવા જીવ હિંસા ન કરવા તથા દારૂ નહીં પીવા સભા સમક્ષ સોગન સાથે પ્રતિજ્ઞાઓ લીધી હતી. તેમાંના આગેવાનોનાં નામનું લીસ્ટ કોન્ફરન્સ ઓફીસમાં મોકલાવેલ છે.

કન્યાવિક્રય નહીં કરવાના સંબંધમાં ઘણા જણે પ્રતિજ્ઞાઓ લીધી છે. તેનાં તથા ભ્રષ્ટ ખાંડ ન વાપરવા જેણે જેણે સોગન લીધા છે તેનાં નામ કોન્ફરન્સ ઓફીસમાં લખી મોકલાવેલ છે.

શિયલવ્રત પાળવા તથા બંગડીઓ નહી પહેરવા અને ફટાણાં નહીં ગાવા બૈરાંઓએ બાધા લીધી છે. ઉપદેશકના ભાષણથી સંતોષ થયો છે. અત્રે કોન્ફરન્સનો ઉપકાર માનીએ છીએ.

**હાથરોળ**—આ ગામે ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે આવી મુખી વગેરે સમક્ષ કન્યા વિક્રય વગેરે બાબતો ઉપર ભાષણ આપ્યું હતું. તેથી અત્રેના કડવા પાટીદારોએ કન્યાવિક્રયમાં રૂ. ૫૦ લેવાનો રીવાજ હતો તે તદન બંધ કર્યો છે. તેમ બીડી હુકો કે તમાકુ ન વાપરવા પ્રતિજ્ઞાઓ થઇ છે. તા, ૨૬–૭–૧૧.

**જારકા**—ઉપદેશક મી. અમ્રતલાલ વાડીલાલે અહીં આવી ગામની તમામ કોમને એકઠી કરી સાર્વજનિક ભાષણો આપ્યાં હતાં તેથી લોકોનાં મન ઉપર સારી અસર થવા પામી હતી, આ વખતે ગામના મુખી મતાદાર તથા સ્કુલ માસ્તર પણ હાજરી આપતા હતા. મી. અમૃતલાલની ભાષણ કરવાની શૈલી ઘણી ઉત્તમ વખાણવા જોગ હતી. તેથી જૈનોએ કન્યાવિક્રય કરવો નહીં, ટીનનાં વાસણો વાપરવાં નહીં કોઇ સ્ત્રીએ ફટાણાં ગાવાં નહીં વગેરે કેટલાક ઠરાવો કર્યા છે. કોન્ફરન્સ જે જે કાર્યો જૈન કોમની ઉન્નતિ માટે કરે છે તેથી અત્રે કોન્ફરન્સના કાર્ય વાહકોને ધન્યવાદ આપીએ છીએ આવી રીતે ઉપદેશકો વરસમાં બે ત્રણ વખત આવશે તો સારો લાભ થશે તા. ૨૬-૭-૧૧.

**અંજાર**—ઉપદેશક મી. દેવશી પાનાચંદે અહીં આવી ઉપાશ્રયમાં મુની મહારાજશ્રી ધિરવિજયજી મહારાજના આશ્રય તળે સભા ભરી વ્યાખ્યાન વખતે સામાન્ય વિષયો ઉપર ભાષણ આપ્યું હતું. બંગડીઓ નહીં વાપરવા તથા મિથ્યાત્વી પર્વ નહીં તોલવા, મરણ પ્રસંગે વધારે વખત ન રડવા કુટવા વગેરે બાબતો ઉપર ભાષણો આપેલ તેમાં મહારાજ સાહેબનો સારો ઉપદેશ મળવાથી ઘણી સારી અસર થઇ છે અત્રે તેને લીધે અહીંના શ્રી સંઘ તરફથી સુકૃત ભંડાર ફંડની યોજના અમલમાં આવતા તે રકમ તરત ઉઘરાવી આપેલ છે.

**ઉમતા**—આ ગામે ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલે આવી જૈન કોન્ફરન્સના હેતુઓ તથા સંપ, જીનેશ્વરની ભકિત, દયા, દેવદ્રવ્ય વગેરે વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. તે વખતે મુખી મતાદાર, સ્કુલ માસ્તર, તલાટી વગેરે હાજર રહેતા હતા. ભાષણથી લોકોના મન ઉપર સારી અસર થઇ છે. કોન્ફરન્સ આવી રીતે ઉપદેશક રાખી પોતાનું કાર્ય કરે છે તેમજ દરેક ભાઇઓની ઉન્નતિ માટે ઘણોજ પરીશ્રમ વેઠે છે, તે જાણી અમો ઘણાજ ખુશી થયા છીએ. અહી નીચે પ્રમાણે ઠારાવ થયા છે. મરણ પ્રસંગે એક માસથી વધારે રડવું કુટવું નહીં, ટીનનાં વાસણો વાપરવા નહીં, ફટાણાં કોઇ સ્ત્રીએ ગાવાં નહીં તેમજ કન્યાવિક્રય કરવો નહી. તેવા ઠરાવ થયા છે તેમ નાતનું દાપું પણ લેવું નહીં. કન્યાવિક્રયના ઠરાવ નીચે આશરે ૨૫ જૈન ગ્રહસ્થોની સહીઓ લઇ તે ઠરાવ કોન્ફરન્સ ઓફીસમાં મોકલાવેલ છે.

---

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે ભાષણો આપી મેળવેલ સર્ટીફીકેટ.

### શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઈ.

આપના તરફથી અમારા ગામ મોહનપુરમાં ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદે અમારા પ્રમુખપણા નીચે ચાર દિવસ સુધી ભાષણો આપ્યાં છે, જે ભાષણો કન્યાવિક્રય, ધર્મ જીવહીંસા વીગેરે બાબત સાથે કેળવણી વિષેનાં હતાં અને તે ભાષણથી તેના સાંભળનાર

ઉપર ઘણી અસર થવા પામી છે, અને સાંભળતાની સાથે જ સાંભળનારનાં મનમાં નીતિ વીષે ઘણો સારો આભાસ પાડેલો છે. તે સાથે ઉપદેશક મી. વાડીલાલભાઇની વકતૃત્વ શક્તિ અને નિતિના માટે અમને પણ ઘણી સારી લાગણી થઈ છે. તે સાથે કોન્ફરન્સનાં આવાં સદ્ઉપયોગી કામો માટે અમો તે બાબત આભાર માનીએ છીએ. મી વાડીલાલભાઇ પોતાના ઉપદેશક ધંધામાં ખરેખર લાયક અને વિદ્વાન અમને માલુમ પડેલા છે, અને તેથી તેમના માટે હું મારો પૂર્ણ સંતોષ કોન્ફરન્સને જાહેર કરૂં છું. તા–૧૮–૭–૧૯૧૧ મુ. મોહનપુર.

(ઈંગ્રેજીમાં સહી.)

**ઠાકોર શ્રી તાલુકે મોહનપુર.**

જા. નંબર–૭૬

## સર્ટીફીકેટ.

અમદાવાદના રહીશ અને શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદને આપવામાં છે કે તમોએ ત્રણરોજ અમારાં પ્રમુખપણાનીચે જાહેર ભાષણ રૂપાલ ગામની અંદર આપ્યું. તે ભાષણના કીંમતી શબ્દો દરેક માણસના મન ઉપર સજ્જડ છાપ બેસારે તેવા હતા એમની ભાષણ કરવાની ચાલાકી પ્રસંસનીય છે. અમે અશા રાખીએ છીએ કે આ પ્રમાણે પ્રયાસ ચાલુ રહેવાથી કોન્ફરન્સના હેતુ બર આવશે. તેની સાથે કોન્ફરન્સ તરફથી ગામોગામ ઉપદેશ આપવાનું અને પાઠશાળાઓ ખોલવા વિગેરેનું કાર્ય હાથ લઇ જનસમાજ ઉપર જે કૃપા કરી છે તેને માટે કોન્ફરન્સનો ઘણોજ અભાર માનીએ છીએ તા. ૨૯ મી જુલાઇ સને ૧૯૧૧

(ઈંગ્રેજીમાં સહી.)

**ઠાકોર શ્રી રૂપાલ.**

સર્ટીફીકેટ આપવામાં આવે છે કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી મી૰ વાડીલાલ સાંકળચંદ બોધ આપવા ગામોગામ ફરી પોતાની ફરજ અદા કરી ને એક બાહોશ વકતાને સમયાનુસારી છે. જેથી ફકત જૈનનો શું પણ દરેક કોમ તેમનું ભાષણ સાંભળવા ઉમંગથી આવતી તે અસર કારક ભાષણથી બીજી જ્ઞાતિમાં પણ કુધારા જેવાકે ભ્રષ્ટ ખાંડ ન ખાવી કન્યા વિક્રય ન કરવો જીવદયા પાળવી વિગેરે દાખલ થયા છે જે પ્રયાસ સ્તુતિપાત્ર છે. આ પ્રમાણે કોન્ફરન્સ આ શ્રેષ્ટ વકતા તેમજ સમયાનુસારી ઉપદેશકો વધારે પ્રમાણમાં રાખી બહુ ભાગે ઉપદેશ આપશે તો શુભ આશ્રય ફળી ભુત થશે એમ અમે ખાત્રીથી માનીએ છીએ તા૰ ૧૩–૭–૧૧.

**અમરતલાલ કેવળદાસ શા.**

હેડમાસ્તર હરસોલ (પ્રાંતિજ)

---

## ઉઘરાણી.

જુલાઇ માસમાં શેઠ નથમલજી ગુલેચ્છા સાથે રૂ. ૨૦૦૨) પુના કોન્ફરન્સમાં ભરાવ્યા હતા જે મોકલી આપવા પત્ર વ્યવહાર કોન્ફરન્સ ઓફીસના જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ શોભાગચંદની સહીથી કરવામાં આવ્યો હતો છેવટે તા. ૨૧મી એ તાર કર્યો હતો તેનો જવાબ તા. ૨૨મી એ તારથી આવ્યો હતો તેની નકલ નીચે મૂજબ.

Jain Swetamber Conference Office.
Pydhuni Bombay.

Received sending draft under Regd post.

Golechha.

ઉપર મુજબ તાર આવ્યો હતો બાદ તા–૨૪–૭–૧૧ના રોજે રજીષ્ટરથી હુંડી શેઠ ગાંડમલજી ગુમાનમલજીના ઉપર આવી હતી અને તેના રૂ. ૨૦૦૨) તા–૨૫–૭–૧૧ના રોજે શેઠ ગાંડમલજી ગુમાનમલજી તરફથી મળ્યા છે. શેઠ નથમલજી ગોલેચ્છાએ રૂપીઆ ભરી આપ્યા તેથી તેમનો આ સ્થળે અંતઃકરણ પુર્વક આભાર માનવામાં આવે છે. તથા બીજા ગૃહસ્થો કે જેમની પાસે ઉધરાણી બાકી હોય તેઓએ મોકલી આપવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે.

## મંદિરોદ્ધાર ખાતું.

ગયા અંકના પાને ૨૧૯ માં જણાવ્યા મુજબ પત્ર આબુજીના માજીસ્ટ્રેટને લખવામાં આવેલ હતો તેનો જવાબ તેમના તરફથી આવેલ છે તે નીચે મુજબ.

OFFICE OF THE MAGISTRATE OF ABU.
No. 3110 S of 1911.

From

Captain H. R. N.Pritchard I. A.,
Magistrate of Abu.

To The Resident General Secretary Jain Swetamber Conference
Bombay Pydownie, Post No. 3.

Monnt Abu dated the 19th July 1911.

Dear Sir,

I am directed to acknowledge the receipt to your letter dated the July 1911, regarding the wearing of boots and shoes by visitors to the Delwara Temples.

In reply I am to say that the Honourable, Agent to the Governer General thinks that it would be most suitable if the deputation would come to Abu when he returns there in September after this monsoon tour.

yours faithfully,
(sd.) H. R. N. PRITCHARD.
Captain,

આ સંબંધમાં અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજી તથા શિરોહી મહાજન સમસ્ત રા, શેઠ કલ્યાણજી પરમાણંદ સાથે પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે.

## પરચુરણ કામકાજ,

જુલાઈ માસના અંકના પાને ૨૨૩ મે મુંબઈના કલેક્ટર તરફથી આવેલ પત્ર છાપવામાં આવ્યો છે, તેમને નીચે મુજબ લખેલ છે.

Pydoni, Post No. 3.
Bombay, 19th July 1911.

To

The Collector of Bombay,

Sir,

We are in due receipt of your letter No. L. R. 4625 dated the 5th July and in reply beg to state that the addreso is intended to be presented on behalf of the whole Jain Community of India and that the Sthanakwasi Sect has given its consent through the General Secretary of its Conference. We are awaiting the reply of the Digambar Mahasabha and we shall further inform you on the subject in due course.

I have the honour to be,
Sir,
your most obedient servant,
(sd). KALYANCHAND SOBHAGCHAND.
Resident General Secretary
Jain Swetambar Oonference

આના સંબંધમાં મુંબઈ-દીગંબર મહાસભાના સેક્રેટરીને પત્રો લખાયેલ છે. તથા તા૦ ૨૦-૭-૧૧ ના રોજે એક તાર કર્યો હતો. દીગંબર મહા સભાના પ્રમુખ શેઠ માણેકચંદ હીરાચંદ સાથે પણ પત્રવ્યવહાર કરવામાં આવેલ છે,

દીગંબર મહા સભાના પ્રમુખ શેઠ માણેકચંદ હીરાચંદ તરફથી તા. ૨૪-૭-૧૧ ના રોજે સંમતિ મળતાં તા. ૨૯-૭-૧૧ ના રોજે મહેરબાન કલેક્ટર સાહેબને પત્ર લખાયો છે તેની નકલ નીચે મુજબ.

Pydhuni Post No. 3. Bombay, 29th July 1911.

To

The Collector of Bombay.

Sir,

Referring to our letter No. 77 dated 19th July in reply to your letter No. L. R. 4625 dated the 5th instant, we beg to inform you that we have received the consent of the Digambar Mahasabha also. The address therefore will be presented from the whole Jain Community of India. We await your reply.

I have the honour to be,<br>
Sir<br>
your most obedient servant,<br>
(sd). KALYANCHAND SOBHAGCHAND.<br>
Resident General Secretary,<br>
Jain Swetambar Conference.

આ પત્રનો જવાબ મહેરબાન કલેક્ટર સાહેબ તરફથી આવશે તે હવે પછીના અંકમાં છાપવામાં આવશે.

---

Government House.-Kirkee, 29th June 1911.

Dear Sir,

I am directed by his Excellency the Governer to aknowledge with thanks the receipt of the message of congratulations, and good wishes sent by the Jain Swetambar Conference Bombay on the occasion of their Majesties the King-Emperor aud Queen-Empress.

The message will be forwarded to the proper authority in London.

yours truly,<br>
(sd) C. C. WATSON.<br>
Private Sacretary, to H. E. the Governer

To Mr. Kalyanchand Shobhagchand,<br>
Resident General Secretary,.<br>
Jain Swetambar Conference,<br>
Bombay.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धभ्येः ॥

काऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरत्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
किं चैत्तन्नु तत्प्रभावविभवैस्तीर्थकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઈ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ સપ્ટેમ્બર ૧૯૧૧ [અંક ૯

ॐ अर्ह.

### મૈત્રિ ભાવના. છંદ ઝુલણા.

પાલ સંખેશ્વરા સાર કર (એ રાહ)

મૈત્રિ કર મૈત્રિકર્ય જગતના જીવથી,
સર્વ નિજ મિત્ર છે સાચ જાણી;
બોધિનો રોધ કરનાર ત્યજી ક્રોધને,
ધર ક્ષમા, ક્ષણિક સંયોગ જાણી. મૈત્રિ० ૧

કોઈ તુજ શત્રુ નથી એમ નિશ્ચય થકી,
માન મનમાં મૃષા માન મૂકી;
જીવ ષટ કાયના વધ તણા કાર્યમાં,
શું ધરે હર્ષ શિવ માર્ગ ચૂકી. મૈત્રિ० ૨

* ધર્મનો સાર છે એકલો શાસ્ત્રમાં,
જે તને તે પ્રતિકૂલ પરને;
તેહવા યોગ ત્રિવિધે ત્યજી સહજથી,
તેજ ધર્મે વરીશ મોક્ષ ઘરને. મૈત્રિ० ૩

* श्रूयतां धर्म सर्वस्वं श्रुत्वा चैवावधार्यताम्;
आत्मनः प्रतिकूलानि. परेषां न समाचरेत १.

**સર્વ જીવતત્ત્વથી હો સુખી એ સદા,**
ચિત્ત વિષે ભાવના મૈત્રિ એવી;
જૈન સેવક ચહે ભાવ અદ્વેષથી,
દે કૃપાનાથ છે ઇષ્ટ લેવી. મૈત્રિ૦ ૪

ઇતિ

## પ્રમોદ-મુક્તિ ભાવના.

રાગ ત્રિતાળી ચોપાઇ.

પ્રીતે પરમ પુરૂષ જે ગિરૂઆ, વળી સ્વગુણ રસે ભર્યા દરીયા;
ધન્ય ધન્ય ધર્મી જનો તે, બહુમાન વિનયથી નમો તે. ૧
દીસે ભાગ્યથી થઈ ગુણ રાગે, જોતાં ગુણ ગુણીથી લય લાગે;
મોટો પુન્ય ઉદય એજ જાણું, મળે એ શુભ યોગનું ટાણું. ૨
છે જે ભદ્રક ભાવિ તે ધન્ય, ધન્ય પામ્યા જે બોધિ રતન્ન;
ધન્ય ધન્ય જે સમ્યકત્વ ધારી, ધન્ય અનુવ્રતના અધિકારી. ૩
ધન્ય ધન્ય જે સર્વ વિરતીને, વર્યા જેહ ત્યજી અવિરતિને;
રહે નિજ ઘર સમતા સાથે, ધન્ય ધન્ય નમો થાઉં સનાથ. ૪
નમતાં ગુણીને ત્રિવિધેથી, ગુણ શુદ્ધ મળે આલંબનથી;
તત્ત્વ દષ્ટિ ખીલે ગુણ ભાળે, ગુણી પક્ષ ભલો ત્રણ કાળે. ૫
ત્યજી દોષ નજર દોષ દળવા, મનવંછીત શિવ સુખ રળવા;
સર્વજ્ઞ નજરમાં જે આવે, તેજ સદ્દગુણી મુજ મન ભાવે. ૬
પ્રભુ વીતરાગ તુમે ધન્ય, તુજ રાગ અખંડ અનન્ય;
જૈન સેવકને એજ ઇષ્ટ, મળે ભાવથી નિજ ગુણ મિષ્ટ. ૭

## અથ કરૂણા ભાવના.

રાગ સીતાજીના મહીનાનો.

સંસારે દુઃખી છે અપાર, જુઓને તપાસથી,
ન મળે કંઈ સાર લગાર, પરાઇ આશથી;
મધુ બિંદુ તણું દ્રષ્ટાન્ત, વિચારમાં લાવવું,
સુખ લેતાં દુઃખ અનંત, સદા ચિત્ત ભાવવું. ૧

ભૂલી ભાન થઇ, અજ્ઞાન વશેં અવળું કરે,
ન ધરે શિવ સાધન ધ્યાન, કદાગ્રહમાં મરે;
મહા વિષ સમ મોહ મિથ્યાત્વ વશે મનમાં ભૂંડી,
ખોદે મોટી મનોરથ ખાડ, અધિક નિત નિત્ય ઉંડી. ૨
એ તો વધતી અપરંપાર, અધોગતિ આપતી,
હે જિનેશ્વર જગદાધાર, સુધારો મુજ મતી;
ભલે કોઈ કરે અપરાધ, જાણી કે અજાણતે,
મ્હને તે વખતે સુ સમાધિ, આપો ભાવ પ્રણતે. ૩
કરૂં કરૂણા સ્વપરની યોગ્ય કે, દ્રવ્ય ને ભાવથી,
(જે) કહી અનુબંધે શુભ યોગ, જિનાજ્ઞા દાવથી;
જિન શાસનનો રસ જીવ, સસ્વને મળો સદા,
થાઓ સઘળે જ્ઞાન પ્રદીપ, પ્રગટ પણુ સર્વદા. ૪
મહા પાપસ્થાન અઢાર, નિવારક શુભમતિ,
હે જિનવર પ્રાણાધાર, થાએ ઝટ શિવગતિ;
જૈન સેવકને નિજભાવ, કરૂણા રસ ભર્યો,
મળે સદ્ગુરૂ સંગથી દાવ, તો લેખે જન્મ ધર્યો. ૫

## (શ્રી પરમેશ્વરને પ્રાર્થના ૩૫) માધ્યસ્થ ભાવના.

રાગ કલ્યાણ—શ્રી જગત્પતિ મુજ આપ સન્મતિ. એ રાગ.

શ્રી શ્રેયસ્કરા પ્રણમું જિનેશ્વરા,
મધ્યસ્થતા મમ યોગ્ય હોય દે તું ભવહરા (એ ટેક)
સર્વ જગતના જીવ કર્મવશ, કરે ચરિત્ર વિચિત્ર;
જાણી રાગ દ્વેષ ના થાયે, એવો ભાવ પવિત્ર,
શ્રી શ્રેયસ્કરા પ્રણમું જિનેશ્વરા,
આપશો દયા સ્વભાવ સકલ ભયહરા. ૧
માધ્યસ્થતા યોગ્ય મુજને જે, જાણો તે સર્વજ્ઞ;
આત્મામાં આવી દેશો ઝટ, થાઉં હું તત્ત્વજ્ઞ. શ્રી૦ મ૦ ૨
ચારી સંજીવની ન્યાયવત્, આત્માને અનુકૂલ;
આપો મધ્યસ્થતા અહોનિશી, પ્રભુ થઇ અપ્રતિકૂલ શ્રી૦ મ૦ ૩

પાપ પુન્યના ઉદય વિપાકે, હર્ષ શોક નહીં થાય;
એવું ઇષ્ટ સફળ કરશો પ્રભુ, પૂર્ણ કરી સુપશાય. શ્રી૦ મ૦ ૪
સેવકને સદ્દભાવ ભાવના, ષોડશ* શુભ અધિકાર;
આપો અંતરવંશી નિરંતર, જિનવર જગદાધાર. શ્રી૦ મ૦ ૫
સોળે કષાય દૂર થાય તે, કરવા શ્રેષ્ટ ઉપાયઃ
પ્રેરક થઈ ને પ્રભુજી મુજને, આપો ઇષ્ટ સહાય. શ્રી૦ મ૦ ૬
દીનોદ્ધાર ધુરંધર અરિહા, જૈન સેવક પ્રતિપાલ;
દોષ અનંત દૂર કરીને, આપો શિવ વરમાલ. શ્રી૦ મ૦ ૭

ગીરધરલાલ હેમચંદ માણસા.

---

## રૂષભજીન સ્તુતિ (તાલ ધ્રૂપદ)

આદી જીન નમનથી કષ્ટ જાયે સદા,
આપ, ત્યાગી, નીરાગી, ભજુ સર્વદા—આ
મન મેલ દુર કરી, વર્ષ મનમાંહી ધરી,
પ્રેમ ધરી સેવા કરી, પામી સુખ સંપદા—આ
"શાન્તિ" મંડળ પ્રભુ, પ્રિત ધરી હે વીભુ
ટાળ પ્રભુ ટાળ "મણિલાલ"ની આપદા—આદી૦

## રાગ દીંદી

રીષભ જીન સ્તુતિ કરૂં હું તમારી,
કરી મહેર ને સ્વીકારો અર્જ મ્હારી,
હું છું આપનોજ (૨) દાસ સદાચારી.—રીસ
લંછન વૃષભે શોભે છે છબી ત્હારી,
મરૂદેવાના છો તન સુખકારી;
તે કાપ્યા ભવ ફંદ (૨) મહા ભારી.—રીસભ૦
કાયા પાંચસો ધનુષની છે સારી,
ભવ તેર કરી વરીયા શીવનારી,
નિજ માતુને (૨) તેં તાર્યાં પ્રથમ તારી,—રીસભ૦

---

* સોળ અનિત્યાદિ બાર ભાવના સહિત

પ્રભુ દર્શન જોઈને આનંદકારી,
"શાન્તિ" મંડલને તારવા આવારી,
"મણિલાલ" વદે મુખથી ઉચ્ચારી.—રીસભ૦

**મણીલાલ કાલીદાસ કાપડીયા.**
વઢવાણ સીટી.

---

## દુકાળમાં ઢોરોનું રક્ષણ.

### લખનાર—પોપટલાલ કેવળચંદ શાહ-રાજકોટ.

The Quality of mercy is not strain'd;
It droppeth as the gentle rain from heaven.
Upon the place beneath; it is twice blest.
It blesseth him that gives and him that takes.
'Tis mightiest in the mightiest: it becomes.
The throned monarch better than the crown
His sceptre shows the force of temp'ral power,
The attribute to awe and majesty,
Wherein doth sit the dread and fear of Kings;
But mercy is above the sceptred sway,
It is enthroned in the heart of Kings,
It is an attribute to God Himself,
Earthly power doth then show likest God's,
When mercy seasons Justice.

Shakespeare.

મેઘરાજાની મહેરબાનીના અભાવે કહો કે જગતમાં વધી પડેલાં પાપનાં પરિણામ રૂપે કહો પણ આ પ્રાચીન્ ભારત વર્ષમાં દુકાળનું સંકટ આજકાલ વધતું જાય છે. ચાલુ ચોમાસું અત્યાર સુધીમાં નિષ્ફળ નીવડયું છે. મેઘરાજાને મનાવવા માટે લોકોએ ઉજાણી આદિ પ્રયોગો અત્યંત આર્જવભરેલાં વચનો વડે કર્યાં છતાં મેઘજી ઈંદ્રજીની પેઢીએ લોકોની કાકલુદી સામે જરાપણ દયાની નજરથી જોયું નથી. મનુષ્યોની તો ઠીક પણ બિચારાં મુગાં પ્રાણીની દયાજનક સ્થિતિ તરફ પણ નજર કરી નથી. મનુષ્યોને તો કદાચ કોઇ પ્રકારનાં પાપોની શિક્ષા થતી હશે પણ બિચારાં નિરપરાધી અબોલ મુગાં

પ્રાણી–સકળ જગતનો સકળ ભાર વહન કરનારાં નિર્દોષ પશુઓ–ને કયા અપરાધની આ શિક્ષા થાય છે તે શ્રદ્ધાળુ દુનિયા સમજી શકતી નથી.

દુકાળનું સંકટ બીજા કેટલાક ભાગોની પેઠે કાઠિયાવાડ, ગુજરાતમાં સારી રીતે ફેલાયું છે. ગુજરાત કાઠિયાવાડમાં ઘાસ ચારાની ભારે તંગી છે. જુના વખતમાં ઘાસ ચારાનો જે સંગ્રહ કરવામાં આવતો હતો તે સંગ્રહ કરવાની જરૂર આજકાલ ઓછી સ્વિકારવામાં આવ્યાથી પરિણામ ઘણું દુઃખકારક આવ્યું છે. અનાજની સાથે ઘાસ ચારો પણ મણના ભાવથી વેચાવા લાગ્યો છે ને ઘાસના ભાવ ઘણાજ આકરા થઈ પડયા છે. એક અનુભવી લખે છે કે ઘાસ ચારાના સંબંધમાં છસેં વર્ષ પર પડેલા દુકાળનું સ્વરૂપ ઓણસાલનો દુકાળ ધારણ કરશે આ ઘણીજ ચોકાવનારી–હૃદયને થર થર કંપાવનારી–ભયંકર બાબત છે, પરંતુ દુકાળના સંકટનો કંઈક ખ્યાલ પરગજુ ને પરોપકારી રાજ્ય રાજાઓ અને ધનાઢયોના હૃદયમાં લાવવા માટે એ બીના જણાવવી પડી છે.

બેશક, આ દુકાળના વખતમાં ગરીબ મનુષ્યોની હાડમારી પણ કાંઈ ઓછી નથી. તેમને ઉગારવાના ઉપાયો પણ લેવાવાની ખાસ જરૂર છે પણ આ લેખ ઢોરોના રક્ષણ માટે લખાતો હોવાથી સખી ગૃહસ્થોનું ધ્યાન ખાસ એ બાબત પર ખેંચ્યું છે. જગત આખું જાણે છે કે ખેતીવાડીનો સઘળો આધાર ઢોર ઉપર રહેલો છે, અને વળી આ પણ તેટલેજ દરજ્જે સ્વીકારાયેલી બાબત છે કે હિંદ દેશનો ઘણોખરો આધાર ખેતી-વાડી ઉપરજ છે, હિંદમાં જો ઢોરોનો નાશ થાય તો ખેતીવાડી બંધ થઇ જાય અને પરિણામે મનુષ્યો ભુખે મરતાં થાય, લાંબા વિચાર કરવાથી સર્વેની ખાત્રી થશે કે કોઇ પણ રીતે હિંદમાં ઢોરોની સંખ્યા છે તે નભાવી રાખવી બલકે તેમાં વધારો કરવો એજ હિંદની આબાદીને માટે ખાસ જરૂરનું છે. ઢોરોને બચાવવામાં ધર્મ, ને તેનો નાશ થવામાં પાપ માનવાનું એ પણ એક કારણ હોવું જોઇએ. ધર્મની રીતે સમજાવીએ તો દરેક ધર્મના અગત્યના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને આગળ કરી ઢોરનું રક્ષણ કરવાની ને તેનો વધ નહિ કરવાની વાત ખુલ્લી રીતે સમજાવી શકાય તેમ છે, પરંતુ આજ કાલ કેળવણીએ લોકોના મન એટલાં ન્યાયયુકત અને પક્ષપાતરહિત બનાવ્યાં છે કે આવી લોકોપયોગી બાબતને ધર્મ સાથે ભેળવવાની જરુર રહી નથી. જે અસર ધર્મને નામે નહી થાય તે અસર સામાન્ય બોધદ્વારા થઇ શકશે એવો આ જમાનો છે, માટે દેશકાળ મુજબ યથા મતિ ને યથાશકિત આ વિષય એક દેશોપયોગી વિષય તરીકે ચર્ચવાનું અહિં યોગ્ય ધાર્યું છે.

પશુઓનું રક્ષણ કરવું એ આજતોડીક પણ જુના કાળમાં એ જરુરનું આવશ્યક કૃત્ય ગણાયું છે. જુના કાળમાં પશુ એજ ધન ગણાતુ. માલ મીલ્કતમાં સૌથી કીમતી ચીજ તરીકે ઢોરોને ગણવામાં આવતાં નાણાના અર્થનો લેટીન ભાષાનો પેકયુનીઆ શબ્દ એપણ પેકુસ એટલે પશુનું ટોળું એ શબ્દ પરથીજ નીકળ્યો છે. આજે આપણા

દેશમાં સાત સુખની જે કહેવતો ચાલે છે તેમાં ઢોરોનું માલિકપણું એ પણ એક સુખની નિશાની બતાવી છે. ખેતીવાડીનાં કામ ઉપરાંત દુધ, દહીં, ઘી વિગેરે બાબતો માટે પણ પશુરક્ષણની અગત્યતા પ્રગટ રીતે જોઇ શકાય છે ટુંકામાં કહેવાનું કે પશુ રક્ષણ માટે દરેક માણસે ન્યાયબુદ્ધિથી અને શાંત મનથી યોગ્ય ઉપાયો લેવાની પુરી જરૂર ઉભી થઈ છે.

જો આ દુકાળમાં પશુઓનું યથાયોગ્ય રક્ષણ કરવામા આવશે તો ભવિષ્યમાં તેનું ફળ ઘણું સારૂં આવશે. છપનીયો દુકાળ એ ચોત્રીશા દુકાળ પછી ૨૨ વરસે પડેલો હોવાથી ખેડું ઇત્યાદ લોકોમાં કંઇક કસ હતો ને તેથી જેમ તેમ કરી તેઓ યથાશકિત થોડો ઘણો પણ ટકાવ કરી શકયા હતા. છપનીયા પછીના દશે વર્ષ મોંઘવારી માં પસાર થયાં છે અને આ દશ વરસ દરમીયાન ખેડુઓ કે બીજાઓ હજી દુકાળ સાથે ટકર ઝીલવાને તૈયાર થયા નથી. તેથી ઓણુ સાલનો દુકાળ વધારે આકરૂં સ્વરૂપ ધારણ કરે તેમ જણાય છે. તો રાજા રજવાડાઓએ તથા પરોપકારી પુણ્યશાળી શેઠ સાહુકારોએ આ વાત ભુલવા જેવી નથી. પોતાનાથી જેટલું બની શકે તેટલું કરી ઢોરનું રક્ષણ કરવાનું છે. ઢોરો બચશે તો આવતા વરસોમાં ખેતી ઇત્યાદિ બાબતોમાં એ ઢોરોજ કામ કરશે ને ખોટનો ખંગ પાછો વાળી આપશે. ઢોર નહિ હોય તો ભવિષ્યના વરસોમાં ખેતી, દુધ, ઘી ઇત્યાદિ બાબતોમાં ભારે ખેંચ પડશે ને પુષ્કળ નાણાં ખરચવામાં આવશે તોએ પડેલી ખોટો પુરાશે નહિ અમારા રાજકોટના પરોપકારી શેઠ શ્રીયુત્ સીતારમ નારાયણ પંડિત બારિસ્ટરે છપનીયા દુકાળમાં ઢોરો તથા મનુષ્યોના રક્ષણ માટે યથાશકિત નાણું ખરચતાં એક ભાષણમાં કહ્યું હતું કે દુકાળ એ ધનવાનો ને માટે આશિર્વાદરૂપ છે. માટે હે ધનવાન પરોપકારી પુરૂષો, આવા હળાહળ કલિયુગમાં, મહા દુઃખદાયક સમયમાં તમારાં નાણાંનો સદુઉપયોગ કરો. એક ગણો નહિ પણ લક્ષ, ગણો લાભ હાંસલ કરો અને મુંગા અબોલ પ્રાણીના હજારો આશિર્વાદ મેળવો.

હવે લંબાણ નહિ કરતાં ટુંકામાં ઢોરોનાં રક્ષણ માટે શું શું ઇલાજો લેવા જોઇએ તે વિચારીશું.

૧ સ્થળે સ્થળે ખડપાણીની જોગવાઇ મુજબ કેટલકેંપો ઉઘાડવી.

૨ દેશી રાજાઓએ કરજ કરીને પણ પોતાના દેશની ખરી મીલકત ઢોર તેને નભાવવાં. એક પણ ઢોર મરે નહિ ને ખેડુનો રાજની મદદથી ઢોરોનું રક્ષણ કરે એવો બંદોબસ્ત કરવો.

૩ ગામે ગામના મહાજનોએ છેવટ મ્યુંનીસીપાલીટીની પેઠે કરજ કરીને પણ ગરીબ માણસો ઢોરો પાંજરાપોળમાં મહાજનનાં રક્ષણમાં મુકી જાય તેને નભાવવાં. (આ બાબતમાં દુકાળ મધ્યે ઢોર જીવતા હોય ને તેનો માલિક લેવા આવે તો તેની પાસેથી કેટલો બદલો લેવો તે તથા બદલો ન આપે તો ઢોર મહાજનની માલિકીનાં ગણાય વગેરે બાબત પ્રથમથી નક્કી કરી નાખવી અને જરૂર પડે તો તેમ કરવામાં રાજની મદદ લેવી.)

૪ હમણાં ખાનદેશ વિગેરેમાં વરસાદ થયો છે તો ત્યાંથી ત્રણેક માસ પછી ઘાસ આવી શકે ખરૂં. તો ત્યાંથી ઘાસ મંગાવવા બંદોબસ્ત કરવો અથવા બીજે જ્યાંથી ઘાસ મળી શકે ત્યાંથી મંગાવવા બંદોબસ્ત કરવો કે ઢોરોને ત્યાં મોકલી દેવાનું પાલવે તો તેમ કરવું અને ત્યાં સુધી મોંઘા ભાવનું પણ ખડ લઇને ખવરાવવું (આજથી તે બાબત બંદોબસ્ત કરી લેવો.)

૫ ગામડાના જે લોકો પ્રોખડ વિગેરે ખોદી લાવે તેને અમુક નાણાં આપી ઉત્તેજન દેવું કે જેથી ઢોરને કાંઇક લીલો ચારો મળશે અને એ ગરીબ લોકો તેના બદલામાં મેળવેલ નાણાના દાણાથી નભી શકશે.

૬ જે ગામમાં મહાજન કે રાજ હશે ખડની ગંજીઓનો સંગ્રહ હોય ત્યાં ત્યાં સસ્તે ભાવે ગરીબ લોકોને ખડ આપવું.

૭ રેલ્વેના મેનેજરોને અરજ કરી ખડ ખેંચી લાવવાના રેલ્વેના દરમાં ઘણો ઘટાડો કરાવવો.

૮ દરેક રાજા રજવાડાઓએ દર પખવાડીએ ઢોરોની સંખ્યાના પત્રકો તથા સુચનાઓ વહિવટદારો તરફથી મેળવતા રહેવું.

૯ જ્યાં ક્યાંયથી ખડ ઉતારી શકાય તેવી સ્થિતિ ન હોય ત્યાં થોડું થોડું અનાજ ને પ્રોખડથી ઢોરોને બચાવવા કોશિષ કરવી.

૧૦ દરેક હિંદુ મુસલમાન ને પારસી મહાજનો એકત્રતાથી આ કામમાં ઉત્સાહ ધરાવે એવી કોશિષ પરોપકારી મંડળોએ કરવી. કેમકે એક હાથે તાલી પડતી નથી.

૧૧ આખી હિંદુ કોમે, જૈન કોન્ફરન્સોએ, જીવદયા કમીટીઓએ, પશુરક્ષક કે ગોરક્ષક સભાઓએ, પ્રાણીપર ગુજરતુ ઘાતકીપણું અટકાવનારી મંડળીઓએ, વેજીટેરીયન સોસાયટીઓએ, ન્યુસપેપરોએ, સરકારે, રાજા રજવાડાઓએ, ધનાઢ્યોએ, મુસલમાનોએ, ખ્રિસ્તિઓએ સર્વેએ આ કામમાં બનતો એકત્રભાવ બતાવી જેમ બને તેમ સાર્વજનીક મીલકત (ઢોર)નું રક્ષણ કરવું. જીવદયાના હિમાયતીઓએ કર્ત્તવ્ય પરાયણ થઇ કમિટિઓ નીમી આ બાબત યોગ્ય તજવીજ કરવી જોઇએ. ટુંકામાં આ બાબત સંબંધમાં બુદ્ધિવાનોએ, લક્ષ્મીપતિઓએ, સત્તાધિકારીઓએ ને પરોપકારી મંડળોએ યથાયોગ્ય પ્રયત્ન કરવાનો છે. સમય આવી લાગ્યો છે ને તેથી હવે ઉંઘવું એ નકામુ છે. આળસ ને પ્રમાદ એ મોટાં પાપો છે. આંખો મીંચાયા [મરણ] પછી કાંઇ નથી. મરણ ટાણે સાથે ભલાઇને બુરાઇ આવવાની છે. "હાથે તે સાથે" એ કહેવતનું રહસ્ય વિચારી ધનાઢ્યો નાણાંની કોથળીનાં મોં ખુલ્લાં કરી નાખો ને મનુષ્ય જન્મ સાર્થક કરો. આજે નાણાં નહિ વાવરો તો કાલે ખચિત પસ્તાશો. સુજ્ઞેષુ કિંબહુના.

---:o:---

શ્રી

# "सुबोध"

નમું આદી જીનેશ્વરા, નમું અરિહંત આજ;
નમન કરૂં સ્વીકારશો, જૈન આચાર્ય મા'રાજ.

---

સજની મોરી હીત શિખામણ સારીરે,
,, ,, અંતરે લેજે ઉતારીરે,
,, ,, વિષય વિષનો પ્યાલોરે,
,, ,, માયાનાં નાગમાં ઝાલોરે,
,, ,, કાયા કાચનો કુંપોરે,
,, ,, અંતર ભેદ છે છૂપોરે,
,, ,, વિવેકવાડી બાંધોરે,
,, ,, સંતોષ સળીયા સાંધોરે,
,, ,, નેકો નીતિની ચલાવોરે,
,, ,, મન મળીને ભળાવોરે,
,, ,, બાંધો સત્યતાની પાળીરે,
,, ,, બને સુકર્મની કયારીરે,
,, ,, માંહીં દયા બી ચોપોરે,
,, ,, ધર્મનો ખીલશે રોપોરે,
,, ,, શિયળતા પાણી છાંટોરે,
,, ,, અનીતિનો કાપો કાંટોરે,
,, ,, સદ્ગુણ ફુલ ઉતારોરે,
,, ,, મોક્ષ ફળનો ન ઉધારોરે,
,, ,, કરૂણાની કાંબીયો પેરોરે,
,, ,, ક્રિયાની ફેરવો સેરોરે;
,, ,, શિયળ સાડી ઓઢોરે,
,, ,, જ્ઞાન ગાદીયે પોઢોરે,
,, ,, મરકટી મનને હરાવોરે,
,, ,, ધર્મ દોરીયે ચઢાવોરે,
,, ,, સુસંપી કેસર ઘોળીરે,
,, ,, સમતા સ્રીયોની ટોળીરે,

„ „ ભગવંતને પુજે ભાવેરે,
„ „ પાપ પુણ્ય સાથે આવેરે,
„ „ સુરતાની સખીયો આવેરે,
„ „ જ્ઞાન ગૌવરી પ્રિતે ગાવેરે,

લેખક—નાથાલાલ અંબાલાલ જૈન, રંગુન.

# जीवदया जैन सीरीझ.

प्रिय भारत भूषण महाशयो? आप अपने महर्षियोंके विचारो को उनके समीचीन वाक्यों को स्मर्ण करिये कि तमाम वेद पुराण यही पुकार २ कर कह रहे हैं कि अहिंसा अर्थात् जीवों की दया करना ही परम धर्म है, क्या जैन, शैव, आर्य्य, वेदानुयायी, ईशु, मुसल्मान, आदि सभी मतावलम्बी इस अहिंसा धर्म्म के अंग में तो सहमत हैं।

प्रिय विद्वानो? आप अपने वेद पुराणों के पत्रों का उलट कर देखिये, उसके उपर अपने नेत्रों को कुछ देर तक लगाइये, देखो वेदका क्या वाक्य है "अहिंसा परमोधर्म्म यतो धर्म्मस्ततो जय:" अर्थात् जीवों की रक्षा करना ही परम धर्म है, और जहां यह धर्म्म है वहीं सुख है, अत: हे महाशय वर्गों? आप इसके उपर टुक ध्यान देकर विचार करो और सोचो और फिर वार २ सोचो कि तुम्हारे सुखिया बनने का उपाय (कारण) जीव दया ही है।

और भी देखो कि कुराणशरीफ क्या फरमाते हैं कि "बिस्मिला रहमान उल रहीम" अर्थात् दयालु दयाभण्डार खुदा के नामसे मैं आरम्भ करता हूं। इससे स्पष्ट विदित है कि परमेश्वर दयालु है। पस महाशयो जब परमेश्वर दयालु है तो आप भी सब जीवोंके ऊपर दया करो।

महाशयो? यह वही सबब था, यह जीवदया ही का महात्म था. कि प्राचीन कालमें यह भारत भूमि धन, कंचन, करके परिपूर्ण भरी हुई थी और यह भारत भूमि रत्नागर्भा नाम से प्रसिद्ध थी, सर्वजीव निरन्तर सुखी रहते थे, कभी दुर्भिक्ष, महामारी हैजा, आदि बीमारियों का सामना नहीं पडता था, बाल मरण, युवा मरण स्वप्न में भी सुनने नहीं आते थे परन्तु।

आज कल हमारे बहुत से भारत निवासी अपने हाथोंसे निरपराधी जीवों को दुख दे रहे हैं, और दिन व दिन मांसभक्षी बनते जारहे है जिनके हृदयमें उन बिचारे निरपराधी मूक पशु आदि जीवोंकी तरफका बिल्कुल रहम नहीं हो रहा है, आज दिन उसीका फल यह निकल रहा है कि तमाम भारत दुखी और (निर्धन) होता चला जारहा है, दिन व दिन जिन बीमारियोंके नामभी सुनने में नहीं आते थे जैसे महामारी (प्लेग) हैजा आदि उन बीमारियोका भारतको सामना करना पड़ रहा है, जिधर हम घरोमें द्रष्टि पसार कर देखते हैं उधर विधवाओंके झुंड के झुंड दिखलाई दे रहे हैं, तमाम धन, बल, वीर्य्य, पुरुषार्थ, नष्ट होते जारहे हैं, कहां वह समय था कि राम, लक्ष्मण, भिमसेनादिसे बली, साहसी इस पृथ्वी पर पैदा होते थे, कहां आज उसी भारत वासियोंकी यह दशा हो रही है कि एक दिनभी निरोग अवस्थाका नहीं मिल रहा हैं, रोज व रोज वैद्य डाक्टर महाशयोंकी आधीनी उठा रहे हैं, पस। भारत वासियो? यह सब तुम्हारे कर्तव्य का ही फल है इसलिये।

प्रिय दूर दर्शियो? अबभी यदि आपके हृदयमें कुछभी उन मूक निरपराधी जीवोंकी दयाका अंश है अगर आप सर्व प्रकारकी बीमारियोंसे बचकर सुखी होना चाहते है तो शीघ्र ही आपको अपने गिरे हुए आहार विहारको सुधार कर शुद्ध आहार विहार कर अपनी शरीरकी तन्दुरस्तीको हासिल करना चाहिये. महन्त पुरुषो? आपका यह भारत ऐसे २ उत्तम नाज, धान्य, फल मेवा आदि करके परिपूर्ण भरा हुआ है जिसको खाकर हम नीरोग तन्दुरस्त और ताकतवर बन सक्ते हैं।

अगर किसी साहबानका यह ख्याल हो कि मांस शरीरको पुष्ट करता है ताकत पहुंचाता है यह ख्याल बिल्कुल गलत है, चूंकि इंग्लेण्ड अफ्रीका के बडे २ वैज्ञानिक, सिविल सर्जन डाक्टर पदार्थ वेत्ता, साइन्स ज्ञाताओंने अच्छी तरहसे परीक्षा करके यह साबित करके दिखला दिया है कि मांस शरीरको ताकत पहुंचानेवाला नहीं है, बल्कि अनेक तरहके रोग मांस भक्षणसे उत्पन्न (पैदा) होते हैं, "अभी बहुतसे" पत्रोंमें प्रकाशित हुआ है, कि इग्लैण्ड में बडे २ डाक्टरोंने इस बातको अच्छी तरह से परीक्षा (जांच) करके यह बात

प्रगट की है कि, दिक, गठिया, हैजा, आदिक, (Consumption, Gout, Cholera, Scurvy, Cancer, Appeudicitis,) ये रोग मांस भक्षणसे पैदा होते हैं और वहांक लोग मांसाहार छोडकर फलाहारी बन रहे है।

(१) थोडे दिन व्यतीत हुए कि इग्लैण्डमें एक लैडी महाशयने एक बहुत अच्छा प्रयत्न करके यह बात दिखला दी है कि मांसाहारसें बढकर ताकत करनेवाला फलाहार है, उस लेडी महाशयाने दश हजार मांसाहारी लडकों के बोर्डिंग हाउसकी बराबरी में एक दश हजार फलाहारी लडकोंका बोर्डिंग हाउस कायम किया, बाद छः महीनेके उस लैडी महाशयाने उन दोनों बोर्डिंग हाउसो के यानी मांसाहारी और फलाहारी लडकोकी बडे २ डाक्टर साइन्सवेत्ता विद्वानों के द्वारा परीक्षा कराइ तो परीक्षामें मांसाहारी लडकोंसे जो फलाहारी लडके थे, वो, सकल सूरतमें, खूबसूरतीमें, शरीरके वजनमें, नीरोगतामें (तन्दुरस्ती में) बुद्धिमें, उनसे कइ अधिक गुणे दर्जे बढकर निकले उसी दिनसे यह तजर्वा (जांच) "फलाहार विजय" (London County Council Vegetarian Victory) के नाम से इग्लैण्डमें मशहूर होगया है॥

महाशयो! इस फलाहारकी उत्तमताके विषयमें बहुत २ अच्छी तरहसे जांच हो चुकी है, इंग्लैण्डमें बडी २ दौडें साईकलोकी दौडें और पानीमें तैरना आदि क्रियायें होती हैं उनमें फलाहारके करनेवाले तेज, ताकतवर, निकलते हैं।

(२) इसी जांचके लिये एक लेडी प्रोफेसर ब्रेसिल यूनीवर्सिटीने भी एक अर्गोग्राफ (Ergograph) पैमानेसे अच्छी तरहसे मालूम किया है कि फलाहारियोंमें काम करनेकी शक्ति मांसाहारियोंसे तीन गुणी ज्यादा होती है अब विचार करें। और सोचें। कि हमारे पश्चिमीय विद्वान किस कदर परीक्षा कर मांससे घृणा पैदा कर फलाहारी बन रहे हैं। और फलाहारकी उत्तमताके बाबत में सहस्रों बहुत २ अच्छी पुस्तकें तथा ट्रेक्ट प्रकाशित कर रहे हैं। और इग्लैण्ड के बडे से बडे बहुतसे पत्र अब फलाहारके मजबूनों को जगह देनेमें खुशी जाहिर कर रहे हैं। और फलाहार के प्रचारको बढानेकी कोशिश कर रहे हैं।

और बडे २ साइन्सवेत्ता वैज्ञानिक महाशय इस फलाहारकी महिमाको पूरी तौरसे प्रगट करनेके लिये और मांसाहारकी बुराइयां जाहिर करनेके लिये

खूब अच्छी तरहसे अन्दोलन कर रहे हैं, जिसका नतीजा वह थोडे दिनोंमें ही निकलेगा जो इस लखनीसे नही लिखा जा सक्ता हैं।

(३) इंग्लैण्डकी सेल्वेशन आर्मी (Salvation army) के तमाम आला आफसरान फलाहारी ह। यानी मांस बिल्कुल नहीं खातेहैं। फल सब्जी वगैरहका आहार करते हैं। और वहांके शराबियोंका इलाज कवल इस "फलाहारके खानेका नियम" (Vegetable diet-cure)रखानेसे ही किया जाता है॥

महाशयो! अब आप देखें कि हमारे पश्चिमी विद्वानोंके तो एसे २ उत्कृष्ट विचार और काम हो रहे हैं। जिनकी प्रशंसा इस लेखनीसे नहींकी जा सक्ती है परन्तु हमारे बहुतसे भारत निवासी दिन पर दिन मांस भक्षी बनते जा रहे है और निर्दय कठोर हृदयी बन रहे हैं। इसलिये अब–हे भारत वासियो! मांस भक्षणसे मुख मोड़ो। और उन निरपराधी मूंक अनाथ पशु पक्षियोंकी ओर अपने कर्तव्यका पालन करो। दया भाव धारो, जैसी अपनी जान तुमको प्यारी हैं, उसी तरह उन सबकोभी अपनी २ जान प्यारी है।

पस हम अब पूर्ण आशा करते हैं कि हमारे अहिंसा धर्मके प्रेमी इसके ऊपर अवश्य ध्यान देंगे, और अपना शुद्ध शाक, नाज, फलादिकका आहार ग्रहण कर शरीरको निरोग और तन्दुरस्त बनायेंगे। और बहुतसे बीमारियोंसे बचे रहेगें। और अपनी गाढी कमाईके पैसेको भी फजुल खर्चीसे बचा सकेंगे॥

फीरोजपुर छावनी<br>ता० १–७–११

भवदीय कृपाकांक्षी:—<br>उडेसर (मैनपुरी) निवासी,<br>अमोलकचन्द्र जैन,

---

## કોન્ફરન્સ હેરલ્ડના સુજ્ઞ ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

આ ચાલુ સને ૧૯૧૧ ની સાલનો કોઇ અંક ન મળ્યો હોય તો પત્ર લખી જણાવશો. જો સીલીકમાં તે અંક હશે તો તુર્ત મોકલવામાં આવશે.

# જગત છે માયા સ્વપ્નાની.

**ગઝલ.**

જળ ઝાકળનું વેરાતું, ઉદય થાતા દિવાકરનો;
જરૂર જાયે છે જોયેલું, મળ્યો જેમ મેળો પંખીનો ૧
ચડે જે અશ્વની ઉપર, પડે તે જમીનની ઉપર;
ઘડી ચડતાં પળે પડતાં, અચળ એ નિયમ સૃષ્ટિનો. ૨
તુટી ઝુંપડીમાં એક, હતો સુતો દરિદ્રી રંક;
પામ્યો રાજ્ય સ્વપ્નામાં, કરતો ખેલ આનંદમાં. ૩
ભોગવ્યું રાજ્ય ઘડી ભરનું, એટલામાં ઉડી નિદ્રા;
પડયો તો પર્ણકુટીમાં, તેના તેજ[૧] માંચામાં. ૪
જાગિને જોયું ચોપાસે, ભાસ્યું પૂર્વવત્ સઘળું
ચિંતવ્યું ચિત્તની અંદર, ગયું તે રાજ્ય કયાં સઘળું? ૫
અરે હું રંક છું કે રાય, વિચાર્યું ખુબ અંતરમાં;
આખરે સત્ય સમજાયું (કે) **જગત છે માયા સ્વપ્નાની.** ૬
ગુંથાઇ જગત જંજાળે, નહીં પ્રભુ પાર્શ્વને ભજીઆ;
ઝુંઝવા સંસાર રણ માંહિ, [૨]કવચના ભક્તિના સજીઆ. ૭
મળી નહી પળની પણ ફુરસદ, કમાયો એક નહીં કોડી;
આવીને કાળે જયાં ઝાલ્યો, સઘળું છોડીને ચાલ્યો. ૮
અરે હે પંથી! સૃષ્ટિના, સમજીને ચાલજે પંથે;
નહીં તો ખોઇને બેસીશ, અમૂલ્ય જે માનવી[૩] હીરો ૯
દીપને રત્ન જાણીને, પતંગો ઝીપલાઇ મરતો;
મુસાફર ભાઇ ભૂલીને, (પાપ) ધુમાડે બાથ ના ભરતો. ૧૦
વિનાશી અવનીની માંહિ, નથી કોઇ વત્તીકે રે'વાશી;
કોઇ આજે કોઇ કાલે, પંથી સૌ છે પરદેશી. ૧૧
તુચ્છ છે માયા દુનિયાની, વિસામો ઘડીભરનો;
અસ્ત થાતાં [૪]પ્રભાકરનો, થાય સર્વત્ર અંધારૂં. ૧૨
તોડી જંજાળ તજી આળસ, અરે હે ઉઠ નંર મણિધર!
તજીદે હ્રદયથી પ્યારા, કાંચળી મોહ મમતાની. ૧૩
સુખલડી સ્વપ્નની ખાતાં, ધરાશો નહીં જગત જીવે;
સમજજો સત્ય મનમાંએ, **જગત છે માયા સ્વપ્નાની.** ૧૪

મુંબઇ તા. ૨૭-૭-૧૧　　**ઉદયચંદ લાલચંદ શાહ**

ઠે. હીંદી જૈન-હાથીબિલ્ડીંગ કાલબાદેવી રોડ.

---

૧ ખાટલામાં. ૨ બખ્તર. ૩ માનવ જન્મરૂપી હીરો. ૪ સૂર્ય.

## શ્રી અજાર નગરે અજારાપાર્શ્વનાથજી તિર્થનો ચમત્કાર-તથા કરવામાં આવેલ ઘીની અખંડ જ્યોત-અને જગત્ ગુરૂ વિજયહિરસુરીશ્વરજી જ્ઞાન ભંડારનો પુનરોદ્ધાર તથા તે સ્થળોની ટુકી નોંધ.

મથાળે જણાવેલ શ્રી અજાર નગરમાં શ્રી અજારાપાર્શ્વનાથજીનું ઘણા પ્રાચીન વખતનું તિર્થ આવેલું છે. આ તિર્થનું મહાત્મ્ય શ્રી સેત્રુંજય માહત્મ્ય, હિરસોભાગ્ય કાવ્ય હિરસુરીશ્વરનો રાસ આદિ અનેક ગ્રંથોમાં પ્રસંશાપુર્વક વર્ણવેલું છે. તિર્થમાલાના સ્તવનમાંજ "અંતરીક્ષ અજાવરો અમીઝરોરે જીરાવલો જગન્નાથ તીરથ તે નમુંરે" એવું આપણે હમેશાં બોલીએ છીએ છતાં આ તિર્થ કઇ જગોપર આવેલું છે તેની કેટલાએક ભાઇઓને બીલકુલ ખબર નથી. કેટલાએક ભાઇઓ એવું માને છે કે ઘણો જમાનો ચાલ્યો જવાથી એ તિર્થ લુપ્તપ્રાય થઇ ગયું હશે? પણ તેમ નથી એ અજારા પાર્શ્વનાથજીનું તિર્થ સોરઠ જીલ્લામાં ઉના અને દેલવાડા ગામની સમીપમાં હાલ મોજુદ છે. અને તેમાં ઘણા ચમત્કારી, પ્રભાવીક અને મનોવાંચ્છીત ફળ દેનારી શ્રી અજારા પાર્શ્વનાથજીની પ્રતિમા બીરાજે છે. આ પ્રતિમાજીની ઉત્પતિ પણ ઘણી ચમત્કારી છે. તે બીંબ કોઇના ભરાવેલા નથી પણ સાક્ષાત સાસન દેવતાએ હાજર થઇ સાગર નામના શ્રેષ્ટીને તેમના કેટલાએક મનોરથ પુરા પાડવા આપેલ હતા. આ વખતે સાગર શ્રેષ્ટી પોતાના ધંધા અર્થે વહાણમાં બેસી દરિયાઇ સફર કરતો હતો. શ્રેષ્ટી પ્રતિમાજી લઇ અતી ઉલ્લાસથી પુજન કરી અજાર નગરે આવ્યા. આ વખતે ત્યાં અજેપાળ રાજાને કુષ્ટ (કોઢ)નો સખ્ત વ્યાધી લાગુ પડેલો હતો. મોટા ધનવંતરી વૈદ્યથી આરામ નહિ થતાં તે પ્રતિમાજીનું નમણ ચોપડવાનો ઉપચાર ચાલુ કર્યો. નવ દિવસ નમણ ચોપડવાથી રોગ તદન ઉપસમી ગયો. આથી અજેપાળ રાજાએ હર્ષીત થઇ બડી ધામ ધુમથી શુભ મુહુર્તે એક ભવ્ય દેરાસર બંધાવી લાખો સોનૈયા ખર્ચી, તે પ્રતિમાજીનુ અજારાપાર્શ્વનાથજી નામ આપી અજાર નગરે પ્રતિષ્ઠા કરી, અને કાયમનો ખર્ચ ચલાવવા માટે તે દેરાસર નીચે બાર ગામ અર્પણ કર્યાં આથી તે એક મોટું તિર્થ કહેવાયું. અનેક દેશના સંઘ આવવા લાગ્યા અને મહાત્મ્ય વધવા માંડયું (આ સંબંધી વિસ્તાર પુર્વક હકીકત શ્રી શત્રુંજય મહાત્મ્ય, હિરસોભાગ્ય કાવ્ય આદિમાં તથા કેટલાક સ્તવનોમાં કહેવામાં આવી છે માટે સુવિશેષ જાણવાની ઉત્કંઠા રાખનાર સજ્જનોને તે પુસ્તકો જોઇ લેવા વિનંતિ કરવામાં આવેછે) અને તે મહાત્મ્ય અત્યાર સુધી જયવંતું વર્તે છે હજુપણ કોઇ વખતે સંધ્યા સમયે તો કોઇ વખત રાત્રીના સમયે શીખર ઉપર દીવ્ય જ્યોતી અને રાત્રીના સમયે દીવ્ય નાદારંભ થતો કેટલાએક ભવીજીવના જોવામાં આવે છે.

### અજારા પાર્શ્વનાથજી પ્રગટ થવાનો સમય.

અજારાપાર્શ્વનાથજી પ્રગટ થયાના સમયને સાડી બાર લાખ વરસ થયાનું તેમની ઉત્પતિ સંબંધીના સ્તવનમાં જણાવેલું છે અને તેને શેત્રુંજય મહાત્મ્ય અને હિરસો

ભાવ્ય કાવ્ય આદી ગ્રંથોથી સંપૂર્ણ ટેકો મળે છે. જેમ સંખેશ્વરાપાર્શ્વનાથજીની પ્રતિમા સૌથી પ્રાચીન સમયની છે તેમ આ પ્રતિમા પણ તેવાજ પ્રાચીન સમયની છે. અને થોડા વર્ષ પૂર્વે તે પ્રતિમાજીને ફરી લેપ કરાવતા પણ તેવુજ અનુમાન થતું હતું તેમ એ તિર્થને વિષે પણ પ્રાચીનતા બતાવનારો એક ઘંટ જળવાઇ રહ્યો છે. તે ઉપર "શ્રી અજારા પાર્શ્વનાથ સંવત ૧૦૧૪ શા. રાયચંદ જેચંદ" એવો લેખ લખાયેલો છે એટલે તે ઘંટ પણ એ તિર્થની પ્રાચીનતાજ બતાવે છે.

## મુનિ શ્રી જસવિજયજીયે તેનો લીધેલો લાભ.

આવા પ્રાચીન તિર્થનો મહીમા અધિક છતાં તે સ્થળ એક ખુણા ઉપર પડેલ હોવાથી અને પ્રાયે શ્રાવકની વસ્તી ઘટી જવાથી એ તિર્થનો જોઇએ તેટલો લાભ શ્રાવક ભાઇઓ અને મુની ગણો લઇ શકતા નથી તો પણ હાલમાં ગયા ચૈત્ર વદ ૧૦ની મીતીએ યાત્રા અર્થે મુનીરાજ શ્રી જસવિજયજી મહારાજ અત્રે પધારેલા. તેઓ સાહેબને એ તિર્થનો ચમત્કાર ઉત્કૃષ્ટ જણાયો તેથી થોડા દિવસ વિશેષ રહી એ તીર્થનો સુવિશેષ લાભ લેવા તેમની પ્રબળ ઇચ્છા થઇ. પણ અક્ષય ત્રીજ (વૈસાક સુદી ૩) તો પોતાને શેત્રુંજાગીરી ઉપર કરવાનો અભીગ્રહ હતો અને તે ગીરી આંહીથી ૧૦૦ માઇલ દુર હોવાથી આહીંથી તુરતમાં તેમને વિહાર કરવાની જરૂર પડી, પણ ફરી આવી સુવિશેષ લાભ લેવાની ઇચ્છાથી કેટલોક અભીગ્રહ ધારી આંહીથી રવાના થયા, અને સીદ્ધક્ષેત્ર પહોંચવાની ઉતાવળને લઇને બાર બાર કોસના વિહાર કરવા લાગ્યા. રસ્તામાં કેટલેક સ્થળે મુનીને કલ્પતા શુદ્ધ આહાર પાણીની જોગવાઇ ન થવાથી અને સખ્ત તાપને લઇ તેમને શ્વાસનો વ્યાધિ થઇ આવ્યો, તોપણ વૈશાક સુદ ૨ ના રોજે સિદ્ધગીરી પહોંચી ગયા, ત્યાં સારો લાભ લઇ આ તરફ ફરી આવવા પ્રયાણ કર્યું. શ્વાસનો વ્યાધી મટેલો નહિ હતો છતાં પુદગળની દરકાર નહીં કરતાં બાર બાર ગાઉના વિહારે તેઓ શ્રી આ તિર્થ સ્થળે ફરી આવી પહોંચ્યા અને પોતાને એ તિર્થનો પ્રભાવ સુવિશેષ ચમત્કારી ભાસ્યો. તે સાથે શ્વાસના વ્યાધિથી વિહાર કરવાની અશક્તિ જણાઇ, અને તેજ અવસરમાં વરસાદ પડવો શરૂ થઇ જવાથી આ ક્ષેત્રની સમીપના ઊના ગામે ચાતુર્માસ રહેવાનું નકકી કર્યું.

આ તિર્થસ્થળની સમીપમાં બીજાં યાત્રાનાં ધામો ઉના, દેલવાડા ને દીવ છે, ઉના ગામમાં ભવ્ય પાંચ જીનાલયો છે, અને અકબર બાદશાહને પ્રતીબોધ આપી જગતગુરૂનું બીરૂદ પ્રાપ્ત કરનાર પરમ ઉપકારી શ્રી વિજયહીરસુરીશ્વરજી અને સવાઈ બીરૂદ સંપાદન કરનાર શ્રી વિજયસેનસુરીશ્વરજી અને તે પછી પાટ પરંપરા થયેલા આચાર્યોની પાદુકાની બાર દેરીઓ આવેલી છે અને ઉપાશ્રયની અંદર જે જગ્યાએ વિજયહીર સુરીશ્વર મહારાજજી કાળ ધર્મ પામ્યા તે જગ્યાએ તેમની ગાદીની સ્થાપના છે, અજાર ગામથી ૦ાા માઇલ દુર દેલવાડા ગામ છે, ત્યાં પણ એક ભવ્ય જીનાલય છે, અને તેનાથી બે ગાઉ દુર દીવ કરીને ગામ છે ત્યાં ત્રણ જીનાલયો છે. આ બધાં સ્થળો પ્રાચીન

વખતનાં ભવ્ય અને ચમત્કારી પ્રતિમાઓથી વિરાજીત છે. યાત્રા કરતાં જુદાજ પ્રકારની શાંતી અનુભવાય છે. જો કે આ સ્થળોની કેટલાએક શ્રાવક ભાઇઓને માહીતી નહીં હોવાથી અનુભવજ્ઞાન થઇ શકેલ નથી તો પણ શ્રી મુંબઇમાં ગોડીજી મહારાજના દેરાસરમાં પધરાવેલી ૪૦ પ્રતિમાજી અને ભાવનગરના દાદા સાહેબના દેરાસરમાં પધરાવેલી ૩૨ પ્રતિમાજી તથા સિધ્ધક્ષેત્રને વિષે બાબુ માધવલાલ દુગડની ધર્મશાળાની અંદર આવેલા દેરાસરમાં મુળનાયક અને તેમની પડખેની સ્યામ પ્રતિમાજી તથા જામનગર નજીક લાલપુર ગામના દેરાસરમાં પધરાવેલી ત્રણ પ્રતિમાજી આ સ્થળને વિષેથી લઇ જઇ પધરાવવામાં આવેલી છે અને તેનો લાભ ઘણા શ્રાવક ભાઇઓએ લીધેલો હોવાથી આંહીના જીનાલયો અને પ્રતિમાજી કેવાં ભવ્યતાવાળાં અને ચમત્કારી છે તેનો કાંઇક ખ્યાલ આવી શકશે. આંહીથી તેટલો પરીવાર બહાર ગામ ગયા છતાં હજુ આંહી ઘણી ભવ્ય પ્રતિમાઓ છે. આ એક ખરેખર યાત્રા લાયકની પંચતિર્થી ગણાય છે.

## આ સ્થળ વિષે જગદ્ગુરૂ વિજયહિરસુરીશ્વરજી મહારાજનું પધારવું. તેમનો કાળ ધર્મ અને તે પછીનો ચમત્કાર.

જગદ્ગુરૂ વિજયહિરસુરીશ્વરજીનું નામ તેમના ચરિત્ર અને પ્રભાવથી શ્રાવક ભાઇઓમા સ્થીર સ્મરણીય રહેલું છે. તેઓશ્રીએ આ તિર્થને વિષે બે ચાતુર્માસ કરેલાં છે. તેમનુ અંતીમ ચાતુર્માસ આ ક્ષેત્રને વિષે હતું. તેમણે અકબર બાદશાહને પોતાની અમૃત તુલ્ય દેશનાથી પ્રતિબોધ આપ્યો, અને તે પ્રતિબોધને ગ્રહણ કરી બાદશાહે ગુરૂજીને જગદ્ગુરૂનુ બીરૂદ આપ્યું. તે સાથે એક વર્ષમાં છ માસ સુધી પોતાની સર્વત્ર હકુમતમાં કોઇ પણ માણસ કોઇપણ વખત જીવહીંસા ન કરે એવો અમારીપડહ વજડાવ્યો, શેત્રુંજય ઉપરનો મુંડકા વેરો માફ કર્યો, જજીયા નામનો કર કાઢી નાખ્યો, બંદીજનોને રૂણ મુકત કર્યા, ડાબર નામના મ્હોટા સરોવરમાંથી મચ્છવધ બંધ કર્યો, અને જે જે જગ્યોએ જૈન શ્વેતાંબરી ધર્મ વાળીનાં તિર્થો, કોઠીઓ, પુન્જની જગ્યાઓ અને સ્થળો હોય તે સંઘના હવાલામાં યાવત્ ચંદ્ર દીવાકર સુધી રહેવાનો અને તે ભૂમી નજીક કોઇપણ માણસ કોઇપણ દિવસે અને કોઇપણ વખતે પ્રાણીની ઘાતકરી ન શકે એવાં ફરમાનો કરી આપ્યાં વિગેરે અનેક ધર્મોના કાર્ય તેમણે કર્યાં અને ગુરૂજીએ કરાવ્યાં. ગુરૂજીએ ત્યાંથી વિહાર કરી સર્વ દેસના સંધ સહિત સિદ્ધગીરીની યાત્રા કરી ઉનતપુર (ઊના) ગામમાં પધાર્યા. આ તેમનુ અંતીમ ચોમાસું હતું. અહીં તેઓશ્રી ભાદરવા સુદ ૧૧ ના દિવસે કાળધર્મ પામ્યા. શ્રાવકોએ પવીત્ર ભૂમી ઉપર આમ્રવૃક્ષની શિતળ છાયા નીચે તેમના સ્થુળદેહનો અગ્ની સંસ્કાર કર્યો, તેજ રાત્રીમાં એ જગ્યો ઉપર દીવ્યનાટારંભ થવા લાગ્યો તે એક સખ્સે દીઠો. પોતે ત્યાં ગયો, પણ તેવા ચમત્કારથી તે કાંઇક ડર્યો જેથી ગામમાં આવી શ્રાવકોને તે વાત જણાવી. શ્રાવકો જોવાને ગયા. ત્યાં પ્રભાત થવા આવેલું એટલે નાટારંભ સમાપ્ત કરી દેવો વીસર્જન થયેલા, પણ તિર્થંકર ભગવાનના વખતમાં જેમ અછેરા થતા

હતા તેમ વિજયહિરસુરીશ્વરજી મહારાજને જે ભૂમી ઉપર અગ્ની સંસ્કાર કરેલ તે ભૂમી પાસેના તમામ આંબા ફળી નીકળ્યા. આ વખતે વર્ષા રતુ હતી, ભાદરવા સુદ ૧૧ નો દિવસ હતો, અગ્ની સંસ્કાર વખતે તે આંબાઓ ઉપર મોહોર, ખાખરી, કે કાચી કેરી એમાંનું કાંઇ નહોતું છતાં એક રાત્રીમાં આંબાઓ ઉપર પાકલ કેરીઓ જોઇ. જેથી શ્રાવકોએ આ કળીકાળનું મ્હાન અચ્છેર માની કેરીઓ તોડી લીધી. તેમાંની કેટલીક ખંભાત, કેટલીક અમદાવાદના સુબા સાહીબખાનને, અને કેટલીક અકબર બાદશાહને એમ અનેક સ્થળે મોકલાવી. દરેકે તેનો ઉપયોગ લીધો, અને ખુશી થયા, તે સાથે તેવા મહાન જગદ્ગુરૂનો વીરહ થવાથી બહુ દીલગીર થયા. શ્રાવકોએ જે જગ્યાએ તેઓ શ્રી દેહમુક્ત થયા તે જગ્યોએ ગાદીની અને જે જગ્યોએ અગ્ની સંસ્કાર કર્યો તે જગ્યોએ સ્થુભ (પાદુકા)ની સ્થાપના કરી. આંબાના સ્થળોએ અધ્યાપી પર્યંત તેવા અનેક ચમત્કારો જોવામાં આવે છે પણ લેખ લાંબો થવાના ભયે તેનું વીવેચન મુલતવી રાખ્યું છે.

## આ તિર્થસ્થળોની આધુનીક સ્થિતી.

આ તિર્થ સ્થળોની નીચે ઉના અને અજાર ગામની અંદર જાગીરો આવેલી છે અને તે બધા સ્થળોનો વહીવટ એકત્ર હોવાથી અત્રેના શ્રાવક કોમના અગ્રેસર શાહના નામથી ઓળખાતા શાહ મુલજી અભરાજ વહીવટ કરતા, પાછળથી તે આસામી કાચા પડવાથી ભંડારની તમામ સિલક તેમને ત્યાં રહી. એક પાઇ પણ પતી નહિ, અને જાગીરો પાછળથી એક ગોરજી દબાવી બેઠા એટલે આવકનું સાધન પણ બંધ થયું. આથી આ સ્થળોનો ખર્ચ નીભાવવો મુશ્કેલ થઇ પડ્યો, અને પુરાતન વખતના દેરાસરો હોવાથી ઘણીજ જીર્ણ સ્થિતિમાં આવવા લાગ્યાં, મહાન આસાતનાઓ થવા લાગી. આથી પ્રેમાણંદ કરસનજી નામના એક સુશ્રાવકે જીર્ણોદ્ધાર કરવાનું કામ હાથ ધર્યું. કેટલોક પૈસો પોતાના પદરનો અને કેટલોક બહારથી લાવીને ખર્ચો. આથી કેટલોએક ભાગ સુધારા ઉપર આવ્યો પણ નાણાની પુરતી જોગવાઇના અભાવે તથા પાછળથી તેઓ કાળ ધર્મ પામ્યાથી બાકીના જીર્ણોદ્ધારનું કામ બંધ રહ્યું. આથી કેટલાંક દેરાસરમાં હજુ ઘણું જીર્ણ કામ જોવામાં આવે છે, અને તેને લઇ મહાન આસાતનાઓ થાય છે જે જોતાં કમકમાટ ઉપજે છે. અજારા પાર્શ્વનાથજીનું શિખર ઘણું જીર્ણ થઇ ગયું છે. તેમાંથી ભગવંત ઉપર વરસાદનું પાણી ટપકે છે તથા રંગમંડપ સમીપને ભાગ ઘણોજ ખરાબ થઇ ગયો છે. દીવના ત્રણે દેરાસરના પબાશણ અને રંગમંડપ તથા નાચેની ભૂમી લુણાવાળી હોવાથી ખવાઈ ગઇ છે, અને ઉના ગામ મધ્યેના શાંતિનાથજીનાં દેરાસરની ભમતીમાં આવેલી ત્રેવીશ દેરીઓ તથા એ દેરાસરનો રંગમંડપ અને પાર્શ્વનાથજી તથા નેમનાથજીના દેરાસરોના રંગમંડપની સ્થિતિ પણ તેવીજ છે, આથી ભગવંત ઉપર પુષ્કળ લુણવાળો કચરો પડેછે, વર્ષા રતુમાં પાણી ટપકે છે, અને ભોંય તળીઆની જમીનમા પુષ્કળ ભેજ થાય છે. પબાશણ આદીમાં ખાડાઓ હોવાથી પખાલનું પાણી જ્યાં ત્યાં

નરાઇ રહે છે. આથી કીથવા અને બીજા ક્ષુદ્ર જીવોનો ઘણો ઉપદ્રવ થતો હોવાથી જીનાલયો છતાં જીવાકુલ જેવી ભૂમિ લાગે છે. તેમજ વિજયહિરસુરીશ્વરાદિ આચાર્યોની દેરીઓમાંતો આવા બધા સંયોગો સુવિશેષ જોવામાં આવે છે અને તે આશાતનાનું તો વર્ણન થઇ શકે તેવું નથી, ઉપાશ્રય અને ધર્મશાળાની સ્થિતિ પણ મુનિગણો રહી શકે એવી રહી નથી.

## શ્રી દેલવાડાના દેરાસરના જીર્ણોદ્ધાર નીમીતે મળેલી મદદ.

દેલવાડાના દેરાસરની સ્થિતિ પણ જીર્ણ કામને લઇ ઘણી ખરાબ હોવાથી ભાવનગર નીવાસી શેઠ કુંવરજી આણંદજીના સદુપદેશથી વેરાવળનીવાસી શેઠ ખુસાલચંદ તરફથી તે દેરાસરમાં જીર્ણોદ્ધારનું કામ કરાવવા રૂ. ૧૦૦૦) અંકે એક હજારની પરવાનગી મળેલી હોવાથી તે કામ અત્યારે ચાલુ સ્થિતિમાં છે અને બીજા સજ્જનોએ, ધર્મના કાર્યવાહકોએ તે દાખલો લેવાની ખાસ વિનંતિ છે.

## મુની શ્રી જસવિજય મહારાજનો સદુપદેશ અને તેની અસર.

આવી મહાન આશાતના દુર કરવા અને આ તિર્થના શાસન રક્ષક દેવો સુવિશેષ જાગૃત થાય અને જીર્ણોદ્ધારનું કામ સત્વર પાર પડે એવા મહાન ઉદ્દેશને લઇ આ સ્થળોમાંના કોઇપણ સ્થળે અખંડ દીવાની જ્યોત રહેતી નહી હોવાથી શ્રી અજારા પાર્શ્વનાથજીના તિર્થને વિષે ઘીના દીવા રૂપી અખંડ જ્યોત હોયતો જ્યોત્સના થવાનો, અને વિજયહિરસુરીશ્વરના નામનો અત્રેનો જ્ઞાનભંડાર લુપ્તપ્રાય સ્થિતિમાં આવી ગયેલ હોવાથી તેનો પુનરોદ્ધાર થઇ જ્ઞાનની આશાતના દુર થાય અને અજાર નગરે જે યાત્રાળુ આવે તે પણ જ્ઞાનનો લાભ લઇ શકે, તેથી ત્યાં એક લાઇબ્રેરી ખોલવાનો મુનીરાજશ્રી જસવિજય મહારાજ તરફથી સદુપદેશ મળતાં તે બંને કાર્યો કરવા અત્રેના શ્રાવક ભાઇઓની [illegible]ી થઇ આવી, અને એક ફાળો તૈયાર કરી તે બંને મંગળીક કાર્યો કરવાની પાર્શ્વનાથ ભગવાન [illegible]ોક્ષકલ્યાણકની એટલે શ્રાવણ સુદી ૮ અષ્ટમીની મીતી મુકરર કરી.

## ઘીના અખંડ દીવાની જ્યોત અને જગદ્‌ગુરૂ વિજયહિરસુરીશ્વરજીનો જ્ઞાન ભંડાર (લાઇબ્રેરી) ખુલ્લો મુકવાની ક્રિયા.

આજે અષ્ટમીના સુપ્રભાત મંગળમય દિવસે ચડતા પહોરે આ બંને ક્રિયા કરવાની હોવાથી ઉના, દેલવાડા, વડવીઆળા, ફાડસર, વગેરે આસપાસના ગામના સર્વ ભાઇઓ અને બ્હેનો અજાર નગરે પુરણ ઉત્સાહથી ભેગા થયાં અને યથાર્થ વીધી વીધાન યુકત મહારાજ શ્રી જસવિજયજીની નીશ્રાની નીચે અખંડ દીવાની જ્યોત પ્રગટ કરી અને જગદ્‌ગુરૂ વિજયહિરસુરીશ્વરજી પુસ્તકાલય ખુલ્લું મુક્યું. આ વખતે શ્રી અજારાપાર્શ્વનાથ તથા વિજય-

હિરસુરીશ્વર મહારાજજીનાં મહાત્મ્ય તથા ચમત્કારો સંબંધી મહારાજ શ્રી જસવિજયજી સાહેબે ઘણું સારૂં વ્યાખ્યાન આપ્યું. તે પછી ઊના મહાલના મહેરબાન તેહેસીલદાર (વહીવટદાર) સાહેબ જેસીંગભાઇ જે કે એક જૈન ગૃહસ્થ છે તેમણે તથા મી. મોરારજી રઘુભાઇ વકીલ તથા મી. અભેચંદ હેમચંદ અને મી. પાનાચંદ જીવરાજે અચ્છીરીતે વિવેચન કરી શ્રોતાઓ ઉપર સારી છાપ પાડી, અને સુવ્યવસ્થા રહેવા માટે સંઘના સર્વાનુમતે તે કાર્યના પ્રમુખ તરીકે મી. મોરારજી રઘુભાઇ વકીલને તથા સેક્રેટરી તરીકે મી. અમ્રતલાલ ત્રીભોવનદાસ શેઠને ચુંટી કાઢવામાં આવ્યા, અને શ્રી અજારાપાર્શ્વનાથજી તથા જગદ્ગુરૂ વિજયહિરસુરીશ્વરજી મહારાજ અને જસવિજય મહારાજની જય બોલાવી દરેક શ્રાવક ભાઇઓ તથા બ્હેનો એ તિર્થને વિષે પંચ કલ્યાણક પુજા ભણાવવાના કાર્યમાં ગુંથાયાં અને સારો આનંદ મેળવ્યો.

## છેવટની વિનંતિ

આ સ્થળો આપણી પુર્વની જાહોજલાલી સુચવેછે અને તેનો પુનરોદ્ધાર કરવાની પુરેપુરી આવસ્યકતા હોવાથી તે કામ સત્વર ઉપાડી લેવા અથવા તેમાં મદદ આપવા નમ્ર વિનંતિછે.

આ જીનાલયના જીર્ણોદ્ધાર પાછળ લગભગ આઠથી તે દશ હજાર રૂપિઆની અને બે હજાર ગજ આરસ પાટીઆની જરૂર છે. આ મોટી રકમ એક વ્યકિત આપી શકે તેવું પ્રાયે જોવામાં આવતું નથી. તોપણ "પંચકી લકડી એકકો બોજ" એ શૈલી ગ્રહણ કરી યથાશકિત મદદ કરવામાં આવશે તો આ તિર્થસ્થળોનો ખરેખરો પુનરોદ્ધાર થઇ શકશે, અને મહાન પુન્ય ઉપાર્જન થશે. તેમ વિજયહિરસુરીશ્વરજી મહારાજ પુસ્તકાલયમાં જ્ઞાનની કાંઇ ભેટ મળશે તો તેનો ઘણા ભવીજીવો લાભ લેશે. જેથી એ બંને કાર્યોમાં મદદ કરવા અને તે મદદ અત્રે સંઘના અગ્રેસર દોશી ધારસી ધરમસી તરફ ઊના મુકામે મોકલવાં. તેમજ ઘણા ભવીજીવો ગીરનારજીની યાત્રા કરવા પધારે છે તો ગીરનારથી વેરાવળ, પાટણ સુધી રેલ્વે ટ્રેન દ્વારા આવી શકાય છે અને ત્યાંથી આ સ્થળો માત્ર ૨૪ કોશ દુર છે. તેમ મુંબઇથી ભાવનગર આવતી જતી સ્ટીમર જાફરાબાદનાં બંદરે ધરે છે અને ત્યાંથી આ સ્થળ માત્ર ૧૦ કોશ દુરછે. આ બંને બાજુના રસ્તા ઘણા સુલભ છે અને વાહનોની સગવડ સરતા ભાડાથી થઇ શકે છે જેથી ઘણા ભવી જીવો સંઘ કાઢીને અથવા પોતાનાં કુટુંબ સહિત પધારીને આ તિર્થનો લાભ લે છે. તે મુજબ લાભ લેઇ પોતાના આત્માની શુદ્ધી કરવા પુનઃ પુનઃ વિનંતિ કરવામાં આવે છે.

ઊના કાઠિઆવાડ. તા. ૮-૮-૧૧.		**મોરારજી રઘુભાઈ વકીલ**

## વિદ્યાની ખામીથી થતી કોમની દુર્દશા.

(લેખક-અમૃતલાલ વાડીલાલ ઉપદેશક શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.)

વિદ્યા વિણુ વૈરાગ્ય નહીં,　　વૈરાગ વિણુ નહીં સુખ;
પ્રેમ થકી તમો ભજો,　　જ્ઞાન પાઠ સન્મુખ.　　૧
દીપક વીના અંધકાર છે,　　સુંદર ઘરની માંહ્ય;
તેમ જ્ઞાન વીણુ જાણુજો,　　ખરે હૃદયની માંહ્ય.　　૨
ચક્ષુ વિના સંસારમાં,　　જીવ્યું એળે જાય;
તેમ જ્ઞાન ચક્ષુ વીના,　　ભવોભવ ભટકાય.　　૩
જ્ઞાન થકી મોક્ષજ મળે,　　જ્ઞાને મળે ધન;
જ્ઞાન વીણુ સંસારમાં,　　પશુ તુલ્ય સર્વ જન.　　૪
જ્ઞાન થકી માનજ મળે,　　જ્ઞાનથી શોભે રૂપ;
જ્ઞાનના પ્રતાપથી,　　શીશ નમાવે ભુપ　　૫
કામ ક્રોધ મદ મોહ પણુ,　　જ્ઞાન થકી હણાય;
જ્ઞાન તણા પ્રતાપથી,　　મોક્ષપદ પમાય.　　૬
જ્ઞાન દાન અમુલ્ય છે,　　તે સમ નહીં કો દાન;
અમૃતલાલની વિનંતિ,　　ધરજો અંતર ધ્યાન.　　૭

## એજ્યુકેશન બોર્ડ.

એજ્યુકેશન બોર્ડ તરફથી માસ જાનેવારી, ફેબ્રુઆરી તથા માર્ચ માસની મદદના તા. ૧૫-૮-૧૧ના રોજે પાઠશાળાઓને રૂા. ૨૮૦-૮-૦ તથા વિદ્યાર્થીઓને સ્કોલરશીપના [illegible]૧૩૨) મળી કુલ રૂપીઆ ૪૧૨-૮-૦ મનીઓર્ડરથી મોકલ્યા છે. મુંબઇની પાઠશાળા [illegible] વિદ્યાર્થીઓએ ઓફીસે આવી મદદના રૂપીઆ લઇ જવા.

બીજા ત્રણુ માસની મદદ સપ્ટેમ્બર માસમાં માસીક રીપોર્ટ આવશે તે તપાસી યોગ્ય લાગશે તેમને મોકલવામાં આવશે.

ઠે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
પાયધુની મુંબઇ.

મોતીચંદ ગીરધરલાલ કાપડિયા.
મનસુખલાલ કિરતચંદ મહેતા.
ઓનરરી સેક્રેટરીઓ.

## એજ્યુકેશન બોર્ડ—શ્રી ધાર્મીક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ.

એજ્યુકેશન બોર્ડની એક મીટીંગ તા. ૧૩-૮-૧૧ ના રોજે મળી હતી તે વખતે રા. રા. નાનચંદ માણેકચંદ મ્હેતા તથા રા. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડિઆને બાઇ રતન શા ઉત્તમચંદ કેસરીચંદની પત્ની સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા તથા શેઠ અમરચંદ તલકચંદ જૈન રીલીજીઅસ એકઝામીનેશનના જોઇન્ટ સેક્રેટરીઓ તરીકે નીમવામાં આવ્યા તથા આઠ ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવી અને પરીક્ષાનું કાર્ય શરૂ કરવા ઠરાવ થયો.

---

## શ્રી ધાર્મિક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ.

બાઇ રતન શા ઉત્તમચંદ કેસરીચંદના પત્ની સ્ત્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા તા. ૫-૧૧-૧૧ રવીવાર સં ૧૯૬૮ના કારતક સુદી ૧૪ના રોજે બપોરે ૧ થી ૪ વાગ્યા સુધીના ટાઇમમાં, પરિક્ષા મુકરર કરેલા એજંટોની દેખરેખ નીચે નકકી કરેલા સ્થળોએ લેવાશે. આ પરીક્ષા માત્ર કન્યાઓ તથા સ્ત્રીઓ માટે છે.

શેઠ અમરચંદ તલકચંદ જૈન રીલીજીઅસ એકઝામીનેશન તા. ૩૧-૧૨-૧૧ રવીવારે સં. ૧૯૬૮ના પોસ સુદી ૧૧ના રોજે બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી મુકરર કરેલ સ્થળોએ નકકી કરેલ એજંટોની રૂબરૂ લેવામાં આવશે.

આ પરિક્ષા પુરૂષો તેમજ કન્યાઓ તથા સ્ત્રીઓ માટે છે.

ઉમેદવારોએ પોતાની અરજ પરીક્ષાની તારીખથી એક માસ અગાઉ મોકલી આપવી.

પરીક્ષકો નીમવા નીમાયેલ કમીટીની મીટીંગ તા. ૧૬-૮-૧૧ બુધવારે રાતે છાડ વાગે કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી તે વખતે પરીક્ષકોની નીમણુંક કરવામાં આવેલ છે. પરીક્ષકોનાં નામ હવે પછી બહાર પાડવામાં આવશે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ
પાયધુની મુંબઇ.

નાનચંદ માણેકચંદ મહેતા
ઉમેદચંદ દોલતચંદ બરોડીયા બી. એ.
ઓનરરી સેક્રેટરીઓ.
શ્રી ધાર્મિક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ

---

## આઠમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

### તા૦ ૨૦-૮-૧૧ના રોજ મળેલી રીસેપ્શન કમીટીનો ઠરાવ.

"આજે મળેલા રીસેપ્શન કમીટીની મીટીંગ ઠરાવ કરેછે કે હાલના સંજોગો જોતાં મુંબઇમાં કોન્ફરન્સ તા૦ ૧૫-૧-૧૨થી તા-૧૫-૨-૧૨ સુધીમાં ભરવી. તે દરમિયાન પેટા કમીટીઓએ કામકાજ ચાલુ રાખવું."

## તા. ૩૧-૧૨-૧૦ સુધીના લવાજમની પહોંચ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | શેઠ અમુલખચંદજી છોગમલચંદજી | મુંબઇ | ૧॥ | શેઠ જીવણ પ્રેમચંદ | મોહનપુર |
| ૧॥ | બાબુ પનાલાલ પુરણચંદ જૈન હાઇસ્કુલ | ,, | ૧॥ | ,, વેરશી પુંજાભાઇ | મુંબઇ |
| ૧॥ | શેઠ હેમચંદ અમરચંદ | ,, | ૧॥ | ,, કેશવજી ભીમજી | ,, |
| ૩॥ | ,, ચુનીલાલ વખતચંદ | અમદાવાદ | ૧॥ | ,, મંછારામ દલીચંદ | કંથરાવી |
| ૧॥ | ,, રતનજી ત્રીકમજી | મુંબઇ | ૧॥ | ,, માણેકચંદ ઠાકરશી | ગુંદીઆળા |
| ૧॥ | ,, ઘેલાભાઇ ગણશીભાઇ | ,, | ૧॥ | ,, બાલચંદ કનીરામ | મુંબઇ |
| ૧॥ | ,, ઝવેરચંદ કલ્યાણજી | ,, | ૧॥ | ,, સોમચંદ ધારશી | ,, |
| ૧॥ | ,, હરીચંદ મીઠાભાઈ | ,, | ૧॥ | ,, ટોકરશી દેવજી | ,, |
| ૧॥ | ,, નરોતમદાસ મોતીચંદ | ,, | ૧॥ | ,, હીરાચંદ નેમચંદ જે. પી. | ,, |
| ૧॥ | ,, હંસરાજ પોપટલાલ | ,, | ૧॥ | ,, દયાલજી કાલીદાસ | ,, |
| ૪ | ,, કસ્તુરચંદ વીરચંદ | ,, | ૧॥ | ,, મોહનલાલ લલ્લુભાઇ | અમદાવાદ |
| ૧॥ | ,, નાનચંદ કેશવજી | ,, | | | |

## તા૦ ૩૦-૬-૧૧ લગીના લવાજમની પહોંચ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧॥ાઃ | શેઠ ઝવેરચંદ કલ્યાણજી | દીવ | ૧॥ાઃ | શેઠ માસાજી ફતાજી | મુંબઇ |
| ૩॥ાઃ | શ્રી મહાવીર સ્વામીના દેરાસર મુંબઇ | | | | |

## તા. ૩૧-૧૨-૧૧ સુધીના લવાજમની પહોંચ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| [illegible] | બાલચંદ મુળચંદ | અજમેર | ૧॥ | ,, લાલભાઇ ચુનીલાલ ઝવેરી | અમદાવાદ |
| [illegible] | લક્ષ્મીચંદજી ધીયા | પ્રતાપગઢ | ૨॥ | ,, લક્ષ્મીચંદ લલુભાઈ | ,, |
| ૧॥ | ,, કુંદનમલજી કપૂરચંદજી | મુંબઈ | ૩॥ | ,, ચીમનલાલ લલ્લુભાઇ | ,, |
| ૧॥ | ,, [illegible]લીભાઇ દેવરાજ | શેરડી | ૨॥ | ,, મગનલાલ છગનલાલ | ,, |
| ૧॥ | ,, [illegible]રશી તારાચંદ | છઠીઆરડા | ૩ાઃ | કેશવલાલ બેચરદાસ | ,, |
| ૧॥ | ,, [illegible]ડીલાલ કે. શાહ | પાલજ | ૧॥ | ,, મુલચંદ આશારામ | ,, |
| [illegible] | [illegible]નુગામુહતા પંચાનદાસ | બીસલપુર | ૧॥ | ,, મયાચંદ હરખચંદ | અઇડોર |
| ૧॥ | [illegible]ાઇબ્રેરી | વડોદરા | ૧॥ાઃ | ,, હીરાચંદ રૂપાજી | અમલસાડ |
| ૧॥ | [illegible] અસલાજી | હરજી | ૧॥ | ,, રવજીભાઇ લક્ષ્મીચંદ | આકલુંજ |
| [illegible] | [illegible]ંદજી રીખવદાસજી | ભોપાળ | ૧॥ | ,, ભાઇચંદ હેમચંદ | ,, |
| ૧॥ | [illegible]ીલાલ વીરચંદ | મુંબઇ | ૧॥ | ,, પનાજી હંસરાજ | આડોની |
| ૧॥ | [illegible]વીંદરાવ દીપાજી શાળત્રી | વડોદરા | ૧॥ | ,, નાગરદાસ વીરચંદ | આસોદર |
| ૨॥ | [illegible]છોટાલાલ લલુભાઇ | અમદાવાદ | ૧॥ | ,, લલ્લુભાઈ મગનલાલ | ,, |
| [illegible] | ,, ડાહ્યાભાઈ નાનશાહ | ,, | ૧॥ | ,, ધામડશી જુહારમલ | ઇંદોર |
| [illegible]॥ | ,, ભીખાભાઈ પરશોતમ | ,, | ૨ | ,, નથમલજી બોથરા | ,, |
| [illegible]॥ | ,, પોપટલાલ મનસુખરામ | ,, | ૧॥ | ,, ફુલચંદ માણેકચંદ | ઇસલામપુર |
| ૩॥ | ,, ગોપાલદાસ ન્યાલચંદ | ,, | ૧॥ | ,, મોતીચંદ ડુંગરશી | ધ્રુચળકરંજી |

| | | |
|---|---|---|
| ૧ા | ,, નથમલજી દલીચંદ | અહમદનગર |
| ૧ા | ,, ચુનીલાલ ન્યાલચંદ | અમલનેર |
| ૧ા | ,, રતનચંદ દગડુશાહ | ,, |
| ૧ા | ,, મગનલાલ ખીમચંદ | ,, |
| ૧ા | ,, પ્રેમરાજ મોતીચંદ | કુરડુવાડી |
| ૧ા | ,, લાલજીભાઇ શીવજીભાઇ | ખંડવા |
| ૧ા | ,, હરગોવીંદ કસનદાસ | ખેડા |
| ૧ા | ,, અમથાભાઇ પીતામરદાસ | કાસીંદ્રા |
| ૧ા | ,, ભગવાનજી મંચ્છાજી | કાડાપાહ |
| ૧ા | મેસર્સ લક્ષ્મીચંદ જીવણ કું, | કુરલા |
| ૧ા | શેઠ મોનજી ત્રીકમભાઇ | કુંડલા |
| ૧ા | ,, રૂપચંદ લાલચંદ | કોપરગામ |
| ૧ા | ,, અમીચંદ લાલચંદ | અંકલેશ્વર |
| ૧ા | ,, સાહેબચંદજી મ્હેતા | ખીમેલ |
| ૧ા | શ્રી સુમતિરત્નસુરી જૈન લાઇબ્રેરી | ખેડા |
| ૧ા | શેઠ વજાંગજી ઉમાજી | ગોકાક |
| ૧ા | ,, માણેકલાલ કેશવજી | ગંભીરા |
| ૧ા | ,, રામલાલ રતનલાલ | ગૌતમપુરા |
| ૧ા | ,, હીરાચંદ કકલભાઈ | અમદાવાદ |
| ૧ા | ,, લાલભાઇ ત્રીકમલાલ | ,, |
| ૧ા | ,, હીરાચંદજી સચેતી | અજમેર |
| ૧ા | ,, વીરાજી નાથાજી | અલીરાજપુર |
| ૨ાા | રાયબહાદુર બુદ્ધસિંહજી | આજીમગંજ |
| ૧ા | શેઠ કાલુરામ શ્રીમલ | ,, |
| ૨ાા | ,, સીતાબચંદજી નાહાર | ,, |
| ૧ા | ,, મોતીચંદ જેચંદ | આડોની |
| ૧ા | ,, પુનમચંદજી ગુલાબચંદજી | આમગામ |
| ૧ા | ,, ખુબચંદ ઓટાજી | આકડોદ |
| ૧ા | ,, ભોગીલાલ ઉતમચંદ | ઉન |
| ૧ા | ,, બળવંતસીંહજી કોઠારી | ઉદેપુર |
| ૧ા | ,, નગીનદાસ છગનલાલ | ઉંઝા |
| ૧ા | ,, ધામણશી જુહારમલ | ઉજ્જૈન |
| ૧ા | ,, કસ્તુરચંદ મનજીભાઇ | ઓરપાડ |
| ૧ા | લાલા મંગારામ બનારશી | અંબાલા |
| ૧ા | શેઠ નાથાભાઇ લવજી | અંજાર |

| | | |
|---|---|---|
| ૧ા | ,, મુળચંદ ધરમચંદ | ઉંઝા |
| ૧ા | ,, દામોદર બાપુશા | યેવલા |
| ૧ા | ,, સુખલાલ સવજીભાઇ | ઓડુ |
| ૧ા | ,, પોપટલાલ ગુલાબચંદ | ઔરંગાબાદ |
| ૧ા | ,, જેઠમલજી લોમાજી | અંધેરી |
| ૧ા | ,, છગનલાલ ઉતમરામ | કઠોર |
| ૧ા | ,, નરસીંહસવજી રીખવસવજી | કરંજા |
| ૧ા | ,, બાપુલાલ નાહાલચંદ | કરાચી |
| ૧ા | ,, લવજીભાઇ ઝવેરચંદ | ,, |
| ૧ા | ,, આનંદચંદ સીપાણી | કલકત્તા |
| ૧ા | ,, જેઠાલાલ દાલાજી | કવેટા |
| ૨ | ,, લાલચંદ વીરચંદ | કાવલ |
| ૧ા | ,, રીખવદાસ છગનલાલ | કાવનાઇ |
| ૧ા | ,, રામસુખ મંગીલાલ | કાંકેર |
| ૧ા | ,, વીસાજી રાયચંદજી | કુકસી |
| ૧ા | ,, ઓપાજી ડુંગરચંદજી | ,, |
| ૧ા | ,, મનરૂપજી દેવીચંદજી | ,, |
| ૧ા | ,, અમીચંદ દેવચંદ | [illegible] |
| ૨ | ,, મણીરામજી લાલચંદ | [illegible] |
| ૧ા | ,, ગોવરધન ગોપાલજી | કોચીન |
| ૧ા | ,, ચેલાદાસ લીલાધર | ખરસદા |
| ૧ા | ,, લાલચંદ વીરચંદ | કાગળ |
| ૧ાાા= | ,, હીરાચંદ શેષકરણ | કલકત્તા |
| ૧ા | ,, હીરજીભાઇ જેઠાભાઇ મોટા | આં[illegible]બિયા |
| ૩ાા | ,, રામલાલજી ગુલેચ્છા | [illegible]રીઆ |
| ૧ા | ,, ગુલાબચંદજી શોભાગમ[illegible] | [illegible]લીયર |
| ૧ા | ,, નાનચંદ ધનરાજ | [illegible]સીઆ |
| ૧ા | ,, ગુલાબચંદ હાકેમચંદ | [illegible]લાજ |
| ૧ા | ,, સાંધાજી ખુબાજી | ગંતુર |
| ૧ા | ,, લાલા નાનકચંદજી | ગુજરાંવાલા |
| ૧ા | શેઠ ચતુરભાઇ ગોકળભાઇ | [illegible]દી |
| ૨ | ,, વાલચંદ શીરચંદ | [illegible] |
| ૨ાા | ,, કુંદનમલજી શોભાગમલજી | અજમે[illegible] |
| ૧ા | ,, મફતલાલ નારણદાસ | કરાંચી |
| ૨ાા | ,, સરદારમલ જસરાજ | કલકત્તા |

Registered N..B: 525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ અકટોબર ૧૯૧૧ [અંક ૧૦

## અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| अजीतजीन स्तवन ( लेखक—कानुगामूता पंचाणदास. ) .... | २८९ |
| ગહુંલી. ... ... ... ... ... ... ... | ૨૯૦ |
| આઠમી શ્રી જૈન શ્વેતાંબર કૉનફરન્સ રીસેપ્શન કમીટી. ... ... | ૨૯૧ |
| શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ. (એડવાઇઝરી બોર્ડ, પુસ્તકોદ્ધાર ખાતુ, જીવદયા કમીટી, નિરાશ્રીત ખાતુ, પરચુરણ કામકાજ, ઉઘરાણી.) ... ... ... ... | ૨૯૧ થી ૨૯૮ |
| ધાર્મિક હીસાબ તપાસણી ખાતુ. .... ... ... ... ... | ૨૯૮ |
| સુકૃત [illegible]ર ફંડ. ... ... ... ... ... ... | ૩૦૦ |
| ઉપદેશકના ભાષણોથી થયેલા ઠરાવો. ... ... ... ... | ૩૦૧ |
| वैश्य [illegible]तिका दिग्दर्शन (लेखक—काकावारा चंपालालजी,) | ३०६ |
| વિદ્યા. (લેખક—મી. અમ્રતલાલ વાડીલાલ ઉપદેશક) ... ... | ૩૦૯ |
| ઢોરોમાં ખ[illegible]સનું દરદ અને તેની સારવાર ... ... ... | ૩૧૨ |
| કરકસરથી પૈસા બચાવવાની એક ઉમદા તક ... ... ... | ૩૧૪ |
| જૈન લગ્નવિધિ શાસ્ત્રાનુસાર સાબીત ... ... ... ... | ૩૧૭ |
| શ્રી જૈન ગ્રેજ્યુએટસ એસોશીયેશનની મીટીંગ ... ... ... | ૩૨૧ |
| પુસ્તક પહોંચ—જીવદયા વિગેરે ... ... ... ... ... | ૩૨૨ |


પ્રગટ કર્તા—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.

[illegible]ી-મુંબઈ.

वार्षिक [illegible] समेत सिर्फ रु. १—४—०

कालबादेवी प्रिन्टिंग प्रेस.

## તા. ૩૧-૧૨-૧૦ સુધીના લવાજમની પહોંચ.

| | | | |
|---|---|---|---|
| ૧ા શેઠ હરીલાલ અમીચંદ | મુંબઇ | ૧ા ,, ગંભીરમલજી જસરૂપમલજી | ફણસા |
| ૧ા ,, ગોમાજી કેવળચંદજી | ,, | ૧ા ,, હીરાચંદ ખુશાલચંદ | મુંબઇ |
| ૧ા ,, કેસરીચંદ ભાણાભાઇ | ,, | ૧ા ,, અમરચંદ ઘેલાભાઇ | ,, |
| ૧ા ,, ગોકળભાઈ દોલતરામ | ,, | ૧ા શ્રી કચ્છી દશાઓશવાળ મહાજન | ,, |
| ૧ા ,, નરોતમદાસ ભાણજી | ,, | ૧ા શેઠ લેરૂભાઇ ચુનીલાલ | ,, |
| ૧ા ,, નેણશી ફુલચંદ | લખતર | ૧ા ,, મગનલાલ પરશોતમ | ,, |
| ૧ા ,, અમથારામ નથુચંદ | ધીણોજ | ૧ા ,, હરીચંદ શોભણભાઇ | ,, |

## તા૦ ૩૧-૧૨-૧૧ સુધીના લવાજમની પહોંચ.

| | | | |
|---|---|---|---|
| ૧ા ,, પ્રેમાભાઇ કેવળચંદ | કપડવંજ | ૧ા શેઠ પરશોતમ અમરશી | કાલીકટ |
| ૧ા ,, નાનચંદ મુળચંદ | કરમાલા | ૧ાા~ શેઠ અમરચંદ ઝવેરચંદ | ,, |
| ૧ા ,, ગુલાબચંદ અમથાભાઇ | મીયાગામ | ૧ા શેઠ નાથાભાઇ ડાહ્યાભાઇ | સુરત |
| | કરજણ | ૨ાા ,, નાનચંદ ગુલાબચંદ | મુંબઇ |
| ૨ાા ,, દુલભજી અમરશી | કરાંચી | ૧ા ,, વોરીદાસ કુહાજી | ,, |
| ૧ા ,, મણીલાલ મગનદાસ | ,, | ૧ા ,, દલીચંદ મેઘાજી | ,, |
| ૧ા ,, મેઘજી શામજી | અગત્રાઇ | ૧ા ,, છગનલાલ લક્ષ્મીચંદ | [illegible] |
| ૧ા ,, બાબુ રાયકુમારસીંહજી | કલકત્તા | ૧ા ,, મુલજીભાઇ ખીમચંદ | [illegible] |
| ૧ા ,, રાયબહાદુર બદ્રીદાસજી | ,, | પાા ,, મોતીચંદ દેવચંદ | મુંબઇ |
| ૧ા ,, બીજરાજજી મુલચંદ | કટંગી | ૧ા ,, મગનલાલ રાયચંદ | જેતલપુર |
| ૨ ,, મુળચંદ ડાયારામ | કાવનાઇ | ૧ા ,, આશારામ ન્યાલચંદ | દેહગામ |
| ૧ા ,, માનસંગ ટોકરશી | ખાખરા | ૧ા ,, ધરમચંદ ચેલજીભાઇ | પાલણપુર |
| ૩ાા ,, મંગળદાસ છગનલાલ | મુંબઇ | ૧ા ,, અમ્રતલાલ વનમાળીદાસ | પાદરા |
| ૩ાા ,, ગણપતસીંગજી | આજીમગંજ | ૧ા ,, ચુનીલાલ શીવલાલ | ,, |
| ૧ા ,, ચુનીલાલ હરીચંદ | ખેડચાંદરણી | ૨ાા ,, મોતીચંદ ભગવાનદાસ | પુના |
| ૧ા ,, મુલચંદજી જેઠમલજી | કાંમ્પટી | ૨ાા ,, ધનજી પ્રેમચંદ | ,, |
| ૧ાા~ શેઠ નવાજી પેડાજી | કોકાનાડા | ૨ાા ,, ભીખાભાઇ લક્ષ્મીચ[illegible] | ,, |
| ૨ાા ,, વીરજીભાઇ ડાયાભાઈ | કુંડલા | ૧ા શેઠ જીવણજી દેવાજી | બારડોલી |
| ૧ા ,, વલભજી ભુદરદાસ | મુંદરા | ૧ા ,, ભીખાભાઇ મોતીજી | બીલીમેરા |
| ૧ા ,, રામરાજ હવાલદાર | ખાજવાણ | ૧ા ,, માણેકચંદ ઉત્તમચંદ | [illegible]નપુર |
| ૧ા ,, ત્રીભોવન મલુકચંદ | મુંબઇ | ૧ા ,, ડાહ્યાભાઇ દલપતરામ | [illegible] |
| ૧ા ,, ગંભીરમલ કેશરચંદ | રાવણગામ | ૧ા ,, બીરધીચંદજી અનરાજ | મલ[illegible] |
| ૧ા ,, બાલાભાઇ ગટાભાઇ | પાલણપુર | ૧ા ,, ધરમચંદ કેવળદાસ મીયાંગામ | કરજ[illegible] |
| ૧ા શેઠ નારણદાસ ચુનીલાલ | જાલના | ૧ા ,, નરસીભાઈ દેવરાજ | " |

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

काऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्

कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।

नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,

किं चैत्तन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઈ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ અકટોબર ૧૯૧૧ [અંક ૧૦

## अजीतजीन स्तवन.

(लेखक—कानूंगामूला पंचांणदास—बीसलपुर.)

आज मे पुजा रचावण आयो, मारे दिलमे हरक सवायो: (टेक)
अजीत जीन सरणागतमे आयो, मोपे महीर करो प्रभू आयो. आ. मा. १
मुखडो दिठां दु:ख सब जावे, पुजीयां पातक दुरो;
बीगन हरण जीनराज जीनंदजी, सरणे लीयो है तुमारो. आ. मा. २
नीज चरणांशे सेवक जानी, मोपे महीर करीजे;
भादव मासे परव पजूसण, दरसन मूजको दीजो. आ. मा. ३
बहु नरनारी करे तपसीया, केइ करे व्रत पचखानो;
मेरा मनमे वसीयो जीनंदजी, चरण कमला बलीहारो. आ. मा. ४
भादव सुदकी दुतीया चोथको, परब छमछरी आयो;
नीत उठ स्मरण करता प्रभूजी, बेहेडा पार लगायो. आ. मा. ५
बीसलपुरमें मन्दिर तीहारो, दीन २ तेज सवायो;
हुकम करो जीनवरजी मोपे पंचांणदास जस गायो. आ. मा. ६

## ગહુંલી.

**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી લેવામાં આવનારી શ્રી જૈન ધાર્મિક ઇનામી પરીક્ષાના ધો. ૧ લામાં રાખેલ ગહુંલી એ-ગહુંલી સંગ્રહ નામના ગ્રંથ ભાગ પેહેલામાંથી નક્કી કરેલ તે નીચે આપવામાં આવેલ છે.**

(રાગ ધોળ.)

એની સંચરતાંરે સંસારમાંરે, એની સદ્દગુરૂ ધર્મ સંજોગ–વધાવો ગહુંઅલીરે
એની સદહણા જીન શાસનનીરે, એની પૂરણ પુણ્ય સંજોગ. વધાવો– ૧
એની સમસંતોષ સાડી બનીરે, એની નવબ્રહ્મ નવરંગ ઘાટ. વ૦
એની તપ જપ ચોખા ઉજળારે, એની સત્યવૃત વિનય સુવાટ. વ૦ ૨
એની સમકીત સોવન થાલમાંરે, એની કનક કચોલે સંગ, વ૦
એની સંવર કરો શુભ સાથીઓરે, એની આણા તિલક અભંગ. વ૦ ૩
એની સમિતિ ગુપ્તિ શ્રીફલ ધરોરે, એની અનુભવ કુંકુંમ ઘોલ વ૦
એની નવ તત્વ હઇએ ધરોરે, એની ચરચો ચંદન રંગ રોલ. વ૦ ૪
એની ભવજલ જેહમાં ભેદીયેરે, એની વિવેક વધારો શાલ. વ૦
એની વીર કહે જીન શાસનેરે, એની રહેતાં મંગલમાલ. વ૦ ૫

---

હાંજી સમકિત પાલો કપાસનો, હાંજી પેંજણુ પાપ અઢાર;
હાંજી સૂત્ર ભલુંરે સિદ્ધાંતનું, હાંજી ટાળો આઠ પ્રકાર.
હાંજી શીયલ સુરંગી ચૂનડી. ૧
હાંજી ત્રણ ગુપ્તિ તાણો તાણો, હાંજી નલીય ભરી નવ વાડ;
હાંજી વાણો વાણોરે વિવેકનો, હાંજી ખેમા ખુંટીય ખાય. હાંજી શી. ૨
હાંજી મૂળ ઉત્તર ગુણ ઘુઘરા, હાંજી છેડા વણોને ચાર.
હાંજી ચારિત્ર ચંદો વચ્ચે ધરો, હાંજી હંસક મોર ચકોર. હાંજી શી. ૩
હાંજી અજબ બિરાજે ચૂનડી, હાંજી કહો સખી કેટલું મૂલ્ય;
હાંજી લાખેં પણ લાભે નહીં, હાંજી એહ નહીં સમતોલ. હાંજી શી. ૪
હાંજી પહેલી ઓઢી શ્રીનેમજી, હાંજી બીજી રાજુલ નેટ;
હાંજી ત્રીજી ગજ સુકુમાલની, હાંજી ચોથી સુદર્શન શેઠ. હાંજી શી. ૫

હાંજી પાંચમી જંબુસ્વામીને, હાંજી છઠી ધનો અણગાર;
હાંજી સાતમી મેઘ મુનિસરૂ, હાંજી આઠમી એવંતી કુમાર. હાંજી શી. ૬
હાંજી સીતા કુંતા દ્રૌપદી, હાંજી દમયંતિ ચંદનબાલ;
હાંજી અંજના ને પદ્માવતી, હાંજી શીયળવતિ અતિસાર. હાંજી શી. ૭
હાંજી અજબ બિરાજેરે ચૂનડી, હાંજી સાધુના શણગાર;
હાંજી મેઘ મુનિસર એમ ભણે, હાંજી શીયળ પાળો નરનાર. હાંજી શી. ૮

## આઠમા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

### રીસેપ્શન કમીટી.

આઠમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રીસેપ્શન કમીટીની એક મીટીંગ તા. ૧૯-૮-૧૧ ના સરક્યુલર મુજબ તા. ૨૦-૮-૧૧ રવીવારે બપોરે ૧૨ વાગે (મુ. ટા) પાયધુની પર શ્રી ગોડીજી મહારાજશ્રીના મંદીરના ઉપાશ્રયમાં મળી હતી તે વખતે લગભગ ૩૦ મેમ્બરો હાજર હતા

પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શૌભાગચંદ બીરાજ્યા હતા.

બાદ સેક્રેટરીએ સરક્યુલર વાંચી સંભળાવ્યો હતો. ત્યાર પછી આગલી મીનીટ વાંચી પસાર કરવામાં આવી હતી.

આઠમી કોન્ફરન્સ ભરવાના સંબંધમાં લગભગ ૨॥ કલાક સુધી લંબાણ વિચાર કરવામાં આવ્યો. છેવટે સર્વાનુમતે નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

### ઠરાવ.

"આજે મળેલી રીસેપ્શન કમીટીની મીટીંગ ઠરાવ કરે છે કે હાલના સંજોગો જોતાં હાલ મુંબઇમાં કોન્ફરન્સ તા ૧૫ મી જાનેવારીથી ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૯૧૨ સુધીમાં ભરવી. તે દરમ્યાન પેટા કમીટીઓએ કામકાજ ચાલુ રાખવું."

છેવટે પ્રમુખ સાહેબનો ઉપકાર માની શ્રી ગોડીજી મહારાજની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી.

## મુંબઇ-શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ.

### એડવાઇઝરી બોર્ડ.

કોન્ફરન્સ એડવાઇઝરી બોર્ડની એક મીટીંગ તા૦ ૭-૮-૧૧ ના સરક્યુલર મુજબ તા૦ ૮-૮-૧૧ મંગલવારે રાત્રીના ૭॥ વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી તે વખતે નીચેના મેમ્બરો હાજર હતા:—

શેઠ કલ્યાણચંદ શોભાગચંદ — રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા.
,, મોહનલાલ હેમચંદ — ,, મકનજી જુઠાભાઇ મહેતા.
,, માણેકલાલ ઘેલાભાઇ — ,, લલ્લુભાઈ કરમચંદ દલાલ.

પ્રમુખસ્થાને **શેઠ કલ્યાણચંદ શોભાગચંદ** બીરાજ્યા હતા. આગલી મીટીંગ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતુ.

૧ જીવદયા સંબંધી અજમેરથી શ્રી સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી આવેલા પત્રો રજુ કરી વાંચવામાં આવ્યા, ને તે ઉપર વિચાર કરવામાં આવ્યો. છેવટે શેઠ માણેકલાલ ઘેલાભાઇ તથા રા. રા. લલ્લુભાઇ કરમચંદ દલાલ બન્નેએ સાથે મળી તે પત્રોના યોગ્ય જવાબ લખવા.

૨ આબુજીના સંબંધમાં શીરોહીના મહાજનનો આવેલ પત્ર રજુ કરી વાંચવામાં આવ્યો. આના સંબંધમાં A. G. G. સાથે કયા કયા પોઇન્ટસ ઉપર વાતચીત કરવાની છે તેની નોંધ કરીને શેઠ માણેકલાલ ઘેલાભાઇએ રા. રા મકનજી જુઠાભાઇ મ્હેતાને વંચાવી યોગ્ય સુધારો વધારો કરીને, શીરોહીના મહાજનને જવાબ લખી મોકલવો.

૩ મી. બાસુના લગનના કાયદાના સંબંધમાં આપણી કોન્ફરન્સ તરફથી કામ કરવું નહિ

---

## પુસ્તકોધ્ધાર ખાતુ.

આ ખાતા તરફથી અત્યાર સુધીમાં નીચે જણાવેલ ૪૧ ગ્રંથોની શુધ્ધ નકલે તૈયાર કરાવવામાં આવેલ છે તે ગ્રંથો પૈકી કોઈ પણ ગૃહસ્થને કોઇ પણ ગ્રંથની નકલ જોઇતી હશે તો તેમને ખર્ચે ફેરો ટાઇપથી નકલ તૈયાર કરાવી આપવામાં આવશે જે કોઇ ગૃહસ્થને નકલ જોઇએ તેમણે પત્ર વ્યવહાર કરવો.

### ગ્રંથોના નામ.

૧ યોગદૃષ્ટિ સમુચ્ચય.
૨ ન્યાયાવતાર વૃત્તિ.
૩ વાદિવિન્વ પ્રકરણ.
૪ પ્રમાણસાર.
૫ પ્રમાણકલિકા.
૬ પ્રમાણસાર (બીજું)
૭ ધર્મ પરીક્ષા (સટીક)
૮ પંચ સંગ્રહ ટીકા.
૨૨ સર્વજ્ઞ વ્યવસ્થાપના સ્થળ.
૨૩ જીવાસ્તીવાદ.
૨૪ વેદપાણતા નિરાકરણ.
૨૫ ગણધરવાદ.
૨૬ તમોવાદ.
૨૭ અગ્નિશીતત્વ સ્થાપના વાદ.
૨૮ વિપ્રવકત્ર મુદ્દગર.
૨૯ સ્ત્રી નિર્વાણ સિદ્ધિ.

૯ પંચ સંગ્રહટીકા (બીજું)
૧૦ અનેકાંત જયપતાકા.
૧૧ સર્વજ્ઞ સિધ્ધિ પ્રકરણ.
૧૨ લલિત વિસ્તરા.
૧૩ તર્કવાદ.
૧૪ પ્રમાણ સુંદર.
૧૫ સ્વાર્થ નિરાકરણ સ્થળ.
૧૬ અપશબ્દ નિરાકરણ.
૧૭ સર્વજ્ઞવાદ સ્થળ.
૧૮ ઈશ્વરવાદ નિરાકરણ.
૧૯ દષ્ટાંત દૂષણ.
૨૦ સંક્ષેપેણ સર્વજ્ઞ સિદ્ધિ.
૨૧ સર્વજ્ઞ સ્થળ.
૩૦ નયસ્વરૂપ.
૩૧ સપ્તભંગી પ્રકરણ.
૩૨ માર્ગ પરિશુદ્ધિ.
૩૩ અનેકાંત વાદ પ્રવેશ.
૩૪ સિદ્ધિ વિનિશ્ચય ટીકા.
૩૫ નયપ્રકાશ વૃત્તિ.
૩૬ મોહ સમયજ્ઞાન દર્શનવાદ.
૩૭ નયચક્રપાલ વૃ. વૃત્તિ.
૩૮ શાસ્ત્રવાર્તા સમુચ્ચય.
૩૯ સંવેગ રંગ શાળા.
૪૦ ગુરૂતત્વ નિર્ણય.
૪૧ પ્રભા લક્ષ્યાલક્ષણ.

## જીવ દયા કમીટીની ત્રીજી મીટીંગ.

તા. ૨૩-૭-૧૧ નેરોજ બપોરના ૧ વાગે કૉન્ફરન્સ ઑફીસમાં મી૦ દેવીદાસ લખમીચંદ ખેબરીયાના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે મી૦ ખેબરીયા ઉપરાંત શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ, મી૦ મણીલાલ હાકેમચંદ ઉદાણી, મી૦ ઉમેદચંદ દોલતચંદ બરોડિયા, શેઠ માણેકલાલ ઘેલાભાઇ, મી૦ લલુભાઇ કરમચંદ દલાલ હાજર હતા. તે વખતે થયેલ કામકાજ.

૧. આગલી મીટીંગમાં થયેલા વિચારો વિષે ફરી વિચાર ચલાવવામાં આવ્યો હતો અને સર્વાનુમતે આગળ નકકી કરવામાં આવ્યા મુજબ પરીક્ષા અને નિબંધનું કાર્ય શરૂ કરવા જુદા તારીખે મંગાવવા જાહેર ખબર આપવા નકકી કર્યું.

૨. ધર્મના નામે થતો પશુવધ અટકાવવા જીલ્લા કલેકટરો જોગ અરજી કરવા નકકી ઠર્યું. (આ માટે ધુલીયા પ્રાણીરક્ષક મંડળીના સેક્રેટરી જોગ પત્રવ્યવહાર કરવા અને અરજી તૈયાર કરવા ઠર્યું.

૩. દશેરાની અરજી બાબત પણ અત્યારથી તૈયારી કરવી જેમાં યોગ્ય વધુ બીના (જીવોને રાહત વધુ મળે તેવી) ઉમેરવી.

૪. અજમેર ઓફીસનો તા. ૧૭-૭-૧૧ નો જીવદયાના કાર્યો કયાં કયાં કરવા યોગ્ય છે તે સંબંધીનો પત્ર રજુ કર્યો હતો તે ઉપરથી નીચલી બીનાઓ નોંધી લેવામાં આવી અને તેઓને નીચલા ખુલાસા સાથે પત્ર લખવા ઠર્યું.

૧. ના૦ વાઇસરાયને આપવાની અરજીની બીના ઉપર હાલ તુરત ધ્યાન આપવું દુરસ્ત ધાર્યું નથી.

૨. **બંગાલ** પ્રાંતમાં નિબંધની યોજના બાબત ત્યાંની ઓરીસ કાર્ય ઉપાડી શકે અને તે માટે પૈસાની સગવડ થઇ શકે ત્યાં સુધી વિચાર ઉપર રાખીછે આ માટે આગળ ઉપર થઇ શકશે

૩. ખાસ **ઉપદેશક** રોકવા કમીટી ભલામણ કરી શકતી નથી પણ પ્રસંગે કાર્ય કરી શકાય એવે વખતે તેવી ગોઠવણ કરવાને યોગ્ય ધાર્યું છે. તેવી રીતે કેટલીક વખત કરાય પણ છે અને કરવા ઉપયોગ રાખશું.

૪. કલકત્તામાં **દુર્ગાપુજા** અવસરે બંગાલીઓને અપીલવાલા પેમ્ફલેટની કલો છપાવીને ત્યાં વહેંચાવવાની બાબત પસંદ કરી છે. આની એક લાખ નકલ તો ત્યાં છપાઇને શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ માર્ફતે વહેંચાઇ ગઇ છે. વલી પણ આસો માસમાં તેમ કરશું.

૫. જૂદા જૂદા પ્રાંતોમાં બુકો ઉપર ઇનામ આપી બે ત્રણ ભાષામાં તરજુમો કરી વહેંચાવવા બદ્દલની સુચના આવતા વર્ષ ઉપર મુલતવી રાખી છે. ફંડ ઉપર તેનો આધાર છે.

૬. **ઇન્ડીયન વેજીટેરીયન કોન્ફરન્સ** ભરવાની સુચના કમીટીએ હર્ષ સાથે પસંદ કરીછે પણ તે માટે ચાલુ વર્ષનાં કાર્યના પરીણામ પછી યોગ્ય હીલચાલ કરવી એમ દુરસ્ત ધાર્યું છે.

૭. **દક્ષિણ** પ્રાંતમાં અમુક દિવસે ધર્મના નામે થતા પશુવધ બાબત–જીલ્લા કલેકટરોને અરજ ગુજારવાને કમીટીએ ઠરાવેલું છે જે કાર્ય થોડા વખતમાં થશે.

૮. વોરાઓના મુલ્લાંજી બાબત એવો વિચાર થયોકે તેઓ અત્રે ઘણી વખત આવે છે ને હાલ આવેલાછે તો અનુકુળ ટાઇમ મેળવી તેમને મળી અરજ કરવી.

૯. રાજા મહારાજાઓ પાસે ડેપ્યુટેશન મોકલવા હાલ તરત અત્રેથી બને તેમ સંજોગ જણાતા નથી ત્યાંથી બની શકે તો યોગ્ય હીલચાલ કરશો. વખત આવે વીચાર કરવાને કમીટીએ જરૂર ધારી છે.

૧૦ મદન મોહન માલવીઆના પત્રની નકલ કમીટીએ વાંચી છે તે વિષે તેઓને શું જવાબ મળે છે તે જાણવા સુધી વિચાર કરવો મુલતવી રાખ્યો છે.

આ પ્રમાણે વિચાર કમીટીમાં થયો તે લખી જણાવવાને ઠર્યું. ત્યાર બાદ ફરજયાત શીતલાનો કાયદો પસાર થાય છે તે વિષે એક પારસી ગ્રહસ્થે હાજર થઇ હકીકતો જણાવી તે સાંભળી યોગ્ય જવાબ આપવામાં આવ્યો.

## નિરાશ્રીત ખાતું.

ગરીબ નિરાશ્રીત, વિદ્યાર્થીઓ અને વિધવાઓ મળી ૨૬–૨૭ જણાને માહે જુલાઇ સને ૧૯૧૧ના માસની મદદના આશરે રૂ. ૭૫) તા. ૧–૭–૧૧ના રોજ, માહે ઓગષ્ટ માસની મદદના આશરે રૂ, ૭૫ તા. ૩–૮–૧૧ના રોજ, અને માહે સપ્ટેમ્બર માસના મદદના રૂ. ૭૫) ને આશરે તા. ૩–૯–૧૧ના રોજ મનીઓડરથી મોકલવામાં આવ્યા છે.

## પરચુરણ કામકાજ.

ઓગષ્ટ માસના હેરલ્ડના પાને ૨૬૫–૨૬૬ મે છાપી જાહેર કર્યા મુજબ મહેરબાન કલેકટર સાહેબને એ પત્ર લખવામાં આવ્યા હતા. તેનો જવાબ તેઓ સાહેબ તરફથી નીચે મુજબ આવેલ છે.

No. 5988.　　Bombay Collector's Office.
23 rd August 1911.

From,

E. L. Sale Esquire, I. C. S.,
Collector of Bombay.

To,

Mr. Kalyanchand Sobhagchand
Resident General Secretary to the Jain
Swetamber Conference, Pydhoni.
Bombay.

Sir,

In reply to your letter dated the 18 th Instant I have the honour to inform you that the Government orders when received will be duly communicated to you.

I have the honour to be,
Sir,
your most obedient servant.
Sd/ E. L. Sale.
Collector of Bombay.

આવેલ પત્રની નકલ અજમેર સ્થાનકવાસી કોનફરન્સ ઓફીસ તરફ તથા દિગંબર મહાસભાના પ્રમુખ શેઠ માણેકચંદ હીરાચંદ તરફ, તથા રા. રા. મણીલાલ ઉદાણી M. A. તરફ તથા અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજી તરફ મોકલવામાં આવેલ છે. આ સંબંધમાં અત્યાર સુધી ચાલેલ પત્રવ્યવહાર નીચે આપેલ છે.

No. 6403 Bombay Collector's Office,
5 th September 1911

From,

E. L. Sale Esquire, I. C. S.,
Collector of Bombay.

To,

The Resident General Secretary
to the Jain Swetamber Conference
Bombay.

Sir,

With reference to the correspondence ending with your letter No. T. 91/7 dated the 29 th July 1911, I have the honour to inform you that your application for permission to present an address to His Majesty the King Emperor was forwarded to Government for orders.

2. I am directed by Government to inform you that Government, while fully recognising the spirit of loyalty which has promoted the desire of the Jains of Bombay to present personally an address to His Majesty the King Emperor, regret that it will not be possible to accede to their wishes.

3. The Jains of India may, however, if they so desire, submit an application to be allowed to send an address on the occasion of the Coronation Darbar at Delhi and the application will be considered by Government. I have however to make it clear to you that the movement must have the support of the whole body of influential Jains outside Bombay.

I have the honour to be,
Sir,
your most obedient servant,
Sd/ E. L Sale.
Collector of Bombay.

આ પત્રની કોપીઓ અજમેર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ, શેઠ માણેકચંદ હીરાચંદ પ્રમુખ દીગંબર મહાસભા, શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ, શેઠ કુંવરજી આણંદજી

સંઘ સમસ્ત ભાવનગર, રા. રા. મણીલાલ હાકેમચંદ ઉદાણી M. A. મુંબઇ, ધી જૈન યંગ મેન્સ એસોસીએશનના સેક્રેટરીને લલીતપુર વિગેરેને મોકલવામાં આવેલ હતી. બાદ તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજે કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ શોભાગચંદની સહીથી નીચે મુજબ અરજી મહેરબાન કલેક્ટર સાહેબને કરી છે.

No. 160/9 T

Pydhonie Post No. 3
Bombay, 11 th September 1911

To

The Collector of Bombay

Sir,

I am in due receipt of your letter No. L. R. /6403 dated 5th September and in reply I have to state that while thanking the Government for fully recognizing the spirit of loyalty of the Jains, the address intended to be presented to His Majesty the King Emperor was not meant to be presented by the Jains of Bombay but by the whole Jain Comminnty of India. I have however sent copies of your letter again to the Secretaries of the Sthanakvasi and Digambar Conferences and other leading and influential Jains of India for information and guidance.

I have the honour to be,
Sir,
Your most obedient servant,
Sd/ Kalyanchand Sobhagchand
Resident General Secretary
Jain Swetamber Conference.

આ પત્રનો જવાબ આવશે તે આ પછીના અંકમાં છાપવામાં આવશે.

## ઉઘરાણી.

કોન્ફરન્સની બેઠકો વખતે ભરેલા નાણાં પૈકી નીચે મુજબ રકમ વસુલ આવેલી છે.

રૂ. ૧ શેઠ દરસરામ ભુતાજી થાણા—કેળવણી ખાતામાં.

,, ૩૫ ,, મુળચંદ ચતુર વકીલ વઢવાણકાંપ—જ્ઞાન ખાતામાં.

રૂ. ૧૫ શેઠ ડાહ્યાભાઇ ચુનીલાલ અમદાવાદ, કેળવણી વગેરમાં.
,, ૧૦ ,, સેલાજી વનાજી કોલ્હાપુર કેળવણી ખાતામાં.

રૂ. ૬૧ ઉપર પ્રમાણે રૂ. એકસઠ વસુલ આવેલા છે,

---

# શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગુજરાત અણહિલવાડ–પાટણ મધ્યે આવેલી શ્રી મહાજનની પાંજરાપોળને લગતો રીપોર્ટઃ—

સદરહુ પાંજરાપોળના વહીવટ કર્તા શેઠ હાલાભાઇ મગનચંદના તાબાના ગામ ખલીપર મધ્યેની શાખા પાંજરાપોળના વહીવટ માટે પાટણમાં કેટલીએક ચર્ચા થતી હોવાથી ગાયકવાડ સરકાર તરફથી મે. વહીવટદાર સાહેબે વીઝીટ લેવા જણાવેલું, તેથી અમોએ પણ આ ખાતા તરફથી તે સંસ્થાની વીઝીટ લેતાં દરેક જાનવરોની પુરતી રીતે તપાસ કરતાં નાનાં મોટાં લગભગ ચાર હજાર જાનવરો છે. તેમાં લુલાં, લંગડાં, આંધળાં તથા સીક જાનવરો સિવાય બાકીનાં સર્વે જાનવરો જેવાંકે આખલા, પાડા, ગાયો, બળદો તથા બકરાંઓ વગેરે ઘણીજ તંદુરસ્ત હાલતમાં જોવામાં આવ્યાં છે. સારાં જાનવરોને ઘાસચારો સવાર સાંજ નાખવામાં આવે છે. સદરહુ સંસ્થામાં બે મોટા મીઠા પાણીના કુવા છે તેમાંનું પાણી અવાડામાં લઇ ઢોરોને પાવામાં આવે છે. તેમજ ચરવા માટે સદરહુ ગામની સીમમાં લઇ જવામાં આવે છે. નબળાં જાનવરોને ઘાસચારાની સાથે દાણો ખવરાવવામાં આવે છે. પોતાની મેળે ઉઠી બેસી ન શકે તેવાં જાનવરોનાં પાસાં ફેરવવા માટે નોકરો રાખવામાં આવ્યા છે, તે લોકો દિવસમાં એક બે વખત જાનવરોનાં પાસાં ફેરવે છે. દરેક જાનવરોને બપોરની વખતે બહાર કાઢી છુટા મેદાનમાં ઝાડોની છાયા તળે લઈ જઇ રાખવામાં આવે છે, ને સારાં જાનવરોને ચરવા લઇ જવામાં આવે છે. તે પછી ઢોરોને બાંધવાની જગ્યા સાફ કરવામાં આવે છે. સાંજની વખતે ચારો ખવરાવી તેના મુકામમાં પાછાં દાખલ કરવામાં આવે છે.

સરદહુ સંસ્થાનાં જાનવરોની ઓસ્પીટાલની વીઝીટ લેતાં તેમાં માત્ર નવ જાનવરે દાખલ કરવામાં આવ્યાં છે, ઓસ્પીટાલ મધ્યેનાં લુલાં, લંગડા વગેરે જાનવરોને ખવરાવવા માટે રોટલા તથા ઘેંસનો ડુવો આપવામાં આવે છે, ને વધારે સીક જાનવરોને મલમપટો કરવા માટે એક હજામ વૈદને રાખવામાં આવ્યો છે, અને જાનવરોની સારવાર માટે ડામર, મલમપટા વગેરે દરેક ચીજો તૈયાર રાખવામાં આવેલ છે.

અનાજના કોઠારની વીઝીટ લેતાં તેમાં લગભગ બે હજાર મણ ગવાર ભરી રાખવામાં આવ્યો છે.

ઘાસ ભરવાના વાડાની વીઝીટ લેતાં તેમાં હાલતુરત ઘાસની ૩ ગંજીઓ લગભગ ત્રણથી ચાર લાખ પૂળાની જોવામાં આવે છે. તથા બીજા વાડામાં અર્ધાથી પોણા લાખ પૂળા જેટલું ઘાસ ભરેલું જોવામાં આવે છે.

જાનવરોને રાખવાની પડાલીઓ સાફ કરેલી દેખાય છે. જાનવરોને ઘાસ ચારો આપવાની તથા પાણી પાવાની ગોઠવણ બહુજ સારી રીતે રાખવામાં આવી છે. ઉપર મુજબ મે. વહીવટદાર સાહેબ ચુનીલાલ લક્ષ્મીલાલ દેશાઇની સાથે ફરી અમોએ વીઝીટ લીધી છે. તે વખતે મહાજન મધ્યેના લગભગ ૫૦-૭૫ માણસો જોવા માટે આવેલા હતા. તે સર્વ ગૃહસ્થો એક અવાજે સદરહુ સંસ્થાની તારીફ કરતા જોવામાં આવતા હતા. મે. વહીવટદાર સાહેબે વીઝીટ લઈ પોતાની ખુશાલી જાહેર કરી વીઝીટ બુકમાં પોતાના હાથે શેરો કર્યો છે. તેમજ આવેલા ગૃહસ્થોએ પોતાની ખુશાલી જાહેર કરી તે વીઝીટ બુકમાં શેરો કરી દરેક જણે પોતાની સહીઓ કરી છે. હાલમાં વિશેષે કરી ગુજરાત પ્રાંતમાં ઘણો વખત સુધી વરસાદ થએલો નહીં હોવાથી લગભગ દુષ્કાળ જેવું વરતાઇ રહ્યું છે. નાનાં ગામડાઓનાં ગરીબ માણસો લાચારીમાં આવી જઇ પોતાનાં જાનવરો વેચી નાખી અથવા પાંજરાપોળમાં મોકલી દઇ પોતપોતાના નિર્વાહ માટે બહાર દેશાવરોમાં નીકળી જાય છે. ઘાસની બહુજ અછત થઇ પડી છે. રૂપીઆ એકના સાત પૂળા પણ સારા ઘાસના મળી શકતા નથી. આ સંસ્થાના વહીવટ કર્તા ગૃહસ્થોએ આગળથી ચેતી જઇ પાટણના મહાજનને બોલાવી તેમની પાસે મોટા જથ્થામાં ઘાસ વેચાણ લેવા માટે નાણાંની મદદ માગી. તે ઉપરથી પાટણના મહાજને પોતાના તન, મનને ધનથી મદદ કરી એક ટીપ ફેરવવાની શરૂઆત કરી છે. તેમાં આજ સુધી લગભગ સાતથી આઠ હજાર રૂપીઆ ભરાઈ ગયા છે. પાટણના મહાજને મુંબઇ મધ્યેના પાટણના મહાજનને અરજ કરવાથી તેઓએ પણ પૂરતી લાગણી દેખાડી એક ટીપ શરૂ કરી છે. સાંભળવા પ્રમાણે તે ટીપમાં એક મોટી રકમ ભરાઇ ચૂકી છે. તેમજ હજી ટીપ ભરાવવાનું કામ ચાલુ છે. તેજ પ્રમાણે બીજા દેશાવરમાં રહેતા પાટણવાળા આગેવાન ગૃહસ્થોએ પોતાથી બનતી મદદ આપવા જણાવવામાં આવ્યું છે ઉપર દર્શાવ્યા મુજબ પ્રયત્ન ચાલી રહ્યો છે તે બહુજ ખુશી થવા જેવું છે, અને તેમાં પોતાના તન, મન ને ધનથી મદદ કરનાર ગૃહસ્થને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. વિશેષમાં દરેક ગૃહસ્થો તરફ અમારી વિનતિ છે કે આ બાબતમાં પોતાથી બનતી દરેક રીતની મદદ કરી તેમાં ખાસ કરી નાણાંની મદદ કરી આ સંસ્થાને સારા પાયા ઉપર લાવી મુકી હજારો બલકે લાખો મુંગાં પ્રાણીઓનો આશિર્વાદ લેવા ચુકશો નહીં. આવા બારીક વખતમાં તેમ કરવા બેદરકાર રહેશો તો હજારો તો શું! પણ લાખો પ્રાણીઓનો નાશ થઇ જતાં વાર લાગશે નહીં, માટે જેમ બને તેમ તાકીદે આવાં ખાતાને મદદ કરવા ચુકશો નહીં.

**જીલ્લા ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ કાલરી મધ્યે આવેલ શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટઃ-**

સદરહુ સંસ્થાનો શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ ચીકાભાઇ કેવળદાસ તથા શેઠ

લક્ષ્મીચંદ નથુચંદના હસ્તકનો સંવત ૧૯૬૨થી સં. ૧૯૬૭ના શ્રાવણ વદ ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવેછે તેથી તેમને ધન્યવાદ ઘટેછે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

**જીલ્લા ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ ચવેલી મધ્યે આવેલાં ખોડાંઢોર કુતરાં તથા કબુતરખાતાના વહીવટને લગતો રીપોર્ટ:—**

સદરહુ ખાતાનો શ્રી સંઘ તરફથી વહીવટકર્તા મણીઆર અભેચંદ રામચંદ તથા શા.અમથાચંદ માધવજીના હસ્તકનો સંવત ૧૯૬૫ થી સંવત ૧૯૬૭ના અશાડ શુદ ૧૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં નામું રીતસર રાખી વહીવટ ઘણી કાળજી ચલાવેછે, તેમજ ગામનાપટેલીઆ અને મુખી તેમાં પુરેપુરી મદદ કરેછે. તે માટે તે સર્વેને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જેજે ખામીઓ દેખાડી તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

**જીલ્લા ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ ચાવેલી મધ્યે આવેલા શ્રી. વિમળનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ:—**

સદરહુ સંસ્થાનો વહીવટકર્તા શ્રી સંઘના હસ્તકનો સંવત ૧૯૬૦ના શ્રાવણ શુદ ૧ થી સંવત ૧૯૬૭ના અશાડ શુદ ૧૩ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં મણીઆર અભેચંદ રામચંદ તથા શા અમથાચંદ માધવજી સદરહુ સંસ્થાના વહીવટ ઉપર પુરતી દેખરેખ રાખે છે. તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જેજે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

લ. શ્રી સંઘનો સેવક,
**ચુનીલાલ નાહાનચંદ**
ઓનરરી ઓડીટર શ્રી જૈન. શ્વે. કોન્ફરન્સ

---

## શ્રી સુકૃતભંડાર ફંડ.

સંવત ૧૯૬૭ના શ્રાવણ શુદી ૮ થી ભાદરવા શુદી ૭ એટલે તા. ૧-૮-૧૧થી તા. ૩૧-૮-૧૧ સુધીમાં વસુલ આવેલ નાણાંની ગામવાર રકમ.

૧૯૫૧—૨-૯ ગયા માસ આખર સુધીમાં આવેલા તે.

૧૫૫—૪-૦ ગુજરાતમાંથી ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ મારફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૧૦—૪—૦ દેણપ | ૬—૧૨—૦ જારકા | ૨૫—૦—૦ હરસોલ |
| ૬—૦—૦ ઓતુર (દક્ષિણ) | ૧—૮—૦ મોહનપુર | ૪—૧૨—૦ આગીઓળ |
| ૪—૦—૦ એરણા | ૭—૧૨—૦ હુંદોર | ૪—૦—૦ વીરાવાડા |
| ૧૧—૪—૦ અરપોદરા | ૪—૪—૦ સરડોઇ | ૨૮—૦—૦ દધાલીઆ |
| ૪૧—૧૨—૦ ટીંટોઇ | | |
| | ૧૫૫—૪—૦ | |

૧૪—૮—૦ ગુજરાતમાંથી ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ માર્ફત સીપોરના આવ્યા.

૭૦—૧૨—૦ માળવામાંથી ઉપદેશક મી. કેશરીમલ મોતીલાલ ગાંધી માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૪—૦—૦ આગર | ૮—૧૨—૦ જાવદ | ૬—૦—૦ નીમચ |
| ૪૯—૦—૦ બરનગર | ૩—૦—૦ કાનવન | |
| | | ૭૦—૧૨—૦ |

૨૨—૪—૦ કાઠીઆવાડમાંથી ઉપદેશક મી. દેવશી પાનાંચંદ માર્ફત આવ્યા.

| | | |
|---|---|---|
| ૬—૪—૦ સરધાર | ૧—૧૨—૦ ભાડલા | ૧—૦—૦ બામણબોર |
| ૭—૧૨—૦ ચોટીલા | ૫—૮—૦ થાન | |
| | | ૨૨—૪—૦ |

૩૮—૧૪—૦ મંચરના શેઠ આણંદમલ માનમલે વસુલ કરી મોકલ્યા.

| | | |
|---|---|---|
| ૪—૦—૦ પેંડ | ૩—૦—૦ કલંબ | ૦—૨—૦ તળેગામ |
| ૯—૮—૦ નારાયણગઢ | ૧૪—૮—૦ વાફગામ | ૩—૦—૦ ખેડ |
| ૪—૦—૦ લીંબગાવ | ૦—૬—૦ ચીંચવડ | ૦—૬—૦ કુરૂલી |

૧—૪—૦ બેંગલોરના શેઠ બી. એફ. સાલમચંદે મોકલ્યા.

૧—૦—૦ અમદાવાદના શેઠ મનસુખલાલ અનોપચંદે મોકલ્યો.

આગષ્ટ માસમાં રૂ. ૩૦૩—૧૪—૦ પૈકી રૂ. ૨૦) મંચરના શેઠ આણંદમલે ગય ફેબ્રુઆરી માસમાં મોકલાવેલ (એપ્રીલના હેરલ્ડમાં જણાવેલ છે.) તે જતાં બાકી રૂ. ૨૮૩-૧૪—૦ આવ્યા છે. કુલ રૂ. ૨૨૩૫—૦—૯ આ ફંડમાં આ સાલમાં વસુલ આવેલા છે.

## ઉપદેશકોના ભાષણોથી થએલા ઠરાવો.

**રૂપાલ**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાકળચંદે આ ગામે આવી નામદાર ઠાકોર સાહેબ તથા મુત્સદીવર્ગ વગેરે ગામની તમામ જૈન વસ્તી સમક્ષ કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપતાં ઠાકોર સાહેબે ઘણો સંતોષ જાહેર કર્યો હતો. ભાષણની અસરથી જૈન કોમમાં કન્યા વિક્રય ન કરવા પ્રતિજ્ઞાઓ લેવાણીછે. તથા સ્ત્રીઓએ ફટાણાં ન ગાવાં, કાચની બંગડીઓ ન વાપરવી વગેરે હાનિકારક રીવાજો બંધ કરવા ઠરાવ થયા છે તા. ૨૯—૭—૧૧

**મોહનપુર અને તેની આસપાસના શ્રી સતાવીશના પંચ—**કેટલાક બારીક પ્રસંગોથી અમારા સતાવીશના પંચમાં બે તડ પડેલાં અને આશરે બે વર્ષથી પંચની ઐક્યતા તુટી ગઇ. પરિણામે વિરોધ વધી પડતાં તડ એકત્ર થશે એવી માન્યતા સ્વપ્નામાં પણ નહોતી પણ ઉપદેશક મી. વાડીલાલે આવી ચાતુર્યતાથી પંચના કેટલાક આગેવાનોને સમજાવી અત્રેના નામદાર દરબારશ્રીનાં પ્રમુખપણા નીચે સભા ભરી સંપ તથા કેટલાક હાનિકારક રીવાજો વિષે અસર કારક ભાષણો આપી અમને સંપથી થતા અખુટ ફાયદાઓથી વાકેફ કરી બંને તડોને સંપ કરાવી આપ્યો છે. તેથી આજે સતાવીશનું તમામ પંચ એકઠું થઇ આનંદથી ભેગું જમ્યું છે. અને અમારા સતાવીશના પંચે હાનિકારક રીવાજો પૈકી નીચેના ધારા ચોકસ પાળવા કબુલ કર્યું છે.

મી. વાડીલાલે અમારા પંચ વચ્ચે પડેલો વિરોધ મટાડી એકત્ર કરી દીધા છે તે ખરેખર તેમની સમયસૂચકતા તથા કાર્યદક્ષતાનું પરિણામ છે વળી તે સાથે તેમની વક્તૃત્વ શકિતને માટે પણ અમારો ઉંચો મત છે. હાલ વરસાદની ઘણીજ તાણ હોવા છતાં સુકૃતભંડાર ફંડમાં રૂ. ૨૫] ની જુજ રકમ આપી છે. વળી બનતી સગવડે મી. વાડીલાલ જેવા ઉપદેશકને મોકલી અમને અમૃતરૂપી જ્ઞાનથી વાકેફ કરશો તા. ૫-૮-૧૧

મોહનપુર મુકામે હરસોલ વગેરે સતાવીશના પંચે કરેલા ઠરાવો.

(૧) દારૂખાનું લગ્ન પ્રસંગે ફોડવું નહીં. (૨) પીછાંવાળો પોશાક વાપરવો નહી. (૩) મરણ પછવાડે ઉઘાડી છાતીથી સ્ત્રીઓએ કુટવું નહીં (૪) લગ્ન પ્રસંગે નાક તાણવું નહીં તથા ગલાલ છાંટવો નહીં, કાપડું લુછવું નહીં, તંબોળ છાંટવો નહીં, તથા નવણનું પાણી રેડવું નહી. (૫) શ્રીમંતની નાત કરવી નહીં. (૬) લગ્ન પ્રસંગે ફટાણા ગાવા નહીં. (૭) ટીનનાં વાસણ વાપરવાં નહીં. (૮) કચકડાનાં બટન વાપરવા નહીં. (૯) જોડાં નીચે નાળ કે ખીલીઓ નખાવવી નહીં (૧૦) પંચની બેઠકમાં હુકો બીડી પીવાં નહીં (૧૧) લગ્ન પ્રસંગે બળદ દોડાવવા નહીં (૧૨) હોળી પુજન કરવું નહીં તેમ તે દિવસે ભૂખ્યા રહેવું નહીં ને શ્રીફળ સોપારી નાખવું નહીં (૧૩) બંગડીઓ પહેરવી નહીં.

ઉપરના ઠરાવો સિવાય બીજા ઘણા ઠરાવો સતાવીશના પંચના ગામોનેજ લાગુ પડતા કરવામાં આવ્યા છે પણ જગ્યાના સંકોચને લીધે અત્રે દાખલ કર્યા નથી.

આ વખતે ઓપરાના શેઠ રામચંદ મુળચંદ, ધોલવડના શેઠ ભાયચંદ દલીચંદ ઓતુરના શેઠ નાનચંદ કસ્તુરચંદ તથા નેમચંદ ઉમેદચંદ, અહમદનગરના શેઠ તેજકરણ વેણીચંદ તથા હીરાચંદ કસ્તુરચંદ, સંગમનેરના શેઠ મોહનલાલ મોતીચંદ, ભુણગાના શેઠ ધરમચંદ દેવચંદ તથા સાંકલચંદ અભેચંદ, શાહપુરના શેઠ ગણપત સુરચંદ, કણગલુના શેઠ રામચંદ દીપચંદ, શાકોશના શેઠ નથુરામ અમુલખ, પીંપળવડીના શેઠ પીતાંબર હાથીચંદ, વાડાના શેઠ દલીચંદ લીલાચંદ, પીપરીના શેઠ રાયચંદ હરીચંદ, શેઠ ખુશાલચંદ હકમચંદ શેઠ ફરમચંદ હીરાચંદ તથા શેઠ વાડીલાલ જીવરામ આવેલા હતા. તેઓએ ૧ માસ સુધી રહી પંચનું તમામ ખર્ચ પોતે આપી સંપ કરાવવામાં ઘણોજ પરિશ્રમ

ઉઠાવેલ હતો. આવા ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે આવી રીતે દરેક ગામના આગેવાનો સંપ કરાવવાનો પ્રયાસ જારી રાખશે એવી અમારી ખાસ ભલામણ છે.

**ઢુંઢેર**—આ ગામે ઉમેદવાર ઉપદેશક મી૦ પુંજાલાલ પ્રેમચંદે આવી સર્વ લોકોને એકઠા કરી નામદાર ઠાકોર સાહેબના પ્રમુખપણા નીચે કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપતાં લોકોને સારી અસર થઇ હતી. મોહનપુર મુકામે સતાવીશના પંચમાં જે ઠરાવ થયા છે તે મુજબ અહીં પણ વર્તવા સૌની લાગણી થઇ છે. તા. ૧૦-૮-૧૧

**અરપોદરા**—આ ગામે ઉપદેશક મી. વાડીલાલે આવી જૈન સંઘ સમસ્ત તથા બ્રાહ્મણોના આગેવાન પંડયા કોદર મયારામ વગેરે સમક્ષ કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યા હતાં. આ વખતે દક્ષિણી ભાઇઓએ પણ હાજરી આપી હતી. આ ગામ સતાવીશનાં પંચનું હોવાથી મોહનપુર મુકામે થએલા ઠરાવ જૈન સંઘે પાળવા કબુલ કર્યું છે. આ ગામમાં બ્રાહ્મણનાં ૬૦ ઘર છે તેમણે ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં. બૈરાંઓએ ફટાણાં ગાવાં નહીં કે બંગડીઓ પહેરવી નહીં ટીનનાં વાસણ વાપરવાં નહીં, વગેરે ઠરાવ કર્યા છે. જીવહિંસાના ભાષણથી અત્રેના આગેવાન ઠાકરડા તીતાજી ઉદાજી તથા ખુમાજી ડુંગરજી તથા વેચાતજી કાલાજીએ જીવહિંસા ન કરવા, દારૂ ન પીવા, માંસ ભક્ષણ ન કરવા, તેમજ દશરા વખતે પશુવધ ન કરવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. ઉપદેશકના ભાષણથી અસર સારી થઇ છે અને તમામને સંતોષ થયો છે. આ પ્રયાસ ખરેખર ધન્યવાદને પાત્ર છે તા૦ ૧૩-૮-૧૧

**સરડોઇ**—આ ગામે ઉપદેશક વાડીલાલ સાંકળચંદે આવી ઠાકોર સાહેબના પ્રમુખપણા નીચે મેળાવડા કરી ભાષણો આપ્યાં તેથી જૈન સંઘ તથા ગામલોકો ઉપર સારી અસર થઇ છે. કન્યાવિક્રય બાબત કહેવામાં આવતાં ઘણા જણાએ પ્રતિજ્ઞા લીધી છે. કન્યાવિક્રય કરનાર સાથે કોઇ પ્રકારનો વ્યવહાર ન રાખવા ઠરાવ કર્યો છે. તેમજ મોહનપુર મુકામે જે ઠરાવો થયા છે તે પ્રમાણે વર્તવા કબુલ કર્યું છે. જીવદયા સંબંધીના ભાષણથી ઠાકોર હિંમતસિંહજીએ તથા બીજા ઘણા ગ્રહસ્થોએ જીવહિંસા ન કરવા, દારૂ ન પીવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. જીવદયા બાબત સુધારો થવાથી આ ગામની તમામ વસ્તી કોન્ફરન્સ તરફ પ્રેમની નજરથી જુએ છે.

**ઇંધાલીઆ**—અમારા ગામે ઉપદેશક વાડીલાલે આવી મુનિમહારાજ શ્રી પ્રધાનવિજયજી તથા ઠાકોર સાહેબ શ્રી અમરસિંહજીના પ્રમુખપણા નીચે કોન્ફરન્સના હેતુઓ ઉપર આનંદ ઉપજે તેવાં ને તમામને રૂચીકર ભાષણો આપ્યાં હતાં. તેની અસર ઘણી સારી થઇ છે. સદરહુ ભાષણોથી બૈરાંઓએ ફટાણાં ન ગાવાં તથા બંગડીઓ નહીં પહેરવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. તેમ જીનેશ્વરની ભક્તિ કરવી, દયા પાળવી, શિયળ ધર્મ સાચવવો વગેરે કેટલી એક પ્રતિજ્ઞાઓ લીધી હતી. દશરાના દિવસે પશુવધ ન કરવા બાબત સારી રીતે બોલવામાં આવ્યું હતું તેથી જીવદયા ઉપર ઠાકોર સાહેબને સારી અસર થઇ છે. આ ભાગમાં ઉપદેશકની ખરેખરી ખામી છે આવી રીતે વારંવાર ઉપદેશકો આવે તો આ ભાગ સુધારામાં આવે. ભાષણ

વખતે નામદાર ઠાકોર સાહેબ પણ ચચાર કલાક હાજરી આપતા હતા. જીવદયાના ભાષણથી ઠાકોર સાહેબે તાલુકામાં જીવ હિંસા ન થવા દેવા બનતી મહેનતે બંધ કરવા કબુલત આપી છે. વળી ચોરી બાબત કેટલીક ચર્ચા સારી રીતે કરવામાં આવતાં ઠાકોર સાહેબ તથા સર્વ જનોને ઉપદેશકે ખુશી કર્યા હતા. અહીંના ઠાકોર સાહેબ પોતે બોલેલા વચનને સારી રીતે પાળે તેવા છે. ઠાકોર સાહેબ કોન્ફરન્સને ધન્યવાદ આપે છે ને આવા ઉપદેશકો વધારે શોધી કાઢવા ભલામણ કરે છે. તા. ૧૭–૮–૧૧

**દધાલીઆ દરબારશ્રીનો પત્ર**—નં. ૧૩૮ અમને જણાવતાં ઘણી ખુશી ઉપજે છે કે ઉપદેશક મી. વાડીલાલ તથા મી. પુંજાલાલે અહીં આવીને કન્યાવિક્રય તથા બીજા હિંદુજ્ઞાતિમાં ચાલતા આવેલા કઢંગા રીવાજો ઉપર જે બોધદાયક ભાષણો આપેલાં છે તે ઘણાં પ્રસંશાપાત્ર અને શીખામણ લેવા લાયક જણાયાં છે. તેથી અમો કોન્ફરન્સના આભારી થયા છીએ. તેમજ આવા પરોપકારી ધંધામાં મી. વાડીલાલભાઇનો ઉત્સાહ જોઇ અમને તેમના તરફ ઘણો પ્રેમ ઉપજે છે. તેમજ તેમની કેળવણી અને માયાળુ વર્તણુંકે અમને ઘણી સારી અસર કરેલી છે. તેઓ બહુ બાહોશ અને મેહેનતુ પુરતી રીતે જણાયા છે તેમના આ ઉત્તમ કાર્ય માટે અમે અમારો પૂર્ણ સંતોષ જાહેર કરતાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો તથા વાડીલાલભાઇનો ઉપકાર માનીએ છીએ અને બનતાં સુધી તેમના આપેલા બોધનો સદ્ઉપયોગ કરવા ચુકીશું નહીં.

તા. ૧૬–૮–૧૧ **અમરસિંહજી** ઠાકોર દધાલીઆ

**ટીંટોઇ જમ્તીદારનું સરટીફીકેટ**—મને લખતાં આનંદ થાય છે કે આ ગામમાં જૈન કોન્ફરન્સ તરફથી ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદનાં ભાષણો વખતે પ્રમુખ તરીકે કામ કરવાનો વખત મને મળ્યો હતો. તેમણે તા. ૧૯–૮–૧૧ ની રાતના લગભગ ચાર કલાક જેટલો વખત કન્યાવિક્રયના વિષય ઉપર સારાં દ્રષ્ટાંતો સાથે ઘણુંજ અસરકારક ભાષણ કર્યું હતું. જેના પરિણામે કેટલાએકોએ કન્યાવિક્રય નહીં કરવા બાધા લીધી હતી. તા. ૨૦ મીની રાતે કેળવણીના અભાવે થતાં નુકસાનો સંબંધી વીવેચન થયું હતું. તે રાતે પણ મને પ્રમુખ સ્થાનનો લાભ મળ્યો હતો. તે દિવસના વીવેચનમાં ધર્મ સંબંધી પણ કેટલીક ચર્ચા થઇ હતી. કેટલીક બાઇઓએ પરદેશી બંગડી નહીં પહેરવા, ફટાણાં લગ્ન પ્રસંગે ન ગાવા, રડવાકુટવા નહીં જવા પ્રતિજ્ઞાઓ કરી હતી, તેમ પુરૂષ વર્ગે પણ તમાકુ, અફીણનાં નિષેધ વ્યસનો છોડી દેવા કબુલત આપી હતી, અને ભ્રષ્ટખાંડ નહીં વાપરવા ઇચ્છાઓ જણાવી હતી. આવા ઉપદેશકોથી સંસાર સુધારા અને ધર્મ સંબંધીમાં ઘણું જાણવાનું મળે છે. એ સર્વ કોમ સમજતી હોય તેવું આ ભાષણો વખતની તમામ કોમના લોકની મોટી સંખ્યામાં હાજરી હતી તે સાબીત કરી આપે છે. તા. ૨૧ મીની સભા વખતે પણ હું હાજર હતો. તે વખતના વિષયમાં પણ મી. વાડીલાલે ઘણું સારૂં કામ બજાવ્યું છે. જેના પરિણામે અહીંની જૈન કોમમાં કુસંપ હતો છતાં કોન્ફરન્સ સુકૃત ભંડારનું કામ

મેહેલાઇથી થયું છે. મને મી. વાડીલાલની કામ કરવાની શકિત સંબંધે ઘણું સારૂ માન છે. અને આશા છે કે તેઓ સારા ઉત્સાહથી ભાષણ વખતે પોતાની જૈન કોમ તરફ જેટલા દબાણથી વિષયને ચર્ચાવે છે. તેટલાજ દબાણથી બીજી કોમોને પણ કહેતા રહેશે તો જૈન કોમ સાથે બીજી વ્યકિતઓ પણ સુધરતી જશે. **કાલીદાસ દેવદત્ત જપ્તીદાર**

**મેઘરજ માહાલકરીનું સર્ટીફીકેટ**—મને અતી ઉત્સાહ સાથે હર્ષ થાય છે કે ગત કાલરોજ ટીંટોઇ ગામના ઉપાશ્રયમાં ઉપદેશક મી. વાડીલાલના અનુમોદનથી એક સભા ભરાઇ હતી. તેમાં આશરે ત્રણસેં માણસો (સ્ત્રી પુરૂષ મળી) હાજર હતાં. મારૂં અચાનક આ ગામે આવવું થતાં સદરહુ સભામાં હાજર થવા મને આમંત્રણ થવાથી હું પણ હાજર થયો હતો. અને સભાનું પ્રમુખસ્થાન સંઘના આગ્રહથી મારે સ્વીકારવું પડયું હતું. ઉપદેશક મી. વાડીલાલે સંપ વિષે ભાષણ આપ્યું હતું. તેમાં જે દ્ષ્ટાંત આપ્યાં હતાં તેથી તેમની વિદ્વતા સારી જણાઇ હતી, અને ભાષણની અસર સારા પાયા ઉપર થઇ હતી.

સાંભળવા પ્રમાણે મી. વાડીલાલે મારા અહીં આવતા પહેલાં બે ભાષણો જુદા જુદા વિષય ઉપર આપ્યાં હતાં જેની અસર જૈન અને અન્ય કોમમાં ઘણીજ સારી થયાનું જણાય છે. હુ દીલગીર છું કે એ ભાષણો સાંભળવાનો લાભ હું લઇ શકયો નહતો. સાંભળવા પ્રમાણે પ્રથમ થએલાં ભાષણોથી ઘણાં માણસોએ દુરવ્યસન નહીં કરવા તથા પરદેશી ચીજો નહીં વાપરવા અને નઠારા રીવાજ બંધ કરવા પ્રતીજ્ઞા લીધી હતી એજ રીતે તેમનાં ભાષણોથી ઘણા ખરા ઠેકાણે સારી અસરો થવાના તેમની પાસેના દાખલા જોઇ હું ખુશી થયો છું. ગઇકાલ સંપ વિષેના ભાષણમાં તેમની કાવ્યશકિત પણ ઉમદા હતી. તેમ તેમની સાથે મી. પુંજાલાલે તેમની વચના પ્રમાણમાં વીવેચન બહુ સારૂં કર્યું હતું.

આ પ્રમાણે દરેક ગામે ઉપદેશ આપશે તો તેની બહુ સારી અસર થશે. તેથી સંસાર સુધારાને તથા કોન્ફરન્સને ભવિષ્યમાં સારો લાભ થશે. એમ હું આશા રાખુ છું.
તા.૨૨-૮-૧૧ ભવાન પદમશી શાહ માહાલકરી તાલુકે મેઘરજ.

**સીપોર**—ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલે અત્રે આવી કોન્ફરન્સના હેતુઓ ઉપર અહીંના ફોજદાર સાહેબ તથા બીજા અન્ય કોમના સદ્ગૃહસ્થો તથા જૈન સંઘ સમસ્ત રૂબરૂ ઘણા વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. તેથી લોકોના મન ઉપર સારી છાપ પડતી હતી. કોન્ફરન્સ આવા ચાલાકને બાહોશ ઉપદેશકો પ્રજાની તેમજ કોમની ઉન્નતિ અર્થે ફેરવે છે તે જાણી ઘણો આનંદ થાય છે. અત્રે પહેલાં કોન્ફરન્સના માણસોએ આવી પચીશ ઠરાવો કરાવ્યા છે. મી. અમૃતલાલના ભાષણોથી આ ઠરાવો ઉપર સારો ભાર બેઠો છે જેથી તે ઠરાવો લુપ્ત્યા નથી. તા. ૧૫-૮-૧૧

बरनगर ग्वालीअर—ओसवाल जैन जातिकी सभा ता. २२--६--११. समस्त पंच ओसवाल जैन श्वेतांबर और साधुमार्गी जैन पंच ओसवालोकी हवेलीमां अेकत्र होकर कोन्फरन्सकी प्रेणासे मी. केसरीमल मोतीलाल उपदेशक की महामेहेनतसे अच्छी तरहसे भाषण दीया, जीस्के उपर समस्त बरनगरके संघने बिचार कीयाकी आपणी बीरादरीमें जो कुछ महा दुष्ट कुरीवाज विवाह, (सादी) में, कन्याविक्रय, बाळलग्न, वृद्ध विवाह, लग्नादी प्रसंगे दारुखानु नहीं छोडना, चाहा बमनीयां जो हरेक स्टेशनोपर मीलती है वो नहीं पीना. वगेर ठराव करवामां आव्या छे.

उपर जणाव्या सिवाय उपदेशक केशरीमल मोतीलाले रुणीजा, बाहरोडा कपासीन वगेरे गामोमां सदरहु ठरावो बाबत भाषणो आपी कुरीवाज बंध कराव्या छे.

# एत्तदेशीय समस्त वैश्य जातिकी पूर्वकालिन सहानुभूतिका दिग्दर्शन.

अनुसंधान गतांक पृष्ट २३७ थी

देखो बहुतसे लोग तो यह कहते हैं कि—जैन श्वेताम्बर कोन्फ्रेंस सात वर्षसें हो रही है और उसमें लाखों रुपये खर्च हो चुके है और उसके सम्बंधमें अबभी बहुत कुछ खर्च हो रहा है परन्तु कुछभी परिणाम नहीं निकला बहुतसे लोग यह कहते हैं कि—जैन श्वताम्बर कोन्फ्रेंस होनेसे जैन धर्मकी बहुतही उन्नति हुई है अब उक्त दोनो विचारोंमें सत्यका अंश किस विचारमें अधिक है इसका निर्णय बुद्धिमान और विद्वान जैन कर सकते हैं.

यह तो निश्चय ही है कि गणित तथा यूकलिडके विषयके सिवाय दूसरे किसी विषयमें निर्विवाद सिद्धान्त स्थापित नहीं हो सकता है देखो गणित विषयक सिद्धान्तमें यह सर्व मत है कि—पांच में दोके मिलानेसे सात ही होते है पांच

कों चारसें गुणाकरने पर बीस ही होते हैं यह सिद्धान्त ऐसा है कि इसको उलटनेमें ब्रह्माभी असमर्थ है परन्तु इस प्रकारका निश्चित सिद्धान्त राज्यनिति तथा धर्म आदि विवादास्पद विषयोंमें माननीय हो यह बात अति कठिन तथा असम्भवत् है क्योंकि--मनुष्योंकी प्रकृतियोंमें भेद होनेसें सम्मतिमें भेद होना एक स्वाभाविक बात है इसी तत्वका विचार करके की हमारे शास्त्रकारोने स्याद्वादका विषय स्थापित किया है और भिन्न २ नयोंके रहस्योंको समझाकर एकान्तवादक निरसन (खण्डन) किया हैं इसी नियमके अनुसार विना किसी पक्षपातके हम यह कह सकते हैं कि--जैन श्वेताम्बर कोन्फरन्सको श्रीमान श्री गुलाबचन्दजी ढड्ढा एम. अे. ने अकथनिय परिश्रम कर प्रथम फलोधी तीर्थमें स्थापित कियाथा इस सभाके स्थापित करनेसे उक्त महोदयका अभीष्ट (विचार) केवल जात्युन्नति देशोन्नति विद्या वृद्धि एकता प्रचार धर्मवृद्धि परस्पर सहानुभूति तथा कुरीति निवारण आदि होथा अब यह दूसरी बात है कि--सम्मतियोंके विभिन्न होनेसे सभा के सत्पथ पर किसी प्रकारका अवरोध होनेसे सभाके उदेश्य अब तक पूर्ण न हुए हो वा कम हुए हो परन्तु यह विषय सभाको दोषास्पद बनानेवाला नहीं हो सकता है पाठकगण समझ सकते हैं कि--सदुद्देश्यसे सभाको स्थापित करनेवाला तो सर्वथा आदरणीय होता है इस लिये उक्त सच्चे वीर पुत्र को यदि सहस्त्रो धन्यवाद दिये जायें तो भी कम हैं परन्तु बुद्धिमान समझ सकते है कि--ऐसे बृहत् (बडे) कार्यमें अकेला पुरुष चाहे वह कैसाही उत्साही और वीर क्यों न हो क्या कर सकता है अर्थात् उसे दूसरोका आश्रय ढूँढनाही पडता है बस इसी नियमके अनुसार यह बालिका सभा कतिपय मिथ्याभिमानी पुरुषोंको रक्षाके उदेश्यसे सौंपी गई अर्थात प्रथम कोन्फरन्स फलोधीमें हो कर दुसरी बम्बईमें हुई उसके कार्य वाहक प्रायः प्रथम तो गुजराती जन हुए इस परभी "कालमें अधिक मास" वाली कहावत चरितार्थ हुइ अर्थात उनको कुगुरुओंने शुद्ध मार्गसे हटाकर विपरीत मार्गपर चला दीया इसका परिणाम यह हुआ कि वे अपने नित्यके पाठ करनेकेभी परमात्मा वीर के इस उदेश्यको कि--मित्ती मे सव्व भूएसु वेर मज्झं न कणे इ॥ अथार्त मेरी सर्व भूतोंके साथ मैत्री है किसीके साथ मेरा वैर (शत्रता) नहीं है मिथ्याभिमानी और कुगुरुओ

के विपरीत मार्गपर चला देनेसे भूल गये वा यों कहिये कि—बम्बईमे जब दूसरी कोन्फरन्स हुई उस समय एक वर्षकी बालिका सभाकी वर्ष गांठके महोत्सवपर श्री महावीर स्वामीके उक्त वचनको उन्होंने एकदम तिलांजलि देदी यद्यपि उपर से तो एकता २ पुकारते रहे परन्तु उनका भीतरी हाल जो कुछ था वा उसका प्रभाव अब तक जो कुछ है उसका लिखना अनावश्यक है फिर उसका फल तो वही हुआ जो कुछ होना चाहिये था सत्य है कि—अवसर चूकी डूमणी गावे आल पंपाल ॥ प्रिय वाचकवृन्द इस बातको आप जानते ही हैं कि—एक नगरसें दूसरे नगरको जाते समय यदि कोई शुद्ध मार्गको भूल कर उजाड जंगलमें चला जावे तो वह फिर शुद्ध मार्गपर तब ही आ सकता है जब कि कोई उसे कुमार्गसे हटाकर शुद्ध मार्गको दिखला देवे इसी नियमसे हम यह कह सकते हैं कि—सभाके कार्य कर्ताभी सत्पथपर तबही आ सकते है जब कि कोई उन्हे सत्पथको दिखला देवे चूँकि सत्पथका दिखलानेवाला केवल महज्जनोपदेश (महात्माओंका उपदेश) ही हो सकता है इस लिये यदि सभाके कार्य कर्ताओंको जीवनरूपी रंगशालामें शुद्ध भावसे कुछ करनेकी अभिलाषा हो तो उन्हे परमात्माके उक्त वाक्यको हृदयमें स्थान देकर अपने भीतरी नेत्र खोलने चाहियें क्योंकि—जब तक उक्त वाक्यको हृदयमें स्थान न दिया जावेगा तब तक उन्नति स्थानको पहुंचानेवाला एकतारूपी शुद्ध मार्ग हमारी समझमें स्वप्नमेंभी नही मिल सकता है इस लिये कोन्फरन्सके सभ्योंसे तथा सम्पूर्ण आर्यावर्त निवासी वैश्य जनोंसे हमारी सविनय प्रार्थना है कि—मेरी सब भूतोंसे मैत्री है किसीके साथ मेरा वैर नहीं है ॥ इस भगवद्वाक्यको सच्चे भावसे हृदयमें अंकित करें कि जिससे पूर्ववत् पुनः इस आर्यावर्त देश की उन्नति हो कर सर्वत्र पूर्ण आनन्द मंगल होने लगे. ॐ शान्ति शान्ति शान्ति.

सालगाया काकावारा चम्पालालजी तस्यात्मज चोखचन्द
देवगढ राजपूताना (मालवा) कांठल

(नोट) यह लेख जैन सम्प्रदाय शिक्षा नामक ग्रन्थसें पाठकोंकी सेवामे भेट है.

# વિદ્યા.

(લેખક—**મી૦ અમૃતલાલ વાડીલાલ ઉપદેશક.**)

વિદ્યા નામ નરસ્ય રૂપમધિકં, પ્રચ્છન્ન ગુપ્તં ધનં.
વિદ્યા ભોગ કરી યશઃ સુખ કરી, વિદ્યા ગુરૂણાં ગુરૂ.
વિદ્યા બંધુજનો વિદેશ ગમને, વિદ્યા પરાદેવતા.
વિદ્યારાજસુ પૂજીતા નતુ ધનં, વિદ્યા વિહીનઃ પશુઃ॥

(ભાવાર્થ) વિદ્યાજ નરનું અધિક રૂપ છે. એજ ગુપ્ત ધન છે. એજ વૈભવ, વિલાસ યશ તથા સુખ આપે છે વિદ્યા શ્રેષ્ટમાં શ્રેષ્ટ છે. પરદેશમાં વિદ્યા બંધુની ગરજ સારે છે. વિદ્યા પરમદેવી છે. વિદ્યા રાજદરબારમાં પુંજાય છે. ધન પુંજાતું નથી માટે વિદ્યા વગરનો માણસ પશુ છે.

મારા વ્હાલા જૈન બંધુઓ આપણી સ્થિતિ દિનપરદિન પડતી જાય છે. આપણા વીર બંધુઓની દુઃખી ને કંગાલ અવસ્થા જોઇ કયા વીર બંધુને દીલગીરી ઉત્પન્ન નહીં થાય! અલબત્ત થવીજ જોઈએ. અરે આપણા ગામવાશી જૈન બંધુઓ પોતે જૈન છે તેટલુંજ જાણે છે પણ જૈનનાં શું કર્તવ્યો છે તેનું તેઓને સ્વપ્ને પણ ભાન હોતું નથી કેટલાક તો પોતાની જીંદગી શુદ્રની માફક ગાળે છે. આનું મુખ્ય કારણ શોધી કાઢવું જોઇએ ને તે તપાસતાં માલુમ પડે છે કે આપણામાં જ્ઞાનની સંપૂર્ણ ખામીને લીધે આવી આપણી દુઃખદ સ્થિતી થઇ છે. તો તે સુધારવા ત્વરાથી ઉપાયો લેવાની ખાસ જરૂર છે, પણ આપણે પ્રમાદને વશ થઇ તે સઘળું ભુલી ગયા છીએ. તો મારા જ્ઞાતી બંધુઓ ઉઠો જાગૃત થાઓ ને તમારા જ્ઞાતી બંધુઓની સ્થિતી સુધારવા તન, મન, ને ધનનો ભોગ આપો. તમારા ભુખે મરતા જૈન ભાઇઓની કારમી ચીસો સાંભળી ભુખથી અન્યધર્મમાં પ્રવેશ કરતા અટકાવો ને તેઓને કેળવણી આપી જ્ઞાનદાનનું મહાન પુન્ય ઉપાર્જન કરો. ભાઇઓ પારસી જેવી નાની કોમ પણ અત્યારે કેળવણીના પ્રતાપથી કેવી ઉન્ચ સ્થિતી ભોગવે છે. જે બ્રિટીશ સરકાર આપણા ઉપર રાજ્ય કરેછે તેઓની મૂળ સ્થિતી ઉપર વિચાર કરો. તેઓ કેવા જંગલી હતા, કેવા અવિચારી હતા. અત્યારે તેમની કેવી ઉત્તમ સ્થિતી છે તેનો વિચાર કરો. અરે તાજો ને તમારી ચક્ષુએ બનેલો જાપાનનો દાખલો લ્યો કે આજથી દશકા પહેલાં જાપાનને કોઇ ઓળખતુ નહોતું તે જાપાન અત્યારે કેવી ઉંચ સ્થિતી ઉપર આવી ચડ્યું છે. તે શાથી ચડ્યું તેના જવાબમાં કેળવણીના પ્રતાપથી. તો તમો તમારા જૈન બધુઓને કેળવણી લેતા શીખવો. આ અસાર સંસાર રૂપી સમુદ્ર તરવાને માટે કેળવણીની મહાન જરૂર છે. માટે આપણા શાસ્ત્રકારોએ કેળવણી રૂપી જ્ઞાન ને અગ્રપદ આપ્યું છે તે તમો કેમ વીસરી જાઓ છો. બંધુઓ તમો દેરાસરમાં જઇ જ્ઞાન, દર્શન, ચારિત્રનું જાપ જંપો છો પણ તેનો કશો વિચાર કરતા નથી. જ્ઞાનપંચમીના શુભ દિવસે જ્ઞાનને

વાંદવા માટે ઉપાશ્રયમાં જાઓછો ને ત્યાં સફાઇથી ગોઠવેલાં પુસ્તકો, પાનાં તથા પુંઠીઆનાં દર્શન કરોછો પણ અફસોસની વાત છે કે તે શા કારણથી ગોઠવવામાં આવ્યા છે. જ્ઞાન તે શું છે તેનો ભાગ્યેજ વિચાર કરો છો. આપણા પુજ્ય મુનિમહારાજાઓ પોતાની અમૃત વાણીથી જ્ઞાનની આશાતના ન કરવી તેને માટે વારંવાર ઉપદેશ આપે છે તેનું શું કારણ છે. આપણામાં મહાન આચાર્યોના હાથથી લખાયેલાં સેંકડો પુસ્તકોનો જ્ઞાન ભંડાર છે તે જ્ઞાન ભંડાર રાખવાની શી આવશ્યકતા છે તેનો ભાગ્યેજ વિચાર કરોછો. આપણા આચાર્યોએ મહાન પરિશ્રમ વેઠીને આટલાં બધાં પુસ્તકોનો વારસો તમોને સોંપ્યો છે તેની આવી અવસ્થા થવાને સોંપ્યો હશે તેનો વિચાર કરો. અહો આ કેવી શોકજનક બીના છે. જેનાથી આપણો ઉદ્ધાર થવાનો છે, જેનાથી મોક્ષ માર્ગ ખુલ્લો કરી શકાય છે તેવાં પુસ્તકોની આવી દુર્બળ સ્થિતી થવાનું શું કારણ તે તપાસતાં આપણામાંજ જ્ઞાનની ખામી જેથી આપણે તેની સાર સંભાળ લઇ શકતા નથી. તો ભાઇઓ ચેતો. સમય છે ને સમય વિચારીને કાર્ય કરવું તે સજ્જન પુરૂષોનું કાર્ય છે. તો મારા બંધુઓ પ્રમાદને વશ નહીં થાતાં કેળવણીરૂપી કલ્પવૃક્ષનો આશરો લ્યો. જેમ કલ્પ વૃક્ષ પોતાની ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત કરી આપે છે તેમ કેળવણીથી પણ ઇચ્છીત કાર્ય સફળ થાય છે. અરે ભાઇઓ દીપક તો અંધકારનોજ નાશ કરે છે, પણ કેળવણીરૂપી જ્ઞાનદીપક કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, ઇત્યાદી મહાન રાક્ષસોનો નાશ કરી શકે છે. કરોડો વિજળી લાઇટોના અજવાળા કરતાં પણ જ્ઞાનરૂપી દીપકનું અજવાળું અથાગ છે. બંધુઓ વિશેષ શું કહેવુ. આપણી અધોગતિ થવાનું મુખ્ય કારણ કેળવણીની ખામીને લીધે થાય છે. અરે ભાઇઓ એક જંગલી લાકડું પણ કેળવણીના પ્રબળ બળથી મોટી મોટી ઇમારતોમાં શોભે છે. પત્થર પણ ખાણમાં કેવી સ્થિતીમાં હોય છે પણ તેના ઉપર કેળવણીના પ્રબળ બળથી તે કેવો સુંદર લાગે છે અરે હીરો જ્યારે ખાણની અંદર હોય છે ત્યારે તે કેવો લાગે છે પણ જ્યારે તેના ઉપર પાલીસ થાય છે ત્યારે તે કેવો સુંદર તથા કીંમતી થાય છે. તો ભાઇઓ આવી નિર્જીવ વસ્તુઓ ઉપર પણ કેળવણીના પ્રતાપથી કેટલો ફેરફાર થાય છે. અરે ભાઇઓ તમે સરકસ જોવા તો ગયા હશો અને ત્યાં રાખેલા ઘાતકી પ્રાણીઓ પણ કેળવણીના બળથી મનને હેરત પમાડે તેવા ખેલો કરી બતાવે છે તો તે પણ કેળવણીનો-જ પ્રતાપ છે. માટે ભાઇઓ તમને મનુષ્ય જેવો અમુલ્ય અવતાર મળ્યો છે કે જે દેવતાને પણ દુર્લભ છે. તો તમો તેને શા માટે નિરથક ગુમાવો છો બંધુઓ જેમ આખા દેહની સર્વ ઇંદ્રીઓ કરતાં ચક્ષુ ઘણીજ કીંમતી છે તેવીજ રીતે જ્ઞાનચક્ષુ વિનાનો અવતાર પણ એક પશુ તુલ્ય છે, જેમ આંખથી દરેક ચીજો દુનીયામાંની જોઈ શકાય છે તેમ જ્ઞાનચક્ષુથી તો તેના કરતાં પણ વધારે અમુલ્ય ચીજો આ લોકની તથા પરલોકની જોઇ શકાય છે. તો બંધુઓ જેમ આંખ વિનાનો અવતાર નકામો છે તેમ જ્ઞાનચક્ષુ વિનાની જીંદગી પણ નકામી છે.

વિદ્યા દદાતિ વિનયં વિનયા દ્યાતિ પાત્રતામ્;
પાત્ર તાદ્ધ નમપ્નોતિ ધનાદ્ધર્મંત તરસુખં

(ભાવાર્થ) વિદ્યા વિનયની દાતા છે તેથી વિનયની યોગતાને પમાય છે. યોગ્યતાથી ધન મળે છે. ધનથી દયાદાન થાયછે. અને દયાદાનથી સુખ મળેછે. તો મારા સ્વધર્મી ભાઇઓ આવી અમુલ્ય વિદ્યા રુપી કેળવણીના કલ્પ વૃક્ષને મુકીતમો શામાટે અન્ય અપેક્ષાઓ રાખોછો· ભાઇઓ, ધનવાન માણસ તો પોતાના દેશમાંજ પુજાયછે. પણ વિદ્યા વાળો માણસ તો સર્વ કાળમાં અમર રહેછે. રાજા તો પોતાની સત્તાના બળથી જ્યાં સુધી પોતાની જીંદગી હોય છે ત્યાં સુધી પુજાય છે, પણ વિદ્યાવાન માણસ તો તેના બનાવેલા પુસ્તકોથી જ્યારે તે પુસ્તક વાંચીએ ત્યારે તે સ્મરણમાં આવેછે ને પૂજાય છે. તો ભાઈઓ આવી અમુલ્ય વિદ્યાને શામાટે તમો ગૃહણ કરતા નથી. વિદ્યા ગુપ્ત ધન છે. ને તે જેમ બીજાને દાન તરીકે આપેછે તેમ વધતુંજ જાયછે. વળી વિદ્યાદાન સર્વ દાન કરતાં શ્રેષ્ઠ છે. કારણકે અન્નદાનથી તો તેની ક્ષુધા શાંત થાયછે પણ પાછી ક્ષુધા લાગેછે. દ્રવ્યદાન પણ રહેતું નથી પણ વિદ્યારુપી દાનથી તો તે અને તેનું આખુ કુટુંબ સુખી થાયછે. કારણ કે જે પોતે વિદ્યા સંપાદન કરી હશે તો તે પોતાનાં બાલબચ્ચાંને વિદ્યા આપતાં શીખશે ને તેથી તે બધા પોતાની જીંદગી એક સારા વિદ્વાન સદ્ગ્રહસ્થની પેઠે ગુજારશે. તો ભાઈઓ આપણી જૈન કોમમાં વિદ્યાની મહાન જરૂર છે. પહેલાંના ઇતિહાસો વાંચો તો તમોને માલુમ પડશે કે આપણામાં કેવા કેવા વિદ્વાન આચાર્યો થઇ ગયા છે કેવા કેવા વિદ્વાન જૈનો હતા. ભાઇઓ આપણામાં હેમચંદ્રાચાર્ય થઇ ગયા છે તેમણે કરોડો શ્લોકો પોતાના વિદ્યા બળથી બનાવેલા હતા. મને કહેતાં હર્ષ થાય છે કે તેમનું બનાવેલું સંસ્કૃત વ્યાકરણ અત્યારે સોસાયટીમાં દાખલ થયું છે તો ભાઇઓ તે કેવા વિદ્યાવાન હશે તે આ ઉપરથી જણાય છે. મારે જણાવવું જોઇએ કે આપણા મહારાજ શ્રી હીરવિજયસુરી અગાઉ થઇ ગયા તેમણે પોતાના વિદ્યાના બળથી અકબર બાદશાહ જેવા મોગલબાદશાહને પણ વશ કર્યો હતો. ને તેના રાજ્યમાં ગૌવધ અટકાવ્યો હતો એટલુંજ નહીં પણ જૈનોના તહેવારનાં દિવસોમાં પાપ નહીં કરવા માટે સખ્ત કાયદો ઘડયો હતો. તેપણ ભાઇઓ વિદ્યાનાજ બળથી. આપણામાં સોળસો સતીઓનાં જે નામ દેવાયછે તે પણ વિદ્યાના બળથીજ પોતાનું શિયલવ્રત પાળી પોતાના પતિને પરમેશ્વર તુલ્ય માનતી હતી. પણ જો તે બેહનોમાં કેળવણી ન હોત તો તેમનામાં પણ આવા સદ્વિચારો આવત ? તેનો દિર્ઘ દૃષ્ટિથી વિચાર કરો. ત્યારે અત્યારે મારી અભણ બેહેનો પોતાના પતિને રંજાડે છે વિતાડે છે. ને પોતાના શિયળવ્રત ને પણ સાચવવાને અશકત બનેછે. તે શાથી બન્યું? કેળવણીની ખામીને લીધેજ. તો મારા પવિત્ર જૈન ભાઇઓ તમારા બાઇઓની ઉન્નતીના અર્થે તમારી કોમના અભ્યુદયને અર્થે ને તમારા દુઃખી થતા જૈન ભાઇઓના ઉદ્ધારને અર્થે કેળવણીનો બહોળો પ્રચાર કરો. કેળવણી રૂપી કલ્પ વૃક્ષનું જે બી આપણી મહાન કોન્ફરન્સ તરફથી વાવવામાં આવ્યું છે તેને પાણી રૂપી તમારા દ્રવ્યની મદદ આપો તો પછી તે વૃક્ષ કેવું સુંદર ડાળાં પાંદડાંથી સુશોભીત થશે. તો ભાઇઓ તમારા દ્રવ્યનો સદ્ઉપયોગ કરવાનો આવો ઉત્તમ માર્ગ ફરીફરીને તમોને મળવાનો નથી. જે કામ એક માણસ પોતાની જાતે કરે છે તેના કરતાં સર્વ ભેગાં થઇ

કરે તો તે સંગીનને લાંબો વખત ટકી શકેછે. ને તેથીજ હાલના સમયને અનુસરી કોન્ફરન્સ જેવી મહાન સંસ્થાની જરૂરછે. તો મારા વ્હાલા બધુંએઃ તથા મારા જૈન કોમના થાંભલારૂપી શેઠીઆઓ તથા મારા જૈન કોમના નાવરૂપ પુજ્ય મુનિ મહારાજાઓ તમો તમારા ભાઇઓની ઉન્નતિ કરવાને તન મન ને ધનનો ભેગ આપોતોજ તમારો ઉદય થશે. ને તેથીજ તમારી કઢંગી સ્થિત નો નાશ થશે. મારા પવિત્ર ભાઇઓ તમારી કોમમાં કેલવણી રૂપી ગુલાબના ફુલોનો લાંબા હાથે છંટકાવ કરો ને તે વૃક્ષને દિનપ્રતીદિન વધારો. કલ્પવૃક્ષરૂપી અમુલ્ય કેળવણીને સુશોભિત કરવાને માટે ઉઠો જાગૃત થાઓ તમારી કુંભકર્ણની નિંદ્રાને ત્યાગ કરો ને જૈન ધર્મની વિજયી ધ્વજા આખા પૃથ્વીતળમાં ફેલાવો. અસ્તુ. અસ્તુ. અસ્તુ.

## ઢોરોમાં ખરવાસનું દરદ, અને તેની સારવાર.

ઢોરોમાં, ખરવાસ અને મોવાસનું દરદ (Foot and mouth Diseasese) હિન્દુસ્થાનના તમામ ભાગોમાં વખતો વખત જોવામાં આવે છે. અને એવું કોઇ ગામ જવલેજ ખાલી હશે, કે જ્યાં આ રોગે પોતાનું સ્વરૂપ ઢોરોમાં દેખાડયું નહિ હશે. સાધારણ રીતે આ રોગ એક ચેપી રોગની જાતનું દરદ છે. તોપણ સાંકરડો (Anthrax) શિળિ (Rinderpest) વીગરે જે ચેપી દરદો ઢોરોમાં અસાધારણ ત્રાસદાયક અને પ્રાણઘાતક છે તેટલું ભયંકર આ દરદ નથી, એતો ખાત્રીથી કહી શકાયછે તો પણ જો તેની કાળજીપૂર્વક દવા દારૂ તથા સારવાર કરવામાં ન આવે તો એથી બિચારાં મુગાં ઢોરોને ઘણા દિવસ સુધી કષ્ટ વેઠવું પડે છે અને કેટલીક વખત આખા ગામમાં, ખેતીવાડીનાં તમામ્ ઢોરોને આ રોગ એટલો બધો લાગુ પડે છે કે તેથી ખેતીના પાકને પણ નુકશાન લાગવાનો સંભવ બને છે અને તે બાબતનો મને વખતો વખત અનુભવ થવાથી, તે રોગ સંબંધી ટુંક વિવેચન તથા તે માટે કરવી જોઇતી સારવાર, વીગેરેનું જ્ઞાન આપવા રજા લઉ છું.

**ચિકિત્સા**—જે જાનવરને આ રોગ લાગુ પડે છે તેને પ્રથમ ખરીની અંદર અથવા મોઢાની અંદરUlcers (ચાંદા)દેખાય છે, અને તેથી કરી ઢોર લંગડાતું ચાલે છે તથા તેના મોઢામાંથી લાળ પડયા કરે છે, તથા તેનો શ્વાસ દુર્ગંધવાળો માલુમ પડેછે. તે ઉપરાંત તેને તાવ પણ શરીરમા ભર્યો રહે છે. મતલબ મોઢામાં ચાંદાં હોય છે તેને લીધે તે ખાઇ પી શકતું નથી તથા પગનાં ચાંદાંને લઇને તેને હાલવા ચાલવામાં મુશ્કેલી પડેછે તથા ખોરાકને અભાવે અને તાવને લીધે તેને નબળાઇ લાગેછે. કેઇ વખત મોઢ માં એટલાં બધાં ચાંદાં પડેલાં હોયછે કે તેને લઇ ઢોર ભુખ અને તૃષાથી મરી જાયછે.

**તે રોગ વધારે ફાટી ન નીકળે તેને માટે અગાઉથી ધ્યાનમાં રાખવાલાયક સુચના**—આ રોગ દેખાયકે તરતજ માંદાં ઢોરથી સાજાં ઢોરને તુરત અલગ કરી દેવાં એ બહુ જરૂરનું છે તથા તેની પાસે છાણ, મુત્ર, વિગેરેની ગંદકી ન થાય એ બાબત પણ

સંભાળ રાખવી એ પણ ખાસ જરૂરનું છે. ઢોરને અંધારા અને હવા વિનાના ઓરડાઓમાં નહિ ગોંધી રાખતાં સ્વચ્છ હવાવાળા અને સૂર્યનું અજવાળું અંદર પ્રવેશ કરી શકે તથા પવન આવજાવ કરીશકે તેવા ઓરડાઓમાં બાંધવાં એ ખાસ અગત્યનું છે. જે તબેલામાં ઢોરો બંધાતાં હોય તેની જમીન ઉપર દીવસમાં એક, બે, વખત Solution of Phenyle અથવા Carbolic Lotion વીગેરે Disinfecting Fluids (જંતુનાશક) છંટાવવાં.

**દવાદારૂ તથા સારવાર**—ઉપર જણાવ્યા પ્રમાણે સાજાં તથા બીમાર ઢોરો માટે સ્વચ્છતાના Preventive ઉપાયો લીધા પછી, માંદાં ઢોરોની નીચે પ્રમાણે દવાદારૂ કરવી

પ્રથમ દિવસમાં બે વખત ગરમ પાણીથી ઢોરની ખરી ધોઇ નાંખી, સ્વચ્છ કરવી અને તેમાં થોડુંક Phenyle (ફીનાઇલ) લગાડવું અને ત્યાર બાદ ફટકડી રૂ. ૧ા ભાર, ટંકણખાર રૂ. ૧ા. ભાર કાંસાજણ રુ. ૧. ભાર, કપુર રુ. ૦ા ભાર, મોરથુથુ રૂ. ૦)= ભાર, કોલસો રુ. ૬ ભાર. એટલી દેશી દવાઓને સાથે ખાંડીને તેનું મીશ્રણ કરી તેમાંથી જરૂર જોઇતો ભુકો પગના જખમમા દાબવો.

હવે જે જાનવરના મોઢામાં પણ Ulcers દેખાતાં હોય તેને માટે ફટકડી રૂ, ૦ા ભાર, પાણી રૂ.૪૦ ભારનું મિશ્રણ કરી તેમાંથી અડધું સ્હવારે અને અડધું રાત્રે, એમ બે વખત મોઢું ધોવું, અર્થાત્ મોઢાનાં Ulcers (ચાંદાં) ઉપર પાણી છંટકારવું.

એ પ્રમાણે બાહ્યોપચાર કરવા અને તેને પીવાના પાણીમાં રૂ. ૧ ભાર સુરોખાર (Nitre) દીવસમાં બે વખત આપવું.

**ગામડાના ખેડુતો ઢોરોને રેતીમાં ઉભાં રાખે છે તે નુકસાનકારક છે**—કેટલીક વખત ગામડાના ખેડુતો જે ઢોરને આવો રોગ દેખાયો હોય તેને ગરમ રેતીમાં ઉભાં રાખે છે અને જો કે, તેથી ઢોરોને ફાયદો થતો હશે તો પણ તે રીત કોઇ પણ રીતે પસંદ કરવા જેવી નથી કારણ કે તેથીકરીને કોઇ વખત રેતીની કાંકરી તેના ચાંદામાં પેસી જાય છે અને તેથી અંદર મસા પડે છે અને તેને લઇ ઢોરને વધારે વખત વ્યાધિ ભોગવવી પડે છે અને કેટલાંકના પગ તો જીંદગી સુધી લંગડાય છે. માટે તે રીત છોડી દેવા ભલામણ કરવામાં આવે છે.

**ખરવાસ વાળી ગાય અથવા ભેંસ વીગેરેનું દુધ માણસોને પણ નુકસાન કારક છે**— છેવટમાં જે ઢોરને ખરવાસ થયો હોય તેવી ભેંસ-ગાય-બકરી વીગેરેનું દુધ જો માણસોના પીવામાં આવે તો તેથી ઝાડા (Diarrhoea) થવાની ધાસ્તી રહે છે માટે તે દુધ ઉપયોગમાં લેતા પહેલાં તેને સારી રીતે ઉકાળવું એ સલાહકારક છે.

**મતલબ** ઉપર મુજબ તે રોગ વીશે હકીકત તથા દવાદારૂ અને સારવાર બતાવેલાં છે તો તે પ્રમાણે જો અમલ થશે તો આ રોગથી ઢોરોને ઓછું કષ્ટ વેઠવું પડશે અને તેથી ખેતીવાડીના પાકને નુકસાન પણ ઓછું લાગવાનો સંભવ છે.

વળી આમાં કેટલીક જગ્યાએ અંગ્રેજી દવા (Disinfectant) તરીકે લખેલ છે. પરંતુ ગામડાઓમાં તેવી દવા તત્કાળિક મળી ન શકે એ સ્વાભાવિક છે; જેથી કદાચ તેવી દવા ન મળી શકે તો પણ મોઢા તથા પગના ચાંદાંના જખમ માટે જે દવાઓ લખવામાં આવી છે તે તમામ દેશી ને જુજ કીંમતની છે માટે જો તેનો ઉપયોગ કરવામાં આવશે તો તેથી પણ સારો ફાયદો થશે.

પગની ખરીમાં Phenyle વાપરવા ઉપર જણાવેલ છે પરંતુ તે શુધ ગામડામાં મળવું મુશ્કેલ છે. માટે તેને બદલે લીંબડાનાં પાન કાચા તેલમાં કકડાવી તેના ચાબકા જો દેવામાં આવે તો તે પણ ચાલી શકશે. તબેલાઓમાં Solution of Phenyle and Carbolic Lotion ન છાંટી શકાયતો લીંબડાના પાનને ગરમ પાણીમાં ખુબ ઉકાળી તે ધમધગતું પાણી તબેલાઓમાં છંટાવવાથી પણ ફાયદો થશે

"ગુજરાતી પંચ" ના તા૦ ૨ જુલાઇ ૧૯૧૧ ના અંકમાં આ નિબંધ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને તે ઉપરથી "સાંજ વર્તમાને" પણ તા. ૩૧ જુલાઇ ૧૯૧૧ ના પોતાના અંકમાં આ નિબંધ ઉપરથી ઉતારો કરેલો છે. જેથી તે પત્ર વાંચનાર ગ્રહસ્થોને તેનુ જ્ઞાન થયું હશે પરંતુ ગામડાના ખેડુત લોકો તથા અભણ વર્ગ કે જેઓ વર્તમાન પત્રો વાંચી શકતા નથી તેને માટે આ નિબંધીની ૨૫૦૦૦ પ્રત શ્રી મુંબાઇના જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના ઓ. વ્યવસ્થાપક શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેઓને આ હેન્ડબીલ મંગાવવાં હોય તેમણે તેમના સરાફ બજારના શીરનામે લખી મંગાવવા

---

## જીનિંગ ફેકટરીઓના માલીકોએ આશિર્વાદ સાથે કરકસરથી પૈસા બચાવવાની એક ઉમદા તક.

પરમાત્માની કૃપાથી હિંદુસ્તાનમાં હાલ થોડા વર્ષો થયાં સાંચા કામની યોજના, તથા કળાકૌશલ્યતાથી રૂ કાંતવા માટે જીનિંગફેકટરીઓ બંધાતી જાય છે અને હિંદુસ્થાનનાં લગભગ તમામ સારાં શહેરો અને ગામડાઓમાં આવી ફેકટરીઓ જોવામાં આવે છે જેથી એક રીતે આપણે અલબત ખુશી થવું જોઇએ. પરંતુ જેટલી ખુશાલી આપણે મેળવી શકીએ, તેટલીજ બલકે તેથી વધારે દીલગીરી પણ મેળવવાનું કારણ બને છે અને તે એ છે કે જીનમાં વપરાતા રેલરોમાં કતલ કરેલ ઢોરનાં ચામડાંનાં વાઇસરો વાપરવામાં આવે છે, અને તે બાબતમાં મી૦ શિવજી મોરારજી નામના એક જીનીંગ ફેકટરીના માલેક તેવા ચામડાંનાં વાઇસરો કાઢી નાંખી પોતાની ફેકટરીમાં કાગળોનાં વાઇસરો વાપરતાં કેટલીક જાતના ફાયદાઓ તેઓને મળ્યા છે, તે તેઓ નીચેના કોઠા પ્રમાણે જણાવે છે

| નં. | બાબત. | ચામડાંના વાઇસર | કાગળનાં વાઇસર. | રિમાર્ક. |
|---|---|---|---|---|
| ૧ | એક રોલરમાં દરેક જાતનાં કેટલા વાઇસર જોઇએ... ... ... | ૪૫ | ૪૫ | આ ઉપરાંત ૩૨૫ જીવનું રક્ષણ થયુ |
| ૨ | ૫૦ જીનમાં ૫૦ રોલર જોઇએ તેનું વજન રતલ ... ... ... | ૨૨૫૦ | ૨૨૫૦ | |
| ૩ | દરેક રોલર કેટલા માસ ચાલે ... | ૩ાા | ૨ | |
| ૪ | ૪ાા માસની સીઝનમાં કેટલો રતલ જોઉએ... ... ... ... | ૨૯૦૦ | ૫૦૬૫ | |
| ૫ | દરેકનો ભાવ રૂ. ... ... | ૦–૧૧–૦ | ૦–૫–૦ | |
| ૬ | દરેકની કુલ કીમત ... ... | ૧૯૯૩–૧૨–૦ | ૧૫૮૨–૧૩–૦ | |
| ૭ | નફો ... ... ... ... | ૦ | ૪૧૦–૧૫–૦ | |

હવે ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ રીતે જણાશે કે એક ૫૦ જીનની નાની ફેકટરીમાં ચામડાંનાં વાઇસરોને બદલે કાગળનાં વાપરવામાં આવ્યાથી રૂ. ૪૧૦–૧૫–૦ નો ચોખ્ખો અને દેખીતો નફો થયો અને તે ઉપરાંત ૩૨૫ જીવની હિંસા થતી અટકી, કે જેથી ઢોરોને અશિર્વાદ મળ્યો અને ખેતીનાં ઢોરોનું રક્ષણ થયું કે જે લાભ એટલો બધો અલભ્ય છે કે તેથી જીનના માલીકો આશિર્વાદ મેળવવા ઉપરાંત ખર્ચ ઓછું કરે છે.

ઉપરમાં જણાવ્યા પ્રમાણે એક નાની જીનીંગ ફેકટરીના દાખલાથી આટલા બધા જીવો બચેછે. તો પછી આપણા દેશની સંખ્યાબંધ જીનીંગ ફેકટરીઓ માટે કેટલી મ્હોટી જાનવરની સંખ્યાની હિંસા થતી અટકે તથા પૈસાનો વ્યય બંધ થાય એ સુજ્ઞ વાંચનાર પોતેજ ખ્યાલ કરી શકશે.

ચામડાંનાં વાઇસરો બાબતમાં વાચનારને સ્વાભાવિક રીતે સવાલ ઉત્પન્ન થશે કે વાઇસરો માટે મરેલ જાનવરનું ચામડું શામાટે વાપરવામાં નહિ આવતું હોય? અને કતલ કરેલા ઢોરનું ચામડું વાપરવામાં આવેછે? તેનો ખુલાસો એવો છે કે મરેલા જાનવરનું ચામડું કઠણ અને બીન ટકાઉ છે; જ્યારે કતલ કરેલા ઢોરનું ચામડું સુંવાળું મજબુત અને ટકાઉ હોય છે, અને તેથી તેનો વપરાશ વધારે થાય એ દેખીતું છે. જેથી તેવું ચામડું મેળવવા માટે નિર્દોષ અને મુગાં બિચારાં પ્રાણીઓનો ક્રુરરીતે ઘાત કરવામાં આવે છે!!!

બીજાં ઢોરો કરતાં બળદ અને ગાયનું ચામડું મુખ્યત્વે કરીને આ વાઇસરોમાં વધારે ઉપયોગી થઇ પડે છે. કારણકે બીજાં ઢોરોનુ ચામડું તેના કરતાં ઓછું ટકાઉ હોય છે.

કાગળનાં વાઇસરો વાપરવાની શરૂઆત કરતી વખતે જીનીંગ ફેકટરીમાં કામ કરતા જીનીંગ ફીટરોને આ નવો સુધારો પ્રથમ અણગમતો લાગશે તેનું કારણ એવું છે કે વાપર્યા પહેલાં તેના ફાયદા શું થાય છે તેનું તેઓને કદાચ જ્ઞાન ન હોય એ સ્વાભા-

વિક છે. વળી કેટલાક કામદારો જે કામ પ્રથમથીજ ચાલતું આવેલ છે તેને તરત છોડી ન દેવાયતો સારૂં એવો અભિપ્રાય ધરાવે છે. તેથી જીનીંગ ફેકટરીમાં ચામડાને બદલે કાગળના વાઇસરો દાખલ કરવાની શરૂઆત વખતે જીનીંગ ફીડરોમાં ઉપરમાં જણાવ્યા પ્રમાણે સહેજ અણગમો દેખાશે, તોપણ ફેકટરીના માલીકો અથવા મેનેજરો જો દૃઢ નિશ્ચય રાખી આઠ કે દશ દિવસ સુધી પોતાની દેખરેખ રાખી ખંતથી કામ લેવા મહેરબાની કરશે તો કાગળ સાથે કાથાની ભેળસેળવાળાં વાઇસરો તથા કાગળનાં નીખ લસ વાઇસરો ચામડાંનાં વાઇસરો જેવાંજ અગત્યનાં જણાશે, માટે તેઓને અમારી એજ વીનંતિ છે કે શરૂઆતમાં નવો સુધારો દાખલ કરતી વખતે, કામદારોના ગભરાટ અથવા કોલાહલથી કોઇપણ રીતે નિશ્ચય નહિ છોડતાં ખંતથી કામ લઇ પોતાની ખાત્રી કરી જોઇ તેમાં કાંઇ પણ ખામી જણાય તો જે ઠેકાણે આ વાઇસરો વેચાતા મળે છે ત્યાં તથા જે ફેકટરીઓમાં તે વપરાય છે ત્યાંથી તે બાબત ખુલાસા મેળવી કામ લેવા વીનંતિ છે. મી૦ શીવજી મોરારજી જણાવે છે કે આવાં કાગળોનાં વાઇસરો ૪—૫ વર્ષોથી આશરે ૫૦ જીનીંગ ફેકટરીઓમાં વપરાય છે અને તેનાથી સંતોષકારક કામ નીકળે છે. જે ફેકટરીઓમાં આ વાઇસરો વપરાય છે તેમાંની થોડીએકનાં નામ મી૦ શીવજી મોરારજી નીચે પ્રમાણે અમોને જણાવતાં તે સર્વેની માહિતી માટે નીચે જણાવવામાં આવે છે.

| નં. | દેશ | શહેર | જીનીંગ ફેકટરીનું નામ |
|---|---|---|---|
| ૧ | બીરાર | ચોતમાલ | મેસર્સ રણછોડદાસ ગાંગજી લખમીદાસની કું૦ |
| ૨ | દખણ | બારસી | ધી ગોકુલદાસ કલ્યાણજી બારસી કોટન જીનીંગ ફેકટરી |
| ૩ | દખણ | બારસીરોડ | મી૦ રાયમલ હીરજીની જીનીંગ ફેકટરી |
| ૪ | દખણ | બારસી | ધી વાલચંદ નાનચંદ જીનીંગ ફેકટરી |

હવે ઉપરથી વાંચનાર ગૃહસ્થના મન ઉપર આ લખાણે કદાચ અસર કરી હશે.

આપણી મનુષ્ય જાતિમાં દીનદયાળ પ્રભુએ નવી નવી શોધો કરવાની કુદરતી બક્ષીસ આપણા મગજને આપેલી છે, અને સારાસારની પરીક્ષા કરવાને શકિતવાન બનાવ્યા છે. તે શકિતનો ઉપયોગ કરતાં ચામડાને બદલે કાગળનાં વાઇસરો દાખલ કરવામાં ઉપરમાં જે ફાયદાઓ બતાવેલા છે તેનો ટુંક સાર હું ફરીથી આપને નીચે જણાવવા રજા લઉં છું.

૧. કાગળના વાઇસરો વાપરવાથી તે વાઇસરો બનાવનાર લોકોને હુન્નર ઉદ્યોગ ખીલવવામાં ઉત્તેજન મળશે.

૨. હિંદુસ્થાન ખાતે દર વર્ષે હજારો નિર્દોષ જીવોની હિંસા બંધ થવાથી તેઓનો જીનના માલીકોને આશીર્વાદ મળશે.

૩. ખેતીવાડીનાં ઢોરોની વૃદ્ધિ થશે અને ખેતીના પાકને નુકશાન નહિ લાગવાથી મોંઘવારી થતી અટકશે

૪. ખેડુત લોકોને બળદો સોંઘા મળશે.

૫. દુધ, ઘી વગેરે પણ સસ્તાં થશે.

૬. જીનનાં માલીકોને પૈસાનો વ્યય ઓછો થવાથી દેખીતી રીતે નફો થશે.

૭. છેવટ સ્વાર્થ સાથે પરમાર્થ સાધી શકાશે.

ટુંકામાં એ રીતે ઘણા ફાયદાઓ દેખીતા છે તો હકીકત જાણ્યા પછી, આડે રસ્તે નહીં દોરવાનાં જગત્ નિયંતાએ આપણને કાગળનાં વાઇસરો બનાવવાને અક્કલ આપી છે અને તે પાર પડી છે, તો તેનો લાભ આપણા દેશના દયાળુ અને સુજ્ઞ હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રીસ્તી વીગેરે તમામ કોમોના શ્રીમંત અને અગ્રણી ગૃહસ્થો લેવાને ચુકશે નહિ, એવી તેઓ પ્રત્યે સવિનય વિનતિ કરવામાં આવે છે. **सुज्ञेषु किं बहुना ?**

ઉપરનો આર્ટીકલ રા. રા. છગનલાલ વિ. પરમાણંદદાસ નાણાવટીએ ગુજરાતી પંચના તા. ૨૩-૮-૧૧ ના અંકમાં પ્રસિદ્ધ કરાવેલો તે બહુ ઉપયોગી લાગવાથી તેમાં મી૦ છગનલાલ વિ. પરમાણંદદાસ નાણાવટી પાસે થોડો સુધારો વધારો કરાવી તેની ૫૦૦૦) પ્રતિ લોકોમાં વિના મૂલ્યે વહેંચવા માટે મુંબઈના શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડના ઓ. વ્યવસ્થાપક શેઠ લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી તરફથી છપાવવામાં આવી છે તેનો વાંચનાર સદ્ઉપયોગ કરશે એવી આશા રાખવામાં આવે છે.

## જૈન લગ્નવિધિ—શાસ્ત્રાનુસાર સાબીત.

### ( લેખક-મુનિશ્રી જિનેંદ્રવિજયજી-ગોધરા ).

મારા પ્યારા જૈન બંધુઓ—પ્રાચીન કાળમાં આપણા વડવાઓ શાસ્ત્રાનુસારે જૈન લગ્નવિધિ પ્રમાણે વિવાહ પોતાના પુત્ર પુત્રીના કરતા હતા, પણ વચમાં દુર્ભક્ષકાળ આવવાથી જૈન લગ્નવિધિ નષ્ટ થઇ હતી. હાલ ફરીને તેનો જન્મ થયોછે. સંવત ૧૪૬૮ માં રૂદ્ર પલ્લીય ગચ્છના શ્રી વર્ધમાનસુરિએ **आचार दिनकर** નામનો ગ્રંથ રચ્યો. તે ગ્રંથમાં ૪૦ ઉદય જુદા જુદા પ્રકારના બતાવ્યા છે. હવે તે આચાર્ય પંજાબમાં આવેલા જાલંધરના ભુષણરૂપ નંદન નામના નગરના રાજા અનંતપાળના રાજ્યમાં થઇ ગયા. હવે કોઇ તર્ક કરે કે આદિનાથ ભગવાન જૈન લગ્નવિધિ પ્રમાણે પરણ્યા હતા કે આ ચાલતી રૂઢી પ્રમાણે પરણ્યા હતા. તેનો ખુલાસો નીચે મુજબ:—

જે વખત આદિનાથ ભગવાન પરણ્યા તે વખત પોતેજ જુગલા ધર્મ નીવારી કર્મ ભૂમિનો પ્રચાર વર્તાવ્યો તે વખતમાં કાંઇ જાતી ભેદ નહોતો પણ ફકત આર્ય કહેવાતા હતા. તે વખતે આ આદિનાથ ભગવાનના વિવાહ થયા તે કાંઇ માણસે કર્યા નથી, પણ તેમને તો ઇંદ્ર મહારાજે પરણાવ્યા હતા. ઇંદ્ર મહારાજ સમકિતિ હતા ને આદિનાથ ભગવાન તીર્થંકર છે તો ઇંદ્ર મહારાજે મિથ્યાતીના લગ્નવિધિ પ્રમાણે પરણાવ્યા નથી પણ

શાસ્ત્રાનુસારથી સાબીત થાય છે કે જૈન લગ્નવિધિ પ્રમાણે પરણાવ્યા. જૈન લગ્ન વિધિની પ્રશ્નોતર રૂપે સમજુતી.

પ્ર૦—જૈન લગ્ન વિધિ એટલે શું? અને તે શેમાં છે?

ઉ૦—જૈન શાસ્ત્ર પ્રમાણે પરણવાની રીતી, અને તે આચારદિનકર ગ્રંથમાં છે.

પ્ર૦—આચારદિનકર ગ્રંથ કોણે રચેલો છે? અને તે કયા ગચ્છના હતા?

ઉ૦—શ્રી વૃધમાનસુરિએ રચ્યો છે અને તે રૂદ્ર પલ્લીય ગચ્છના હતા.

પ્ર૦—તે ગ્રંથને રચ્યાં આજે કેટલાં વર્ષ થયાં? ને કયારે સંપુર્ણ થયો?

ઉ૦—આજે ૪૯૨ વર્ષ થયાં અને સં. ૧૪૬૮ માં સંપૂર્ણ થયો છે.

પ્ર૦—આચારદિનકર ગ્રંથ કયા આગમને આધારે રચેલો છે?

ઉ૦—આવશ્યક સૂત્ર તથા તેની ટીકાને આધારે.

પ્ર૦—આચારદિનકર ગ્રંથમાં બીજા કયા કયા વિષયો દર્શાવ્યા છે?

ઉ૦—તેમાં એકંદર ૪૦ પ્રકરણો છે અને તે દરેક પ્રકરણનું નામ ઉદય આપેલ છે. દરેક ઉદયમાં ગૃહસ્થ શ્રાવકના આચાર તથા સોળ સંસ્કાર વર્ણવેલા છે.

પ્ર૦—શ્રાવકના ૧૬ સંસ્કારોમાં આ લગ્ન વિધિ કેટલામો સંસ્કાર છે?

ઉ૦—તે શ્રાવકનો ચૌદમો સંસ્કાર છે.

પ્ર૦—આ લગ્નવિધિનો પ્રચાર આગળ ચાલતો હતો કે નહીં?

ઉ૦—આ વિધિ જૈનમાં અનાદિકાળથી ચાલી આવે છે.

પ્ર૦—એ વિધિનું વર્ણન કોઇ શાસ્ત્રમાં છે કે નહીં?

ઉ૦—કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે રચેલા ત્રિષષ્ટીશ્લાકાપુરૂષ ચરિત્રની અંદર આદિનાથપર્વમાં અને જયશીખરસૂરિકૃત જૈન કુમાર સંભવ કાવ્યમાં એ પ્રસંગનું વર્ણન છે.

પ્ર૦—આવો સનાતન વિધિ કોણ કરાવતા હતા?

ઉ૦—ગૃહી ગુરૂ એટલે ગૃહસ્થી ગુરૂ પણ સાધુ મહારાજના જેવા ન ગણાય. તે સાંસારિક, વ્યહવારિક રીતભાત કરાવે, પણ સાધુ પંકિતમાં ગણાય. ગ્રહી ગુરૂ અથવા કુળ ગોર જૈન બ્રાહ્મણો કરાવતા હતા.

પ્ર૦— હાલમાં તેઓ કેમ કરાવતા નથી?

ઉ૦— શંકરાચાર્યના વખતમાં જૈન બ્રાહ્મણો રહ્યા નહી એટલે તેઓએ પોતાના વેદવિધિથી લગ્નવિધિ કરાવવા માંડી.

પ્ર૦—જૈન બ્રાહ્મણો સિવાય બીજા બ્રાહ્મણોથી તે વિધિ થઇ શકે કે કેમ?

ઉ૦— સમય અને દેશકાળને અનુસરીને થઇ શકે. કારણકે અત્યારના વખતમાં બ્રાહ્મણોની પાસે જૈન મુનિઓ પણ વિદ્યાભ્યાસ કરેછે એટલુજ નહીં પણ દેરાસરોમાં જીનેશ્વર ભગવાનની પૂજા કરવા માટે પણ બ્રાહ્મણોને રાખવામાં આવેછે તોપછી વિધિ કરાવવામાં કાંઇ બાધ નથી. ખુશીથી થઇ શકે.

પ્ર૦—આ વિધિની ક્રિયા કેવી રીતે થાય છે?

ઉ૦—આર્ય જૈન વેદના મંત્રોથી થાયછે.

પ્ર૦—જૈન વેદના મંત્રો શી રીતે ઓળખાય?

ઉ૦—તે મંત્રની આદિમાં " ॐअर्हं અને અંતમાં अर्हॐ આવા પદો આવે છે.

પ્ર૦—એ મંત્રનો ઉચ્ચાર કરતી વખતે પવિત્રતા રાખવાની જરૂર છે કે નહી.?

ઉ૦—અને તેટલી પવિત્રતા રાખવાની જરૂરછે.

પ્ર૦—લગ્ન મહોત્સવમાં તેવી પવિત્રતા કેમ રાખી શકાય?

ઉ૦—આ વિધિનો પ્રસંગ ગૃહસ્થને લગતો છે તેથી તે વખતે જેટલી ઘટે તેટલીજ પવિત્રતા રાખવી યોગ્ય છે.

પ્ર૦—કેવી પવિત્રતા રાખવી?

ઉ૦—જે ઠેકાણે લગ્ન વિધિ થાય તે મંડપમાં મંત્ર બોલનાર ગૃહસ્થ ગુરૂ શુદ્ધ થઈ બધાં વસ્ત્રો શુદ્ધ પહેરી પોતાને બેસવાની જગ્યા શુદ્ધ રાખી જૈન વિધિના મંત્ર બોલે, તેમ થવું જોઇએ.

પ્ર૦—કદી બીજા લોકો અશુદ્ધ હોય અને તેની આસપાસની જગ્યા અશુદ્ધ હોય તો કેમ કરવું?

ઉ૦—તેવી અતિ પવિત્રતા જોવાની જરૂર નથી. આ પ્રસંગે જન સમુહમાં તેવી શુદ્ધિ રહી શકતી નથી. વળી ગૃહસ્થાચારનો વિધિ છે તેથી તેવી અતિ શુદ્ધ ન બને તો કાંઇ જરૂર નથી.

પ્ર૦—તેવી ઉત્તમ શુદ્ધિ સિવાય જૈન વિધિના મંત્રો કેમ બોલાય?

ઉ૦—વિવાહ પ્રસંગના મંત્રો ગમે ત્યાં વકતા શુદ્ધ હોય તો બોલી શકે છે. વરઘોડાનો મંત્ર રસ્તામાં ચાલતાં ગૃહસ્થ ગુરૂને બોલવો એમ કહેલું છે.

પ્ર૦—જૈન લગ્નવિધિમાં મુખ્ય કેટલી ક્રિયાઓ આવે છે? અને તેના નામ શું?

ઉ૦—સોળ ક્રિયાઓ આવે છે, (૧) માતૃકાસ્થાપન (૨) સપ્તકુલકર સ્થાપન (૩) વરઘોડાનો શાંતિમંત્ર (૪) હસ્તમેળાપ (૫) અગ્નિસ્થાપન (૬) હોમ (૭) પ્રથમાભિષેક (૮) ગોત્રોચ્ચાર (૯) મંડપ વેદીપ્રતિષ્ઠા (૧૦) તોરણપ્રતિષ્ઠા (૧૧) અગ્નિપ્રદક્ષિણા (ચાર ફેરા) (૧૨) કન્યાદાન (૧૩) વાસક્ષેપ (૧૪) બીજો અભિષેક (૧૫) કરમોચન (૧૬) આશિર્વાદ.

પ્ર૦—એ ક્રિયામાં કયા કયા મંત્રો આવે છે.

ઉ૦—માતૃકાસ્થાપનમાં, સાત કુલકરસ્થાપનમાં, વરઘોડામાં, હસ્તમેળાપમાં, હોમમાં, પહેલા અભિષેકમાં, ગોત્રોચ્ચારમાં, અગ્નિપ્રદક્ષિણામાં અને કરમોચનમાં આર્ય જૈન વેદના મંત્રો આવે છે. અને વેદી પ્રતિષ્ઠામાં, તોરણ પ્રતિષ્ઠામાં, અગ્નિસ્થાપનમાં, વાસક્ષેપમાં અને છેલા અભિષેકમાં તે તે દેવતાના મંત્રો આવે છે.

પ્ર૦—આ જૈનવિધિ પ્રમાણે લગ્ન કરવાથી શો ફાયદો થાય?

ઉ૦—દરેક સંસ્કાર કરવાથી ભવિષ્યમાં સંતતિને વિષે ઘણા ઉન્નતિ ભરેલા સુધારા થઇ જાય છે તેમ આ લગ્નવિધિના સંસ્કારથી વરકન્યાના જોડાને

ભવિષ્યમાં બુદ્ધિ બળની સાથે આયુષ્ય, આરોગ્ય, યશ. સુખ અને છેવટે પરમાણંદ પ્રાપ્ત થાય છે.

પ્ર૦—તેમ થવાનું કારણ શું?

ઉ૦—જે જે પ્રસંગે આર્ય જૈન વેદના મંત્ર બોલવામાં આવે છે તે તે મંત્રમાં રહેલ દૈવી શકિતના પ્રભાવથી પરણનાર વરકન્યાના ઉપર ઉત્તમ અસર થાય છે. અને તે અસરને લીધે તેમનું આત્મિક બળ વૃદ્ધિ પામતું જાય છે. તેથી સર્વ પ્રકારનાં આ લોકનાં સુખ સંપાદન કરવામાં એ દંપતિ પૂર્ણ અધિકારી થાય છે. તે વાત નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે. માટે હું સર્વ જૈન બંધુઓને સૂચના પૂર્વક કહું છું કે આપણા પ્રાચીન શાસ્ત્રમાં લગ્નવિધિ યથાર્થ રીતે દર્શાવેલી છે. છતાં અન્યધર્મીઓના પ્રસંગને લીધે આપણી કોમમાં લગ્નવિધિ અન્યદર્શનિયોના અનુકરણરૂપે કરવામાં આવે છે. તે દિલગીરીની વાત છે. કારણકે તમારા ભાજનમાં ભોજન છે છતાં તેને મૂકી અન્યના ભાજનનું ભોજન ખાવા ઇચ્છો છો તો પછી તેનાથી બીજી શું વધારે શોચનિય વાત છે તે કહો. માટે અંતઃકરણની લાગણીથી કહુ છું કે તમો તે દોષ દુર કરવા સારૂ આપણા શાસ્ત્ર પ્રમાણે દર્શાવેલી લગ્નવિધિનો પ્રચાર કરો. એમ હું પોકારીને સર્વ જૈન બંધુઓને જણાવું છું અને અન્યસંસ્કારો પણ જે નષ્ટ થઇ ગયા હોય તેને સુધારી જૈન શાસ્ત્રાનુસારે શુદ્ધ કરવા પ્રયત્ન કરો અને કરાવો. એમ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ખાસ આવશ્યકતા ધારે છે.

આ અર્વાચિનકાળમાં થોડા વખતપર કાઠીઆવાડમાં માંગરોળબંદરના વતની અને મુંબઇના પ્રસિદ્ધ વ્યાપારી શેઠ અમરચંદ તલકચંદે તા૦ ૧૪–૧૨–૧૯૦૩ સં. ૧૯૬૦ના માગશર વદ ૧૧ ને સોમવારે પોતાના પુત્ર શિવચંદ્રનાં લગ્ન જૈન લગ્નવિધિ પ્રમાણે કર્યાં હતાં, તથા શિવચંદ્રના જ્યેષ્ટબંધુ શેઠ હેમચંદભાઇએ સંવત ૧૯૬૬ ની સાલમાં કાઠીઆવાડમાં રાજકોટ પાસે સરધાર ગ્રામ મધ્યે પોતાનાં લગ્ન જૈન લગ્નવિધિ પ્રમાણે કર્યાં. તેમજ અમદાવાદમાં સારાભાઇ મગનભાઇના પુત્ર શેઠ અંબાલાલભાઇએ પોતાનાં લગ્ન જૈન વિધિ પ્રમાણે કર્યાં. આ પ્રમાણે માળવામાં પણ જુદે જુદે સ્થળે જૈન વિધિ પ્રમાણે લગ્ન થયાંછે, તેમ બીજે સ્થળોએ પણ થયાંછે. પણ જ્યાં સુધી બધા જૈન કોમમાં પ્રચાર નથી થયો ત્યાં સુધી હું એમ કહુંછું કે હજી તમને અંતઃકરણની લાગણી થઇ નથી. જ્યારે અંતઃકરણની લાગણી થશે ત્યારે સઘળી જૈન સમાજને આ ભારત ભૂમી જૈન મય વર્તાશે અને ત્યારેજ જૈન ધર્મનો ઝુંડો રોપાણો, અને જૈન શાસન જયવંતુ વર્ત્યું કહેવાશે. જૈન ધર્મનો ઉદ્યોત થશે. માટે મ્હારા વ્હાલા બંધુઓને હું વારંવાર કહું છું કે જૈન લગ્ન વિધિ પ્રમાણેજ લગ્ન કરો.

———:o:———

# THE JAIN GRADUATE'S ASSOCIATION.

A general meeting of the above association was held on the 22nd August 1911 at 7-30 P. M. (B. T.) in the Jain Swetamber Conference office, when the following members were present:—

Mr. Gulabchandji Dhadha. Mr. Tribhowandas Oghad Shah.
,, Makanji J. Mehta. ,, Sarabhai M. Mody.
,, Umedchand D Barodia. ,, Mohanlal D. Desai.
,, Nathubhai K. Mody.

Mr. Makanji J. Mehta was proposed to the chair by Mr. Gulabchandji Dhadha & seconded by Mr. Umedchand D. Barodia.

Then the subjects placed as announced before were discussed and the following resolutions were unanimously passed.

1. As to Hon'ble Mr. Gokhale's Bill to make better provision for the extension if elementary education the same was approved except the amendment in the 9 (1) that the words 'the yearly income of the parent does not exceed Rs. 200' should be placed instead of 'the monthly income of the parent does not exceed Rs. 10' and the Goverment should be requested to reduce the prices of Varnacular Reading Series, which are abnormal at present.

This resolution should be conveyed to the Goverment and the Hon'ble Mr. Gokhale.

(2) As to the Hon'ble Mr. Basus Bill to amend Special Marriage Act 1872, the same was referred for the decision of the united meeting of the three seets of Jain Community to be held recently but at the same time the association remmends to it at least the intermarriages between the sects of the same community.

(3) As to Hon'ble Mr. Ibrahim's Bill for registration of charities, it is approved in toto.

(4) Re. rest of the subjects were postponed till the next meeting for want of time.

## "અંગજાથી મરતા મુસાફરો—"

(જગતના નિયંતા દીસે —— એલય. )
આધાર છે કીરતાર તારો ન્યાય દીસે ન્યારો,
ન્યાય દીસે ન્યારો વિભુ — ન્યાય — ટેક.
અંગજાનો વિક્રયકરી, લેતા પાપી વિત,
ફેંકે ભવ કૂપમાં અરે, સાચવતા નીજ હીત,
અધમ હાલતે પ્હોંચે દેશ એ છે ઈસારો;—
પ્રભાતમાં મૌક્તિક ઠરે, તાપે તે સુકાય,
આકર્ષી મન ભૂલવે, આખર નીરપમાય,
તોયે નેન બીડી દોડે થાકે આવે આરો; —
ધખધખતા આંધણ થકી, ઠરે મુકતા જે થાળ,
અધીક હોંશ અંતર ધરે, થાય કદી નહિ માળ,
નિરાશાથી પાછા ફરે ખુલે પછી વિચારો;—

**વી. એમ. પંડયા. રંગુન**

**તૈયાર છે.** શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ આ અંક સાથે વહેંચાવેલ હેન્ડબીલમાં જણાવેલ નવીન ઉત્તમ પુસ્તકો છપાઈ ગયાં છે. શ્રી ગુરૂબોધ રૂા. ૦। તત્વજ્ઞાન દિપીકા રૂા. ૦ા પ્રેમથી મુકિત રૂા. ૦ાા ગહુંલી સંગ્રહ રૂા. ૦)— મેસર્સ મેઘજી હીરજીની કું. ને લખો. પાયધુની મુંબઈ

**સુચના**—આજના અંક સાથે મેસર્સ મેઘજી હીરજીની કું. નાં હેન્ડબીલ વહેંચવામાં આવેલ છે તે ઉપર ધ્યાન આપવા વાંચકવૃંદને વિનંતિ કરવામાં આવે છે.

## પુસ્તક પહોંચ—અહિંસા દિગ્દર્શન.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડનો રીપોર્ટ તથા હિસાબ
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનો સને ૧૯૦૯-૧૦ નો રીપોર્ટ.
માંસાહારની વિરૂદ્ધ અને વનસ્પત્યાહારના પક્ષનો વૈદ્યકીય સિદ્ધાંત.
મલમ સુદર્શ.
શ્રી તત્વ નિર્ણય પ્રસાદ ગ્રંથ.
ઉપરનાં પુસ્તકો આભાર સાથે સ્વીકારવામાં આવે છે.

## હેરલ્ડના મુંબઈના ગ્રાહકોને સુચના

જેમની પાસે લવાજમ બાકી રહેલ છે તેમને આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા નમ્ર વિનંતિ છે.

**જીવદયા.**

જૈન કોમના ત્રણે ફીરકા તરફથી રાજા મહારાજાઓને દશેરા ઉપર થતો પશુવધ બંધ કરવા વિનંતિ પત્ર ત્રણે સેક્રેટરીઓની સહીથી મોકલવામાં આવેલ છે.

૧। ,, બાપુભાઇ લાલચંદ જુન્નેર
૧। ,, કેશવલાલ ઉમેદરામ તાસગામ
૨॥ શ્રી જૈનસંઘ સમસ્ત થાણા
૧। શેઠ હીરાલાલ મોતીલાલ નીમચ
૨) ,, પાનાચંદ ઉગરચંદ લેનાડ
૧। ,, મોહનલાલ હેમચંદ પાદરા
૨॥ ,, ગગલભાઇ હાથીભાઇ પુના
૨॥ ,, શીવદાનજી પ્રેમાજી ,,
૩) ,, તુળજારામ વીરચંદ બારામતી
૧। ,, ધોંડીરામ સવાઇરામ ,,
૧। ,, હોંશીલાલ પાનાચંદ બાલાપુર
૧। ,, ગીરધારીલાલ બીયાવર
૧। ,, કેશરીમલ ગણેશ ,,
૧। ,, જુઠાભાઇ સુંદરજી ભરૂચ
૧। ,, છોટાલાલ મોતીચંદ બોયણી
૧॥= ,, રવજીભાઈ રામચંદ માઢા
૧। ,, રૂગનાથભાઇ રાજુજભાઇ માંગરોળી
૧। શ્રી જૈન ભારતિભૂષણ સભા માંડળ
૧। શેઠ લક્ષ્મીચંદ અમરચંદ માંડવી (સુરત)
૧। ,, જેચંદભાઇ વેલશી મુળી
૧। ,, અસલાજી બાલચંદ યાદાગીરી
૧। ,, જુહારમલ સમરમલ નવાસર
૧॥= ,, માસાજી ફતાજી મુંબઇ
૧। ,, લલ્લુભાઇ અમથાચંદ દાદર (મુંબઇ)
૧। ,, પોકરચંદ મુનીમ ચંદુરબજાર
૧। ,, શીવશંકરજી મુકીમ જેપુર
૧। શેઠ સ્વરૂપચંદ ગોવિંદજી કુબેરા
૧। ,, હરખચંદ ગુલાબચંદ તેલહારા
૧। ,, દેવચંદ સવાઈચંદ થરાદ
૨॥ ,, લખમાજી કસ્તુરચંદજી દાવાનગરી
૧। બાબુ પ્યારેલાલ દલાલસીંગ દીલ્હી
૧। શેઠ ડુંગરશી મેઘજી દેવગામ
૧। ,, હજારીમલજી ખુબચંદજી નરસીંગપુર
૧। ,, જેઠમલજી રામકરણજી ,,

૧। ,, વછરાજ રૂપચંદ પાચોરા
૧। ,, જેચંદ મોરભાઇ પાળીયાદ
૨॥ ,, પોચાલાલ ડુંગરશી પ્રાંતીજ
૧। ,, ધુડાજી બેલારી
૧। ,, હંસાજી અમીચંદજી ,,
૧। ,, ધનાજી સામાજી ,,
૧। ,, લક્ષ્મીચંદજી માણેકચંદજી બેદનુર
૧। ,, નવલાજી મેઘાજી બેંગલોર
૧। ,, લક્ષ્મીચંદ અખેરાજ ,,
૧। ,, બી. એફ. સાલમચંદ ,,
૨॥ ,, ભુદરદાસ જીવરાજ ભાલક
૧। ,, મલુકચંદ કસ્તુરચંદ મદ્રાસ
૧। શ્રી જૈન મીત્ર મંડળ કચ્છ માંડવી
૨॥ શેઠ મનસુખદાસ ભગવાનદાસ મોખાડા
૧॥ ,, ઉંકારલાલ બાફના મંદસોર
૧। ,, ચંદનમલ નાગોરી છોટીસાદરી
૧। ,, અરજણસીંહજી મહેતા જોધપુર
૧। ,, ચાંદમલજી મ્હેતા ,,
૧। ,, બખ્તાવરજી મ્હેતા ,,
૧। ,, રખબાજી નેમીચંદજી ઝાબુઆ
૧। ,, મેઘાજી શામનીરામ ટેનાલી
૧। ,, કેશરીમલ મેઘાજી ,,
૧। શેઠ જેસંગભાઇ ભગુભાઇ ડાગાવાડીઆ
૧। ,, હીરાચંદ હરજી ત્રાપજ
૧। ,, મનસુખભાઇ ડાયાભાઇ તારાપુર
૧। ,, પુરમલ કપુરચંદ ત્રીચોનોપલી
૧। ,, અનોપચંદ હઠીશંગ થરાદ
૧। ,, સખારામ દુલભદાસ ધુણીઆ
૧। ,, નથુભાઈ શવજીભાઇ ,,
૧। ,, ચુનીલાલ ગોવીંદજી ધોલેરા
૧। ,, પ્રતાપચંદજી હરખચંદજી નવલગુંદ
૧। ,, મોતીજી દલાજી નાલાટવાડ
૧। ,, હીરાલાલજી મોતીલાલજી નાગપુર
૧। ,, રામચંદ નાનચંદ નીંબગામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨] | ,, માધુભાઇ દયાળજી | નોંધણુવદર | ૧। | ,, મુનીમજી સતીદાનજી | ડુંગરપુર |
| ૧। | ,, લલ્લુભાઇ જેશંગ | કુરસંજી | ૧। | ,, નથમલજી ચુનીલાલજી | બરોડ |
| ૧। | ,; ડોસાભાઇ રામજી | બેલા | ૧। | ,, ધુકલમલ ગણેશમલ | બારછાક |
| ૧। | ,, હીરાચંદ દેવચંદ | બુધ | ૧। | મેનેજર શ્રી જૈન કોન્ફરન્સ | મધુવન |
| ૧। | ,, છગનલાલ ઝવેરચંદ | માંગરોળ | ૧। | શેઠ છગનલાલ ડુંગરશી | જારકા |
| ૧। | ,, માણેકચંદ પાનાચંદ | કચ્છ માંડવી | ૨) | ,, બાગમલ માનમલ | જાવદ |
| ૨] | ,, નેમચંદ પીતાંબરદાસ મીયાગામ | કરજણ | ૧। | ,, ચ્યાવબદલજી કોચર | બીકાનેર |
| ૧। | ,, નાનચંદ મોતીચંદ | રૂપાલ | ૧। | ,, નાગજી મદનજી | ધોરાજી |
| ૨॥ | ,, અમરચંદ બોથરા | જીઆગંજ | ૧। | ,, વેણીચંદ બેચર | દેઉર |
| ૧। | ,, વીરચંદભાઇ ત્રીભોવનદાસ | જુનાગઢ | ૧। | ,, કેશરીમલજી ચંપાલાલજી | દેવાસ |
| ૧। | ,, દલીચંદ લવજીભાઇ | ઝીઝુવાડા | ૧। | ,, નથુભાઇ ગુલાબચંદ | બેટ |
| ૧। | ,, ચીમનલાલજી જેલાજી | ટાલીકોટ | ૧। | ,, ગુલાબચંદજી મગનીરામજી | ચીકલથાન |
| ૧। | શ્રી જૈન સંઘસમસ્ત | ટીંટોઇ | ૧। | ,, બજાંગજી કસ્તુરચંદજી | ટાડપત્રી |
| ૧। | ,, તારંગાજી લાઇબ્રેરી | તારંગાજી | ૧। | ,, નથુરામ મુળચંદ | દોલખાચ |
| ૧। | શેઠ પાસુભાઇ વાઘજીભાઇ | દુર્ગાપુર | ૧। | ,, ઝવેરભાઇ શીવલાલ | બામણગામ |
| ૧। | ,, દેવશીભાઇ કુરપાળ | દેસલપુર | ૧। | ,, નંદલાલ પરીખ | ભીલસા |
| ૧। | ,, વેલજી શામજી | ધમતરી | ૧। | ,, નવલરામ દોલતરામ | કડવાસા |
| ૧। | ,, નંદરાય ભગવાનરાય | નાલેહા | ૩। | ,, ફુલચંદજી નેમીચંદજી | ફલોદી |
| ૧। | ,, નેમીચંદ પુનમચંદ | પીસરવા | ૧। | ,, કરમશી શવગણ | પલાસવા |
| ૧। | ,, મયાચંદ રવજી | પેંડ | ૨॥ | ,, મોતીલાલજી મુથા | મંદસોર |
| ૨]ઽ | ,, દલીચંદ કીશોરભાઇ | પારસણા | ૨॥ | ,, જગરૂપજી નાથુલાલજી | ધુંધડકા |
| ૨]ઽ | ,, હજારીમલ રાજમલ | પચપાહાર | ૧। | ,, મલસાજી બારધીચંદજી | નીસરપુર |
| ૧। | ,, ચુનીલાલ સરાફ | બીલાડા | ૨॥ | ,, ડાહ્યાભાઇ ગોવીંદજી | નીટોડા |
| ૧। | ,, મુલતાનચંદજી | પીપરીઆ | ૧। | ,, ઠાકોરદાસ ભાભરા | મુલતાનસીટી |
| ૧। | ,, મોતીચંદ પાનચંદ | ભાણવડ | ૧। | ,, હરખચંદ દીપચંદ | પીપરી |
| ૧। | ,, પ્રેમાજી ચોરડીઆ | ભાનપુરા. | ૨॥ | ,, જગજીવન ઉત્તમચંદ | ડેડાણ |
| ૧। | ,, દીપચંદ જીતાજી | ભીનમાલ | ૧। | ન્યાલચંદ કેશવદાસ | બનકોરા |
| ૧। | ,, ત્રીભોવનદાસ મુળજી | મજેવડી | ૧। | જોરાવરમલજી | નાયાગામ |
| ૧। | ,, ભોગીલાલ મયાભાઇ | માંડવી (સુરત) | ૧। | ભગવાનજી ગોકળજી | ભીમડી |
| ૧। | ,, ઝવેરભાઇ ઇશ્વર | મુંજપર | ૧। | શેઠ ફતેચંદ અમીચંદ | વડોદરા |
| ૧। | ,, મનજીભાઇ ધરમશી | છતર | ૧। | ,, ઝવેરભાઈ ગડબડભાઇ | ,, |
| ૧। | ,, ચતરભુજ મોતીચંદ, | ઝરીઆ | ૧। | ,. ફકીરભાઈ ઘેલાભાઈ | ,, |
| ૧। | ,, ગંભીરમલજી | ટોંક | ૧। | ,, નીમચંદભાઇ બેચર | ,, |
| ૧। | ,, જસરાજભાઇ દેવચંદ | ટંકારા | ૧। | ,, દીપચંદ ભીમજી | સુરત |

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

काऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरन्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાયોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઈ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૭ નવેમ્બર ૧૯૧૧ [ અંક ૧૧

मुसाफर बे वतन तुं है,
कहां तेरा ठिकाना है ॥

## गझल.

दिला यक दम न हो गाफिल,
ये दुनिया छोड जाना है ॥
बगीचे छोडकर खाली,
जमी अंदर समाना है. ॥ १ ॥

बदन नाजुक गुलों जैसा,
जो लेटे सेज फूलोंपर ॥
होगा एक दिन मुरदा,
यही कीडोंने खाना है ॥ २ ॥

Registered N. B. 525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ७] વીર સંવત ૨૪૩૮ નવેમ્બર ૧૯૧૧ [ અંક ૧૧

## અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| [illegible] (प्रयोजक–उदयचंद लालचंद शाह.)... .... ... | ३२३ |
| [illegible]માર ચક્રવર્તી ચરિત્ર... ... ... ... ... ... | ૩૨૫ |
| સુ[illegible] સ્તવન (લેખક–મણીલાલ કાલીદાસ શાહ) ... ... | ૩૩૦ |
| [illegible] Yasovijayaji. ... ... ... ... ... | 331 |
| [illegible]न .... ... .... ... .... | ३३९ |
| [illegible] ... ... ... ... ... ... ... | ૩૪૨ |
| [illegible]ા ... ... ... ... ... ... ... | ૩૪૨ |
| [illegible]શાળા પ્રત્યે બાળકોની આશિષ ... ... ... ... | ૩૪૫ |
| [illegible]હિસાબ તપાસણી ખાતુ ... ... ... ... ... | ૩૪૬ |
| [illegible] જૈન શ્વે. કો. ઓફીસમાં થએલ કામકાજની ટુંક નોંધ, પરચુરણ કામકાજ, મંદિરોદ્ધાર ખાતુ. ... ... | ૩૪૭ |
| સુકૃતભંડાર ફંડ. ... ... ... ... ... ... | ૩૫૦ |
| [illegible]શકોના [illegible]ણથી થએલા ઠરાવો ... ... ... ... | ૩૫૧ |


પ્રગટ કર્તા—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**

પાયધુની–મુંબઈ.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १–४–०

कालबादेवी प्रिन्टिंग प्रेस.

न बेली होयगा भाई ।
 न बेटा बाप ना भाई ॥
क्या फिरता है सैदाई,
 अमलने काम आना है ॥ ३ ॥

फरिश्ते रोज करते हैं ।
 मुनादी चार कुंटोंमें ॥
महल्ला उंचियो वाले,
 जहां को छोड जाना है ॥ ४ ॥

प्यारे नजर कर देखो ।
 पडी जो माडियां खाली ॥
गये सब छोड यह दुनिया,
 दगा बाजी कबाना है ॥ ५ ॥

मुसाफर तुं है और दुनिया ।
 सरा है भूल मत गाफिल ॥
सफर परलोकका आखर,
 तुझे दर पेश आना है ॥ ६ ॥

न जावे संग कुछ हरगिज ।
 यहीं सब छोड जाना है ॥
अखूदी गोर कर देखा,
 तो मतलबका जमाना है ॥ ७ ॥

प्यारे नजर कर देखो ।
 न खेशोंमें कोई तेरा ॥
जनो फरजंद सब कूकें,
 किस्ने तुझे छुडाना है ॥ ८ ॥

य होंगे सर ब सर लेखे ।
 हशरके रोज ऐ गाफिल ॥

य दोजख बीच वद अमली ॥।
से तन अपना जलाना है ॥ १० ॥
गलत फहमी ये है तेरी ।
नहीं आराम इस जगमें ॥
लगाता है अबस दौलत ॥।
पे क्यों तुं दिलको अब नाहक ॥ ११ ॥
तमामी रैन गफलतमें ।
गुजारे चार पाई पर ॥
गुजारे रोज खेलोंमें ॥।
वृथा आयु गंवाना है ॥ १२ ॥
"उदय" दुनिया के धंधों में ।
हुआ तुं क्यों दिवाना है ॥
मुसाफर बे वतन तुं है ॥।
कहां तेरा ठिकाना है ॥ १३ ॥

कालबादेवी रोड, बम्बई. प्रयोजक—उदयचंद लालचंद शाह.

---

# શ્રી સનત્કુમાર ચક્રવર્તી ચરિત્ર.

નાગલોકની નગરી ભોગાવતી, દેવનગરી, અમરાવતી અને રાક્ષસપુરી લંકાથી પણ અધિક અને કાંચનની શોભાને ધારણ કરનારી **કાંચનપુરી** નામે નગરી છે. ત્યાં શત્રુની સ્ત્રીઓના અશ્રુજળના પ્રવાહમાં મેઘજ્યોતિ સમાન **વિક્રમયશા** નામે પરાક્રમી રાજા હતો. યુથપતિ ગજેંદ્રને હાથણીઓની જેમ તેના અંતઃપુરમાં પાંચસો પ્રેમની પાત્ર રમણીયો હતી. તે નગરીમાં સંપત્તિનો જાણે ભંડાર હોય તેવો **નાગલ** નામે એકધણી સમૃદ્ધિવાળો સાર્થવાહ રહેતો હતો. સૌભાગ્યકારી, લાવણ્યાવાળી અને અતિશય રૂપથી શોભતી, વિષ્ણુને લક્ષ્મીની જેમ તેને **વિષ્ણુશ્રી** નામે સ્ત્રી હતી. કાળાશ અને કેશની જેમ પરસ્પર પ્રેમ ધરતા તે દંપતી સારસ પક્ષીની જેમ નિરંતર ક્રીડામાં રસિકપણે વિહાર કરતા હતા.

એકદા એ સુંદર સ્ત્રી કાકતાલીય ન્યાયથી વિક્રમયશા રાજાની દૃષ્ટિએ પડી. તેને જોતાંજ ચોરની જેમ કામદેવે જેનું વિવેકરૂપી ધન હરી લીધું છે એવો તે રાજા વિચાર

કરવા લાગ્યો કે "અહા? આ સ્ત્રીના મૃગલીના જેવાં મનોહર લોચન, મયુરની કલા જેવો સુંદર કેશપાશ, પાકેલા બિંબફળના બે ભાગની જેવા કોમળ અને અરૂણ હોઠ, જાણે કામદેવને ક્રીડા કરવાના બે પર્વતો હોય તેવા પીન અને ઉન્નત સ્તન, નવીન લતાની જેવી સરલ અને કોમળ ભુજા, વજ્રના મધ્યની જેવો કૃશ અને મુષ્ટી ગ્રાહ્ય મધ્ય ભાગ સેવાળની જેવી સ્નિગ્ધ રોમાવળી, આવર્ત્તના જેવી નાભી, લાવણ્યરૂપ સરિતાના તટ જેવાં નિતંબ, કદળીના સ્તંભ સમાન ઉરૂ અને કમળ જેવા કોમળ ચરણ–એમ સર્વ અવયવો સુંદર છે, વધારે શું કહેવું! એ સ્ત્રીનું સર્વ અંગ સંપૂર્ણ મનોહર છે. આવી સુંદર સ્ત્રીને જરાવસ્થાથી વિકળ ચિત્તવાળા વિધાતાએ યોગ્યતા જોયા વગર સ્મશાનમાં ઇંદ્રસ્તંભની જેમ કોઇક અપાત્રમાં સ્થાપન કરેલી છે; તેથી એનું હરણ કરીને તેને મારા અંતઃપુરમાં સ્થાપન કરી વિધાતાના અનુચિતપણાના દોષને હું ટાળી નાખું." આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને કામદેવથી વિધુર થયેલા વિક્રમયશાએ તેનું હરણ કર્યું અને પોતાના યશને મલીન કર્યો. પછી તેને અંતઃપુરમાં લઇ જઇને તેની સાથે વિચિત્ર પ્રકારની કામદેવની લીલાવડે એકતાને ક્રીડા કરવા લાગ્યો. તે સ્ત્રીના વિયોગથી સાર્થવાહ, જાણે ભૂત વળગ્યું હોય, ધતુરો ખાધો હોય, અપસ્મારનો વ્યાધિ થયો હોય, મદિરાનુ પાન કર્યું હોય, સર્પે ડશ્યો હોય, અથવા સન્નિપાત થયો હોય તેવો થઇ ગયો, એ પ્રમાણે તેનાથી સાર્થવાહનો કેટલાક કાળ દુઃખમાં અને તેનો સંયોગ પામેલા રાજાનો કેટલોક કાળ સુખમાં નિર્ગમન થયો. રાજાવિક્રમયશાને તે વિષ્ણુશ્રીની સાથેજ નિરંતર રમતો જોઇ, તેના અંતઃપુરની બીજી સ્ત્રીઓએ ઇર્ષ્યાથી કામણ કર્યું. તે કામણવડે ક્ષણે ક્ષણે ક્ષીણ થતી સાર્થવાહની સ્ત્રી, મૂળના ક્ષયવડે લતાની જેમ છેવટે જીવિતથી મુક્ત થઇ ગઇ, તેના મૃત્યુથી રાજા પણ જીવન્મૃતની જેવો થઇ નાગદત્તની પેઠે પ્રલાપ અને વિલાપ કરવા લાગ્યો. 'આ મારી પ્રિયા પ્રણયથી રીસાઇને ચુપ રહેલી છે' એમ બોલતા રાજાએ તે મૃત્યુ પામેલી સ્ત્રીને અગ્નિમાં નાખવાને ના પાડી. પરંતુ મંત્રીઓએ વિચારી, રાજાને છેતરીને, તે વિષ્ણુશ્રીના કલેવરને અરણ્યમાં નખાવી દીધું.

'હે પ્રિયા? તું હમણાંજ હતી, હવે કેમ મારા સામું જોતી નથી? સંતાઇ જવાની ક્રીડા કરવી રહેવા દે. વિયોગાગ્ની મર્મને પીડા કરનાર હોવાથી મશ્કરીમાં પણ તેમ કરવું ઉચિત નથી. શું કૌતુકથી ક્રીડા સરિતામાં તો એકલી નથી ગઇ? અથવા ક્રીડાગિરી કે ક્રીડોદ્યાનમાં તો નથી ગઇ? પણ તું મારા વિના શી રીતે ક્રીડા કરીશ? આ હું તારી પછવાડે આવું છું.' આ પ્રમાણે બોલતો બોલતો રાજા તે તે પ્રદેશમાં ઉન્મત્તની પેઠે ફરવા લાગ્યો. એમ ભમતાં ભમતાં ત્રણ દિવસ સુધી રાજાએ અન્નપાન લીધું નહી. તે જોઇ મંત્રીઓએ તેના મૃત્યુની શંકાથી ભય પામીને તે સ્ત્રીના શરીરને અરણ્યમાં બતાવ્યું તે વખતે એ શરીર ઉપર રીંછની પેઠે બધા કેશ વિશીર્ણ થઇ ગયા હતા, માંસના લોલુપી ગીધ પક્ષીઓએ તેનાં સ્તનને સર્ચિત કરી દીધાં હતાં, કાગડીઓએ તેના આંતરડાનો સાર આકર્ષિત કર્યો હતો, મધપુડાની જેમ તેને મક્ષિકાઓના સમૂહે આચ્છાદાન કરી દીધું

હતું, પડવાથી ભાંગી ગયેલા પક્ષીના ઇંડાની જેમ તેને ચારે બાજુએ કીડીઓ વળગી હતી, અને તેમાંથી દુર્ગંધ નીકળ્યા કરતી હતી. આવું વિષ્ણુશ્રીનું શરીર જોઇ, રાજા વિક્રમયશા વિરક્ત થઇ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

## અસાર સંસાર સંબંધી વિક્રમયશા રાજાને થયેલ વિચારો.

"અહો આ અસાર સંસારમાં કાંઇ પણ સાર વસ્તુ નથી. આવા અસાર સ્ત્રી દેહમાં સાર બુદ્ધિ વડે ચિરકાલ મોહ પામેલા એવા મને ધિક્કાર છે! હળદરના રંગની જેવા આ હાર્દ ગુણવાળી સ્ત્રીઓથી પરમાર્થવેત્તા પુરૂષનું મનજ હરણ થતું નહીં હોય, બાકી તો સર્વ પુરૂષોના મન હરણ થાય છે. વિષ્ઠા, મુત્ર, મળ, શ્લેષ્મ, માંસ, મજ્જા અને અસ્થિથી પૂર્ણ તેમજ નસોથી ગુંથેલી એવી સ્ત્રીઓ ચર્મ (ચામડી) વડે મઢેલી હોવાથી માત્ર બહારથી રમણીય લાગે છે, પણ સ્ત્રીના શરીરનો જો અંદર અને બહાર વિપર્યાસ થઇ જાય અર્થાત અંદર છે તે બહાર આવે ને બહારનું અંદર જાય તો તે ગીધ અને શિયાળનેજ પ્રીતિવાળું થઇ પડે તેમ છે. કામદેવ જો સ્ત્રી રૂપ શસ્ત્ર વડે આ જગતને જીતે છે, તો પછી જે તુચ્છ પીંછાનું શસ્ત્ર ગ્રહણ કરે તેને મૂઢ બુદ્ધિવાળો સમજવો. સંકલ્પમાંથી ઉત્પન્ન થનારા એ કામદેવે અહા! આ બધા વિશ્વને હેરાન કરી દીધું છે, તેથી તેનું મૂળ જે સંકલ્પ તેનો હું ત્યાગ કરી દઉં."

આ પ્રમાણે વિચારી સંસારથી વિરક્ત થયેલા મોટા મનવાળા વિક્રમયશા રાજાએ **સુવ્રતાચાર્ય** પાસે જઇને દીક્ષા ગ્રહણ કરી. પછી પોતાના દેહ ઉપર નિઃસ્પૃહ થઇ, એક બે અને માસ ઉપવાસ વિગેરે તપસ્યા કરી. સૂર્ય જેમ કિરણોથી જલને શોષે તેમ તેણે પોતાના શરીરને શોષવી નાખ્યું. એ પ્રમાણે દુસ્તપ આચરી કાલયોગે મૃત્યુ પામી તે સનત્કુમાર દેવલોકમાં શ્રેષ્ઠ આયુષ્યવાળા દેવતા થયા. દેવ સંબંધી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી રત્નપુર નામના નગરમાં **જિનધર્મ** નામે શ્રેષ્ઠિ પુત્ર થયા. એ શ્રેષ્ઠિ કુમાર બાળપણથીજ જેમ સમુદ્ર મર્યાદાને પાળે તેમ બાર પ્રકારના શ્રાવક ધર્મને પાળતો હતો, આઠ પ્રકારની પૂજા વડે તીર્થંકરોની આરાધના કરતો હતો, એષણીય વિગેરે ધનથી મુનિરાજને પ્રતિલાભતો હતો અને અસાધારણ વાત્સલ્ય ભાવથી સાધર્મિક જનોને દાનવડે પ્રસન્ન કરતો હતો. આ પ્રમાણે તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો.

આ તરફ નાગદત્ત પ્રિયાના વિરહથી દુઃખી થઇ, આર્ત્ત ધ્યાન વડે મૃત્યુ પામી તિર્યંચ યોનિમાં પરિભ્રમણ કરવા લાગ્યો. અનુક્રમે ચિરકાળ સંસારમાં ભમી **સિંહપુર** નામના નગરમાં **અગ્નિશર્મા** નામે બ્રાહ્મણનો પુત્ર થયો. કેટલેક કાળે ત્રિદંડીપણું ગ્રહણ કરી અજ્ઞાન તપમાં તત્પર થઇ ફરતો ફરતો રત્નપુર નગરે આવ્યો તે નગરમાં **હરિવાહન** નામે અન્યધર્મી રાજા હતો તેણે તે ત્રિદંડી પરિવ્રાજકને નગરમાં આવેલા સાંભળીને પારણાને દિવસે પોતાને ત્યાં આવવા નિમંત્રણ કર્યું ત્યાં આવેલા અગ્નિશર્મા સન્યાસીએ દૈવયોગે

રાજદ્વારમાં આવી ચડેલા પેલા જિનધર્મ નામના વણિક કુમારને જોયો. તેને જોતાંજ પૂર્વ જન્મના વૈરથી અગ્નિશર્મા રૂષીનાં નેત્રો રોષથી રાતા થઈ ગયાં. તત્કાલ અંજલિ જોડી પાસે ઉભેલા હરિવાહન રાજા પ્રત્યે તે બોલ્યો--"હે રાજા! આ શ્રેષ્ઠીના પૃષ્ઠ ભાગ ઉપર અતિ ઉષ્ણ દૂધપાકનું પાત્ર મૂકીને જો ભોજન કરાવશો તો હું ભોજન કરીશ, અન્યથા કરીશ નહીં." રાજાએ કહ્યું—'બીજા પુરૂષના ઉપર રથાળ મૂકીને હું તમને ભોજન કરાવીશ. આ પ્રમાણે રાજાનાં વચન સાંભળીને તે ત્રિદંડી ક્રોધ કરીને ફરીવાર બોલ્યો—"આ પુરૂષનાજ પૃષ્ઠ ઉપર અતિ ઉષ્ણ દૂધપાકનું પાત્ર મૂકીનેજ હું ભોજન કરીશ, નહીં તો અકૃતાર્થપણે આવ્યો તેમ ચાલ્યો જઇશ." રાજા તેનો પરમ ભક્ત હતો, તેથી તે તેમ કરવાને કબુલ થયો **જૈન શાસનથી બાહ્ય એવા પુરૂષોને વિવેક કયાંથી હોય?** પછી રાજાની આજ્ઞા થવાથી તેણે પૃષ્ઠ ભાગ ધર્યો. તેની ઉપર ઉષ્ણ ભોજન મુકીને તે ત્રીદંડી ભોજન કરવા લાગ્યો. દાવાનળને હાથી સહન કરે તેમ જિનધર્મ કુમારે પાત્રના તાપને સહન કર્યો અને મારા પૂર્વ કર્મનું આ ફળ છે તે કર્મઆ મિત્રના યોગથી ત્રુટી જાઓ એમ ચિર-કાળ ચિંતવન કરતો તે કુમાર સ્થિર રહ્યા. જ્યારે તે ત્રિદંડી જમી રહેવા આવ્યો તે વખતે તેની ઉષ્ણતાથી ઉછળેલા રૂધીર, માંસ અને ચરબીના રસથી તે પાત્ર કાદવ પરથી સરી પડે તેમ કુમારના પુષ્ઠ ઉપરથી લપસી પડયું. ત્યાંથી પોતાને ઘેર આવીને પોતાના સંબંધવાળા સર્વ લોકોને બોલાવી જીન ધર્મમાં વિચક્ષણ એવા જીનધર્મ કુમારે પોતાનું સર્વ દુષ્કૃત્ય ક્ષમાવ્યું. પછી ચૈત્યપૂજા કરી, મુનિ પાસે આવીને તેણે યથા વિધિ દીક્ષા ગ્રહણ કરી. પછી નગરમાંથી નીકળી, પર્વતના શિખર ઉપર ચડીને પૂર્વ દિશાની સામે પૃષ્ટભાગ ખુલ્લો રાખીને તેણે કાર્યોત્સર્ગ કર્યો. તે વખતે રૂધિર-મય તેના પૃષ્ઠને ગીધ અને કંક પક્ષીઓ ચાંચોથી ચુંથતા હતા, તથાપિ તેણે બીજી દિશાઓની સામે પણ કાયોત્સર્ગ ધારણ કર્યો. એ પ્રમાણે નવકાર મંત્રના ધ્યાનમાં તત્પર રહી એવી પીડા સમ્યક્ પ્રકારે સહન કરતો જીનધર્મ કુમાર મૃત્યુ પામીને સૌધર્મ કલ્પને વિષે ઇંદ્ર થયો. પેલો ત્રીદંડી મૃત્યુ પામી અભિયોગિક કર્મ વડે ઇંદ્રનો ઐરાવત નામે હાથી થયો, પછી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને તે ત્રીદંડીનો જીવ કેટલાક ભવમાં ભ્રમણ કરી **અસિત** નામે યક્ષરાજ થયો.

## સનત્કુમારનો જન્મ.

આ જંબૂદ્વીપમાં કુરૂજાંગલ દેશને વિષે **હસ્તિનાપુર** નામે નગર હતું. તે નગરમાં અશ્વોની સેનાથી પૃથ્વી મંડળને આચ્છાદાન કરનાર અને મંગળવડે શત્રુઓના મંડલને જીતનાર **અશ્વસેન** નામે રાજા હતો. ગુણ રૂપ રત્નોના રોહણાચળરૂપ તે રાજામાં દૂધમાં પુરાની જેમ દોષની એક કણી પણ ન હતી, 'મને આ તૃણ સમાન ગણે છે.' એવું ધારીને સૌભાગ્ય મેળવવાની ઇચ્છાએ લક્ષ્મી અસિધારાવ્રત કરવાને માટે તેની પાસે સ્થિર થઇ રહી

હતી, યાચકોને આવતાં જોઇ તેને અતિશય હર્ષ પામતો અને પોતાની આપવાની ઇચ્છાના અનુમાનથી જો તે થોડી યાચના કરે તો તેના મનમાં ખેદ થતો હતો. તેને **સહદેવી** નામે મહારાણી હતી, તે રૂપથી જાણે પૃથ્વી પર કોઇ દેવી આવેલ હોય તેવી જણાતી હતી હવે પહેલા દેવલોકમાં ઇંદ્ર સંબંધી લક્ષ્મી ભોગવીને જિનધર્મ કુમારનો જીવ તે સહદેવીના ઉદરમાં અવતર્યો. તે વખતે સહદેવીએ હસ્તી વિગેરે ચૌદ મહા સ્વપ્ન મુખમાં પ્રવેશ કરતા જોયાં. અનુક્રમે પ્રસવ સમય આવતાં અદ્વિતીયરૂપ વૈભવવાળા જાતિવંત સુવર્ણના જેવી કાંતીવાળા અને સર્વ લક્ષણે પરિપૂર્ણ એક કુમારને તેણે જન્મ આપ્યો. અશ્વસેન રાજાએ જગત્‌ને આનંદ આપનારા મોટા ઉત્સવથી તેનું **સનત્કુમાર** એવું નામ પાડયું. સુવર્ણના છેદ જેવા ગૌર અંગવાળો એ બાળક બાલચંદ્રની જેમ લોકોનાં નેત્રને પ્રસન્ન કરતો અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. એક રાજાના ઉત્સંગમાંથી બીજા રાજાના ઉત્સંગમાં એમ સંચરતો તે કુમાર એક કમળથી બીજા કમળ ઉપર ફરતા હંસની જેવો શોભતો હતો. તે બાળક છતાં પણ અપ્રતિમ રૂપ વડે જોતાંજ સ્ત્રીઓના નેત્રને અને મનને હરી લેતો હતો. સર્વાંગ યુકત શબ્દ શાસ્ત્રો અને બીજાં સર્વ જ્ઞાનનું માત્ર ગુરૂના મુખમાંથી નીકતાંજ એક ગંડૂષની લીલાએ તેણે પાન કરી લીધું. રાજ્ય લક્ષ્મીના ભુવનના સ્તંભરૂપ એવાં શસ્ત્રશાસ્ત્રો અને અર્થ શાસ્ત્રો જાણે બીજા ભુજ સ્તંભ હોય તેમ તેણે ગ્રહણ કરી લીધાં. નિર્મળ કલાનિધિ (ચંદ) ની પેઠે અનુક્રમે વધતા એવા તેણે એક લીલા માત્રમાં બીજી સર્વ કળાઓ પણ ગ્રહણ કરી લીધી.

પછી મર્ત્યલોકમાંથી જેમ સ્વર્ગને પ્રાપ્ત કરે, તેમ તે સાડીએકતાળીસ ધનુષ્ય ઉંચી કાયાવાળા થઇ શિશુવયમાંથી યૌવનવયમાં પ્રાપ્ત થયાઃ—

## સનત્કુમારનું અશ્વસહિત અદૃશ્ય થવું.

તે સનત્કુમારને કાલિંદીસુરનો પુત્ર **મહેદ્રસિંહ** નામે એક પરાક્રમી વિખ્યાત મિત્ર હતો. એક વખતે વસંત રૂતુ પ્રાપ્ત થતાં સનત્કુમાર તે **મહેંદ્રસિંહ** ની સાથે **મકરંદ** નામના ઉદ્યાનમાં કૌતુકથી ક્રીડા કરવા ગયો. નંદન વનમાં દેવકુમારની જેમ તે ઉદ્યાનમાં સનત્કુમારે મિત્રની સાથે વિચિત્ર પ્રકારની ક્રીડાઓથી ક્રીડા કરી તે વખતે અશ્વસેન રાજાને ભેટ તરીકે પાંચ ધારામાં ચતુર અને સર્વ લક્ષણે લક્ષિત એવા અનેક અશ્વો આવેલા હતા તેમાંથી જલતરંગની જેવા ચપલ **જલધિકલ્લોલ** નામે એક અશ્વ તેમણે સનત્કુમારને અર્પણ કર્યો. તે અશ્વને જોતાંજ કુમાર બીજી ક્રીડાં તજી દઇને તેના પર આરૂઢ થયો. કારણ કે રાજપુત્રોને સર્વ કૌતુક કરતાં હાથી ઘોડા સંબંધી અધિક કૌતુક હોય છે. એક હાથમાં ચાબુક અને બીજા હાથમાં લગામ લઇને પલાણરૂપ આસનનો સ્પર્શ કર્યા વગર બેઉરૂવડે પ્રેરીને તેણે અશ્વને ચલાવ્યો. તત્કાળ ચરણ વડે પૃથ્વીને સ્પર્શ પણ કર્યા શિવાય આકાશમાંજ ચાલતો તે અશ્વ જાણે સૂર્યના ઘોડાને જોવા ઇચ્છતો હોય તેમ વેગથી દોડયો. જેમ જેમ કુમાર તેને લગામથી ખેંચવા લાગ્યો તેમ તેમ વિપરીત શિક્ષાવાળો તે અશ્વ

અધિક અધિક દોડવા લાગ્યો. આસપાસ બીજા ઘોડેસ્વાર રાજપુત્રો અશ્વ દોડાવતા સાથે ચાલતા હતા. તેઓના મધ્યમાંથી જાણે અશ્વરૂપે રાક્ષસ હોય તેમ તે અશ્વ આગળ પડયો સર્વ રાજાઓના જોતાં જોતાંમાં નક્ષત્રોમાથી ચંદ્રની જેમ સનત્કુમાર સહિત અશ્વ અદ્રશ્ય થઇ ગયો. વહાણને નદીનું પુર ખેંચી જાય તેમ પોતાના કુમારને અશ્વે આકર્ષણ કરેલો જાણી અશ્વસેન રાજા મોટી અશ્વસેના લેઇને તેને પાછો લાવવામાટે પછવાડે ચાલ્યા. "આ અશ્વ ચાલ્યો જાય, આ તેના પગલાં છે, આ તેના ફીણ અને લાળ પડેલી છે" આ પ્રમાણે સાથેના લોકો કહેતા હતા, તેવામાં બ્રહ્માંડને પુરનારી ધમણરૂપ જાણે અકાળે થયેલી કાળરાત્રિ હોય તેવી દ્રષ્ટિને અંધ કરનારી મોટી પ્રચંડવાવલી (પવનની શ્રેણી) ચડી આવી. વાદળાદિ વડે ગૃહની જેવી ઉડતી રજ વડે દિશાઓ ઢંકાઇ ગઇ સૈન્ય સર્વ સ્તંભિત થઇ ગયું. એક પગલું પણ ભરી શકવાને કોઇ સમર્થ થયું નહિ. રજરૂપ તરંગની શ્રેણીવડે કુમારના અશ્વના પગલાં અને ફીણ વિગેરે સર્વ ચિન્હો ભંગ થઇ ગયાં. નીચે, ઉંચે, સમાન ભૂમિએ અને ફરતું વૃક્ષાદિ કાંઇ દેખાવા ન લાગ્યું. જાણે સર્વજન પાતાળમાં પેઠા હોય તેમ થઇ ગયું. સર્વ સૈનિકો, સમુદ્રના જળમાં જેઓનાં વહાણ ભમવા માંડયા હોય તેવા વહાણ વટીઓની જેમ એનો ઉપાય કરવામાં મૂઢ થઇ આકુળ વ્યાકુળ થઇ ગયા—

અપૂર્ણ.

---

# શ્રી સુમતી જીન સ્તવન.

## (રાગ દીક્ષા પ્રભુકી પાવ)

જીનરાજ દરીસન પાવે પ્રાલબ્ધવંત પ્રાણી;
**સુમતી** પ્રભુ સુખ માગું, સાચી અરે જીનવાણી. જીન. ૧
મદમાંહી હું છલકાયો, માયા મહીં હું મચાયો
શુભ પ્રેમથી નહીં પાયો, હેતે જરા જીનવાણી. જીન. ૨
ક્રોધી બની મલકાયો, હીણભાગી હું લલચાયો
જીન ભકિતમાં ન મચાયો, જન્મ કીધો ધુલધાણી. જીન. ૩
જીનરાજ મુરત પ્યારી, સતસંગ અંકુશ ધારી
કુકર્મ કાપે ભારી, સહેજે વરે સ્તવનારી. જીન. ૪
જીન **"શાંન્તિમંડલ"** તારો, **મણિલાલ** દુઃખનિવારો
સેવક છું હું નિહાલો, તારો પ્રભુ દીલ માની. જીન. ૫

**લેખકઃ—મણીલાલ કાળીદાસ શાહ.**
વઢવાણ સીટી.

# *Shrimad Yashovijayaji.* *

(MOHANLAL DALICHAN DESAI B. A. LL. B.)

**President and Brothers.**

This evening I have ventured to make a very bold attempt to speak to you of a great writer and religious teacher of our own race and land named Yashovijayaji. Very little is known of Shri Yashovijayaji. When and at what place he was born, who were his parents, and when he took '*Dikshha*', [initiation into Jain monks' order], remain in oblivion. Notwithstanding this, conjectures and some unfounded informations gathered from here and there may be noted here. His birth may be taken to have happened just about S. Y. 1680, because he received a command of reforming the Jain Church from Vijayasinha Suri who died in S. Y. 1708. He must have been 25 or 28 years old at the time. Some say he was born of Dasa Porwal or Shrimali Bania parents at Radhanpur His father died while he was very young, leaving a widow and 4 sons. Anecdotes are related of him prophetic of his future greatness. Among them is the story that Yashovijaya's mother had a vow to hear *Bhaktamara* Stotra-- a prayer-song in praise of our Lord Shri Rishhabha Deva- everyday and then to take meals. When Yashovijayaji was of 7 years age, his mother took him to the '*upashraya*'- a religious place, where Shri Nayavijayaji was giving daily sermons, to hear the '*Bhaktamara Stotra*'. After this, once his mother could not go to the *upashraya* owing to heavy rains, and so had to observe fast. The boy inquired of his mother the reason why she did not take her meals. On her telling him of her vow, the young boy begged of her to hear the '*Bhaktamara Stotra*' from him and he spoke out the same without a single mistake and thereby the mother was wonder-struck at her son's miraculous memory. Having heard the '*Stotra*' she took her meals. The next day the Guru Nayavijayaji

* A paper read before Jain Students Brotherhood in 1910.

remarked to Yashovijayaji's mother that she must have had to observe a fast the previous day. The mother replied in the negative and related how well her son performed the Guru's task Hearing this the Guru was spell-bound and thought it would be a great thing for the Jain religion to secure such a man as one of the congregation of *Sadhus*. The Guru gently asked of her to dedicate her son, so that she would earn merit of great order. The mother consented and Yashovijaya was initiated into the fold of *Sadhus* by Nayavijayaji. In the same way, it is related of him that his mother could perform her 'Praticramana' (a daily or periodical ceremonial wherein confessions of sins are made and the same atoned for by a Jaina) on his repeating the Praticramana Sutra word by word.

Yashovijayaji now becomes an ascetic-pupil of Nayavijayaji. Let us make an acquaintance before we go further, with Nayavijayaji. He and his fellow-pupil Jitavijaya were deciples of Labhvijayaji a pupil of Kalyanvijayaji. Kalyanvijayaji and Kirtivijayaji-the Guru of Vinayvijayaji to whom we shall have to refer just on the next page, were pupils of Shri Hiravijaya Suri the wel known Jain Sadhu (see No. 58 of the Tapa Gachha pattavali) of Akbar's time. Hiravijayaji, memory of whose life is consecrated in the Mahakavya named 'Heer Saubhagya' has done a greatest service to Jainism, by having several commands issued by the Great Emperor Akbar in the favour of the Jains, such as all the Jain Tirthas were handed over to the Swetamber Jains, and **no Hinsa-animal slaughter**' was made in any part of India during the Pajusan and other Jain Holidays. Thus Yashovijaya traces his lineage to the illustrious Hiravijaya Suri.

Yashovijayaji then studied from his Guru all the Jain scriptures, and got mastery over Jain philosophy. Subsequently he determined to study all other schools of philosophy, and to go to Benares, the city well known from ancient times for having

many Brahmin Pandits and men of learning. He took permission of his Guru and travelled on foot to Benares in company of Vinayavijayaji his uncle-Guru.

Let us here dilate a little on education in Ancient India. The peculiar feature of this education was the residence of the pupil with the preceptor during the period of pupilage. There can be no doubt that this residential system had had great effect on the character and study of the pupil. The ancient systems of education were all bound up with religion, as there was no difference between religious and secular subjects. But in modern times religion is going more and more out of the scope of proper studies except as illustrating certain features in the development of mankind Religion as conceived in ancient times teaches both the principles of morality, and the way to spiritual progress, while as conceived by the majority in modern times it is merely a matter of opinion, or guess work or dogma. The application of the Scientic method of thinking that has proved fruitful in other subjects, to the study of religion, has reduced the latter to a feeling of vagueness and mystery. Some go to the length of saying that we have no need of the religious preceptor and the opinion is gaining more and more ground that young pupils should not be removed from their homes and the influence of their parents. That is why there is no boarding system in Germany. In the Ancient times when there was no printing the pupil had to depend upon his teacher who either knew books by heart or possessed manuscripts, but at the present day books are being multiplied without number. Though the majority hold that the Guru-Shishya system of the past cannot be of much use at the present day when the aim is to foster a spirit of independent research and not to allow the pupil to grow in an atmosphere of continuous surveillance instead of an atmosphere of freedom, the Gurukul has been started on the ancient educational system on the old,

simple and effective lines adapting it to modern conditions by the Aryasamajists and has been fruitful of many good and beneficial results.

This is neither the place nor the occasion to touch upon the advantages or the reverse of the ancient Educational system except in the way of showing that the same was actually in vogue in many parts of India in the times of our hero. The disappearance of the system from the face of the land was, of course, due to the class ordained to be the custodians of knowledge and teachers, ceasing to be what they posed to be, in consequence of changes, social or political which are inevitable in the evolution of different races.

Yashovijaya and Vinayavijaya came to Benares for study. At this time there was a great prejudice amongst the Brahmins against the Jains and the former not only called the latter as '*nastikas*'-heretics, but also propounded that हस्तिना ताडयमानोऽपि न गच्छेद् जैनमंदिरम् । that is to say one even if he be killed by an elephant, should not enter a Jain temple. Hence a Brahmin pandit would never teach a Jain. Both bearing this in mind kept their Jain preceptorial dress at some Jain Sheth's firm and wore other dress and adopted the Benarsi names of Jasulal and Vinaylal respectively, lest they be recognised as Jain ascetics. They remained with one old Brahmin pandit who was known for erudition in six schools of philosophy. Even in those days no teacher would dream of taking payment for teaching, and teaching was an honorary office, while now-a-days teaching takes its place as a profession. Yashovijayaji's special subject was logic, while Vinayavijayaji's grammar. The Guru taught all the philosophies to his pupils but he did not teach one book containing 1200 verses which was handed down from his forefathers and was therefore meant to be taught to his progeny. Both thought they could not be said to have completed their studies, till they

would study the above-referred work One day the Guru was teaching the said book to his eldest son, when Jasulal was sitting beside him. The Guru interpreted a certain verse in a certain sense, when Jasulal mildly made a query as to whether the said verse be interpreted in the sense he gave out.

The Guru was too much pleased with the knowledge his pupil possessed and told him to sit with him, when he would teach him also the said *granth*. Jasulal humbly requested him the favour of lending the same for a day. The Guru handed over the same to him. Jasulal and Vinaylal resolved to commit to memory the whole *granth* which they did; The former committed to memory 700 verses, while the latter 500 verses in one day.

While they completed the course of their study for 12 years, a great disputant came there to dispute with all the local pandits He had gone to 500 places and defeated all the learned of those places. He had therefore 500 flag-bearers with him, each flag indicating his success in one place. He offered a challenge that if he succeeded, the Benares City should provide him with one flag and if he be defeated, he would give up all his flags and diplomas in favour of the winner. All the pandits went to him to see whether he was likely to be defeated, but they were disappointed in their expectations. Jasulal's Guru asked his pupil to accept the guantlet thrown by the disputant. Jasulal readily accepted the same, with these conditions that all the Brahmin pandits should follow him and in case he succeeded, he would be the prize-winner of 500 flags. The Guru and other pandits assented to these conditions and the same were transcribed on a copper-plate in the presence of the King. Jasulal and Vinaylal then adopted their original Jain ascetic dress, were followed by the Brahmin pandits, and went to dispute with the '*vadi*'. The dispute lasted for several days and ultimately

Yashovijaya came out successful. The *'vadi'* surrendered all his 500 flags and his two diplomas viz: *'Mahamahopadhyaya* and *Nyaya Visharada* to Yashovijaya.

Yashovijaya and Vinayvijaya took leave of his Guru and departed from Benares, with these words to his Guru, that they being ascetics had nothing to pay to him, but they would do their best in executing what their Guru might bid them do.

Yeshovijaya followed by 5C0 flag-bearers then started for Gujarat to meet his Guru Nayavijayaji and haltedat Cambay or such other place. Anandghanji, who was very well- known to Yashovijayaji as *vanavasi* and *adhyatma-gnani*, heard about Yashovijayaji's fame, as the greatest Pandit, and saw him there. He showed his desire to hear Yashovijayaji's sermon. Yashovijayaji composed ज्योतिः पंचविंशातिः—*25* verses in honour of the light of soul-and proceeded with his sermon thereon. Anandghanji was very much pleased with the erudition of the sermon, but he was very sorry at the show of all those flags. Then the following dialogue ensued:—

Anand—Well, You know our Lord Mahavir was केवली-Absolute Knower. How much knowledge had he ?

Yasho—He had infinite knowledge.

Anand—How much knowledge had the *gana-dharas*?

Yasho—They had infinite knowledge, but an infinite part of what Shree Mahavir possessed.

Anand—Well then, How much knowledge had the 14 *purva-dharas* and one *purva-dhara*?

Yasho—Of course they had boundless knowledge but an infinite part of what the Ganadharas had. In the same way in the case of a *purva-dhara*.

Anand—How many flags were all those keeping with them as a sign of their infinite knowledge?

Yasho—None.

Anand—While they were keeping none, and you are keeping 500 flags, then could it not seem you possess more knowledge than all those had ?

Yashovijayaji was taken aback, and prostrated before Anandghanji. He orderd all flag-bearers to go to their respective towns. In spite of this lesson, it will appear from what it will follow that Yashovijayaji had not totally given up external appendages.

Vinayavijayaji halted at Cambay for 4 months. At this time Cambay was a great commercial port and its Jain, shravakas were wealthy and prosperous, firm in faith and obidient to the gurus. In this town there were many Brahmin pandits. They always came and debated with Vinayavijayaji, when the latter would proceed with his morning sermon. On account of this, Vinayavijayaji could not go on smoothly with his lecture and Shravakas could not hear the same and so they got disappointed. Then Vinayavijayaji called Yashovijayaji to stop the discussion with the Brahmins at one stroke. Yashovijayaji came and devised a new plan. He composed a verse containing a greater number of labials as प्. फ्. ब्. भ्. & म्. The same was attached on a door of the *upashraya* with a note thereto to this effect that he who wished to debate, could enter into the *upashraya* and debate, only if he could speak out the above-mentioned verse without

joining his two lips together, and the test of knowing this was that he should apply *sindura* (red lead) on the lower lip and speak when the upper lip should not be coloured with the *sindura*. In the morning the sermon proceeded and the Brahmin pandits came . They read the verse and the remarks on the door of the *upashraya* and when they knew, they were unable to speak in accordance with the condition, they went away . The sermon went on without any hitch and Shravaks were pleased. Subsequently Yashovijayaji, when asked by the Brahmins to speak his verse according to his condition, was able to do, so as he was used to it. Though the matter would have ended here, Yashovijayaji said he was ready to make regular debates. The Brahmin pandits showed their great willingness. The conditions were these that if he could be defeated, he would embrace the faith of the Brahmins, and if they would be defeated, 500 of them would be converts to Jainism. All these were transcribed on a copper plate in the state-assembly. The debate commenced and at the instance of the Brahmins, Yashovijay had to open the debate by showing his *purva-pakshha*: He took three days in going with the same in Sanskrit with logical arguments, but the said *purva-pakshha* would not finish, and would not seem to finish in a short time. The Brahmins were disappointed and knew that the opener of the debate appeared to be a master mind too learned to be over-come They requested him to put a stop to his debate, and declared themselves vanquished . 500 Brahmins by this were converted to the Jainism. (It is said that the afore-said copper-plate is still in some upashraya, temple or Bhandar in Cambay.)

# सदाचार वर्णन.

( लेखक–सालगीया काकावारा चंपालालजी तस्यात्मज चोखचंदजी देवळीया–माळवा. )

## सदाचारका स्वरूप.

यद्यपि सद्विचार और सदाचार ये दोनों ही कार्य मनुष्यकों दोनों भवोंमें सुख देते है परन्तु विचार कर देखनेसे ज्ञात होता है कि–इन दोनोंमें सदाचार ही प्रबल है क्यों कि सद्विचार सदाचारके आधीन है देखो सदाचार करनेवाले (सदाचारी) पुण्यवान पुरुषको अच्छेही विचार उत्पन्न होते है और दुराचार करनेवाले (दुराचारी) दुष्ट पापी पुरुषको बुरेही विचार उत्पन्न होते है इसी लिये सत्य शास्त्रोंमें सदाचारकी बहुतही प्रशंसा की है तथा इसको सर्वोपरी माना है सदाचारको अर्थ य है कि मनुष्य दान शील व्रत नियम भलाई परोप कार दया क्षमा धीरज और सन्तोषके साथ अपने सर्व व्यापारोंको करके अपने जीव[illegible]ा निर्वाह करें.

सदाचार पूर्वक वर्ताव करनेवाले पुरुषके दोनो लोक सुधरते हैं तथा मनुष्यमें जो सर्वोतम गुण ज्ञान है उसका फलभी यही है कि सदाचार पूर्वक ही वर्ताव किया जावे इस लिये ज्ञानको प्राप्त कर यथा शक्य इसी मार्गपर चलना चाहिये हां यदि कर्म वश इस मार्गपर चलनेमें असमर्थ हो तो इस मार्गपर चलनेके लिये प्रयत्न तो अवश्य ही करते रहना चाहिये तथा अपने इरादेको सदा अच्छा रखना चाहिये क्योंकि यदि मनुष्य ज्ञानको पाकर भी ऐसा न करे तो ज्ञानका मिलनाही व्यर्थ है.

परन्तु महान् शोकका विषय है कि वर्तमानमें आर्य लोगोंकी बुद्धि और विवेक प्राय:सदाचारसे रहित होनेके कारण नष्ट प्राय हो गये हैं देखो भाग्यवान (श्रीमान) पुरुष तो प्राय अपने पास लुचे बदमास महाशौकीन विषयी चुगल खोर और नीच जातिवाले पुरुषोंको रखते हैं वे न तो उतम २ ग्रन्थोंको व परोप कारी सज्जनोके लेखको देखते हैं और न अच्छे जनोकी संगति ही करते हैं तब

कहिये उनके हृदयमें सदाचार और सद्चरित्र कहांसे उत्पन्न हो सकता है* सिर्फ इसी कारणसे वर्तमानमें यथायोग्य आचार सद्विचार और सत्संगति बिलकुल ही उठ गई इन लोगोंके सुधरनेका अब केवल यही उपाय है कि ये लोग कुसंगको छोडकर नीति और धर्मशास्त्र आदि ग्रन्थोंको देखें सत्संग करें भ्रष्टाचारोंसे बचें और सदाचारको उभय लोकका सुखद समझें देखो भ्रष्टाचारोंकी मुख्य जड कुव्यसनादि है क्योंकि उन्हींसे बुद्धि भ्रष्ट होकर सदाचार नष्ट हो जाता है परन्तु बड ही खेदका विषय है कि इस जमानेमें कुव्यसनोंके फंदेसें विरले ही बचे हुए होंगे इसका कारन सिर्फ यही है कि हमारे देशके बहुतसें भ्राता व्यसनों के यथार्थ स्वरूपसे तथा उनसे परिणाममें होनेवाली हानिसें बिलकुल ही अनभिज्ञ है अतः व्यसनोंके विषयमें यहां संक्षेपसें पाठकोंकि सेवामें पेश करता हुं.

अपने पूज्य शास्त्रोमें सात व्यसन कहे है जो कि इस भव और पर भव दोनोंको बिगाडते हैं उसका विवरण संक्षेपसें इस प्रकार हैं.

अवल जुआ.

वध्यां धाम्नि वधूं विधाय स कुधीधुर्यः सुतानीहते ॥
झांपा पातमुपेत्य पर्वतपतेः प्राणान् सच प्रेप्स्यति ॥
सच्छिद्रामधिरुह्य नाव मुदधेः कूलं च कांक्षत्य सौ ॥
कृत्वा कैतव कौतुकं प्रकुरुते वित्त स्पृहां यो जडः ॥

इसका अर्थ य है कि जो मूर्ख मनुष्य जुआ का कौतुक कर द्रव्यकी इछा रखता है जो कुबुद्धिका सरदार मनुष्य वांज स्त्री रख कर पुत्रकि इछा रखे मेरु पर्वतपरसें झांपापत (कुदकर) प्राणोंकि इछा रखे तथा छेदवाला वहाग (जहाज) में बेठ कर पार होने की इछा करे यह व्यसन सातो व्यसनोका राजा है देखो इस व्यसनसें बहुत लोग फकीर हो चुके हैं और हो रहे हैं सट्टा जुआका शिर ताज है अभी थोडेही दिनोंकी वात है सं १९०८ ता. ८ जनवरीको संयुक्त प्रान्त (यूनाइटेड प्राविन्सेज) के छोटे लाट साहब आगरेमें फ्रीगंजका बुनियादी पत्थर रखनेके महोत्सवमें पदारे थे तथा बहां आगरेके तमाम व्यापारी सज्जनभी उपस्थित थे उस समय श्रीमान् छोटे लाट साहबने अपनी सुयोग्य वक्ततामें फ्रीगंज

बननेके और यमुनाजीके नये पुलके लाभोको दिखलाकर आगरेके व्यापारीयोंको वहांके व्यापारके बढनेके लिये कहाथा उक्त महोदयकी वक्तृताको अविकल न लिख कर पाठकोके ज्ञानार्थ हम उसका सार मात्र लिखते हैं, पाठकगण उसे देख कर समझ सकेंगे कि उक्त साहब बहादुरने अपनी वक्तृतामें व्यापारियोंको कैसी उत्तम शिक्षा दीथी, वक्तृताका सारंश यही था कि "ईमानदारी और सच्चा लेन देन करनाही व्यापारमें सफलताका देनेवाला है. आगरेके निवासी तीन प्रकारके जुएमें लगे हुए हैं यह अच्छी बात नहीं है-क्योंकि यह आगरेके व्यापारकी उन्नतिका बाधक है इस लिये नाजका जुआ चांदीका जुआ और अफीमका सट्टा तुम लोगोंको छोडना चाहिये इन जुओंसें जितनी जल्दी जितना धन आता है वह उतनी ही जल्दी उन्हींसे नष्टभी हो जाता है इस लिये इस बुराईको छोड देना चाहिये यदि ऐसा न किया जावेगा तो सर्कारको इनके रोकनेका कानून बनाना पडेगा इस लिये अच्छा हो कि लोग अपने आपही अपने भलेके लिये इन जुओंको छोड दे स्मरण रहे कि सर्कारको इनकी रोकका कानून बनाना कुछ कठिन है परन्तु असंभव नहीं है प्रीगजकी भविष्यनी उन्नति व्यापारियोंको ऐसे दोषोंको छोडकर सच्च व्यापारमें मन लगाने पर ही निर्भ रहै इत्यादि इस प्रकार अति सुन्दर उपदेश देकर श्रीमान् लाट साबने चमचमाती (चमकती) हुई कन्नी और वसूली से चूना लगाया ओर पत्थर रखनेका रीति पूरी की गइ अब सेठ साहुकारों और व्यापारियोंको इस विषयपर ध्यान देना चाहिये कि श्रीमान् लाट साहबने जुआ न खेलनेके लिये जो उपदेश किया है वह वास्तवमें कितना हितकारी है सत्य तो यह है कि यह उपदेश न केवल व्यापारियो और आगरे निवासीयोके लिये ही हितकारक है बरन् सम्पूर्ण भारत वासियोंके लिये यह उन्नतिका परम मूल है इस लिये हम भी प्रसंगवश अपने जुआ खेलने वाले भाइयोंसें प्रार्थना करते है कि-अंग्रेज जातिरत्न श्रीमान् छोटे लाट साबके उक्त सदुपदेशको अपनी हृदयपटरी पर लिख लो.

अपूर्ण.

## "સાલ મુબારક"

### કવ્વાલી.

જીવીને નિત્ય જગતમાં, કરે ઉપકારના કાર્યો;
વધો ઋદ્ધિ અને કીર્તિ, મુબારક સાલ આ સહુને. ૧
ન આવો આપદા કદિએ, ટળો સંકટ સહુ તનના;
ચંદ્ર સમ શાંતતા થાઓ, મુબારક સાલ આ સહુને. ૨
દયા કરી દીન લોકોના, બધા કષ્ટો સદા કાપો;
ધર્મે પ્રીત બહુ રાખો, મુબારક સાલ આ સહુને. ૩
રત્ન સમ પુત્રની પ્રાપ્તિ, કરે જે વૈભવે વૃધ્ધિ;
મહીમા માન બહુ પામો, મુબારક સાલ આ સહુને. ૪
ચંપા પુષ્પ સમી કીર્તિ, રૂડી મૈત્રી ભલી વિદ્યા;
દયાના તત્ત્વ લઇ લેજો, મુબારક સાલ આ સહુને. ૫
ઘણું જીવો જગત્ બાગે, વિહરવા ખુબ શાંતિથી;
કુટુંબના કષ્ટ સહુ ટળજો, મુબારક સાલ આ સહુને. ૬
મંગળ માળ વર્તાજો, શાંતિનું રાજ્ય છવરાજો;
હૃદય આશીષ એ આપે, મુબારક સાલ આ સહુને. ૭

---

## મથુરાનો જૈન સ્તુપ અને અન્ય જૈન ઇન્ડોસ્કાઇથીઅન શિલા લેખો.

मह्रं मथुरा पुर्यां यात्रा पार्श्व सुपार्श्वयोः। प्रभुःपरीतः पौरौघै श्चारणार्वैरिवा करोत॥
जम्बूप्रभव मुरव्यानां मुनीन्तमिहस प्रभुः। ससप्तविंशति पञ्चशती स्तूपान्प्रणे भिवान॥
हीर सौभाग्य १८-२४९-२५०

મથુરાનગરી પ્રાચીનકાળથી એક જૈન નગરી તરીકે પંકાએલી છે. આપણા શાસ્ત્રોમાં મથુરાની પ્રાચીનતા અને તેની જૈન ધર્માંકિતતા સ્થાને સ્થાને જોવામાં આવે છે. આ બાબત જો કંઇ પણ સંદેહ હોય તો તે દુર કરવાને તેમાંથી ખોદી કાઢેલા પ્રાચીન દેવનિર્મિત સ્તુપના ખંડિયેરો અને તે ઉપરના લેખો જે ડૉ. ફુહરને મથુરાના કંકાલીના ટેકરામાંથી મળી આવ્યા હતા તે પર્યાપ્ત છે. સર અલેકઝાંડર કનીંગહામની મથુરાની પ્રથમ મુલાકાતમાં તેમને કંઇ પણ ઐતિહાસિક અગત્યતાનું પ્રાપ્ત થયું ન હતું. [ Archaeological report vol. 1 ] બીજી વખત જ્યારે તે મથુરા ગયા ત્યારે તેમને બૌધ, જૈન અને વૈદિક ધર્માનુયાયિઓની અતિશય અગત્યની મુર્તિઓ, સ્તૂપોના કઠેરાઓ, તોરણો

વિગેરે કત્રા, ચોરાસી, ચૌબાસી, જેલ અને કંકાલીના ઢગલાઓમાંથી મળી આવ્યાં હતાં. મથુરાનગરની ભૂમિ ત્રણ ચાર વખત બદલાયેલી છે, અને તેથી પ્રાચીન નગરીનાં ખંડિયેરોના ઢગલાઓ નગરથી કેટલેક દૂર આવેલા છે. ઇ. સ. ૧૦૧૮ માં મહમદ ગીઝનીએ મથુરા ઉપર હલ્લો કર્યો ત્યારે તેણે ઘણાં મંદિરોનો નાશ કર્યો હતો. અને તેથી આ ટેકરાઓ ખોદતાં જુના કુશન સમયના સ્તૂપોનાં ખંડિયરો મળી આવે છે. મથુરાનગરીની પ્રાચીનતા તેની નજદીકમાંથી મળી આવેલા ઇન્ડો ગ્રીસીયન રાજાઓના સિક્કાઓથી પણ સિદ્ધ થાય છે. ફાહીયાન અને હીએનાથસેગના વર્ણન ઉપરથી જણાય છે કે ચોથા તથા સાતમા સૈકામાં બૌદ્ધોનું ત્યાં વિશેષ પ્રાબલ્ય હતું. કત્રા, જેલ, ચૌબાસી અને કંકાલીના ટેકરાઓમાંથી નીકળેલાં ઇન્ડો સ્કાઇથીઅન રાજાઓના (કનિષ્ક, હુવિષક, વાસુદેવ) સમયના જૈન અને બૌદ્ધ સ્તૂપોના ખંડિયરો, તે સમયના મથુરાના ધાર્મિક ઇતિહાસ ઉપર સારો પ્રકાશ પાડે છે. કનીંગહામના રીપોર્ટના ત્રીજા વોલ્યુમમાં કંકાલીમાંથી નીકળેલી જૈન મૂર્તિઓ અને તેની ભાગેલી ગાદી ઉપરના લેખો આપવામાં આવ્યા છે પરંતુ તે અશુદ્ધ હોવાથી ડૉ. બુલરના રીડીંગ્સ પ્રમાણે નીચે આપવામાં આવે છે.

## કનિષ્ક-કુશાન સંવત ૫ નો શિલાલેખ. (મૂર્તિની ગાદી ઉપરનો.)

सिद्ध, सपहे ? दि १०+२ अस्यापुर्व्वायेकोटिय....सर्व सत्वाहित सुखाय ......जितो ब्रह्मदासीकले उभान करित (उच्छानगरी).......सति

આ લેખ છિન્ન હોવાથી કોટિગણ, બ્રહ્મદાસીયકુલ અને ઉચ્છા નગરી શાખાના આચાર્યના ઉપદેશથી આ મૂર્તિ કરાવવામાં આવી હતી. તેના કરતાં વિશેષ જણાતુ નથી. આ ઉપરાંત આજ જાતનો બીજો પણ લેખ છે

## જૈન મૂર્તિની ગાદી ઉપરનો સં. ૯ નો શિલા લેખ.

सिद्धं महाराजस्य कनिष्कस्य राज्ये संवत्सरे नवमे मासे प्रथ ! दिवसे पञ्चस्यां पुर्व्वाये कोटियतो गणतो वाणियतो कुलतोवै रितो शाखा तो वाचकस्य नागनंदिस निर्वर्तनम ब्रह्म....धूतुये भट्टि मितअ कुटुम्बिनिये विक्ताये श्री वर्धमानस्य प्रतिमा कारिता सर्व सत्वानं हित्त सुखाये.

સિદ્ધિ મહારાજ કનિષ્કના રાજ્યમાં નવમા વર્ષે પ્રથમ માસે ૫ દિવસે કોટિગણ વાણિયકુલ અને વૈરિશાખાના વાચક નાગનન્દિનું નિવર્તન વર્ધમાનસ્વામિની પ્રતિમા બ્રહ્મની પુત્રી અને ભટ્ટિમિત્રની કુટુમ્બિન વિકતાએ કરાવી.

## કુશાન સં. ૨૦ નો જૈન મૂર્તિ ઉપરનો લેખ.

सिद्धं सं २० ग्रमा दि १५ कोटियतो गणतो वाणियतो कुलतो वैरितो शाखातो शिरिकातो भट्टितो वाणकस्य आर्य संघ सिहस्य निर्वर्तन मद्तिलस्य...

विलस्य कोठु बिकिय जय वालस्य देव दासस्य नाग दिनस्यच नाग दिनायेच मातु श्राविकाये दि

સિદ્ધિ સં. ૨૦ ઉનાળાનો પ્રથમ માસ અને ૧૫ મે દિસસે કોટિગણ વાણિયકુળ વૈરિશાખા અને શિરિક સંભોગના વાચક આર્ય સંઘસિંહના ઉપદેશથી દત્તિલની પુત્રી, ગ્રિ......લની સ્ત્રી જયવાલ, દેવદાસ, નાગદિન અને નાગદિનની માતા વિનાનું દાન.

**કુશાન સંવત ૪૦૭**

सु ४०७ ग्र दि २० एतस्या पुर्वाये वारणे गणे पेति धमिक कुल वाचकस्य रोहनदिस्य शिसस्य सेनस्य निव तनं सावक—द

ष....... पषाण वधयागिह.—क—भ—प्रवा दिना...मात

સં.-૪૦૭ ના ગ્રીષ્મના ૨જા મહીનામાં ૨૦ મે દિવસે વારણગણ પેતિધમિક શાખાના રોહનદિના શિષ્ય સેનના ઉપદેશથી શ્રાવક દ.........પ્રથા.

**સં ૬૨ નો શિલાલેખ.**

नमो अरिहंताणं नमो सिद्धाणं सं. ६०+२

ग्रु दि ५ एनाये पुर्वाये रार कस्य अर्य ककस घस्तस्य

शिष्या आतपि को महषर्यस्य निर्वतन चतुवर्णस्य संघस्य

या दिन्ना पटिभाग...वैहिकायदत्ति ।

અર્હદ્ભગવાનને નમસ્કાર, સિદ્ધને નમસ્કાર સં. ૬૨ માં ગ્રીષ્મના તૃતીય માસમાં ૫ મે દિવસે (પૂર્વોકિત દિવસે) રા રા (રાધા) ના રહેવાસી આર્યક સઘસ્ત (આર્યકદેશ ઘર્ષિત) ની શિષ્યઆત પિકોગહઋર્યનું નિવર્તન ચતુર્વર્ણ સંઘને યાનુ દાન કર્યું વૈહિકાનું દાન. આ લેખની લિપિ કુશાન લિપિ કરતાં વધારે જુની લાગે છે તેથી તે કુશાન સમયના કરતાં જુનો હોવો જોઇએ.

સંવત ૮૩ અને ૮૭ ના બીજા બે લેખો કનીંઘાને Archaeological report vol. III માં આપેલા છે.

**કુશાન સંવત ૯૦**

संवत्सरे ९० व........स्य कुटुबनि वदानस्य वो धुय

कोटियतो गणतो ( प्रश्न ) वाह ( न ) कतो कुलतोमग्गसमातो शाखातो..........

सानिकाये भति मालाये थवानि

આ શિલા લેખ છિન્ન હોવાથી એટલુંજ જણાય છે કે કોટિગણ પ્રશ્નવાહિકકુલ અને વૈરીશાખાના આચાર્યના ઉપદેશથી સંવત ૯૦ માં સ્તંભો (થભાની) અર્પણ કરવામાં આવ્યા હતા.

### કાયોત્સર્ગ મુદ્રામાં ઉભી રહેલી મહાવીર સ્વામીની મૂર્તિ ઉપરનો ૯૮ નો શિલાલેખ.

सिद्धं नमो अरहतो महाविरस्य देवनाशस्य संज्ञा वासुदेवस्य संवत्सरे ९०+८ वर्ष मासे ४ दिवसे १०+१ ए तस्या
पुव्वार्य आर्या देहि कियातो गणातो पविहासक कुलतो पान पत्रिका तो शाका तो गणिस्य आर्य देवदतस्यन

यक्षे भस्य

प्रकगिरिन

किह दिये प्रजा

सस्य प्रवर कस्य धितु वरणस्यगत्वकस्य मातृय मित्र (१) स....दतगाये .........नमोलम वतो महारस्य

, સિદ્ધિ અર્હત દેવનાશ ? મહાવીરને નમસ્કાર વાસુદેવના રાજ્યમાં ૯૮ મે વર્ષે ૪ માસે ૧૧ દિવસે (પૂર્વોકત દિવસે) આર્ય દેહિકગણુ પરિહાસક કુલ પૌર્ણહાસિક શાળાના ગણિ આર્ય દેવદત્તના...આયક્ષેમના......ઉત્પન્ન થયેલ પ્રવરકની પુત્રી વરણ ગવિકની માતા મિત્રા (૧) નું દાન.

અપૂર્ણ.

---

## શ્રી જૈન વિદ્યાશાળા પ્રત્યે બાળકોની આશિષ.

(રચનાર—માવજી દામજી શાહ. પી. પી. જૈન હાઈસ્કુલ મુંબઇ.)

### શીખરણી છંદ.

અમોને હંમેશાં સુવિવિધ ઉમંગો નવનવાં
રૂડા આપે વાણી જીનવર તણાં જે સમજવાં
અહો દોષો ટાળી નવીન ગુણ આપ્યાં અભિનવાં
રૂડી વિદ્યાશાળા જયવતી રહો નિત્ય જગમાં. ૧.
કર્યાં રૂડાં કાર્યો વિવિધ બાળોને વળી દીધી
સુવિદ્યા સર્વેને ભવજલ વિષે જેહજ તરી
હતી ન્હોતી જેવી પણ ઢીલ દઈને દૃઢ કરી
અહો વિદ્યાશાળા નિત્ય અમર રો, સદ્‌ગુણ ભરી. ૨.

અમો સર્વે બાળો નિત નિત ઉઠી રમ્ય નમીયે
સદાના આભારી વળી ઋણુવિષે રોજ રમીએ
અમારી આશિષ અતિશય થશો આંતર થકી
વશો વિદ્યાશાળા વિજયકમલા રમ્યજ નકી. ૩.

કરે નિત્યે વિશ્વે વિજય રવ બ્રહ્માંડ સઘળું
રહે જૈનેન્દ્રોનું રમણીય વચો જયાંસુધી ખરૂં
વધે પક્ષે શુકલે નિત ગગનમાં ચાંદ્રિક પ્રભા
લહો વિદ્યાશાળા દિનદિન યશોવાદ જગમાં. ૪.

સુધાવાણી! વિશ્વે જિનવર અહો જે ચળકતી
તમારી સર્વે જે વિવિધ નય ભંગો થકી ભરી
ન કયાંએ દેખાતી પર સમયમાં દિવ્યગુણની
કરે ફેલાવોએ જયજય સુવિદ્યાલય વળી. ૫.

## શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ કાલરી મધે આવેલા શ્રી સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાના વહીવટ કર્તા શ્રી સંઘ હસ્તકનો સંવત્ ૧૯૩૧ ની સાલથી સંવત્ ૧૯૬૭ ના શ્રાવણ વદ ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સં. ૧૯૩૧ થી તે સં. ૧૯૪૦ સુધીનો હિસાબ રાખવામાં આવ્યો નથી. તેમજ તે સંબંધી કાંઇ પણ નામું અગર દસ્તાવેજ પણ રાખવામાં આવ્યો નથી. તેમ લાગાના પૈસા પણ લેવામાં આવ્યા નથી. ત્યાર પછી સંવત્ ૧૯૪૦ થી સં. ૧૯૫૦ ની સાલ સુધીમાં થોડાએક લાગાના પૈસા આવેલા દેખાય છે, પણ તેનો હિસાબ રાખેલો દેખાતો નથી, તે જોઇ બહુજ દીલગીર થયા છીએ.

મજકુર લાગા ખાતાનો હિસાબ આ ખાતાના ઇન્સ્પેકટરે મહાજન મધ્યેના સૌ સૌના ઘરના ચોપડાથી કાઢી હિસાબો કરી એક સારી જેવી રકમ કાઢી તે પૈકીના બે ચાર ગૃહસ્થોએ પોતાની પાસે નીકળતા પૈસા રોકડા આપી દીધા અને બાકીનાઓની સાધારણ લાગાની ચોપડીમાં બાકીઓ કઢાવી લીધી છે, હવે નવેસર લાગા ખાતાનો દસ્તાવેજ કરી ગામના તમામ વેપારીઓની સહી લઇ તે સંબંધીનું બંધારણ કરી આપી વહીવટ કર્તા શેઠ ખેમચંદ કસ્તુર તથા શેઠ પરશોતમ ઉજમશીને નીમી સદરહુ વહીવટ તેમના સ્વાધીનમાં સોંપ્યો છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર હાલના નવા વહીવટ કર્ત્તા ગૃહસ્થોને સોંપવામાં આવ્યું છે.

---

જીલ્લે ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ એચર મધ્યે આવેલાં શ્રી વાસુ પુજ્ય મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ મુલચંદ વર્ધમાનના હસ્તકનો સં. ૧૯૩૪ થી સં. ૧૯૬૭ ના શ્રાવણ વદ ૭ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તો જોતાં નામું રીતસર રાખવામાં આવ્યું નથી, પણ વહીવટ ઘણીજ કાળજીથી ચલાવે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

---

જીલ્લે ગુજરાત મહાલ ચાણસ્મા તાબાના ગામ ગાંભુ મધ્યે આવેલાં શ્રી ગંભીર પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્ત્તા શેઠ મોહનલાલ નથુભાઇ તથા શેઠ દેવચંદ ઠાકરશીના હસ્તકનો સંવત ૧૯૬૦ ના કારતક સુદ ૧ થી સંવત ૧૯૬૭ ના અશાડ વદ ૧૦ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે.

સદરહુ સંસ્થામાં સંવત ૧૯૬૫ ની સાલમાં શેઠ તલકચંદ પાનાચંદ તરફથી જૈન પાઠશાળા સ્થાપવામાં આવી છે. તેમાં છોકરાઓ તથા બાળાઓ તેમજ સ્ત્રીઓને ધર્મનું શિક્ષણ સારી રીતે આપવામાં આવે છે. તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

લી. શ્રી સંઘનો સેવક
**ચુનીલાલ નહાનચંદ**
ઓનરરી ઓડીટર–શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

---

મુંબાઇ–શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં થયેલ કામકાજની ટુંક નોંધ.

## પરચુરણ કામકાજ.

અકટોમ્બર માસના હેરલ્ડના પાને ૨૯૫ થી ૨૯૭ માં જણાવ્યા મુજબ મહેરબાન મુંબઇના કલેકટર સાહેબ સાથે પત્ર વ્યવહાર થયો હતો. ત્યાર બાદ તા૦ ૧૨–૧૦–૧૧ ના રોજે મહેરબાન કલેકટર સાહેબને નામદાર પાંચમા જ્યોર્જને દીલ્લી દરબાર વખતે એડ્રેસ આપવાના સંબંધમાં રજા મેળવવા માટે મુંબઇ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના

રેસીડન્ટ જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ શોભાગચંદ તથા અજમેર શ્રી સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના પ્રમુખ રાય શેઠ ચાંદમલજી તથા દીગંબર જૈન મહાસભાના પ્રમુખ શેઠ માણેકચંદ હીરાચંદની સહીઓથી એક અરજી કરવામાં આવેલ છે તેની નકલ નીચે મુજબઃ-

No. 151/10

Pydhuni Post No. 3

Bombay, 12th October 1911

To,

THE COLLECTOR OF BOMBAY

Bombay.

SIR,

We the undersigned Office bearers of the Jain Swetamber, Sthanakvasi and Digambar Conferences representing the three sects of the whole Jain Community of India beg to approach you herewith in reference to your office No. 6403 dated Bombay the 5th September 1911 addressed to the Resident General Secretary of the Jain Swetamber Conference and respectfully submit that the Government may be graciously pleased to allow the Jain Community of India to send an address to Their Majesties the King Emperor and the Queen Empress on the occasion of the coronation Durbar at Delhi. We shall feel obliged to get an early reply.

We have the honour to be,

SIR,

Your most obedient servants.

Sd/ Kalyanchand Sobhagchand.

Resident General Secretary.

Shri Jain Swetamber Conference.

चांदमल.

Sd/ Rai Seth Chand Mal.

General Secretary, Shri Sthanakvasi Jain Conference.

માણેકચંદ હીરાચંદ.

Sd/ Maneckchand Hirachand.

President. Digamber Jain Mahasabha.

ઉપરના પત્રનો જવાબ આવશે તે હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

---

## મંદીરોદ્ધાર ખાતું.

તા૦ ૯-૧૦-૧૧ ના રોજે આબુજી બુટ અને શુઝના સંબંધી મહેરબાન એજંટ ટુ ધી ગવર્નર જનરલ ઓફ રજપુતાનાની મુલાકાત ડેપ્યુટેશનના આકારમાં લેવા જવા તેઓ શ્રી ને દીવાળી પછી એટલે તા૦ ૨૫-૧૦-૧૧ પછી કયે દિવસે કાયો ટાઇમ અનુકુળ પડશે તે પુછાવવા મહેરબાન આબુજીના માજીસ્ટ્રેટ કેપટન એચ. આર. એન. પ્રિટચાર્ડ ઉપર પત્ર લખવામાં આવેલ છે તેની નકલ નીચે મુજબ

Pydhownie, Bombay.
9th October 1911.

Captain H. R. N. Pritchard, I. A.,
Magistrate of Abu
Mount Abu.

Respected Sir,

Referring to your letter No. 3110G of 1911 dated the 19th July 1911, I beg to inform you that I was in correspondence with the Sirohi Panchas in connection with the deputation which is to wait upon the Hon'ble the Agent to the Governor General and I have learnt from them that they have forwarded their representation to the Hon'ble the A. G. G. which should have reached his office timely. I shall therefore thank you to let me know about the time after Diwali vacation-s i. e. after the 25th October which would best suit to Hon'ble the A. G. G. to receive our deputation.

I beg to remain,
Respected Sir.
Your most obedient servant,
Sd/ Kalyanchand Sobhagchand.
Resident General Secretary,
Jain Swetamber Conference.

ઉપરના પત્રનો જવાબ આવશે તે હવે પછીના અંકમાં બહાર પાડવામાં આવશે. ડેપ્યુટેશનમાં જોડાવા માટે એડવાઇઝરી બોર્ડની તા૦ ૪–૧૦–૧૧ ની મીટીંગ વખતે ચુંટાયેલા ગૃહસ્થોને ડેપ્યુટેશનમાં જોડાવા માટે પત્રો લખવામાં આવેલ છે, ઘણા ખરા ગૃહસ્થો કામ પ્રસંગ હોઇ આવવા ના લખે છે પણ ડેપ્યુટેશનની ફતેહ ઇચ્છે છે. ૫–૭ ગૃહસ્થોએ ડેપ્યુટેશનમાં જોડાવા હા લખી છે. અમો ડેપ્યુટેશનની ફતેહ ઇચ્છીએ છીએ.

---

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શંવત ૧૯૬૭ ના ભાદરવા શુદી ૮ થી આસો વદી ૩૦ એટલે તા૦ ૧–૯–૧૧ થી તા. ૨૨–૧૦ ૧૧ સુધીમાં વસુલ આવેલ નાણાંની ગામ વાર રકમ.

૨૨૩૫– ૦–૯ ગયા માસ આખર સુધીમાં આવેલા તે.

૧૧૭–૧૩–૦ માળવામાંથી ઉપદેશક મી. કેશરીમલ મોતીલાલ ગાંધી માર્ફત આવ્યા.

૯–૩–૦ કપાસીન ૪૫–૦–૦ રતલામ ૦–૧૨–૦ બખતગઢ
૧–૦–૦ નાથાગામ ૪–૦–૦ કારખેડા ૫– ૪–૦ ધુંધડકા
૨–૦–૦ ફતેગઢ ૦–૮–૦ અમજલપુર ૫૦– ૨–૦ સીતામઉ

૨૦૭–૧૨–૦ ગુજરાતમાંથી ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ માર્ફત આવ્યા:

૧૮– ૪–૦ પ્રાંતીજ ૧૩– ૦–૦ અહમદનગર ૨– ૦–૦ હાપા
૩–૧૨–૦ તાજપુરી ૫–૧૨–૦ વકતાપુર ૪– ૦–૦ જામળા
૪– ૦–૦ સાબલી ૭– ૮–૦ કુકડીઆ ૨૧–૧૨–૦ ઇડર
૫૨–૧૨–૦ વડાલી ૧૦–૧૨–૦ ખેડબ્રહ્મા ૬– ૦–૦ ગરોડા
૨– ૮–૦ આપસર ૨– ૪–૦ ધરોઇ ૧૦– ૦–૦ સતલાસણ
૧૦–૦–૦ મોટા કોઠાસણ ૬–૦–૦ ઉબળી ૩–૦–૦ ટીંબા
૧૦–૦–૦ ભાલુસણ ૪–૦–૦ સુદાસણા. ૦–૮–૦ તારંગાજી
૧૦– ૦–૦ વાવ

૬૦– ૪–૦ ગુજરાતમાંથી ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ માર્ફત આવ્યા.

૨– ૮–૦ રાસમ ૧૪–૮–૦ ચલોડા ૫–૮–૦ વાસણાકેલીઆ
૨–૧૨–૦ ગાંગડ ૨–૮–૦ કોચરીઆ ૧૭–૪–૦ બાવળા
૯– ૪–૦ કાવીઠા ૬–૦–૦ નવાગામ ૬૦–૪–૦

૪૬–૧૦–૦ મારવાડમાંથી ઉપદેશક મી. છોટમલજી વોહરા માર્ફત આવ્યા.

૩–૧૨–૦ સોજત ૧૮–૦–૦ સેવાજ ૪–૬–૦ મેલાવાસ
૧૫– ૪–૦ મુસાલીઆ ૪–૪–૦ દુધલા ૧–૦–૦ આલાવાસ

૨૯૫– ૮–૦ ઉપદેશકો વિના નીચેનાં ગામના આગેવાન ગ્રહસ્થો માર્ફત આવ્યા.

૧૦–૧૨–૦ પાલજ શેઠ વાડીલાલ ખેડીદાસ માર્ફત.
૧૦– ૦–૦ વટાદરા ,, ફુલચંદ અભેચંદ તરફથી.

| | | |
|---|---|---|
| ૧- ૮-૦ | વળા | શેઠ હરખચંદ ભુરાભાઇ તરફથી. |
| ૧- ૦-૦ | ઝરીઆ (બંગાળ) | ,, ચત્રભજ મોતીચંદ માર્ફત. |
| ૩૭- ૮-૦ | રંગુન | ,, મનસુખલાલ સુરજમલ માર્ફત. |
| ૫- ૪-૦ | ગ્વાલીઅર | શેઠ નથમલજી ગુલેચ્છા તરફથી. |
| ૧૦૦- ૪-૦ | માંડળ | ,, મયાચંદ અંબાવીદાસ માર્ફત. |
| ૧૩૦- ૦-૦ | ઉદેપુર | ,, રોશનલાલજી ચતુર ,, |
| ૨૯૫-૮-૦ | | |

ઉપર મુજબ ૭૨૭-૧૫-૦ વસુલ આવતાં આ ફંડમાં કુલ રૂ. ૨૯૬૨-૧૫-૯ સંવત ૧૯૬૭-ની સાલમાં આવેલા છે. તે ખાતે સર્વે આગેવાન ગૃહસ્થોનો તથા ફંડ વસુલ આપનારાઓનો અને પોતાની ખુશીથી મોકલનારા ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

## ઉપદેશકોના ભાષણોથી થએલા ઠરાવો.

**પ્રાંતીજ**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે અહીં આવી મે. મામલતદાર સાહેબના પ્રમુખપણા નીચે સંપ વિષે ભાષણ આપ્યુ હતું. તેની અસર ઘણી સારી થઇ હતી. ગુજરાતી નિશાળના હેડ માસ્તર સાહેબે તથા ઇંગ્રેજી નિશાળના હેડ માસ્તર સાહેબે તેમાં પુષ્ટી આપી હતી. તેમજ મામલતદાર સાહેબે સારૂં વિવેચન કરી જણાવ્યું જે મી૦ વાડીલાલના કહેવામાં કાંઇ કહેવાપણું રહ્યું નથી. બીજે દિવસે જૈન બેનોનો મેળાવડો કરવામાં આવ્યો હતો. તે વખતે શિયળવ્રત સંબંધી કહેવામાં આવતાં ફટાણાં નહી ગાવાં તથા બંગડીઓ નહી પહેરવા પ્રતિજ્ઞાઓ લેવામાં આવી હતી. તે ઉપરાંત સ્થાનકવાસી જૈન બેનોએ કન્યા વિક્રય નહિં કરવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. ત્યાર બાદ બે દિવસ ગોસ્વામીના મંદિરમાં ભાષણો આપતાં અન્યદર્શનીઓમાં પણ ઉપરના ઠરાવ સાથે કન્યા વિક્રય નહી કરવા પ્રતિજ્ઞાઓ લેવાણી હતી. એકંદર આ ઉપદેશથી ગામના ઘણા ભાગમાં સુધારો થયો છે. આમ ઉપદેશ ચાલુ રહેવાથી લોકોના મન ઉપર ધર્મની સારી લાગણી રહે એમ અમો ઇચ્છા રાખીએ છીએ.

**અહમદનગર (મહીકાંઠા)**—ઉપદેશક મી૦ વાડીલાલે અહીં આવી ઉપાશ્રયમા તમામ જૈન ભાઇઓ સમક્ષ દયા, ભક્તિ વગેરે વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. હાનિકારક રીવાજ વિષે તથા શિયળ વિષે બોલતાં ઘણી બેનોએ ફટાણાં ન ગાવાં તથા બંગડીઓ નહીં પહેરવા નકી કર્યું છે. ભ્રષ્ટ ખાંડ તથા ટીનના વાસણ ન વાપરવાં પ્રતિજ્ઞાએ લેવાણી હતી આ વખતે ઉમેદવાર ઉપદેશક મી૦ પુંજાલાલ પણ સારી રીતે વિવેચન કરતા હતા. સદરહુ ભાષણ વખતે મુત્સદી વર્ગ હાજર હતો અને ડાકટર સાહેબ ઉમૈયાશંકરભાઇએ પણ કેટલુંક વિવેચન કર્યું હતું.

**વકતાપુર**—ઉપદેશક મી૦ વાડીલાલે આ ગામે આવી ઉપાશ્રયમાં ધર્મપર શ્રધા રાખવા તથા ભક્તિ કરવા સંબંધી દાખલા દલીલોથી ભાષણ આપ્યું હતું. તેની અસર એવી તો થઇ હતી કે અન્યગૃહસ્થોને પણ સંતોષ થયો હતો. બીજે દિવસે થાણદાર સાહેબ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે સંપ તથા કન્યાવિક્રય વિષે ભાષણો આપતાં કન્યાવિક્રય નહીં કરવા થાણદાર સાહેબ રૂબરૂ પ્રતિજ્ઞાઓ થઇ હતી. અનુમોદનમાં થાણદાર સાહેબે સારી પુષ્ટી આપી હતી. ભાષણ કર્તા પોતાના તન મનથી પરિશ્રમ લેવામાં બાકી રાખતા નહોતા. કોન્ફરન્સ આવા ધર્મ ઉપદેશકો ફેરવી ધર્મની જાગૃતી કરવા જે તજવીજ ભાષણદ્વારાએ કરાવે છે તે પાર પાડવા સામર્થ થાઓ એમ અમે જૈન સંઘ ઇચ્છીએ છીએ. કોન્ફરન્સ દિનપર દિન વૃદ્ધિ પામો અને દેશ સુધારા માટે આવા નર રત્નો જૈન કોમમાં ઉત્પન્ન થાઓ એમ અમે જૈન સંઘ આશા રાખીએ છીએ.

**કામદાર મોહનલાલ બાદરચંદ** લખે છે કે ઉપદેશક મી૦ વાડીલાલે સારી રીતે હકીકતો સમજાવી ભાષણો આપી કેટલાકના મનને ઘણી અસર કરી છે. આ પ્રમાણે થવાથી ભવિષ્યમાં સારા પાયા ઉપર આવે તેના માટે પુરતા પ્રયાસ કોન્ફરન્સ તરફથી લેવામાં આવે છે તેના માટે પુરતો ઉપકાર માનું છું. તા૦ ૨૫—૯—૧૧ વકતાપુર.

**જામળા**—ઉમેદવાર ઉપદેશક મી૦ પુંજાલાલે હાનિકારક રિવાજો વિષે ભાષણ આપતાં તમામ લોકોના મન ઉપર સારી અસર થઇ હતી. ઘણા જણે ભ્રષ્ટ ખાંડ ન વાપરવા તથા બીડી હોકો ન પીવા પ્રતિજ્ઞાઓ કરી હતી. બેનોએ પણ ફટાણાં ન ગાવાં તથા બંગડીઓ નહી પહેરવા નકી કર્યું હતું. સદરહુ ઉપદેશકના ભાષણથી ઘણી સારી અસર થઇ હતી. આવા ઉપદેશકો વરસમાં વધારે વખત આવે તો આભાર માનશું. મી૦ પુંજાલાલની બોલવાની તેમજ ભાષણની ઢબ સારી છે વળી માણસ ઉત્સાહી ને ઉમંગી છે.

**કુકડીઆ**—ઉપદેશક મી૦ પુંજાલાલ પ્રેમચંદે આ ગામે આવી નામદાર ઠાકોર સાહેબ દિપસીંહજીના પ્રમુખપણા નીચે નિશાળમાં સભા ભરી "અહિંસા પરમો ધર્મ" ઉપર ભાષણ આપ્યું હતું. તેમાં ગામના મુત્સદી વર્ગ તથા વાણિયા બ્રાહ્મણ વગેરે સર્વે કોમોએ સારો ભાગ લીધો હતો. જીવહિંસા ન કરવા તથા માંસ ભક્ષણ ન કરવા શાસ્ત્રાધાર દાખલા દ્રષ્ટાંતો આપી સાબીત કરી આપ્યું હતું. સ્કુલ માસ્તર જેચંદ ભગનલાલે પણ કેટલુંક વિવેચન કર્યું હતું. અને બ્રાહ્મણોએ સારો મત આપ્યો હતો. તેથી સારી અસર થઇ હતી આમ ઉપદેશકો ચાલુ રહેશે તો દશેરા ઉપર થતો પશુવધ અટકશે એમ અમારૂં સંઘનું માનવું છે. કોન્ફરન્સ જેવી સંસ્થા હમેશને માટે કાયમ રહે તેવી અમારી વિનંતી છે.

## મુરટી તાબે ઇડરના ઠાકોર સાહેબ લક્ષ્મણસિંહજી વગેરેનો પત્ર.

ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે આવી અત્રેના ઠાકોર સાહેબ શ્રી લક્ષ્મણસિંહજી ઇંદ્રભાણજી સાહેબના પ્રમુખપણા નીચે ભાષણો આપ્યાં આ વખતે ઠાકોર સાહેબના

| | | | |
|---|---|---|---|
| ૧– ૮–૦ | વળા | શેઠ | હરખચંદ ભુરાભાઇ તરફથી. |
| ૧– ૦–૦ | ઝરીઆ (બંગાળ) | ,, | ચત્રભજ મોતીચંદ માર્ફત. |
| ૩૭– ૮–૦ | રંગુન | ,, | મનસુખલાલ સુરજમલ માર્ફત. |
| ૫– ૪–૦ | ગ્વાલીઅર | શેઠ | નથમલજી ગુલેચ્છા તરફથી. |
| ૧૦૦– ૪–૦ | માંડળ | ,, | મયાચંદ અંબાવીદાસ માર્ફત. |
| ૧૩૦– ૦–૦ | ઉદેપુર | ,, | રોશનલાલજી ચતુર ,, |
| ૨૮૫–૮–૦ | | | |

ઉપર મુજબ ૭૨૭–૧૫–૦ વસુલ આવતાં આ ફંડમાં કુલ રૂ. ૨૯૬૨–૧૫–૯ સંવત ૧૯૬૭ની સાલમાં આવેલા છે. તે ખાતે સર્વે આગેવાન ગૃહસ્થોનો તથા ફંડ વસુલ આપ નારાઓનો અને પોતાની ખુશીથી મોકલનારા ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

## ઉપદેશકોના ભાષણોથી થએલા ઠરાવો.

**પ્રાંતીજ**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે અહીં આવી મે. મામલતદાર સાહેબના પ્રમુખપણા નીચે સંપ વિષે ભાષણ આપ્યુ હતું. તેની અસર ઘણી સારી થઇ હતી. ગુજરાતી નિશાળના હેડ માસ્તર સાહેબે તથા અંગ્રેજી નિશાળના હેડ માસ્તર સાહેબે તેમાં પુષ્ટી આપી હતી. તેમજ મામલતદાર સાહેબે સારૂં વિવેચન કરી જણાવ્યું જે મી૦ વાડીલાલના કહેવામાં કાંઇ કહેવાપણું રહ્યું નથી. બીજે દિવસે જૈન બેનોનો મેળાવડો કરવામાં આવ્યો હતો. તે વખતે શિયળવ્રત સંબંધી કહે-વામાં આવતાં ફટાણાં નહી ગાવાં તથા બંગડીઓ નહી પહેરવા પ્રતિજ્ઞાઓ લેવામાં આવી હતી. તે ઉપરાંત સ્થાનકવાસી જૈન બેનોએ કન્યા વિક્રય નહિં કરવા પ્રતિજ્ઞાઓ લીધી હતી. ત્યાર બાદ બે દિવસ ગોસ્વામીના મંદિરમાં ભાષણો આપતાં અન્યદર્શનીઓમાં પણ ઉપ-રના ઠરાવ સાથે કન્યા વિક્રય નહી કરવા પ્રતિજ્ઞાઓ લેવાણી હતી. એકંદર આ ઉપદેશથી ગામના ઘણા ભાગમાં સુધારો થયો છે. આમ ઉપદેશ ચાલુ રહેવાથી લોકોના મન ઉપર ધર્મની સારી લાગણી રહે એમ અમો ઇચ્છા રાખીએ છીએ.

**અહમદનગર (મહીકાંઠા)**—ઉપદેશક મી૦ વાડીલાલે અહીં આવી ઉપાશ્રયમા તમામ જૈન ભાઇઓ સમક્ષ દયા, ભક્તિ વગેરે વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. હાનિ કારક રીવાજ વિષે તથા શિયળ વિષે બોલતાં ઘણી બેનોએ ફટાણાં ન ગાવાં તથા બંગ-ડીઓ નહીં પહેરવા નકી કર્યું છે. ભ્રષ્ટ ખાંડ તથા ટીનના વાસણ ન વાપરવાં પ્રતિજ્ઞાએ લેવાણી હતી આ વખતે ઉમેદવાર ઉપદેશક મી૦ પુંજાલાલ પણ સારી રીતે વિવેચન કરતા હતા. સદરહુ ભાષણ વખતે મુત્સદી વર્ગ હાજર હતો અને ડાકટર સાહેબ ઉમૈયા-શંકરભાઇએ પણ કેટલુંક વિવેચન કર્યું હતું.

**વકતાપુર**—ઉપદેશક મી૦ વાડીલાલે આ ગામે આવી ઉપાશ્રયમાં ધર્મપર શ્રધા રાખવા તથા ભક્તિ કરવા સંબંધી દાખલા દલીલોથી ભાષણ આપ્યું હતું. તેની અસર એવી તો થઇ હતી કે અન્યગૃહસ્થોને પણ સંતોષ થયો હતો. બીજે દિવસે થાણદાર સાહેબ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે સંપ તથા કન્યાવિક્રય વિષે ભાષણો આપતાં કન્યાવિક્રય નહીં કરવા થાણદાર સાહેબ રૂબરૂ પ્રતિજ્ઞાઓ થઇ હતી. અનુમોદનમાં થાણદાર સાહેબે સારી પુષ્ટી આપી હતી. ભાષણ કર્તા પોતાના તન મનથી પરિશ્રમ લેવામાં બાકી રાખતા નહોતા. કોન્ફરન્સ આવા ધર્મ ઉપદેશકો ફેરવી ધર્મની જાગૃતી કરવા જે તજવીજ ભાષણદ્વારાએ કરાવે છે તે પાર પાડવા સામર્થ થાઓ એમ અમે જૈન સંઘ ઇચ્છીએ છીએ. કોન્ફરન્સ દિનપર દિન વૃદ્ધિ પામો અને દેશ સુધારા માટે આવા નર રત્નો જૈન કોમમાં ઉત્પન્ન થાઓ એમ અમે જૈન સંઘ આશા રાખીએ છીએ.

**કામદાર મોહનલાલ બાદરચંદ** લખે છે કે ઉપદેશક મી૦ વાડીલાલે સારી રીતે હકીકતો સમજાવી ભાષણો આપી કેટલાકના મનને ઘણી અસર કરી છે. આ પ્રમાણે થવાથી ભવિષ્યમાં સારા પાયા ઉપર આવે તેના માટે પુરતા પ્રયાસ કોન્ફરન્સ તરફથી લેવામાં આવે છે તેના માટે પુરતો ઉપકાર માનું છું. તા૦ ૨૫–૯–૧૧ વકતાપુર.

**જામળા**—ઉમેદવાર ઉપદેશક મી૦ પુંજાલાલે હાનિકારક રિવાજો વિષે ભાષણ આપતાં તમામ લોકોના મન ઉપર સારી અસર થઇ હતી. ઘણા જણે ભ્રષ્ટ ખાંડ ન વાપરવા તથા બીડી હોકો ન પીવા પ્રતિજ્ઞાઓ કરી હતી. બેનોએ પણ ફટાણાં ન ગાવાં તથા બંગડીઓ નહી પહેરવા નક્કી કર્યું હતું. સદરહુ ઉપદેશકના ભાષણથી ઘણી સારી અસર થઇ હતી. આવા ઉપદેશકો વરસમાં વધારે વખત આવે તો આભાર માનશું. મી૦ પુંજાલાલની બોલવાની તેમજ ભાષણની ઢબ સારી છે વળી માણસ ઉત્સાહી ને ઉમંગી છે.

**કુકડીઆ**—ઉપદેશક મી૦ પુંજાલાલ પ્રેમચંદે આ ગામે આવી નામદાર ઠાકોર સાહેબ દિપસીંહજીના પ્રમુખપણા નીચે નિશાળમાં સભા ભરી " અહિંસા પરમો ધર્મ " ઉપર ભાષણ આપ્યું હતું. તેમાં ગામના મુત્સદી વર્ગ તથા વાણિયા બ્રાહ્મણ વગેરે સર્વે કોમોએ સારો ભાગ લીધો હતો. જીવહિંસા ન કરવા તથા માંસ ભક્ષણ ન કરવા શાસ્ત્રાધાર દાખલા દષ્ટાંતો આપી સાબીત કરી આપ્યું હતું- સ્કુલ માસ્તર જેચંદ મગનલાલે પણ કેટલુંક વિવેચન કર્યું હતું. અને બ્રાહ્મણોએ સારો મત આપ્યો હતો. તેથી સારી અસર થઇ હતી આમ ઉપદેશકો ચાલુ રહેશે તો દશેરા ઉપર થતો પશુવધ અટકશે એમ અમારૂં સંઘનું માનવું છે. કોન્ફરન્સ જેવી સંસ્થા હમેશને માટે કાયમ રહે તેવી અમારી વિનંતી છે.

## સુરટી તાબે ઇડરના ઠાકોર સાહેબ લક્ષ્મણસિંહજી વગેરેનો પત્ર.

ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદે આવી અત્રેના ઠાકોર સાહેબ શ્રી લક્ષ્મણસિંહજી ઇંદ્રભાણજી સાહેબના પ્રમુખપણા નીચે ભાષણો આપ્યાં આ વખતે ઠાકોર સાહેબના

સ્વબંધુ રણજીતસિંહજી સાહેબ તથા ગામના સદ્ગૃહસ્થો તથા મુત્સદી વર્ગમાં મે. ગીરજ્યા-શંકરભાઇ અમથારામજી તથા વલભભાઇ નરભેરામ તથા વકીલ મી૦ શોભારામ હિંમત-રામ તથા ડા. ગીરજાશંકર ગંગારામજી વગેરેની હાજરી વચ્ચે દશરાના રોજ પશુવધ ન કરવા સંબંધીનો વિષય ચર્ચાવતાં ઘણા વિષયો ઉપર સંવાદ થતાં છેવટે નવરાત્રીમાં પશુ વધ થાય છે કે નહીં તેના પ્રત્યુત્તરમાં ઠાકોર સાહેબે જણાવ્યું કે **"નવરાત્રોમાં દશરા ને દિવસે પાડાનો વધ કેટલાક વખતથી બંધ છે અને હવે પછી થશે નહીઃ"**

મી૦ વાડીલાલે બહુજ અસર કારક રીતે અત્રેના જૈન વગેરે સર્વ વર્ણોને સારો ઉપદેશ કરેલ છે ગૌવધના માટે અત્રેની સભામાં એક દરખાસ્ત થઇ તેના સંબંધમાં કોન્ફરન્સમાં એવી સૂચના કરવાનું યોગ્ય જણાયું કે પશુવધ આવી રીતે ઉપદેશકો મોક-લી અટકાવવો એ બહુજ સ્તુત્ય છે પરંતુ ગાયો જે આખી સૃષ્ટીનું જીવન છે તેમનો વધ જે મોટા પાયાઉપર થાયછે તે બાબત દરેક શ્રધાળુ હિંદુઓ તરફ દ્રવ્યની સહાયતાઓ માગી નામદાર બ્રિટીશ સરકાર તરફ સતત્ પ્રયાસ અરજીઓદ્વારા કરવા તથા દ્રવ્યની મદદથી જોઇતાં સાધનો એકઠાં કરી કાયદાસર દલીલો કરી શાસ્વત ગૌમાતાનો બચાવ થાય એવી વિનતિ કરવામાં આવી. હિંદુસ્તાનના જીવનનો આધાર ગૌછે પ્રથમ તેને બચા વવી તે પહેલી ફરજ છે તો તેને માટે પ્રયત્ન થવા મારી ખાસ ભલામણ છે.

**લક્ષ્મણસિંહજી.**

ઇડર—આજરોજ ઇડર જૈન શાળામાં બીલોડા મામલતદાર ભાઇચંદભાઇના પ્રમુખ પણાનીચે સભા એકઠી થઇ હતી તે વખતે ઉપદેશક મી૦ વાડીલાલે સંપ વિષે એક છટાદાર ભાષણ આપ્યું હતું. આ વખતે આશરે બસો માણસોએ હાજરી આપી હતી. બીજા અને ત્રીજા દિવસે જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં ભાષણો છટાદાર અને સાદી ભાષામાં હોવાથી તે વિષેની અસર લોકોમાં વધુ જણાઇ હતી. ઉપદેશક મી૦ વાડીલાલ જેવા દરેક ગામમાં વધુ ટકી બોધ કરે તો વિશેષ સુધારો થવા સંભવ છે. તેથી જૈન કોમનો ઉદય જલદી થાય તેમ જણાયછે.

**ચશોડા**—ઉપદેશક મી૦ અમૃતલાલ વાડીલાલે અત્રે આવી સાર્વજનિક ભાષણો આપ્યાં હતાં. તેમના ભાષણમાં અહીંના પાટીદાર ભાઇઓએ તેમજ અન્ય સદ્ગ્રહસ્થોએ સારી હાજરી આપી હતી. પ્રમુખસ્થાન અહીંના અમીન, પ્રાણશંકર ભાઇને આપ્યું હતું. તેઓએ પણ ઘણી રીતે અનુમોદન આપ્યું હતું. મી૦ અમૃતલાલના ભાષણથી ગરીબ લોકો માટે એક ટીપ કરવામાં આવી છે. આવી રીતે કોન્ફરન્સ તરફથી ઉપદેશકો ફેરવ-વામાં આવેતો જૈન કોમને તેમજ અન્ય કોમને ઘણોજ લાભ થાય. મી૦ અમ્રતલાલની વકતૃત્વ શકિત ઘણા ઉત્તમ પ્રકારની છે તેમજ ભાષણથી શ્રોતાઓના મન ઉપર સારી છાપ બેસેછે કોન્ફરન્સની દિન પરદિન ચડતી થાય તેમ અમે ઇચ્છીએ છીએ.

**તાલુકા માસ્તર મગનલાલ કાળીદાસ** લખેછે કે ઉપદેશક મી૦ અમ્રતલાલે અત્રે આવી ઉપદેશરૂપી ભાષણ કરી સૌને સંતોષ પમાડવાથી તેમની સૂચના મુજબ

અત્રેના આગેવાન ગ્રહસ્થોએ "દુકાળ નિવારણ ફંડ" ની શરૂઆત કરી તેમાં આશરે બસો રુપીઆ ભરાવાની વકી છે. આવા નિઃસ્વાર્થી કોઇપણ ધર્મનો આંતરો રાખ્યા વિના સરલ નીતીનો તથા ધર્મનો ઉપદેશ કરનાર ઉપદેશકોની આવા દુષ્કાળના વખતમાં ખાસ જરૂર છે તેમાંની આ એક છે એવું મારું માનવું છે.

**વાસણા કેલીઆ**—ઉપદેશક મી૦ અમૃતલાલ વાડીલાલે અહીં આવી કોન્ફરન્સના હેતુઓ ઉપર ગામના મુખી મતાદાર, નિશાળના માસ્તરો, પાટીદાર ભાઇઓ વગેરે સમક્ષ ભાષણો આપ્યાં હતાં. તેમાં પણ હાલ ચાલતા ભયંકર દુષ્કાળને માટે પોતાના ગામના નિરાશ્રિતો તેમજ ઢોરોને માટે એક ફંડ કરવા ભાષણ આપ્યું હતું. અત્રે ગામ તરફથી આશરે બે હજાર રૂપીઆની ધર્માદા ખાતામાં સિલિક છે. તેથી દરેક ગરીબ માણસનો સારો બંદોબસ્ત રાખવામાં આવેછે આવી રીતે કોન્ફરન્સ તરફથી ઉપદેશકો ફરતા રહેશે તો જૈન ધર્મની જાહો જલાલી દિન પરદિન વધતી જશે તેમજ કોન્ફરન્સ તરફ વિશેષ ભાવ થશે.

**હેડમાસ્તર ગોવીંદરામ સેવકરામ**—લખેછે કેમી૦અમ્રતલાલે તમામ આગેવાનો સમક્ષ અસરકારક ભાષણો આપ્યાં હતાં. આથી શ્રોતાઓના મન ઉપર સારી અસર થઇ હતી. લોકોમાં દયાની લાગણી ઉશ્કેરાઇ હતી. અને ગામમાં જે કુટુંબો દુષ્કાળથી પીડાતાં હોય તેને અનાજની મદદ આપવા કેટલાએક સખી ગ્રહસ્થોએ ઇચ્છા બતાવી હતી. મી૦ અમ્રતલાલ એક બાહોશ, સારી વકતૃત્વ શકિત ધરાવનારા ખંતિલા ઉપદેશક છે. આવા સમયમાં આ ફરતા ઉપદેશકની ખાસ જરૂર છે. તેઓ પોતાની કોમ ઉપરાંત બીજાઓની દયાની લાગણી પણ તાજી કરે છે. તે બાબત તેમને ધન્યવાદ ઘટે છે આવા નિઃસ્વાર્થી ઉપદેશકોથી જનસમુહમાં સુધારો થઇ શકે એવું અમારૂં નમ્ર મત છે.

**કોઠ**—ઉપદેશક મી૦ અમૃતલાલે અહીં આવી બીજે દિવસે મુનિમહારાજ શ્રી હર્ષવિજયજીના વ્યાખ્યાનમાં આત્મા ઉપર ભાષણ આપ્યું હતું. ત્રીજે દિવસે કન્યાવિક્રય તથા હાનિકારક રિવાજો વિષે વિવેચન કરવામાં આવ્યું હતું. ચોથે દિવસે સ્ત્રી કેળવણીને ધર્મ ઉપર ભાષણો આપવામાં આવ્યાં હતાં. આ વખતે દરેક દિવસે સ્કુલના હેડ માસ્તર તથા અન્ય કોમના સદ્ગ્રહસ્થોએ હાજરી આપી હતી.

**મેહેતાજી રામાભાઇ રણછોડભાઇ લખે છે કે**—ઉપદેશક મી૦ અમ્રતલાલના ભાષણની અસર આ ગામની ઘણી ન્નાતી ઉપર થએલી છે તે ખાતે તેઓ શ્રીને આ ગામ ખાતેથી અભિવંદન અને આ સર્ટીફીકેટ આપવામાં આવ્યું છે. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ આવા પ્રયાસ કરવા માટે કોઇ પણ ધર્મનો ભેદભાવ રાખ્યા સિવાય ઉપદેશકો દ્વારા લાભ આપે છે તેથી અમો તેમનો ઉપકાર માનીએ છીએ.

**ગાંગડ**—ઉપદેશક મી૦ અમ્રતલાલ વાડીલાલે અમારા ગામમાં આવી ધાર્મિક ભાષણો મેહેરબાન ઠાકોર સાહેબ જીવનસીંહજી જસવંતસીંહજી સાહેબના પ્રમુખપણા નીચે ગામ લોકોની સમક્ષ પરમાર્થ, દયા, સંપ વગેરે વિષયો ઉપર અસરકારક રીતે આપ્યાં હતાં. તેમના ભાષણોની અસર શ્રોતાવર્ગ ઉપર સારી થઇ હતી. મી૦ અમૃતલાલ એ એક નાની ઉમરના ઉપદેશક છતાં દરેક વિષયનું ઘટતી રીતે સમર્થન કરી શકે છે.

...નો ખાસ અંક.

Registered N. B. 525.

...ी जैन

ॐ

# ...ी जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# ...RI JAIN SWETAMBER CONFERENCE HERALD.

ખંડ ૭] વીર સંવત ૨૪૩૮ ડીસેમ્બર ૧૯૧૧ [અંક ૧૨

## LONG LIVE

## *THE KING EMPEROR*

## and

## *QUEEN EMPRESS.*

પ્રગટ કર્તા—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી

**લાલચંદ લક્ષ્મીચંદ શાહ.**

પાયધુની–મુંબઈ.

**वार्षिक मूल्य डाकका मूल्य सहित सिर्फ रु. १–४–०**

[illegible] પ્રીન્ટીંગ પ્રેસમાં નાનચંદ [illegible] મહેતાએ [illegible] છાપ્યું. મુંબઈ.

# आशिर्वाद.

श्री संघ जग जन पद, राजाधिपराज सन्नि वेशानाम्.
गोष्टिक पुर मुख्याणां, व्याहरणै र्व्याहरच्छांतिम्.
श्री श्रमण संघस्य शांतिर्भवतु, श्री पौर जनस्य शांतिर्भवतु.
श्री जन पदानां शांतिर्भवतु, श्री राजाधिपानां शांतिर्भवतु.
श्री राज शन्निबेशानां शांतिर्भवतु, श्री गोष्टिकानां शांतिर्भवतु.
श्री पुर मुख्याणां शांतिर्भवतु, श्री ब्रह्मलोकस्य शांतिर्भवतु.

बृहत्शांति.

**ભાવાર્થ**:—જગતના દેશ, રાજ રાજેશ્વર, રાજાઓના અધિપતિયો અને રાજ્ય મહેલ મંદિરો એ સર્વના નામ લઇ લઇને, તેમજ શહેરના આગેવાન માનવંતા પુરૂષોના પણ નામ બોલીને શાંતિને ઉંચે સ્વરે ઉદ્‌ઘોષણા કરી—જાહેર પોકાર કરવો. શોભાયમાન શ્રી શ્રમણ સંઘને શાંતિ પ્રાપ્ત થાઓ. શહેર ગામના વસનારા લોકોને શાંતિ પ્રાપ્ત થાઓ. દેશને વિષે શાંતિ પ્રાપ્ત થાઓ. **રાજા** અને અધિપતિઓને શાંતિ પ્રાપ્ત થાઓ. રાજાઓના મકાનોને વિષે શાંતિ ફેલાઓ. શહેરના આગેવાનોને શાંતિ પ્રાપ્ત થાઓ. અને બ્રહ્મલોક-બ્રાહ્મણો કિંવા બ્રહ્મનિષ્ઠ પુરૂષોને પણ શાંતિ પ્રાપ્ત થાઓ.

## દીલ્હી કોરોનેશનના મહાન મહોત્સવ પ્રસંગે મુંબઇના જૈન શ્વેતાંબરો તરફથી કરવામાં આવેલ પ્રાર્થના અને રોશની.

પાયધુની ઉપર આવેલ શ્રી ગોડીજી મહારાજના તથા શ્રી શાંતિનાથજી મહારાજ વિગેરે બધા દેરાસરોના ઉપાશ્રયમાં પ્રાર્થના કરવામાં આવી હતી. તથા રાત્રે ફુલલાઇટની આંગી સાથે ભવ્ય રોશની કરવામાં આવી હતી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસનું કામકાજ તા. ૨ થી ૫ તથા **તા. ૧૨ મી ડીસેમ્બરના રોજ રાજ્યાભિષેકના** મહાન માંગલિક દિવસ હોવાથી બંધ રાખી પાંચે દિવસ રોશની કરવામાં આવી હતી.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

काऽप्यन्यो महिमास्त्यहो भगवतः संघस्य यस्य स्फुरत्
कायोत्सर्गबलेन शासनसुरी सीमंधरस्वामिनम् ।
नीत्वा तत्कृतदोषशुद्धिमुदितां यक्षार्यिकां चानयत्,
किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥

અહો! સમર્થ એવા સંઘનો કોઈ નવીનજ મહિમા દેખાય છે! કારણ કે તેના કાર્યોત્સર્ગના બળવડે શાસનદેવી યક્ષા સાધ્વીને શ્રી સીમંધર સ્વામી પાસે લઈ જઈ ત્યાં શ્રી સીમંધર સ્વામીએ તેની (સાધ્વીની) કરેલી દોષ શુદ્ધિથી હર્ષ પામેલી યક્ષા સાધ્વીને તે (શાસન દેવી) પાછી લઈ આવી, માટે ખરેખર એ સંઘના આવા પ્રભાવના વિભવવડે તીર્થંકરપણું થાય છે.

પુસ્તક ૭] વીર સંવત્ ૨૪૩૮ ડીસેમ્બર ૧૯૧૧ [અંક ૧૨

## हेरल्ड ग्राहक महाशयोसें विनंति.

(लेखक काकावारा चंपालालजी चोखचंदजी देवलीआ)

प्रिय बन्धुओ श्रीमति कॉन्फरन्स देवि धर्मोन्नति, जात्युन्नति, देशोन्नतिका महान् मंडल परोपकारी सज्जन पुरुषोने अकथनिय परीश्रमकर स्थापित किया है. और विचारकर देखनेसें ज्ञात होता है की कॉन्फरन्स एक उन्नतिका कल्प वृक्ष है. इसलिये इस वृक्षकों तन मन धन रूपि जलसें सींचकर प्रफुलित करना धनीक धर्मि एवम विद्वानोंका मुख्य कर्तव्य है, और हेरल्ड मासीक कों रसमय लेखो सें तरकी देना विद्वानो का परम धर्म है, और कॉन्फरन्सका हेरल्ड ( दूत ) खेपिया ( हलकारा ) काशदि कहो. मतलब सबका एक है. यह हेरल्ड विविध प्रकारकी खबरें व अज्ञान ( मूर्ख ) तिमर ( अन्धकार ) को नाश करने वाला

एक भाण ( सूर्य ) है और नव तत्वोंका अपूर्व भंडार ( खजाना ) है, एसा परम हितैशी हेरल्डका एक ग्रंथ करके अच्छी तरहसें रखनेकी आवश्यक्ता हैं. यह सबबसें निवेदन करताहुं की हेरल्डका पुरा २ यत्न करें. क्योंकि हेरल्ड की आशातना हुई तो अपनि हुई—हेरल्डका विनय करना चाहिये--विनय महान् भूषण है. इस भूषण के सामने सोनेका दागीना, पूष्प माला, मोतीयका हार, जरी किनारकी पोशाक, अतिरूप ( सुन्दरता ) हाथीकी स्वारी आदि बराबरी नही कर सकती है. दोखिये पूर्वज महाजनोने कहाहै.

धिष्ण्यानांगगनो पयोनिधिरपामं भोजबंधुस्त्विषां ॥
देवानां त्रिदित्रं नृणांवसुमती विंध्याचल: कुंभिनाम् ॥
आराम: प्रथिवीरुहां कुमुदिनीप्रेयान् कलानां यथा ॥
कासार: सरसीरुहां च विनय: स्थानं गुणानां तथा ॥

अर्थ—उर्गण (ताराओं) का स्थान आकाशहै, पाणी (जल) कास्थान समुद्रहै, द्युति (कांति) का स्थान रवि (सूर्य) है, देवों का स्थान स्वर्गहै, मनुष्यों का स्थान पृथ्वीहै, हाथी (गज) का स्थान विंध्याचलहै, वृक्षों का स्थान वाटिका (बगीचा) है, कलाओं का स्थान शशी (चन्द्र) है, कमल का स्थान ताल (तलाव) है इस ही तरह (सर्व) गुंणो का स्थान विनयहै-विनय कि कैसी महिमा और महात्महै.

मैं कर (हात) जोड यथा माति विनय पूर्वक निवेदन करता हुं कि उक्त प्रार्थना पर लक्ष देंगें और परोपकारणी मातेश्वरी कि सेवा तन मन धनसें करेंगें.

## ગુરૂ ગુણ અથવા સુત્ર આધારે જીન પડિમા સિદ્ધ.

(રાગ- વીમળા નવ કરશો ઉચાટ )

આજે આનંદ ઉર પ્રગટાય હું પામ્યો સાનનેરે
શુભ **ચતુરવિજય** ગુરૂરાજ ભક્તિ રસ માનનેરે. આજે.
**વર્ધમાન પુર** નગર સુહાવે, **ચતુર વજય** ગુરૂ સુત્ર સુણાવે;
સત્યાવીસ ગુણુ સહિત, મુનીવર માનનેરે. આજે. ૧
સુત્ર તણા શુભ અથ સુણાવે, જીન પુજા અધીકાર બતાવે;
શ્રોતા હર્ષિત થાવે પામી સાનનેરે. આજે. ૨
એમ બહુ અધીકાર સુણાવ્યા જીન, પુજા અધીકાર બતાવ્યા;
જીન પડિમા જીન સરખી નીશ્ચે માનનેરે. આજે. ૩

**ઠાણુંગ** સુત્રને જો સુભપાવે, **સ્થાપના** ખરે સત્ય બતાવે;
સદ્‌ગુરૂ વીણ નવ પામે મુરખ સાનનેરે. આજે. ૪
દ્રૌપદી સુશ્રાવીકા વૃતધારી, જીનવર પુજ્યા સત્તર પ્રકારી;
**જ્ઞાતા અંગની** સાખ ખરીતું માનનેરે. આજે. ૫
**સુર્યાભ** દેવતા **ચીત્રસારથી, પ્રિયંદર્સી** રાજા શુદ્ધ ભાવથી;
પડીમા પુજી **રાયપસેણીથી** માનનેરે. આજે. ૬
**જીવાભીગમમાં વીજયદેવતા, જંબુપન્નતિ યમક** પામતા;
પડીમા પુજ્યાનું ફળ શીવ સુખકારનેરે. આજે. ૭
ગણધર શ્રી **સીજંભવ સુરી, દશવૈકાલીક** સાખા પુરી;
પડિમા દેખી પામ્યા શીવ નીશાનનેરે આજે. ૮
સ્થાપના શુદ્ધ સત્ય બતાયાં, **ઊતરાધ્યનથી** એહી સુણાયા;
"**થુઈ થુઈ મંગળ**" શબ્દથી નીશ્ચે માનનેરે. આજે. ૯
**અષ્ટાપદ** પર **રાવણ રંગે,** નાચ્યો થેઇ થેઇકાર ઉમંગે;
પીતા શ્રી જીનવર ભકિત રસ પાનનેરે. આજે. ૧૦
ગીત ગાન અને નૃત્ય કરતાં, શ્રીજીનપદ ઉપાર્જન કરતાં;
છંડીને સહુ ક્રોધ લોભ ભય માનનેરે. આજે. ૧૧
**ભગવઈ** અંગના **અર્થ** બતાવે, **શત્રુંજય મહાત્મય** શુભ પાવે;
શ્રોતા સુણીને છંડે સહુ અભીમાનનેરે. આજે. ૧૨
એમ બહુ અધીકાર સુણાવ્યા, જીન પુજા અધીકાર બતાવ્યા;
ધન્ય ખરે છે **ચતુરવિજય** ગુરૂ નામનેરે. આજે. ૧૩
**ખીમાવિજય** શુભ ક્રીયા વ્રતધારી, **દયાવિજય** ગુરૂ આણાકારી;
મોહ રાયને જીત્યા ધન્ય બળવાનનેરે. આજે. ૧૪
અષ્ટ સાધવી અતી ઉમંગે, પંચ મહાવ્રત ધરતા અંગે;
પર્ષદા માંહી બીરાજે ધન્ય ગુણવાનનેરે. આજે. ૧૫
'સંઘ મળી શુભ ધર્મ કહાવે, આનંદે અતિ ઠાઠ મચાવે;
ધન્ય ખરે છે સંઘ સકળ ગુણવાનનેરે. આજે. ૧૬
શ્રાવીકાઓ શુભ ઉમંગ ધરતી, ગહુંલીઓ શુભ રીત ઉચરતી;
ધન્ય શ્રાવીકા ધન્ય ખરે શીલવાનનેરે. આજે. ૧૭
"**શાન્તિજીન**" મંડળ શુભ ચિત્તે, હર્ષિત થાતાં ભક્તિ નીમીતે;
જાણે નહીં કાંઇ રીત કે પીંગળ જ્ઞાનનીરે. આજે. ૧૮
બાળ ખ્યાલ મેં જેહી બનાવ્યા, તેહી આપની પાસ સુણાવ્યા;
"મણિલાલ" નવ બોધ થાય નાદાનનેરે. આજે. ૧૯

**મણીલાલ કાળીદાસ શાહ—વઢવાણસીટી.**

# જૈનો તરફથી લાખો રૂપીઆ બીજા શુભ ખાતાઓમાં વપરાય છે. તેવા જ્ઞાનમાં નથી વપરાતા તેનું શું કારણ?

જૈન માર્ગ જાણ્યો હોય યા જૈન ધર્મનું જાણપણું થવાનું નજીકમાં હોય, યા થોડા ભવમાં મોક્ષે જવાનો હોય તેને તો અવશ્ય જ્ઞાન ઉપરજ લક્ષ થાય. કેવળજ્ઞાન પામતાં પહેલાં ક્ષપકશ્રેણી માંડે છે તે ક્ષપકશ્રેણીમાં પ્રથમ શ્રુતજ્ઞાનથી ચીંતવન થાય. પછી અપૂર્વ ભાવ પ્રગટ થાય છે ને સ્વાભાવિક ધ્યાન થાય છે માટે એ સર્વ થવાનું કારણ શ્રુતજ્ઞાન છે. ને તે શ્રુતજ્ઞાન જ્ઞાનાવર્ણી કર્મના ક્ષયોપશમથી થાય છે. **જ્ઞાનાવર્ણી કર્મનો ક્ષયોપશમ જ્ઞાન ભણવાથી, જ્ઞાન ભણાવવાથી, જ્ઞાનનો પાઠ કરવાથી, જ્ઞાનવાનનો તથા જ્ઞાન જે પુસ્તકો, યા જ્ઞાનનાં ઉપગરણો તેનો વિનય કરવાથી, યા પુસ્તકો લખાવવાથી તથા વિદ્યાશાળાઓ કઢાવી ને શ્રાવકોને ભણાવવા તન, મન અને ધન એ ત્રણ પ્રકારે શકિત હોય તે પ્રમાણે જ્ઞાનની પોતાને તથા પરને વૃદ્ધિ થાય એવી પ્રવતના કરવી.** તેથી જ્ઞાનાવર્ણી કર્મનો ક્ષયોપશમ થાય ને જ્ઞાન પ્રગટ થાય. જેને ધનની શક્તિ હોય તે ધન જ્ઞાનના કામમાં વાપરે. જેને શરીરની શક્તિ હોય તે શરીરથી જ્ઞાનની સંભાળ રાખે, જેટલી બને તેટલી શરીરથી સેવા ભક્તિ કરે. જે જે જ્ઞાન સંબંધીના કામની મેહેનત કરવાની હોય તે કરે, વળી મનની શક્તિવાળા એટલે ભણેલા હોય તે બીજાઓને ભણાવે, દ્રષ્ટાંત યુક્તિએ કરી જેમ સમજે તેમ સમજાવવાનો ઉદ્યમ કરે, પોતાનું કામ છોડીને પણ પરને જ્ઞાનનો લાભ થતો હોય તો ઉદ્યમ કરે પણ સ્વાર્થજ કર્યા કરે નહિ. આ લક્ષણો જ્ઞાન નિકટ થવાના છે. માટે નજીકમાં જ્ઞાન થવાવાળા તો આ રીતે વર્તે એટલે જ્ઞાનના કામમાં જરૂર પૈસા વાપરે, પણ જેને જ્ઞાન પ્રગટ થવું દૂર છે તે જીવો તો વિચિત્ર કામ કરે છે. કેટલાએક કહેછે કે આ દુનીઆમાં શાસ્ત્ર તો ઘણાંજ છે. તેને વાંચનાર કોણ છે? ઘણાંએ પુસ્તકો સડી જાય છે. વળી કોઇ કહે છે કે અમને કંઇ ભણતા આવડતું નથી એટલે પુસ્તકને શું કરીએ? આ પ્રકારનું કહેવું અજ્ઞાનપણે થાય છે.

**કેટલાએક મંડળના ટ્રસ્ટીઓ પાસે સારૂં ફંડ છતાં અંદર અંદરના કુસંપ યા બીજા કોઈ કારણને લઇને વ્યાજ આવે તે જમા થાય પણ તેમાંથી જ્ઞાન ખાતે કાંઇ પણ ખર્ચ કરવામાં આવતું નથી.** કોઇ જ્ઞાનમાં ખરચવા પ્રેરણા કરે છે તો પણ પોતાને જ્ઞાનાવર્ણી કર્મનો ઉદય છે તેના પ્રભાવે ઉત્સાહે પારકા પૈસા પણ જ્ઞાનમાં ખરચતા નથી ને વગર કારણે જીવ જ્ઞાનાવર્ણી કર્મ બાંધે છે. આવા જીવો ઉપર પણ જ્ઞાનવાને કરૂણા લાવવી, પણ દ્વેષ લાવવો નહિ, કારણ કે એ જીવ શું કરે! કેમકે કર્મરાજા માગ આપે નહિ ને આ ભવમાં તો સમકિત વિના બુદ્ધિવાન ગણયા છે પણ એની ભવિતવ્યતા એવી છે કે આવતે ભવે જ્ઞાન વિશેષ અવરાઇ જવાનું છે તેથી એઓની બુદ્ધિ એવી થાય છે. જ્ઞાનવંતોએ એવાને સમજાવવા જોઇએ, કેટલાએક

ગૃહસ્થ હોય તેથી તેમને કહેવા જઇએ તો ઉલટો વધારે દ્વેષ પ્રાપ્ત થાય એટલે જ્ઞાનવાનને પણ મુંગા બેસવું પડે છે.

પૈસા આપનાર માણસ તો પૈસા જ્ઞાનમાં ખરચવા આપે છે તે છતાં તે પૈસા ન ખરચવાથી તેમનો વિશ્વાસ ઉઠી જાય છે. આવી ખબરો પડવાથી જે પૈસાના ખરચનાર હોય છે તે પણ જ્ઞાનના કામમાં ખરચતા નથી ને કહે છે જે જ્ઞાનના પૈસા અમે આપીએ તે એમને એમ પડયા રહે છે. આમ વિચાર લાવી જ્ઞાનમાં પૈસા ખરચતા અટકે છે આવા અનેક કારણોથી પૈસા ખરચાવા બંધ થયા છે.

પૈસા સાત ક્ષેત્રમાં ખરચવાના છે તેમાં ૭ એ ક્ષેત્રને ઓળખાવનાર જ્ઞાન છે માટે જ્ઞાન જેવું કોઇ પણ ક્ષેત્ર નથી.

મરણ વખતે લોકો માન પ્રતિષ્ઠાને અર્થે લાખો રૂપીઆ શુભ કામમાં વાપરે છે પણ જ્ઞાનમાં વાપરતા નથી. આત્માર્થીએ તેમ કરવું જોઇએ નહિ. બનતા લગી જ્ઞાન ખાતામાં વિશેષ રકમ વાપરવી તે સૌથી ઉત્તમ છે.

જ્ઞાનના જુના ભંડારો છે તેમાં કેટલાએક ભંડારો એવા શેઠીઆ તથા સાધુઓ પાસે છે કે કોઇ વાંચવા માગે તો એક પાનું પણ આપતા નથી ને પુસ્તક ખવાઇ-સડી જાય છે, હવે એ પુસ્તકથી તો કાંઇ ઉપકાર થનાર નહિં. વળી કેટલાંએક ભાગ્યશાળીના હાથમાં છે તે પુસ્તક આત્માર્થિના ઉપયોગમાં આવે છે પણ સર્વ વસ્તુની કાળ સ્થીતિ છે માટે એને પણ વધારે કાળ થવાથી નાશ થવાનો સંભવ છે. ત્યારે જો નવાં નવાં લખાતાં જતાં હોય તોજ આગળ પાછળ એમને એમ ચાલ્યા કરે, પણ તેમ ન થાય તો હાલમાં પણ કેટલાએક શાસ્ત્રનાં નામ છે પણ તે પુસ્તક મળતાં નથી, કેટલાંએક અધુરાં પુસ્તકો છે, કેટલાંએક પુસ્તકોને ઉધેઇ ખાઇ ગઇ છે ને જીર્ણ થયા છે એમ બન્યુ છે. વળી **એવું કોઈપણ સ્થાન નથી કે સર્વ પુસ્તકો એક જગ્યાથી મળી શકે.** માટે આત્માર્થીએ તો જેમ બને તેમ જ્ઞાનમાં ખરચ કરી સર્વ પુસ્તકો એક ઠેકાણેથી નીકળે એમ કરવું જોઇએ

આ કામ મોટા ધનવાન-પૈસાદારનું છે અગર તો ઘણા માણસ મળી કરે, અગર તો જ્ઞાનના પૈસા હોય તેમાંથી કરે, અગર જ્ઞાન ખાતે કોન્ફરન્સ ઓફીસને પૈસા આપી જ્ઞાન ખાતાનું કાર્ય અધુરૂં મૂકાયેલ શરૂ કરાવે, આવા વિચાર જેને જ્ઞાન થવાનું નિકટ હશે તેને સુઝશે.

પૂના ડકકન કોલેજના રીપોર્ટના ૪૭૭ પાનામાં ફકત પુસ્તકો-ગ્રંથોની અનુક્રમણિકા આપેલ છે તેમા લગભગ ૬૫૦૦ ગ્રંથો-પ્રતો એકઠી કરેલ જણાય છે. આ પ્રમાણે આપણા તરફથી તેવી કોલેજ કે જેમાં બીજા ધર્મના નહિ તો છેવટ જૈન ધર્મનાં તમામ પુસ્તકો એક જગ્યાએથી જેને જોઇએ તેને મળે તેવો બંદોબસ્ત કરવા જૈન સખી ગૃહસ્થોને વિનંતિ છે.

વળી ઈંગ્રેજ લોક પરદેશી છે, ધર્મ પણ જુદો છે તો પણ આ દેશમાં પોતાના માણસોને કળાઓ પ્રમુખ ભણાવવા સારૂ હજારો રૂપીઆ ખરચે છે તો તેથી તે લોકને કેટલો ક્ષયોપશમ થયો છે કે અનેક પ્રકારની વગર જોએલી કળાઓ ખોળી કાઢે છે ને અનેક વસ્તુ નવી ઉત્પન કરે છે કે જેનું કૃત્ય સમજી શકાતું નથી. એટલી બધી તેમને બુદ્ધિ મળવાનું કારણ એટલું છે કે જ્ઞાનનું ઉત્તેજન કરવામાં અત્યુત્સાહ છે. આ ઉપરથી વિચારવાનું છે જે સંસારી જ્ઞાનના ઉત્સાહથી એટલો લાભ મળે છે તો વીતરાગના જ્ઞાનની વૃદ્ધિ કરવાથી કેટલો લાભ થાય ? માટે આત્માનું હિત કરવા પોતાના છોકરાને તથા પરને હિત થાય તે સારૂ જૈન શાસ્ત્ર ભણાવવાં. જૈન શાસ્ત્ર ભણવાથી બુદ્ધિ સર્વે કામમાં વૃદ્ધિ પામશે અને ભણાવનારને લાભ થશે. વળી પુસ્તક બગડતાં હોય તો તેની સંભાળ કરવી. જૈનનાં સર્વ શાસ્ત્ર અમરપદ પામે એમ કરવું જોઇએ. પંજાબ દેશથી આત્મારામજી મહારાજ ગુજરાતમાં આવ્યા ને શાસ્ત્ર હતાં તો જોયાં તેથી જ્ઞાન મેળવી સર્વ દેશમાં ઉપકાર કર્યો, વળી યવનના મુલકમાં પણ એઓ સાહેબે જૈન ધર્મ પ્રસિદ્ધ કર્યો ને જનનું બહુ માન કરાવ્યું. તેમાં નિમિત્ત કારણ શાસ્ત્ર હતાં તો બન્યું. નહીં તો બનત નહિ. પુસ્તક હશે તો વાંચવાથી ઘણા પુરૂષને લાભ થશે. માટે સખી ગૃહસ્થોએ જ્ઞાન ખાતામાં પોતાના પૈસાનો સદ્ઉપયોગ કરવા વિનંતિ છે.

---

## મથુરાનો જૈન સ્તૂપ અને અન્ય જૈન ઇન્ડોસ્કાઇથીઅન શિલા લેખો.

ગતાંક પૃષ્ટ ૩૪૨—લેખક. c.

### કુશાન સં. ૩૯ નો નન્દિ ઉપરનો શિલાલેખ.

महाराजस्य देवपुत्रस्य हुविष्कस्य सं० ३९
हे ३ दि ११ एतस्य पुर्व्वये नान्दि विसाल
प्रतिष्ठपितो सिवदास श्रेष्ठि पुत्रेण श्रेष्ठिना
आर्येन रुद्रदासेन अरहन्तपुजाये.

મહારાજ દેવ પુત્ર હુવિષ્ક રાજ્યમાં સં ૩૯ હેમન્ત તૃતિય માસમાં ૧૧ મે દિવસે અર્હન્તપૂજાર્થે સિવદાસશ્રેષ્ઠિપુત્ર આર્ય રૂદ્રદાસે નન્દિની પ્રતિષ્ઠા કરાવી.

કનીંઘામની પછી ડો-ફુહરે તેજ ટેકરા ઉપર કામ જારી રાખતાં ઇન્ડોસ્કાઇથીઅ સમયની કેટલીક અગત્યની વસ્તુઓ પ્રાપ્ત કરી હતી. ૧૮૮૯ ના Provincial museum repdort માં નીચેની ચીજો ગણાવી છે.

૧૦ ઇન્ડોસ્કાઇથીઅન સમયની જૈન મૂર્તિઓ

૩૪ ઇન્ડોસ્કાઇથીઅન સમયના જૈન મંદિરના કોતર કામના કકડાઓ

મહાવીર સ્વામીનો એક ચોવીસ વટો

સં. ૧૦૩૬ અને ૧૧૩૪ ની પ્રભનાથની મોટી મૂર્તિઓ.

૧૧૩૪ની સાલના જૈન મૂર્તિના તળ પ્રદેશો, અને અન્ય બૌધ્ધ લોકોની મૂર્તિઓ વિગેરે.

૧૮૮૯-૯૦ ની સાલમાં ૮૦ તિર્થંકરની મૂર્તિઓ ૧૨૦ કકડાઓ વગેરે મળી આવ્યાં હતાં. ૧૮૯૦-૯૧ ની સાલમાં અતિશય અગત્યનું કામ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સરકાર તરફથી ઉદાર મદદ મળતાં કંકાલીના ટેકરાને ખોદવાનું કામ પૂરું કરવામાં આવ્યું હતું. અને તોરણો, સ્તંભો, પેનલો, બારણાઓ, મૂર્તિઓ વગેરે જેની કુલ સંખ્યા ૭૩૭ છે. તે તેણે મથુરા મ્યુઝીઅમમાં મોકલી આપ્યાં હતાં. આ ઉપલી ઐતિહાસિક વસ્તુઓમાં કિન્નરો તથા ગરૂડોથી પૂજાતા સ્તૂપની આકૃતિવાળું તોરણ તે વખતની શિલ્પ કળા કેવા પ્રકારની હતી તે ઉપર સારો પ્રકાશ પાડે છે. બર્હુટ (સુંગસમય) અને ગયાના સ્તૂપોમાં કિન્નરો (centaurs) ની આકૃતિઓ કોતરેલી જોવામાં આવે છે. આ તોરણ બતાવે છે કે મથુરાની શિલ્પ કળા (જો કે ગંધાર (ગ્રીસો-બુધીસ્ટીક) શિલ્પની તેના ઉપર અસર હતી) મૌર્ય સમયની હિંદી શિલ્પ કળાને મળતી હતી. બર્હુટના સ્તૂપના બારણાના ધન ભૂતિના લેખ કરતાં શિવયશાના આયાગ પટ (સ્તૂપનું દ્વાર) ઉપરના લેખની લિપિ તથા ભાષા જૂની હોવાથી તેનો કાળ ૧૫૦ બી. સી. કરતાં પ્રાચીન છે એવું ધારી શકાય. આઉપરથી મથુરામાં ૧૫૦ બી. સી. માં એક જૈન મંદીર બંધાવવામાં આવ્યું હતું અને તેનું આ તોરણ છે એવા અનુમાન ઉપર આવવામાં કંઈ બાધ નથી. આ ઉપરાંત અરનાથની મૂર્તિ ઉપરના લેખમાં (કુશાન સં ૭૮) દેવનિર્મિત સ્તૂપનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ દેવ નિર્મિત સ્તૂપના સંબંધમાં જીનપ્રભના તીર્થકલ્પમાં એક અદ્‌ભુતકથા આપેલી છે. આ સ્તૂપ સુપાર્શ્વનાથ ભગવાનના સમયમાં કુબેરા નામની દેવીએ બનાવ્યો હતો. આસુવર્ણમય સ્તૂપને પાર્શ્વનાથના સમયમાં ઈંટોથી આચ્છાદિત કરવામાં આવ્યો હતો. અને એક પથરનું મંદિર બહાર બંધાવવામાં આવ્યું હતું. ઇ, સ. ૧૫૬ નીસાલમાં સ્તૂપને દેવનિર્મિત માનવામાં આવ્યો છે તેથી આ સ્તૂપ ઇ. સ. પૂર્વે કેટલાક શતક પહેલાં બાંધવામાં આવ્યો હશે એ નિઃસંશય છે.

## અર્હંત નાન્ધાવર્ત (અરનાથ)ની સં. ૭૮ ની સાલની મૂર્તિની ગાદી ઉપરનો લેખ.

આ કાયોત્સર્ગ મુદ્રામાં ઉભા રહેલા અરનાથ ભગવાનની ગાદીનો ડાબી બાજુનો ભાગ છે. આ ગાદીની મધ્યમાં ત્રિશૂળ ઉપર ચક્ર છે. ડાબી બાજુએ હાથમાં કમળ લઇને ત્રણ સ્ત્રીઓ તથા એક નાની છોડી હસ્ત જોડીને ઉભેલી છે. છોડીની પાછળ એક સિંહ છે.

**सं. ७०९ म्र ४ दि. २२ ए तस्यं पुर्व्वायं कोट्टियगणे वैरशाखायां.**

**को अयधृष्ठहस्ति अरहतो नन्वावर्तस प्रतिमां निर्वर्तयति भार्यये श्राविकाये (दिनाये) दानं प्रतिमा वोद्वे थूपे देवनिर्मितेप्र.**

સં. ૭૯ વર્ષાના ૪ માસમાં ૨૨ દિવસે (પૂર્વોક્ત તિથિએ) કોટ્ટિગણુ વૈરશાખાના આર્યવૃદ્ધ હસ્તિના ઉપદેશથી દેવનિર્મિત વોધ્ધા સ્તૂપમાં ભાર્યા આવિકાવિનાએ અર્હત નન્દ્યાવર્તની પ્રતિમા બેસાડી. આદેવ નિર્મિત સ્તૂપની કથા તીર્થકલ્પમાં આપેલી છે. કુશાન સંવત ને ઇ. સ. ૭૮થી આરંભતાં કુશાનસંવત ૭૯ ઇ. સ. ૧૫૭ થાય છે.

**नमो अरहन्तानम् सिहकस वानिकस कोशिकि पुत्रोन**

**सिहनादिकेन आयागपटो प्रातिथापिता आर्हन्त पुजाये**

અરિહંત ભગવાનને નમસ્કાર. વનિક સિહક (સિંહ) ના અને કૌશિકીના પુત્ર સિંહનાદિકે (*સિંહનાદિક અથવા સિંહનંદિ?*) અર્હતની પૂજા વાસ્તે આયાગપટની પ્રતિષ્ઠા કરી.

આ આયાગપટની શિલ્પકૃતિ તથા રચના અતિ સુંદર છે. મધ્યમાં જીનેશ્વર ભગવાનની પ્રતિમા છે, બંને બાજુએ એક એક સ્તંભ આવેલો છે. તે સ્તંભોની વચ્ચે મૂર્તિની આસપાસ ચાર બાજુએ માંગલિક આકૃતિઓ જેવી કે ગજ, મત્સ્ય, માળા, ચક્ર ઇત્યાદિ અતિશય સુંદર રીતે કોતરેલી છે.

પ્રસ્તુત આયાગપટ ઉપરના લેખની સાલ આપેલી નથી તો પણ તે લેખની લિપિ કુશન સમયના લેખની લિપિ કરતાં જુની હોવાથી તે ઇ. સ. ૭૮ ની પહેલાંનો લેખ હોવો જોઇએ એવું અનુમાન દોરવામાં—કરવામાં કંઇ બાધ નથી. મથુરાના લેખોમાં સર્વત્ર **अरहन्ताणम्** જોવામાં આવે છે. એ ઉપરથી **अरहन्तानम्** (*अरिहन्ताणम नहि*) એ શબ્દ તે સમયે પ્રચલિત હતો એવું જણાય છે, વાનિક એ વંશનું નામ જણાય છે. અને સિંહનાદિકની માતા કૌશિકી હોવાથી તે ક્ષત્રિય હતો એ ધારવું અનુચિત નથી.

## ૨ મથુરાવાસિનો આયાગપટ.

**नमो अरहतो माहाविरस माथुरक............लवाडस**

**भयाये........व.........इताये (आयागपटो)**

મહાવીર ભગવાનને નમસ્કાર......મથુરાવાસિ......લવાડ...ની સ્ત્રી ધ્રુસાનો આયાગપટ્ટ આ આયાગપટની મધ્યમાં એક મોટું ધર્મ ચક્ર છે, અને તેને ૧૬ અર છે. ચક્રની આગલ પાછળનું શિલ્પ કામ સુશોભિત અને ચિન્હાત્મક આકૃતિઓથી ભરપૂર છે.

## ૩ અતિદિષ્ટ નામવાળો આયાગ પટ.

આ આયાગપટમાં ત્રણુ ચક્રો છે. મધ્યચક્રમાં જિનેશ્વરની મૂર્તિ છે, અને બીજા ચક્રમાં ઉપર અને નીચે સ્વસ્તિક તથા મત્સ્યની આકૃતિ છે. ત્રીજા ચક્રમાં તળીએ જીવની આકૃતિ અને ઉપરના ભાગમાં સ્તૂપની આકૃતિ છે.

## શિવઘોષકની સ્રીનો આયાગપટ.

આ આયાગપટનો લેખ છિન્ન છે. તેનો બાકીનો ભાગ નીચે પ્રમાણે વંચાય છે.

**नमो अरिहन्ताना सिवघोषकस—भरि(या) ... ना ... ना**

અર્હંત ભગવાનને નમસ્કાર: શિવઘોષની સ્રી.

લેખની લિપિ કુશનલિપિ કરતાં જુની લાગે છે. પટના મધ્યમાં પાર્શ્વનાથની મૂર્તિ છે. અને બંને બાજુએ હાથ જોડીને ભક્તો અથવા સેવકો ઉભેલા છે. કોતરકામ તથા ચિન્હાત્મક આકૃતિ પૂર્વ વર્ણિત પટોની આકૃતિઓ કરતાં ઓછી ભરપૂર છે.

## ભદ્રનન્દિની ભાર્યાએ પ્રતિષ્ઠા કરાવેલો આયાગપટ.

**नमो अरिहन्तानम् (मल) णस धितु भद्रयशस वधुये भद्रनदिस भयाये.**

**अ (चला) ये आ (या)गपटो प्रतिथापितो अरहत पुजाये ।**

અર્હંતને નમસ્કાર ભદ્રયશની પુત્રવધુ અને ભદ્ર નન્દિની ભાર્યા અચલાએ અર્હતની પૂજા વાસ્તે આયાગપટની પ્રતિષ્ઠા કરાવી.

આ પટની મધ્યમાં જીનની મૂર્તિ છે. ઉત્તર બાજુએ બે સ્તંભો છે, અને આખો પટ સ્વસ્તિક વગેરે પવિત્ર ચિન્હોથી અંકિત છે.

## શિવયશાનો કરાવેલો આયાગપટ.

**नमो अरहताणं फगुयशस**

**नटकस भयाये शिवयशा**

**........ह.......आ...आ....काये**

**आयागपटो कारितो**

**अरहतपुजाये**

અર્હંતને નમસ્કાર. નટફગુયશની સ્રી શિવયશાએ અર્હંતપૂજન અર્થે આયાગપટ કરાવ્યો. આ આયાગપટનો ઉપરનો ભાગ ગયેલો છે. પરંતુ નીચેનો અતિ ઉપયોગી ભાગ સુરક્ષિત છે. આ પટમાં સ્તૂપની આકૃતિ કોતરવામાં આવી છે. પ્રવેશમાર્ગ અતિશય કોતર કામથી શણગારેલા ચાર પગથીઆવાળા દ્વારથી અતિશય મનોહર છે. દ્વારના નીચેના મોભ ઉપરથી એક માળા લટકે છે. સ્તૂપની ફરતો પ્રદક્ષિણા દેવાનો માર્ગ છે બે બાજુએ બે સ્તંભો છે અને કઠેરા ઉપર બંને બાજુએ લગભગ નગ્ન નાટકીઓ ઉભેલી છે. આ દેવ નાટકીઓ (અપ્સરાઓ) અજીતશાંતિમાં કરેલા વર્ણનને યાદ દેવડાવે છે.

पीणनिरंतरथणभराविणमियगायभराहिं वरकिंकिणि etc.

ઉપરનો ભાગ જો કે ગયેલો છે તો પણ ઉપરનો પ્રદક્ષિણાના માર્ગનો કેટલોક ભાગ જણાય છે. લેખની લિપિ કુશન સમયની લિપિ કરતાં જુની છે. અને તેથી આ આયાગપટ ખ્રિસ્ત સંવતની પહેલાં કરાવેલો છે એવું ધરાય છે. સ્તૂપની રચના બાદ સ્તૂ પોને મળતીજ આવે છે.

## "કુધારાના સૂર્યથી અપ્રકાશીત હીંદ"

( કૃતિ અજબ કરી કીરતાર આ સંસારે—એ લય. )

લઈ લ્હાવા ભરે ભંડાર, માનવી મ્હાલે;
ભવ બાળે બની ચંડાળ, દીલમાં શાલે,
બાળ વિવાહ અધમ રીવાજ છે.— ટેક.
કીર્તિ દરિયે ડુબકી મારે, ભૂલી જાય જન ભાન;
લાકડે માંકડુ બંધ બેસાડે, બળ્યું એ ઘર ધનવાન;
ભમે અંધારે— ૧
ગર્ભની માંહિ કરાર કરતા, ઘણી જ્ઞાતી મોજાર;
દોષ ગુણ વિણ જોઈ આરોપે, ગળે ફાંશીની માળ;
હૃદયને પ્રજાળે— ૨
ભણવું ગણવું સઘળું છોડે ફરી જાય વિચાર;
જ્ઞાન ખીલેલું પાછું બીડાતું, પશુ બને એ બાળ.
કુચીલે ચાલે— ૩
બૈયર મોટી સાસુ થકીએ, કલેશ કરે અષ્ટયામ;
ભાવીમાં પસ્તાવું પડે છે, મોટાઇ મુકાવે દમામ;
અરે આ કાળે— ૪
પુખ્ત ઉમર પુરી નહિ થયેલી, નાચ નચાવે નાર;
પ્રેમ સુખક મંજા જેમ રહેતો, જાય વંઠી સંસાર.
દુ:ખીદીન ગાળે— ૫
ઘર ઘર ફરતી લાજ તજીને, મગજ ફાટેલી નાર;
સુખ સંસારી જરા ન મળતું, વીખીને આપે ગાળ.
ધણીને મારે— ૬

જીવન જુજ ભોગવી બાળ મરતા, સ્વપ્ને સુખ ન લગાર;
દોરંગી દુનિયા હાંસી કરીને, ટકાવે નહિ વહેવાર.
મરે તે અકાળે— ૭

પ્રજા ભાવી તેની બનતીએ, ઢોંગણી, નહિ બળવાન;
સાર્થક શું દેશનું સાધે તે? પડતીનાં છે નિશાન.
જીગર તે બાળે— ૮

લેખક—વી-એમ-પંડ્યા.
(રંગુન)

# सदाचार वर्णन.

(लेखक—सालगीया काकावारा चंपालालजी चोखचंदजी देवळीया—माळवा.)

(ગતાંગ પૃ. ૩૪૧ થી)

## दुसरा चोरी.

प्रहारो यष्टयाद्यै स्तदनु शिरसो मुंडनमथो ॥
खरारो पाटोप स्तदनु च जगद् गालि सहनम् ॥
ततः शूलारोहो भवति च ततो दुर्गति गति ॥
विचार्ये तच्चौर्या चरण चरितं मुंचति न कः ॥

अर्थ इसका यह है कि–चोरी करनेसें अवल तो लकडी आदिक सें मार पडति हे फिर मस्तक (शिर) छेदाना पडता है–पिछे खर (गधा) पे बैठना पडता है, और जगतकि गालियें सहन करनी पडतिहै और शूलि फांसीपे चडनां पडताहै, और पर भवमें दुर्गति (नरक) में जाना होताहै. एसी चोरीको कौन त्याग न करे ? अर्थात सब विचारशील करे. इस व्यसन वालेका कोइभी भरोसा न करे और उसकों कारागार (जेलखाना) अवशय भोगना पडता है. जिस (जेलखाने) को इस भव का नरक कहने मे कोइ हर्ज नहीं है.

## तीसरा परस्त्री गमन.

नो हास्यं सुरत प्रपंच चतुरं नालिंगनं निर्भरं ॥
नै वोरोज सरोज युग्मल लुठत् पाणिं प्रर्मीला मलम् ॥
नोबिंबाधर चुंबनं स्थिरतया कुर्यात् पुमान् प्रेयसी ॥
मन्येषां रमयन्ति काम चाकित: कामीति काम्य न ता: ॥

अर्थ इस का यह है कि-कामी मनुष्य परस्त्री के साथ विलास करता हुआ उस समय अत्यंत डर (भय) के मारा तिसके साथ संभोगके प्रपंचमें योग्य हास्य कर सकता नही. तिसको अत्यंत आलिंगन कर सकता नही तिस के स्तन रूपी कमलके युग्म पर (बरोबर) हस्ताक्षेप कर सकता नही (अत्यंत सुखसें) कुल रीते आंखें वींच सकता नही- स्थिरता से तिसके बिंब सरखे होठका चुंबन पण ले सकता नही इस लिये परस्त्रीके (भोगनेकी) इच्छा करनी नही. यह भी महा भयानक व्यसन है. देखो इसी व्यसनसे रावण जैसे प्रतापी शूरवीर राजाका भी सत्यानाश हो गया तो दूसरोंकी तो क्या गिनतीहै इस समय भी जो लोग इस व्यसन में संलग्नहै उनको कैसी २ कठिन तकलिफें उठानी पडतिहै जिनको वे ही लोग जान सकते हैं.

## चोथा वेश्यागमन.

इस के सेवनसें भी हजारों लाखों बर्बाद हो गये और होते हुए दीख पडते है. देखो संसारमें तन धन और प्रतिष्ठा (इजत) ये तीन पदार्थ अमूल्य समझे जाते हैं परन्तु इस महाव्यसनेसे उक्त तीनों पदार्थों का नाश होता है. आहा कस्तुरी प्रकरण व भर्तृहरिशतकमें कैसा अच्छा कहा है कि—यह वेश्या तो सुन्दरता रुपी इन्धनसे प्रचंड रूप धारण किये हुए जलती हुई कामाग्नि है. और कामी पुरुष उसमें अपने यौवन और धनकी आहुति दे ते हैं. पुनः उक्त ग्रन्थों में कहा है कि—वेश्याका अधरपलव यदि सुन्दर होतो भी उसका चुम्बन कुलीन पुरुषको नहीं करना चाहिये. क्यों कि वह (वेश्या का अधरपलव) तो ठग चोर दास नट और जोरी के थूकनेका पात्र हैं. इसके विषयमें वैद्यक

शास्त्रका कथन है कि—वेश्याकी योनि सुजाख और गरमीआदि चेपी रोगोका जन्म स्थान है. विचार कर देखाजावें तो बीलकुल सत्य है. और इसकी प्रमाणतामें लाखों उदाहरण प्रत्यक्ष ही दीख पडते हैं कि—वेश्या गमन करने वालोंके उपर कहे हुए रोग प्राप्त हो ही जाते हैं. जिनकी प्रसादी उनकी विवाहिता स्त्री और उन के सन्तानोंतक को मिलती है.

## पांचवां मद्यपान (शराब).

यह भी व्यसन महा हानिकारक है. मद्य के पीनेसे मनुष्य बेसुध हो जाता है और अनेक प्रकार के रोग भी इस से होजाते है डाकटर लोक भी इसकी मनाई करते है—उनका कथन है कि मद्य पीनेवालों के कलेजेमें चालनीके समान छिद्र हो जाते हैं और वे लोग आधी उम्र मेंही प्राण त्याग करते हैं इस के सिवाय धर्म शास्त्र ने भी इसको दुर्गतिका प्रधान कारण कहा है.

## छट्ठा मांसभक्षण

यह व्यसन भी नरकका देनेवाला है इसके भक्षण (खाने) से अनेक रोग उत्पन्न होते है देखो इसकी हानियों को विचार कर अब यूरोपआदि देशो में भी मांस न खानेकी एक सभा हुई है उस सभाके डाक्टरोंने और सभ्यों (मेम्बरों) ने वनस्पतिका खाना पसन्द किया है तथा प्रत्येक स्थानमें वह सभा विजेटरियन सुसायटी) मांस भक्षण के दोषो और वनस्पति के गुणोंका उपदेश कर रही है.

## सातवां शिकार खेलना.

महा व्यसन शिकार खेलना हैं इसके विषयमें धर्म शास्त्रोमें लिखा है कि—इसके फन्देमें पडकर अनेक राजे महाराजोने नरकादि दुःखोंका पाया है. वर्तमान समयमें बहुत इसे राजे महाराजे इस दुर्व्यसनमें मग्न है. यह बडेही शोककी बात है, देखो राजाओका मुख्य धर्म तो यह है कि सब प्राणियोंकी रक्षा करें अर्थात् यदि शत्रु भी हो और शरणमें आ जावे तो उसको नमारे. अब विचारना चाहिये कि बेचारे मृग आदि जीव तृण खाकर अपना जीवन बिताते

है. उन अनाथ और निरअपराध पशुओं पर शस्त्रका चलाना और उनका मरण जन्य असह्य दुःखका देना कौनसी बहादुरीका काम है. अलबता प्राचीन समय के आर्य राजा लोग सिंहकी शिकार किया करते थे उसका वर्णन करना अन आवश्यक समजकर न किया तथापि जेसे सिंह शस्त्र के रहित है उसी तरह ये भी होकर करते थे—वर्तमान समयमें जो राजाआदि लोग सिंहका शिकार करते है वे भी अनेक छलवल कर तथा अपनी रक्षाका पूरा प्रबंध कर छिपकर शिकार करते हैं विना शस्त्रके तो सिंहका शिकार करना दूर रहा किन्तु समक्ष में ललकार कर तलवार या गोलीके चलाने वाले भी आर्यवर्त भरमें से दो चार ही नरेश होंगे.

धर्म शास्त्रोंका सिद्धान्त है कि जोराजे महाराजे अनाथ पशुओं की हत्या करते हैं उनके राज्यमें प्रायः दुर्भिक्ष होता है, रोग होता है, तथा वे सन्तान रहित होते हैं इत्यादि अनेक कष्ट इस भवमेही उनको प्राप्त होते है- और पर भवमें नरकमें जाना पडता है. विचार करनेकी बात है कि––यदि हमको दुसरा कोई मारे तो हमारे जीवको कैसी तकलीफ मालूम होती है उसी प्रकार हम भी जब किसी प्राणीको मारेंतो उसकोभी वैसाही दुःख होता है इसलिये राजा महाराजोंका यही मुख्य धर्म है कि अपने राज्यमें प्राणीयोंको मारना बंध करें, और स्वयं भी उक्त व्यसनको छोड कर पुत्रवत् सब प्राणियोंकी तन मन धनसे रक्षा करें. इस संसारमें जो पुरुष इन बडे सात व्यसनोंसे बचे हुए हैं उनको धन्य है, और मनुषजन्मका पानाभी उन्हीका सफल समजना चाहिये.

ओरभी बहुतसे हानिकारक छोटे २ व्यसन इन्हीं सात व्यसनोंके अन्तर्गत है. जैसे १ कोडियोंसे जुएको न खेलना परन्तु अनेक प्रकारका फाटका (चांदी-आदिका सट्टा) करना. २ नई चीजोंमे पुरानी और नकली चीजोंका बेचना, कम तोलना दगाबाजी करना. ठगाई करना (यह सब चोरीही है). ३ अनेक प्रकारका नशा करना. ४ घरका असबाव चाहे बि कही जावे परन्तु माल मगा-कर नित्य मिठाई खाये बिना न रहना, ५ रात्रि भोजन किये बिना चेन न पडता, ६ इधर उधरकी चुगली करना, ७ सत्य न बोलना आदि अनेक तरहके व्यसन है जिनके फन्देमें पडकर उससे पिन्ड छुडाना कठिन हो जाता है. जैसा-

की कविने कहा है "डांकण मन्त्र अफीम रस, तस्करने जूआ, परघर रीझीकामणी ये छूटसी मूआ." यह वाक्य कविका सत्य है कि यह व्यसन मरने यही छुटते है. तथापि समझदार छोडना चाहै तो कोई कठिन नही. क्योंकि धीरे २ छोड सकता है. यदि आपन व्यसनो से छूटनेमें असमर्थ हो तो अपनी सन्तानको तो बचाइयेकी भविष्यकी सन्तानोंकी दुर्दशा न होने पावे.

इन पूर्व कहे हुए सात व्यसनोके अतिरिक्त औरभी बहुतसे कुव्यसन है. जिनसे बचना बुद्धिमानोका परम धर्म है. हे पाठक गणे यदि आपको अपनी शारीरिक उन्नति व धर्म पालन करना व देश व जातिको आनन्द महालमें देखना चहाते हो तो सदा अफीम, चण्डु, गांजा, चरस धतूरा और भांग तमाखु आदि निकृष्ट पदार्थोसें बचिये. क्योंकि ये पदार्थ परिणाममें बहुतही हानिकरते है और धर्म शास्त्रोमें इन पदार्थो के सेवन वालो कि निकृष्ट गति कही है और बुद्धिमानो ने इसकि हानियोको प्रत्यक्षही देखा है. इस लिये हे मेरे व्यसनी प्यारे मित्रो, इन का त्याग कर श्री मति कोन्फरन्स को कृतार्थ करे और कोन्फरन्स रुपी कल्प वृक्षको तन मन धनसें सिंचे. यह उन्नति मूल वृक्ष है. और आगामी (भविष्य) मे कइ तरहके अकथनिय लाभ (फायदा) मीलेगा और पूर्व वत पुनः आनन्द मङ्गल वर्तेगा: इति शुभं.

## (બરમા લોકોની રીતભાત.)

### વિદ્યા—અભ્યાસ.

( લેખક—શા. પોપટલાલ ત્રીભોવનદાસ કરાંચીવાળા. )

અનુસંધાન પૃષ્ટ. ૨૧૧

આધુનીક સમયમાં બરમા લોકોમાં સ્ત્રી કેળવણી પણ પુરતી રીતે આપવામાં આવે છે. પરંતુ પાશ્ચિમાત્ય લોકોના સંસર્ગોમાં આવ્યા નહોતા તે વખતે ફક્ત છોકરાઓનેજ વિદ્યા અભ્યાસ કરવાને ધર્મગુરૂઓ પાસે મોકલવામાં આવતા હતા અને ત્યાં તેઓને ધાર્મીક તેમજ વ્યવહારિક જ્ઞાન આપવામાં આવતુ હતું અને તેથીજ બરમા લોકોમાં ફક્ત સાધુવર્ગમાંથી વિદ્વાન નીકળી આવતા હતા. છોકરીઓને માટે કોઈ પણ તેનું

હજુ અણઘણુ કરતાં વધુ જ થોડા કેળવાયલા બરમા લોકો બાળલગ્ન ગણે છે ત્યારે આપણે આઠ નવ વરસની બાળકીઓને પરણાવી દેવામાં ધર્મ કે આનંદ માની જે ભૂલ ભરેલું કાર્ય કરીએ છીએ તેના ઉપર હરેક વાંચક વર્ગ વિચાર કરશે.)

લગ્નની ખાસ ધર્મિક ક્રિયામાં બરમા લોકોમાં કાયદો હોતો નથી. ફક્ત બન્ને જણ સાથે રમે અને ખાય પીએ એટલુ કરવું છે. તોપણ વહેવારીક રીવાજ એવો હોય છે કે જોતિષ ઉપરથી અમુક ચોખો દિવસ ઠરાવ્યો હોય તે દિવસે વર પોતાના મીત્રો અને સગાઓ સાથે કન્યાને ઘેર જાય છે. તે વખતે કન્યાની બેનપણીઓ બારણાં સામે આવી બારણે આડી સોનાની કે ઝવેરાતની સાંકળી રાખી દે છે અને જ્યાં સુધી વર અમુક રકમ આપે નહિ ત્યાં સુધી રોકી રાખે છે અને જે રકમ તથા બીજા થોડા પૈસા આગળથી વર પાસેથી લીધેલ હોય છે તે લગ્નના મેળાવડામાં વાપરી નાખવામાં આવે છે. ત્યાર બાદ એક મોટા હોલમાં મેળાવડો કરવામાં આવે છે તેમાં જોશી માહારાજ પ્રમુખ પદે બીરાજે છે અને કન્યા તથા વરના માબાપો તેની નજીક બેસે છે અને બીજા બધાઓ આસપાસ બેસે છે. આ વખતે કન્યા તથા વર બન્નેને સાથે લાવવામાં આવે છે અને બન્ને જણા જોશી માહારાજને તેમજ પોતાના વડીલોને નમસ્કાર કરે છે. પછી બેસી જાય છે. ત્યારબાદ જોશી બન્નેના હાથનો મેળાપ કરાવે છે તે ઉપર એક કપડું અથવા સુતરનો તાંતણો બાંધે છે અને પાણીની અંજળી ભરી બન્ને જણા સુખી રહો એવા આશિર્વાદનો પાલી ભાષામાં શ્લોક બોલે છે. ત્યાર પછી વર વહુની વચ્ચે થોડી મીઠાઇ રાખવામાં આવે છે, જેમાંથી બન્ને જણા થોડી થોડી ખાય છે (જેનો મતલબ એવો હોય કે હવેથી અમો સાથે ખાઇશું પીશું અને રહીશું.) તે ક્રિયા પુરી થવા બાદ જોશી માહારાજ શંખ ફુંકે છે (જેનો મતલબ એ હોય છે કે લગ્નની ક્રિયા પુરી થઇ.) કે તુરતજ બધાએ રંગીન ચોખાથી વરવહુને વધાવી લે છે ત્યાર પછી વર અને વહુને તેમના સુવા માટે તૈયાર રાખેલા ઓરડા તરફ રવાના કરે છે અને સાથે આવેલાં સગાં વહાલાં અને મીત્રોને જમાડવામાં આવે છે. કેટલીક વખતે વરની સાથે આવેલા લોકો તેજ સાંજે પાછા ઘેર જાય છે અને કેટલીક વખતે થોડા દિવસ કન્યાના બાપને ઘેર રોકાય છે અને જમે છે. ત્યાર બાદ થોડા દિવસ પછી ખુલા મેદાનમાં નાચ મુજરાનો મેળાવડો કરવામાં આવે છે. આ કુરીવાજનો સડો એટલે સુધી છે કે કેટલીક વખતે ગરીબ લોકો કરજ કરીને પણ આવો મેળાવડો કરે છે.

આ કુરીવાજ બરમા લોકોમાં હિંદુસ્તાનના લોકોના રીવાજથી દાખલ થવા પામ્યો છે. વળી બીજો રીવાજ એ હોય છે કે જેમ આપણા દેશમાં હોળીના તેહેવારમાં ઘેરૈઆઓ જો કોઇ હોળીમાં બાળવાને લાકડાં ન આપે તો તેમના ઘર ઉપર પથ્થરાનો વરસાદ વરસાવે છે તેમ આડોસપાડોસના કુંવારા છોકરાઓને જો એ વખતે નાસતા પાણીની મીજબાની વર તરફથી આપી ન હોય તો ઉપર પ્રમાણે તેના ઘર ઉપર પથ્થરાનો વરસાદ

વરસાવવામાં આવે છે. જેની સામે કાંઈ પગલાં ન લેતાં તેમને મીજબાની આપી શાન્તિ કરે છે અને આનંદ માને છે. લગ્નની ક્રિયા તમામ રીતે પુરી થયા બાદ વર પોતાના સાસરાને ઘેર એક બે વરસ કે જ્યાં સુધી પોતે ઘર વહેવાર સ્વતંત્ર ચલાવી શકે નહિ ત્યાં સુધી રહે છે.

અપૂર્ણ.

---

## " ઇશ્વર સ્તુતી. "

(લેખક—શા. નાથાલાલ અંબાલાલ, રંગુન.)

વંદન કરીયે, વિભુ જય જગ સ્વામીને
જય જગ સ્વામીને—અગમ અકામીને
અચલ અનલ, ફુલ, નર, ખગ, રગમાં,
રવી સુર, વિધુ, વન, તમ, નભ, નગરમાં,
ભવ ભય તરીયે— વંદન
અતલ વિતલ તલ દળ વાદળમાં,
પ્રબળ સબળ જલ વા પાદરમાં,
જય ઉચરીયે— વંદન

## જાહેર ખબર.

### મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મહુંમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્કસ મેળવનાર જૈન શ્વેતાંબર મૂર્તિપુજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૧૧ સુધીમાં અરજ કરવી.

ઠે. ગોડીજીની ચાલ
પાયધુની—મુંબઇ નં. ૩

(સહી) **કલ્યાણચંદ શોભાગચંદ**
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

# Shrimad Yashovijayaji.

(MOHANLAL DALICHAND DESAI B. A. LL. B.)

*Continued from page 331.*

Once upon a time Yashovijaya on the local sangh having insisted upon his staying for a monsoon stayed at Cambay. Meanwhile his Brahmin guru of Kashi being reduced to straitened condition inquired of the whereabouts of his old pupil Upadhyayji in Gujarat and came to Cambay. Upadhyayaji saw his guru at the upashraya when he was delivering his morning sermon. He rose up, received and offered his guru a high seat. When he inquired of his health, and happiness, he knew the purpose of his visit. Upadhyayaji then addressed to the whole sangh present "what I read to you, often contains some minute philosophical points which I try to explain in the best way possible. You praise me too much and think very high of me. Let me frankly tell you that what I give to you, I have received from this my revered guru. He has taught me and brought me to this level. He is now a very poor old man. Sadhus like myself have nothing to pay to him, we can only preach, while it is the duty of the Shravakas to act according to the order". Hearing this, the sanghpati (the head of the local congregation) said, "let us all give to the Brahmin panditji all the ornaments and everything we have with us just now". All agreed, and collected about Rs. 36,000 and presented the same to the panditji. The Brahmin guru was pleased and went home wtih the greatest reward he could have from his pupil in return for knowledge he had imparted to him.

Yashovijayaji had passed his early career which lasted from S.Y. 1680 to 1708, during which he studied Jain and other philosophies and was in the middle one in which he tried to show his erudition and extraordinary learning in refuting theories of other religions, and Jain Digambari and Schanakwasi sects. In 1708 he received a command from Vijayasinh Suri (No 61 of Tapa

gachha Pattavali,) to work in cooperation with one of his pupils Satyavijayaji to reform the Church. At this time there were many *chaitya-vasi* Sadhus, who stayed in the temples, and were too slack in the Decipline of Jain monks. They even kept money and other paraphernalia with them against the ordinances of Jain religion. Yashovijayaji helped Satyavijayaji in his attempts of reforming these *chaityawasis*, and showed the public by the scriptural testimony how the *chaityawasis*, were misbehaving.

His third evolutionary stage—which can be styled as philosophic or metaphysical stage, begins after his last meeting with Anandghanji. It is said that when Anandghanji knew that death was coming nearer, he intended to hand over the *siddhis*-miraculous powers he had got to Yashovijaya as he was the fittest person to preserve and to well use the same. He came to Yashovijayji and sat down quietly in the sermon-meeting. After having heard the learned sermon, he went away, marking that Yashovijaya was still fond of ostentation. There were three stools studded with pearls one above another; flags and ornamental curtains were hanging. After the sermon was over, Yashovijayaji simply for the sake of asking, inquired of those in the assembly whether any body present had seen Anandghanji Maharaj who was a miraculous sadhu. One of them replied the Jain ascetic was just at the previous moment one of the hearers of the sermon. Upadhyayaji was inquisitive as to know the purpose of his coming there. He made a *kundali* according to astrology and could gather that he came to part with his *siddhis* in his own favour He at once proceeded to search him out. When he went to the outskirts of the town, he saw Anandghanji in contemplation. He sat down there and waited till Anandghanji ceased from meditation. They talked on many religious and philosophical topics till the evening. Yashovijayji took leave as he as a Jain sadhu could not stay longer outside the upashraya at night Anandghanji remained silent. Then Yashovijaya saluted and

requested Anandghanji to give him *suvarna-siddhi* and other *siddhis.* Anandghanji was very sorry to know that an ascetic like Yashovijayji should so much care for acquiring *siddhis* and spoke emotionally the 13th gatha of the 4th *Adhyaya* of shri Utteradhyayana Sutra which runs as follows:—

जे संखया तुच्छ परप्पवाई
ते पेज्ज दो साणु गया परज्जा ।
एए अहमोत्ति कगंछमाणो
कंख गुणे जाव शरिरभए ॥

He gave Upadhyayji admonitions about the duties of Sadhus and said "Oh it is a wonder? I had formed high opinion ofa youand also thought of giving some *amnaya* to you, but just as milk of a lioness cannot remain in an earthern vessel, so the knowledge cannot remain with the undeserving. Why all these *ostantations and vain shows*, when you are possessed of sublime knowledge? These ostantations cannot speak well of you. Do you mean to say our ancient rishis were lacking in such powers as not to be able to keep such shows? You have not learnt that essence which they were masters of "

Upadhyayaji hearing this was very much ashamed, and repented for his mistake. *Here begins* our hero's true philosophical stage. When we dive into his books, we can at once know that there is a great difference between his works composed before and after this period. To speak the truth, the initiator of Yashovijayaji to the true spiritual stage, was Shri-Anandghanji. Hence he writes a penygyric in *eight poems ashta-padi on Anandghanji* and one of his best *padas* namely **परम गुरू जैन कहो क्यम होवे.** He considered himself to he highly flattered and fortunate by the visit of Anandghanji. After the, last visit he could realise the definition of a frue Jain yogi viz.

न यस्य मित्रं न च कोपि शत्रु
निजः परो नाऽपि न कश्चनार्थः।
न येंद्रियार्थेषु रमेत चेतः
कषायमुक्तः परम सयोगी ॥

All the above has been gathered from different stories told of Yashovijayaji but it is not verified by any documentary evidence. How far is the same in conformity of truth, is left to be judged by the reader to his discretion, but so far as our hero's visit to Benares for study and obtaining diplomas go, they are verified by the following verse in जैनतर्कपरिभाषा which is his own work

पूर्वं न्यायविशारदत्वबिरुदं, काश्यां प्रदत्तं बुधै-
र्न्यायाचार्यपदं ततः कृतशतग्रंथस्य यस्यार्पितम् ॥

The learned men Kashi first gave a diploma of *Nyayavisharada* (Proficient in logic) to him and then gave a diploma of *Nyayacharya* when he composed one hundred works.

He composed many scientific works, and was a doctor of logic. It can be said of him as father of modern Jain logic. He collected all the different logical theories of our former *acharyas* aud harmonised them in one whole. He contributed too much to Jain logic by spinning out our old Jain logic and refuting many theories of other logicians. He is said to have composed two lacs of verses, and one hundred works on pure logic.

All these services were useful only to those, who were well-versed in Sanskrit. He was at the same time not negligent as to undervalue the ordinary intellectual power of the masses. He composed many works in Gujarati verse on different subjects suited to them, so that they could understand and digest them.

Besides this, he was a great reformer and a Luther of his times. He in company with Satyavijayaji at the instance of

Vijayasinha Suri (who died in S. Y. 1708) went from city to city, village to village, and by his learned and engaging sermons and argumentative disputations, he took right and left the *Chaitya-vasis* and did away with their corruption and degeneration, which he very nicely describes in his appeal to Simandhara Swami in gujarati that we shall see later on.

He died in 1745 S. Y. at Dabhoi (Darbhavati) near Baroda, where lie his *padukas* bearing date of Magshir Sud 11th.

Now let us go to his Sanskrit and Gujarati works.

## SANSKRIT WORKS.

| | | Printed & Published by |
|---|---|---|
| १. ज्ञानसार (अष्टकजी) | Original, Gujarati Translation & Explanation. | Deepchand Chhaganlal Shah Esq. B. A. |

N. B.-There is a टीका named ज्ञानमंजरी by देवचंद्र in (1796 S. Y.)

| | | |
|---|---|---|
| अध्यात्मसार. | Orifinal with Gujarati translation | Late Mr. Bhimshi Manek |
| वैराग्यकल्पलता | ½ ,, | ,, ,, |
| प्रतिमाशतक | | The Late Mr. Moolchand Nathoobhai |

(P.T.O.)

५. अध्यात्मसार.
६. देवधर्मपरीक्षा.
७. अध्यात्मोपनिषद्
८. अध्यात्मिकतमखंडन सटीक.
९. यतिलक्षणसमुच्चय
१०. नयरहस्य.
११. नयप्रदीप.
१२. नयोपदेश-(सावचूरि भावप्रभसूरि)
१३. स्वोपज्ञ टीका (नयामृत तरंगिणी. Not Published
१४. जैनतर्कपरीभाषा.
१५. ज्ञानबिंदु.

} In श्री यशो विजयजी जैन ग्रंथमाला, By Jain Dharma Prasarak Sabha. Bhavnagar.

१६. द्वात्रिंशद् द्वात्रिंशीका. ,,

१७ न्यायालोक
१८ न्यायखंडनखाद्य.
१९. भाषारहस्य. स्वोपज्ञ टीका

} Mansukhbhai Bhagubhai Esq. Ahmedabad

२०. परात्मपंचविंशतिका.
२१. परमज्योतिः पंचविंशतिका.

} Buddhisagar Muni

२२. उपदेशरहस्य.
२३. (स्वोपज्ञवृत्ति).
२४. षोडशकवृत्ति.
२५. टिप्पणी on धर्मसंग्रह.
२६. भाषारहस्य (स्वोपज्ञ टीका )

} To be published by Seth Devchand Lalbhai Jain Pustakoddhar Fund.

२७. अध्यात्ममतपरीक्षा.
२८. (स्वोपज्ञ टीका.)
२९. शास्त्रवार्तासमुच्चयवृत्ति—स्याद्वादकल्पलता.
३०. अष्टसहस्रीविवरण. In the Deccan College Society.

(અપૂર્ણ)

# સને ૧૯૧૧ની સાલની અનુક્રમણિકા.


નવીન વર્ષ ... ... ... ... ૧
સુકૃતભંડાર ફંડ માટે થવો જોઇતો પ્રયાસ ૩
આવતી કોન્ફરન્સ અને તેને અંગે આપણી ફરજો ... ... ... ૫
બંધુઓ પાછા સુસ્ત ના બનો... ... ૮
જૈનોમાં વધી પડેલું મરણ પ્રમાણ ... ૧૧
આવતી કોન્ફરન્સના ઠરાવો .. ... ૧૪
જૈન ધાર્મિક ઇનામી પરીક્ષાના પ્રશ્નો ૧૭
**एक आश्चर्य जनक स्वप्न .... .... ३१**
**શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ૩૩-૯૦**
૧૨૩-૧૮૫-૨૧૫-૨૫૮-૩૦૦-૩૫૦-૩૮૩
Jainism ... ... ... ... 35
**એજ્યુકેશન બોર્ડનો હિસાબી-રીપોર્ટ... ૪૩**
**हमारा प्रेम .... .... .... .... ६२**
Holi Kelash mount and Simla District ... ... 65
મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત જ્ઞાનસાર સૂત્રનીચોળ ... ૭૧-૧૪૨
જૈન મુનિરાજો અને રેલ્વેના પુલ ... ૭૯
શ્રી જૈન ધાર્મિક પરીક્ષાનું પરિણામ. ૮૦
ઉપદેશકના ભાષણોથી થયેલા ઠરાવો... ૮૨
૧૨૫-૧૮૬-૨૧૬-૨૫૯-૩૦૬-૩૫૧
ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... ૮૭
૧૨૭-૧૮૫-૨૫૪-૨૯૮-૩૪૬
**जीव हिंसाकी कमीका १ ऊपाय... ९१**
શ્રી ભોયણીજી તીર્થમાં ઉપદેશકનાં ભાષણો... ... ... ... ... ૯૫
આઠમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ રીસેપ્શન કમીટીનો ઠરાવ .. ૯૬-૨૯૧
The Second Jain Students Social Gathering ... 97-153
શ્રી સંસાર તોયે શું ? દુઃખી સંસાર
સુખ ક્યાં છે ... ... ... ... ૧૭૪
ચેતનને ઉપદેશ... ... ... ... ૧૭૫
જીવદયા કમીટી ... ૧૮૧-૨૧૪-૨૯-૩૩૭૯
ઉધરાણી ... ... ... ૧૮૫-૨૬૩-૨૯૭
એજ્યુકેશન બોર્ડ ... ... ૧૯૧-૨૮૭
હૃદયમાં જિન પ્રતિમા... ... ... ૧૯૩
શિયળવ્રત... ... ... ... ... ૧૯૫
મુનિદાન ... ... ... ... ... ૧૯૯
**सिवनीमे प्रतिष्ठा आरै जाति सुधार २०३**
બરમા લોકોની રીતભાત ... ૨૧૦-૩૬૯
ખોરાક, આરોગ્ય અને બળ ... ... ૨૧૨
વીસનગરમાં સ્થપાયેલ કેળવણી ફંડ... ૨૨૪
શેઠ ગોકલભાઇ મુળચંદ જૈન બોર્ડીંગ નો રીપોર્ટ ... ... ... ... ૨૨૫
ગંહુલી ... ... ... ... ૨૨૭ ૨૫૦
**वैस्य जातिका दिगदर्शन... २३३-३०६**
કુશન સમયના બ્રાહ્મી લિપીમાં કેટલાક અપ્રસિદ્ધ જૈન શિલા લેખો ૨૩૭ ૩૪૨-૩૬૦
Beef Eaters Poisoned ? ... 244
Pawa puri (N.)... ... ... 245
મુનિ શ્રી જીનેન્દ્ર વિજયજીનું ભાષણ.. ૨૪૮
મૈત્રિ ભાવના, પ્રમોદ ભાવના મુદિત ભાવના કરૂણા ભાવના, મધ્યસ્થ ભાવના... ૨૬૭
રૂષભજીન સ્તુતિ... ... ... ૨૭૦
દુકાળમાં ઢોરોનું રક્ષણ... ... ... ૨૭૧
સુબોધ ... ... ... ... ... ૨૭૫
**जीवदया जैन सीरीज .... .... २७६**
ગત ... માયા સ્વ...નાની ... ... ૨૮૦
શ્રી અજારા પાર્શ્વનાથજી તિર્થની નોંધ ૨૮૯
વિદ્યા વિષે ... ... ... ૨૮૭ ૩૦૧
શ્રી ધાર્મિક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ ૨૮૭
**अजित जीन स्तवन ... .... ... २८९**

તોયે શું ? ... ... ... ... ૧૦૪
निवेदन पत्रिका .... .... .... १०९
ગ્રહસ્થધર્મ અને નિતિપૂર્વક જીવન. ૧૧૦-૧૫૦
પૈસો મારો પરમેશ્વર અને તેનો ગર્વ. ૧૧૨
એજ્યુકેશન બોર્ડ—શ્રી જૈન ધાર્મિક
હરીફાઇની પરીક્ષાના ધારા ધોરણ ૧૧૫-૧૭૨
જીવદયા ... ... ... ૧૧૯-૧૮૧-૩૮૦
મુંબઇ—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
ઓફીસમાં થયેલ કામકાજની ટુંક
નોંધ ... ... ... ... ... ૧૨૦
૧૨૯-૧૭૭-૧૮૦-૧૯૦-૨૧૩-૨૧૯-૨૨૯
૨૫૩-૨૬૪-૨૯૧-૩૪૭
એક યુરોપીયન ઓફીસરનો અભિપ્રાય. ૧૩૦
Shrimad Anandghana and his Anand Philosophy ... 131
કોન્ફરન્સની આધુનિક સ્થિતિનું દિગ્દર્શન ... ... ૧૩૩-૧૬૨-૨૦૬-૨૨૯
कुरिवाज कैसे दुर हो ? .... .... १३९
શ્રી જૈન ગ્રેજ્યુએટસ મેંબરોના લવાજમની પહોંચ ... ... ... ૧૫૯
અમારે શું ? કહે સૌ બેવકુફ તું છે ! ૧૬૧
આપણી ઉંચ દશા પ્રાપ્ત કેમ થાય... ૧૭૦
દેશોમાં ખરવાસનું દર્દ અને તેની સારવાર ... ... ... ... ૩૧૨
ક[illegible]થી પૈસા બચાવવાની એક ઉમદા તક ... ... ... ... ... ૩૧૪
જૈન લગ્ન [illegible]ાનુસાર સાબીત ૩૧૭
The Jain Graduates Association ... ... ... ... ... 320
मुशाफर बे वतन तुं है गजल ३२३
શ્રી સનત્કુમાર ચક્રવર્તી ચરિત્ર ... ૩૨૫
શ્રી સુમતી જીન સ્તવન ... ... ૩૩૦
Shrimad Yasovijayaji 331-373
सदाचार वर्णन .... .... ३३९-३६५
સાલમુબારક ... ... ... ... ૩૪૨
શ્રી જૈન વિદ્યાશાળા પ્રત્યે બાળકોના આશિષ ... ... ... ... ૩૪૫
हेरल्ड ग्राहक महाशयोसें विनंति.. ३५५
સૂત્ર આધારે જીન પડિમા સિદ્ધ ... ૩૫[illegible]
જૈનો તરફથી લાખો રૂપીઆ જ્ઞાન ખાતામાં કેમ વપરાતા નથી ? ... ૩૫[illegible]
કુધારાના સર્વથી અપ્રકાશિત હિંદ ... ૩૬[illegible]
ઇશ્વર સ્તુતિ ... ... ... ... ૩૭૨
સાધિમઝના વિચારો ... ... ... ૩૮૫

## તા૦ ૩૧-૧૨-૧૦ સુધીના લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૧ા શેઠ હરીચંદ ઘેલાભાઈ મુંબઈ | ૧ા શેઠ બાલુભાઈ સાંકળચંદ ,, |
| ૧ા ,, પનાજી ભીમાજી ,, | ૧ા ,, હાથીભાઈ મગનલાલ ,, |
| ૧ા ,, રવચંદ ઉજમચંદ ,, | ૧ા ,, હીરાચંદ લીલાધર ,, |
| ૬ા ,, દેવકરણ ઝવેરચંદ ,, | ૧ા ,, અમુલખ ખુબચંદ ,, |
| ૨ા ,, ધરમચંદ ઝવેરચંદ ,, | ૧ા ,, અમ્રતલાલ કેવળદાસ ,, |
| ૧ા ,, મોતીચંદ ખુબચંદ ,, | ૧ા ,, ભીમાજી મોતીજી ,, |

## તા૦ ૩૧-૧૨-૧૧ સુધીના લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૨) ,, ખુબચંદ માણેકચંદ રાંદેર | ૧ા ,, મલુકચંદ ખીમચંદ મસુર |
| ૧ા ,, છોટાલાલ નવલચંદ ,, | ૧ા ,, મોહનલાલ ટોકરશી રાધનપુર |
| ૧ા ,, માણેકચંદ હીરાચંદ જે. પી. મુંબઈ | ૧ા ,, કમળશી ગુલાબચંદ ,, |
| ૧ા ,, નંદલાલ લલ્લુભાઈ વડોદરા | ૧ા ,, હીરાલાલ જેઠાભાઈ રાજકોટ |
| ૧ા ,, કલ્યાણચંદ અમીચંદ ,, | ૧ા ,, દેવચંદ જેતસી રાતા |
| ૧ા ,, ત્રીકમલાલ પ્રેમચંદ ,, | ૨ા ,, પ્રાણજીવનદાસ પરસોતમ રાઇબંદર |
| ૧ા ,, નારણજી અમરશી વઢવાણશેહેર | ૧ા ,, સમનલાલ હેમરાજ રાઇપુર |
| ૨ા ,, ચીમનલાલ વાડીલાલ વઢવાણકાંપ | ૧ા ,, નાગરદાસ પરસોતમ રાણપર |
| ૧ા ,, જેઠાભાઈ નરોતમદાસ વસો | ૧ા શેઠ ઓઘડદાસ કાલીદાસ લીંબડી |
| ૬ા શ્રી સંઘસમસ્ત હ. મગનીરામ. વાપી | ૧ા ,, સુંદરજી હીરાચંદ ,, |
| ૧ા ,, મહાસુખરામ ચુનીલાલ વીસનગર | ૨ા લાલા પ્રભુ દીઆળજી લુધીઆના |
| ૧ા ,, રણછોડલાલ છગનલાલ સાદ્રા | ૧ા શેઠ જેચંદ ખીમચંદ લોદરા |
| [illegible] ,, ચતુરભાઈ કરસનભાઈ સાણંદ | ૧ા ,, મુળચંદ ચતુરભાઈ વઢવાણકાંપ |
| [illegible] ,, ગોવીંદજી ઉમેદભાઈ ,, | ૧ા ,, કીશનચંદ હીરાલાલ વર્ધા |
| ૧ા ,, છગનલાલ ચુનીલાલ સુરત | ૧ા ,, પ્રાગજી વીરચંદ વલસાડ |
| ૧ા ,, મગનભાઈ ગુલાબચંદ ,, | ૧ા ,, ગીરધરલાલ ગુલાબચંદ વલાદ |
| [illegible] ,, રતનલાલજી સુરાણા રતલામ | ૧ા ,, અભેચંદ મલુકચંદ વાઈ |
| ૧ા ,, મગનીરામજી ભભુતરામજી ,, | ૨) શ્રી જૈન લાયબ્રેરી વીસનગર |
| ૧ા ,, નરશીદાસ નથુભાઈ ગાંફ | ૨ા શેઠ અમથાચંદ મલુકચંદ વડાવલી |
| ૧ા ,, જાદવજી વાલજી રાજકોટ | ૧ા ,, મુલચંદ રાયચંદ વાફગામ |
| ૧ા ,, કેશવજી પદમશી ,, | ૧ા લાલા ખુબચંદજી સેહેરાનપુર |
| ૧ા ,, ઉગરચંદ મલુકચંદ રામપુરા | ૧ા શેઠ માનસીંહજી કોઠારી સારંગી |
| ૧ા ,, અમથાલાલ ફતેચંદ લણુવા | ૧ા ,, ગુલાબચંદ દેવચંદ શ્રીગોંદા |
| ૧ા ,, ખોડીદાસ છગનલાલ પાંચોટ | ૧ા ,, લક્ષમીચંદજી સીઓનીછાપ્રા |
| ૧ા ,, જમનાદાસ રામચંદ વડોદરા | ૧ા ,, ત્રીલોકદાસજી ,, |
| ૨) ,, મુળચંદ રામજી વંથલી | ૧ા ,, શેરમલજી સીઓની |
| ૨ા ,, જીવરાજ ભગવાનદાસ વડાસણ | ૧ા ,, મોતીચંદ દલાજી સીસોદરા |
| ૧ા ,, નવલાજી ભગવાનજી વાંદરા | ૧ા ,, શીવદાન શામલાલ સીરસા |
| ૧ા ,, જેચંદભાઈ હીમતલાલ સીરોહી | ૧ા ,, ઉમેદચંદ કસ્તુરચંદ સુરત |
| ૨ા ,, ભીખાજી ભુનાજી સુરત | ૧ા ,, દલીચંદ વીરચંદ ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ા | શેઠ ચુનીલાલ સુરચંદ | સુરત | ૧ા | શેઠ રામજી હેમજી | મોટીખાખર |
| ૧ા | ,, દલસુખભાઇ વાડીલાલ | સોલાપુર | ૧ા | ,, લીલાધર માણેકચંદ | રાયધાનગર |
| ૧ા | ,, અગરચંદજી | હીંગણઘાટ | ૧ા | ,, જુહારમલજી | સીતામઉ |
| ૧ા | ,, મગનલાલ મલુકચંદ | હુબળી | ૧ા | ,, સુરજમલજી મ્હેતા | નાગપુર |
| ૧ા | ,, દોલત રામજી | હુશીઆરપુર | ૨) | ,, વીઠલદાસ ભગવાનદાસ | લોનાં |
| ૧ા | ,, સરદારમલજી | હૈદ્રાબાદ | ૧ા | ,, પાનાચંદ પંચાણ | વોંદ |
| ૧ાાા= | ,, મણીલાલ રતનચંદ | મુંબઇ | ૧ા | ,, દોલતરામજી | સીતામઉ |
| ૧ા | ,, મગનલાલ મયાચંદ | વણોદ | ૧ા | ,, રોડમલજી | સુસારી |
| ૧ા | ,, કલ્યાણજી ખુશાલભાઇ | વેરાવળ | ૧ા | ,, ઇંદરસીંહ | બીહાર |
| ૧ા | ,, કપૂરચંદ લક્ષ્મીચંદ | ,, | ૦ાા | ,, રતનચંદ માણેકલાલ | સેલુંબર |
| ૧ા | ,, હરીસીંહજી કોઠારી | સૈલાના | ૨ાા | ,, ન્યાલચંદ સાંકળચંદ | શણવા |
| ૧ા | ,, મુળચંદ ફુલચંદ | હાથોડા | ૧ા | ,, લખમીચંદ માણેકચંદ | મુંબઇ |
| ૧ા | ,, લેખરાજમલજી | હાલા | ૧ા | ,, સુરજમલ લલ્લુભાઇ | રંગુન |
| ૧ા | ,, કસ્તુરચંદજી મનરૂપજી | ,, | ૧ા | ,, મુળચંદ ખેમચંદ | ,, |
| ૧ા | ,, ઠાકરશી માણેકચંદ | હાથસણી | ૧ા | ,, મુળજીભાઇ ધારશી | ,, |
| ૧ા | ,, ત્રીભોવન ઝવેરચંદ | હળવદ | ૧ા | ,, ત્રીકમલાલ ન્યાલચંદ | ,, |
| ૧ા | ,, તલકચંદ ઉજમચંદ | મેના | ૩ા | ,, કેશવલાલ ત્રીકમલાલ | ,, |
| ૧ા | ,, સુગનમલજી | રોહતગઢ | ૧ા | ,, મનસુખલાલ સુરજમલ | ,, |
| ૨ા | ,, મોહનલાલ સાંકળચંદ | રાજકોટ | ૨ા | ,, રતનશીભાઇ શામજી રાયુપ | (કચ્છ |
| ૧ા | ,, ભોગીલાલ ભીખાચંદ | પાટણ | ૧ા | ,, હીરાલાલ ભેરૂલાલજી | રનીજા |
| ૨) | ,, મોનજી ચત્રભુજ | વડાળી | ૧ા | ,, રેવાશંકર મોમચંદ | વઢવાણ[illegible] |
| ૧ા | ,, નથુભાઈ મંછાભાઇ | વીજાપુર | ૧ા | ,, ગણેશીલાલ લુણીઆ | વ[illegible] |
| ૧ા | શ્રી સંઘ સમસ્ત | વંડા | ૨ા | ,, નથમલજી ગુલેચ્છા | લ[illegible] |
| ૧ા | શેઠ પુનમચંદજી ભણુશાળી | સીતામઉ | ૧ા | ,, સુજાનમલજી ભંડારી | હીંગ[illegible] |
| ૨ા | ,, જેચંદ ઉમેદભાઇ | સમશેરપુર | ૧ા | ,, ભોગીલાલ સાંકળચંદ | મુંબઇ |
| ૧ાાૣ | કાકાવાશ ચંપાલાલજી | દેવલીઆ | ૧ા | શેઠ બુધાજી સાંવાજી | લાસગામ |
| ૧ા | શેઠ ભોગીલાલ વીઠલદાસ | ખેરાળુ | ૧ા | ,, બીખાજી કસ્તુરચંદજી | ,, |

## જાહેર ખબર.

### મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્કસ મેળવનાર જૈન શ્વેતાંબર મૂર્તિ પુજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૧૧ સુધીમાં અરજ કરવી.

ઠે. ગોડીજીની ચાલ<br>
પાયધુની-મુંબઇ નં. ૩

(સહી) કલ્યાણચંદ સોભાગચંદ<br>
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી<br>
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

મુંબઈના કલેકટર સાહેબને તા. ૨૪-૧૧-૧૧ ના રોજે તૈયાર કરેલ મેમોરીયલ ડ્રાફટની એક નકલ ગવર્નમેન્ટની મંજુરી મેળવવા મોકલવામાં આવેલ હતી. તેનો મહેરબાન કલેકટર સાહેબ તરફથી નીચે મુજબ કાગળ ડ્રાફટમાં સુધારા વધારા સાથે આવ્યો છે:—

No. L. R.

9140 of 1911

Bombay Collector's Office.
*9th December 1911.*

From

E, L, Sale, Esquire, I. C. S.,
Collector of Bombay;

To,

The General Secretary
Jain Swetamber Conference.

Sir,

With reference to your letter dated 24th November 1911 regarding a draft address from the Jain Community of India to their Imperial Majesties the king Emperor and Queen Empress of India I am directed to inform you that addresses have already been received from the Jain Communities of Bengal and the Panjab. Your address should therefore be in the name of the Jain Community of the Bombay Presidency.

2. The draft address should be revised in the light of this instruction the corrections shown in red ink in the accompanying draft being made and the last paragraph being omitted.

I have the honour to be,
Sir,
Your most obedient Servant
Sd/ E. L. Sale
Collector of Bombay.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ |
|---|---|
| **हेरल्ड ग्राहक महाशयोसें विनंति. (लेखक चंपालालजी)** .... .... | ३५१ |
| સૂત્ર આધારે જીનપડિમા સિદ્ધ. (લેખક મણીલાલ કાલીદાસ) ... ... | ૩૫૬ |
| જૈનો તરફથી લાખો રૂપીઆ જ્ઞાનમાં નથી વપરાતા તેનું શું કારણ?... ... | ૩૫૮ |
| જૈન શિક્ષા લેખો. (C.) ... ... ... ... ... | ૩૬૦ |
| કુધારાના સૂર્યથી અપ્રકાશીત હીંદ. (લેખક વી. એમ. પંડ્યા.) ... ... | ૩૬૪ |
| **सदाचार वर्णन (लेखक चंपालालजी)** ... .... ... | ३५६ |
| બર્મા લોકોની રીતભાત. (લેખક પોપટલાલ ચાંબોલનદાસ) ... ... | ૩[illegible] |
| ઈશ્વર સ્તુતિ. (લેખક નાથાલાલ અંબાલાલ શાહ.) ... ... ... | [illegible] |
| Shrimad Yasovijayaji. (Mohanlal D. Desai.) ... ... | 3[illegible] |
| જીવદયા કમીટીની ૪થી મીટીંગ. તથા દશેરા ઉપર બંધ થએલા પશુવધ. ... | ૩[illegible] |
| શ્રી સુકૃતભંડાર ફંડ. ... ... ... ... ... ... | [illegible] |
| ઇનામી ધાર્મિકપરીક્ષા ... ... ... ... ... ... | ૩[illegible] |
| સન્મિત્રના વિચારો (લેખક:—માવજી દામજી શાહ.)... ... ... | ૩[illegible] |


**નામદાર શહેનશાહ**

**અને**

**શહેનશાહબાનુ**

# દીર્ઘાયુષી થાઓ.

## નામદાર શહેનશાહ ૫ મા જ્યોર્જને દિલ્હી દરબાર વખતે આપવામાં આવનાર માનપત્ર.

મુંબઇના કલેકટર સાહેબ રૂબરૂ જૈન કોમના ત્રણે ફીરકાના અગ્રેસરોનું ડેપ્યુટેશન તા૦ ૩૧–૧૦–૧૧ ના રોજે ૧૨ વાગે, તેમના ફરમાન મુજબ, એડ્રેસ-માનપત્રની મંજુરી મેળવવા ગયું હતું. બહાર ગામના સંઘના તથા આગેવાનોના પત્રો તથા તારો મુહેરબાન કલેકટર સાહેબને વંચાવવામાં આવ્યા હતા જેથી ખુશી માનપત્ર આપવાની મંજુરી આપી છે.

તા૦ ૧–૧૧–૧૧ ના રોજે જૈન કોમના ત્રણે ફીરકાના આગેવાન ગૃહસ્થોની એક મીટીંગ હીરાબાગમાં મળી હતી તે વખતે માનપત્ર આપવાનો ડ્રાફ્ટ તૈયાર કરવા તથા કાસ્કેટ તૈયાર કરવા એક કમીટી છ ગૃહસ્થોની નીમી છે. માનપત્ર ત્રણે સેક્રેટરીઓની સહીથી મોકલવાનું નકી કરવામાં આવેલ છે.

### જીવદયા.

દશેરાના તેહવાર ઉપર થતો પશુવધ અટકાવવા આ વર્ષે જૈન કોમના ત્રણે ફીરકા તરફથી રાજા મહારાજાઓને અરજીઓ કરવામાં આવી હતી. તેથી ૨૫ નાનાં મોટાં ગામોના રાજ્ય કર્તાઓએ આ ઘાતકી કાર્યને દેશવટો આપ્યો છે. ગામના નામો આવતા અંકમાં બહાર પાડવામાં આવશે.

## એડવાઇઝરી બોર્ડ

તા૦ ૪–૧૦–૧૧ ની રાત્રે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં એડવાઇઝરી બોર્ડની એક મીટીંગ મળી હતી તે વખતે નીચે મુજબ કામકાજ થયું હતું:

૧—આબુજી ડેપ્યુટેશનના સંબંધમાં શીરોહી મહાજન તરફથી આવેલ તાર પત્ર રજુ કરી છેવટે બહાર ગામના તથા મુંબઇના મળી આશરે ૫૦ ગૃહસ્થોને ડેપ્યુટેશનમાં જોડાવા પત્ર લખવાનું નકકી કરવામાં આવ્યું. તથા આબુજીના માજીસ્ટ્રેટને A.G.G. ને મળવા ટાઇમ પુછાવવા પત્ર લખવાનું નક્કી થયું.

૨—નામદાર પાંચમા જ્યોર્જને દીલ્હી દરબાર વખતે જૈન કોમના ત્રણે ફીરકા તરફથી એડ્રેસ આપવા નકી થયું અને ત્રણે ફીરકાના સેક્રેટરીઓની સહીથી રજુઆત મુંબઇના કલેકટર સાહેબ ઉપર કરવાનું નકકી થયું. એડ્રેસનો ડ્રાફ્ટ કરવા કમીટી નીમી.

૩—સોજતમાં પજોષણ વખતે તથા દશેરા વખતે થતિ જીવહીંસા અટકાવવા જોધપુરના મહારાજાને શેઠ લધા હીરાલાલ તથા શેઠ ખેમરાજ શ્રીકૃષ્ણદાસ પાસે કાગળો લખી મોકલાવવાનું નક્કી થયું.

૪—કોન્ફરન્સ ભરવા તથા નિરાશ્રીતોને ચાલુ મદદ મોકલાવવા વિગેરે બાબતો વિચાર કરવામાં આવ્યો હતો.